રબ હયજાનતા મય કીયે જે કામા.
રબ અજર દેવે મુજે કીયામત ઠામા.

**સૈયદ પીર મશાયખ (રહ.) કૃત**

૭૬

ફસલ દશમી

# ઈમાન ભાગ પહેલો

(ભાષાંતર સાથે)




પ્રકાશક:
**ધી મોમીન ગુજરાત એસોસીએશન**
મુખ્ય કાર્યાલય ૨૭૫, બોમન બહેરામ માર્ગ
મુંબઈ-૪૦૦ ૦૦૮

જો તુજે ઉમ્મતીકા ચાં'વા, તો આપ ઐસા રે બનાવા;
કે નિસદિન દીનકી બાત, અવરાં બતાવા.
(હ. પીર મશાયખ રહે.)

## ☆ સૈયદ પીર મશાયખ (રહ.) કૃત ☆

ફસલ દશમી

# ઈમાન ભાગ પહેલો

-: સમજુતિકાર

**યુસુફ શરીફ ચારોલીયા**


આવૃત્તિ બીજી પ્રત ૨૦૦૦
ઈ.સ. ૧૯૮૯ હિ.સ. ૧૪૧૦

આવૃત્તિ પહેલી મુળ અર્વાચીન લિપિમાં
પ્રત ૫૦૦ ઈ.સ. ૧૯૨૮ હિ.સ. ૧૩૪૬
પ્રકાશક
હાજી જમાલદ્દીન નુરમોહંમદ સાલેહ
(ગામ પીરિજપુરા)

ગ્રાફિક વ્યવસ્થા
યુનુસભાઈ હબીબ નોઘેલીયા
મુ. પો. મજાદર, બી.કે.
૩૮૫ ૨૧૦

મુદ્રક વ્યવસ્થા
હબીબભાઈ વલ્લી સુણસરા
(તંત્રી મશાયખ વાણી)
મું. પો. મજાદર , બી.કે.

પ્રકાશક:
**ધી મોમીન ગુજરાત એસોસીએશન**
મુખ્ય કાર્યાલય ૨૭૫, બોમન બહેરામ માર્ગ
મુંબઈ–૪૦૦૦૦૮

**વિતરણ વ્યવસ્થા (માનદ)**
સિદ્ધપુર ટ્રેડીંગ કંપની પ્રા. લી.
૧૬, ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ
સિદ્ધપુર, જિલ્લા મહેસાણા
પીન કોડ. ૩૮૪૧૫૧

હદિયો રૂા..૪૦–૦૦

ઓફસેટ પ્રિન્ટર્સ :– **ખતિબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ**
ખાસ બજાર ત્રણ દરવાજા અમદાવાદ. ટે. નં. ૩૫૨૪૬૮

## મુદ્રણ વ્યવસ્થાપકનો ખુલાશો

બધી તાઅરીફ કેવળ અલ્લાહ માટે જ છે જે તમામ જહાંનનો પાલનહાર છે. અપાર દરૂદો સલામ રસુલોના સરદાર રહમતુલ્લીલ આલમીન. હઝરત મોહંમદ મુસ્તફા (સલ.) પર. આપની એહલો અયાલ પર અને અસ્હાબાએ કિરામ (રઝી.) તથા બધા પયરવી કરનારાઓ પર.

સૈયદ હઝરત પીર મશાયખ ચિશ્તી(રહ.) એ લખેલી કિતાબો પૈકીની આ એક તરજુમા સાથે **નગીનો** આપના હાથમાં છે. જનાબ યુસુફભાઇ કે જેઓ મોમિન ગુજરાત એસોસિએશનના સેક્રેટરી છે, ઉપરાંત તેઓ ના હસ્તે જોગેશ્વરી (મુંબઇ) માં મશાયખી મોમીનોની એક વિશાળ કોલોની પણ બની રહેલી છે જેમાં તેઓ ગળાડુબ રોકાયેલા છે. છતાં આટલો ઉમદા તરજુમો તેઓ કરી શક્યા છે, એજ બતાવે છે કે મશાયખી સાહિત્ય પ્રત્યે તેઓને કેટલી રુચી છે. અલ્લાહ તઆલા તેઓની આ મહેનતને નજાતનો જરીયો બનાવે.

આ કીતાબ છાપી આપવાની સંપુર્ણ જવાબદારી મેં મારા શિરે લીધેલી હતી પરંતુ અલ્લાહતઆલાની મસલેહત અકળ છે. કીતાબ છપાવવાની તૈયારી કરી રહ્યા હતા તેવામાં જ અમારે જાની અને માલી એવા બે હાદસાઓનો સામનો કરવાનો થયો જ્યારે બીજી બાજુ હાથમાં આરંભેલું કામ કીતાબ છપાવી ને વહેલી તકે પ્રગટ કરવી જરૂરી હતી. તેથી જનાબ યુનુસભાઇ હબીબ નોદોલીયા ના સહકાર થી કીતાબનું છાપકામ આરંભી દીધું (અલ્લાહ તેમને) જઝાએ ખૈર આપે (આમીન) પરંતુ અમો ગેટપ તરફ પુરતુ ધ્યાન આપી શક્યા નહી તેથી ખાસ કરીને બયાનો ના ગેટપમાં સુલોભનમાં ઘણી ઊણપ રહી જવા પામી છે. આ ઊણપ અમોને પોતાને પણ સાલે છે. કીતુ અમારી પરેશાની ને ધ્યાનમાં લઇ વાંચકો દર ગુજર કરે એવી નમ્ર વિનંતી.

અત્યારે તો અમો પાકું પાંદડું જ છીએ છતાં પણ અલ્લાહ તઆલા હવે પછી બીજી કીતાબો તરજુમા સાથે છપાવવાનું કામ અમારા નાચિઝ હાથોથી લેવાનું ચાહશે તો ઇ.અ. જરાપણ કહેવાપણું રહેવાદઇશું નહિ તેવી વાંચકો ધરપત રાખે.

આ કીતાબ માટે જે જે બંધુઓ એ જાની, માલી, જુબાની તેમજ કીતાબ ખરીદીને સાથ સહકાર આપ્યો હોય, તે તમામ ભાઇઓને અલ્લાહ તઆલા તેના હબીબ(સલ.) ના તુફેલથી જઝાએ ખેર અતા ફરમાવે એવી દૂઆ સાથે.

**ખાદિમે કોમ,**
**મોમિન હબીબ વલ્લી સુણસરા**
**(તંત્રી-મશાયખ વાણી)**
**મજાદર, બી.કે. ૩૮૫૨૧૦**

# બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ

## પ્રકાશકના શબ્દો

સર્વે વખાણ પરમ કૃપાળુ-પાલનહાર અલ્લાહ માટે અને લાખો દુરૂદો સલામ સૈયદુલ મુરસલીન હઝ. મુહમ્મદ મુસ્તફા (સ.લ.) ઉપર.

દીની ભાઈઓ,

સલામ મસનૂન પેશ કરૂં છું. આ કિતાબના ભાષાંતરકાર ઉપરાંત પ્રકાશક સંસ્થાના સેક્રેટરી તરીકે થોડાક શબ્દો લખવાની ફરજ આવી છે. આ કિતાબની પ્રકાશક સંસ્થા ધી મોમિન ગુજરાત એસોશીએશનનું કાર્યક્ષેત્ર ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા જીલ્લાઓ, સૌરાષ્ટ્રનો રાજકોટ જીલ્લો અને ભાવનગર શહેર, અમદાવાદ જીલ્લો, સુરત શહેર તથા ગુજરાતના અન્ય સ્થળો જયાં મશાયખી મોમિન કોમ વસે છે ત્યાં, તથા મહારાષ્ટ્રના મુંબઇ શહેર સુધી વિસ્તરેલું છે. સંસ્થાનું મુખ્ય કાર્યાલય મુંબઇ ખાતે છે. અને ગુજરાતના જીલ્લાઓમાં તેની શાખાઓ છે.

૧૯૪૪માં સ્થપાયેલી આ સંસ્થા હઝ. પીરમશાયખ (રહે.)ના દીની સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે પ્રવૃત્ત રહી છે. આ સંસ્થા સ્થપાયા પહેલાં અને પછી પણ કોમના હમદર્દ બુઝુર્ગોએ મશાયખી સાહિત્યને સંપૂર્ણપણે કલમી કિતાબોમાંથી અર્વાચિન ગુજરાતી લીપિમાં પ્રસિદ્ધ કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તેની સાબિતી આજે પણ મળી આવતી તે કિતાબો છે. આ પહેલાં કિતાબો મોમિન એક્ષલસીયર સોસાયટી (જે પાછળથી ધી મોમિન ગુજરાત એસોસીએશન બની)ના આશ્રયે છપાતી આવતી હતી. આ ભગીરથ કાર્ય કરવામાં જીંદગી ખપાવનાર બૂઝુર્ગો જમાલુદ્દીન નુરમોહેમદ સાલેહ, (પીરિજપુરાવાળા) ઇબ્રાહીમ પીરમોહંમદ મુન્શી (સમોડા) છે. તેમનો અહેસાન કોમ ભૂલી શકશે નહિ.

કલમી કિતાબોને આર્વાચિન ગુજરાતી લિપીમાં ઉતારવાનું કામ ઇ.સ. ૧૯૨૨માં શરૂ થયું, અને છેલ્લી કિતાબ ખુલફાએ રાશેદીન (બીજી આવૃત્તિ) સને ૧૯૫૮માં છપાઇ. કલમી તેમજ છપાયેલી કિતાબો જર્જરીત થઇ જવાથી ધીરે ધીરે ખલાસ થઇ જવાની દહેશત રહે. ઉપરાંત, આ કિતાબોની સમજૂતિ આપી શકે તેવા બયાનીયો ઓછા થતા જાય છે. તેમની દુનિયાથી વિદાય બાદ કદાચ આ કિતાબો સમજાવનાર કોઇ ન મળે તેવું પણ બને. તેથી, કિતાબોના પાનાં વધવાની ફિકર રાખ્યા વિના અમોએ આ કિતાબોને ભાષાંતર સાથે છપાવવાનું કાર્ય શરૂ કર્યું છે.

હઝ. પીર મશાયખે (રહે.) તેર કિતાબો લખી જેને ધરમમૂળ (દિવાને મશાયખ) યાને ધર્મની મૂળ હકીકતો કહે છે. આ કિતાબોમાં આપે મકતુલનામા ભાગ-૧ અને ભાગ-૨ નો પણ સમાવેશ કર્યો છે.

મકતુલનામા કુરબાની અને શહાદતનો અજોડ કિસ્સો છે. તેનું મહત્વ એહકામે દીનની ગુંજાઇશમાં મૂલવવું જોઇએ. મકતુલનામાનું વાંચન કરી દીનમાં અડગ રહેવાનો અને કુરબાની આપવાનો સ્વભાવ બનાવવાનો શહાદતનો સંદેશ જીવનમાં ઉતારવા માટે છે. હઝ. પીરાને પીર દસ્તગીર, શેખ અબ્દુલ કાદિર જીલાની ઉર્ફે મોટા પીર (રહે.)નાં મહોરમની વાયેજો અંગેના માર્ગદર્શક સુચનો મનમાં લેવા જેવાં છે જે અમે ઇન્શા અલ્લાહ મકતુલ નામાના તરજૂમાં વખતે વિગતે આપવાની કોશિષ કરીશું. હઝ. પીર મશાયખ (રહે.) મકતુલનમામાં લખેલા 'અકીદાના ખુલાસા અને આ કિસ્સાની જરૂરત અંગેની વિગત પણ તે કિતાબના પ્રકાશન વખતે અમો (ઇ.અ.) આપીશું.

મક્તુલનામાનો શહાદતનો કિસ્સો જરૂર વાંચો, પણ વાંચતી વખતે નબી (સ.લ.)ના કોઇ પણ એક અસહાબી પ્રત્યે અદાવતના ભાવ ઊંડે ઊંડે પણ ન ઉપજે તેનો જરૂર ખ્યાલ રાખો. કારણકે, નબી (સ.લ.) એ ફરમાવ્યું છે કે 'મારા અસહાબીયો સિતારા છે. તેમાંના કોઇ પણ એકની પેરવી કરશો તો સફળ થઇ જશો. જેનામાં અદાવતે સહાબા પ્રવેશે તેનો ઇમામો પ્રત્યેનો પ્રેમ જૂઠો છે.

કમ ભાગ્યે, કોમને ફક્ત મહોરમના દસ દિવસ કે ચાલીસ દિવસો પુરતું જ ફક્ત મક્તુલનામું જ પઢવવાનું (પ્રોત્સાહન) આપવામાં આવતું અને તેટલાજ કિસ્સાનું દીનમાં મહત્વ સમજાવવામાં આવતું, જેથી દીનની મૂળ હકીક્તો ધરાવતી બીજી કિતાબો વરસો સુધી મોમિન કોમથી દૂર રહી. આપણા બુઝુર્ગોએ જયારે તે કિતાબોને અર્વાચિન ગુજરાતી લીપીમાં છપાવી ત્યારેજ લોકોને આ કિતાબોની હીકક્તોનું ભાન થયું. તેમ છતાં, ફક્ત મક્તુલનામા જ પઢવવાની રૂઢિ ચાલું રહી તેથી બીજી કિતાબોનું ઇલ્મ લોકો સુધી ઓછું ગયું. વળી કિતાબો સમજાવનારાઓ ફક્ત મક્તુલનામું જ સમજાવતા, અને બીજી કિતાબોને મહોરમ શિવાયના દિવસોમાં પણ સમજાવતા ન હતા. કારણકે, બીજી કિતાબો કોમને સમજાવવામાં ન આવે તેમાં સ્થાપિત હીતોને વિશેષ રસ હતો.

હવે કદાચ મશાયખી સાહિત્યના ઇતિહાસમાં, ભાષાંતર સાથે કિતાબો છપાવવાનો પ્રથમ જ પ્રયોગ છે. ઇન્શા અલ્લાહ દીનની હકીક્તો લોકો સુધી સરળ રીતે પહોંચશે. અમને આશા છે કે આ મોટા કામમાં અમને સાથ સહકાર આપવામાં મોમિન બિરાદરી પાછી પાની કરશે નહિ, અને પોતાના માર્ગદર્શક પીર મશાયખ (રહે.)ના એહસાનનો બદલો તો ન ચૂકવી શકે, પણ તેમની કિતાબોની કદર તો જરૂર કરશે. આ કિતાબની પ્રસિદ્ધિ માટે નાણાંકિય વ્યવસ્થા હાથ ધરવામાં સાથ સહકાર આપનાર ધી મોમિન ગુજરાત એસોસીએશના કાયૃકરોને પણ અલ્લાહ જઝાએ ખેર આપે.

અલ્લાહ આ કિતાબનું વાંચન કરનારને હિદાયતનો માર્ગ દેખાડે. હઝ. પીર મશાયખે (રહે.) તેર ફસલો લખ્યાને ત્રણસો વરસો વીતી ગયા પછી કોઇ આજે આ કિતાબોને મનસુખ (રદ) કરવાનું જાહેર કરે તો તેઓ કઇ આસમાની કે રૂહાની સત્તાના જોરે કરે છે., તે વાતને સમાન્ય બુદ્ધિની એરણ ઉપર ચકાસવાનું જ બાકી રહે છે.

આપણું કામ વ્યક્તિને વાત પહોંચાડવાનું છે.. સ્વીકારવું કે નહિ તેનો આધાર તે વ્યક્તિ ઉપર છે. ફક્ત વાંચી લેવાથી કે સાંભળી લેવાથી હિદાયત મળી જતી નથી, શિવાય કે માણસ માર્ગ શોધવા યત્ન કરે. નસીબમાં હિદાયત લખી હોય તો અલ્લાહ વાંચન કરનારને મનન, ચિંતન અભ્યાસ, સંશોધન વિ. કરવાની પ્રેરણા આપે છે.

સઘળી તારીફ અલ્લાહ માટે અને લાખો દુરૂદો સલામ નબીઓના સરદાર મુહંમદ (સ.લ.) ઉપર જેમની જાત અઢાર આલમની ઉત્પત્તિનું કારણ છે, જેમની સિફ્ત રહેમતુલ્લીલ આલમીન અને શફીઉલ મુજનબીન (ગુનાહગારોની શફાઅત કરનાર) છે, જેમની ઉમ્મત ખૈરૂલ ઉમમ (સર્વશ્રેષ્ઠ ઉમ્મત) છે. જેમની ઉમ્મતના ઉલમાઓ બની ઇસરાઇલના નબીઓ સમાન છે, જેમનો મઝહબ બીજા મઝહબોને રદ કરનારો છે, જેમની પ્રશંસા તવરૈત, ઝબૂર ઇન્જીલ અને કુરઆન કરે છે, અને જેમના મરતબાની તલાશમાં તમામ ખલ્ક હયરાન છે. તેમની ઉપર દુરૂદ પઢતા રહો.

દુઆએ મગફીરત તમામ મુસ્લિમ ઉમ્મત માટે :

લી.
સેવક,
યુસુફ શરીફ ચારોલીયા (વકીલ)
સેક્રટરી, ધી મોમિન ગુજરાત એસોસીએશન.
મુંબઇ ૪૦૦ ૦૦૮

# ભુમિકા

## હઝ. પીર મશાયખ (રહે.) નો ટૂંક પરિચય

ગુજરાતની મોમિન કોમે હઝ. સૈ. કબીરૂદ્દીન કુફ્રશિકનથી ઈસ્લામ સ્વીકાર્યો. તેમનો ઈન્તેકાલ હી.સ. ૮૯૬માં થયો. તેમનો મકબરો પંજાબના ભાવલપુર પરગણાના ઉચ ગામે છે. તેમની બીજી પેઢીએ સૈ. મોટા મશાયખ થયા. તેમણે કોમને ઈસ્લામના ખરા માર્ગે દોરી અને કડીમાં (મુમનપરા)માં વસવાટ કર્યો. ખરા માર્ગથી ભટક્તા લોકોના ત્રાસથી તેઓ તેમના મોટા બેટા અબુલ હસનને ત્યાં છોડી લાહોર તરફ જવા નિકળ્યા રસ્તામાં દિલ્હી ખાતે તેમને જહેર આપી શહિદ કરી દીધા.

સૈ. મશાયખ મોટા પછી તેમની પાંચમી પેઢીએ હઝ. સૈ. પીરમશાયખ (મશાયખ બીજા) થયા. આપનો જન્મ ગુજરાતમાં કડી પાસેના જંત્રાલ ગામમાં હી.સ. ૧૦૬૦માં થયો. આપની નવ વરસની ઉમરે આપના વાલીદ સાહેબનો ઈન્તેકાલ થયો. તેમનું પાલનપોષણ કડીમાં થયું અને આખરી વસવાટ અહમદાબાદમાં સારંગપુર ચાર ટોડા નજીક થયો. આપની પૂર્વેની પેઢીઓના સમયગાળામાં કોમ ઈસ્લામથી હટીને કુફ્ર ભણી વળી અને ઈસ્લામી અંશો પણ તેમનામાંથી નાબૂદ થતા ચાલ્યા કોમની હાલતથી તેમના દિલમાં ઉદ્‌ભવેલી બેકરારી અને તડપને કારણે હુઝુર પુરનૂર મુહંમદ (સ.લ.)એ આપને સ્વપ્નમાં જીયારત આપીને આપની જીભ મુબારક પીર મશાયખ (રહે.)ની જીભથી મેળવી.

આપે ૨૦ વર્ષની મોટી વયે ઈલ્મ મેળવવું શરૂ કર્યું. અને ૩૪ વરસની વયે (હી. ૧૦૯૪)માં આપે પહેલી કિતાબ નૂરનામા લખવી શરૂ કરી. વિરોધીઓની તકલીફોને લીધે પાંચ વરસ માટે આપે લખવાનું બંધ કરવું પડ્યું. તે પછીના ત્રણ વરસના ગાળામાં ૧૩ ફસલોનું દિવાન દિવાને મશાયખ યાને ધરમમૂળ લખીને પુરૂ કર્યું.

આપના દીવાન જેવું કાંઇ કોઇએ તેમની પૂર્વે પીર કબીરૂદ્દીન સુધીના ગાળા સુધીમાં લખ્યું નથી તેમજ બુર્ઝુગીમાં આપના જેવું આપની પૂર્વે ઈમામ ઈસ્માઈલ (રહે.) સુધીમાં કોઇ થયું નથી આપનું જીવન કસોટી ભર્યું હતું. આપની કરામતોમાં બીજાપુર અને ગોલકુંડાના વિજયો મશહુર છે. તેમજ આપની કિતાબો પણ સ્વય કરામત જ છે.

આપ અગીયારમી હી. સદીના મુજદ્દીદ (નૂતન પ્રાણ પુરનાર) હતા અને એક પરહેજગાર શેખજાદાથી બૈઅત લીધી હતી. આપની વફાત ૨૧ મહોરમ હી.સ. ૧૧૦૨માં લગભગ ૪૨ વરસની વયે થઈ. આપની સત્યવાતથી કહેવાતા ઈમામો-પીરો અદેખાઈ કરતા અને પીરાઈ મજબૂત કરવા લોકોને ઊંધા માર્ગે દોરતા તેથી પીરી-મુરીદીના સંબંધોના ખુલાસા પણ આપે બહુજ ચોખવટથી લખી દીધા છે.

આપની વંશાવળી હઝ. અલી (રદી) થી મળે છે. આપની પાસે પીરાઈની ખિલાફત વંશથી સીધે સીધી આવી નથી. પણ તેમની પૂર્વેના વિવિધ મુર્શીદોથી બદલાતી આવી છે અને તેનું મૂળ નબી (સ.લ.) સુધી પહોંચે છે. આપના દીવાનનું વાંચન અને તેનો અમલ જ આપનો સાચો પરિચય મેળવ્યો ગણાય.

## અકીદો

હઝ. સૈયદ પીરમશાયખ (રહે..) એ પોતાનો અકીદો જાહેર કરીને આપણને રાહે હક બતાવ્યો આપ લખે છે.

ઈમામ આઝમ કેરા હય મઝહબ મેરા,
અબી હનફી જે કેહ્તે હય બુઝીયો સ્વેરા.
મત અકીદેમાં કોઈ શકરે લે આના,
કે સુન્નત રે જમાઅત બિન મુઝેરે બતાના.

મય ક્યામત દિન ઓસે દાવા હય કરાહું,
હો મુદ્દઈ ઓસકા, મંય દાદ રે ચાહું.
કે ચાર યારી મેરા અકીદા હય સહી,
મંય ગવાહી હું કરતા, વે જે આપ દહી.
(ક્તિાબ, 'ઈબાદત')

"ઈમામ આઝમ– અબુ હનીફાહ (રહે.) નો મઝહબ એ મારો મઝહબ છે, યાને સુન્નત વ જમાઅત અને હનફી મસ્લક. મારા અકીદામાં કોઈ શક કરશો અને મને સુન્નત વ જમાઅત શિવાયનો બતાવશો તો તેમની ઉપર હું ક્યામતના દિવસે દાવો કરીશ, અને અલ્લાહ આગળ દાવેદાર બનીને દાદ ચાહીશ. હું અલ્લાહની સાક્ષીએ કહું છું કે મારો અકીદો ચારેય ખુલ્ફાએ રાશેદીનને બરહક માની તેમનાથી મુહબ્બત રાખવાનો છે."

ચારેય ખુલ્ફાએ રાશેદીન અશરાહ મુબશ્શરા (જીવતાં જ જન્નતના શુભ સમાચાર પામનાર દશ જણા) માંથી છે. આ દશને આજ સુધી કોઈ પડકારી શકે તેમ નથી. જેમને અલ્લાહના નબીઓના સરદાર જીવતાં જ જન્નતના શુભ સમાચાર આપે તેમનાથી અદાવત રાખનાર નબી (સ.લ.) ઉપર ઈમાન લાવ્યો ગણાય ખરો ?

આપે (રહે.) દીનનું જરૂરી ઇલ્મ આપના દીવાન (તેર ફસલો) જેમાં લગભગ ચાલીસ હજાર કડીયો છે તે મારફતે આપ્યું છે. ઈસ્લામમાં મૂળ તત્વ ઈમાન છે પાયા વિના ભીત હોઈ શકે નહિ. આપે ક્તિાબ ઈમાન ભાગ–૧ (દશમી ફસલ) અને ઈમાન ભાગ–૨ (અગીયારમી ફસલ)માં અનુક્રમે ૨૧૮ અને ૧૮૭ (કુલ ૪૦૫) બયાનો ઈમાન વિષે લખ્યાં છે. આપની બીજી ફસલો આ પ્રમાણે છે; નૂરનામા (પહેલી), મેઅરાજ નામા (બીજી) ગઝવાત (ત્રીજી), ગીરદીયહ (ચોથી), મો' જિઝાત (પાંચમી), વિસાલનામા (છઠી), ખુલફાએ રાશેદીન (સાતમી મક્તુલનામા ભાગ–૧ (આઠમી), મક્તુલનામા ભાગ–૨ (નવમી), ઈબાદત ભાગ–૧ (બારમી) અને ઈબાદત ભાગ–૨ (તેરમી).આ શિવાય આપે બીજી પાંચ ક્તિાબો પણ લખેલી છે.

પીર મશાયખે (રહે.) ક્તિાબ, ઈમાન ભાગ–૨માં 'તોતેર ફિરકાઓમાંથી જન્નતી ફિરકો' અને 'ગુમરાહ કોણ નહિ થાય' એ વિષે બયાનો લખ્યાં છે ક્તિાબ ઈમાનના બંને ભાગનું વાંચન અને મનન કરનાર ઈમાનને સમજી શકશે. પરંતુ, જે લોકો પીર મશાયખ (રહે.)ને તો માને છે., પણ તેમની ક્તિાબોને ઈન્કારે છે તેઓ, તથા જેમનું ખોળિયું દીની પરંપરાનું અને હેતુ દુનિયા કમાવાનો છે તેમને માટે ગુમરાહી છે.

ઈસ્લામ વ્યક્તિ કે વંશ આધારિત મઝહબ નથી, પણ શરિઅત અને અમલ આધારિત છે. જે લોકો અસલ કુરઆનને બાજુ રાખીને વ્યક્તિને બોલતું કુરઆન કહે છે, અને જેઓ એવું કહેવડાવવાનું પસંદ કરે છે તેઓ કુફ્ર કરે છે. આપ (સ.લ.) ઉપર કુરઆન નાઝીલ થવા છતાં આપે પોતાને બોલતું કુરઆન કહેવાનો કદાપિ દાવો કર્યો નથી કે આપના અસ્હાબો (રઝી. અન્હુમ) એ પણ આપ વિષે એવું કહયું નથી.

વંશ આધારિત મઝહબ વંશજના વિચારો મુજબ ફરે છે, પણ જ્યાં શરિઅત પ્રથમ છે. ત્યાં લાખો વંશજો શરિઅત ઉપર ચાલવા લાચાર બને છે.

## ઈમાનનો વારસો નથી.

આપ (રહે.) ફરમાવે છે.

ઈમાનકા વારસા નાંહાં રે, સુન સુન બુઝો દિલ માંહાં રે,
બાપકા ઈમાન બાપ પાસા રે, ઉસકી પૂત ન કીજે આસા રે.
(કિતાબ, ઈમાન ભાગ-૧)

(ઈમાનનો વારસો નથી એ સમજી લો. બાપનું ઈમાન બાપ પાસે રહેશે. પુત્રે બાપનું ઈમાન વારસે ઉતરવાની આશા રાખવી નહિ.)

બેટા નૂહ્ નબીકા ડુબાયાં રે, ★ તમે સુનો રે.
હુકમ જો માંહે ન આયા રે, તમે સુનો રે.
(કિતાબ, ઈમાન ભાગ-૧)

અલ્લાહના હુકમની ના ફરમાની કરવાથી નુહ (અ.સ.)નો બેટો પાણીના કહેરમાં ડુબી મૂઓ.

★ જો નબીના બેટાને વારસે ઈમાન ન ઉતરે, તો વંશને લીધે વંશજોમાં મઆરેફત ઉતરી જ આવેલી કેમ ધારી શકાય ? તેની ચકાસણી શું જરૂરી નથી. ?

હઝ. પીર મશાયખ (રહે.) ની પૂર્વે પણ હઝ. અલી (રઝી.) થી ઓગણીસમી પેઢીએ હઝ. **શમ્સુલ હકના બેટાઓ કપૂત પાક્યા હતા.**

પીર કબીરૂદ્દીનના બેટાઓ પણ જાહિલ નીવડ્યા અને દીન વિરુદ્ધનો બોધ આપી નવી વાતો ઉભી કરીને લોકોને અવળે માર્ગે ચડાવ્યા.

પીર મશાયખ (રહે.) કહે છે;

બહોત શમ્સ કે ફરઝંદ કપુત રે કહેલાએ,
રીત બાપ હો કેરી કુછ મન રે ના લાએ.
ગયે દુનિયામાં લપેટા બહોત રે લુભાએ,
બહોત જાહિલ હોવડે વે રે સુનાએ.
સુનો જાહિલ તો દીનકી ના બુઝે રે બાતી,
તો ક્યુંકર પાક કરે આપ કી ઝાતી.

ઈબ્ને સૈયદ રહેમતુલ્લાહ નામ રે કહીયે,
ઈબ્ને કબીરૂદ્દીન, સદરૂદ્દીન નસલમાં લહીએ.

સુનો બહોત થે ફરઝંદ ઓનું હો કેરે,
વે જાહિલ હોવડે બહોત સુનિયો સવેરે.
(કિતાબ, મક્તુલ નામા)

(હ. શમ્સુલ હકના ઘણા ફરજંદો કપૂત નીવડ્યા અને બાપના સાચા તરીકા કબૂલ્યા નહિ, અને દુનિયાના લોભમાં લપેટાઈને જાહિલ થઈ ગયા. જાહિલ દીનની વાત જાણે નહિ તે તમને કેમ કરીને માર્ગ દેખાડે ? તેજ પ્રમાણે પીર કબીરૂદ્દીનના વંશમાં પણ જાહિલો ઉત્પન્ન થયા.)

એટલે જ દીનમાં વંશને લીધે કોઈને માફી મળી જતી નથી. નબીયો શિવાય કોઈ બક્ષ્યું બક્ષાયું નથી. નબી (સ.લ.) એ પોતાની બેટી હઝ. ફાતિમા (રઝી. અન્હા.) ને કહ્યું : ‘અય ફાતિમા ! તમે નબીની બેટી હોવાને લીધે જન્નતમાં જશો નહી, પણ તમારા અમલોથી જશો.’ નબીની બેટી શરિઅતથી પર ન હોય તો તેમના વંશજો શરીઅતથી પર કેવી રીતે હોઈ શકે ?

હઝ. અલી (રઝી.) થી ઓગણીસમી પેઢીએ હઝ. શમ્સુલહકના ફરઝંદો કપૂત પાક્યા તો તેમની પછીની પેઢીયો ઉપર સંપૂર્ણ તકવા, દીનદારી, ઈસ્લામી આચાર વિગેરેની ચકાસણી વિના આંધળી શ્રદ્ધા રખાય ખરી ?

## તકૈયો

**બહાનું બનાવી છટકી જવાનો શીઆપંથીઓમાં પ્રચલિત અમલ).**

પીર મશાયખે (રહે.) બાદશાહ ઔરંગઝેબની બીકથી સુન્ની અકીદાની કિતાબો લખી છે તેવી દલીલ કેટલાક મૂકે છે, અને પોતાને મશાયખી પણ કહે છે તેમને તથા વાંચકોને સમજવા માટે કેટલીક હકીકતો આપી છે તેને ગહનતાથી સમજો.

(૧) હઝ. ઈમામ હુસેન (રઝી.) એ દુશ્મનો સામે દીન માટે જીવ આપી શહીદી સ્વીકારી. અસંખ્ય નબીયો, અસ્હાબે કિરામ અને અવલિયા અલ્લાહ વિગેરે એ દીન ખાતર પોતાને ખપાવ્યા એ બતાવે છે કે દીનની બુનિયાદ સામે તકૈયો સ્વીકાર્ય અમલ નથી.

(૨) અગર પીર મશાયખ (રહે.) સતામણી કે મોતના ડરથી બચાવમાં કુનેહ સમજ્યા હોય તો તેમણે લખેલી કિતાબોને તેમણે તેમના ઇન્તેકાલ પહેલાં કે તે સમયે રદ્દ કરવી જોઈતી હતી. પરંતુ, તેમના બાદ તેમની પેઢીઓ સુધી આ કિતાબોના રદ્દનો કોઇ આધાર મશાયખીવંશમાંથી મળતો નથી. ઉલટાનું, આપે (રહે.) બાદશાહ ઔરંગઝેબનાં વખાણ કર્યા છે. આપ લખે છે;

**અરે પાદશાહ હમારા હૈ દીનદાર, નામ ચંગદા જાતી,**
**અરે, દીનદાર ભી મુલ્ક ભરિયા, સાચી સહી બાતી.**
**અરે રોશન ચંદા જૂં ઉજાલા, વેસી હૈ ઉસ ઠામ રીતા,**
**અરે, રોશની યૂં નબી દીન સેતી, રબે હૈ કીતા.**
**(૨-૩ ૧૭૨૪ ઈમાન ભાગ-૧)**

અમારો બાદશાહ દીનદાર મોગલ જાતિનો છે. દેશ પણ દીનદારીથી ભરેલો છે. ચાંદના અજવાળાની જેમ નબી (સ.લ.) નો દીન પણ અહીયા પ્રકાશિત છે.

**પાદશાહ હૈ વીરા દીન હમારા રે, જબ વે બુઝે બયાન સારા રે.**
**તબ તમૂ ચૂન ચૂન સબુ કુ મરાવે, રે મકર કામ તુમ્હારા ન આવે રે.**
**(૧૩-૧૪-૧૭૮૯ ઈમાન ભાગ-૧)**

બાદશાહ અમારા દીનનો છે. તે તમારા પ્રપંચની વાતો જાણશે તો તમને શોધી શોધીને મારશે, અને તમારૂં કપટ કામ આવશે નહિ.

**પાદશાહને તમુકુ પછાને રે, તમે સૂનો રે**
**મુનાફક ફેર કર જાને રે, તમે સૂનો રે.**
**તો ભી હો રેતે નહી છાને રે, તમે સૂનો રે.**
**પાદશાહને જો તમે જાને રે, તમે સૂનો રે.**

(બાદશાહે તમને ઓળખી લીધા છે અને તમને મુનાફિક જાહેર કર્યા છે, તો પણ તમે ચૂપ રહેતા નથી) પીર મશાયખ (રહે.) કહે છે કે આપ અને બાદશાહ એક જ દીનના છે, અને બાદશાહે આપ (રહે.)ના વિરોધીઓને ઓળખી લીધા છે.

વળી, શું આગીયારમી હીજરી સદીના મુજદ્દીદ મોત કે સતામણીના ડરથી આવી ખોટી પ્રશંસા કિતાબોમાં કરે ખરા ?

(૩) દક્ષિણમાં બીજાપુરનો સુલતાન સિકંદર (ઇ.સ. ૧૬૮૬) અને ગોળકાંડાનો સુલતાન અબુલ હસન તાનાશાહ (ઇ.સ. ૧૬૮૭) શિઆ અકીદાના હતા, છતાં દુવા કરીને તેમના મુલ્કો સુન્ની બાદશાહ ઔરંગઝેબને અપાવનાર પીર મશાયખ (રહે.)ની કિતાબોનું બાદશાહના ડર અને દબાણ નીચે લખાવું શી રીતે સમજી શકાય ? આપનું દુવા માંગવું એ આપ (રહે.)નું બાદશાહ કરતાં ઊંચા દરજજાનું હોવું, અને આપની બાદશાહથી મહોબ્બતનું હોવું સાબિત કરે છે. જુઓ, આપ (રહે.) શુ લખે છે. :–

તબ ફકીરને દુઆ માંગી રબ પાસા,
સો કર કર આજિઝી હોકર દાસા,
સો દોસ્તી ખાતિમ નબીજી હો કેરી,
ફત્તેહ ઔરંગશાહકું તું દેને સવેરી.

(આ ફકીર (પીરમશાયખે) આજિજી કરીને અલ્લાહથી દુઆ માંગી કે નબી (સ.લ.) ના સદકાએ તુફૈલમાં તું ઔરંગશાહને વિજય આપ)

તો ફકીરકુ કરમ રબ બોત રે કીતા,
કે દો મુલક લે એક્સુ એક કુ દીતા.

(આ ફકીર પર અલ્લાહે કરમ કર્યો કે બે મુલ્કોને એકથી લઇ બીજાને અપાવ્યા.)

ફકીરકી અઝમત બાદશાહ બુઝે લશ્કર સબ રે,
ગોળકાંડાને બીજાપુર, ફત્તેહ કીયા તબ રે.

(બીજાપુર અને ગોળકાંડા ફત્તેહ થયા ત્યારે આ ફકીર (વલી)ની અઝમત બાદશાહે અને તેના લશ્કરે જાણી).

ઉમ્મતિ ખાતિમ નબીકે, રબે બનાયે ખાસ રે,
કે મુલ્ક લેને કુ પાદશાહ કરે હે જીનકી આસ રે.
કે ઔરંગશાહને ફત્તેહ બહોત ખુબી રે પાઇ,
સો ફકીરકી દુઆસુ એ ખબર રે સુનાઇ.
તબ ફકીરકી કરામત સબુ રે જાની,
કુછ લશ્કરમાંહે નાંહી રહી રે છાની.

(અલ્લાહે તેના નબી (સ..લ.)ના ઉમ્મતિઓમાંથી એકને ખાસ બનાવ્યો જેની દુઆ થકી મુલ્ક મેળવવાની બાદશાહ પણ આશા રાખે છે. આ ફકીરની દુઆથી ઔરંગશાહે ખુબીથી ફતેહ મેળવી, ત્યારે આ ફકીરની કરામત બધાયે જાણી અને લશ્કરમાં કરામતની વાત છાની રહી નહિ.

અયસી અવર વલીકી, નાંહી અઝમત જાની,
જયસી રબને ફકીર કુ દીતી રે નિસાની.
કેકો વલીએ અયસા નાંહી ક્યિારે કામા,
જયસા ફકીર કુ રબને દિયા અઝમત કામા
(કિતાબ ગઝાત)

(અલ્લાહે આ ફકીરને જે અઝમત આપી છે તેવી બીજા કોઇને મળી જાણી નથી અને આવું કામ કોઇ વલી એ કરી બતાવ્યું નથી.

(૪) આપે (રહે.) સુન્ની અકીદાનાં અસંખ્ય બયાનો લખ્યાં છે.. તેના અનુસંધાનમાં બે વાતો સમજવા જેવી છે. :

(અ) આપે ૩૪ વરસની ઉંમરે હીજરી સન ૧૦૯૪માં પેહલી કિતાબ 'નૂરનામા' લખવાનું શરૂ કર્યું તે સાથે જ આપના કહેવા મુજબ દુનિયા પરસ્તો તરફથી તકલીફો આવવી શરૂ થઇ, જેથી કિતાબો લખવાનું પાંચ વરસ માટે ફક્ત ત્રીસ ગઝલો લખીને બંધ કરવું પડ્યું. જે બાદશાહ આપની પાસેથી કહેવાતી કિતાબો લખાવા ચાહતો હોય તે આવા વિરોધીઓને જેર કરીને કિતાબો લખાવ્યા વગર પાંચ વરસના ગાળા માટે ચૂપ કેમ રહી જાય?

બ) વળી, આપે ફરીથી હી.સ. ૧૦૯૯માં કિતાબો લખવી શરૂ કરી અને ફક્ત **ત્રણ વરસમાંજ તેર ફસલો પુરી લખી દીધી.** ★ અવલિયા અલ્લાહની રાતો થોડીક ઊંઘ અને ઇબાદતમાં જાય છે. ત્રણ વરસના દિવસના ભાગોમાંથી દિવસની નમાજો, નફીલ ઇબાદતો, જીવનની જરૂયિતો અને કુટુંબની તેમજ મુરીદોની જવાબદારીઓ વિ. ઉપર ફાળવાતા સમયને બાદ કરીયે તો **બહુજ ટૂંકા સમયમાં, કિતાથી લખવાના યુગમાં ચૌદ માણ અને અઢીશેર કાગળમાં તેર ફસલોના અલગ અલગ વિષયોનું** ઇલ્મ કિતાબોમાંથી **તારવીને અલગ કરી, હૂબહુ** બીજી **પુરી ન આવડની** ગુર્જરી ભાષામાં, **પદ્યે** (કાવ્ય) અને **રાગમાં, તાલ અને પ્રાસ** સાથે મન ઝુમી જાય તેવા **ભાવો ઉપજે** એવી ભાષા **શૈલીમાં, હાથથી લખીને અસંખ્ય મુરીદો સમક્ષ** મૂકવાનું આવું ભગીરથ કામ **ડરના વાતાવરણમાં** કે ભાલાની અણીયે **દિલની ઉમંગો વિના** થઇ જાય તે વાત સાદી સમજણ ધરાવતો માણસ સમજી શકે ખરો ?

અલ્લાહ તરફથી આવતું જ્ઞાન નબી (સ.લ.) મારફતે અસ્હાબે કિરામ (ર.જી. અન્હુમ) પાસે આવ્યું. બીજું જ્ઞાન આપ (સ.લ.) ની હદીસો મારફતે આવ્યું. મોજીજા અને કરામતો હઠધર્મીઓને વાત મનાવવા દાખલા રૂપે હોય છે. પરંતુ, દીનનું ઇલ્મ મોજીજા કે કરામતો દ્વારા આપોઆપ કિતાબો સ્વરૂપે લખાઇને ઉમ્મતીઓ પાસે આવ્યુ હોય તેવું ક્યાંય સાંભળ્યું નથી. દીન માટે મહેનત ઉઠાવવી પડે છે. અલ્લાહે તેનું કલામ હરફો અને આવાજમાં નબીઓ શિવાય કોઇની ઉપર મોકલ્યું નથી.

**વે હરફ હો સેતી, અને અવાજ કે માંહા, વે નબીયુંકા ભેજા, કિસી અવર કૂ નાંહા, (૧૦/૧૬૧૬ ઇમાન ભાગ-૧)**

(૫) ઔરંગઝેબનો ઇન્તેકાલ ઇ.સ. ૧૭૦૭ (હી.સ.)માં થયો. કહેવાતો ડરાવનાર ચાલ્યો ગયો હતો, અને નાદીરશાહે ઇરાનથી દિલ્હી ઉપર ચડાઇ કરી (ઇ.સ. ૧૭૩૯) અને મોગલ સામ્રાજ્ય કમજોર થયું ત્યારે સંજોગો સારા હોવા છતાં આપના પુત્રો, પૌત્રો કે પ્રપૌત્રોએ આપ (રહે.) ની કિતાબો રદ ન કરી. પરંતુ, ઉલટાનું પીર અબ્દુલ્લાહે, પીર ફાઝિલશાહે અને પીર મીરઆલમ બિન ફાઝિલશાહે ત્રણ પેઢી સુધી સુન્ની અકીદાની કિતાબો લખીને બાવા-દાદાની કિતાબોને પ્રોત્સાહન આપ્યું છે. તેઓ તેમના નજીકના પૂર્વજોની કિતાબો અને દીનથી અજાણ હોઇ ન શકે.

ઔરંગઝેબના મૃત્યુ પછી ફક્ત ૩૨ વરસેજ ઇરાનથી નાદીરશાહે ચઢી આવીને મુગલ રાજ્યને ખાના ખરાબ કર્યું. તેણે દિલ્હીના ત્રીસ હજાર માણસોની કતલ કરી અને ત્રીસ કરોડની દોલત લૂંટી ગયો અને તે ઉપરાંત સોનું, ઝવેરાત, ચાંદીનાં વાસણો, કિમતી ચીજો, ૧૦૦૦ હાથી, ૭૦૦૦ ઘોડા અને ૧૦૦૦૦ ઊંટ તેની સાથે લઇ ગયો અને કાબૂલ પ્રાંતને પોતાની સત્તા સાથે જોડી દીધો.

ત્યાર પછી ૯ મે, ૧૦ મે અને ૧૩ મે વરસે અનુક્રમે ઇ.સ. ૧૭૪૮-૪૯ અને ૫૨, એમ ત્રણ વખતે અહમદશાહ અબ્દાલીએ દીલ્હી ઉપર ચઢાઇ કરી પંજાબ જીતીને દિલ્હી આવી પહોંચ્યો. મોગલ રાજવી અહમદશાહ તેનાથી ડરીને તેને ચરણે પંજાબ અને મુલતાન પ્રાંતો ધરી દીધા. અહમદશાહ અબ્દાલી જતી વખતે પોતાના માણસ નજીબદૌલાને મોગલશાહનો વજીર નીમતો ગયો.

મોગલ સલ્તનત ઔરંગઝેબના મૃત્યુ પછી ફક્ત ૧૫૦ વરસ ટકી. આ ગાળા દરમ્યાન ૧૧ રાજવીઓ બદલાયા. આમાંથી પહેલા બાદશાહે ફક્ત ૫ વરસ, બીજાએ ૧ વરસ, ત્રીજાએ ૬ વરસ, ચોથા અને પાંચમાએ અનુક્રમે ત્રણ ત્રણ મહિના રાજય કર્યું. ત્યાર પછી પાંચ વિદેશી ચઢાઇઓ આવી, અને છેલ્લા બાદશાહો પાસે ફક્ત લાલ કિલ્લો જ રહ્યો અને છેલ્લા બાદશાહ બહાદુરશાહ જફર પાસે ફક્ત બાદશાહનો ખિતાબ જ બાકી રહ્યો.

આવા અસ્થિરતાના વાતાવરણમાં અને માયકાંગલા શાસનકર્તાઓના રાજ્યમાં પીર મશાયખ (રહે.)ના પુત્રો, પૌત્રો કે પ્રપૌત્રો માટે ડરનું કાંઈ કારણ ન હતું..

(૬) જે બાદશાહ ઔરંગઝેબે ફતાવા એ આલમગીરી લખાવી જે વિદેશોમાં પણ મશહુર છે, તે શું પીર મશાયખ (રહે.)નું ખાનગી જીવન ન તપાસી શકે ? તકૈયાની વાતને ત્રણસો વરસ પછી પ્રચારમાં લાવવામાં આવી છે.

(૭) આપના પૌત્ર સૈયદ દિવાનજી (રહે.)ના વંશમાં પીર અહમદ હુસેન ★ બિન હસન અલી સુધીના પીરોએ આ કિતાબોને વિશ્વાસપાત્ર ગણી છે. વળી, પીર. અહમદ હુસેનના ત્રણમાંથી બે પુત્રો, પીર ગુલામઅલી અને પીર સિયાજ હુસેને આ કિતાબોને વિશ્વાસપાત્ર ગણીને પોતાનો સુન્ની અકીદો જાહેર કર્યો છે અને તેમના વંશજો પણ આજ સુધી તેજ સુન્ની અકીદા ઉપર છે.

આપ (રહે.)ના બીજા પૌત્ર સૈયદ સાદુલ્લાહ ઉર્ફે મીર બાબા (રહે.) ના વંશમાં તો બધાજ આજ સુધી આ કિતાબોને ભરોસાપાત્ર ગણે છે. 'આપના વંશની બહુ મોટી બહુમતિ સુન્ની અકીદા ઉપર છે. અને આ કિતાબોને વિશ્વાસપાત્ર ગણે છે. તેમજ બાદશાહ ઔરંગઝેબ ત્રણ સદી સુધી જીવંત રહ્યા નથી.

★ હસનઅલી સગીરવયના હોવાથી તેમને ખિરકએ ખિલાફત મળી શકે નહિ તેથી પીરાઈનો મતભેદ અહીથી શરૂ થયો. ખિલાફત માટે પુખ્તવયના હોવું જરૂરી છે. હઝ. મુહંમદ (સ.લ.) થી હઝ. અલી કર્રમલ્લાહો વજહહુએ ખિલાફત લીધી તેમની પછી અનુક્રમે શેખ તાજુસ્સાલેહ સુધી બાવીસ પીરોએ ખિલાફત મેળવી. પચીસમાં ક્રમે શેખ તાજુસ્સાલેહથી એક પરહેજગાર શેખઝાદાએ ખિલાફત લીધી અને તેમનાથી છવ્વીસમાં ક્રમે પીર મશાયખે (રહે.) ખિલાફત લીધી. આ ક્રમમાં કોઈ સગીરવયની વ્યક્તિને ખિલાફત આપવામાં આવી નથી.

## (૮) સાંભળો ! આપ (રહે.) ફરમાવે છે

| | |
|---|---|
| (અ) કે કદમ તો સાબિત દીનમાં ધરના,<br>એક જીવ હય સો, ફિદા રે કરના,<br>જો હોવે લાખ જીયા તો વારને દીજે,<br>તો એક રે જીવકા ના લોભ રે કીજે<br>(કિતાબ ઈમાન) | (દીનમાં સાબિત કદમ રહો.<br>એક જીવ છે તેને દીન પર ફીદા કરો.<br>અગર લાખ જીવ હોય તો તેમને દીન પર વારી દઈએ, તો<br>એક જીવનો લોભ શું કામ કરવો.) |
| (બ) હક છુપાયે બિના મરના, ભલા દીન કાજ રે,<br>રખે તું દુન્યા કેરી કરે લાજ રે.<br>(કિતાબ ગઝ્ઝાત) | (દીન માટે હક છુપાવવા કરતાં મરવું ભલું. દીનના મામલામાં<br>દુનિયાની લાજ રાખવી નહિ) |
| (ક) સહી સરકે સાટે, દીન કરો પ્યારા,<br>અને પગ તો માંડો ખૂબ કરને કરારા.<br>જો ડુંગર ખસે પણ પગના ખસાવે,<br>સહી દીન મોમિન અયસા રે લાવે.<br>(કિતાબ ગઝ્ઝાત) | દીનને માથા સાટે પ્યારો કરો અને દીનમાં કદમોને મઝબૂતીથી<br>મૂકો. ડુંગર ભલે ખસી જાય પણ પગ ન ડગે એ રીતે દીન<br>પર ચાલો. |

હક છુપાવવા કરતાં મરવું ભલું એમ કહેનાર તકૈયો સ્વીકારે ખરા ? અગર દીન માટે જીવ દેવાનું લખ્યું તો બીકનો તકૈયો ખોટો પડે છે.

પીર મશાયખે (રહે.) જીવ આપ્યો નહિ. કેમકે ડર હતો જ નહિ અને ડર વિના લખેલું સ્વયંસ્ફુરિત છે.

(૯) જે સિલસિલામાં આપ • **બૈઅત થયા છે** તેમાં હઝ. ખ્વાજા ફરીદ ગંજશકર (રહે.) અને ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તી (રહે.) અજમેરી આવી જાય છે. તેમનો ★ **સુન્ની અકીદો** જગજાહેર છે.

• આપ (રહે.) સૈયદથી કે વંશથી નહિ પણ એક પરહેજગાર શેખજાદાથી ઉપર વર્ણન મુજબના સિલસિલાથી બૈઅત થયા હતા. હઝ. અલી (રઝી) થી હઝ ખ્વાજા હસન બસરી (રહે.) એ ખિલાફત લીધી અને ત્યાંથી હઝ. ફરીદ ગંજેશકર (રહે.) સુધીના પીરોએ અનુક્રમે તેમના પીરોથી ખિલાફત મેળવી, અને ત્યાંથી શેખ યુસુફ સુધીના પીરોએ અનુક્રમે તેમના પિતાઓથી, અને શેખ હારૂને તેમના ભાઇ શેખ યુસુફથી, અને ત્યાંથી શેખ ઇબ્રાહીમ સુધીના પીરોએ અનુક્રમે તેમના પિતાઓથી, અને ત્યાંથી પીરમશાયખ (રહે.) સુધીના પીરોએ અનુક્રમે તેમના પીરોથી ખિલાફત મેળવી છે.

પરહેજગારી અને ખિલાફતનો ભાર ઉપાડવાનાં લક્ષણો હોય તો બેટાને કે ભાઇને ખિલાફત મળી શકે. ઉપરનાં સિલસિલામાં હઝ. અલી (રદી)નો વંશ ચાલુ હોવા છતાં ખિલાફત વંશ પરંપરાથી અપાઇ નથી. ખિલાફત આપવામાં લક્ષણો જોવાય છે, વંશ નહિ.

★ સુન્ની અકીદાના પીરોના સિલસિલામાં બૈઅત થવાથી આપ (રહે.)નો અકીદો કોઇ પણ સમજી શકે છે.

(૧૦) અગર પીર મશાયખે (રહે.) ઇચ્છા વિરુદ્ધ કિતાબો લખી હોય તો તેમની કિતાબોમાં ટીકાત્મક તાના માર્યા ન હોત, અથવા તેમ કરવામાં હળવાશ રાખી હોત. નીચેની કડીયો ના હળવા નમૂના તેના પુરા બયાનના પૂર્વાપર સંબંધ સાથે વાંચો.

**અલ્લાહ નબીકુ ખલકે, તોહમત લગાઇ જાનરે, તોહમત લગાઇ જાન;**
**તો મંય તો હું ઉમ્મતિ ઉસકા, સહીકર મુજે માનરે, સહી કર મુજે માન**
**(કિતાબ, નૂરનામા)**

**કુડ કુડ મરો, નિસદીન જલો, દીન તો છુપનેકા નહી,**
**લાઅનત લાગી તમના, એ બાત હય સાચી કહી.**
**(કિતાબ, મેઅરાજ નામા)**

**તો નસતાન તેહકીક જાવે રે તમારા,**
**હમારે દીન કુ હય અલ્લાહકા આધારા.**
**(કિતાબ, નૂરનામા)**

(૧૧) તકૈયો કરનારે તો સમય સુચકતાથી સમય સંભાળી લેવાનો હોય છે. તેને ઊંડા અભ્યાસની શી જરૂર ? આપ (રહે.) લખે છે.

**તો સુનો રે મુરીદો, જો હો રે મેરે, મંય તેહકીક કર લિખતા હું બુઝીયો સવેરે.**
**મંય કહી જાગા દે કર બયાન હું કરતા, મંય તેહકીક કીયે બિના એક બોલ નાંહી લિખતા.**
(કિતાબ, ઇબાદત)

ઉપરાંત આપે તો દીનનું નુકશાન ન થાય અને બિઅદતનો એક બોલ પણ જેમાં ન આવે તેવું દિવાન પુરું થાય તેવી દુઆ માગી છે.

યા ઈલાહી, મેરા કર પુરા ઉમેદા,
પુરા 'દીવાન' હોનેકા મેરા ઉમેદ કા ભેદા.

રબ દિલ ઇસ બંદેકા એતા હય ચાહવે,
કરે તેરે રે કરમસૂ પુરા 'દિવાન' લખાવે.
ભી દિલ ઉમેદ એતા હય ચાતા રે,
બંદા હય ઝઈફ આજિઝ ઝાતા રે.

દીવાન પુરા સબ એ લખાવે રે,
બીદઅત કેરા બોલના આવે રે.

નુકસાન હોવે ના કુછ શહા કેરા રે,
ઉમ્મેદ પુરા યું કર સવેરા રે.
(કિતાબ, વિસાલનામા)

| | |
|---|---|
| (ક) દોસ્તી મોહંમદ દીન હો કેરી,<br>શરમ તું રાખે ખાલિક મેરી. | હે અલ્લાહ ! નબી (સ..લ.)ના દીનની નિસ્બતથી તું મારી લાજ રાખજે. |
| મોહંમદ મુસતુફા હય રસુલ મેરા,<br>ઓનું દીન કાજ ઝૂઠ બોલા મૈ બહોતેરા, | મુહંમદ મુસ્તુફા (સ.લ.) અમારા રસૂલ છે.<br>એમના દીન કાજે હું બહુજ ઝૂઠ બોલ્યો છું. |
| તેરે બંદેમેં મંય ફરેબ રે કીતા,<br>સો દીન નબી કાજ મંય સહી ચંત દીતા. | નબી (સ.લ.)ના દીન કાજે મે<br>તારા બંદાઓમાં ફરેબ કરવાનું કર્યું છે. |
| કાફિલા રે દેખા જબ ડુબતા સારા,<br>તો બહોત ઝૂઠ મંય બોલા દીનકે આધારા. | જયારે પુરા કાફલાને મે * ડુબતો જોયો તો<br>દીન કાજે હું બહુજ ઝૂઠ બોલ્યો છું. |
| ફરેબ રે કીતા કુછ બાકી મંય ના રાખી,<br>તુજસૂ ના છુપા વે બાત ખોલ તો દાખી. | દીન કાજે ફરેબ કરવામાં મેં કાંઇ બાકી રાખ્યું નથી, અને તે તારાથી છુપું નથી અને મે તે વાત ખોલી દેખાડી છે. |
| બખશન હારા વે તૂં ખાલિક મેરા,<br>બંદા હું ગુનેગાર હુવા તેરા રે બહોતેરા. | તું મારો ખાલિક, છે માટે મને બક્ષી દેનાર છે, અને હું તારો ગુનેહગાર બંદો છું. |
| બખશનહારા તેરે કરમ તૂં સાંહી,<br>હિસાબ અદલકે મુજબ છૂટકરે નાંહી. | તું તારા કરમથી બક્ષે છે, નહિ તો<br>હિસાબના દીને કોઇનો છુટકારો નથી. |

દોસ્તી મોહંમદ મુસ્તુફા કે દીના,
બખ્શા રે ખાલિક જે ગુનાહ મેં કીના.
(બયાન ૨૫ નૂરનામા)

હે ખાલિક ! મુહંમદ મુસ્તુફા (સ.લ.) દીનની નિસ્બતે મેં જે ગુનાહ કર્યો છે તેને તું બખ્શી દે.

★ ડૂબતો કાફલો મુદ્દા નં. ૧૧ (ઝ-ધ)માં બતાવ્યો છે.

જયસી એહયા ઉલ ઉલૂમ હય રે નામા,
ઈમામ ગિઝાલીને લખીયા રે કામા.
અને યું લિખા હય ઉસ કિતાબ રે માંહા,
કે કિતાબ એ છત્તે અવર કામ રે નાંહા.

'એહયાઉલ ઉલૂમ' નામે ઈમામ ગિઝાલી (રહે.) એ કિતાબ લખી છે તેમાં છે કે તે કિતાબ હોય તો બીજી કિતાબની જરૂર પડે નહિ.

જો રે કભી દુરીજન કિતાબાં લૂંટાવે,
અને એહયા ઉલ ઉલૂમ છતાં જો પાવે.
તો સુસ્ત ના હોવે કભી મુમિનો કા દીના,
બહોત દીનકી હકીકત કિતાબ રે મંના.

જો કોઈ દુશ્મન કિતાબો લૂંટે અને એહયા ઉલ ઉલૂમ રહી જાય તો મુસલમાનોના દીનમાં કમજોરી ન આવે એવી હકીકત તે કિતાબમાં છે.

ઈમામ ગિઝાલીને યું હય રે લિખિયા,
જે એહયાઉલ ઉલૂમ હય વયસી કર સિખિયા.
મુજકો ઉમેદભી અયસી દે ઈલાહી,
બંદે સબ તેરે પાવે તુજસુ બડાહી.
ઓનું તો અરબી હય લિખી ઝબાના,
દિવાન મંય લિખતા હું ગુજરી ઝબાના.
(બયાન ૩૬ નુરનામા)

ઈમામ ગિઝાલી (રહે.) જેમ એહયાઉલ ઉલુમ લખી છે, તેમ હે અલ્લાહ ! તું પણ મને પ્રેરણા આપ કે તારા બંદાઓ (મારા લખાણમાંથી) તારાથી વડાઈ પામે. ઈમામ ગઝાલી (રહે.)એ તે કિતાબ અરબીમાં લખી છે. અને હું તેવી જ કિતાબ ગુજરાતીમાં લખવા ચાહું છું.

મંય ચાહું દીવાન એ અયસા રે બનાવા,
કે મેરે રે મુરીદ કા હોવે રે ભાવા.
ઓર દેખને કી ઉસે હાજત ના રેહવે,
દીનકી હકીકત સબ ઉસ માંહેથી લેવે.
(બયાન-૩૬ નૂરનામા)

(હું પણ એવું જ દિવાન બનાવવા ચાહું છું કે મારા મુરીદોની જરૂરત પુરી થાય અને દીનની બધી હકીકત તેઓ તેમાંથી મેળવે, અને બીજે ક્યાંય જોવાની તેમને હાજત રહે નહિ)

## સૈયદ પીરમશાયખ (રહે.) લખે છે :

તો દેખો રે ક્યસા મુજે ઈલ્મ હય દીતા,
કે જયસે રે નામસુ મુજે મશાયખ કીતા,
ઉસકી રે નિશાની તમે દેખો રે નયના,
ઝાહિર કુ ક્યા કુછ લિખકર રે કેહના.

જુઓ તો! મને અલ્લાહે કેવું ઈલ્મ આપ્યું છે અને મને મશાયખ બનાવ્યો છે. ઈલ્મની નિશાની તમે નજરે જુઓ. જે જાહેર વાત છે. તેને લખીને શું કહેવું ?

બદદીન દીન કાજ મુજ પાસ રે આવે,
અને અકીદા ઢુંઢનેકુ સહીકર લાવે,
તો કરમ રે અલ્લાહસુ કુફર ઉસકા જાવે,
અને દીન કેરી રાહા વે સહી રે પાવે.
પિછે હોવે શરાવક, હિન્દુ કે મેહશરી,
કે હોવે રે મુનાફીક ટોળી મુમનો કેરી,
કે હોવે ઉસે મળીયા દીનકા ચોરા,
તો કુફરભી ઉસકા તોડું રે બહોતેરા.

કોઇ બદદીન સાચો અકીદો શોધવા
મારી પાસે આવે તો અલ્લાહના
કરમથી તેનું કુફ્ર જતું રહે
અને દીનની સાચી રાહ મેળવે.
પછી તે હિંદુ હોય, શ્રાવક હોય,
મહેશ્વરી હોય કે પછી મુનાફીક
મુમનોની ટોળી હોય, તેમના
દિલમાં દીનનો ચોર વસેલો હોય યા દીનનો ચોર તેમને ફેરવવા
મળ્યો હોય તો તેનું બધું જ કુફ્ર તોડી નાખું.

શીઆ મઝ્હબકા જો કદી રે આવે,
તો સુન્ની હો કેરી રાહા વે પાવે,
ઈતની રે સમજન હય મુજ માંહાં,
વે નબીજીકી દોસ્તી, મુજસુ રે નાંહાં,

શીયા મઝ્હબનો કોઇ મારી પાસે આવે તો મારા
થકી તે સુન્નીની રાહ પામે એટલી તો સમજણ
મારામાં છે. અને મારી આ ખૂબી નબી (સ.લ.)ની
મહોબ્બત થકી છે, મારાથી નહિ.

જો જમીઅત દેવે સુરીજન મેરા,
તો ઉસકે કરમસુ કહું મંય બહોતેરા.
(નૂરનામા)

જો અલ્લાહ મને શાંતિ આપે તો
અલ્લાહના કરમથી ઘણું ઘણું કહી બતાવું.

(ઘ) વળી પીરમશાયખ (રહે.) લખે છે :

કે ઈસરે મુલકમાં બહોત રાફઝી હંય રેહતે,
વે ખલક્કુ બદરાહકી બાત હંય કેહતે.
અને ગવારો હો સેતી મુજે પડયા હય કામા,
વે મુજથી હંય દૂર રેહતે કહી કહી ગામા.
રાફઝી ઓનું કું હંય બદરાહ આ કરતે,
સો ફરેબ ખાતિર હય ગામ ગામ ફરતે.

આ મુલક માં બહુજ રાફઝીઓ રહે છે અને
લોકોને બદરાહની વાતો કહે છે. દૂર ગામડાઓમાં રહેતા
ગમાર મુરીદોથી મારે પનારો પડયો છે, અને તેમને
રાફઝીયો બદ રાહ કરે છે અને
ફરેબ કરવા ગામે ગામ ફરે છે.

હય ગવારૂં રે ઝાતી જે મુમન રે કહેલાતે,
વે ઈમામોકુ ઓર રીત કુછ હંય રે ચાતે.
વે ઈમામોકુ બંદેમાં નાંહી રે ગણાતે,
જ્યસે ગંવાર હંય વયસે બાત મન રે લાતે.
(મક્તુલ નામા)

આ ગમારો મુમનો છે.
અને તેઓ ઈમામોને બીજી રીતે ચાહે છે.
તેઓ ઈમામોને અલ્લાહના બંદા ગણતા નથી.
આ ગમારો જેવા છે તેવી વાતો મનમાં લાવે છે.

નૂરનામા અને મક્તુલનામાની ઉપરોક્ત કડીયો જુઓ. આપ (રહે.) કહે છે કે "હે અલ્લાહ ! મુહંમદ (સ.લ.)ના વસીલાથી તું મારી લાજ રાખજે.

આ જુઠ તે જુઠ નથી જેને શરિઅતે હરામ ર્ક્યું છે. દરેક અવલિયા અલ્લાહ મસ્લેહત ખાતર પરિસ્થિતિ મુજબ કુનેહ ભરી વાત કરી હોય તેને પણ ગુનાહભરી દૃષ્ટિથી મૂલવે છે. બુઝુર્ગો પોતાને ગુનાહગાર, ફરેબી અને ના ફરમાન ગણાવી આજીજિ કરતા આવ્યા છે અને અલ્લાહથી માફી ચાહતા આવ્યા છે. નૂરનામા આપની પહેલી કિતાબ છે જેને આજીજિના શબ્દોથી શરૂ કરી છે. આપ (રહે.) પહેલી કિતાબમાં આમ લખ્યું છે, છેલ્લી કિતાબમાં નહિ જેનાથી આ આજીજિને પ્રમાણ ગણી લેવાય. શરૂઆતની કિતાબમાં આ શબ્દો અગર હકીક્ત હોત તો ઘણી મોટી જમાત આપની બધીજ કિતાબોને પ્રારંભે જ ફગાવી દેત. પરંતુ, ઉલટાનું આ કિતાબોની અસંખ્ય નકલો લખાઇને ગામે ગામ ચાહના મેળવી અને આજ સુધી કલમી કિતાબોના સ્વરૂપમાં મળી રહી છે.

પ્રથમ કિતાબમાં જ આપે ઉપરોક્ત કડીઓ તકૈયા રૂપે લખી હોય તો બાદશાહ ઔરંગઝેબ જેને કહેવાતો કિતાબો લખાવનાર ગણવામાં આવે છે. તે પીરમશાયખ (રહે.)ને છોડે ખરો ? શું આ કિતાબને તે બાકી રહેવા દે ખરો ? અને તેમને બીજી કિતાબો શરૂ કરવા દે ખરો ?

આપની આ આજીજિને કેટલાકે તકૈયાનું સ્વરૂપ આપવાનો પ્રયત્ન ર્ક્યો છે. તેર કિતાબોમાં ક્યાંય પણ આવા શબ્દો મળતા નથી, બલ્કે તકૈયાના રદ બહુજ જગ્યાએ છે.

બદદીન લોકો હક રાહથી વિમુખ થઇ ગયેલા તેમને પોતાની તરફ આકર્ષવા માટે મસ્લેહતથી કેટલીક વાતો બતાવી હોય તે સ્વાભાવિક છે. પણ આવી વાતો દીનના અકાઇદ અને મસાઇલની તો ન જ હોય, પણ વ્યવહારિક વાતો જેવી કે સમજાવટ, ખુલાસા વિ. માણસની ગ્રહણશક્તિ મુજબના આપેલા હોઇ શકે. અગર અકાઇદ અને મસાઇલને ફેરવી બતાવ્યા હોય તો દીનની મૂળ વાત ખતમ થઇ જાય છે. અહીયા તો આપે (રહે.) અકાઇદ અને મસાઇલોનું બયાન બધીજ કિતાબોમાં બરાબર ચુસ્ત રીતે સુન્ની અકાઇદનું આપ્યું છે.

આમ કરવાના કારણો આપે મકતુલનામામાં આપ્યાં છે. આપ કહે છે કે અલ્લાહે મને ઇલ્મ આપીને મશાયખ બનાવ્યો છે. કોઇ બદદીન, હિંદુ, મહેશ્વરી, શ્રાવક, મુનાફિક મુમન કે શીયા મઝહબનો મારી પાસે આવે તો હક રાહ મેળવે એવી મારામાં નબી (સ.લ.)ના પ્યારા-વસીલાથી સમજણ છે. અને મને શાંતિ મળે તો ઘણું ઘણું કહી બતાવું.

આપના જમાનામાં ગુજરાતમાં મોમિન કોમ રાફઝીયાત શીયાઇય્યત, સતપંથ વિ. પંથોની અસર તળે આવી ગઇ હતી અને અવતારને પણ માનતી હતી. સાથે સાથે શ્રાવકો હિન્દુઓ અને મહેશ્વરીઓ વિ.નો તેમની ઉપર પ્રભાવ હતો. તેઓ તેમના મતનો મોમિનોમાં પ્રચાર કરવા ગામે ગામ ફરતા હતા. રાફઝીયો ઇમામોને માનવામાં શિર્કની કક્ષા સુધી તેમને પહોંચાડી દેતા, અને લોકો તેમની વાતોમાં આવી જતા.

આવી કોમને દીન તરફ વાળવા માટે દીનના ઇલ્મ ઉપરાંત વ્યવહારિક મસ્લેહતો અત્યંત જરૂરી હોય, અને તે કારણે આપે તેમને દીન તરફ પાછા ફરવા માટે તરહ તરહના વ્યવહારિક તરીકા અપનાવ્યા હોય, અથવા ખુલાસાઓ આપ્યાં હોય તે બનવા જોગ છે. કારણકે જાહિલ લોકો અક્કલની અને બંધ બેસતી દલીલોને વધારે સમજતા અને મહત્વ આપતા હોય છે.

આપ (રહે.) નૂરનામામાં લખે છે કે જે કાંઇ જૂઠ કહયું છે તે મુહંમદ (સ.લ.)ના દીન માટે, ડૂબતા કાફલાને બચાવવા કહયું છે. ડૂબતા કાફલાને બચાવવા હકીક્ત જાહેર કરી દેવી પડે. તકૈયાથી મૂળ હકીક્તને ફેરવી બતાવી લખવામાં આવે તો કાફલો તો વધારે ડૂબી જાય. આપે (રહે.) ડૂબતા કાફલાને બચાવવા તેમની કિતાબોમાં સપષ્ટ હકીક્તો લખી દીધી

છે. આપ લખે છે : "તારા બંદાઓમાં ફરેબ  કર્યો છે." જૂઠાં ટોળાંમાંથી માણસને અલગ કરી દીન પર લાવવા માટે કુનેહ વાપરવી પડી પણ હોય. આપે દીનમાં ફરેબ કર્યાનું ક્યાંય પણ કહ્યું નથી, પણ દીનના આધાર માટે એટલેકે દીન પર લોકોને ખેંચવા માટે બંદાઓમાં આમ કર્યાનું કહ્યું છે.

તકૈયાના રદ્દના ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં લઇએ તો તકૈયો ટકતો નથી. પણ, આ મુદ્દામાં નૂરનામાનાં બયાનોને, તકૈયાની વાત કરનારાઓ માટે ઘડીક્વાર માટે સ્વીકારી લેવામાં આવે તો પણ આ વિષે બે વાતો સમજવા જેવી છે.

(૧) અગર પીર મશાયખ (રહે.)એ તકૈયો કરી સુન્ની અકીદાનાં બયાનો અને મસઅલા લખ્યા જ હોય, અને આપનો મસ્લક (પંથ) કહેવાતો બીજો મસ્લક હોય તો આપે (રહે.) તે મસ્લકનાં કોઇ બયાનો, અકીદાની સમજ, મસાઇલ વિ. લખ્યાં હોય તો તેને કલમી કિતાબોમાંથી શોધીને કોઇ બતાવી શકતું નથી. અરે... કિતાબ નહિ, બયાન નહિ, પણ એકજ કડી શોધી બતાવો જે શીયા મસ્લકની તરફેણમાં પીર મશાયખ (રહે.) તરફથી હોય ! શું આપે (રહે.) આપના જીવન દરમ્યાન તે બધું જ (અગર હોય તો) દબાવી રાખ્યું ? આપના ઘરાનામાં અગર તે પડયું હોય તો પાછળથી, કહેવાતા પ્રતિકૂળ સંજોગો બાદ, અનુકુળ સજોગોમાં આપના વારસદારો પાસેથી અત્યાર સુધીમાં બહાર નીકળ્યું જ નથી ? અગર આપે તેને જાહેર ન કરવાનું ચાહયું હોય તો તેનો ક્યાંય ઉલ્લેખ નથી. અગર આપે લખ્યું જ ન હોય તો અન્ય આલીમો પાસેથી કહેવાતા મસ્લકનું ઇલ્મ શોધી લેજો એવું છૂપી રીતે આપે (રહે.) કે આપના વંશજોએ ક્યાંય લખ્યું હોય એવું કોઇ બતાવી શકતું નથી. નબી (સ.લ.)ના દીન માટે જૂઠ કે ફરેબ કર્યો હોય, અને કહેવાતું સાચું દીન છુપાઇ રહે તો તે કામ દીન માટે ક્યાં થયું ? અને આપના કહ્યા મુજબ મુહંમદ (સ.લ.) ની દોસ્તી ક્યાં રહી ?

(૨) આપ (રહે.) લખે છે કે ઇમામ ગિઝાલી (રહે.)નું એહ્યા ઉલ ઉલૂમ એવું ઇલ્મ છે કે તે ઇલ્મ છતે બીજા ઇલ્મની જરૂરત રહે નહિ, એવું પરિપૂર્ણ એ ઇલ્મ છે. કોઇ દુશ્મન દીનની સઘળી કિતાબો નષ્ટ કરી દે, અને  ફક્ત એહ્યા ઉલ ઉલૂમ બાકી રહે તો દીનમાં કમજોરી આવે નહિ.

આપ (રહે.) કહે છે કે ઇમામ ગિઝાલી (રહે.)ના એહ્યા ઉલ ઉલૂમ જેવું જ દિવાન હું ગુજરાતીમાં બનાવવા ચાહું છું કે જેમાંથી મારા મુરીદો દીનની બધી જ હકીક્ત મેળવે.

હવે જરા વિચારો કે  ઇમામ ગિઝાલી (રહે.)નું એહ્યા ઉલ ઉલુમ ભારોભાર સુન્ની અકીદા અને મસાઇલોથી ભરેલું છે કે નહિ ?

**જે જયસા રે કરસી, લેખા વયસા ભરશી,**
**કોઇ કીસી કે સાટે, ના અઝાબમાં પડશી (મક્તુલનામા)**

**(જેઓ જેવું કરશે તેવું તેઓ ભરશે.**
**કોઇના બદલે કોઇ અઝાબમાં પડશે નહિ.)**

જેને જે મઝહબ પાળવો હોય તે પાળે. આદમ (અ.સ.)નો બધોજ વંશ ક્યાં ઇસ્લામ પર  છે ? અને મુહંમદ (સ.લ.)ની ઉમ્મત પણ ક્યાં એક ફિરકા ઉપર છે ? પણ, મશાયખ પીર (રહે.)નો મઝહબ પાળવો હોય અને મશાયખી જ રહેવું હોય તો તેની હકીક્તોનો અને આપ (રહે.)ની બધીજ કિતાબોનો અભ્યાસ કરી દેવો જોઇએ.

હદીસે કુદ્સી છે કે 'દુનિયા અલ્લાહનું કુટુંબ છે.' એટલે નોખા પંથ છતાં માનવી અને મખલુકના સંબંધોમાં કડવાશ ન હોવી જોઇએ, ભાઇચારો રાખીને વિચારોની આપલે કરવી એજ શ્રેષ્ઠ માર્ગ છે. દુશમની કે દબાણ કોઇને બદલી શક્તું નથી. પોતાના અમલ અને અખ્લાક જ શ્રેષ્ઠ તબ્લીગ છે.

## (૪) ઈલ્મ

કુરઆન ઈલ્મનો દરિયો છે. તેને સમજવા અરબી ભાષા શીખવી જોઈએ અથવા નિષ્ણાતો એ કોઈ પણ ભાષામાં લખેલી તફસીર જાણવી જરૂરી છે. કુરઆન પછી દીની ઈલ્મના સ્રોતો એહલે સુન્નત નજીક હદીસ (સુન્નત) ઈજમા અને ક્યાસ (શ્રેષ્ઠ બુદ્ધિ) છે. તે વખતની અરબી ઉર્દૂ ન જાણનાર કોમને જરૂરિયાતે દીનનું ઈલ્મ આપે (રહે.) આપ્યું. જેથી કોમ ગુમરાહ થાય નહિ અને સામાન્ય જીંદગીમાં દીન માટે કોઈ જાણકાર પાસે દોડી જવું પડે પણ નહિ. તેમ છતાં, દીન માટે અલગ મહેનતની જરૂર છે જ. કારણ કે કુરઆનનું ઈલ્મ અને હદીસની બધી જ કિતાબોનું તથા ફીકાહનું ઈલ્મ પીરમશાયખ (રહે.)ની કિતાબોમાંથી બધું જ મળશે નહિ. ઘણું ઈલ્મ ઉર્દૂમાં ભાષાંતરિત થયેલું હોવાથી મદરસાઓમાં ઉર્દૂ અને અરબી શીખવવા ખાસ મહેનત કરવી જોઈએ.

પીર મશાયખે (રહે.) જેટલું આપ્યું છે તેટલું જ દીની ઈલ્મ છે એમ સમજવું નહિ. કોઈ આલીમ બધું ઈલ્મ એકી સાથે પીરસી શકે નહિ.

આપ (રહે.) ફરમાવે છે :

**જેતા જેતા જરૂરી કા કામારે, તમે સુનો રે. સબ લીખને જો ચાતા રે, તમે સુનો રે.**
**ઢૂંઢને લિખા ઈસ ઠામારે, તમે સુનો રે. લિખ લિખ ઉમર ગમાતા રે, તમે સુનો રે.**
**મસલે સબ ના લખાએ રે, તમે સુનો રે. તો ભી ના છેહ સબ આતા રે, તમે સુનો રે.**
**ઝરૂર થે લિખે માંહિ આયે રે, તમે સુનો રે. પિછે પઢાભી ના જાતા રે, તમે સુનો રે.**
**(કિતાબ, ઈબાહત)**

(જેટલાં જેટલાં જરૂરી કામો છે તે અહીયા લખ્યાં છે. બધા મસઅલા લખ્યા નથી, પણ જરૂરત હતી એટલાંજ લખ્યા છે. બધું જ લખવા ચાહતે તો મારી ઉમર પુરી થઈ જતે તો પણ લખવાનો છેડો ન આવતે, અને પછી પઢી પણ ન શકાતે.)

માટે, આપણને જેટલું મળ્યું છે તેટલું પણ સ્વીકારી લઈએ તો જરૂરિયાતે દીન સંતોષાઈ જશે. જુઓ, આપ (રહે.) શું કહે છે :

**મે ચાહું 'દીવાન'એ અયસારે બનાવા, અવર દેખને કી ઉસે હાજત ના રેવે**
**કે મેરે રે મુરીદ કા પૂરા હોવે રે ભાવા. દીનકી હકીકત સબ ઉસમાંથી લેવે (કિતાબ, નૂરનામા)**

હું એવું દિવાન બનાવવા ચાહું છું કે મારા મુરીદોની દીની જરૂરત પુરી થાય અને તેમને બીજી જગ્યાએ જોવાની જરૂરત ન પડે, અને દીનની બધી હકીકત તેઓ આ દિવાનમાંથી મેળવે.)

જે કોઈ વધુ નહી કરે, અને ફક્ત આ કીતાબોને જ સમજીને તે ઉપર અમલ કરશે, તે ગુમરાહ નહી થાય અને અકાઈદે સુન્નત ઉપર ટકી શકશે. એહલે સુન્નતના ફકીહો કુરઆન તથા હદીસની છ કીતાબો બુખારી, મુસિલમ, અબુ દાઉદ, તીરમીજી, નસઈ અને ઈબ્ને માજાશરીફ પર આધાર વધુ રાખે છે, જેનો ઉલ્લેખ પણ પીર મશાયખ (રહે.) એ કર્યો છે. જુઓ :

**અરે હદીસાં કીયાં કિતાબાં પઢિયાં, જેનું રાવી કે નામા; અરે હદીસાં જેને નબીજીકી આખી, સહી જે હે કેવાઇ;**
**અરે હદીસ કે કેનારે તે જાને, છહુ કિતાબ ઠામા અરે અન કે નામ તે પઢ પઢ જાને, કિતાબ છ લખાઇ**

**(૨/૩-૧૯૭૫/૧૫૫ ઈમાન ભાગ-૨)**

(પીર મશાયખ (રહે.) ખોટી હદીસો બયાન કરનાર મુનાફીકોને કહે છે કે તું જે હદીસો પઢી સંભળાવે છે તે કઇ કિતાબોમાંથી પઢી છે ? તેના રાવી કોણ છે તે બતાવ ? હદીસની છ કિતાબોમાં રાવીઓનાં નામ છે તેની તો તને ખબર છે જ. નબી (સ.અ.વ.)ની સહીહ હદીસો અને બયાન કરનારના નામો છ કિતાબોમાં છે તેની પણ તને ખબર છે. )

## (૫) ભાષાંતર :

પીર મશાયખે (રહે.) બયાન કરેલી હદીસોનો શબ્દાર્થ કડી (પંક્તિ) વાર સમજાવવો અઘરો છે. કારણકે, આપે કાવ્યમય શૈલીમાં લખ્યું છે. એટલે તાલ મેળવવા વધારાના શબ્દો આવે જ. કડીઓ ઉપર નીચે થાય, કડીઓ બેવડાય, શબ્દો આગળ પાછળ થાય. તેમજ ચાર પાંચ કડીઓ એક સાથે સમજવી પડે. વળી, આપે હદીસોના બયાનો વચ્ચે શીખામણો આપી છે.. અને સમજાુતી પણ મૂકી છે, તેથી આ બધું અલગ ન પાડી શકાય, તેમજ અરબીના પારિભાષિક શબ્દોનો સંપૂર્ણ અંગ્રેજીનો શબ્દ ન મળી શકે. કોઇ જગ્યાએ હદીસના વર્ણનો ટુંકાવીને નાના વાક્ય કે વાક્યોમાં લખ્યા છે જેથી મૂળ અરબી હદીસના કોઇ શબ્દો ગુજરાતી બયાનમાં છૂટી જાય છે. જે ભાષાંતરમાં ન આવી શકે. આ બધાયને લીધે હદીસોના ભાષાંતરને ભાવાર્થ ગણવો ઉચિત છે. જેને શબ્દાર્થ જોઇતો હોય તેણે હવાલા જોઇને મૂળ અરબી કિતાબો જોઇ લેવી. તેમ છતાં કડી વાર ભાષાંતરની કોશિષ કરી છે. અને ભાષાંતરને ઉર્દૂ પ્રભાવવાળું બનતું અટકાવવા પ્રયત્ન કર્યો જેથી ગુજરાતી વાંચક જલદી સમજી શકે. સાથે સાથે વિદ્વતાભર્યા ગુજરાતી શબ્દો મૂકવાનું પણ ટાળવાનો પ્રયત્ન કર્યો છે. ભાષાંતર કઢંગુ ન થાય તે માટે કડી વાર ભાષાંતર પર સંયમ રાખ્યો છે.

## (૬) રાગ

ઈસ્લામ લાવ્યા પછી કોમની જીવન પદ્ધતિ તેમના જાુના ધર્મ અને સમાજ આધારિત રહી ગઇ હતી, અને તેઓમાં ગ્રામ્ય જીવનમાં રાગથી ગાવાની પ્રથા હતી, એટલે તેમને રાગ આપવાનું આપ (રહે.) ને આપને મુનાસિબ લાગ્યું હશે, જેથી રાગ ગાતાં ગાતાં હકીકત દિલમાં ઉતરે, અને થયું પણ એમજ. વળી તે સમયે ઇલ્મને રાગમાં આપવું વધારે ઉપયોગી નીવડ્યું હશે.

## (૭) ભાષા

પીર મશાયખ (રહે.)ની ભાષા ઉર્દૂ હતી. તેમણે તેને ગુર્જરી ભાષામાં લખવી શરૂ કરી. સત્તરમી ઇસ્વી સદીમાં ઉર્દૂ ઉપર હિંદી અને હૈદરાબાદી (દક્ષિણ) ઉર્દૂ તથા ફારસી શૈલીનો પ્રભાવ હતો. દા.ત. ઉર્દૂ 'તેરનું તુઝ, 'સે'નું 'સેતી' તેરાનું 'તમન' અને 'હમ'નું 'હમના' એ હેદરાબાદી ઉર્દૂ બોલીની શૈલી હતી. જેમકે, 'ખૂદાસે ડર' ને બદલે 'ખુદા સૂ ડર' એવા શબ્દો વપરાતા.

વળી, ઉર્દૂને ગુજરાતીમાં લખતાં શબ્દોનો અપભ્રંશ થયો. અવિકસિત ગુજરાતી અને ઉર્દૂમાં બીજી ભાષાના શબ્દો આવકાર પામતા (આજની ઉર્દૂ ભાષા ઉપર ફારસીનો પ્રભાવ જણાય છે.) તેથી આપની ભાષામાં અન્યભાષાના શબ્દો

આવે છે. ઉર્દૂ માતૃભાષી વ્યક્તિ ગુજરાતી લખે અને બોલે એ રીતે કિતાબોનું વાંચન શરૂ કરો અને શબ્દ ઉર્દૂ છે કે ગુજરાતી, જે લાગતો હોય તે તરફ ખેંચવાનો પ્રયત્ન કરો તો સમજવામાં આસાની થશે.

## (૮) પદ્ધતિ

પીર મશાયખ (રહે.)ની સંબોધન પદ્ધતિ મજલીસમાં થતાં સંબોધનો (ખિતાબ) જેવી છે. આપની વાત માનનારાઓને 'સાંભળો જીવ ! સાંભળો વીર ', દીન કે ભાઇ.' 'વીરા દીન કે,' 'બંદે રબકે,' 'મૂમિન સૂનો વીરા' જેવો સંબોધનો કર્યા છે. જ્યાં મોમિન શબ્દ લખ્યો છે ત્યાં મુસલમાન પણ સમજવું. કેમ કે, મોમિન શબ્દ અધિક ફરમાબરદારી (આજ્ઞાપાલન) માટેનો શબ્દ છે. મોમિન નામ વ્યવહારમાં આવવા પછી પણ કોમમાં મુનાફિકો અને પંથ બદલનારા ગુમરાહો થયા, પણ જમાતી નામ 'મોમિન' રહ્યું એટલે 'મુનાફિક મુમિન કી ટોલી', 'સુનસુન ગાફીલ,' 'સુન તું દીન કે ચોરા', 'ફટ મુનાફિક બાપડે' અને 'મુનાફિક મુમિના' એવા શબ્દો પણ કહયા છે. બયાનના અંતે બેચાર લાઇનમાં ટુંકસાર આપીને પછી રે તુહી...કહીને આપે (રહે.) બાકીનું અલ્લાહને હવાલે છે, એમ સમજાવ્યું છે.

આપે કોઇ એક વિષયનું બયાન બેચાર બયાનોમાં વહેંચ્યું છે., અને વચ્ચે પોતાની શીખામણો કે સમજૂતિઓ આપી છે. એટલે વિષય જયાંથી શરૂ થાય ત્યાંથી ધ્યાનમાં લઇ તેને સમજવો જોઇએ. વળી, આપે એક વાતને પાકી કરવા દોહરાવીને અલગ અલગ રચનામાં સમજાવી છે, એટલે બે, ત્રણ કે વધુ કડીયોનું ભાષાંતર એક બે લીટીમાં પણ થઇ જાય છે.

## (૯) દીનની વાત સાંભળવા વિષે

પીર મશાયખે (રહે.) દીનની વાત સાંભળવા ઉપર ભાર મૂક્યો છે, એટલે કોઇ બયાન સાભળવાની તાકીદથી ખાલી નથી. દીનની વાત સામે જૂઓ, કહેનાર સામે નહિ. દિલમાંથી પૂર્વગ્રહો દૂર કરીને **ઇલ્મની શોધમાં કરો.** જૂઓ આપ (રહે.) દીનની વાત સાંભળવા વિષે શું કહે છે.

**'ઇમાન સુનતાં આવસી, નિરમલ કર જાત રે.'**
**'સુને બિના ક્યૂં મૂમિના, હોસે તેરી જાત રે.'**
**'સુન સુન ઇમાન લાહેશી, એ મૂમિન કેરી રીત રે.'**
**'સુનતે મૂમિન દીનકૂ થર રે'વે ઇમાન રે.'**
**'સુને બિના દીનકુ ખાના ક્યૂં કર ભાય રે.'**
**'સુને બિના હોતા મૂમિના તો ના રહેતી કાફિરકી જાત રે.'**

કિતાબની અસંખ્ય કડીઓમાંથી થોડીક જ અહીયા રજૂ કરી છે. તે ઉપરથી ઇમાનની વાત સાંભળવાનું મહત્વ સમજાય છે. ઇલ્મને તો કબર સુધી પણ મેળવવું જોઇએ. જે માણસ ઇલ્મ મેળવવા નીકળે છે તેના હકમાં દરિયાની માછલીઓ પણ દુવાએ મગફેરત કરે છે અને ફરિશ્તાઓ તેના રસ્તામાં પાંખો પ્રાસરે છે.

## (૧૦) હદીસો

આપ (રહે.) લખે છે :

તો સુનો રે મુરીદો, જે હોરે મેરે. મંય કહી જાગો દેખ કર, બયાન હું કરતા
મંય તેહકીક કર લિખતા હું બુઝીયો સવેરે. મંય તેહકીક કીએ બીના, એક બોલ નાહી લિખતા.
(કિતાબ ઈબાદત)

પીર મશાયખે (રહે.) લખ્યા મુજબ તેમણે હદીસો મોઅતબર (ભરોસાપાત્ર) કિતાબોમાંથી લીધી છે. આપે (રહે.) કિતાબ ઈમાન ભાગ-૧ અને ઈમાન ભાગ-૨માં રિવાયત કરેલી હદીસો 'મિશ્કાત' નામની કિતાબમાંથી લીધી છે, પણ તેમની કિતાબમાં તેના હવાલા આપ્યા નથી જેની નોંધ જે તે બયાનના તરજુમા નીચે મુકી છે. અને હદીસનો પ્રકાર 'મિશ્કાતમાં' જેવો બતાવ્યો હોય તે મુજબ નોંધમાં બતાવ્યો છે.

પહેલી અને બીજી હીજરી સદીમાં મુહદ્દીસો (હદીસના નિષ્ણાંતો)એ તારણો કાઢીને હદીસ મજબુત છે કે કમજોર તે નક્કી કરી લીધુ છે. અને હદીસો છ કિતાબોમાં નોંધાઇ ગઇ છે. એટલે તે વિષે ચર્ચા કરવાની શક્તિમાં આપણે નથી. અહીયા ફક્ત સંદર્ભ આપવામાં આવ્યો છે. કમજોર હદીસો **અકાઈદ** અને **મસાઈલના** બયાનમાં ઉપયોગમાં લેવાતી નથી.

ઉલ્માઅ અને મુહદ્દીસીનની પરિભાષામાં નબીએ કરીમ (સ.લ.) ના કૌલ (ઇરશાદ-વાત), ફઅલ (અમલ), સિરત (આદતો-વર્તણુંક), અહવાલ (જીંદગીની હાલત અને વાકેઆત-પ્રસંગો) અને તકરીર (આપ (સ.લ.) સમક્ષ કાંઇ કામ કે વાત થવા પર આપે (સ.લ.) તે વિષે ચુપકીદી સેવી હોય)ના મજમુઆ (સંગ્રહ-સંચય)ને હદીસ કહે છે. હદીસના પ્રકારો મુહદ્દીસોએ વર્ણવેલા છે જે એક ઊંડો વિષય છે. આપણે તો મુહદ્દીસોના હદીસોના વર્ગીકરણનું અનુકરણ કરવાનું છે.

## (૧૧) શબ્દ સુચિ

સમજવા જેવા કેટલાક શબ્દો જે શબ્દકોશમાં ન મળી શકે તેની સુચિ સાથે જ આપી છે. કિતાબના વાંચન પહેલાં તેની ઉપર પણ નજર નાખી લો. ભાષાંતરમાં શબ્દોના સરળ અર્થ આપ્યા છે જેથી બીજી શબ્દ સુચિ આપવી ન પડે. આ ઉપરાંત કઠિન શબ્દોના અર્થ સાથે કૌસમાંજ આપી દીધા છે.

પાનાં વધી ન જાય તે માટે મારે કલમ થોભાવવી પડે છે. હું મારી જાતને મશાયખી સાહિત્યનો નિષ્ણાત માનતો નથી. મારી સમજ મુજબ મેં ભાષાંતરનો પ્રયાસ કર્યો છે. તેમાં મારૂં જ્ઞાન અને આવડત ઓછાં સાબિત થઇ શકે છે. મારૂં તે તરફ કોઇ ધ્યાન દોરશે તો હું તમનો આભાર માનીશ.

એક હદીસનો ભાવર્થ છે કે અકલવાળો અને હોંશિયાર કોણ ? 'તે માણસ જે દીનની સમજ ધરાવે છે.' આ ટૂંકી હદીસ આપણી આંખો ખોલનાર છે. ઈમાન વગર દીન નથી અને દીન વિના ઈમાન નથી.

## (૧૨) મુહમદ (સ.લ.) ની તાબેદારી

નબી (સ.લ.) ની તાબેદારી વિના અલ્લાહની તાબેદારી થઇ શકતી નથી. જુઓ કુરઆનમાં અલ્લાહ નબી (સ.લ.) વિષે શું લખે છે. : (સાર.) આપ (સ.લ.) ની પેરવી અલ્લાહથી મુહબ્બતની ઓળખ છે. (૩ : ૩૧) આપ (સ.લ.) ની

અવજ્ઞા કરનારાઓ ક્યામતના દિવસે બહુજ પછ્તાશે (૪:૪૨) આપ (સ.લ.)ના ફેસલાઓને તમામ મામલાઓમાં વગર કાંઇ કહ્યા સાંભળ્યા વિના માની લેવું ઇમાનની શર્ત છે. (૪:૬૫) જેણે રસૂલનું આજ્ઞાપાલન કર્યું, તેણે અલ્લાહનું આજ્ઞા પાલન કર્યુ (૪:૮૦)

હિદાયત માટે આપ (સ.લ.) ની પેરવી જરૂરી છે. (૭:૧૫૮)
મુસલમાનો ! અલ્લાહ અને તેના રસૂલની પુકાર પર દોડો (૮:૨૪)
અલ્લાહ અને રસૂલનું આજ્ઞાપાલન કરો અને આપસમાં ઝગડો નહિ (૮:૪૬)
આપ (સ.લ.)ના હુકમો વિરુદ્ધ ચાલવું મુશીબત અને અઝાબને બોલાવવું છે. (૨૪:૬૩)
રસૂલના (સ.વ.) રસ્તાથી હઠીને ચાલનારા ક્યામતને દિને બહુજ પછ્તાશે (૨૫:૨૭)
દોઝખવાળા ઘણી જ હસરતથી કહેશે કાશ ! અમે અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરતા. (૩૩:૬૬)
આપના હાથમાં હાથ દેવો જાણે અલ્લાહના હાથમાં હાથ દેવો છે. (૪૮:૧૦)

હવે, કઇ વાતો રસૂલની પેરવી છે તે જાણવા કિતાબોનો અભ્યાસ કરો, જાણકારોથી પૂછો, પૂછ્યા વિના અને શોધ્યા વિના કાંઇ મળશે નહિ. દુનિયા આખેરતની ખેતી છે. દુનિયામાં વાવો અને આખેરતમાં લણો. દુવાની દરખાસ્ત સાથે કલમ બંધ કરું છું. આ કામમાં સાથ – સહકાર આપનારાનો શુક્ર અદાકરું છું. આ કિતાબ વાંચનાર અમલ કરવાની નિયતે વાંચે અને આ ગુનાહગાર ભાષાંતરકાર માટે, તેના માબાપ માટે, આ કિતાબ પ્રસિદ્ધ કરવામાં મદદ કરનારાઓ માટે અને મુસ્લિમ ઉમ્મત માટે દુવાએ મગફીરત કરે. 'આમીન.'

સઘળાં વખાણ અલ્લાહ– પાલનહાર માટે અને લાખો દુરૂદો સલામ સૈય્યદુલ મુરસેલીન હઝ. મુહમ્મદ (સ.લ.) ઉપર, હઝારો રહેમત થાઓ આપના ચાર બાવકાર **સાથીઓ** પર, **પવિત્ર વંશજો** પર, પુનિત **પત્નીઓ** પર અને મહાન **સહાબીઓ** પર (રિઝવાનુલ્લાહે અલયહિમ અજમઇન).

ભાષાંતરકાર
યુસુફ શરીફ ચારોલીયા (વકીલ)
મુંબઇ : ૪૦૦ ૦૦૮.

**હઝરત મૌલાના હબીબબુલ્લાહ સાહેબ પીરોજપુરી (દા.બ),**

**શેખુલ હદીસ, મદરસા કંજે મરગુબ પાટણનો**

## અભિપ્રાય

**-: બે ઈલ્મે સુબહાન :-**

**(પવિત્ર ઝાતના નામની શરૂ)**

હઝરત પીર મશાયખ (રહે.) અગીયારમી સદી (હીજરી) માં થઇ ગયા અને બારમી સદીના ઉત્તરાર્ધમાં વફાત પામ્યા. આપની જીંદગી એક પ્રકાશિત દીપક હતી જેનો પ્રકાશ આપની વફાત પછી વધારે ચમકી ઉઠ્યો. ઉત્તર ગુજરાત અને ગુજરાતના સંબંધિત વિસ્તારોને તે પ્રકાશ આજ સુધી પ્રકાશિત કરી રહ્યો છે.

હઝરત પીરમશાયખ (અલયહે રહેમત) ની વફાત પછી કોમમાં આપની ચાહના એટલી હદે સરસાઇ પામી કે શીઆ લોકો પણ મજબૂર છે કે તેઓ આપ (રહે.) ને પોતાના ગણે અથવા આપના કલામ (કૃતિ) માં તાવીલો (અર્થ ફેરવણીયો- પ્રતિકારાત્મક દલીલો) કરે. હકીકતમાં આ પીર મશાયખ (રહે.) ની એક કરામત છે.

આપ (રહે.) ની તેર ફસલો પૈકીની દસમી ફસલ જે ઇમાન અને અકાઇદ (માન્યતા) ના સંબંધે અહકામો અને સહીહ હદીસોથી ભરેલી છે, જેનો આ હેતુલક્ષી તરજુમો આપના હાથમાં છે.

માનનીય યુસુફભાઇ વકીલે પોતાની વ્યસ્તતા છતાં બહુજ ખુબી સાથે આ કામને પૂર્ણ કર્યુ છે, જેની ઘણા વિસ્તારોમાં જરૂરત પણ હતી. ખુદાવંદે કરીમથી દુવા કરૂં છું કે તે તેમને જઝાએ ખૈર (ભલો બદલો) આપે અને આ કામને ઉત્તમ રીતે મકબુલ ફરમાવે - આમીન

અહકર;

**મૌલાના હબીબુલ્લાહ (ગોફિરલહુ)**

**પીરઝાદા સૈયદ નઝર હુસેન ઈબ્ને કાસિમ અલી**

**સુન્ની, હનફી, ચિશ્તી, હુસેની, કડીવાલા સાહેબનો**

# અભિપ્રાય

**અલ્લાહના નામથી શરૂ જે અત્યંત કૃપાળુ દયાળુ છે.**

**અસ્સલામો અલયકુમ.**

દિવાને મશાયખ યાને ધરમમુળ (તેર ફસલો) હઝ. પીરમશાયખ (રહે.) સુન્ની હનફી ચિશ્તી હુસેની કડીવાલાની હિદાયત પ્રેરક કૃતિયો છે. અજ્ઞાનતાના અંધકારમાં ડુબેલી મોમિન કોમને આ કિતાબોના અભ્યાસે સત્ય માર્ગે વળવાની પ્રેરણા આપી આ કિતાબો આજે પણ જરૂરી છે. અને કોઈ પણ જાતના મતમતાંતર થી પર છે મુળ ગુર્જરી ભાષામાં લખાએલી આ કિતાબને સરળ અને સાદી ભાષામાં તરજુમા સાથે લખેલી મેં વાંચી, ગમી અને મને ઘણો આનંદ થયો. જનાબ યુસુફભાઈ જેઓ પોતે વકીલ પણ છે તેઓએ કરેલ તરજુમામાં તેઓની સુઝબુઝ અને ધગસ સાફ વર્તાઈ આવે છે. તેઓએ કરેલ મહેનત ખરેજ દાદ માંગી લે એવી છે. વળી સોનામાં જાણે સુગંધ ભળી હોય તેમ આ કિતાબ છપાવવાની વ્યવસ્થા મશાયખી સાહિત્યના પ્રેમી **મશાયખ વાણી** વાળા જનાબ હબીબભાઈ વલ્લી સુણસરાએ સંભાળેલી છે તેઓને અને તેમના સાથીઓને અલ્લાહ તઆલા આનો બદલો બંને જહાંન માં આપે. જઝાકલ્લાહો ફીદદારૈન ખેરા.

આ કીતાબોનો અભ્યાસ પ્રચાર અને પ્રસાર કરાવવામાં તમામ મોમિનોએ સહભાગી થવામાં ગર્વ અનુભવવો જોઈએ. આપ (રહે.) ના વંશમાં હોવાને નાતે મારી દિલી તમન્ના છે કે આપ (રહ.) ની બધી જ કીતાબો તરજુમા સાથે છપાય અને વધુમાં વધુ પઢાય અને દરેક મોમીનના ઘરમાં આ કિતાબોની તાઅલીમ થાય એવી મારી દીલી તમન્ના છે

**દુઆગો;**

**પીરઝાદા સૈયદ નઝર હુસૈન કાસિમ અલી,**

**સુન્ની,હનફી, ચિશ્તી, હુસૈની કડીવાલા.**

**ઉત્તમ નિવાસ પાછળ, રીલીફ રોડ, અમદાવાદ-૧**

# કિત્તાબ ઈમાન ભાગ ૧ લો ફસલ દસવી.

અનુક્રમણીકા


| અનુ.નં. | મથાળુ | બયાન નં. | પાના નં. |
|---|---|---|---|
| ૧ | દીનની સગાઇ ખરી સગાઇ.............................. | ૧૬૦૪............. | |
| ૨ | અલ્લાહે તમને પેદા કર્યા છે. તેનીજ ઇબાદત કરો.... | ૧૬૦૮............. | |
| ૩ | દીનની વાત સાંભળવાથી ઇમાન આવે છે............. | ૧૬૦૯............. | |
| ૪ | મૂળ તત્વ ઈમાન છે.................................... | ૧૬૧૦............. | |
| ૫ | દીન-ઈમાનની વાતો સાંભળ્યા કરો..................... | ૧૬૧૧............. | |
| ૬ | અલ્લાહને આજિજી ગમે છે............................ | ૧૬૧૨............. | |
| ૭ | ક્લેમો જીભથી ક્હો અને દિલથી સાચો માનો......... | ૧૬૧૩............. | |
| ૮ | હદીસ : હદીસે જીબ્રઈલ જીબ્રઈલ (અ.સ.)નો ઈસ્લામ વિષે સવાલ અને નબી (સલ.)નો જવાબ............ | ૧૬૧૪............. | |
| ૯ | (ક) અલ્લાહ અને રસૂલ (સલ.) પર ઈમાન અને ઈસ્લામના પાંચ પાયા........................................... | ૧૬૧૫............. | |
| | (ખ) અલ્લાહના ફરિશ્તાઓ પર ઈમાન લાવો.......... | ૧૬૧૬............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે............... | ૧૬૧૭............. | |
| | (ગ) અલ્લાહના રસૂલો ઉપર ઈમાન લાવો............ | ૧૬૧૮............. | |
| | (ઘ) આખેરતના દિવસ પર ઈમાન લાવો............... | ૧૬૧૯............. | |
| | (ચ) તકદીર પર ઈમાન લાવો............................ | ૧૬૨૦............. | |
| | આદમ (અ.સ.)નો બધો વંશ ઈમાન વાળો નથી. | ૧૬૨૧............. | |
| | બધા પોતાના પંથને સાચો માને છે................ | ૧૬૨૨............. | |
| | મુનાફિક પણું છોડો................................ | ૧૬૨૩............. | |
| | ઈમાન વિના ફક્ત ઈન્સાન છો...................... | ૧૬૨૪............. | |
| | (છ) ઈબાદતમાં ઈહસાન કરો........................... | ૧૬૨૫............. | |
| | (જ) ક્યામતની નિશાનીયો.............................. | ૧૬૨૬............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે................ | ૧૬૨૮............. | |
| | ઈમાન જીભથી અને દિલથી કબૂલો................... | ૧૬૨૯............. | |
| ૧૦ | હદીસ : ઈસ્લામનો પાયો પાંચ ચીજો ઉપર છે.......... | ૧૬૩૦............. | |
| ૧૧ | હદીસ : ઈમાનની સીત્તેરથી વધુ ડાળિયો................ | ૧૬૩૨............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૩૪............. | |
| ૧૨ | હદીસ : મુસલમાનથી મુસલમાન સલામત રહેવો જોઇએ. | ૧૬૩૫............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૩૬............. | |
| | મુસલમાનને દુભવો નહિ................................ | ૧૬૩૭............. | |
| ૧૩ | હદીસ : મુહાજિર કોણ ? (બયાન નં. ૧૬૩૫ થી)..... | ૧૬૩૯............. | |

## અનુક્રમણીકા


| અનુ.નં. | મથાળુ | બયાન નં. | પાના નં. |
|---|---|---|---|
| | ઈમાન વિના મૂળ વગરના સુકાયેલા ઝાડ જેવા.......... | ૧૬૪૦.............. | |
| ૧૪ | હદીસ : નબી (સલ.)ની મહોબત વગર ઈમાન નથી. | ૧૬૪૧.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૪૨.............. | |
| | નબી (સલ.)નો પ્રેમ મેળવવા તેમના હુકમો માથે ચડાવો. | ૧૬૪૩.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૪૪.............. | |
| | " " | ૧૬૪૫.............. | |
| | " " | ૧૬૪૬.............. | |
| ૧૫ | હદીસ : જેનામાં ત્રણ લક્ષણો હોય તે ઈમાનની મીઠાસ પામે. | ૧૬૪૭.............. | |
| | અલ્લાહનો એહસાન અને નબી (સલ.)ના પ્રેમ થકી શફાઅત. | ૧૬૪૮.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૪૯.............. | |
| | હદીસ : ( વર્ણન ચાલુ)................................... | ૧૬૫૧.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૫૨.............. | |
| | હદીસ: (વર્ણન ચાલુ)................................... | ૧૬૫૩.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૫૪.............. | |
| ૧૬ | હદીસ :ઈમાનનો સ્વાદ ચાખવો ........................ | ૧૬૫૫.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૫૭.............. | |
| ૧૭ | હદીસ: નબી(સલ.) પર ઈમાન ન લાવનાર દોઝખી છે. | ૧૬૬૦.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૬૧.............. | |
| ૧૮ | હદીસ : ત્રણ માણસોને બે બે બદલા મળશે ........ | ૧૬૬૨.............. | |
| ૧૯ | હદીસ: ગામડિયાના અમલ વિષે....................... | ૧૬૬૪............. | |
| | નબી(સલ.) થી પૂછેલો સવાલ | | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૬૬.............. | |
| ૨૦ | હદીસ : હઝ સુફિયાને (રઝી.) નબી (સલ.)થી પુછેલું | | |
| | ઈમાનનું બયાન............................................ | ૧૬૬૮.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૭૦.............. | |
| ૨૧ | હદીસ : નબી (સલ.) એ સહાબાઓની જમાઅતથી | | |
| | શરતો પર લીધેલી બૈયત................................ | ૧૬૭૨.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૭૪.............. | |
| | આદમ (અ.સ.)ના વંશમાં ઈમાનવાળા કોણ ?.......... | ૧૬૭૬.............. | |
| ૨૨ | હદીસ : ઓરતો ની અકલ અને દીન અધૂરો............. | ૧૬૭૭.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૬૮૧.............. | |
| ૨૩ | હદીસ : ઈન્સાનની સરકશી અને અલ્લાહનું બંદાને મરવા | | |

## અનુક્રમણીકા


| અનુ.નં. | મથાળુ | બયાન નં. | પાના નં. |
|---|---|---|---|
| | પછી ફરીથી પેદા કરવું...................................... | ૧૬૮૨............... | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૬૮૪.............. | |
| ૨૪ | હદીસ : જમાનાને ભૂંડો ન કહો........................... | ૧૬૮૮.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૬૮૯.............. | |
| ૨૫ | હદીસ : અલ્લાહનો બંદા ઉપર અને બંદાનો અલ્લાહ ઉપર હક | ૧૬૯૦.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૬૯૨.............. | |
| ૨૬ | હદીસ : અલ્લાહનો બંદા ઉપર અને બંદાનો અલ્લાહ ઉપર હક (બીજી હદીસ ) | ૧૬૯૩.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૬૯૫.............. | |
| ૨૭ | હદીસ : ઈસ્લામ પહેલાંના બંદાના ગુનાહ માફ છે. | ૧૭૦૨............... | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૦૫.............. | |
| ૨૮ | હદીસ : અરકાને દીન – જન્નતીનાં અમલ અને દોઝખથી છુટકારો – ઈસ્લામનું ઉદાહરણ એક ડુંગર અને જબાન પર કાબુ | ૧૭૦૬............... | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૦૯.............. | |
| | હદીસ : (વર્ણન ચાલુ)...................................... | ૧૭૧૦............... | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૧૨................ | |
| ૨૯ | હદીસ : દોસ્તી અને દુશ્મની અલ્લાહ વાસ્તે કરો....... | ૧૭૧૩................ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૧૪............... | |
| ૩૦ | હદીસ : કલેમો મોતથી છુટકારો આપે છે................. | ૧૭૧૫............... | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૧૯............... | |
| | કલેમો અને મુશરીકો........................................ | ૧૭૨૦................ | |
| | મોત વેળા કલેમો............................................ | ૧૭૨૧................ | |
| ૩૧ | હદીસ : ઈસ્લામનો કલેમો દરેક ઘરે પહોંચશે........... | ૧૭૨૨................ | |
| | ઈસ્લામનો ફેલાવો.......................................... | ૧૭૨૪................ | |
| | મુહંમદ મંહદી (અ.સ.)નો બે ઈમાનોથી જંગ........... | ૧૭૨૬................ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૨૭................ | |
| ૩૨ | હદીસ : કલેમો જન્નતની કૂંચી છે......................... | ૧૭૨૮................ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૩૦................ | |
| ૩૩ | હદીસ : નેક અમલનો બદલો દસ ગણો કે જેથીયે વધારે | ૧૭૩૧................ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૩૩................ | |
| ૩૪ | હદીસ : નેક અમલથી ખુશ અને બદીથી દિલગીર થાય તે મોમિન | ૧૬૩૫................ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૭૩૬................ | |

## અનુક્રમણીકા


| અનુ.નં. | મથાળુ | બયાન નં. | પાના નં. |
|---|---|---|---|
| ૩૫ | હદીસ : ઇસ્લામ અને ઇમાન શું છે ? અફઝલ શું છે.? | ૧૩૩૭................ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૪૧................ | |
| ૩૬ | કબીરાહ ગુનાહોનું બયાન................................ | ૧૩૪૨................. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૪૬............... | |
| | અલ્લાહની જાતથી નાઉમ્મીદ ન થાઓ ? ............ | ૧૩૪૭.............. | |
| | જ્યોતિષ વિદ્યા શીર્ક છે................................... | ૧૩૪૮.............. | |
| | જ્યોતિષ વિદ્યા જૂઠ છે.................................. | ૧૩૪૯............. | |
| | જ્યોતિષ વિદ્યા હરામ છે................................ | ૧૩૫૧............. | |
| ૩૭ | હદીસ : કબીરાહ ગુનાહો ક્યા ?.......................... | ૧૩૫૨.............. | |
| | અલ્લાહની બરોબરીનો કોઇ નથી....................... | ૧૩૫૩............. | |
| | શેતાન અલ્લાહની કે બંદાની બરોબરે થઇ શકે નહિ.. | ૧૩૫૪............. | |
| | હદીસ : (વાર્ણન ચાલુ) બયાન ૧૩૫૨ થી)............ | ૧૩૫૫............. | |
| | હદીસ વાર્ણન ચાલુ......................................... | ૧૩૫૬............. | |
| ૩૮ | હદીસ : કબીરાહ ગુનાહો ક્યા ?........................... | ૧૩૫૭............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૫૮............. | |
| ૩૯ | હદીસ : સાત આદતોથી પરહેજ કરો.................... | ૧૩૫૯............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૬૦............. | |
| | પીર મશાયખ (રહે.) મુનાફિકોને કહે છે................. | ૧૩૬૧.............. | |
| ૪૦ | હદીસ : ઇમાન ક્યારે હટી જાય છે?..................... | ૧૩૬૨.............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૬૩............. | |
| ૪૧ | હદીસ : ગયેલું ઇમાન પાછું કવી રીતે આવે ?............ | ૧૩૬૫............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૬૬............. | |
| ૪૨ | હદીસ : મુનાફિક્ની નિશાનીયો............................ | ૧૩૬૭............ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૬૮............. | |
| ૪૩ | હદીસ : મુનાફિક્ની ચાર ખસલતો....................... | ૧૩૬૯............ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૭૦............. | |
| ૪૪ | હદીસ : મુનાફિક્નું દષ્ટાંત બે ટાંળાં વચ્ચેની બકરી જેવું છે. | ૧૩૭૧............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે...................... | ૧૩૭૨............. | |
| ૪૫ | હદીસ : યહુદીનું આપ (સલ.)ની રિસાલત નું માનવું ને તાબે થવાથી ઇન્કાર કરવો....................................... | ૧૩૭૪............. | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે....................... | ૧૩૭૮............. | |

## અનુક્રમાણીકા


| અનુ.નં. | મથાળુ | બયાન નં. | પાના નં. |
|---|---|---|---|
| | ગુનાહનો હિસાબ પોનેજ આપવો પડશે | ૧૭૭૯ | |
| ૪૬ | હદીસ : ઇમાનની જડ ત્રણ ચીજો પર છે | ૧૭૮૦ | |
| | જન્નતને ચાહો અને દોઝખથી ડરો | ૧૭૮૨ | |
| ૪૭ | હદીસ : નબી (સલ.)ની દસ વાતો ની નસીહત | ૧૭૮૩ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૭૮૫ | |
| ૪૮ | હદીસ : કાફિર અને મુસલમાન એમ બેજ ટોળા –મુનાફિકોનુ ત્રીજું ટોળું નહિ | ૧૭૮૭ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૭૮૮ | |
| ૪૯ | હદીસ : ઉમ્મતના વસવસા પર પકડ નથી | ૧૭૯૧ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૭૯૨ | |
| | વસવેસાથી શેતાન હાર્યો | ૧૭૯૩ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૭૯૪ | |
| ૫૦ | હદીસ : વસવસા બયાન ન કરવા એ ઇમાનની નિશાની છે. | ૧૭૯૫ | |
| | ખતરા છાના રાખો | ૧૭૯૬ | |
| ૫૧ | હદીસ : શેતાની ખતરા વખતે અઉઝો પઢો | ૧૭૯૭ | |
| ૫૨ | હદીસ : શેતાની ખતરા વખતે આમન્તો બિલ્લાહ પઢો | ૧૭૯૮ | |
| ૫૩ | હદીસ : ઇન્સાન સાથે બે કરીના (સાથી) હોય છે | ૧૭૯૯ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૮૦૧ | |
| ૫૪ | હદીસ : શેતાન લોહીની જેમ શરીરમાં ફરે છે | ૧૮૦૨ | |
| | શેતાનથી બચવા દિલની ચોકી કરો | ૧૮૦૩ | |
| ૫૫ | હદીસ : બાળક જન્મતાંજ શેતાન તેની ઉપર હાથ ફેરવે છે. | ૧૮૦૪ | |
| ૫૬ | હદીસ : શેતાન ફિત્નો કરવા તેનું લશ્કર મોકલે છે | [illegible] | |
| | દીનની વાત કરવા મેળાવાડા કરતા રહો | ૧૮૦૭ | |
| | દીન માટે એક બીજાની મદદ કરો | ૧૮૦૮ | |
| ૫૭ | હદીસ : અરબ નમાઝીયોથી શેતાન નિરાશ થયો છે | ૧૮૦૯ | |
| ૫૮ | હદીસ : શેતાની ખતરા કોઇને ન કહેવા પર અલ્લાહની હમ્દ કરો | ૧૮૧૦ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૮૧૨ | |
| ૫૯ | હદીસ : દીન પર ચાલવા પર શેતાન ગરીબાઇની બીક બતાવે છે. | ૧૮૧૩ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૮૧૫ | |
| ૬૦ | હદીસ : અલ્લાહને કોઇએ પેદા કર્યો નથી. તે આપો આપ છે. | ૧૮૧૬ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૮૧૮ | |
| ૬૧ | હદીસ : નમાઝમાં શેતાની વસવસા | ૧૮૨૦ | |
| | પીર મશાયખ (રહે.) સમજાવે છે | ૧૮૨૧ | |

A

# સમજવા જેવા કેટલાક શબ્દ પ્રયોગો

હઝ. પીર મશાયખ (રહે.)ની ભાષા ઉર્દૂ હતી. આપે જે ભાષા શૈલી લખી છે. તે તે વખતની પ્રચલિત ભાષા ન હતી. કારણકે આપના યુગના બધા જ ગુજરાતી કવિયોના પદ્યની ભાષા શૈલી સંપૂર્ણ પણે અલગ અને એકજ છે. આપના સમયમાં ઉર્દૂ પદ્ય વિકસી રહયું હતું. ઉર્દૂ ઉપર હિંદી અને દક્ષિણી હૈદરાબાદી ઉર્દૂ શૈલીની છાંટ જોવા મળતી. ઉર્દૂના શરૂના કવિ વલી ગણાય. છે. તેમણે પણ ઉર્દૂ અને હૈદરાબાદી શૈલીના સંયોજનાવાળા શબ્દો વાપરેલા છે. તેમનાથી આગળ અમીર ખુશરૂના લખાણોમાં હિંદી અને ભોજપુરીનો પ્રભાવ જોવા મળે છે.

પીર મશાયખ (રહે.)ના મુરીદો (મોમિન કોમ) ની ગુર્જરી ભાષી હતી, એટલે આપે ગુર્જરીમાં ઉર્દૂ લખીને દિવાન પેશ કર્યુ. આ મિશ્રણને લીધે તથા પદ્યમાં તાલ અને પ્રાસ મેળવતાં કેટલાંક શબ્દોનાં મૂળરૂપ બદલાઇ ગયા, જે ઉર્દૂ કે ગુજરાતી શબ્દ કોશમાંથી મળ ન શકે અથવા અત્યારે વ્યવહારમાં ન વપરાતાં હોઇ સમજી ન શકાય. ભાષાનાં વિકાસ સાથે અમુક શબ્દો તેમાંથી નીકળી જાય છે અને નવા શબ્દો ઉમેરાય છે. આવા શબ્દોને પંક્તિ (કડી)ના સંદર્ભમાં સમજવા પડે.

નીચે એવા શબ્દોના અર્થ આપ્યા છે જે શબ્દો વારંવાર વપરાયા છે. કિતાબનું વાંચન કરતાં પહેલાં આ શબ્દો ઉપર એક નજર નાખી લો. આ શબ્દો, દા.ત. કીના-'કર્યુ' અને કીના- 'કપટ', મના-'મન', 'દિલ' અને મના- 'ઇન્કાર' કરવો, મેના-'માં, અંદર' અને મેના-'એક પક્ષી.' આમાં પ્રથમ ક્રમનો શબ્દ તે અર્થમાં શબ્દકોશમાં કદાચ ન જળે.

**ઉ-ઉર્દૂ .ફા ફારસી . હિ-હિન્દી. ગુજ-ગુજરાતી અ. -અરબી**

(અ)
અવર-બીજા ઉ. 'ઔર'
આખ.- બોલવું, ઉચ્ચારવું, આખવું
આસ ની તરફ નજર કરવી
અ.સ. ની તરફ મન વાળવું
એતે, એત., એતી - એટલું, એટલા, ઉ. 'ઇત્ના'
આહો- આવો
અનેરી - વિશિષ્ટ પ્રકાર નું
આપ- પોતે, ખુદ
આપકું - પોતાને, ખુદને દા.ત.. અમ (પોતાની જાત)
આધાન-આધિન-તાબે
આને - આણવું-લાવવું
આનો " "
આના " "
આની " "
અબુઝ-હિ. જાણ વગરનો
ઓસથી - તેનાથી ઉ. 'ઉસસે'

(ઇ)
ઇનુકુ - એમને ઉ. 'ઇનકો'
ઇનૂસુ - તેમનાથી ઉ. 'ઉનસે'
ઇહાં-અહીયાં ઉ. યહાં

(ઉ)
ઉને - એણે ઉ. યહાં
ફા. ઉ. (તે)

(ક)
કીજે- કરો ઉ. કીજીએ.
કીના, કીતા, કીતી - કર્યુ -ઉ.
કેતી-કેટલી ઉ. 'કિતની'
કદ- ક્યારે, ઉ. 'કબ'
કાતકે- શા માટે, ઉ. 'કાહેકુ કીસકા'
કીને, કીનીને - કોઇએ ઉ. 'કિન્હીને'
કછુ- કાંઇ ઉ. 'કુછ'
કાતીસૂ-કોઇથી. ઉ. 'કીસીસે'.
કહી-કેટલાક-ક્યાંક
કેને- કહીને -કોને,
કે-કહે. ઉ. 'કેહ'

(ખ)
ખાતિમ- નબુવતને ખતમ કરનાર
ખૂબ - ફા. સારૂંખૂબી, અચ્છાઇ, ગુણ,

(ગ)
ગુમાન- શક, ઘમંડ
ગહે - ગઇ, ગયુ
ગહી- " "

(ચ)

ચિત- મન, ધ્યાન, દિલ, મગજં

ચાવ- ચાહના

ચાવા- „ „

ચાઇ- ચાહી

(જ)

જેતે- જેટલી ઉ. 'જીતની'

જેતી- „ „

જે તન- જે વ્યક્તિ

જૂ- જેમ .. 'જયું'

જાઉં- જાઉ

જાન- જાણવું

જાના- „ „

(જી)

જી- મધ્યકાલીન ગીત રચનામાં
છેડે આવતો 'પાદ્પુરક'
માનવાચક શબ્દ

(ઠ)

ઠાંહાં - ઠામ, સથળ બતાવવું દાત.
'દિલ કે ઠાંહાં દાખા-દાખવ્યું-
- દિલમાં [illegible]

ઠાડે- ઉભા

(ત)

તેતી- તેટલી

તના-શરીર, જાત દા.ત. 'જે તેના'-જે-
'તુજ તના-'- તું પોતે [illegible]

તીજે- તને, તારૂં, .. તુઝે'

તાંહાં- ત્યાં, ઉ. 'તહાં'

(થ)

થરે-રોકાવુ, ટકી રહેવું
દા.ત. 'થર રે'વે ઇમાન'

(દ)

દંહી- અલ્લાહ. સંસ્કૃત
'દેવ'થી દઇ-દેવ.
મધ્ય ગુજરાતમાં રૂઢ શબ્દ.

દીતે - દીધી

દીતી- „

દીજે-દે [illegible]

દેહા - દેહ દા.ત. 'તુજ દેહા'-

દાખા-દાખવ્યું, બતાવ્યું

દિનાા- દિવસ

દના- દિવસ

દીના- મઝહબ

દુનિ- દુનિયા

(ધ)

ધવ- ધસીને

(ન)

નૂરી ફરિશ્તો (નૂરના બનેલા)

નેહા - પ્રેમ

નાંહાં - નથી, ન હોય

નાહી „ „

નિત- હંમેશા

(પ)

પીતે - પ્રિત

પીત - „ „

પીતા - „ „

પાહો - 'પાના'

પિયુજી - પ્રિતમ - અલ્લાહ

પિયા- (ઉપમા અલંકાર)

(ફ)

ફરમુદા -ફરમાન- હુકમ

માંહાં - માં, અંદર

મના - મન, મનથી

મેના -માં, અંદર ફા. 'દરમ્યાન'
ઉપરથી દા. ત. 'મન મેના' (મનમાં)

(ર)

રે તું-હી અલ્લાહને ઉદ્દેશીને
'કેવળ એક માત્ર તુંજ સર્વત્ર વ્યાપક છે' એવો
ઉદ્ગાર. ઉપરાંત બીજા
અર્થો પણ લઇ શકાય જેવા કે, 'અલ્લાહ તું
(હૈયુ વ કૈયુમ) છે.' 'તુંજ આધાર છે,' તુંજ
જાણકાર છે.' વિ.

રાહા - માર્ગ, તરીકો, દા.ત. રાહા ચાલવું

રાવી - હદીસ બયાન કરનાર

રે - રહે

(સ)

સૂ - થી. ઉ. 'સે'થી

સેતી -સાથે, સહિત, થી. દા. 'ઇમાનસેતી'
હમના સેતી

શિતાબ - જલદી, તુરંત

સહી - બરાબર, ઠીક, સાચું
દા.ત. - 'સહી કર લીજે ઇમાન'

સાન - બુદ્ધિ, સંકેત
દા.ત. 'સમજો દિલ કી સાના'

સવેરી - સવેળી, વેળાસર

સવેર - ઉ. અવ્વલ, પહેલાં, જલદી

સાંહી - અલ્લાહ, સાંઇ, માલિક

(હ)

હેને - હોઇને, થઇને
ઉ. 'હોના' ઉપથી

હેકર - થઇને ઉ. 'હોકરથી

હમના - અમને, અમારે વિ. ઉ. 'હમે'

હબે - હવે. ઉ. 'અબ.'

(બ)
બાજ – બાદ, પછી, કેટલાક
બાવે– નાખે, રોપણ કરે, સ્થાપે ૬ ,, ,, ન
બાયા– 'બાવેનું ભુતકાળ ઉ. 'બોના'– (૯
બેન – બયાન, વર્ણન, વાએજ, વાતો
બેના " "
બેગે– વેગથી, જલદી, તુરંત

બુઝે – હિ. જાણે
બુઝો – જાણો, માનો, ગ્રહણ કરો.

(ભ)
ભાયે – ભાવે, ગમે
ભાયા– ભાયેનું 'ભૂતકાળ'
ભાતા – ભાવતું – પ્રકારનું

(મ)
મીત– મીતા– બહુ જ ચાહનાર મિત્ર
અલ્લાહ માટે વપરાયેલ શબ્દ

નબી (સ.લ.) માટે વપરાયેલા નામો

ખાતમ – ખાતેમુન્નબીનું 'ટૂંકું રૂપ
(નબુવતને ખતમ કરનાર)
અહમદ – નબી (સ.લ.)નું મૂળનામ.
મુહમ્મદ (જેની પ્રશંસા થાય તે)
આપનું બીજું નામ છે.
મુસ્તુફા – (ખાસ પ્યારની પસંદગીથી ચુંટાયેના
હબીબ – (અલ્લાહના) બુહજ પ્યારા

**પારિભાષિક શબ્દો :**

**અસ્હાબી (સહાબી )** : તે વ્યક્તિ જેણે ઈમાનની હાલતમાં નબી (સ.લ.) થી મુલાકાત કરી હોય અને ઈમાનની હાલતમાંજ મૃત્યુ પામી હોય.

ફકીહ – એહકામે શરીયતની જાણકારીનું જ્ઞાન રાખનાર

ફીકાહ – એહકામે શરીયતની જાણકારીનું ઈલ્મ (શાસ્ત્ર)

મુજતહીદ – કિતાબ અને સુન્નતથી, દલીલ સાથે એક વાત પર દીની મસાઈલ નક્કી કરી ઉમદા રસ્તો કાઢનાર પેશ્વાએ મઝહબ–મસ્લકે ઈમામીયાહના ફકીહ.

મુજતહિદો ચાર છે : ૧, ઈમામ શાફઈ (રહે.) ૨, ઈમામ માલિક (રહે.) ૩, ઈમામ હમ્બલ (રહે.) અને ૪, ઈમામ આઝમ ઉર્ફે અબુ હનીફાહ (રહે.)

મુજદ્દીદ – નૂતન પ્રાણ પુરનાર, તાજું કરનાર

મુનાફિક – જે જીભ અને અમલથી ઈમાનવાળો દેખાય, પણ દિલમાં ઈમાન રાખે નહિ તે. મુનાફિકપણાને 'નિફાક' કહે છે.

મસ્લક : માન્યતા, પંથ, વિચારસરણી

શરિયત : ઈસ્લામના કાયદા કાનુન– નીતિ નિયમો

હુદે શરિયત – શરિયતના કાયદાઓના અમલની (સજાઓની) હદ રેખા

શરા – શરિયત

રાવી – સાંભળેલી વાતનું વર્ણન કરનાર

**ટૂંકા રૂપો :–**

બુખારી – આ હદીસ બુખારી શરીફમાં છે.

મુસિલમ – આ હદીસ મુસિલમ શરીફમાં છે.

બુખારી મુસિલમ :– આ હદીસ ઉપરોક્ત બંને કિતાબોમાં છે. (તે સિવાય જે ઈમામોએ હદીસ નોંધી છે. તેમનાં નામો જેતે નોંધમાં આપ્યાં છે.)

મુત અલયહે :– મુત્તફકુન અલયહે (આ હદીસ અંગે ઈમામ બુખારી અને ઈમામ મુસ્લિમ (રહે.) બંને સંમત છે.)

રહે :– રહેમતુલ્લાહ અલયહે (અલ્લાહ તેમની ઉપર રહેમત ફરમાવે.)

રઝી :– રઝી અલ્લાહો અન્હો (અલ્લાહ તેમની ઉપર રાઝી થયો.) દ્વિવચન – રઝી. અનહુમા. બહુવચન રઝી. અનહુમ.

સલ. :– સલ લ લ્લાહો અલયહે વ સલ્લમ.
(અલ્લાહ આપ (સ.લ.) ઉપર રહમત અને સલામ મોકલે).)

## દીનની સગાઈ ખરી સગાઈ

(બયાન ૧૬૦૪ થી ૧૬૦૭)

### ૧૬૦૪

૧ તૂ સુનરે ઈમાની, દીનકે ભાઈ;
હૅ હમના ને તુમના, કે દીન કેરી સગાઈ.
૨ બૂઝો હમ તુમ દીન કાજ, દોસ્ત હૅ કહલાયે;
દીન કાજે હમ તુમ, ભાઈ રે ગિનાયે.
૩ યૂં દિન હો કેરી, હૂઈ અપને સગાઈ;
તો અપન કહલાએ, આપ માંહે ભાઈ.
૪ ભાઈ આપસકા કુફ્ર, છોડ દીન માંહે આતા;
ઉસે હકીકી ભાઈ, ફિર નહીં રે ચાતા.
૫ હોવે દીન કાજે આપમાં, કરતે જે સગાઈ;
એસી દીન કાજે દુનીમાં, હૅ પડતી જુદાઈ.
૬ કે બાત તૉ ભાઈકી, ભાવે ભાઈકૂ નાંહાં;
કાહે દીન જુદે હુવડે, ઈસ દિલૂકે માંહાં.
૭ ઍસા દીન કાજે દોનૂ વીર, માં પડીએ દાવે;
નહીં વીર ઘર હિંદુ, ખાના ખાને રે આવે.
૮ તો દીન કાજે દુનીમાં, હૅ દેખીતી સગાઈ;
દીન જુદે હૂએ બાજ, નહીં મિલતે ભાઈ.
૯ તો દીન કેરી સગાઈ, સહી હૂઈ જગ માંહાં;
એ સહી કર બૂઝો, દિલકે ઠાંહાં, રે તૂહી.
૧૦ સગાઈ જગ ફિર દેખીએ, હૅ સબ દીનકે
કાજરે, હૅ સબ દીનકે કાજ;
ભાઈ દીનકેસૂ જગતે, આવે ક્યૂં ના લાજ રે,
આવે ક્યૂં ના લાજ.

### ૧૬૦૪
### પીર મશાયખ (રહે) ક્હેછે:

૧ 'ઇમાનવાળા દીનના ભાઇ તમે સાંભળો'
અમારી અને તમારી દીનની સગાઇ છે.
૨ એ જાણો કે 'અમે અને તમે દીનના કાજે
દોસ્ત અને ભાઇ ક્હેવાઇએ છીએ.
૩ આપણી દીનની સગાઇને લીધે આપણે
આપસમાં ભાઇ ક્હેવાઇ એછીએ.
૪ કાફિરનો ભાઇ કુફ્ર છોડીને દીને ઇસ્લામમાં આવે છે
તો તેને તેનો હકીકી (સગો) ભાઇ તેને ચાહતો નથી.
૫ જેમ દીન કાજે આપસમાં સગાઇ થાય છે,
તેમ દુનિયામાં દીન કાજે જુદાઇ પણ થાય છે.
૬ દિલથી દીન કાજે જુદા થવા પછી ભાઇને ભાઇની
વાત પણ ભાવે નહિ.
૭ દીનકાજે ભાઇઓમાં એવા દુશ્મનદાવા પડેછેકે
મુસલમાન ભાઇને ત્યાં તેનો હિંદુભાઇ ખાવા પણ
આવતો નથી.
૮ દુનિયામાં દીનની સગાઇ દેખીતી છે. દીન જુદા થવા
પછી ભાઇથી ભાઇ મળતો નથી.
૯ દીનની સગાઇ જ જગતમાં સાચી સગાઇ છે.
તેને દિલથી સાચું માની ક્હો........... રે તું-હી
૧૦ જગતમાં ફરીને દેખો સગાઇ દીનના કાજે છે. દીની
ભાઇથી જગતમાં શરમ-હયા કેમ ન હોય?

---

### ૧૬૦૫ નજમ.

૧ ભાઈ દીનકે ઈમાની રે, તમે સુનો રે;
દીન કાજે ભાઈ દીનકી નિશાની રે, તમે સુનો રે.
૨ જગ મધે દીન કાજે ભાઈ રે, તમે સુનો રે;
દીન કાજે દેખાવે સગાઈ રે, તમે સુનો રે.
૩ પ્રગટ ઈસકી નિશાની રે, તમે સુનો રે;
તિલ જેતી રહી નહી છાની રે, તમે સુનો રે

---

### બયાન નં. ૧૬૦૫
### પીર મશાયખ (રહે.) ક્હેછે દીનના ભાઈ સાંભળો.

૧ દીન કાજે ભાઇનું ભાઇ હોવું એ રિશ્તો દીનની
નિશાની છે.
૨ જગતમાં દીન કાજે ભાઇ પણું અને સગાઇ છે.
૩ આ પ્રગટ નિશાની તલભર પણ છાની નથી.

૪ કાફિર હૅ ઈમાન લાતા રે, તમે સુનો રે;
ઉસે નહી કુટમ ચાતા રે, તમે સુનો રે.
૫ કાફિર હૅ રૂદન કરાતા રે, તમે સુનો રે;
મૂએ જૅસા મન હૅ વલાતા રે, તમે સુનો રે,
૬ પીછે ઉસ ઘર નહી જાતા રે, તમે સુનો રે;
પાની નહી ખાના કભી ખાતા રે, તમે સુનો રે.
૭ પીછે નહી દેખાતી સગાઈ રે, તમે સુનો રે;
વીર માંહી હોતી હૅ જુદાઈ રે, તમે સુનો રે.
૮ એ બાત સબ જગ જાને રે, તમે સુનો રે;
બાલક ભી નંના પિછાને રે, તમે સુનો રે.
૯ કંગન જે હાથ માંહે દીસા રે, તમે સુનો રે;
ચાહીએ ન ઉસકૂ અરીસા રે, તમે સુનો રે.
૧૦ સહી કર બૂઝો રીતા રે, તમે સુનો રે;
દીન કાજે સબ જગ પીતા રે, તમે સુનો રે.
૧૧ દીન કાજે પડી હૅ જુદાઈ રે, તમે સુનો રે;
ચાહવે નહી ઉસે સગા ભાઈરે, તમે સુનો.
૧૨ પછે ઑર ઉસે કયૂં ચાવે રે, તમે સુનો રે;
દીન જો જૂજૂએ દેખાવે રે, તમે સુનો રે,
૧૩ સુન જાગ ગાફિલ એ બાતી રે, તમે સુનો રે
દીન કાજ સગાઈ દેખાતી રે, તમે સુનો રે

૪ અગર કાફિર ઈમાન લાવેતો તેને તેનું કુટુંબ નથી ચાહતું.
૫ કાફિર તે ઈમાન લાવનાર ભાઈ પાછળ રૂદન કરે છે, અને 'મૂઓ' એમ માનીને વલોપાત કરેછે.
૬ પછી તેના ઘરે કાફિરો જતા નથી, તેમજ તેના ઘરનું પાણી કે ખાવા લેતા નથી.
૭ મુસલમાન થવાથી તેમની સગાઇ રહેતી નથી, તેથી ભાઇભાઇમાં જુદાઇ થાય છે.
૮ આ વાત બધું જગત જાણે છે, નાનો બાળક પણ એ જાણે છે.
૯ હાથમાં જે કંગણ દેખાય તેને જોવા આરસો ન જોઇએ.
૧૦ સાચેજ જાણી લો કે જગતમાં પ્રિત દીન કાજે છે.
૧૧ દીન કાજે જુદાઇ પડી તો તેનો સગો ભાઇ ચાહતો નથી.
૧૨ દીન જુદા થયા તો તેને ચાહવું શું કામ?
૧૩ ગાફીલ જાગ, અને વાત સાંભળ કે સગાઇ દીનના કાજે છે.

---

## ૧૬૦૬ પહલ.

૧ સુનને મન ધર દીનકે ભાઈ રે;
મિલના હમારાસૂ દીનકી સગાઈ રે.
૨ જગ સારેમાં હૅ એ રીતા રે;
ભાઈ પણેકી હૅ દીનકી પીતા રે.
૩ દોનૂ વીર માંહાં કો ઈમાન લાતા રે;
ઉસ ઘર હિંદૂ નહી ફિર જાતા રે.
૪ બાપ ને ભાઈ નહી ઉસે ચાતા રે;
હિંદૂથી મૂમિન જો હૅ કહલાતા રે.
૫ ઈસકૂ તો મૂમિન ભાઈ હૅ કરતે રે;
દીન કાજે નેહ મન ધરતે રે.
૬ મરતે ભી ઈસકૂ મૂમિન ચાવે રે;
ઈસકૂ તો ગોરમાં મૂમિન બાવે રે.
૭ અફસોસ મૂમિન દિલ માંહે ખાવે રે;
ઉસ કાજ નેનૂસૂ નીર ચલાવે રે.
૮ મરતે ભી હિંદૂ ન કોઈ આવે રે;
બાપ ને ભાઈ જે ઈસકા કહલાવે રે.

---

## બયાન ૧૬૦૬
## પીરમશાયખ (રહે) કહેછે.

૧ દીનના ભાઇ! વાત સાંભળીને મનધરો કે અમારાથી તમારૂ મળવું દીનની સગાઇથી છે.
૨ જગતની એ રીત છે કે ભાઇ પણું દીનની પ્રિતને લીધે છે.
૩ બે હિંદુ ભાઇમાંથી કોઇ ઈમાન લાવે તો તેના ઘરે ફરીથી હિંદુ ભાઇ જતો નથી.
૪ જે હિંદુમાંથી મુસલમાન થાય છે. તેને તેનો હિંદુ બાપકે ભાઇ ચાહતો નથી.
૫ તે ઈમાન લાવનારને મુસલમાન પોતાના ભાઇ બનાવી દીન કાજે પ્રેમ કરેછે.
૬.૭ તેની મોત પર–તેને ચાહવાથી–મુસલમાન અફસોસ કરેછે. આંખમાં આંસું ભરે છે, અને કબરમાં મૂકે છે.
૮.૯ તેનો હિંદુ બાપ કે ભાઇ તે મુસલમાન થનારની મોત વેળાએ પણ આવતા નથી. છોકરાં પણ

૯ સબ જગ પરગટ હૅ નિશાની રે;
લડકે હો સેતી રહી નહી છાની રે.
૧૦ પત્થરકૂ ભી હોતે કાના રે;
મન ધર કભી એ સુનતા બયાના રે.
૧૧ પત્થર સુનતે હોતા આધાના રે;
નેહ કેરી ઈસે હોતી શાના રે.
૧૨ ઍસા પટંતરા જાહિર દીસા રે;
હાથ કંગનકૂ નહી ચાહીએ આરીસા રે.
૧૩ દીનકી હૅ જગ માંહી સગાઈ રે;
સગા કામ ન આવે ભાઈ રે.
૧૪ સુન સુન દીનકે ભાઈ મેરે રે;
ધવ ધવ આહોને બેગે સવેરે રે.
૧૫ દીન કાજે હૂએ હમ તુમ ભાઈ રે;
બહુત સબૂસૂ એ હૅ સગાઈ રે.
૧૬ સુનો મુનાફિક મૂમિન ટોલી રે.
જીભે મિલાતે હો મીઠી બોલી રે.
૧૭ પાતક દિલથી છોડા નાંહાં રે;
મૅલ તમારે રહા દિલ માંહાં રે.
૧૮ પાતક સેતી હમૂસૂ હો મિલતે રે;
દસ્તબોસી હમના સેતી હો કરતે રે.
૧૯ પીત હમારી હો મન માંહે ધરતે રે;
દીનકી ઉલટી રાહા હો ચલતે રે.
૨૦ ઍસી અકલ તમારી હૅ ગહી રે.
૨૧ હિંદૂથી મૂમિન જબ કહલાએ રે;
કુટમને તુમકૂ જુદા કરાએ રે.
૨૨ ભાઈ તમારેસૂં પડી જુદાઈ રે;
ફિર કો ન આયા તુમ પાસ ભાઈ રે.
૨૩ ભાઈ સગેકી હુઈ દૂર જાતી રે;
દીનકે કાજે સુનો એ બાતી રે.
૨૪ હમ તો તુમકૂ ક્યૂં ચાવે રે;
દીન તુમમાં જો ન પાવે રે.
૨૫ હમ તો હૅ દીનકે કાજે ભાઈ રે;
અપને ઑર કછૂ નહી સગાઈ રે.
૨૬ સગે જે થે વૅ ભી ભાગ ભાગ ગહે રે;
દીન કાજે હો અલગે રહે રે.
૨૭ મૅં ક્યૂં તુમસૂં તો રાખૂ નેહા રે;
દીન ન દીસે તમારી જો દેહા રે.
૨૮ હમ તુમ ભાઈ હૂ એ દીન કાજા રે;
ઑર કછૂ બાતકી નહી લાજા રે.

સમજે તેવી આ ખૂલ્લી વાત છે.

૧૦.૧૧ પત્થરને પણ કાન હોત તો તે પણ કદીક મનથી વાત સાંભળી તાબેદાર થતો, અને પ્રેમથી વાત સ્વીકારી લેતો.

૧૨ આવાં ઉદાહરણો જાહેર દેખાય છે ત્યાં હાથ કંગણ જોવા આરસીની જરૂર નથી.

૧૩ જગતમાં દીનની સગાઇ છે. સગો ભાઇ પણ દીન બાબતમાં કામ આવતો નથી.

૧૪.૧૫ મારા દીનના ભાઇ ! સાંભળીને જલ્દી દોડી આવો, તમે અને અમે દીન કાજે ભાઇ થયા છીએ. બધાજ મુસલમાનોથી અમારી આ સગાઇ છે.

૧૬.૧૭ મુનાફિક મોમિનોની ટોળી સાંભળો ! તમે જીભેથી મીઠું બોલોછો, દિલથી પાપ છોડતા નથી અને મનના મેલા છો.

૧૮ [૧]અમને પાપ રાખીને મળો છો, અને અમારા હાથ પણ ચુમોછો. *

૧૯.૨૦ અમારી પ્રિત ધરતા પોતાને બતાવોછો, અને દીનની રાહથી ઉલટા ચાલોછો. તમારી અક્કલ કેમ ગઇ છે!

૨૧ હિંદુથી તમે મોમિન થયા, તો તમારા કુટુંબે તમને જુદા કર્યા.

૨૨ તમારા ભાઇથી જૂદાઇ થઇ. તમારી પાસે કદી તમારો કોઇ ભાઇ આવ્યો નહિ.

૨૩ સાંભળો! દીન કાજે સગો ભાઇ પણ દૂર થયો.

૨૪ તમારાંમાં દીન ન હોય તો અમો તમને કેમ ચાહિએ.

૨૫ અમે પણ દીનને લીધેજ તમારા ભાઇ છીએ. તે શિવાય આપણી કોઇ સગાઇ નથી.

૨૬ જે સગાં હતાં તે ભાગી ગયાં. તેઓ દીનને લીધે અલગ થઇ ગયાં.

૨૭ તમારામાં જો દીનનુ હોય તો હું તમારાથી કેમ કરીને નેહ રાખું?

૨૮ અમે અને તમે દીનના ભાઇઓ છીએ. તે શિવાય કોઇ શરમનો રિશ્તો નથી.

૧૮ મી કડી (૧) આપ (રહે.) પાસે આવી મીઠું બોલીને મળતા રહેતા લોકોનાં દિલ ખોટા મઝહબ ઉપર ઢળેલાં હતાં અને તેઓ ફક્ત દેખાડો કરતાં.

૨૯ દીન બીન કૈસે ભાઈ હમારે રે;
સુનો મુનાફિક તુમ મીલે સારે રે.
૩૦ જાગો મુનાફિક ખોલ નૅના રે;
મન ધર સુનો નસીહત બૅના રે.

૨૯ તમે મને મુનાફિક મળ્યા છો. દીન વગર તમે અમારા ભાઈ કેવા?
૩૦ મુનાફિકો જાગો! આંખો ખોલો, અને મારી નસીહતનાં બયાન મન ધરીને સાંભળો.

---

૧૬૦૭

૧ અરે સુનને ઈમાની, દીન કેરે ભાઈ;
સબ જગ જે હૅ મિલતા, દીનકી સગાઈ.
૨ સહી ભાઈ મેરા દીનકા, હોવેગા ઈમાની;
સહી ઈમાની મૂમિન, કેરી નિશાની.
૩ સહી ઈમાન સેતી, મૂમિન જનાવે;
અને નહી તો દુરિજન, હમારા કહલાવે.
૪ તૉ મન ધર સુનના, ઈમાન બયાના;
કે સુનતે હોવે, મૂમિનકી શાના.
૫ સુનો ખાતિમ રસૂલ, નબીજી હમારા;
પહલા સબુસૂ રબને,ખાતિમ સન્વારા.
૬ જે હૅ અહમદ મોહંમદ, બૂઝો રે નામા;
સબ જીવૂ હો કેરે, જે કહીએ ઠામા.
૭ જે મુસ્તફા ખાતિમ, નબીજી કહલાએ;
એ રસૂલ રબકે, ભેજે રે આએ.
૮ ખાતિમ રસૂલા, રબે ઍસે રે કરીઆ;
કે દીન હૅ ઈનૂકા, સબ જગ માંહે ભરીઆ.
૯ બૂઝો ઈગ્યાર સૉ બરસ, કેરા રે લેખા;
નબીં ખાતિમ જગમાં, સબૂને દેખા.
૧૦ એ હિજરત કેરા, લેખા રે જાનો;
સૉ ઈગ્યાર, બરસ, હૂએ પૂરે રે માનો.
૧૧ આજ તારીખ દૂજી, મુહર્મ કેરી;
પૂરી ઈગ્યારમી સદી, હૂઈ બૂઝીઓ સવેરી.
૧૨ દો દિન એ સદે, બારમી કેરે;
દૂજી તારીખસૂ બૂઝિયો, દો દિન એ સવેરે.
૧૩ સહી એતે માંહે બહુત જગ, હૂઆ રે દીના;
એ સહી કર મૂમિન, ચિત માંહે કીના. રે તૂહી.
૧૪ તારીખ દૂજી બૂઝિએ, મુહર્મ કેરા માસ રે,
મુહર્મ કેરા માસ;
સદી બારમી કેરડી, દેખને બૂઝી આસ રે,
દેખને બૂઝી આસ.

## બયાન ૧૬૦૭
## પીરમશાયખ (રહે) કહેછે.

૧ ઈમાનવાળા દીનના ભાઈ સાંભળ ! જગતમાં બધા દીનની સગાઈથી મળે છે.
૨ ઈમાનવાળો મારો દીનનો સાચો ભાઈ છે. અને ઈમાન મોમિનની નિશાની છે.
૩ ઈમાન હોય તો મોમિન જણાય, નહિતો અમારો દુશ્મન કહેવાય.
૪ ઈમાનનાં બયાન મન ધરીને સાંભળતાં મોમિન થવાય છે.
૫ ખાતેમુન્નબી, મુહંમદ (સલ) અમારા નબી છે. અલ્લાહે ખલકતથી પહેલાં આપને બનાવ્યાં.
૬.૭ આપ (સલ.) નું નામ અહમદ તેમજ મુહંમદ છે. આપ સરવેજીવોનું મૂળછે. આપ અલ્લાહના મોકલેલા રસૂલ બનીને આવ્યા.
૮ અલ્લાહે નબી (સલ.) ને એવા મરતબાવાળા બનાવ્યા કે પુરા જગતમાં આપનો દીન ફેલાયેલો છે.
૯.૧૩ આજ હિજરી વરસનાં <u>અગીયારસો વરસ પુરાં</u> થયાં છે. મોહરમ માસની બીજી, તારીખ છે. યાને <u>બારમી સદીના બે દિવસો થયા છે.</u> [૧] નબી (સલ.) અને આપનું દીન જગતમાં આવ્યાને આટલો સમય થયો છે. મોમિનોએ તે દીનને સાચું માન્યું છે.. કહો... રે,તુહી.
૧૪ મોહરમની બીજી તારીખ અને બારમી હિજરી સદીની શરૂઆત થઇ છે. અગીયારસો વરસ પર આપ (સલ.) દુનિયામાં તશરીફ લાવ્યા.

(૧) પીર મશાયખે (રહે.) આ લખ્યું ત્યારે.

## અલ્લાહે તમને પેદા કર્યા છે. – તેનીજઈબાદત કરો.

### ૧૬૦૮ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો,
ઈમાન હૅ સહી કરના, મૂમિન હોને મન ધરના;
નિત ચિંતા કીજે, મન દીજે જી.

૨ સુનો જીવ હો, સુનો વીર હો,
મન રબ એક કીજે, મન નબીજીકૂ દીજે
નિત કરો મન સેવા, ચિત દેવાજી.

૩ સુનો જીવ હો, સુનો વીર હો,
જિને તુજે પૅદા કીતા, પહલે સહી કર મીતા;
ક્યૂં તૂ રબ મન બિસારે, કાહે હારે જી.

૪ સુનો જીવ હો, સુનો વીર હો,
જિને પૅદા કીતી જાતી, હુકમ ઉસકી માનો
બાતી; ગણ ઉસે કલ હોકર રહીએ,
રબ લહીએ જી.

૫ સુનો જીવ હો, સુનો વીર હો,
ખાકથી તન તુજે હૅ કીતા, ઍસા અપના બૂઝો
મીતા; દેખનેકૂ એ દો નૅના, બૂઝો બૅના જી.

૬ સુનો જીવ હો, સુનો વીર હો,
બોલનેકૂ બાચા દીતી, દિલકૂ સમજન હૅ રે કીતી;
રબકી બૂઝો તો બાતી, આપ જાતી જી.

૭ સુનો જીવ હો, સુનો વીર હો,
સવાદ જીબાંકૂ દીયા, ખારા મીઠા તુજે કીયા;
ઈસકૂ તો બિસારો નાંહાં, દિલ માંહાં જી.

૮ સુનો જીવ હો, સુનો વીર હો,
સેવા કાજ તુજકૂ કીતા, જગમાં જા બૂઝેગા મીતા;
કૅાલ ભી કીયા થા સહી, ઍસા દહી જી.

### બયાન ૧૬૦૮
### પીર મશાયખ કહે છે ‘સાંભળો જીવ સાંભળો વીર’

૧ ઈમાન સહી કરો, મોમિન બનીને રહો અને ઈમાનની ચિંતા નિત્ય કરો.

૨ મનથી અલ્લાહને એક ગણો, આપ (સલ.)ને રસૂલ માનો, અલ્લાહની સેવા (બંદગી) કરો અને તે ઉપર મન લગાડો.

૩ જેણે તને પેદા કર્યો તેને પહેલાં ઓળખી લે તું રબને વિસારી ને ઈબાદતથી પાછો કેમ પડે છે?

૪ જેણે તમને પેદા કર્યા તેનો હુકમ માનો. તેની ઈબાદતનો કોલ આપેલો છે. તો તેની ઈબાદત કરો.

૫ બયાન સાંભળીલો. આપણો અલ્લાહ એવો છે કે, તેણે માટીમાંથી માણસનું શરીર બનાવ્યું, અને જોવા માટે બે આંખો આપી.

૬ જેણે બોલવા માટે વાચા આપી, અને દિલને સમજશક્તિ આપી, તે અલ્લાહની વાત આપ માનો.

૭ જીભને સ્વાદ આપ્યો તેથી તમે ‘ખારૂ–મીઠું’ જાણી શકોછો. તો તે અલ્લાહને દિલમાંથી વિસારો નહિ.

૮ અલ્લાહે તને તેની ઈબાદત માટે પેદા કર્યો છે, અને તેંકબૂલાતના દિવસે અલ્લાહને કોલ આપ્યો છે કે જગતમાં જઈને તેની ઈબાદત કરીશ.

---

### ૧૬૦૯

૧ અને સુનને ઈમાની, મૂમિન ઈમાની;
સુન ઈમાન હો કેરી, કર સહી રે નિશાની.

૨ સહી સુનતે સુનતે, હોવેગા ઈમાની;
સહી દીન બાત સુનની, એ મૂમિન નિશાની.

૩ સુનો ઉદર માતા, કુફ્ર રે નાંહાં;
હોવે મૂમિન કાફિર, બાજ આએ જગ માંહાં.

૪ જૅસી જગ માહે બાતી, સુનેગા કાના;
કે વૅસી દિલ તેરેકૂ, હોવે રે શાના.

### બયાન ૧૬૦૯
### દીનની વાત સાંભળવાથી ઈમાન આવે છે.

૧ ઈમાનવાળા મોમિન! સાંભળ અને ઈમાનની નિશાની સહી કર.

૨ દીનની વાત સાંભળવી એ ઈમાનની નિશાની છે, અને દીનની વાત સાંભળતાં ઈમાન આવે, છે.

૩ માતાના પેટમાં ઈન્સાન કાફિર નથી હોતો, [1] મોમિન કે કાફિર જગતમાં આવ્યા બાદ થાય છે.

૪ જગતમાં કાનેથી જેવી વાત સાંભળશો, એવું જ તમારા દિલમાં ઉતરશે.

૧(કડી. નં.૩) હઝ અબુ હુરૈરા (રઝી) એ બયાન કરેલી હદીસ પ્રમાણે ઈન્સાનમાંના પેટથી સવતરતી વખતે ઈસ્લામની ફીતરત (પ્રકૃતિ) સાથે અવતરે છે પછી તેમાં જેવા માં મબાપ હોય તેવા દીન ઉપર તેને લઈ જાય છે (બયાન નં ૧૯૫૮/૩૮ ઈમાન ભાગ–૨)

૫ જૅસી નસીહત તેરે, કાનૂ રે આવે;
વૅ નસીહત તેરે, દિલકૂ ફેરાવે.

૫ જેવી નસીહત તમારા કાને આવશે, તેવું જ તમારૂં દિલ ફરશે.

૬ એ સબ જગ જાહિર, પરગટ બાતી,
બૂઝે નંના ને બડા, ભી બાલકકી જાતી.

૬ આ વાત જગતમાં જાહેર (પ્રગટ) છે. બાળક, નાનો કે મોટો તે જાણે છે.

૭ કે જૅસે સુનેગા, કાન રે બૅના;
વૅસી નસીહત હોવેગી, ઉસ દિલકે મૅના.

૭ જેવાં બયાન જે કોઇ સાંભળશે તેવી નસીહત તેના દિલમાં થશે.

૮ સુનો દીનકે ભાઇ, જહાં હૅ રે દીની ચાવા;
તો દીનકી બાતાં, કાનૂ રે સુનાવા.

૮ મારા દીનના ભાઇ! જ્યાં દીનની ચાહના હોય ત્યાં દીનની વાત સાંભળવી ગમે

૯ અને ઑર બાત સેતી, કાન રે મુંદાવા;
કે બાતાં સુનતે, દિલ કરેગા ભાવા.

૯ દીન સિવાયની વાત માટે કાન બંધ કરો, કેમકે જેવું સાંભળશો તેવી ભાવના થશે.

૧૦ તૂ સુનને ઇમાની, ઇમાનકી બાતી;
કે મૂમિન હોવે, તેરી રે જાતી.

૧૦ ઇમાનવાળા સાંભળ! દીનની વાતો સાંભળતાં મોમિન બનીશ.

૧૧ તો ઇમાની હૅ હોના, સુન સુન બાતી;
હો મૂમિન ઇતના, કહો દિન ઑર રાતી.
રે તૂહી.

૧૧ તો દીનની વાતો સાભળી ઇમાનવાળા બનો અને રાત દિન કહો............ રે તુંહી.

૧૨ મૂમિન ઇમાની નામ હૅ, પ્રથમ સુન એ બાત
રે, પ્રથમ સુન એ બાત;
સુનતે બાત ઇમાનકી, મૂમિન હોવે જાત રે,
મૂમિન હોવે જાત.

૧૨ પહેલી વાત સાંભળો, મોમિન ઇમાન વાળો હોય છે, અને ઇમાનની વાત સાંભળતાં મોમિન થવાય.

## ૧૬૧૦ બલ.

## બયાન ૧૬૧૦
## મૂળ તત્વ ઇમાન છે.
## પીર મશાયખ (રહે.) કહેછે: સાંભળો વીર! સાંભળો જીવ!

૧ સુનો જીવ હો, સુનો વીર હો,
મૂમિન ઇમાની નામા, એ સબ કહે જગ ઠામા;
સુન તૂ એ પ્રથમ બાતી, આપ જાતી જી.

૧ પહેલીવાત સાંભળો કે જગતમાં ઇમાનવાળો મોમિન કહેવાય છે.

૨ સુનો જીવ હો, સુનો વીર હો, મૂલ બિના
ઝાડ નાંહાં, એ બાત બૂઝો મન માંહાં;
ઇમાની પ્રથમ તો હોના, મન જોના જી.

૩ સુનો જીવ હો, સુનો વીર હો, ભીત નહી
પાઇયે બિના, એ બાત સુન રાખો મના;
ઇમાન રીત પહલી કીજે, સહી કર લીજે જી.

૨.૩ પહેલાં ઇમાનવાળા બનો, એ સમજી લો કે જેમ મૂળ વિના ઝાડ હોઇ શકે નહિ, ને પાયા વિના ભીત હોઇ શકે નહિ, તેમ ઇમાન વિના દીન હોઇ શકે નહિ.

૪ સુનો જીવ હો, સુનો વીર હો,
ઇમાનકી સુનની બાતી, પાક ભીતર કરો જાતી;
ઇમાન સાચા પહલા કીજે, સહી કર લીજે જી.

૪ ઇમાનની વાત સાંભળો, પોતાનું ભીતર પાક કરો, પહેલાં ઇમાનને સહી (પાકું) કરી લો.

૫ સુનો જીવ હો, સુનો વીર હો, નાલિયેરકે જૂં
ભીતર પાની, ઇમાનકી એ નિશાની;
પન બનસે ગંધ આવે, ન કિસે ભાવે જી.

૫ નાળિયેરની અંદર જેમ પાણી હોય છે, તેમ દિલની અંદર ઇમાન હોય છે, પણ, નાળિયેર વણસે (સડે) થી તેમાંથી ગંધ આવેછે, અને ભાવતું નથી.

૬ સુનો જીવ હો, સુનો વીર હો, ફુલ માંહે જૂં હૅ
બાસા, ઇમાની મન ઍસી આસા; બાસના
બિના ના ચાવે, ના કિસે ભાવે જી.

૬ ઇમાન ફૂલમાંની સુવાસ જેવું છે, સુવાસ વિના કોઇ તેને ચાહે નહિ કે તેની ઉપર ભાવ ઉપજે નહિ.

૭ સુનો જીવ હો, સુનો વીર હો, જૂં ઘટ જીવ હૅ રે તના, ઈમાન ઍસા બૂઝો મના; ના જીવ બિના આવે કામા, ઈસ જગ ઠામાં જી.
૮ સુનો જીવ હો, સુનો વીર હો, નસીહત સુન સુન લીજે, ચિંતા નિત દિલ માંહી દીજે; ઈમાનકે બૂઝો બૅના, મન મૅના જી.

૭ ઈમાન ઘટ (શરીર)માં જીવ જેવું છે.જીવ વિનાનું શરીર આ જગતમાં કામ આવે નહિ.
૮ નસીહતો સાંભળીલો, દિલમાં ઈમાનની નિત્ય ચિંતા કરો, ઈમાનનાં બયાનો જાણો, અને તેને મનમાં ઉતારો.

## ૧૬૧૧

૧ અરે સુનને ઈમાની, દીનકે ભાઈ;
ઈસ સુનને માંહે, હૅ રે બડાઈ.
૨ દિલ સુનતે મૂમિન, હોંવે રે તેરા;
જો આધાન હો કર, સુને રે સવેરા.
૩ તન નીચા નમા કર, ગુરબત કરની;
બાત ઈમાન હો કેરી, સુન મન માંહે ધરની.
૪ હૅ ઉસ માંહે બડાઈ, સુન દીનકે વીરા;
જો આધાન હો કર, સુન કર ધીરા.
૫ તો ખુશી હો સેતી, મુંહ રબકૂ દેખાવે;
જબ કિયામત કેરા, દિન રે આવે.
૬ અને ખુશી હો સેતી, બહિશ્ત માંહે જાવે;
ઉહાં અનુપમ રાજ, વીરા રે પાવે.
૭ દેખો કૅસી રે હોવે, એ સુનતે બડાઈ;
તો આધાન હો કર, સુન રે ભાઈ.
૮ કભી ગાફિલ સુને બિના, હોવે રે ગુમાની;
એ ખરાબી હો કેરી, તુજ તન રે નિશાની.
૯ ઈસ બાતમાં બડાઈ, ના હૅ રે સહી;
કે રાજી રે નાં હોવે, અપનાદહી.
૧૦ કૅસા કિયામત દિન, હોવે હાલ રે તેરા;
ખીંચ દોજખકે માંહે, બાવે તુજકૂ સવેરા.
૧૧ એ બડાઈ નાં હૅ, સુન રે ગુમાની;
એ સુન સુન મૂમિન, બાત ઈતની જાની.
રે તૂહી.
૧૨ આધાન દીન સુન હોઈએ, ઉસમાં બડાઈ
જાન રે, ઉસમાં બડાઈ જાન;
સુને બિના ગાફિલ તુજે, ગુમાન ખરાબી
માન રે, ગુમાન ખરાબી માન.

## બયાન ૧૬૧૧

### દીન-ઈમાનની વાતો સાંભળ્યા કરો.

૧ ઈમાનવાળા દીનના ભાઈ! દીનની વાત સાંભળવામાં વડાઈ છે.
૨ જો તું આધિન (તાબેદાર) થઈ સાંભળે તો તારૂં દિલ મોમિન થાય.
૩.૬ ઈમાનની વાત સાંભળીને મનમાં લો. તનને અલ્લાહ આગળ નીચું નમાવીને ગરીબી અખત્યાર કરો, એમાં જ બંદાની વડાઈ છે. જો તું સાંભળીને આધિન થાય તો કયામતના દિવસે ખૂશીથી અલ્લાહને મોં બતાવી શકીશ, અને ખુશીથી જન્નતમાં જઈને ત્યાંનું અનુપમ રાજ મેળવી શકીશ.
૭ સાંભળ ભાઈ! આધિન થઈ દીનની વાત સાંભળતાં કેટલી મોટાઈ મળે છે!
૮ ગાફીલ! તું કદીક સાંભળ્યા વિના જ શક કે ગર્વ કરે તો તે તારી ખરાબીની નિશાની છે.
૯ આપણો અલ્લાહ આપણાથી રાજી ન થાય તેમાં મોટાઈ નથી.
૧૦ કયામતના દિવસે તને ખેંચીને દોજખમાં નાખવામાં આવશે ત્યારે તારો કેવો હાલ થશે?
૧૧ ઈમાનની વાત ન સાંભળવામાં મોટાઈ નથી એ વાતને જાણ અને કહે............રે તું-હી
૧૨ દીનની વાત સાંભળી દીનને આધિન થઈ એ એમાં બંદાની મોટાઈ છે, સાંભળ્યા વિના તને શક કે ગર્વ થાય તેમાં તારી ખરાબી માન.

## ૧૬૧૨ પદ

૧ અરે સુન સુન ભાઈ દીનકે મેરે, ઍસી હૅ દીનકી રીતા;૧
અરે સુનતે જે દિલ આધાન કીજે, રાજી હોવે મીતા.
૨ અરે બહુત ગરીબી હૅ રબકૂ ભાતી,
ઈસમાં હૅ બડાઈ; જૂં મીત અપના રાજી હોવે તૂં તૂં કીજે ભાઈ.
૩ અરે સાહિબ જૅસા સાહિબ અપના,
બૂઝો સુરજનહારા; અરે માબાપ સેતી બંદે ઉપર, બહુત કરે હૅ પિયારા.
૪ અરે ઍસા સુરજનહાર પિછાનો, બહુત બહુત રાખો નેહા; અરે નામ સુરજન કેરા સુનતે, આધાન કરો દેહા.
૫ અરે રબ રાજી હોવે અપના, તૂં તૂં બૂઝો બડાઈ;
અરે બહુત ગરીબી હૅ રબકૂ ભાવે, ઈસ માંહે ખૂબી ભાઈ.
૬ અરે રાજ ચાહવે જો તૂ જન્નત માંહે, એ સૂરતકી ઍસી રીતા;
કે બૅન સુન સુન આધાન હોકર, કરની રબસૂ પીતા.
૭ અરે ગુમાન માંહે નહી બડાઈ,
સુન એ ગાફિલ બાતી; કે રીસ ગુમાનીકૂ હૅ રબ કેરી, દોજખી હોવે જાતી.
૮ અરે રોય કર ઘર અપના રાખો,
બહિશ્ત કેરા જે નામા; અરે આધાન હૂએસૂ સહી પાવે, હૅસી જન્નત ઠામા.
૯ અરે મુનાસિફ હસને ઘર ના ખોઈએ,
સુન એ નસીહત મેરી;
લડકા સુનતે બૂઝે સહી, બાત એ દિલ માંહે સવેરી.

## બયાન ૧૬૧૨

### અલ્લાહને આજીજી ગમે છે.

અરે દીનના ભાઇ સાંભળો દીનની રીત એ છે કે તેને સાંભળીને દિલ તેને આધિન કરો, જેથી અલ્લાહ રાજી થાય.

૨ ગરીબાઇ યાને આજીજી અલ્લાહને બહુ ભાવે છે, અને તેની આગળ લાચાર રહેવામાં મોટાઇ છે. પોતાનો રબ રાજી રહે તેમ કરો.

૩ આપણો સર્જન હાર, સાહેબ જેવો સાહેબ, બંદા ઉપર તેના માં બાપથીએ વધારે પ્યાર કરે છે.

૪ એવા સર્જનહારને ઓળખી તેનાથી બહુજ પ્રેમ રાખો, અને તેનું નામ સાંભળતાંજ તેને આધિન થઇ જાઓ.

૫ આપણો રબરાજી થાય તેમાં આપણી મોટાઇ જાણો, રબને બંદાની આજીજી બહુ ગમે છે. અને તેમાંજ બંદાની ખૂબી છે.

૬ જન્નતમાં તમને રાજ જોઇએ તો તે મેળવાવાની એ સુરત છે કે દીનની વાત સાંભળી તાબેદાર બનીને અલ્લાહથી પ્રિત કરો.

૭ ગાફિલ સાંભળ કે ગર્વમાં મોટાઇ નથી, ઘમંડી પર અલ્લાહ ગુસ્સે થઇ તેને દોઝખી બનાવે છે.

૮ અલ્લાહ આગળ રોઇને જન્નતનું ઘર બનાવી લો. અલ્લાહને આધિન થયેથી જન્નત મળે છે.

૯ મુનાફિક મારી નસીહત સાંભળ! હસીને જન્નતનું ઘર ખોઇ ન નાખ, બાળક પણ સાંભળીને માની લે તેવી આ વાત છે.

---

## ૧૬૧૩

૧ તૂ સુન રે ભાઈ, દીનકે મેરે;
સહી ઈમાનકી બાત, હૅ સુનની સવેરે.
૨ કે પહલા તો એક કર, બૂઝો રે ઈલાહી;
કે એક હૅ અલ્લાહ, યૂં બૂઝના ભાઈ.
૩ ભી રસૂલ અલ્લાહકે, સહી પિછાનો;
સો ખાતિમ અંબિયા, નેહસૂ જાનો.

## બયાન ૧૬૧૩

### કલેમો જીભથી કહો અને દિલથી સાચો માનો

૧ મારા દીનના ભાઇ, ઇમાનની વાત સાંભળો.

૨ પહેલાં અલ્લાહને એક કરી જાણો, (લાઇલા હ ઇલ્લલ્લાહ).

૩.૪ અલ્લાહના રસૂલ, ખાતેમુલ અંબિયા (સવ.) ને

૪ સો મોહમ્મદ મુસ્તફા, નામ રે કહીએ;
હૈ અપન ઉમ્મત, ઈનૂકી લહીએ.
૫ યૂં જીભેસૂ કહના, અને સમજને લેના;
યૂં મન રે સાચા, દિલ માંહે દેના.
૬ યૂં દિલ હો સેતી, સહી બૂઝની બાતી;
યૂં જીભેસૂ કહના, દિન ઑર રાતી.
૭ કે દિલ માંહે બૂઝે, ઈમાન એ સાચા;
અને જીભસૂ ઍસી, કરે રે બાચા.
૮ જે હોવે ઍસા, ઉસે બૂઝો રે ઈમાની;
એ મૂમિન કેરી, સહી રે નિશાની.
૯ જે દિલ માંહે સાચા, યૂં જાને રે નાંહાં;
બાત મીઠી રે મિલાવે, જીબાકે માંહાં.
૧૦ તુમ મુનાફિક ઉસકૂ, જાનો રે સહી;
ગુસ્સા કાફિરસૂ ઉસ પર, બહુત કરે રે દહી,
રે તૂહી.
૧૧ દિલકા સાચા મૂમિના, જીભે સાચી બાત રે,
જીભે સાચી બાત; કપ્ટી હૈ કૂડે ભરા, મુનાફિક
કેરી જાત રે, મુનાફિક કેરી જાત.

પ્રેમથી સહી રીતે ઓળખો, (મુહમ્મદુર્રસુલુલ્લાહ). તેમનું નામ મુહમ્મદ મુસ્તુફા (સલ.) છે. આપણે તેમના ઉમ્મતિ છીએ.

૫ આ કલમાને જીભથી કહેવો અને દિલથી સમજીને સાચો માનવો.

૬.૮ રાતદિનથી કલમાને જીભથી કહો અને દિલથી સાચો સમજો જો તમે એમ કરોતો તમારૂં ઈમાન સાચું, અને એમ કરનારને ઈમાનવાળો સમજો. ઈમાન એ મોમિનોની નિશાની છે.

૯.૧૦ જે આ કલમાને મીઠી જબાનથી કહે, પણ દિલમાં સાચો માને નહિ, તેને મુનાફિક જાણો, તેવા કાફિર પર અલ્લાહ બહુજ ગુસ્સો કરે છે...... રે તુંહી.

૧૧ મોમિન જીભનો અને દિલનો સાચો હોય છે, અને મુનાફિક કૂડ કપટથી ભરેલો હોય છે.

## (બયાન ૧૬૧૪ થી ૨૯)

## [1]હદીસે જીબ્રઈલ (અ.સ.)

## હઝ : જીબ્રઈલ (અ.સ.)નો ઈસ્લામ વિષે સવાલ અને નબી (સ.વ.)નો જવાબ

### ૧૬૧૪

૧ સુનો ઉમર બિન, ખત્તાબ રે કહીએ;
રજી અલ્લાહ અન્હો, નામ સંગ લહીએ.
૨ અને અમીરૂલ મૂમેનીન, ઈનૂકૂ જાનો;
એ હદીસ હે કહતે, નબીજીકી માનો.
૩ કહા નબીજી સાથ, મૈં થા એક દના
એક મરદ આયા, વૈસે રે મૈના.
૪ ઉનૂ ઉજલે કપડે, પહને થે જાતી;
અને બાલ થે કાલે, ઍસી કહી રે બાતી.
૫ અને મુસાફિર કેરીના થી, ઉસકૂ નિશાની;
ઈસ મરદકી સૂરત, દેખો અજબ રે જાની.
૬ અને ઑર ભી અસહાબી, સાથ થે રે હમારે;
ઈસ મરદકૂ ના થે, કો બૂઝન હારે.
૭ કે હમૂ કનીને, ના વૈ મરદ પિછાના;
સબ ઈસકે બૂઝનેસૂ, ભયે રે અજાના.

### બયાન ૧૬૧૪

### રાવી : હઝ. ઉમર બિન ખત્તાબ (રઝી)

૧.૨ હઝ ઉમર બિના ખત્તાબ (રઝી) જેઓ અમીરૂલ મોઅમેનિન ગણાય છે, તેઓ નબી (સલ.) થી સાંભળેલી હદીસ કહે છે.

૩.૫ હઝ ઉમર (રઝી.) કહે છે કે 'હું' એક દિવસ નબી (સલ.) ની સાથે હતો ત્યાં એટલામાં એક મરદ આવ્યો, તે મરદે ઉજળાં કપડાં પહેર્યાં હતાં, અને તેના વાળ કાળા હતા. તેનામાં મુસાફરની નિશાની ન હતી. તેની સૂરત અજબની હતી.

૬.૭ તેઓ કહેછે કે બીજા અસહાબીઓ (રઝી. અન્હુમ) પણ અમારી સાથે હતા. તેમાંનું કોઇ તે આવનારને જાણતું ન હતું. અમે બધા તેમની ઓળખવાથી અજાણ હતાં.

(૧) મિશ્કાત (ભાગ-૧ વિભાગ-૨) નાકીતાબલ ઈમાનની ફસલ પહેલી ની પહેલી હદીસ છે.
અને હદીસે જીબ્રઈલ નામે પઠાય છે મુત્ત. અલયહે (બુખારી મુસ્લીમ)

૮ વૈં મરદ તો બૅઠા, આવ નબીજીકે પાસા;
સો અદબસૂ સામી, બૅઠા પૂછનેકી આસા.
૯ સો દોજાનૂ હો કર, બૅઠા રે સહી;
હાથ જાનૂ પર ધર, ખબર એ કહી.
૧૦ જૅસી નમાજકે કાઅદે, કેરી હૅ રીતા;
યૂં નબીજીકે સામી, બૅઠા કરને પીતા.
૧૧ બૅઠ ઈસ્લામ કેરા, ઈને કિયા રે સૂઆલા;
એ સુન સુન મૂમિનૂ, કહા ઉસહી હાલા.
રે તૂહી.
૧૨ કપડે ઉજલે પહન કર, આયા નબીંકિ પાસ રે,
આયા નબીંકિ પાસ; અદબસૂં સામી બૅઠીઆ,
પૂછને કેરી આસ રે; પૂછને કેરી આસ.

૮.૧૦ તે મરદ નબી (સબ.)ની પાસે કાંઈક પુછવાની આશાએ અદબથી સામે આવીને બે જાંગ પર બેઠો, અને તેના હાથ જાંગ પર રાખ્યા, એ રીતે કે જેમ નમાજમાં બે હાથ બે જાંગ પર હોય છે.
૧૧ અને તેજ બેસવાની હાલતમાં તેણે ઈસ્લામ વિષે સવાલ કર્યો. કહો........... રે તુંહી.
૧૨ ઉજળાં કપડાં પહેરીને તે મરદ નબી (સલ.)ની પાસે કાંઈક પુછવાની આશાએ સામે આવીને અદબથી બેઠો.

---

### ૧૬૧૫

૧ કહા દોને ખબર નબી, ઈસ્લામ કેરી;
ઉન મરદને બૅઠ, પૂછા એ સવેરી.
૨ તબ ખાતિમ નબીને, એતા ફરમાયા;
કે કલમા શહાદત, પઢને સુનાયા.
૩ ઉસ બાજ તો ઈતના, નબીજીને આખા;
કે નમાજ હૅ કરની, કહ કર દાખા.
૪ અને ખાતિમને કહયા, ભી દેવે રે જકાતા;
ધરે રમજાને કેરે, રોજે કહી ભી બાતા.
૫ અને હજ ભી કરની, બૅતુલ્લાહકૂ સહી;
જો સક્તાઈરે હોવે, ભી ખબર એ કહી.
૬ જબ નબીજીને મરદકૂ, કહી એ બાતી;
તબ સચ કર આખા, ઈસ મરદકી જાતી.
૭ ફિર નબીજીકૂ સૂઆલ, મરદને કિયા;
કહો ઈમાનકી ખબર, સુન સબૂને લિયા.
૮ તબ નબીજીને ઈતના, ફિર ફરમાયા;
લાવે અલ્લાહ ઊપર ઈમાન, ઉસકૂ બતાયા.
૯ કે બુજારગ જાત, હૅ સિફ્ત ઈલ્લાહી;
હૅ કદીમ એ કદીમ, ઍસી બૂઝો રે બડાઈ.
૧૦ નહી ઈનૂ કુછ જનિયા, નહી ઉસે કોને જાયા;
સબ ખિલક્ત આલિમ, ઉને હૅ બનાયા.

---

### બયાન ૧૬૧૫

### (ક) અલ્લાહ અને રસૂલ (સલ.) પર ઈમાન અને ઈસ્લામ ના પાંચ પાયા

૧ તે આવનારે કહ્યું, 'હે અલ્લાહના નબી (સલ.) મને ઈસ્લામની ખબર દો' (હકીકત કહો):
૨ આપે (સલ.) તેને કલમાએ શહાદત (લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રરસુલુલ્લાહ (સલ.) કહી સાંભળાવ્યો (યાને કબૂલ કરો કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને મુહંમદ (સલ.) અલ્લાહના રસૂલ છે.)
૩ ત્યાર બાદ આપે (સલ.) કહ્યું.: "નમાજ કાયમ કરો,"
૪ જકાત આપો અને રમજાનના રોઝા રાખો,
૫ શક્તિ હોય તો બૈતુલ્લાહની હજ કરો.
૬ આપે (સલ.) આટલું કહયું ત્યાં તે આવનારે કહયું : "આપે (સલ.) સાચું કહયું."
૭ પછી તે મરદે નબી (સલ.)થી સવાલ કર્યો કે 'હે નબી (સલ.) મને ઈમાનની ખબર આપો.' બધાં હાજર લોકોએ આ સાંભળ્યું.
૮ ત્યારે નબી (સલ.)એ ફરીથી એટલું ફરમાવ્યું: "પહેલાં અલ્લાહ પર ઈમાન લાવો".
૯ અલ્લાહની સિફત (ગુણ) બુઝુર્ગી (મોટાઈ) છે. તેની જાત અનાદિ કાળથી છે.
૧૦ અલ્લાહને કોઈએ જાણ્યો નથી, કે અલ્લાહે કોઈને જાણ્યો નથી, આલમની બધી ખલકત (સૃષ્ટિ) તેણે બનાવી છે.

૧૧ બૂઝો સિફ્ત ઈલાહી, અને અલ્લાહકી જાતી;
સહી ઈસકૂ કદીમ, બૂઝો રે બાતી.
૧૨ અને અવર હૅ પૅદા, સબ હૂઆ રે સંસારા;
યૂં અલ્લાહકૂ બૂઝના, કર દિલ માંહે પિયારા.
રે તૂહી.
૧૩ સબ સિફ્તુસૂ રબ હૅ કદીમ, કદીમ ઉસકી જાતરે,
કદીમ ઉસકી જાત સબ આલિમ પૅદા કિયા,
રબને બૂઝ બાત રે, રબને બૂઝ બાત.

૧૧.૧૨ અલ્લાહની સિફ્ત અને જાતને જાણો અને તેને અનાદિથી (સર્વ પ્રથમ) ગણો, સકળ સંસારને તેણે પછીથી બનાવ્યો.

૧૩ બધીજ સિફ્તોવાળો રબ કદીમ (અનાદિથી) છે. બધાજ આલમોને તેણે પેદા કર્યા છે. તે વાતને જાણો.

---

## ૧૬૧૬

૧ કહયા ફિરિશ્તે ઊપર, લાવે રે ઈમાના;
યૂં નબીજીને કહયા, ફિર રે જાના.
૨ કે ફિરિશ્તે અલ્લાહકે, જાને જો સહી;
વૅ નૂરાની જાતસૂ, હૅ કિયે રે દહી.
૩ કે વે ભી બંદે, હૅ રબ કેરે;
ના વે હુકમ ફેરાવે, કભી બૂઝીઓ સવેરે.
૪ નહીં ફિરિશ્તે કરનાર, બે ફરમાની;
વે હૅ ફરમાની બંદે, ઍસી સિફ્ત રે જાની.
૫ ભી રબકી કિત્તાબ પર, લાવે રે ઈમાના;
એ ફરમાયા નબીને, ફિર ના જાના.
૬ કે કિત્તાબ હૅ રબકી, જે કદીમ કલામાં;
આગે બયાન તો ઉસકા, આવે અકીદેકે ઠામાં.
૭ જૂં કદીમ હૅ બૂઝો, ખાલિકકી જાતી;
યૂં કલામ ભી ઉસકા, હૅ બૂઝો રે બાતી.
૮ વે અખરૂ સેતી કહીએ, નહીં વે વૅસા;
ઉસે નહી અવાજ, કિસી હો જૅસા.
૯ ઍસા કલામ હૅ રબકા, લાહોને ઈમાના;
વે પૅગમ્બર ઊપર, ભેજા રબને જાના.
૧૦ વે હરફ હો સેતી, અને અવાજકે માંહાં;
વે નબીયૂંકૂ ભેજા, કિસી અવરકૂ નાંહાં.
૧૧ વે નબીયૂંકૂ લિખ કર, થા રે ભેજાયા;
કે નૂરકી જીભ પર, વે ભેજ પઢને સુનાયા.
રે તૂહી.
૧૨ કદીમ કલામ હૅ રબકા, જૂં હૅ રબકી જાત રે, જૂં હૅ રબકી જાત; પૅયમ્બરકૂ બૂઝો સહી, સહી કર બૂઝો બાત. સહી કર બૂઝો બાત રે.

---

## બયાન ૧૬૧૬
## (ખ) અલ્લાહના ફરિશ્તાઓ ઉપર ઈમાન લાવો.

૧ તે મરદને નબી (સલ.) એ ફરમાવ્યું: "અલ્લાહના ફરિશ્તાઓ ઉપર ઈમાન લાવો.

૨ ફરિશ્તાઓને અલ્લાહે નૂરની જાતના બનાવ્યા છે. તેમને સાચા માનો.

૩ ફરિશ્તાઓ અલ્લાહના બંદાઓ છે. તેઓ તેના હુકમને ફેરવતા નથી.

૪ તેઓ અલ્લાહની નાફરમાની કરતા નથી. તેમનો ગુણ ફરમાબરદારીનો છે.

૫ પછી નબી (સલ.) એ કહ્યું: "અલ્લાહની કિતાબ પર ઈમાન લાવો.

૬ અલ્લાહની કિતાબ તેનું કદીમ (બહુજજૂનું) કલામ છે (તેનું બયાન આગળ અકીદાના બયાનમાં આવશે)

૭ જેમ અલ્લાહની જાત અનાદિથી છે, તેમ તેનું કલામ પણ બીજા કલામોથી પહેલું છે.

૮ અલ્લાહનું વર્ણન અક્ષરોથી થઈ શકે નહિ. તેને કોઈના જેવો અવાજ પણ નથી.

૯ અલ્લાહે તેનું કલામ પયગંબર (સલ.) પર ઉતાર્યું છે, તેની ઉપર ઈમાન લાવો.

૧૦ અલ્લાહે તેનું કલામ હરફો અને અવાજમાં નબીયો સિવાય કોઈની ઉપર મોકલ્યું નથી.

૧૧ અલ્લાહે તેનું કલામ નબીયોને મોકલાવ્યું અને નૂર (યાને જીબ્રઈલઅ.સ)ની જીભેથી નબીયોને પઢી સંભળાવ્યું.

૧૨ અલ્લાહની જાત જેમ કદીમ છે, તેમ તેનું કલામ પણ કદીમ છે. પયગંબર અને તેમની વાતને સાચી માનો.

### ૧૬૧૭

૧ સો ખાતિમ નબીકૂ, ભેજા રે કુરાના;
સો કુરાન મજીદ, નામ રે, જાના.
૨ એ પુરકાન કિતાબ, જિસે કહતે હૅ નામા;
એ નામ હૅ કહતે, કુરાનકે ઠામા.
૩ એ અફજલ દૂજી, કિતાબૂસૂ જાનો;
એક દૂજી કિતાબસૂ, ઉસે બુજૂરગ માનો.
૪ કે ઈસ માંહે સધલા, લિખીઆ બયાના;
ઍસા ખાતિમ નબીકૂ, નેહ કિયારે રહમાના.
૫ સબ હકીક્ત દીનકી, ઈસ ક્લામ માંહે પાવે;
દૂજી કિતાબ ઍસી, ના હૅ રે સુનાવે.
૬ જૂં ઈબ્રાહીમ નબીને, ગવાહી હૅ દીતી;
સો મિઅરાજ નામે માંહે, લિખ કર લીતી.
૭ યૂં અફ્જલ કુરાન, સબૂસૂ કહીએ;
સો દૂજી કિતાબૂ, સેતી રે લહીએ.
૮ સો લેખે રે માંહે, હૅ એક સૉ ચારા;
યૂં નબીયૂકે ઊપર, કિયા કરમ સત્તારા.
૯ અને મશહૂર ચાર, હૅ કિતાબૂકે નામા;
વે તો સબ કોઈ બૂઝે, જગકે ઠામા.
૧૦ સો તૉરૅત ને જબૂર, ઈન્જીલ કહીએ;
અને કુરકાન કુરાન, નામસૂ લહીએ.
૧૧ એ ક્લામ હૅ રબકા, લાહો રે ઈમાના;
હૅ કુરાન અફ્જલ, સબૂસૂ જાના.
૧૨ એ હૅ ઈમાનકી રીત, સુન કર લીજે;
અને એક કર રબકૂ, મન ઈતના દીજે. રે તૂહી.
૧૩ નૂરી બદે રબકે, યૂં લાહો ઈમાન રે,
યૂં લાહો ઈમાન; કદીમ ક્લામ હૅ રબકા,
બૂઝો મનકે ધિયાન રે, બૂઝો મનકે ધિયાન.

### બયાન ૧૬૧૭

### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે:

૧.૨ ખાતેમુન્નબી (સલ.) ઉપર અલ્લાહે કુરઆન મજીદ મોકલ્યું, જેને ફુરકાન પણ કહે છે.

3 કુરઆન બીજી કિતાબોથી અફઝલ (શ્રેષ્ઠ) છે. બીજી કિતાબોથી તેને મોટું માનો.

૪.૫ અલ્લાહે નબી (સલ.) થી એવો પ્રેમ કર્યો કે તેમની ઉપર કુરઆન ઉતાર્યુ જેમાં સઘળાં બયાનો લખેલાં છે. દીનની બધી હકીક્ત તેમાં લખેલી છે. તેના જેવી બીજી કોઈ કિતાબ નથી.

૬.૭ હઝ ઈબ્રાહિમે (અ.સ) આ કલામની ગવાહી આપી હતી. તેનું બયાન 'મેઅરાજનામા'માં લખ્યુ છે. બીજી કિતાબોથી કુરઆનને શ્રેષ્ઠ ગણો.

૮.૧૦ નબીયો ઉપર કરમ કરીને અલ્લાહે એકસો ચાર [૧] કિતાબો તેમની ઉપર મોકલી, તેમાંની ચાર મશહુર કિતાબોને જગતમાં સૌ કોઈ જાણે છે. તે કિતાબો આ છે. તૌરાત (હુઝ. મુસા (અ.સ.) ઉપર), જબૂર (હઝ. દાઉદ (અ.સ.) ઉપર) ઈન્જીલ (હ.ઈસાઅ.) અને કૂરઆન (હઝ. મુહમ્મદ (સલ.) ઉપર).

૧૧ અલ્લાહનું ક્લામ કુરઆન બધા કલામોથી શ્રેષ્ઠ છે. તે ઉપર ઈમાન લાવો.

૧૨ ઉપરોક્ત ચીજો ઉપર ઈમાન લાવવું એ ઈમાનની રીત છે. અલ્લાહને મનથી એક ગણીને કહો.......... રે તું-હી

૧૩ ફરિશ્તાઓ અલ્લાહના બંદાઓ છે. અલ્લાહનું કલામ બધાજ કલામોથી પહેલું છે. એવું મનથી ઈમાન લાવો.

---

### ૧૬૧૮

૧ ભી રબકે રસૂલ પર, લાહો રે ઈમાના;
એ ફરમૂદા નબીકા, ફિર હૂઆ રે જાના.
૨ કે પૅગમ્બર રબકે, સહી રે જાનો;
વે હૅ રબને ભેજાએ, સચ કર માનો.
૩ કે ખલ્કકે કાજે વે રબને ભેજાએ;
સહી રબકે ભેજે, રસૂલ રે આએ.
૪ સો રાહકે દેખાનાર, ખલ્ક હો કેરે;
ઈસ કાજે રબને, ભેજે રે સવેરે.

### ૧૬૧૮

### (ગ) અલ્લાહના રસૂલો ઉપર ઈમાન લાવો.

૧ પછી નબી (સલ.)એ કહ્યું: "અલ્લાહના રસૂલો ઉપર ઈમાન લાવો".

૨.૪ અલ્લાહે મોકલેલા પયગંબરોને સાચા માનો, અલ્લાહે તેમને ખલ્ક (સૃષ્ટિ) માટે મોકલ્યા છે, જેથી તેઓ તેમને સહી રાહ દેખાડે.

(૧) આ ચાર કીતાબો ઉપરોત ૧૦૦ સહીફા (લઘુગ્રંથો) આપ્રમાણે ઉતાર્યા છે. ૫૦, હ.શીષ્સ (અ.સ.) ઉપર ૩૦, હ. ઇદ્રીસ (અ.સ.) ઉપર ૧૦, હઝરત ઈબ્રાહીમ (અ.સ.) ઉપર અને ૧૦, હઝરત આદગ (અ.સ.) ઉપર

૫ બૂઝો મુઅજિજે નબીયૂં, કેરે સહી;
સો આજિજ કરનાર, કિયે રે દહી.
૬ અને નિશાનીઆં બૂઝો, નબીયૂં કેરી;
એ સહી કર બૂઝના, હૅ રે સવેરી.
૭ સબ નબીયૂંકૂ ઈમાન, લાના રે સહી;
એ વાજીબ હૅ બૂઝના, ખબર રે કહી.
૮ કે કિસી માંહે ફરક, કરના નાંહાં;
ના ફરક રે કરના, નબી અસલકે માંહાં.
૯ કે નુબૂવત સબકૂ, સરખી જાનો;
સબ નબીયૂંકૂ, ઈમાન યૂં રે આનો.
૧૦ અને નબીયૂંસૂ, ગુના હૂઆ રે નાંહાં;
એ ભી ઈમાન રે સાચા, બૂઝો મન માંહાં.
૧૧ સહી મોહમ્મદ મુસ્તફા, ખાતિમ રે જાનો;
એ સુલ્તાન ઉમ્બીઆ, હૅ રે પિછાનો.
૧૨ એ નૂરકી મૉલૂદમાં, હૅ દેખના બયાના;
કે ખાતિમકી રબને, કૅસી કીતી હૅ શાના.
૧૩ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને એક કર કહો, દિન ઑર રાતી. રે તૂહી.
૧૪ બૂઝે ખાતિમ નબીકૂ, જહાં તક ઉગે સૂર રે,
જહાં તક ઉગે સૂર; જિન બૂઝે ભી નૂરિયાં,
હૅ જે રબ હુજૂર રે, હૅ જે રબ હુજૂર.

૫.૬ નબીયોના મોઅજીજાઓ (ચમત્કારો) નબીયોને માનવા માટે માણસોને મજબૂર કરેછે. તમે મોઅજીજાઓને પણ સાચા માનો.

૭.૮ બધાજ નબીયો ઉપર ઈમાન લાવવું વાજીબ છે. તેમજ નબીયોની અસલિયતમાં કોઇ નબી વચ્ચે ફરક ગણવો નહિ.

૯ બધાજ નબીયોની નબૂવતને સરખી માનો, ને તે બધાય ઉપર ઈમાન લાવો.

૧૦ નબીયોથી ગુનાહ થતા નથી, યાને નબી (૧) માસૂમ હોય છે, તે વાત પર ઈમાન લાવો.

૧૧ મુહમ્મદ મુસ્તુફા (સલ.) ઉપર નબુવત ખતમ થઈ ગઈ. આપ (સલ.) અંબિયાઓના સુલતાન છે. એમને ઓળખો.

૧૨ અલ્લાહે નબી (સલ.)ની કેવી શાન બતાવી છે તે 'નૂરનામા'ની મજલિસ (બયાન)માં જોઇ લો.

૧૩ દીનની વાત સાંભળી પોતાને પાક કરો અને અલ્લાહને રાતદીન એક માની કહો...... રે તુંહી

૧૪ જ્યાં સુરજ ઉગે છે ત્યાં સુધીમાં અલ્લાહની હુજૂરમાં રહેતા બધા ફરિશ્તાઓ હઝ મુહમ્મદ (સલ.)ની શાન વિષે જાણે છે.

---

## ૧૬૧૯

૧ ભી આખિરત દિનકૂ, લાહો રે ઈમાના;
એ ફરમૂદા નબીકા, ફિર હૂઆ રે જાના.
૨ કે આખિરકા દિન, નબીજીને આખા;
મુજ પીછે રે આવે, યૂં કહ કર દાખા.
૩ સો કિયામત કેરા, બૂઝો રે દના;
કે યૂં ઈમાન ઈસ પર, રાખો રે મના.
૪ અને સહી કર બૂઝો, હાલ કિયામત કેરા;
સબ હાલ પર ઈમાન, લાહો રે સવેરા.
૫ સો કબરકા અજાબ, સહી કર જાનો;
અને નિઅમતા ભી સહી, ગોર માંહે પિછાનો.
૬ ભી કિયાતમ કેરી, સહી બૂઝો રે નિશાની;
એ સહી કર બૂઝને, હો રે ઈમાની.
૭ કે રબકે હુકમસૂ, સૂર રે ફૂંકાવે;
જબ કિયામત કેરા, દિન રે આવે.

## બયાન ૧૬૧૯

### (ધ) આખેરતના દિવસ પર ઈમાન લાવો.

૧.૩ પછી નબી (સલ.) એ કહયું: "આખેરતના દિવસ પર ઈમાન લાવો. આખેરતનો દિવસ મારી પછીના જમાનામાં આવશે તે દિવસ એ ક્યામતનો દિવસ છે. તેની ઉપર ઈમાન લાવો".

૪ ક્યામતના પૂરેપૂરા હાલ પર ઈમાન લાવો.

૫ કબરના અજાબ અને નેઅમતોને સાચી જાણો.

૬ ઈમાનવાળાઓ ! ક્યામતની નિશાનીઓને સાચી માનો.

૭.૮ જ્યારે ક્યામતનો દિવસ આવશે ત્યારે અલ્લાહના હુકમથી 'સૂર' ફુંકાશે, ત્યારે જમીન અને આસમાન તેની ફુંકે ઉડી જશે. અને બધીજ

(૧) કેટલાક લોકો સૈયદો, બાપુઓ, પીરો વિ. ને માસૂમ સમજી તે તેમને બક્ષાયેલા સમજી ગંભીર ભૂલ કરેછે.

૮ તબ જમી આસમાન, ફૂકે ઉડ જાવે;
તબ સારી ખિલક્ત, રબ ફના રે કરાવે.
૯ ફિર ફના બાજ ઉઠાવે, અપના દહી;
તબ હિસાબ લેવેગા, એ ભી બૂઝો રે સહી.
૧૦અને તોલાવે અમલ, તરાજૂ મીજાના;
ભી બહિશ્ત ને દોજખ, પર રાખ રે ઈમાના.
૧૧એ આખિરત નિશાની, હક્ક કર લીજે;
યૂં હોના ઈમાની, ચિત ઈતના દીજે. રે નૂહી.
૧૨હક્ક કર કિયામત જાનીએ, કિયામત કેરા દન રે,
કિયામત કેરા દન; ભી નિશાની કિયામત કેરડી,
હક્ક કર રાખો મન રે, હક્ક કર રાખો મન.

સૃષ્ટિને અલ્લાહ ફના કરશે.

૯.૧૦ સૃષ્ટિ ફના કર્યા બાદ અલ્લાહ આપણને ફરીથી ઉભા કરશે અને હિસાબ લેશે, અને મિજાન (ત્રાજવું) પર આપણા અમલોને તોળશે, તે વાત ઉપર અને જન્નત અને દોઝખ ઉપર ઈમાન લાવો.

૧૧ આખેરતના દિવસની આ નિશાનીઓને સાચી માની ઈમાનવાળા બનો અને દિલથી કહો ....... રે તુંહી

૧૨ કયામતના દિવસ અને તેની નિશાનીઓને હક માનો.

૧૬૨૦

૧ ભી ખાતિમ નબીને, એતા ફરમાયા;
સો સુન સુન સહી કર, હૅ રે લિખાયા.
૨ કે તકદીર ખૅર, ખૅર રે જાનો;
સહી ઈસકે ઊપર, ઈમાન રે આનો.
૩ કે સબ ચીજ નેક ને, બદ રે સારી;
સબ સુરજનહારે, હૅ રે સન્વારી.
૪ પછે જો કુછ હોવે, સો તકદીર માંહાં;
કુછ રબ બિના ઑર કો, પૅદા કરનાર નાંહાં.
૫ એ પહલી ફસલ માંહાં, સબ લિખિયા ભેદા;
ભી આગે લિખાવે, ઍસા હૅ રે ઉમેદા.
૬ હાલે ઝાડ કેરે પાતા, વે ભી તકદીર સેતી;
જેતી તિલ પલ મુદ્દત, લિખાઈ તેતી.
૭ ઈસ રીતે બૂઝો, સબ તકદીર માંહાં;
એક તિલ પલ લિખે બિન, રહા રે નાંહાં.
૮ યૂં નેકી ને બદી, સબ રબસૂ જાનો;
દીઆ રબને કસ્બ, કર બદેકૂ માનો.
૯ કે નેકી બદી તકદીર, સબ રબને લિખાઈ;
જે કઝા રે કાદીર, નામ હૅ સુનાઈ.
૧૦અને સવાબ ને અજાબ, હૅ ઉસકૂ મિલાયા;
જૂં નેકી ને બદીકા, નામ રે ધરાયા.
૧૧કે નેક કામ રાજી, રબ હોવે રે મેરા;
અને બુરે કામૂ અજાબ, વે કરેગા સવેરા.
૧૨હોવે સવાબ સો ફજલ, રબકા જાનો;
કરે અજાબ સો અદલ, સેતી રે પિછાનો.
૧૩હિસાબકા કરનાર, સુરજનહારા;
સબ તકદીર માંહે, બૂઝો દિલકે કરારા.

૧૬૨૦

## (ચ) તકદીરે પર ઈમાન લાવો.

૧.૨ નબી (સલ.) એ એમ ફરમાવ્યું કે તકદીરને ખરૂં જાણો, અને તેની ઉપર ઈમાન લાવો. (આપના ફરમાન સાંભળીને તેને લખવામાં આવ્યાં છે).

૩ બધી ચીજો સારી કે નઠારીને સર્જનહારે બનાવી છે.

૪ જે કાંઇ તકદીરે લખાયું છે તેને રબ વિના કોઈએ પેદા ક્યુઁ નથી.

૫ પીર મશાયખ (રહે.) કહે છે કે તકદીર વિષે કિતાબ–પહેલી ફસલમાં લખ્યું, છે. અને હવે પછીની ફસલોમાં લખવાની ઉમેદ છે.

૬.૭ ઝાડનું પત્તુ હાલવું, જેટલી મુદ્દત કે પળો લખાઇ તેટલી, એ બધું તકદીરથી છે. એક પળ પણ લખ્યા વિનાની નથી.

૮.૯ તકદીરમાં નેકી ને બદી બધું અલ્લાહ તરફથી લખાયેલ છે. તેણે બંદાને કસ્બ (કારીગરી) કરી યાને બનાવીને તકદીર આપ્યું છે. જેને કઝા–કદર કહે છે.

૧૦.૧૧ તેથી, નેકીથી સવાલ અને બદીથી અઝાબ મળે છે. નેક કામથી રબ રાજી રહે છે. અને બૂરાં કામથી અઝાબ કરે છે.

૧૨ સવાબ મળે તો અલ્લાહની મહેરબાની સમજો, અને તે અઝાબ કરે તો તેને તેનો ન્યાય સમજો.

૧૩ સર્જનહાર હિસાબ કરનારો છે અને હિસાબ તકદીરમાં લખાયેલો છે, એમ દિલથી માનો.

(૧) તકદીર ના બયાનો ઈમાન ભાગ ૨ માં પીર મશાયખે (રહે.) લખ્યા છે

૧૪ જૂં બહિશ્તિ ને દોજખ, નેકી બદીકિ ઠામા;
હો ઈમાની મૂમિન, લે ઈતના નામાં. રે તૂહી.
૧૫ નેકી બદી રબથી જાનીએ,
સબ તકદીરકે માંહી રે, સબ તકદીરકે માંહી રબે
સબ પૅદા કિયા, અવર બૂઝો કો નાંહી રે,
અવર બૂઝો કો નાંહી.

૧૪ જન્નત નેકીથી અને દોઝખ બદીથી છે, મોમિન!
ઈમાનવાળો બનીને અલ્લાહનું નામ લે
અને કહે..... રે તુંહી
૧૫ નેકી અને બદી અલ્લાહે તકદીરમાં લખેલી છે,
તકદીરને અલ્લાહ સિવાય કોઈએ બનાવ્યું નથી.

### ૧૬૨૧ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો,
ખાલિક પિછાનો અપના, નિસદિન
નામ જપના;
૨ સુનો જીવ હો, સુનો વીર હો,
ઍસી કીતી જિને દેહા, રાખો નેહાજી
વંશ આદમ સબ જગ માંહાં, ઈમાની
સબ હૅ રે નાંહાં; દીન દાવે હૅ રે પડીએ,
ટોલે કરીએ જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો, એક કૂ હૅ ભૂંડા
કહતે, ટોલે જે હૅ જગતમાં રહતે; વારૂ આપકા
બૂઝા દીના, જૂં ચિત કીના જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો, સબ હૅ આવ
ગમારા તે, સબ પંથ વે હૅ રે ચાતે; ખોટા પંથ હૅ
કમાતે દિલકૂ ચાતે જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો, જે એક રબકૂ
જાને સહી, નબીયૂંસૂ જૂં ખબર લહી;
ધરીઆ ઉસકા મૂમિન નામા, એ જગ ઠામાં જી
૬ સુનો જીવ હો, સુનો વીર હો, મૂમિન તો હોવે
ઈમાની, જૂં રાહા નબીયૂં સેતી જાની; સુનો
ઈમાન કેરા બયાના, મનકે ધિયાના જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો, જો ઈમાની હોવે
નાંહાં, દીન બાત મન લાવે નાંહાં; હૂઆ મૂમિન
ક્યૂં વે કહીએ, સુન લહીએ જી.
૮ સુનો જીવ હો, સુનો વીર હો, બહુત હૅ ટોલે યૂં
દેખાતે, વે નહી મૂમિન કહલાતે; પટંતરા સુન
એ લીજે, ચિત દીજે જી.

### બયાન ૧૬૨૧

**પીર મશાયખ (રહે.) કહેછે: સાંભળો જીવ! સાંભળો વીર!**

**આદમ (અ.સ.)નો બધો વંશ ઈમાન વાળો નથી**

૧ આપણા પેદા કરનારને ઓળખો, રાતદિન તેનું નામ જપો, તેણે આપણો દેહ બનાવ્યો છે. અલ્લાહથી પ્રેમ રાખો.
૨ જગતમાં આદમ (અ.સ.)નો વંશ બધેજ છે. તે બધા ઈમાનવાળા નથી, દીનના દાવે તેઓનાં અલગ ટોળાં થઇ ગયાં.
૩ આ ટોળાંઓ એક બીજાને ભૂંડાં કહે છે, 'જોયો હવે તમારો દીન', એમ એક બીજાને કહે છે.
૪ ઈસ્લામ શિવાયનો પંથ ચાહનારા બધા ગમારો છે, એવું ચાહીને ખોટો પંથ કમાય છે.
૫ નબીયોથી ખબર મળી છે કે જે એકજ અલ્લાહને માને છે તે મોમિન છે.
૬ જે નબીયોની બતાવેલી રાહા પર ચાલે તે ઈમાનવાળો મોમિન છે, મનના ધ્યાનથી ઈમાનનાં બયાનો સાંભળો.
૭ જે ઈમાનવાળો ન હોય તે દીનની વાત મનમાં લે નહિ, તેવાને મોમિન કેમ કરીને કહેવાય.
૮ આજ દાખલો મનમાં લો કે માણસોનાં ઘણાં ટોળાં છે તે બધાય મોમિન નથી, એટલે દીનની વાત મન કેમ ધરે?

### ૧૬૨૨ પદ.

૧ સુન સુન મૂમિન દીનકી બાતાં, સાચે હો
ઈમાની; અરે આદમ વંશસૂ સબ જગ ભરીઆ,
મૂમિનકી એ નિશાની.

### બયાન ૧૬૨૨

**પીર મશાયખ (રહે.) કહે છે.**

**બધા પોતાના પંથને સાચો માને છે.**

૧ આદમ (અ.સ.) ના વંશથી બધું જગત ભરેલું છે, દીનની વાતો સાંભળીને ઈમાનવાળો થાય તે મોમિન થવાની નિશાની છે.

૨ ટોલે હો ટોલે ફરજંદ આદમ, ચલતે હૅ મનકી
રાહા; વે ભી આપ ગમતે કાલેવાલે, કરને કરની
કમાહા.
૩ અરે નિસદિન વે રાહા કમાતે, નેહસૂ પંથ હૅ
ચાતે; જૂં ઈનૂ મનસૂં પંથ હૅ બાંધા, ઉસ પર
ચલ હૅ જાતે.
૪ તિલ એક આગા પીછા પંથમાં, કરે નહી વે
બૅના; અરે પંથ દૂજેકૂ ભૂંડા કહતે, એ મન
સમજને લેના.
૫ મૂમિન હોના જો તુજકૂ ચાવા, સુન તો દીન મન
ભાવા; અરે બાત ઈમાનકી સુન સુન ભાઈ,
સાચી કરની કમાવા.
૬ જો ઈમાન સાચા કરે નાંહાં, મૂમિન નાં તુજે
કહના; તૂં દૂજે ટોલે જે જગ માંહાં, તુજકૂ તૂં હૅ
રહના.
૭ અરે મૂમિન નામ હો દિલમાં દીનકી,
રાખે ના જે પીતા; તો મૂમિન ટોલેકે માહે નહીં,
સાચી બૂઝો એ રીતા.
૮ જૂં સબ ટોલે આ પંથ માંહાં, કરની હૅ રે કમાતે;
સારી હકીક્ત પંથ જે કેરી, સુન સુન હૅ રે કમાતે.
૯ અરે ખોચરા નહી પંથ આપસકા, કરાતા કો જગ
માંહાં; જો આંખાં હોવે ફિર દેખો જગકૂ, બૂઝો
એ મનકે માંહાં.
૧૦ ગાફિલ બૂઝો પટંતરા સાચા, સુન સુન હોરે
ઈમાની; દીનકી બાત જો સધલી બૂઝે, તો
મૂમિનકી નિશાની.

૨ આદમ (અ.સ.)ના ફરજંદોનાં ટોળાં પોત પોતાના
મનની રાહ પર ચાલે છે. અને પોતાને ગમતી રીતે
બંદગી કરીને કરણી કમાવા ચાહે છે.
૩ તેઓ પોતાના મનથી બાંધેલા પંથને પ્રેમથી
ચાહીને, રાત દિન તેના ઉપર ચાલી, પોતાની
રાહ કમાવા ચાહે છે.
૪ તેઓ પોતાના પંથની વાત (બયાન) માં જરાપણ
આઘુ પાછું કરતા નથી. અને બીજાના પંથને ભૂંડો
કહેછે, તે વાતને તમે સમજો.
૫ સાચી કરણી કમાવા તને મોમિન થવાની ચાહના
હોય, અને દીન પર મનથી ભાવ હોય, તોતું
ઈમાનની વાત સાંભળ.
૬ તું ઈમાન સાચું ન કરે તો તું મોમિન કહેવાય નહિ,
અને બીજાં ટોળાં માંનો ગણાશે, અને તેમને
ત્યાં જ રહીશ.
૭ તું મોમિન હોય અને દિલમાં દીનથી પ્રિત ન રાખે, તો
તું મોમિન ટોળાં માંથી નથી એ સાચી વાત છે.
૮ બધાં ટોળાં પોતાના પંથમાં આવીને કરણી કમાય છે
અને પોતાના પંથની હકીક્ત અમલ કરવા સાંભળે
છે.
૯ જગતમાં કોઈ પોતાના પંથને ખોડવાળો કહેતું નથી,
આંખો હોય તો જગતમાં ફરી જોઈને જાણીલો.
૧૦ ગાફિલો ! તમે આ સાચા દાખલા જાણી દીનની વાતો
સાંભળી ઈમાનવાળા બનો, દીનની સઘળી વાતને
સમજવું મોમિનની નિશાની છે.

---

## ૧૬૨૩ નજમ.

૧ મુનાફિક મૂમિનકી ટોલી રે, તમે સુનો રે;
છોડો તમે જૂઠી બોલી રે, તમે સુનો રે.
૨ મૂમિન હો નામ કહલાતે રે, તમે સુનો રે;
બાત દીન મન નહીં લાતે રે, તમે સુનો રે.
૩ બયાન ઈમાન નહીં ચાતે રે, તમે સુનો;
કહો તમે કૈસે હો કહલાતે રે, તમે સુનો રે.
૪ સબ ટોલે સેવા આપ કરતે રે, તમે સુનો રે;
જૅસા પંથ મન માંહે ધરતે રે, તમે સુનો રે.
૫ મેસરી જો માને અવતારા રે, તમે સુનો રે;
મહાવીર શ્રાવક પિયારા રે, તમે સુનો રે.
૬ જ્યોતિયે દીપક દાજાવે રે, તમે સુનો રે;
ઍસી રીતે બહુત હૅ દેખાવે રે. તમે સુનો રે.

---

## ૧૬૨૩
## પીર મશાયખ (રહે.) કહે છે. 'તમે સાંભળો' મુનાફિક પણું છોડો

૧ મુનાફિક મોમિનોની ટોળી ! તમે જૂઠીવાત છોડીદો.
૨ તમે પોતાને મોમિન કહોછો, અને દીનની વાત મનમાં
લેતા નથી.
૩ તમે કેવા છો કે ઈમાનની વાત ચાહતા નથી ?
૪ બધાંજ ટોળાં પોત પોતાના પંથ મુજબ ઈબાદત
કરે છે.
૫ મહેશ્વરીઓ અવતાર માને છે. શ્રાવકો મહાપાતવીર
ને પ્યાર કરે છે.
૬ કોઈ આગની પૂંજા કરેછે. એ રીતે બધાય પોતાના
પંથે દેખાય છે.

૭ દૂજેકૂ હૅ ભૂંડા દૂજા ક્હતા રે, તમે સુનો રે;
આપ પંથ સાચા હૅ લેતા રે, તમે સુનો રે.
૮ ખોટે રાહે રાખતે હૅ નેહા રે, તમે સુનો રે;
ગાલતે હૅ આપકી દેહા રે, તમે સુનો રે.
૯ ધરાતે હૅ મૂમિન નામા રે, તમે સુનો રે;
કરે ન તો દીનકે કામા રે, તમે સુનો રે.
૧૦ મૂમિનકા મૂલ હૅ ઈમાના રે, તમે સુનો રે;
ઘોર તૅ વે સહી ના જાના રે, તમે સુનો રે.
૧૧ તો તૂ મૂમિન નાંહાં રે, તમે સુનો રે;
બાત દીન કરે જીભ માંહાં રે, તમે સુનો રે.
૧૨ અબ તૂ કિસ ટોલી કેરા રે, તમે સુનો રે;
ગધે જૅસા હૂઆ તૂ સવેરા રે, તમે સુનો રે.
૧૩ ઠગાઈસૂ નતીજા એ પાયા રે, તમે સુનો રે;
ઠગ માંહે તુજે સબૂ બાયા રે, તમે સુનો રે.
૧૪ ઈતિબાર તેરા રહા નાંહાં રે, તમે સુનો રે.
ક્બૂલે નાંકો જગ માંહાં રે, તમે સુનો રે.
૧૫ ફટ ફટ જીવતર તેરા રે, તમે સુનો રે;
સાચા મન સુનીઓ સવેરા રે, તમે સુનો રે.

### ૧૬૨૪ પહલ.

૧ ભાઈ તો દીનકે ધવ ધવ આહો રે;
બાતાં તો દીનકી સુન મન લાહો રે.
૨ સુન સુન બૅના ઈમાન ઈમાની રે;
મૂમિન કેરી જે હૅ નિશાની રે.
૩ ફુલ વે ચમ્બેલીકા બાસસૂ નામા રે;
જબ લગ બાસ વૅસી ઉસ ઠામા રે.
૪ જબ વે બાસના ફુલથી જાવે રે;
ફુલ તો એકલા નામ ક્હાવે રે.
૫ બાસના સેતી ચમ્બેલી થે ક્હતે રે;
વૅસી જે બાસના સૂંધ થે લેતે રે.
૬ એ રીતે મૂમિન કેરી જાનો રે;
ઈમાન નામ સહી પિછાનો રે.
૭ નહીં તો મૂમિનકા નામ જાવે રે;
ફરજંદ આદમ કેરા ક્હાવે રે.
૮ જૂં તેલ પાકા ફુલેલ ક્હીએ રે,
બાસના સેતી એ નામ લહીએ રે.
૯ જબ વે બાસના તેલથી ગહી રે;
કાચા તો તેલ ક્હલાવે સહી રે.
૧૦ યૂં બૂઝો મૂમિન કેરી રીતા રે;
જબ લગ ઈમાન ઉસ દિલ પીતા રે.

૭ તેઓ બીજાના પંથને ભૂંડો કહેછે, અને પોતાના પંથને સાચો કહે છે.
૮ તેઓ ખોટા તરીકા પર પ્રેમ રાખી પોતાની જાતને ઘસાવે છે.
૯ અને, તમે મોમિન નામ ધરાવીને પણ દીનનાં કામ કરતા નથી?
૧૦ મોમિન નું મૂળ ઈમાન છે. ઈમાન ઘોરી (મુખ્ય) છે તે કેમ જાણતો નથી.
૧૧ તું ફક્ત જબાનથી ઈમાન વગર દીનની વાત કરે તો મોમિન નથી.
૧૨ ક્હે. તું હવે કઇ ટોળીમાં છે? ગધેડા જેવોજ રહયોને[1] !
૧૩ તેં, દીનથી ઠગાઇ કરવાને લીધે જે આવું પરિણામ મેળવ્યુ, તને બધાયે ઠગના ટોળામાંનો ગણ્યો.
૧૪ તારા જેવા મુનાફિકનો ભરોસો રહયો નથી, અને તારો કોઇ ભરોસો કરતું નથી.
૧૫ સાચા મનથી સાંભળ! તારૂં જીવતર એક ફિટકાર છે.

### બયાન ૧૬૨૪

## પીર મશાયખ (રહે.) ક્હેછે.

## ઈમાન વિના ફક્ત ઈન્સાન છે

૧ દીનના ભાઈ! દીનની વાતો સાંભળવા દોડી આવો, અને સાંભળીને મનમાં લો.
૨ ઈમાનવાળા ! ઈમાનનાં બયાન સાંભળ, સાંભળવું ઈમાનની નિશાની છે.
૩.૫ ચમેલીનું ફુલ, જ્યાં સુધી તેનામાં સુવાસ હોય ત્યાં સુધી ચમેલીનું સુવાસિત ફુલ ક્હેવાય, તેનામાંથી વાસ જતી રહે તો ફક્ત ફુલજ ગણાય, તેની વાસને લીધે તેને ચમેલીનું ફુલ કહી સુંઘીયે છીએ.
૬.૭ એજ રીતે મોમિન અને ઈમાનની છે. ઈમાન જતું રહે તો મોમિન મટીને ફક્ત આદમની ઓલાદ જ રહે.
૮.૯ ફુલાવેલા પાકા તેલમાં વાસ હોય છે, તેલમાં વાસ ન હોયતો તે કાચું તેલ ક્હેવાય છે.
૧૦.૧૨ એજ રીત મોમિનની છે, જ્યાં સુધી તેના દિલમા ઈમાનથી પ્રિત હોય ત્યાં સુધી તે મોમિન છે, નહિતો

(૧) મોમિન નામ ધરી મુનાફિક પણું રાખીને દીનની વાત ન માનનારને તાણો માર્યા છે.

૧૧તબ તક મૂમિન ઈસકા નામા રે;
ઈસકૂ તો બહિશ્તી બૂઝો અંતે ઠામા રે.
૧૨નહીં તો મૂમિન ના કહલાયા રે;
ફરજંદ આદમ માંહે ગિનાયા રે.
૧૩પત્થર સુનતા જો બાતી રે;
પટંતરાથી હોતી પાક જાતી રે.
૧૪ગાફિલ સુન એ નસીહત બૅના રે;
સાચા સહી કર ચિંત દેના રે.

મોમિન મટીને આદમનો ફરજંદજ ગણાય, મોમિન અંતે તો જન્નતીજ છે.

૧૩ પત્થર પણ જો મારી વાત સાંભળતો, તો આ ઉદાહરણથી પોતાને પાક કરી લેતો.

૧૪ ગાફિલ! આ નસીહતનાં બયાન સાંભળ અને તેને સાચાં માની મનમાં ઉતાર.

---

### ૧૬૨૫

૧ જબ નબીજીને બયાન, કીઆ ઈમાન કેરા;
તબ સિદક તો કરને, બોલા મરદ સવેરા.
૨ કહા મરદને સચ કર, નબી એ મૅં લીતા;
જૂં ઈમાન કેરા, તમૂ બયાન રે કીતા.
૩ ફિર મરદને ઈતના, કહ કિયા રે સૂઆલા;
આખો નબી તમના, ઈહસાનકા હાલા.
૪ કે ઈહસાન નામ હૅ, કાત કેરા;
વે નબીજી મુજેકૂ, કહો જી સવેરા.
૫ તબ ઈહસાનકા બયાન, નબીજીને આખા;
એક કરની એ ઈબાદત, રબકી દાખા.
૬ જૂં તૂ રબકૂ, હૅ દેખે રે જાને ;
ઍસી ઈબાદત ઉસકી, સહી મન માંહે આને.
૭ જૂં હયાત ને મૉત, હૅ હિલના ચલના;
અને રોજી જૂં પહુંચાતા, વે હૅ રે સુનના.
૮ યૂં કહી રીતે તો રબકૂ, બૂઝે દિલકે નૈના;
કભી દેખતા નહીં, આપકે તૅના.
૯ પન રબ તુજકૂ, હૅ દેખે રે સહી;
કે બંદેકૂ હૅ દેખતા, આપ રે દહી.
૧૦યૂં ઈબાદત રબકી, બૂઝો હૅ કરની;
હૅ ઈહસાનકી રીત, એ મન માંહે ધરની.
રે તૂહી.
૧૧ઈબાદત રબકી કરની, ઈહસાન ઉસકા નામ રે,
ઈહસાન ઉસકા નામ; નબીજી એ ફરમાહીઆ,
સુન રાખો દિલ ઠામ રે, સુન રાખો દિલ ઠામ.

### બયાન ૧૬૨૫
### (છ) ઈબાદતમાં ઈહસાન કરો.

૧.૨ જ્યારે નબી (સલ.)એ ઈમાનનું બયાન કર્યુંત્યારે તે આવનાર મરદે કહયું ' હે અલ્લાહના નબી (સલ.), તમોએ ઈમાનનું જે બયાન કર્યું તેને હું સાચું માનું છું'

૩.૪ પછી તે મરદે કહયું: "હે અલ્લાહના નબી (સલ.), ઈહસાનનો હાલ કહો, ઈહસાન કોને કહેવાય તે મને કહો."

૫.૬ ત્યારે, નબી (સલ.)એ ઈહસાનનું બયાન કર્યુંકે 'અલ્લાહની ઈબાદત એ રીતે કરો કે જાણે ઈબાદત કરતાં તમે અલ્લાહને જુઓ છો.'

૭.૧૦ હયાત અને મોત, હાલવું અને રોજીનું પહોંચાડવું અલ્લાહના હાથમાં છે. એમ કેટલીયે રીતે અલ્લાહની કુદરતને જાણી લો, અગર તમે ઈબાદતમાં અલ્લાહને જોઈ નથી શકતા તો એમ માનોકે, અલ્લાહ તમને જુએ છે. આવી રીતે ઈબાદત કરવી એ ઇહસાનની રીત છે. તેને ધ્યાનમાં લો અને કહો.......... રે તું – હી

૧૧ નબી (સલ.)એ જેમ ફરમાવ્યું તેમ અલ્લાહની ઈબાદત કરવી એનું નામ ઇહસાન છે. આ હદીસ સાંભળીને દિલમાં રાખો.

---

### ૧૬૨૬

૧ ઉન મરદને સુનકર, એ સહી કર લીતા;
ફિર કિયામત કેરા, સૂઆલ રે કીતા.

### બયાન ૧૬૨૬
### (જ) કયામતની નિશાનીઓ.

૧ તે આવનાર મરદે નબી (સલ.)ની વાત સાંભળી સાચી કહી, અને પછી કયામતનો સવાલ કર્યો.

૨ તબ નબીજીને ઈતના, ઉસ મરદકૂ આખા;
બયાન કિયામત કાજ, એતા રે દાખા.
૩ હૅ અપન દો બરાબર, ઈસ ઈલમકે માંહાં;
મૅં જાનતા હૂં છાના, વે તુજસૂં નાંહાં.
૪ જે મરદકૂ નબીને, એતા ફરમાયા;
બોલ સહી કર લીતા, ઈસ દિલ રે ભાયા.
૫ ફિર નબીજીકૂ મરદને, સૂઆલ રે કીતા;
કહો નિશાનીઆં કિયામત, જે દિન હૅ સુનીતા.
૬ કહી નબીજી નિશાની, કિયામત કેરી;
જિન સાહિબથી ફરજંદ, બાંદી રે સવેરી.
૭ ભી બકરીઆં ખુલે પગે, જે હૅ રે ચરાતે;
જે ઈસ હાલસુ, હૅ રે દેખાતે.
૮ વે ઈમારતાં કરે, શહર રે માંહાં;
કે ઘર બનાવે, ખૂબ ખૂબ રે ઠાંહાં.
૯ સહી ઍસી દૉલત, વે રે પાવે;
જે ખુલે પગે ચલતે, હૅ ફિરતે દેખાવે.
૧૦ એ કિયામત કેરી, કહી નબીને નિશાની;
ઉન મરદને સુન કર, સહી રે માની.
૧૧ પછે ઉમર હૅ કહતે, વે મરદ રે ગહયા;
એ સુન સુન મૂમિનૂ, ચિત ઈતના લહયા.
રે, તૂહી.
૧૨ સૂઆલ કિયા મરદને, નબીજીકે આવ પાસ રે,
નબીજીકે આવ પાસ; કે ઉમ્મત સુને સબ
નબીજીકી, ઍસી કીતી આસ રે,
ઍસી કીતી આસ.

૨.૪ ત્યારે, નબી (સલ.)એ તેને ક્યામતના સવાલ વિષે એટલુંજ કહ્યું કે, "આપણે બેઉ આ વિષયના ઈલ્મમાં બરાબર છીએ, હું જે કાંઇ જાણું છું તે તારા (આવનાર)થી છાનું નથી". તે આવનારે તે વાતને સાચી કહી.
૫ પછી તેણે સવાલ કર્યો, 'ક્યામતના દિવસની નિશાનીઓ કહો.
૬ ત્યારે, આપે (સલ.) ક્યામતની નિશાનીઓ કહી કે, "ક્યામત આવશે ત્યારે બાંદી (ગુલામડી) તેના માલિકને જાણશે[1] અને,
૭.૯ જેઓ ખૂલ્લા પગે બકરિયો ચરાવે છે, અને તેજ હાલતમાં દેખાય છે, તેઓ શહેરમાં સારીસારી ઈમારતો (ઘર) બનાવશે, એવી તેમને માલ-દોલત મળશે.
૧૦ નબી (સલ.) એ ક્યામતની નિશાનીયો કહી અને તે આવનારે તેને સાંભળી સાચી માની.
૧૧ હઝ ઉમર (રઝી) કહેછે કે પછી તે માણસ આપ (સલ.)ની મજલીસમાંથી ગયો.
૧૨ આવનારે નબી (સલ.) પાસે આવીને આ સવાલો કર્યા જેથી આપની ઉમ્મત આ વાતો સાંભળે.

---

## ૧૬૨૭

૧ વે મરદકે ગહે બાજ, નબીજીને આખા;
સો થોડેક જમાને, પૂછા રે દાખા.
૨ કહા ઉમર તુમને, ઉસે રે જાને?
કિને સૂઆલ કિયા, ઉસે રે પિછાને?
૩ કહા અલ્લાહ જાને, કે રસૂલ ઈલાહી;
તબ નબીજીકૂ અરજ, યૂં ઉમરને પહુંચાહી.
૪ તબ નબીજીને કહયા, થે જબ્રાઈલ જાનો;
દીન બતાને તુમ પાસ, આએ થે માનો.
૫ આવ દીન તો તુમારા, ઈનૂ તુમકૂ બતાયા;
યૂ ખાતિમ નબીને, આપ ફરમાયા.
૬ અબૂ હુરૈરા કહતે, મૅં સુનીઆ કાના;
સો ફરમૂદા નબીકા, સુન સહી મૅં જાના.

---

## ૧૬૨૭
### (હદીસ બયાન નં. ૧૬૨૬ થી)

૧.૨ તે મરદના ગયા પછી થોડાક સમયે નબી (સલ.)એ હઝ ઉમર (રઝી) ને પુછ્યું: 'હે ઉમર શું તમે જેણે સવાલો કર્યા તેને ઓળખ્યો?
૩.૫ ત્યારે હઝ ઉમરે (રઝી) કહ્યું "અલ્લાહ અને તેના રસૂલ બેહતર જાણે છે." આપે (સલ.) ફરમાવ્યું કે તેઓ જીબ્રઈલ (અ.સ.) હતા. તેઓ તમારી પાસે તમને આ રીતે દીન બતાવવા આવ્યા હતા, તેમણે આવીને તમોને તમારૂં દીન બતાવ્યું.
૬.૭ હઝ અબુ હુરૈરા (રઝી.) કહે છે કે મેં નબી (સલ.)ની વાતો કાનો કાન સાંભળી હતી કે આપે (સલ.) ફરમાવ્યું કે આવ: ઉઘાડપગા બકરાં ચરાવનારાઓ

(૧) બાંદીયોની જણેલી ઓલાદ જાણે અજાણે તેમની માંઓ (બાંદીઓ) ઉપર માલિકી હક ભોગવશે એવી પરિસ્થિતિ પેદા થશે.

૭ વે સરવર તા પાદશા, હોવે મુલક હો કેરે;
એ પાંચ બાતાં બૂઝે, રબ કહયા રે સવેરે.
૮ કદ કિયામત આવે, વે બૂઝે રે ઈલાહી,
કદ કેત્તા બરસ, માં બૂઝે વે દહી.
૯ અને એધાનકી ખબર, રબ રે જાને;
કયા હૅ બેટા કે બેટી, રબ આપ રે જાને.
૧૦ભી બંદેકૂ કસ્બકી, ખબર રે નાંહાં;
કયા કસબ કરેગા, દિન આવતે માંહાં,
૧૧અને કિસ ઠામ મરેગા, વે બૂઝે રે રહમાના;
એ પાંચ બાતૂકા, કિયા રે બયાના.
૧૨ કહા પાંચ એ બાતાં, આપ જાને રે દહી;
યૂં નબીજીને આખા, સુન ખબર એ લહી.
રે તૂહી.
૧૩ પાંચ બાતાંકી રબને, રાખી આપ હાથ બાત રે,
રાખી આપ હાથ બાત;
ફરમૂદા એ નબીકા, યાદ રાખો દિન રાત રે,
યાદ રાખો દિન રાત.

મુલ્કના શાસક બને તો સમજીલો કે કયામત નજીકજ છે, અને આ (નીચેની) પાંચ વાતો ને ફક્ત અલ્લાહજ જાણે છે.'

૮ પહેલી એ કે, 'કયામત કયારે અને કેટલા વરસે આવશે.' (બીજી એ કે, અલ્લાહ વરસાદ કયારે વરસાવશે.')[1]

૯ ત્રીજી એ કે, 'ગર્ભમાં બેટો છે કે બેટી.'

૧૦ ચોથી એ કે, 'બંદો આવતા દિવસોમાં કયો કસ્બ (વ્યવસાય) કરશે.

૧૧ પાંચમી એ કે, 'બંદો કઇ જગાએ મરશે'

૧૨ આપે (સલ.) કહયું કે આ પાંચ વાતો ફક્ત અલ્લાહ જ જાણે છે........... રે તું હી.

૧૩ અલ્લાહે પાંચ વાતો પોતાને હાથ રાખી છે. નબી (સલ.)ની હદીસ રાત દિન યાદ રાખો.

## ૧૯૨૮ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો,
મૂમિન ઈમાન સેતી, ઉમ્મત નબી કહી જેતી;
મૂમિન હોવે ઈમાની, એ નિશાની જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો,
બયાન ઈમાન કેરા નૂરીને પૂછા સવેરા;
વે સુન હૅ ઈમાન કેરા.
૩ રે બયાના, મૂમિનકી એ ઍધાના;
સહી કર ચિત દીજે સહી, હુકમ દહી જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો,
હુકમ કિયા રહમાના, ઈમાનકી વે નિશાના;
હક્ક કર બૂઝો બયાના, એક ધિયાના જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો,
મુસ્તફાને જૂં ફરમાયા, હુકમ રબકા ઈનૂકૂ આયા;
વે તો હૅ ઈમાન બાતી, હૅ સુનાતી જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો, જબ્રાઈલ પૂછને
આએ, અસહાબીયૂંકૂ દેખાએ;
નબીજીકૂં પૂછે બાતી, નૂરી જાતી જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો,
બયાન ઈમાન કેરા, નૂરીને પૂછા સવેરા;
વે સુન હક્ક કર લીજે, ચિત દીજે જી.

## બયાન ૧૯૨૮
### પીર મશાયખ (રહે.) કહે છે, સાંભળો વીર !

૧ મોમિન ઈમાનથીછે. જેટલા નબીયોની ઉમ્મતો હતી તે બધી ઈમાનથી હતી. ઈમાન મોમિનની નિશાની છે.

૨.૩ જીબ્રઈલે (અ.સ.) ઈમાનનું બયાન પુછયું તેને સાચું માનવું મોમિનનું ઍધાણ (ચિન્હ) છે.

૪ અલ્લાહના હુકમોને ધ્યાનમાં લઇ સાચા માનવાં એ ઈમાનની નિશાની છે.

૫ ઈમાન વિષે અલ્લાહના જેવા હુકમો આવ્યા તેવા જ મુહમ્મદ મુસ્તુફા (સલ.)એ ફરમાવ્યા.

૬ ફરિશ્તા જીબ્રઈલ (અ.સ.) ઈમાન વિષે પૂછવા આપ (સલ.) પાસે આવ્યા, તેમને અસ્હાબીયો (રઝી. અન્હુમ) એ જોયા.

૭ જીબ્રઈલ (અ.સ.)ના સવાલ અને આપ (સલ.)ના જવાબને હક માનો.

૮ સુનો જીવ હો, સુનો વીર હો,
કૂઆ મીઠા પાની નામા,
મીઠા પાની જહાં ઉસ ઠામા;
તબ લગ મીઠા કૂઆ કહા, સુન લહા જી.
૯ સુનો જીવ હો, સુનો વીર હો,
જબ વે પાની ખારા, નામ મીઠિકા બીસારા;
ઍસી મૂમિનકી રીતા, કરો પીતા જી.
૧૦ સુનો જીવ હો, સુનો વીર હો,
હક્ક કર બૂઝે સો ઈમાની, મૂમિનકી એ નિશાની;
ના કહે દુરિજન નામા, સબ જગ ઠામા જી.

૮.૯ મીઠા કૂવામાં મીઠું પાણી હોય ત્યાં સુધીતે મીઠો કુવો કહેવાય, તેનું પાણી ખારૂં થાય તો તેને કોઇ મીઠો કૂવો કહે નહિ, મોમિનની મિસાલ પણ તેવીજ છે.

૧૦ દીનની વાત હક સમજે તે ઈમાનવાળો છે, તેને હક ના સમજે તે જગતમાં દીનનો દુશ્મન છે.

## ૧૬૨૯ પદ.

૧ અરે હક્ક માન બયાન ઈમાના, હોવેગા તૂ ઈમાની; અરે કબૂલ કર દિલ હો સેતી, એ મૂમિન નિશાની.
૨ અરે હુકમ સિર ધર કબૂલ કીતા, એક ચિત્ત દીઆ મીતા; અરે મોહમ્મદ નબી રસૂલ જાને, કર કર દિલકી પીતા.
૩ હક્ક બૂઝની દિલ હો સેતી, ઈસકૂ મૂમિન કહીએ; અરે સાચા હો જિને હક્ક કબૂલે, ઉસકૂ વીર કર લહીએ.
૪ અરે દિલકે ઊપર હૅ રે ઈમાના, દેખો સબ જગ માંહાં; અરે એક આદમી સરખે નજરૂ આવે, ફેર દીસે કછુ નાંહાં.
૫ અરે કંઈ કંઈ ટોલે કંઈ રાહા કેરે દીસે, સબ એક રીતા; અરે કાફિર મૂમિન દિલ હો સેતી, બૂજા જૅસી પીતા.
૬ જૂં હાથ કંગન જાહિર નૅનૂ, પરકટ હૅરે દીસા; અરે ઉસકૂ દેખને કાજ ચાહીએ, નહી કછુ આરીસા.
૭ અરે કાફિર મૂમિન કેરી રીતા, હૅ તો જાહિર દેખાતિ; કે કાફિર મૂમિન બૂઝેથી હુએ, દિલકે ભીતર બાતી.
૮ દિલસૂ કબૂલે તો મૂમિન કહીએ, નહી તો ઑર કો ટોલી; દિલ હો જૅસી કુછ કુછ જીભે, હોવે જાહિર બોલી.
૯ દિલ હો સેતી હોવે ઈમાની, હક્ક કર સહી જે જાને; તો ઉસકૂ ભાઈ દીન હો કેરા, મૂમિન ચાહીએ પિછાને;

## બયાન ૧૬૨૯
### હઝ પીરમશાયખ (રહે.): કહયું.
### ઈમાન જીભથી અને દિલથી કબૂલો

૧ તું ઈમાનની વાતોને હક માને તો ઈમાનવાળો છે, દીનને દિલથી કબૂલવું મોમિનની નિશાની છે.

૨ જેણે અલ્લાહે દીધેલા હુકમોને શીશધરી કબૂલ કર્યા અને મુહમ્મદ (સલ.) ને દિલની પ્રિત થી રસૂલ માન્યા તે મોમિન છે.

૩ દિલથી હકને માને તે મોમિન છે. જે સાચેજ હકને કબૂલે તેને દીનનો ભાઇ કહો.

૪ જગતમાં જુઓ કે ઈમાન દિલથી છે, નહિતો આદમી તો બધા શરીરે સરખા નજરે આવે છે, તેમનામાં કોઇ ફેર દે ખાતો નથી.

૫ કેટલાએ તરીકા પાળતાં કેટલાએ ટોળાં શરીર એક જેવાં જ છે. પણ, કાફિર અને મોમિન દિલથી અલગ પડે છે, જેનાથી જેવી પ્રિત રાખે તેમ અલગ પડે છે,

૬ હાથનાં કંગન પ્રગટ દેખાય છે, તેને જોવા અરીસાની જરૂર નથી.

૭ કાફિર અને મોમિન, તેના દિલના ભીતરની વાત જાણ્યેથી દેખાય તે પરખ જાહેર છે.

૮ દિલથી કબૂલે અને દિલમાં છે તે જીભેથી જાહેર કરે તે મોમિન છે, નહીતો તે બીજી ટોળીનો છે.

૯ જે કોઇ ઈમાનને દિલથી હક જાણે તેનેજ મોમિન તેના દીનના ભાઇ તરીકે ઓળખે છે.

## ૧૬૩૦

૧ સુનો ઉમરકે બેટે, કહતે હદીસ જાનો;
રઝી અલ્લાહો અન્હો, સુનને પિછાનો.
૨ જે મજલિસ માંહે, બાત નબીજીને કીતી;
વે હદીસ હૅ કહતે, એ સહી રે સુનીતી.
૩ જૂં ખાતિમ નબીને, આપ ફરમાયા;
સો ઈમાન હો કેરા, બયાન રે બતાયા.
૪ કહા પાઈયા ઘર, ઈસ્લામ કેરા;
પાંચ શાહિદીયૂં ઊપર, હૅ આખા રે સવેરા.
૫ અશહદો અલ લાઈલાહ, ઈલ્લલ્લાહ કહના;
મૅં ગવાહી હૂં દેતા, એતા બૂઝ કર લેના.
૬ કે નહીં કોઈ માબૂદ, પૂજાકી ઠામા;
જમી આસમાન ઠામ, જેતે બૂઝો રે નામા.
૭ મગર હૅ એક અલ્લાહ, માબૂદ હમારા;
વે હૅ પૂજા કેરી ઠામ, દિલકે પિયારા.
૮ અને અન્ન મોમ્મદન, ઈસ બાજ કહીએ;
ભી અબ્દોહુ વ રસૂલોહ, કહ કર લહીએ.
૯ કે મોહમ્મદ બંદે, હૅ ઈસ રબ કેરે;
ભી એ હૅ રસૂલ, ભેજે રબને સવેરે.
૧૦ અને નમાજ હૅ કરની, તીજી રે ગવાહી;
અને જકાત ભી દેની, એ ચૉથી રે સુનાહી.
૧૧ અને ધરને રોજે, રમજાન કેરે;
એ પાંચૂ ગવાહી, બૂઝીઓ સવેરે.
૧૨ એ પાંચૂ ગવાહી, જે હક્ક કર જાને;
કે દિલ હો ભીતર, હક્ક કર માને.
૧૩ ઉસે બૂઝો ઈમાની, મૂમિન રે ખાસા;
એ સહી કર બૂઝો, કહો હો કર દાસા. રે તૂહી.
૧૪ શાહિદી બાતાં પાંચકી, નેહસૂ રાખો મનરે,
નેહસૂ રાખો મન; વે હૅ ભાઈ દીનકા,
બૂઝો મૂમિન તન રે, બૂઝો મૂમિન તન.

## બયાન ૧૬૩૦

### હદીસ: ઈસ્લામનો પાયો પાંચ ચીજો ઉપર છે.
### રાવી: હઝ ઈબ્ને ઉમર (રઝી.)

૧.૨ હઝ ઈબ્ને ઉમર (રઝી.) નબી (સલ.)એ મજલીસમાં કહેલી હદીસ બયાન કરેછે.

૩.૪ નબી (સલ.)ને ઈમાનનું બયાન આ પ્રમાણે ફરમાવ્યું: "ઈમાનના ઘરનો પાયો પાંચ સાક્ષીઓ ઉપર છે.

૫.૭ એક, કહો: અશહદો અલ લાઈલાહ ઈલ લલ્લાહ (હું સાક્ષી આપું છું કે અલ્લાહ એક છે) જમીન અને આસમાન વચ્ચે જેટલી નામ ધારી ચીજો છે, તે કોઈ માબૂદ (ઈબાદતને લાયક) નથી, પણ અમારો માબૂદ અલ્લાહ જ દિલના પ્યારથી પૂજાને લાયક છે.

૮.૯ બે, કહો: અશહદો અન્ન મુહમ્મદન અબ્દો હુ વ રસૂલો (હું સાક્ષી આપું છું કે મુહમ્મદ (સલ.) અલ્લાહના બંદા અને રસૂલ છે.)

૧૦.૧૧ ત્રણ નમાજ પઢવી, ચાર, જકાત આપવી, પાંચ રમઝાનના રોજા રાખવા.

૧૨.૧૩ આ પાંચ ગવાહીઓને દિલના ભીતરથી હક માને એને મોમિન સમજો અને અલ્લાહના બંદા બની કહો............ રેતૂં હી.

૧૪ મનથી આ પાંચ વાતોની શાહેદી આપો, આ શાહીદી આપનાર મોમિન દીનનો ભાઇ છે.

## ૧૬૩૧ નજમ.

૧ પાંચબાતાં ગવાહી જે દેવે રે, તમે સુનો રે,
સહી કર દિલમાં જે લેવે રે તમે સુનો રે.
૨ ઉસે ઉસે કહીએ ઈમાની રે, તમે સુનો રે;
મૂમિનકી સહી એ નિશાની રે, તમે સુનો રે.
૩ ખાતિમને યૂં ફરમાયા રે, તમે સુનો રે,
ઈસ્લામ ઘર એ બતાયા, રે, તમે સુનો રે.

## બયાન ૧૬૩૧

### હઝ પીરમશાયખ (રહે.) હદીસ સાજાવતાં: 'તમે સાંભળો'

૧.૨ આ પાંચ વાતોની ગવાહી આપે, અને તેને દિલથી સાચું માને તે ઈમાનવાળો છે. ઈમાન મોમિનની નિશાની છે.

૩.૪ નબી (સલ.)એ ફરમાવ્યું કે 'ઈસ્લામનું ઘર આ

૪ ઘર હૂઆ ઈસ્લામ કેરા રે, તમે સુનો રે;
ગવાહી પાંચૂસૂ સવેરા રે, તમે સુનો રે.
૫ દિલ માંહે કબૂલ જે કરતા રે, તમે સુનો રે;
રબ ડર ઉસે દિલ પડતા રે, તમે સુનો રે.
૬ સાચી એ હૅ મૂમિન નિશાની રે, તમે સુનો રે;
હક્ક કીએ સેતી જાની રે, તમે સુનો રે.
૭ એક બાત કબૂલે કો નાંહાં રે, તમે સુનો રે;
પાંચ બાતાં ગવાહીંકિ માંહાં રે, તમે સુનો રે.
૮ વે તો નાંહાં મૂમિન કહલાયા રે, તમે સુનો રે;
ઉસ દિલ ઈમાન નાં આયા રે, તમે સુનો રે.
૯ હુકમ જો એક નાં માના રે, તમે સુનો રે;
હુકમ તો નહીં કો પિછાના રે, તમે સુનો રે.
૧૦હુકમ હૅ સરખે સારે રે, તમે સુનો રે;
મૂમિનકૂ હોવેંગે પિયારે રે, તમે સુનો રે.
૧૧એના હુકમ જે ચાવે રે, તમે સુનો રે;
ઉસે નહીં હુકમ કો ભાવે રે, તમે સુનો રે.
૧૨મૂમિનકી નહીં એ નિશાની રે, તમે સુનો રે;
વે નહી હૂવડા ઈમાની રે, તમે સુનો રે.

પાંચ વાતોની ગવાહી આપવાથી બને છે.
૫ જે કોઈ આ વાતોને કબૂલ રાખે છે, તેના દિલમાં અલ્લાહનો ડર આવે છે.
૬ મોમિનની સાચી નિશાની આ પાંચ વાતોને હક સમજવાથી છે.
૭.૮ અગર કોઈ આ પાંચમાંની કોઈ એક વાતને કબૂલે નહિ તો તે મોમિન નથી. તેના દિલમાં ઈમાન આવ્યું નથી.
૯ જે એક હુકમને ન માને તે બધાય હુકમો કબૂલતો નથી.
૧૦ મોમિનને અલ્લાહના બધાજ હુકમો પ્યારા હોય છે.
૧૧ જે કોઈ અલ્લાહના હુકમોને ચાહે નહિ તેને તે હુકમો ગમે નહિ.
૧૨ હુકમનો ઈન્કાર કરવો એ મોમિનની નિશાની નથી, તેમ કરનાર મોમિન નથી.

---

## ૧૬૩૨

૧ અબૂ હૂરૅરા અસ્હાબી, કેરારે નામા;
રજી અલ્લાહો અન્હો, કહો ઈનૂ નામ ઠામા.
૨ સહી ઈખતિલાફ ઈનૂકે, નામ માંહે પડીઆ;
કે અબ્દુર રહમાન, હૅ રે સુનીઆ.
૩ થા એ તો મશ્હૂર, બૂઝો રે નામા;
ભી અબ્દુલ કહતે, સહી આરબકે ઠામા.
૪ અને જાહિલીયત માંહાં, થા ઍસા રે નામા;
સો અબ્દુશ શમસ કહતે, સબ રે ઠામા.
૫ યા અબ્દુલ ઉમર, વે થે કહલાતે;
થા જાહિલીયત માંહાં, દો નામ એ સુનાતે.
૬ અબૂ હુરૅરા ઈનૂકા, થા લકબ રે પડીઆ;
થા ઉસ કાજ લોકૂને, નામ ઈનૂકા ધરીઆ.
૭ કે લડકકૂ રોતે, વે ચુપ થે રખાતે;
પછે દિલાસા કરતે, કે ઈનૂકૂ ડરાતે.
૮ ઉસ કાજે હુરૅરા, ધરીઆ નામા;
યૂં સબ થે બૂઝતે, ઉસ રે ઠામા.
૯ વે હિજરત બાજ, સાતમે સાલા;
પાસ નબીકિ ઈમાનસૂ, આએ ઉસ હાલા.

---

## બયાન – ૧૬૩૨

## હદીસ ઈમાનની સીત્તેરથી વધુ ડાળીયો. રાવી હઝ. અબુ હુરૈરા (રઝી.)

૧.૧૨ હઝ. અબુ હુરૈરા (રઝી.)ના નામ વિષે મતભેદછે. તેમને અબ્દુર્રેહમાન પણ કહે છે, તેમનું આ નામ મશહુર હતું, અરબમાં નામ સાથે અબ્દ (ગુલામ) શબ્દ વાપરવો સામાન્ય હતું, જાહિલીયતના જમાનામાં તેમનાં બે નામો, અબ્દુલશમ્સ અથવા અબ્દુલ ઉમર હતાં, તેમનું ઉપનામ અબુ હુરૈરા હતું અને લોકો એજ નામથી ઓળખતા, રડતાં બાળકોને ડરાવી ચૂપ રાખવા તેમનું હુરૈરા નામ લેવાતું (અરબીમાં અબુ હુરૈરા એટલે નાની બિલાડીનો બાપ, એમ થાય છે), હિજરત પછી સાતમાં વરસે તેઓ નબી (સલ.)ની સેવામાં (ખિદમતમાં) આવીને ઈમાનની તલબ કરીને ઈમાન લાવ્યા. તેમનામાં યાદશક્તિનો સારો ગુણ હતો, ઈલ્મથી તેમનું પેટ ભરેલું હતું (યાને ખૂબ ઈલ્મ

૧૦આવ ખાતિમ નબી પાસ, ઈમાન રે લાએ;
એ નેહસૂ નબીજીકે, કદમૂ આએ.
૧૧ઈનૂ ઈમાનકી તલબ, આવ રે કીતી;
યાદ રાખને હો કેરી, બહુત સિફત સુનીતી.
૧૨કે ઈલ્મસૂ ઈનૂકૂ, પેટ થા ભરીઆ; એ સુન
સુન મૂમિન, સોચ ઈતના કરીઆ. રે તૂહી.
૧૩અબૂ હુરૈરા જાનીએ, નબીજીકે અસ્હાબ રે,
નબીજીકે અસ્હાબ;
એ હદીસાં ઈનૂથી બહુત હૅ, એ બૂઝો શિતાબ રે,
એ બૂઝો શિતાબ.

ધરાવતા હતા).
મોમિન સાંભળ, સોચ અને કહે......... રે તું – હી.

૧૩ અબુ હુરૈરા (રઝી.) નબી (સલ.)ના અસ્હાબી છે. એમનાથી બહુજ હદીસો બયાન થયેલી છે, એ જલદી જાણી લો.

---

## ૧૬૩૩

૧ અબૂ હુરૈરા યાદ, બહુત થે રાખતે;
જે જે ઈલ્મ થે પઢતે, યાદ મન ધરતે.
૨ બહુત યાદ હૅ રાખનેકી, ખૂબી ઈનૂકી સુનાઈ;
બહુત નબીજીકી હદીસાં, ઈનૂ યાદ થી રખાઈ.
૩ રોજે બહુત ધરતે, બહુત ઈબાદત કરતે;
બહુત તસબીહ તહલીલ, એ થે પઢતે.
૪ એ કહતે હૅ કે નબીને, ઍસા ફરમાયા;
સો ઈમાનકા બયાન, ખાતિમે બતાયા.
૫ કહા ઈમાનકૂ સત્તર ને, હૅ ડાલો રે કેતી;
કે સત્તરકે ઊપર, કઈ કહી રે સુનાતી.
૬ કહા કલમાઅફજલ, ડાલી ઉસ માંહા;
ઈમાનકી ડાલી, એ જૅસી કો નાંહાં.
૭ સો કલમા તય્યેબકે, બોલ ખાતિમને આખા;
સો અસ્હાબીયૂ સુન સુન યાદ રે રાખા.
૮ અને અદના ડાલી, ઉસથી જાનો;
કે કમતર નંની, સબૂસૂં પિછાનો.
૯ સંગ કાંટા દૂર કરને, રાહા હો કેરે;
જે ચલતે પગૂકૂ, લાગતે અનેરે.
૧૦અને શરમ ભી ડાલી, હૅ ઈમાન કેરી;
એ નબીજીકી હદીસ, તમે સુનીઓ સવેરી.
૧૧અબૂ હુરૈરા યાદ રાખ, એ હદીસ રે આખી;
સબ અસ્હાબૂ ભી સુની થી, સુન મન જૂં રાખી.
૧૨સો દીન કેરે ભાઈ, સુન હોને ઈમાની;
એતા સહી કર બૂઝેસૂ, હૅ મૂમિન નિશાની.
રે તૂહી.

---

## બયાન ૧૬૩૩
## (હદીસનું બયાન આગળ આવે છે.)
## (હદીસ બયાન નં. ૧૬૩૨ થી)

૧.૨ અબુ હુરૈરા (રઝિ.)જે ઇલ્મ પઢતા તેને બહુ યાદ રાખત તેમણી યાદ શક્તિ સારી હતી, તેમને નબી (સલ.)ની ઘણી હદીસો યાદ હતી.

૩ તેઓ બહુજ ઈબાદત કરતા, બહુજ રોજા રાખતા અને એકરસ (રતબુલ્લીસાન) થઈને બહુજ તસ્બીહ કરતા.

૪.૬ તેઓ કહે છે કે નબી (સલ.)એ ઇમાનનું બયાન ફરમાવતાં કહ્યું કે 'ઇમાનની સીત્તેરથીએ વધારે ડાળીયો છે, અને તેમાંની શ્રેષ્ઠ ડાળી કલેમો છે.

૭ તે પછી આપે (સલ.) કલેમાના બોલ કહ્યા, જેને અસ્હાબીયો (રજી. અન્હુમ)એ યાદ રાખ્યા.

૮.૯ અને અદનામાં અદના, કમતરમાં કમતર અને નાનામાં નાની ડાળી, રસ્તામાં ચાલવાવાળાઓના પગોને લાગતા પત્થર અને કાંટા દૂર કરવા તે છે.

૧૦ અને શરમ પણ ઈમાનની એક ડાળી છે, આપ (સલ.)ની આ હદીસ આપ સાંભળીલો.

૧૧ આ હદીસને હઝ અબુ હુરૈરા (રઝી.) અને બીજા અસ્હાબીઓ (રજી. અન્હુમ)એ સાંભળીને મનમાં ઉતારી.

૧૨ દીનના ભાઇ હદીસ સાંભળીને ઈમાનવાળો થા. હદીસને સાચી માનવી એ મોમિનની નિશાની છે.
કહો.................. રે તું – હી

૧૩ મૂમિન સુનતે હોયસી, નેહસૂ બને ઈમાન રે,
નેહસૂ બને ઈમાન; સુનો બિના નહીં મૂમિના,
અવર ટોલેકા જાન રે, અવર ટોલેકા જાન.

### ૧૬૩૪ બલ.

૧ સુનો જીવહો, સુના વીર હો, સુનતે ઈમાની
બાતી, મૂમિન હોવે સહી જાતી;
તો નિત નેહસૂ લીજે, ચિત દીજે જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો, સુને બિના ક્યૂં
તૂ જાને, ઈમાન તો ક્યૂં પિછાને;
રબ રસૂલ ક્યૂં રે પાવે, જેના ચાવે જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો, હોતે સુને બિના
ઈમાના, તો નાં કોઈ રહતા અજાના;
નસીહત વીરા સુન કર લીજે, ચિત દીજે જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો, સુનતે હોવે
ઈમાની, મૂમિન કેરી નિશાની;
બાત દીન તે પાવે, મન ભાવે જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો, શરમ હોવે જિસ
તના, ઈમાની હૅ બૂઝો મના;
એધાની એ પ્રગટ જાનો, ભી પિછાનો જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો, શરમ ડાલી
ઈમાન કેરી, જિસ તન દીસે સવેરી;
મૂમિન હો વે કહલાતા, સહી બાતા જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો, શરમ તો
મૂમિનકૂ ચાહીએ, બોલ જીભે શરમ લાહીએ;
એ ભી ઈમાન નિશાની, હૅ પિછાની જી.
૮ સુનો જીવ હો, સુનો વીર હો, ડાલી સત્તર
ઊપર કહી, ઈમાનકી ડાલી સહી;
સુનતે ભેદ વે રે પાવે, જે તૂ ચાવે જી.
૯ સુનો જીવ હો, સુનો વીર હો, બૂઝે બિના
ગાફિલ કહીએ, મૂમિન ઉસકૂ ક્યૂં કર લાહીએ;
ક્યૂં ઉસે કહીએ ઈમાની, બાત ઉને ના જાની જી.

### ૧૬૩૫

૧ અબ્દુલ્લાહ બિન ઉમર, રજી અલ્લાહો અન્હો
જાનો; એ નબીજીકી હદીસ, કહતે હૅ રે માનો.
૨ સો મુબારક જુંબાંસૂ, બાત સબકૂ સુનાઈ;
અને અબ્દુલાહને સુનકર, સબ યાદથી રખાઈ.

૧૩ દીનની વાત સાંભળતાં મોમિન થવાશે, ઈમાન. પ્રેમથી બને છે. દીનની વાત સાંભળે નહિ તે મોમિન નહી પણ બીજી ટોળીનો છે.

### ૧૬૩૪

### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવતાં કહે છે. સાંભળો જીવ ! સાંભળો વીર !

૧ ઈમાનની વાત સાંભળતાં મોમિન થવાય છે, તેથી નિત્ય ઈમાનની વાત પ્રેમથી ધ્યાનમાં લો.

૨ સાંભળ્યા વિના તું શું જાણીશ? અને ઈમાનને શી રીતે ઓળખીશ?

૩ સાંભળ્યા વિના ઈમાન આવતું તો કોઇ અજાણ્યો ન રહેતો, યાને ઈમાન આપો આપ આવી જતું, ભાઇ! તું નસીહત સાંભળીને મનમાં લે.

૪ મોમિન સાંભળવાથી ઈમાનવાળો બને. છે, અને દીનની વાત જાણે છે, તેમજ તેને દીનની વાત ભાવે છે.

૫ જેનામાં શરમ છે તેનામાં ઈમાન છે. શરમ ઈમાનનું ચિન્હ છે.

૬ સાચી વાત એ છે કે 'શરમ ઈમાનના વૃક્ષની ડાળી છે,' જેનામાં તે છે તે મોમિન છે.

૭ ઈમાનની નિશાની એ છે કે મોમિનને તથા તેની જીભને પણ શરમ હોય.

૮ ઈમાનની સીત્તેરથી ઉપર ડાળીયો છે, તું સાંભળે તો જ તેનો ભેદ જાણે અને ઈમાનને ચાહે.

૯ જે ઈમાનને જાણે નહિ તેને ગાફિલ કહો ઈમાનની વાત ન જાણે તેને ઈમાનવાળો મોમિન કેમ કહેવાય?

### ૧૬૩૫

### હદીસે: મુસલમાનથી મુસલમાન સલામત રહેવો જોઈએ.

### રાવી : હઝ અબ્દુલ્લાહ બિન ઉમર (રઝી.).

૧.૪ અબ્દુલ્લાહ બિન ઉમર (રઝી.). નબી (સલ.)ની

મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨,)ના કિતાબુલ ઈમાનની ફસલ પહેલીની ચોથી હદીસ છે. (બુખારી)

૩ સો યાદ રાખ ઉનૂને, ક્હા રે બયાના;
સો સુનતે સબૂને સહી કર જાના.
૪ સો ફરમૂદા અપને, નબીજી હો કેરા;
સો સુન સુન યાદ, નિત રાખીઓ સવેરા.
૫ ક્હા મુસલ્માન નામ, ઉસકા જાનો;
રહવે સલામત મુસલમાન, જિસથી માનો.
૬ કે સલામત રહવે, જીભે ઉસકી હો સેતી;
વે જીભસૂ ઈજા, ના ના દેવે તિલ જેતી.
૭ કે મુસલ્માનકૂ ગાલી, દેવે રે નાંહાં;
અને મૂમિનકી ગીબત, નાં લાવે દિલ માંહાં.
૮ કે મૂમિન હો કેરી, નાં નિંદા રે કરાવે;
અને નરતા સુખન, ના મૂમિનકૂ ક્હાવે.
૯ કે જીભસૂ મૂમિન, ના કો દુખ રે પાવે;
એતા બૂઝ સહી કર, મન ઈતના લાવે. રે તૂહી.
૧૦ મુસલમાન, દુખ દેવે નાંહાં, અપની જીભે જાન રે,
અપની જીભે જાન;
મુસલ્માન સબ સહી, પાવેંગે અમાન રે,
પાવેંગે અમાન.

હદીસ ક્હે છે, તેમણે આપ (સલ.) જબાન મુબારકથી ક્હેલી હદીસ સાંભળીને યાદ રાખી હતી બીજા અસહાબીયો (રઝી. અન્હુમ) એ પણ આ હદીસ સાંભળી હતી. નબી. (સલ.)નું આ ફરમાન સાંભળીને નિત્ય યાદ રાખો.

૫ આપે (સલ.) ફરમાવ્યું: "મુસલમાન તે છે જેના હાથથી બીજો મુસલમાન સલામત રહે".

૬ મુસલમાનની જીભથી પણ બીજો મુસલમાન સલામત રહે યાને જીભથી બીજા મુસલમાનને જરાપણ દુ:ખ ન પહોંચાડે.

૭ એક મુસલમાન બીજા મુસલમાનને ગાળો દે નહિ, અને તેની નિંદા દિલમાં પણ લાવે નહિ.

૮ મુસલમાન, મુસલમાનની નિંદા કરે નહિ, અને તેને નઠારા શબ્દો ક્હે નહિ.

૯ મોમિન કોઈને તેની જીભથી દુ:ખ પહોંચાડે નહિ
આ વાતને જાણી સાચી માનીને મનથી
ક્હો......... રે તું – હી.

૧૦ મુસલમાન પોતાની જીભથી કોઈને દુ:ખ દે નહિ તેની જીભથી બધા મુસલમાનો ને અમાન(રક્ષણ) રહે.

---

૧૬૩૬

૧ કે મૂમિનકી જીભસૂ, પાવે મૂમિન અમાના;
એ મુસલ્માન કેરી, બૂઝો રે શાના.
૨ ભી મુસલ્માન હાથસૂ, ના આજાર પહુંચાવે;
કે મૂમિન ઉસથી, ના કો ઈજા રે પાવે.
૩ સો હાથકે ફેલુસૂ, કિસે દેવે ના આજારા;
યૂં મૂમિનકે ઊપર, રાખે રે પિયારા.
૪ ભૂંડા કાગજ લિખના, એ ભી ઈજાકી નિશાની;
દો બાતાં ઉસમાં, હૂઈ એકઠી જાની.
૫ કે જીભ ને હાથસૂં, મિલ આજાર રે દીતા;
હૂઈ લિખનેમાં એકઠે, દો આજારકી રીતા.
૬ યૂં દુખ તો મૂમિનકૂ, દેના રે નાંહાં;
સો હાથૂકે ફૈલુસૂ, અને જીભકે માંહાં.
૭ કે જીભ ને હાથૂસૂ, ના આજાર રે પહૂંચાવે;
એ મૂમિનકી નિશાની, સહી રે દેખાવે.
૮ ભી જિજઆ જે દેવે, વે ભી આએ ઉસ માંહાં;
સહી ઈનૂકૂ ભી આજાર, પહૂંચાના નાંહાં.

---

૧૬૩૬

## પીર મશાયખ (રહે.) હદીસ સમજાવતાં ક્હે છે :

૧ મુસલમાનની જીભથી મુસલમાનને અમાન રહે તે મુસલમાનની શાન છે.

૨.૩ મુસલમાન તેના હાથના કૃત્યથી બીજા મુસલમાનને ઈજા પહોંચાડે નહિ અને તેની ઉપર પ્યાર રાખે.

૪.૭ કોઈ મુસલમાનને ભૂંડો કાગળ લખવો એ પણ ઈજા પહોંચાડવા બરાબર છે, કેમકે, તે લખવામાં હાથ અને જીભ બેઉ એકઠાં થઈને ઈજા પહોંચાડે છે, આમ, જીભથી અને હાથના કૃત્યથી મુસલમાનને દુ:ખ દેવું નહિ એ મોમિનની નિશાની છે.

૮.૧૦ ઈસ્લામી રાજ્યને જિજીયો આપતા બિન મુસ્લિમો પણ આજ હુકમમાં છે, તેઓ જીમ્મીયાને અલગ પાડો મુતિઅ ઈસ્લામ (શરીયતના હુકમોના તાબ

૯ ભી મુતીઅ ઈસ્લામ, ઈસ માંહી જાનો;
જે હુકમ શર્રેકા, હૅ માનતે માનો.
૧૦ મત ઈનૂકૂ ભી આઝારકી, દેખા હો રીતા;
સહી મૂમિનૂકી રીતે, કરો ઈનૂસૂ રીતા.
૧૧ પન હુકમ શર્રેકા, જેતા જિસ સર આવે;
એતા આઝાર ઉસકૂ, દિયા રે જાવે.
૧૨ સુના દીન કેરે ભાઈ, ઍસી દીનકી રીતા;
એ સહી કર બૂઝના, કહો દીલકી પીતા. રે તૂહી.
૧૩ મૂમિનસૂ મૂમિન સહી, પાવે દુની અમાન રે,
પાવે દુની અમાન; ભી મુતીએ એ જે ઈસ્લામ
હૅ, જિમ્મી ભી સરખા જાન રે,
જિમ્મી ભી સરખા જાન.

---

૧૬૩૭

૧ સુનો મુસલ્માનકી, ઍસી રે રીતા;
કે મૂમિન સબૂસૂ, રાખે રે પીતા.
૨ દેવે જીભ ને હાથૂસૂ, કિસે દુખ રે નાંહાં;
એ ભી મૂમિનકા વીરા, હોવે મૂમિનૂકે માંહાં.
૩ કે મૂમિન તો મૂમિનથી, ના દુખ રે પાવે;
કે મૂમિન, મૂમિન અમાન દિલાવે.
૪ ભી જિજ્યા જે દેવે, વે ભી પાવે રે અમાના;
અને મુતીઅ ઈસ્લામ, સાથ ઈનૂકૂ જાના.
૫ એ ભી અમન રે પાવે, જૂં મૂમિનકી રીતા;
ઈનૂ મમિન સબૂસૂ, કરે રે પીતા.
૬ એ મૂમિન કેરી, સહી બૂઝો રે નિશાની;
કે મૂમિનકૂ ઈજાકી, બાત જેને રે જાની.
૭ અને મુનાફિક ઉસમાં, આયા રે નાંહાં;
એ સોચ હૅ કરના, દિલકે માંહાં.
૮ કે મુનાફિક જિજ્યા, નહી રે દેતા;
અને હુકમ શર્રેકા, નહી સિર રે ધરતા.
૯ તો જિમ્મીયૂકે માંહી, એ નહી રે ગિનાયા;
એ ઉનૂથી અલગા, હૅ રે કહલાયા.
૧૦ સુન દીન કેરે ભાઈ, ઍસી દીન કેરી રીતા;
તો નિત યાદ રાખના, કર મન પીતા.
૧૧ કે દીન કેરા ભાઈ, વે હોવેગા ઈમાની;
અને ઈમાન હો કેરી, ઍસી બૂઝો રે નિશાની.
૧૨ સહી યાદ હૅ રાખની, એ સુન સુન બાતી,
અને એક કર કહો, દીન ઑર રાતી. રે તુંહી.

ેદાર) હોય છે. તેમને દુ:ખ પહોંચાડો નહિ અને
મુસલમાન ભાઇ
જેવોજ તેમનાથી પ્યાર રાખો.
૧૧ પણ, શરિયતમાં જેને જેટલી ઇજા પહોંચાડવાનો
હુકમ (જાયજ) હોય તેટલી જ ઇજા પહોંચાડી
શકાય છે.
૧૨ દીનના ભાઇ ! દીનની રીતને સમજો અને દિલની
પ્રિતથી કહો........... રે તું – હી
૧૩ દુનિયામાં મોમિનથી મોમિન અમાન (રક્ષણ) મેળવે
અને જેઓ મુતિઅ ઇસ્લામ છે તેઓ પણ આ
હેતુસર મુસલમાન ભાઇ જેવાજ છે.

---

## બયાન ૧૬૩૭

### પીર મશાયખ (રહે.) સમજાવે છે.
### મુસલમાનને દુભવો નહિ

૧ મુસલમાનની રીત એ છે કે તે બધાજ
મુસલમાનોથી પ્રિત રાખે.
૨ જે કોઇ, મુસલમાનને હાથથી કે જીભથી દુ:ખ દે
નહિ તે મુસલમાન છે અને તેનો ભાઇ છે.
૩ મુસલમાનથી મુસલમાનને અમાન મળે છે, દુ:ખ
નથી મળતું.
૪.૫ જિજીયો આપનારને પણ મુસલમાનની રીતે
અમાન મળવું જોઇએ, કેમકે તેઓ ઇસ્લામના
તાબેદાર છે, તેમનાથી મુસલમાન ભાઇ જેવો જ
પ્રેમ કરવો જોઇએ.
૬ મુસલમાનને ઇજા પહોંચાડવાની આ વાત જેણે
જાણી અને માની તે મુસલમાન છે.
૭.૯ એ પણ સમજી લો કે મુનાફિકો આ હુકમમાં આવતા
નથી. કેમકે, તેઓ જિજીયો આપતા નથી અને
શરિયતના હુકમો માથે ચડાવતા નથી, તેથી તેઓ
જીમ્મીયો નથી, પરંતુ તેમનાથી નોખા છે.
૧૦.૧૧ દીનના ભાઇ સાંભળ અને દીનની રીત નિત્ય યાદ
રાખી તેને પ્યાર કર, દીનથી પ્યાર કરનાર
ઇમાનવાળો છે, અને ઇમાન મોમિનની નિશાની છે.
૧૨ દીનની વાતો સાંભળો અને યાદ રાખો, અને
અલ્લાહને રાત દિન એક માની કહો....... રે તું – હી.

૧૩સુન સુન ભાઈ દીનકે, કર સાચા ઈમાન રે,
કર સાચા ઈમાન; મૂલ બિના નહીં ઝાડકી, દીસે
નિશાન રે, દીસે કહી નિશાન કહી.

૧૩ દીનના ભાઇ ! દીનની વાતો સાંભળીને ઈમાન પાકું કરો, મૂળ વિના કોઇ ઝાડ હોવાનું ક્યાંય નજર આવતું નથી.

---

## ૧૬૩૮ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો, દીનકી ઍસી
હૅ બાતી, સુન પાક કરો જાતી;
કરો ને કરો ચાવા, મન ભાવા જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો, સુનને હો
ઈમાની, મૂમિન કેરી નિશાની;
તો વે બાત સુન કર લીજે, ચિત દીજે જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો, ભાઈ મૂમિન
હૅ દીન કેરે, બૂઝને એ તો સવેરે;
દુખ ના કિસી તન દીજે, સહી કર લીજે જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો, જીભે દુખ
દેના નાંહાં, મૂમિનકૂ બૂઝો દિલ માંહાં,
હૅ સબ ભાઈ કાજે દીના, એ સુન લેના જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો, હાથૂસૂ ના
દેઓ આજારા, મૂમિનકૂ કરો પિયારા;
નહીં ઉસે દુખ રે દેના, સુન એ લેના જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો, રીત એ
બૂઝો ઈમાના, મૂમિન પાવે અમાના;
ઍસી હૅ મૂમિન જાતી, સહી બાતી જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો, જિજ્યાકે
જે દેનારે, દુખ વે ના પાવે બેચારે;
એ ભી મૂમિનકી રીતા, કરો પીતા જી.
૮ સુનો જીવ હો, સુનો વીર હો, જીવને કેરી નહી
આસા, તો નિત હો કર રહીએ દાસા;
મૂમિન એ બૂઝો ખાસા, બહિશ્ત પાસા જી.

---

## બયાન ૧૬૩૮

### પીર મશાયખ (રહે.) સમજાવે છે: આપ કહેછે. 'સાંભળો જીવ' ! 'સાંભળો વીર'

૧ દીનની વાતો સાંભળીને પોતાને પાક કરો, દિલના ભાવથી દીનની ચાહના રાખો.

૨ મોમિન એ છે જે દીનની વાત સાંભળે, મનમાં ઉતારે અને ઈમાનવાળો બને.

૩ દીનના ભાઈ! સમજી લે, સાચું માન અને કોઈને દુઃખ દે નહિ.

૪ મોમિન ! એસાંભળી લે કે કોઈને જીભથી દુઃખ ન દેવું એ દીનના વાસ્તે છે.

૫ હાથથી પણ કોઈને દુઃખ (ઈજા) પહોંચાડો નહિ, મુસલમાનને પ્યાર કરો.

૬ મુસલમાનથી મુસલમાન અમાન મેળવે એ ઈમાનની રીત છે. અને તેમ કરનાર મોમિન છે.

૭ જિજીયો આપનારને દુઃખ ન પહોંચે એ મુસલમાને જોવું જોઈએ. તેમનાથી મુસલમાન જેટલોજ પ્યાર કરવો જોઈએ.

૮ જીવતરનો કોઇ ભરોસો નથી, મોમિન અલ્લાહનો દાસ થઇને રહે તો જન્નત પાસેજ છે.

---

## ૧૬૩૯

૧ ભી કુબારક જૂંબાંસૂ, ઉસ બાજ ફરમાયા;
કે મુહાજિર ઉસકા, નામ રે ધરાયા.
૨ સુનો મુહાજિર ઉસકા, નામ રે જાના;
જે કુફરથી બાહર, આવતા પિછાના.
૩ કે કુફરથી નિકલને, આવ કબૂલે રે દીના;
સુનો ઉસકા નામ, મુહાજિર રે કીના.

---

## બયાન ૧૬૩૯

### (હદીસે બયાન નં. ૧૬૩૫ થી)

### મુહાજિર કોણ ? [૨]

૧.૭ પછી આપે (સલ.) જબાન મુબારકથી ફરમાવ્યું કે મુહાજિર તે છે જે કુફ્રથી બહાર નીકળીને દીને ઈસ્લામ કબૂલેછે, યાને કુફ્રથી નાસીને દીનમાં આવે છે, અને મના કરેલા કામોની તરફ જતો નથી.

(૧) આ હદીસને ઈમામ મુસ્લિમે (રહે.) "મુસલમાનોમાં (૨) સૌથી સારો કોણ"?, એવા સવાલથી બયાન કરી છે.
(ચોથી હદીસ (મિરકાત આગળ નોંધ્યા મુજબ માં)
(૧) હિજરત કરનાર

૪ જે કુફરથી નાઠ કર, દીન માંહે આવે;
સુનો મુહાજિર કેરે, એ માંહી કહલાવે.
૫ સુનો મુહાજિર ઉસકા, કહા નબીજીને નામા;
જે મને હો કીએકી, ના જાવે રે ઠામા.
૬ જેતા હુકમ હૅ આયા, મને રબ હો કેરા;
સહીઉસથી નાઠે, જે દેખ ને સવેરા.
૭ સહી નબીજીને મુહાજિર, ઉસકૂ આખા;
મને કિયેથી પીછા, જે રહવે દાખા.
૮ સો જૅતા રબને, હૅ મને રે કીતા;
દૂર ઉસસૂ રહના, ચિત રે દીતા.
૯ સુનો નબીજીને ઉસકા, કહા મુહાજિર નામા.
એ લિખા હૅ બુખારી, કિત્તાબકે ઠામા.
૧૦સુનો દીનકે ભાઈ, સુન હોને ઈમાની;
સહી ઈમાન તો મૂમિન, કેરી રે નિશાની.

૧૧તો નિસદિન બયાન, સુનને ઈમાના;
અને એક કર કહો, દિલકે ધિયાન. રે તૂહી.
૧૨મને કિયા જે રબને,ના કરસી વે કામ રે;
ના કરસી વે કામ; નબીજીને ફરમાહીઆ,
મુહાજિર ઉસકા ના રે, મુહાજિર ઉસકા નામ.

## ૧૬૪૦ પહલ.

૧ એસી હૅ બાત ઈમાનકી જાનો રે;
સહી કર મન માંહી માનો રે.
૨ સુન સુન દીનકે ભાઈ જાનો રે;
ઈમાની હોના બડાઈ જાનો રે;
૩ મૂલ હૅ ઈમાન મૂમિન જાનો રે.
મન મૂમિન તન જાનો રે.
૪ મૂલ બિના દરખ્ત નહીં જાનો રે;
એ રીત સહી મન માંહી જાનો રે.
૫ મૂલ બિના સૂક જાવે જાનો રે;
કાઠી નામ કહલાવે જાનો રે.
૬ તબ નહીં દરખ્ત નામા જાનો રે;
છાં તલે બૅઠતે ઠામા જાનો રે.
૭ મૂલ થા ઝાડ કહલાતા જાનો રે;
છાઊં થા સબ કો ચાહતા જાનો રે.
૮ મૂલ બિના સૂક ગયા જાનો રે;
કાઠી નામ ધરાયા જાનો રે.

અલ્લાહના હુકમોથી જેમના થયું છે તેનાથી દૂર ભાગે છે.

૮.૯ આપે (સલ.) અલ્લાહે મના કરેલી ચીજોથી દૂર રહેનારને મુહાજિર કહ્યો છે.
(આ હદીસ બુખારી શરીફનામની કીતાબ માં લખેલી છે.)

૧૦.૧૧ દીનના ભાઇ ! દીનની વાત સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાન મોમિનની નિશાની છે. તેથી, રાત દિન દીનનાં બયાનો સાંભળો અને દિલના ધ્યાનથી અલ્લાહને એક માની કહો.......... રે તું – હી.

૧૨ રબનાં મના કરેલાં કામ જે કરશે નહિ તે નબી (સલ.)ના ફરમાવ્યા મુજબ મુહાજિર છે.

## બયાન ૧૬૪૦
## પીર મશાયખ (રહે.) ઈમાનની વાત સંભાવતાં કહે છે: 'ઈમાન વિના મૂળ વગરના સુકાયેલા ઝાડ જેવા'

૧.૮ ઈમાનની વાતને મનથી સાચી માની લો, ઈમાનવાળા બનવામાં મોટાઇ છે મોમિનના તન અને મનમાં ઈમાન મૂળ ચીજ છે. મનથી સમજી લો કે 'મૂળ વિના ઝાડ હોય નહિં' મૂળ વિના તે સૂકાઇ જાય તો લાકડું કહેવાય, અને છાંયે બેસાય તેવું ઝાડ રહે નહિ. તેને મૂળ હોતું તો તે છાંયવાળું ઝાડ કહેવાતું, અને બધા તે ઝાડને ચાહતા. પણ, મૂળ વિના સુકાઇ જવાથી તેનું નામ લાકડું જ રહયું.

૯ ઈમાનકી હૅ એ રીતા જાનો રે;
મૂમિન ઈમાન પીતા જાનો રે.
૧૦ઈમાને મૂમિન નામ જાનો રે;
બહિશ્ત હૅ ઉસકા ઠામા જાનો રે.
૧૧બાત ઈમાન ના જાને જાનો રે;
મૂમિન કૅસા વે મન જાનો રે.
૧૨સુન ભાઈ દીનકે મેરે જાનો રે;
ધવ ધવ બૂઝો સવેરે જાનો રે.
૧૩બેગે હૅ હોના ઈમાની જાનો રે;
મૂમિનકી એ નિશાની જાનો રે.
૧૪નહી તો ટોલે બહુતેરે જાનો રે;
જગ માંહે કઈ કઈ અનેરે જાનો રે.
૧૫મૂમિન નહી કહલાતે વે જાનો રે;
બહુત બહુતેરે હૅ દેખાતે જાનો રે.
૧૬ ઈમાને મૂમિન કહીએ જાનો રે;
બયાન ઈમાન તો લહીએ જાનો રે.

૯.૧૦ એજ રીતે માણસ ઈમાનની પ્રિતથી મોમિન બને. છે, અને જન્નત તેનું ઠામ હોય છે.

૧૧ ઈમાનની વાત ન જાણે તે મોમિન કેમ ગણાય?

૧૨ દીનના ભાઈ ! દીનની વાત જાણવા દોડી આવો.

૧૩ જલદી ઈમાનવાળા બનવું એ મોમિનની નિશાની છે.

૧૪.૧૫જગતમાં નોખાં નોખાં ઘણાં ટોળાં છે. એ બધાંય મુસલમાન નથી.

૧૬ ઈમાનથી જ મોમિન બનાય છે. માટે ઈમાનનાં બયાન ધ્યાનમાં લો.

---

## ૧૬૭૧

૧ સુનો અનસ અસ્હાબી, નબીજીકે કહીએ;
રજી અલલાહો અન્હો, નામ સંગ લહીએ.
૨ એ નબીજીકે ખાદિમ, થે રે જાનો ;
દસ બરસ તો ખિજમત, કીતી માનો રે.
૩ સુનો એ હૅ હદીસ, નબીજીકી કહતે;
સો સહી કર જૂં થે, સુન કર લેતે.
૪ સુનો મજાલિસ માંહે, થા જે નબીજીકે આખા;
વે અનસને સુન કર, યાદ રે રાખા.
૫ વે હદીસ તો નબીકી, ઈનૂને કહી;
સો સબૂને સુન કર, સહી કર લહી.
૬ કહા નબીજીને તમૂથી, ના કો લાવે રે ઈમાના;
વે મુજે નહી ચાહવે, યૂં કહા રે જાના.
૭ જહાં રેવે નેહસૂ, મુજે ચાહવે રે નાંહાં;
તહાં ઈમાન ના આવે, ઉસ દિલ રે માંહાં.
૮ કે બાપ ને બેટેથી, મુજે કરે બહુત નેહા;
મુજે ઍસે નેહ સેતી, ચાહવે જિસકી દેહા.
૯ ભી ખલ્કસૂ અદકા, મુજે નેહ રે કરાવે;
યૂં સબૂકે નેહથી, બહુત જે મુજે ચાવે.
૧૦વે તેમ રે માંહીથી, હોવેગા ઈમાની;
એ હદીસ તો નબીકી, સહી રે જાની.

---

## બયાન ૧૬૭૧

### હદીસે : નબી (સલ.)ની મહોબત વગર ઈમાન નથી. રાવી : હઝ અનસ (રઝી.).

૧.૫ હઝ. અનસ (રઝી.) નબી (સલ.)ના સેવક હતા અને દસ વરસ સુધી તેમણે આપ (સલ.)ની સેવા કરી હતી. તેઓ નબી (સલ.)થી સાંભળેલી હદીસ કહે છે. મજલીસમાં નબી (સલ.)એ જે કહ્યું તેને તેમણે યાદ રાખ્યું, અને તેમણે કહેલું બીજા અર-હાબીયો (રઝી. અન્હૂમ)એ પણ સાંભળ્યું

૬.૭ આપે (સલ.) ફરમાવ્યું કે ‘તમારા માંથી જે કોઈ મને ચાહે નહિ તે હજુ ઈમાન લાવ્યો નથી, મને ચાહે નહિ તેના દિલમાં ઈમાન આવે નહિ’.

૮.૧૦ આપે (સલ.) કહ્યું: “તમારા માંથી તે માણસ ત્યારેજ ઈમાનવાળો (સંપૂર્ણ મોમિન) બનશે, જ્યારે તે તેના બાપ કે બેટા બધા જ લોકો (ખલ્ક) એ બધાય કરતાં વધારે પ્રેમથી મને ચાહશે.”

(૧) મશ્કિત (ભાગ-૧, વિભાગ-૨)ના તિાબુલ ઈમાનની ફસલ પહેલીની પાંચમી હદીસ છે - મુત્ત. અલયહે (બુખારી - મુસ્લિમ).

| | |
|---|---|
| ૧૧ યૂં મુબારક જુબાંસૂ, આપ ફરમાયા; એ સુનતે મૂમિન, સોચ ઈતના આયા. રે તૂહી | ૧૧ આપે (સલ.) જબાન મુબારકથી આ હદીસ ફરમાવી તેને સાંભળીને મોમિન એટલુંજ સોચે (અને – કહે)............ રે તું – હી. |
| ૧૨ ખાતિમકૂ ચાહવે નેહસૂ, વે હૅ ઈમાની જાત રે, વે હૅ ઈમાની જાત; ગાફિલ સુન લે જાગ કર, એ હૅ મુશ્કિલ બાત રે, એ હૅ મુશ્કિલ બાત. | ૧૨ ખાતે મુન્નબી (સલ.)ને જે નેહ થકી ચાહે તે ઈમાન વાળો છે. ગાફીલ ! તું જાગીને સાંભળી લે કે ઈમાન વિના તારે માટે આ વાત મુશ્કેલ છે. |

## ૧૬૪૨ પદ.

૧ અરે સુન રે ગાફિલ મૂરખ અંધા, નીંદ તુજે ક્યૂં હૅ આતી, કે ઈમાની હોના મુશ્કિલ દીસે, સુન સુન લે વે બાતી.

૨ અરે નબી ખાતિમકૂ જે ચાહવે, વે હોવેગા ઈમાની; તો નેહ નબીસૂ હોવે સહી, મૂમિનકી નિશાની.

૩ ખાતિમ રબને ઍસે બનાએ, દીન કેરે ઈમામા; અરે દીન સહી વે જે કીએ આપે ખાતિમ નબીને કામા.

૪ જુબાં મુબારક સેતી આખા, વે ભી બૂઝો દીના; અરે ઍસી ખૂબીસૂ સુલ્તાન અંબિયા, દેખો રબને કીના.

૫ વે ખાતિમ તો તુજે ચાહવે સહી, નેહ જો તૂ મન લાવે; અને હુકમ સબ નબીજી કેરે, સીસ પર ચઢાવે.

૬ અરે તુજને ખાતિમ તુજકૂ ચાહવે, હોવેગા તૂ ઈમાની; અરે રજામંદી સહી નબી કેરી, હુકમ માને જાની

૭ અરે જો તૂ હુકમ હૅ રે ફેરાતા, નબીકૂ નહીં ભાતા; અરે હુકમ ફેરે દુવન હોવે, સબ જગ બૂઝે એ બાતા.

૮ અરે જો તૂજે ભાવ નબીકા આવે, બૂઝ એ નેહકી રીતા; અરે જો તૂ ચાહવે તો નબી કેરી, હોવે તુજ ઊપર પીતા.

૯ અરે નેહ કેરી સાચી નિશાની, હુકમ સીસ ચઢાવે; જૂં જિસકૂ હૅ ચાહતા ઈસ જગ માંહાં, કામ ભી ઉસકા ચાવે.

## બયાન ૧૬૪૨

### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવતાં કહે છે :

૧ ગાફીલ ! તું સાંભળ, તું મૂરખ અને આંધળો છે. તને ઊંઘ કેમ આવેછે? તને ઈમાનવાળા થવું કેમ મુશ્કેલ લાગે છે?

૨ નબી (સલ.)ને જે ચાહે તે ઈમાનવાળો છે. નબીથી પ્રેમ હોવો એ મોમિનની નિશાની છે.

૩ નબી (સલ.)ને અલ્લાહે દીનના ઈમામ (અગ્રણી) બનાવ્યા, નબીયોના સરદાર બનાવ્યા, તેમણે જે કામો ક્યાઁ તે દીન છે.

૪ આપે (સલ.) જબાન મુબારકથી જે કાંઇ કહ્યું તે પણ દીન છે.

૫.૬ જો તું આપ (સલ.) પર પ્રેમ લાવે અને આપના હુકમો માથે ચડાવે, તો આપ (સલ.) પણ તને ચાહે ને તું ઈમાનવાળો બને, તેમજ આપની રજામંદી (રાજીપો) મેળવો.

૭ જો તું નબી (સલ.)ના હુકમોથી પીઠ ફેરવે, જે વાત નબીને ન ભાવે, તો તું નબી (સલ.)નો દુશ્મન બન્યો ગણાય એ બધુંય જગત જાણે છે.

૮ જો તું નબી (સલ.)ને જેમ ચાહવું જોઇએ એમ ચાહે તો તેઓ પણ તારી ઉપર પ્રેમ કરે.

૯ પ્રેમની સાચી નિશાની એ છે કે પ્રેમીના હુકમો માથે ચડાવે. જગતમાં જેને ચાહીએ છીએ તેના કામથી પણ ચાહના હોય છે.

## ૧૬૪૩ નજમ.

૧ ઍસી ઍસી દીનકી બાતી રે, તમે સુનો રે; સુન યાદ રાખો દિન રાતી રે, તમે સુનો રે.

## બાયન૧૬૪૩

### 'નબી (સલ.)નો પ્રેમ મેળવવા તેમના હુકમો માથે ચડાવો' પીર મશાયખ (રહે.) હદીસ સમજાવતાં કહે છે: 'તમે સાંભળો'.

૧ દીનની વાતો રાત દીન સાંભળીને યાદ રાખો.

૨ જે તન નબીજીકૂ ચાહતે રે, તમે સુનો રે;
હૈ વે તન મૂમિન કહલાતે રે, તમે સુનો રે.
૩ નેહસૂ જિને નબીજીને જાના રે, તમે સુનો રે;
ઉસે હૂઈ ઈમાનકી શાના રે, તમે સુનો રે.
૪ બાપ બેટેથી અદકાઈ રે, તમે સુનો રે;
ઍસી પીત નબીજીને ચાઈ રે, તમે સુનો રે.
૫ વે તન હૂવડા ઈમાની રે, તમે સુનો રે
એ બાત દોહલી જાનીરિ, તમે સુનો રે.
૬ નબીજીકૂ ચાહવે જો હો દાસારે, તમે સુનો રે;
નિત કર નબી મન આસા રે, તમે સુનો રે.
૭ હુકમકૂ માથે ચઢાવે રે, તમે સુનો રે;
સબ સબ નેહસૂ ચાવે રે, તમે સુનો રે.
૮ નબીકા તો હોવે તુજે નેહા રે, તમે સુનો રે;
નબી નેહ ભી આવે તુજે દેહા રે, તમે સુનો રે.
૯ હોવે તુજે નબી પર ભાવા રે, તમે સુનો રે;
બૂઝે તો તૂ નબીજીકા ચાવા રે, તમે સુનો રે.
૧૦ જો તુજે નબીજીકી પીતા રે, તમે સુનો રે;
વે નેહ નબીજીકી રીતા રે, તમે સુનો રે.
૧૧ પીતે જો દિલ તૈં રંગાયા રે, તમે સુનો રે;
બૂઝ તુજે નબીજીને ચાયા રે, તમે સુનો રે.

૨ જેઓ નબી (સલ.)ને ચાહે છે તે મોમિન છે.

૩ જેણે નબી (સલ.)ને પ્રેમથી જાણ્યા તેને ઈમાનની અજમત (પ્રતિભા) મળી.

૪.૫ બાપ બેટા થીએ અદકી આપ (સલ.)થી પ્રિત કરવાનું આપે (સલ.) ચાહયું છે. અને જેણે આવી પ્રિત કરી તે ઈમાનવાળો બન્યો, આવી પ્રિત કરવી દોહયલી (અઘરી) છે.

૬.૮ જે કોઈ નબી (સલ.)ની મુહબ્બત તરફ મનવાળી તેમના ગુલામ બનીને તેમનાથી પ્યાર રાખે, અને તેમના હુકમો માથે ચડાવે તો તેની ઉપર નબી (સલ.)નો પ્રેમ ઉતરે.

૯.૧૦ તું નબી (સલ.)નું ચાહયું કરે તો તને આપ (સલ.)પર ભાવ ઉપજે તને નબી (સલ.)થી પ્રિતછે, તો તું તેમની રીત યાને હુકમોથી પણ તેવોજ પ્રેમ કર.

૧૧ આપ (સલ.)ની પ્રિતથી જો તારૂં દિલ રંગાઈ ગયું તો તું જાણીલે કે આપ (સલ.) તને ચાહે છે.

---

## ૧૬૪૪

૧ બાત હૈ દીનકી સુન સુન લેની રે;
બાત હૈ કરની જૈસી રહની રે.
૨ ચાહવે જો નેહે નબી તુજે તના રે;
તો તૂ ઈમાની હૈ બૂઝ મના રે.
૩ પરગટ પીત નબીકી નિશાની રે;
તૈં જો પીત નબી દિલ આની રે.
૪ જો તુજે હોવે નબીજીકા ચાવા રે;
તો બૂઝ નબીજીકા તુજે ભાવા રે.
૫ જબ તુજે નામ નબીકા ના ભાવે રે;
નામકૂ સુનતે ભાવ ના આવે રે.
૬ તબ બૂઝ નબી તુજે નહીં ચાતે રે;
તુજ પર રીસ હૈ નબી કરાતે રે.
૭ તબ સોચ ઈતના હૈ સહી કરના રે;
ક્યા કામ ચૂકા મૈં મન માંહી ધરના રે.
૮ હુકમ કૉનસા મૈં હૈ ફેરાયા રે;
ગુસ્સા નબીકા મુજકૂ આયા રે.
૯ સોચ એતા કર ઢુંડે સહી રે;
સુન્નત કૉનસી અલગી રહી રે.

## બયાન – ૧૬૪૪
## પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

૧ દીનની વાત સાંભળો જેવી વાત હોય તેવી જ કરો.

૨ તને નબી (સલ.) ચાહતા હોય તો તું તને ઈમાનવાળો માન.

૩.૪ તું જો નબી (સલ.)ની પ્રિત દિલમાં આણે અને તને નબી (સલ.)થી ચાહના હોય તો તે નબી (સલ.)ની તારી ઉપર ભાવના હોવાની પ્રગટ નિશાની છે.

૫.૬ તને નબી (સલ.)નું નામ ન ગમે, આપનું નામ સાંભળતાં જ આપ ઉપર તને ભાવ ન ઉપજે તો તું જાણ કે નબી (સલ.) તને ચાહતા નથી અને તારી ઉપર ગુસ્સે છે.

૭.૧૧ ત્યારે તું સોચ કે '<u>દીનનું ક્યું કામ તું ચુકી ગયો છે?</u>' તેં નબીના ક્યા હુકમતી પીઠ ફેરવીછે, જેથી નબી (સલ.) તારી ઉપર ગુસ્સે છે? તુંસોચ અને શોધ કે <u>કઈ સુન્નત</u> તેં અળગી (તરક) કરી છે, તું તે શોધી કાટીશ તો તરત જ નબી (સલ.)થી તને પ્રિત

૧૦વે ઢુંડ કાઢને કરની રીતા રે;
તુરત હોવેગી નબીકી પીતા રે.
૧૧તો ભાવ તુજે નબી પર આવે રે;
કૂઆ જૂં ગાલતે પાની દેખાવે રે.
૧૨કર દેખ રીત એ જાહિર નૅના રે;
તબ તૂ જાને સહી મૅરે બૅના રે.
૧૩હાથ કંગનકૂ ના દરપન કામા રે;
પરગટ આવે જે નૅનૂ ઠામા રે.
૧૪નિત નિત ઍસી હૅ કરની રીતા રે;
જબ મન હોવે ઓછી પીતા રે.

## ૧૬૪૫ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો,
દિલ ભર દિલ કહીએ, ખબર એ સહી લહીએ;
નબી મન રાખો ચાવા, નિત ભાવા જી.

૨ સુનો જીવ હો, સુનો વીર હો.
નબી હૅ ઉમ્મતકૂ ચાતે, ઉમ્મતી ભી હૅ તેહ
મન લાતે; સાંધા બીચ હૅ પડ જાતા, હૅ બૂઝ
બાતા જી.

૩ સુનો જીવ હો, સુનો વીર હો.
ફરમૂદા જે નબી કેરા, બૂઝના જો વે સવેરા;
નહીં તો નબીકી પીતા, સહી રીતા જી.

૪ સુનો જીવ હો, સુનો વીર હો.
નેહના આવે તુજ દિલ માંહાં,
જો તુજે નબી ચાહવે નાંહાં;
એક દિલ સેતી નહી નેહા, તેરી દેહા જી.

૫ સુનો જીવ હો, સુનો વીર હો.
હુકમ નબી માને બિના, નબી ના ચાહવે તુજ
તના; તો નેહ તુજે કહાંથી આવે, એ જનાવે જી.

૬ સુનો જીવ હો, સુનો વીર હો.
દિલ ભર દિલ બૂઝો બાતી, પીત દિલસૂ
કહલાસી; એતો બૂઝો મનકી પીતા, સહી
રીતા જી.

૭ સુનો જીવ હો, સુનો વીર હો.
હુકમકૂ તૂ માને નાંહાં, ચાહવે નબીકૂ દિલ
માંહાં; નબી ના કરેંગે નેહા, તેરી દેહા જી.

લાગશે. જેમ કૂવો ગાળતાં પાણી દેખાય તેમ તને નબી (સલ.) પર ભાવ દેખાશે.

૧૨ તું આ <u>પ્રમાણે કરીને</u> આંખે જોઇલે, પછી તને મારાં બયાનો સમજમાં આવશે.

૧૩ આંખેથી સ્પષ્ટ દેખાતાં હાથનાં કંગણ જોવા માટે દરપણનું કામ નથી.

૧૪ જ્યારે આપ (સલ.)થી પ્રિત ઓછી થતી જણાય ત્યારે ઉપર મુજબની <u>આત્માખોજ</u> કરતા રહો.

## બયાન – ૧૬૪૫

### પીર મશાયખ (રહે.) સમજાવે છે: 'સાંભળો જીવ' ! સાંભળો વીર !

૧ દિલ ભરીને નબી (સલ.)થી ચાહના અને ભાવના રાખો, નબી (સલ.)થી મહોબત રાખવાની હદીસ સહી છે.

૨ નબી (સલ.) ઉમ્મતને ચાહે છે, અને ઉમ્મત પણ આપને (સલ.) ચાહે છે. બેઉની વચ્ચે મહોબ્બતનો સાંધો છે.

૩ નબી (સલ.)નાં ફરમાનો જાણીને માની લો, નહિતો, તમારી આપ (સલ.)થી સાચી પ્રિત નથી.

૪ નબી (સલ.) તને ચાહે નહિ તો તારા દિલમાં તેમની ઉપર પ્રેમ આવે નહિ એક તરફનો પ્રેમ થાય નહિ (તારે પણ હદીસ મુજબ નબી (સલ.)થી પ્રેમ કરવો જોઇએ)

૫ નબી (સલ.)ના <u>હુકમો માન્યા વિના</u> નબી તને ચાહે નહિ તું જણાવ કે આ રીતે નબી (સલ.)નો પ્રેમ તારી ઉપર ક્યાંથી આવે?

૬ દિલ ભરીને વાત સમજો કે પ્રિત દિલથી થાય છે. સાચી પ્રિત મન થકી હોય છે.

૭ તું નબી (સલ.)ના હુકમોને માન્યા વિના દિલથી ચાહવાનું ઇચ્છેતો તારાથી આપ (સલ.) મહોબ્બત કરશે નહિ.

૮ સુનો જીવ હો, સુનો વીર હો. તુજ તન નેહ
કહાંથી આવે, જો ના તુજકૂ ખાતિમ ચાવે;
હુકમકા જો સાંધા પડીઆ, સહી કરીઆ જી.

૯ સુનો જીવ હો, સુનો વીર હો.
કામ નિત ચિંતાથી કરના,
હુકમ કામ મનમાં ધરના;
તો છેટા પડે નાંહાં, દિલ માંહાં જી.

૮ ખાતે મુન્નબી (સલ.) તને ન ચાહે તો તારામાં આપ (સલ.) થી પ્રેમ ક્યાંથી આવે? આપ (સલ.)ના હુકમો નો વચ્ચે સાંધો છે. તે બરાબર કરો.

૯ નબી (સલ.)ના હુકમોનોને મન ધરીને હુકમ પ્રમાણેનાં કામ હંમેશા ચિંતા રાખીને કરશો તો આપ (સલ.)થી દિલનું છેટું પડશે નહિ.

---

## ૧૬૪૬ બિરહા.

૧ સુન સુન ભાઈ દીનકે, ઍસી હેં દીનકી બાત રે,
નેહ નબીકા જિસ તના, વે હેં ઈમાની જાત રે.

૨ બેટે થકી અને બાપથી, ચાહવે નબીકૂ અંતે ધના;
ઑર ઑર સબ ખલ્કથી, નબીકૂ ચાહવે બહુત મના.

૩ ઍસી નબીકી પીત જો, રાખેગા તૂ નિસ દિના;
તુજે ઈમાની જાત રે, નામ ધરાવે મૂમિના.

૪ ખાતિમકા જો નેહ તુજે, ભાવે નબીકિ કામ રે;
એ રીત બૂઝ નેહકી, સબ જગ કેરે ઠામ રે.

૫ કામ તો જૂં બાપકૂ કહવે, નંના જો ગોદમાં બાલ રે;
નેહ કાજ વે સુનતે કરે, તુરત ઉસહી હાલ રે.

૬ એ રીત સબ જગ નેહકી, બૂઝે નંના બાલા સહી;
પટંતરેકી એ રીત હેં, તિલ કભી છાની નહી.

૭ ઉસથી ભી નેહ કરના ધના, સુન સુન દીનકી બાત રે.
ખાતિમ તો ચાહવે સહી, નેહસૂ તો તેરી જાત રે.

૮ નબી મુબારક જાતકૂ, નેહસૂ તુજે ચાહવે દહી;
ઉસ તન હેં ઈમાન રે, ખબર એ સુન કર લહી.

## ૧૬૪૬

### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવતાં કહે છે :

૧ દીનના ભાઈ ! દીનની આ વાત સાંભળ કે જેને નબી (સલ.)થી પ્રેમ હોય તે ઈમાનવાળો છે.

૨.૩ દીનના ભાઈ ! આ દીનની વાત છે, તેને સાંભળ જ ેનામાં નબી (સલ.)થી પ્રેમ હોય તે ઈમાનવાળો છે તું જો બાપ અને બેટાથી યે ઘણો પ્રેમ નબી (સલ.)થી રાખે, બધી ખલ્કથી વધારે આપને (સલ.) મનથી ચાહે એવી પ્રિત રાતદિન રાખે, તો તું ઈમાનવાળો મોમિન છે.

૪ નબી (સલ.)થી પ્રેમની રીત એ છે કે નબી (સલ.)એ કરેલા કામ કરવાં તને બહેજ ગમે.

૫.૬ ખોળામાં બેસેલો નાનો બાળક બાપને કાંઇ કામ બતાવે તો પ્રેમના લીધે બાપ તે કામ તરતજ કરી દે છે. નાનું બાળક પણ પ્રેમનું આ ઉદાહરણ જાણે છે. એ જરાએ છાનું નથી.

૭ દીનની વાત સાંભળો ! બાપ બેટાથી પણ ઘણો પ્રેમ તમો નબી (સલ.)થી કરો.

૮ નબી (સલ.)થી પ્રેમ કરશો તો અલ્લાહ તમારાથી પ્યાર કરશે, અને આવો પ્યાર કરનાર ઈમાનવાળો છે.

---

## ૧૬૪૭

૧ ભી અનસ હેં કહતે, રજી અલ્લાહો અન્હો કહીએ;
સો નબીજીકી હદીસ, સુન કર લહીએ.

૨ સો ખાતિમ નબીને, જૂં ફરમાયા;
સો અનસને યાદ રાખ, બયાન રે બતાયા.

## ૧૬૪૭

### હદીસે : જેનામાં ત્રણ લક્ષણો (આદતો) હોય તે ઈમાનની મીઠાસ પામે.

### રાવી : હઝ અનસ (રઝી.)

૧.૨ હઝ અનસ (રઝી) નબી (સલ.)થી સાંભળીને યાદ રાખેલી હદીસ બયાન કરે છે.

મિશ્કત (ભાગ-૧, વિભાગ-૨૯ના કિતાબુલ ઈમાનની ફસલ પહેલાની ૬ઠ્ઠી હદીસ છે. મુત. અલયહે (બુખારી-મુસ્લિમ).

3 કહા તીન હૅ ખસ્લતાં, નબીજીને આખા;
હૅ ઈમાનકી મિઠાસ, ઉસ માંહી દાખા.
4 વે તીન ખસ્લતાં પરગટ પાવે;
સહી ઈમાનકી મિઠાસ, ઉનકૂ જનાવે.
5 કરે અલ્લાહ ને અલ્લાહકે, રસૂલસૂ નેહા;
સો અવરસૂ જાદકા, નેહ કરે આપ દેહા.
6 રાખે રબને રસૂલકા, નેહા બહુત મન માંહાં;
ઍસા ઑર કાતીસૂ, ચાહવે રે નાંહાં.
7 સુનો એક યો ખસ્લત, ઈસે રે જાનો;
નિત પરગટ ઍસી, દિલ માંહી રે આનો.
8 એ દીન કેરે ભાઈ, એ કાન ધર સુનના;
એ હદીસકા બયાન, સુન મન માંહી ધરના.
9 કે રબ ને રસૂલ પર, કરના ચાહવા;
તો નિત નિત ઈતના, કહ મન ધર ભાવા.
રે તૂહી.
10 નિત નિત રબ રસૂલસૂ, કરના નેહસૂ ચાવ રે,
કરના નેહસૂ ચાવ;
અવર દુન્યાકે કામસૂ, બહુત કરના હૅ ભાવ રે,
બહુત કરના હૅ ભાવ.

3.4 નબી (સલ.)એ ફરમાવ્યું : "જેનામાં ત્રણ ખસલતો હોય તે ઈમાનની મીઠાસ પામશે".

5.7 પહેલી ખસલત :
પહેલી ખસલત એ છે કે, બંદો અલ્લાહ અને તેના રસૂલ (સલ.)ને મનથી અન્યો કરતાં વધારે પ્રેમ કરે, અને એવો પ્રેમ બીજા કોઈથી ન કરે. અને આ આદત હંમેશા દિલથી જાહેર કરે.

8 દીનના ભાઈ ! આ હદીસ કાન ધરીને સાંભળી મનમાં લો.

9 રબ અને રસૂલ (સલ.) પર ચાહના રાખીને નિત્ય તેમની મહોબતનો ભાવ મનધરો અને કહો.......
રે તું – હી

10 દુનિયાંનાં બધાં કામો કરતાં પણ અલ્લાહ અને તેના રસૂલ (સલ.)થી વધારે પ્રેમ ભાવ રાખો.

---

## ૧૬૪૮ બલ.

1 સુનો જીવ હો, સુનો વીર હો,
રબ ને રસૂલ જાનો, એ દો પીતે સહી માનો;
એ દો નામે કરોને પીતા, સહી રીતા જી.
2 સુનો જીવ હો, સુનો વીર હો,
એ દો નામે કરો નેહા, નિત નિત આપ દેહા;
અવર નેહા કરો તાજા, દીન કાજા જી.
3 સુનો જીવ હો, સુનો વીર હો,
ઑર કામે ના રાખો ભાવા, એ દો નામે કરો ચાવા;
પીત ધની ઈનસૂ જાનો, સહી માનો જી.
4 સુનો જીવ હો, સુનો વીર હો,
રબે તુજે પૈદા કીતા, બુઝને કાજે દિલ હૅ દીતા;
જીભકૂ દિયા સવાદ, સુન એ બંદા જી.
5 સુનો જીવ હો, સુનો વીર હો,
નૅનાં દેખનેકૂ દીતે, કાન સુનને કાજે કીતે;
હૅ તે એહસાન રબ કેરા, દેખ સવેરા જી.

---

## બયાન – ૧૬૪૮
## અલ્લાહનાં એહસાન અને નબી (સલ.)ના પ્રેમ થકી શફાઅત.
## પીર મશાયખ (રહે.) હદીસ સમજાવતાં કહે છે : 'સાંભળો જીવ ! સાંભળો વીર !'

1 અલ્લાહઅને તેના રસૂલ (સલ.)ને જાણો, અને બેઉને પ્રેમથી માનો. બેઉના નામથી સાચી રીતે પ્યાર કરો.

2 પોતે આ બેઉનામથી પ્રેમ રાખો અને દીન કાજે આ પ્રેમને બીજાના પ્રેમ કરતાં ઉંચા રાખો.

3 આ બે નામથી જ ઘણી પ્રિત અને ચાહના રાખો, તે શિવાય, બીજા કામોથી એવો પ્રેમભાવ રાખો નહિ.

4 બંદા સાંભળ ! અલ્લાહે તને પેદા કર્યો, સમજવા માટે તને દિલ આપ્યું અને જીભને સ્વાદ આપ્યો.

5 અલ્લાહે તને જોવા આંખો આપી અને સાંભળવા કાન આપ્યા તો તેના એહસાનને તું સમજ.

| | |
|---|---|
| ૬ સુનો જીવ હો, સુનો વીર હો,<br>તરસા જબ તૂ પાની પાવે,<br>નેહ ના રબકા ક્યૂં મન લાવે;<br>જીભે તુજે સવાદ દીતા, આપ મીતા જી. | ૬ તારી જીભને અલ્લાહે સ્વાદ આપ્યો છે, તું તરસ્યો થાય ત્યારે તને પાણી મળે છે, તો પછી તું અલ્લાહનો પ્રેમ મનમાં કેમ ન લાવે? |
| ૭ સુનો જીવ હો, સુનો વીર હો,<br>એ રીતે સબ શુકર કરના, નેહ રબકા મનમાં ધરના;<br>રસૂલ ભી નેહસૂ જાનો, સહી માનો જી. | ૭ એ રીતે અલ્લાહનો શુકર કરીને અલ્લાહ અને તેના રસૂલનો પ્રેમ મનમાં ધરો. |
| ૮ સુનો જીવ હો, સુનો વીર હો,<br>રસૂલે રબ દેખાયા, નબીસૂ સુરજન પાયા;<br>શિફાઅત નબી કરસી સહી મન ધરસી જી. | ૮ નબી (સલ.)એ અલ્લાહને દેખાડ્યો, આપણે નબી (સલ.) થકી સર્જનહારને પામ્યા, ક્યામતને દિવસે આપણી શફાઅત (શિફારીશ) નબી (સલ.) ઉમ્મતના પ્રેમથી કરશે. |

---

## ૧૬૪૯ પદ.

## ૧૬૪૯

## પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

| | |
|---|---|
| ૧ અરે નેહ રબ રસૂલસૂ કીજે, સુન એ દીનકી બાની; જિને બંદા તુજકૂ બનાયા, કૈસી કીતી તુજ જાતી. | ૧ દીનની વાત સાંભળો અલ્લાહ અને તેના રસૂલથી પ્રેમ રાખો. અલ્લાહે તમને તેના બંદા બનાવ્યા અને ઈન્સાન બનાવ્યા. |
| ૨ જાૂ દેખ જીભ ને કાન નૈનાં, કૈસે હૈ રબને કીતે;<br>અરે તુજે સવાદ ઈનૂ માંહાં, બહુત દુની માંહે દીતે. | ૨ અલ્લાહે તમને દુનિયામાં કેવા જીભ, કાન, આંખ અને તેમાંના સ્વાદ આપ્યા તે જુઓ. |
| ૩ તો તિલ તિલ શુકર તુજકૂ કરના, જબ સવાદ વે પાવે;<br>બૂઝ ઐસા રબને મુજે બનાયા, પીત ઉસ સંગ લાવે. | ૩ તને તારાં આ અંગોનો સ્વાદ મળે તો 'અલ્લાહ' મને કેવો બનાવ્યો'! એમ જાણીને અલ્લાહ પર પ્રેમ લાવ અને હરઘડી તેનો શુકર કર. |
| ૪ અરે પીતે ભી ઈસકે રસૂલ જાનો, જિને રબ દેખાયા;<br>સો ખાતિમ નબી નામ મોહમ્મદ,<br>ઈનૂથી રબ હૈ પાયા. | ૪ અને આવીજ પ્રિતથી અલ્લાહના રસૂલ, ખાતેમુન્નબી, મુહમ્મદ (સલ.) ને જાણો, જેમણે આપણને અલ્લાહ દેખાડ્યો, એમનાથી આપણે અલ્લાહને પામ્યા. |
| ૫ અરે એ દો નામૂકા બુઝો એહસાના, મન ધર કરની પીતા;<br>અરે કેતી ખુબસુ તુજકૂ બનાયા, બૂઝ આપ તન રીતા. | ૫ પોતાની જાતને જો, કે કેવી ખૂબીથી અલ્લાહે તને બનાવ્યો છે. અલલા અને નબી એ બેઉનો ઉપકાર છે (એકે તમને બનાવ્યા અને બીજાએ તમને બનાવનાર દેખાડ્યો) તેથી તેમનાથી પ્યાર કરો. |
| ૬ અરે નૈનાંના હોતે તો ક્યૂં દેખા જાતા, એ શુંકર મન ધરના;<br>અરે એ બૂઝ શુકર કર દો નામૂ, નેહ મન માંહી ધરના. | ૬ તને અલ્લાહે આંખો ન આપી હોત તો તું કેમ કરી ને દેખી શક્ત? માટે તું તેનો શુકર કર. નબી (સલ.)એ અલ્લાહને દેખાડ્યો, માટે તેમનો પણ શુકર કર. |
| ૭ એ દો નામૂસૂ નેહ ઘનેરા, અવર સબૂસૂ કીજે;<br>અરે સપાડા એ દો નામૂ કેરા, ચિંતાસૂ મન દીજે. | ૭ બીજા બધાંય કરતાં અલ્લાહ અને રસૂલ (સલ.) એ બે નામથી ઘણેરો પ્રેમ કરો, એ બે નામનો તમારી ઉપર ઉપકાર છે, એ વાત સમજો. |

૮ એ દો નામૂકા બૂઝો સપાડા, નિત નિત કરો ભાવા;
એ નામ બિના કિસે અદકા, કરના નહીં ચાવા.
૯ એ દો નામસૂ કરની પીતા, અદકી સબૂસૂ રીતા;
ભી શુકર કરના બૂઝો સપાડા, જૈસા તુજે હૅ કીતા.

## ૧૬૫૦ નજમ.

૧ સુનો ઍસી દીન કેરી રીતા રે, તમે સુનો રે;
કરો રબ રસૂલસૂ પીતા રે, તમે સુનો રે.
૨ એ દો નામૂ કરો નેહા રે, તમે સુનો રે;
પીત રંગ કરો આપ દેહા રે, તમે સુનો રે.
૩ અવરૂકા હોવે અભાવા રે, તમે સુનો રે;
એ દો નામૂ ઍસા કરો ચાવા રે, તમે સુનો રે.
૪ નેહ કરો ભાવે એ દો નામા રે, તમે સુનો રે;
નેહ કરના ના આવે ઑર કામા રે, તમે સુનો રે.
૫ જૂં કુછ કામ હૅ કરાવે રે, તમે સુનો રે;
નમાજકી વેલા ઍસે આવે રે, તમે સુનો રે.
૬ હોવે તબ કામકા અભાવા રે, તમે સુનો રે;
તો હૅ તુજે દોનૂ નામૂ ચાવા રે, તમે સુનો રે.
૭ કભી કામ જો તુજે ભાયા રે, તમે સુનો રે;
વક્તકૂ આગે ચલાયા રે, તમે સુનો રે.
૮ દોનૂ નામૂ નહીં તુજે પીતા રે, તમે સુનો રે;
એ બૂઝો પીત કેરી રીતા રે, તમે સુનો રે.
૯ યૂં સબ હક્કકે જે કામા રે, તમે સુનો રે;
અવર ભી કામ દુની ઠામા રે, તમે સુનો રે.
૧૦ હક્કકા જો કામ તુજે ભાવે રે, તમે સુનો રે;
ઑર પર નેહ ના આવે રે, તમે સુનો રે.
૧૧ હૅ તો પીત તુજે દોનૂ નામા રે, તમે સુનો રે;
હૅ નેહ તેરે દિલ ઠામા રે, તમે સુનો રે.
૧૨ એ તો સહી પીતકી નિશાની રે, તમે સુનો રે;
બૂઝ સહી હોના હૅ ઈમાની રે, તમે સુનો રે.

---

## ૧૬૫૧

૧ અને દૂજા એક બદેસૂ, જો કરે રે પીતા;
સહી નહીં એ કરની, પીતકી રીતા.
૨ મગર વાસિતા ખુદકા, બદેકૂ ચાવે;
કે વાસ્તે ખુદાકે, દિલ માંહે લાવે.

૮ એ બેઉ નામોનો ઉપકાર છે, માટે તેમનાથી હંમેશા ભાવ રાખો તે બેઉની કરતાં અધિક બીજા કોઈથી પ્રેમ કરો નહિ.
૯ બધાયથી વધીને આ બેઉ નામની પ્રિત કરો, તેઓના ઉપકારનો તમે શુકર કરો

## બયાન – ૧૬૫૦
### પીર મશાયખ (રહે.) સમજાવતાં કહે છે : ‘તમે સાંભળો’

૧ દીનની આ રીત છે કે રબ અને રસૂલથી પ્રિત કરો.
૨ આ બેઉ નામોથી એવો પ્રેમ કરો જેવો કે તમે તમારી જાતથી કરો છો.
૩ આ બેઉ નામોથી એવી ચાહના રાખો કે બીજી ચીજ ઉપર પ્રેમનો અભાવ થાય.
૪ તેમનાથી એવો ભાવ પેદા કરો કે બીજા કામ પર પ્રેમ ન થાય.
૫.૬ જેમકે, નમાજની વેળાએ કોઈ કામ આવી પડે, અને જો તે કામનો દિલમાં અભાવ થાય, તો તને આ બેઉ નામોથી ચાહના છ એમ કહેવાય
૭.૮ પણ જો તને નમાજકરતાં કામ વધારે ભાવે, અને નમાજના સમયને આગળ ઠેલે, તો તને આ બેઉ નામથી પ્રિત નથી તેમ તારા અમલથી કહી શકાય.
૯.૧૦ દુનિયામાં હક કામો સામે બીજા પણ કામો છે. પણ જો તને હકનાં કામ ભાવે, અને બીજા કામો પર પ્રેમ ન આવે, તો જ તારા દિલમાં આ બેઉ નામોથી પ્રિત છે એમ કહેવાય, પ્રિતની આ સાચી નિશાની છે, તેને સમજીને ઈમાનવાળા બનો.

---

## ૧૬૫૧
### હદીસ (બયાન નં. ૧૬૪૭ થી) બીજી ખસલત : (ઈમાનની મીઠાસ પામવાની બીજી ખસલત)

૧.૩ ઈમાનની મીઠાસ પામવાની બીજી ખસલત એ છે કે ‘બંદો બંદાની પ્રિત ખાતર નહિ, પણ ખુદાના વાસ્તે

૩ યૂં રબકે કાજે, કરે બંદેસૂ નેહા;
ના વાસ્તે રબ બિન, ચાહવે કિસી દેહા.

૪ જો ફકીર હો સેતી, પીત રે કરની;
તો સવાબકી ઠામા, મન રે ધરની.
૫ સુનો પીત કાજે ઑર કુછ, મન બાત રે ના રાખે;
તો ઈમાનકી મિઠાસ, વૈ રે ચાખે.
૬ જો દુન્યાદાર સેતી, હોવે વાસિતા ઈલાહી;
તો પીત હો કેરી, કરે રે સગાઈ.
૭ યૂં સહુસૂ પીત, હૅ રે કરની;
તો વાસિતા રબકી, બાત મન રે ધરની.
૮ જો વાસિતા રબકા, નજરૂ ના આવે;
ઉસ બંદે હો સાથે, ના પીત રે રકાવે.
૯ તો ઈમાનકી મિઠાસ, સહી રે પાવે;
જો હુકમ એ સહી કર, મન રે લાવે.
૧૦ એ સુન સુન મૂમિન, હોના રે ઈમાની;
સહી હુકમસૂ બૂઝે, એ ભી મૂમિન નિશાની.
૧૧ સુન જાગ રે ગાફિલ, કૅસી નીદ હૅ તેરી;
એ સહી કર મન માંહે, યૂં કહને સવેરી. રે તૂહી.
૧૨ બંદેસૂ નેહ ના કીજિયે, રબકે વાસ્તે બિન રે,
રબકે વાસ્તે બિન;
એ મિઠાસ ઈમાનકી, કિયેથી પાવે તન રે,
કિયેથી પાવે તન.

બંદાને દિલથી ચાહે'. આમ ફક્ત અલ્લાહ ખાતર બંદાથી પ્રેમ કરે. અલ્લાહ શિવાય કોઈના માટે બંદાથી પ્રેમ ન કરે.

૪ ફકીર (ગરીબ)થી પ્રેમ કરો તો સવાલ મળવાની નિયતથી કરો.

૫ આમ, બીજા કોઈ ઈરાદાથી બંદાથી પ્રેમ ન કરો તો ઈમાનની મીઠાસ ચાખો.

૬ દુનિયાદારોના સબંધમાં પણ અલ્લાહના પ્રેમનો વાસ્તો રાખો.

૭ આમ, બધાથી પ્રેમ કરવામાં અલ્લાહના વાસ્તાની વાત મનમાં રાખો.

૮.૯ જો કોઈ આ હદીસના હુકમ મનમાં લઈને અલ્લાહના વાસ્તા વગર બંદાથી પ્રિત ન કરે તો ઈમાનની મીઠાસ બરાબર પામે.

૧૦ મોમિન ! ઈમાનની વાત સાંભળીને ઈમાનવાળો બન, હુકમને માનવો એ મોમિનની નિશાની છે.

૧૧ ગાફિલ ! સાંભળ અને જાગ તારી ઉંઘ કેવી છ? હદીસની વાતને મનથી સાચી માનીને કહે.... ...... રે તું હી

૧૨ અલ્લાહના વાસ્તા વગર બંદાથી પ્રેમ કરો તો તમે ઈમાનની મીઠાસ ક્યાંથી પામશો ?

---

## ૧૬૫૨

૧ સુન સુન ભાઈ એ દીનકે મેરે રે;
નસીહત સુનને લીજો સવેરે રે.
૨ વાસિતા રબકા જો મન લાહો રે;
બંદે સંગ તો પીત કરા હો રે.
૩ બંદેસૂ હોવે જો દીનકા કામા રે;
તો ઉસે મિત્ર કહો નામા રે.
૪ ભી કુછ હોવે કામ હક્કાની રે;
તો કરો ઉસસૂ પીત નિશાની રે.
૫ દેખો દુની કામે પીત ના કીજે રે;
નિત ચિંતા મન માંહી દીજે રે.
૬ ઍસી તો હુઈ પીતકી રીતા રે;
એ રીતે કરો પીરસૂ પીતા રે.

## બયાન – ૧૬૫૨
## પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

૧ મારા દીનના ભાઈ ! મારી નસીહત સાંભળી લેજો.

૨ બંદાથી પ્રેમ કરો તો વચ્ચે અલ્લાહનો વાસ્તો મનમાં લાવો..

૩ જે બંદો દીનનાં કામ કરે તેને જ મિત્ર બનાવો.

૪ જે અલ્લાહવાળાઓનાં કામ કરે તેનાથી પ્રેમ કરો.

૫ દુનિયા ખાતર કોઈ પ્રેમ ન કરવાનું હંમેશા મનમાં રાખો.

૬ પ્રિત કરવાની રીત અલ્લાહના વાસ્તેથી છે, એટલે પીરથી પણ એજ રીતે પ્રિત કરો.

સુલુક (પીરી મુરીદીના સંબંધીથી ઈલ્મે બાતિનગૂઢ, જ્ઞાન મેળવવાની પ્રગતિનાં પગથિયાં) વિષે આપે (રહે.) તેમની કિતાબ 'તરીકત' માં લખ્યું છે.

| | | |
|---|---|---|
| ૭ પીર કરો દીન પૂછને કાજા રે;<br>મત મન બૂઝો ઑર ઈલાજા રે. | ૭ | પીરતો ફક્ત દીનપુછવા માટે જ કરો, બીજા કોઈ કામ માટે પીર કરો નહિ. |
| ૮ દીન કાજે પીત પીરસૂ કરની રે;<br>ઑર કુછ બાત ના મન માંહી ધરની રે. | ૮ | દીન માટે જ મહોબ્બત કરો, બીજી કોઈ વાત માટે નહિ. |
| ૯ પીર કિયે હોવે દુરિજન દૂરી રે;<br>એ મન આસા રાખો પૂરી રે. | ૯ | એ વાત મનમાં લો કે પીર કરવાથી (દીની માર્ગ દર્શન લેવાથી) શેતાન તમારાથી દૂર રહેશે. |
| ૧૦પીરસૂ મત દુની કામ ચાહો રે;<br>સોચ ભી ના મન કુછ કામ લાહો રે. | ૧૦ | પીરથી દુનિયાનું કામ લેવાનું મનમાં સોચો પણ નહિ. |
| ૧૧કામ દુનીકા જો પીતમાં આવે રે;<br>વે પીત મને હૅ કીતી સુનાવે રે. | ૧૧ | જે પ્રિતમાં દુનિયાનું કામ વચ્ચે આવે, એવી પ્રિત મના કરવામાં આવી છે. |
| ૧૨પીત બિના પીર હોવે નાંહાં રે;<br>એ સોચ સહી કરો મન માંહાં રે. | ૧૨ | એ પણ મનમાં સોચી લો કે પ્રિત રાખ્યા વિના પીર હોય નહિ |
| ૧૩કામ દુની મત પીરસૂ ચાહો રે;<br>પીર પાસે દીન કાજે આહો રે. | ૧૩ | પીરથી તમારી દુનિયા ચાહો નહિ પણ પીર પાસે દીનના કામ માટેજ આવો. |
| ૧૪જો કુછ દુની લાહો મન બાતી રે;<br>વે પીત મને હૅ કીતી સુનાતી રે. | ૧૪ | જે પ્રિતની વચ્ચે દુનિયા આવે તે પ્રિત મના છે. |
| ૧૫પીત બિના પીર હોવે નાંહાં રે;<br>એ સોચ દેના સહી દિલ માંહો રે. | ૧૫ | 'પ્રિતની વગર પીર નહિ' એ વિચાર મનમાં લો. |

**હદીસ:(બયાન નં. ૧૬૫૧ થી) ઈમાનની મીઠાશ પામવાની ત્રીજી ખસલત.**
**ત્રીજી ખસલત : ઈમાનની મીઠાશ પામવાની ત્રીજી ખસલત એ છે કે :-**

| ૧૬૫૩ | | બયાન નં. ૧૬૫૩ |
|---|---|---|
| ૧ અને તીજા એક કુફરકી, તરફ ના જાવે;<br>ફિર કુફરમાં જાના, સંખ્યા મનલાવે; | ૧ | બંદો ઈમાન લાવ્યા પછી કુફ્રની તરફ જાય નહિ, અને તે તરફ જવાને મનમાં નફરત લાવે. |
| ૨ કે સંખ્યા કુફરકી, બહુત મન રે કરની;<br>કે કુફરકી કરાહત, મન માહીં રે ધરની. | ૨ | કુફ્રથી બહુ જ નફરત અને કરાહત આણગમો રાખે. |
| ૩ કે કુફરથી ઉસકૂ, રબે બાહર રે કઢાયા;<br>રબે દિયા રે ઈમાન, મૂમિન કહલાયા.<br>૪ એ પીછે બાજ કુફરકૂ, ના રે ચાવે;<br>કે કુફરકી સંખ્યા, મન રે લાવે.<br>૫ બહુત કુફરકી કરાહત, મન હૅ કરની;<br>કે કુફરકી બાત, ભૂંડી મન રે ધરની.<br>૬ નિત કુફરકી સંખ્યા બહુત મન રે લાવે;<br>સો કુફરકી બાતૂસૂ, નિત ભાગા રે ચાવે. | ૩.૬ | અલ્લાહે જેને કુફ્રથી બહાર કાઢીનેઈમાન દીધું તે મોમિન બન્યો. મોમિન બન્યા બાદ તે કુફ્રને ચાહે નહિ, અને તેની ઉપર નફરત કરે, અને તેને ભૂંડુ ગણે. હંમેશા કુફ્ર પર નફરત લાવીને તેનાથી દૂર ભાગવાનું ચાહે. |
| ૭ જૂં દોજખકી સંખ્યા, બહુત મન હૅ લાતા;<br>નામ દોજખ સુન સુન, હૅ મનમાં ડરાતા.<br>૮ જૂં દોજખમમાં ગિરાના, નહીં તૂ ચાતા;<br>જાતે આગ માંહે તુજ કૂ, બહુત ડર હૅ લગાતા. | ૭.૧૦ | જેમ બંદો મનમાં દોજખનો બહુજ ડર રાખે છે, અને તેનું નામ સાંભળતાંજ ડરે છે, દોજખમાં પડવું ચાહતો નથી; તેમજ દોજખની આગથી તેને બહુજ ડર લાગે છે અને તેનાથી દૂરી ચાહે છે, તથા |

૯ જૂં દોજખ સૂ દૂરી, હૅ રે ચાતા;
બહુત દોજખકા નામ, જૂં ભૂંડા હૅ સુનાતા.
૧૦ યૂં મન લાએ બાજ, સંખ્યા કુફરકી જાને;
સો કરાહત પૂરી, મન રે આને.
૧૧ તો ઉસકી મિઠાસ, પાવે રે ઈમાની;
એ ઈમાની કેરી, હૅ રે નિશાની.
૧૨ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને ન હસૂ કહો, દિન ઑર રાતી.
રે તુહી.
૧૩ સંખ્યા કુફરકી કરની, હો કર મૂમિન જાત રે,
હો કર મૂમિન જાત;
જૂં દોજખ ના ભાવે તુજે, ઍસી રીત સુન બાત રે,
ઍસી રીત સુન બાત

દોજખને ભૂંડું ગણે છે–આ બધું જ મનમાં લીધા બાદ કુફ્રમાં પડવાથી નફરત રાખે.

૧૧ જો આમ કરે તો બંદો ઈમાનની મીઠાસ પામે. અને આ ખસલતો ઈમાનની નિશાની છે.

૧૨ આ હદીસ સાંભળી પોતાની જાતને પાક કરો અને પ્રેમથી રાત દિવસ કહો...રેતુંહી.

૧૩ મોમિન બનીને કુફ્રથી નફરત રાખો–જેમ તમને દોજખ ભાવતી નથી, તેમ કુફ્ર પણ તમને ભાવવું જોઈએ નહિ.

---

## ૧૬૫૪ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો.
જબ તૂ લાયા ઈમાના, દીન સાચા સહી જાના;
રબે દૂર કુફરથી કીતા, ઍસા મીતા જી.

૨ સુનો જીવ હો, સુનો વીર હો.
નિત હો મૂમિન દીન ચાવે,
સંખ્યા કુફર મન લાવે;
કુફર ભૂંડા રે જાને, દીન સહી માને જી.

૩ સુનો જીવ હો, સુનો વીર હો.
દોજખ જૂં નહીં રે ભાતી,
નામ સુને સંખ્યા આતી;
ઍસી હૅ કુફરકી રીતા, બૂઝ એ લીતા જી.

૪ સુનો જીવ હો, સુનો વીર હો.
સંખ્યા કરો કુફરકી બાતી,
દૂર આપા રાખો જાતી;
જૂં નહીં દોજખ રે ભાતા, નહીં ચાતા જી.

૫ સુનો જીવ હો, સુનો વીર હો.
મીઠા તો લાગે ઈમાના,
મિઠાસ તો પાવે જાના;
કામ એ કિયેસૂ સહી, બાત એ કહી જી.

૬ સુનો જીવ હો, સુનો વીર હો.
તીનૂ બાતાં ખસ્લત કેરી,
સુન દિલ રાખના સવેરી;
ઍસી પ્રકૃતિ સુન કીજે, મન દીજે જી.

---

## બયાન – ૧૬૫૪

## પીર મશાયખ (રહે) હદીસ સમજાવતાં કહે છે: સાંભળો જીવ! સાંભળો વીર!

૧ અલ્લાહ તને બહુજ ચાહનારો છે. તું દીનને સાચું જાણીને ઈમાન લાવ્યો અને અલ્લાહે તારાથી કુફ્રને દૂર કર્યું.

૨ મોમિન બનીને હંમેશા દીનને ચાહો, કુફ્ર તરફ જવાથી નફરત કરો, કુફ્રને ભૂંડું ગણો અને દીનને સાચો માનો.

૩ દોજખ જેમ તમને ગમતી નથી અને તેનું નામ સાંભળતાં ડર લાગે છે, તેમ કુફ્રમાં પડવાથી નફરત–ડર રાખો.

૪ તમે દોજખથી નફરત કરો છો તેવી રીતે કુફ્રથી નફરત કરો, અને તેનાથી પોતાને દૂર રાખો.

૫ આ કામ કરવાથી, યાને કુફ્રથી નફરત કરવાથી ઈમાન મીઠું લાગશે, અને તેની મીઠાશ મળશે.

૬ આ ત્રણ ખસલતો સાંભળીને મનમાં લો, અને તે પ્રમાણે આચરવાની પ્રકૃતિ (સ્વભાવ) બનાવો.

૭ સુનો જીવ હો, સુનો વીર હો.
પ્રકૃતિ ઍસી કરની,
હુકમ ચિંતા મનમાં ઘરની;
ગલપાણ પાવે ઈમાના, સહી જાના જી.
૮ સુનો જીવ હો, સુનો વીર હો.
ઈમાની હોઈ હો દાસા,
જન્નતકી કીજે આસા;
કુફરકી સંખ્યા કરની,................ ની જી.

૭ અલ્લાહના હુકમને સહી જાણી મનમાં ધરી લેવાની હંમેશા ફિકર થાય તેવો સ્વભાવ બનાવો તો ઈમાનનું ગળપણ મળે.

૮ અલ્લાહના ગુલામ બનીને ઈમાનવાળા બનાય અને જન્નત ની આશા કરાય. તમે કુફ્રથી નફરત કરો.

---

## ૧૬૫૫

૧ સુનો અબ્બાસ હૅ કહેતે, રજી અલ્લાહો અન્હો
જાનો; સો હદીસ નબીકી, કહતે હૅ માનો.
૨ એ ચચા તો નબીજી, ખાતિમ હો કેરે;
અબૂ ફજલ થી કુનયત, સુનીઓ સવેરે.
૩ થે નબીજીસૂ તીન સાલ, બડે રે કહલાએ;
અને ફીલૂકે સાલથી, એ પહેલે થે જાએ.
૪ થે જાહિલીયત માંહી, અકીસ નામા;
થી હવાલે ઉનૂકે, જમ જમ ઠામા.
૫ અને એ થે કદીમ, ઈમાન રે લાએ ;
પન આપ કૂ કો લોકૂસૂ, રાખે થે છુપાએ.
૬ અને અસ્સી તો ગુલામ, આજાત થે કીતે;
સો આપસકી હયાતીમાં, કીએ થે સુનીતે.
૭ બહુત ઉનૂકી તારીફ, ઑર હૅ રે લિખાઈ ;
બહુત લિખને હો કાજે, ઈહાં થોડી રે બતાઈ.
૮ એ નબીજીકી હદીસ, હૅ રે કહતે;
સો જૅસી નબીસૂ, સહી સુન લેતે.
૯ સો ખાતિમ નબીને, ઍસા ફરમાયા ;
સો ઈનૂને સુન કર, યાદ રે રખાયા.
૧૦ ઑર અસ્હાબી સબૂકે, વે આયા થા કાના;
ઈનૂ સબૂ સુન કર, યાદ રાખા રે બયાના.
૧૧ યૂં હદીસકી બાતી, સહી સુન લીજે ;
અને એક કર રબકૂ, મન ઈતના દીજે.
<u>રે તૂહી.</u>
૧૨ ઈમાનસૂ મૂમિન સહી, એ સબ બૂઝની બાત રે,
એ સબ બૂઝની બાત;
ઈમાન બિના નહી મૂમિના, હૅ કો અવરાં જાત રે
હૅ કો અવરાં જાત

---

## બયાન – ૧૬૫૫

### હદીસે [1] : ઈમાનનો સ્વાદ ચાખવો

### રાવી: હઝ અબ્બાસ (રઝી)

૧.૭ હઝ અબ્બાસ (રઝી) નબી (સલ) ના કાકા થાય છે અને અબુલ ફઝલના ઉપનામથી ઓળખાય છે. તેઓ નબી (સલ) થી ત્રણ વરસ મોટા હતા અને [2]ફીલવરસ થી પહેલાં જનમ્યાં હતા. અજ્ઞાનતા ના કાળમાં તેમનું નામ અકીસ હતુ, અને ઝમ ઝમના કૂવાની જગ્યા તેમને હવાલે હતી. તેઓ પહેલાંથી ઈમાન લાવી ચૂક્યા હતા, પણ પોતાના ઈમાનને લોકોથી છૂપાવી રાખ્યું હતું. તેમણે તેમની હયાતીમાં એંસી ગુલામો આઝાદ કર્યા હતા. તેમની તારીફ બીજી કિતાબોમાં બહુજ લખાયેલી છે. અહીયા (પીર મશાયખ(રહે) કહે છે) લખાણ વધી ન જાય તે માટે થોડી વાત બતાવું છે.

૮.૧૦ તેમણે નબી (સલ) ની હદીસ જેવી સાંભળી તેવી યાદ કરી. બીજા અસ્હાબીયોના કાને પણ આ હદીસ આવી હતી. તેઓએ પણ આ હદીસને યાદ કરી લીધી.

૧૧ આ હદીસ બરાબર સાંભળી લો અને અલ્લાહને એક માનીને કહો.... રે તૂંહી (હદીસ આગળના બયાનમાં આવે છે)

૧૨ એ વાત સમજી લો કે ઈમાનથી જ મોમિન બનાય ઈમાન વગર મોમિન નહી, પણ અન્ય જાત (કાફિર) કહેવાઈએ

(૧) મિશ્કાત (ભાગ–૧, વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનની ફસલ પહેલીની સાતમી હદીસ છે (મુસ્લિમ)
(૨) અબરહા બાદશાહે હાથીઓ લઈને ખાન-એ-કાબા ઉપર હુમલો કર્યો ત્યારથી ગણાતું વરસ

## ૧૬૫૬.

૧ કહા નબીજીને આખા, સુનીઓ સવેરા;
કે એ સવાદ હૅ ચખ ના, ઈમાન કેરા.
૨ કે જે રબસૂ રાજી, હોવે રે તના;
કે રબ હૅ મેરા, યૂં બૂઝે રે મના.
૩ સો રબ હૅ પાલનાર, કેરા રે નામા;
કે રજક પહુંચાવે, કૅસા દુનીકિ ઠામા.
૪ યૂં ખાલિક સેતી, રાજી હોવે રે બંદા;
કે રબ હૅ મુજકૂ, રોજી રે દે હંદા.
૫ યૂં રાજી હોકર, ચાહવે રબકૂ સહી ;
કે રબ હૅ મેરા, વે આપ રે દહી.
૬ અને ઈસ્લામ સેતી, રાજી કરે આપ જાતી;
સો ખુશી હો જાને, સહી દીન કેરી બાતી.
૭ કે ઈસ્લામ કેરી, ખુશી લાવે દિલ ઠામા;
કે ખુશહાલ રે હોવે, દીન કેરે કામા.
૮ અને મોહમ્મદ સેતી, રાજી હોના રે સહી;
કે એ હૅ રસૂલ, ભેજે રે દહી.
૯ કે રસૂલ ખુદાકે, સહી નબીજીકૂ જાને;
એ રાજી હો કર, બહુત ખુશી મન આને.
૧૦ કે રસૂલ બૂઝ કર, કરે ખુશીસૂ પીતા ;
હોના તાબે હો કેરી, મન બૂઝે રે રીતા.
૧૧ એ તીનૂ બાતાં, સહી બૂઝે જે લહીએ.
ઈને ઈમાનકા સવાદ, ચાખા રે કહીએ
૧૨ એ ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા ;
એ સુન સુન મનમાં, નિત દેઓ યૂં સવેરા.
રે તૂહી.
૧૩ સુન સુન બૅન ઈમાન કે, કર ઈમાની જાત રે,
કર ઈમાની જાત;
ગાફિલ સુન જાગ કર, ઍસી હૅ દીનકી બાત રે,
ઍસી હૅ દીનકી બાત.

## બયાન – ૧૬૫૬
## (ઈમાનનો સ્વાદ)

૧.૫ નબી (સલ) એ કહ્યું : "ઈમાનનો સ્વાદ ચાખવો એટલે એમ માનવું કે **અલ્લાહ મારો રબ છે, અને તેનાથી રાજી રહેવું** અને તેને દુનિયામાં રોજી પહોંચાડનારો (પાલનહાર) માનવો."

૬.૭ **"અને ઈસ્લામથી રાજી રહેવું"** અને દીનની વાતો ખુશીથી જાણવી. ઈસ્લામની ખુશી દિલમાં લાવવી અને દીનના કામો થી ખુશહાલ રહેવું.

૮.૧૦ "અને મુહમ્મદ (સલ) થી પણ રાજી રહેવું." તેઓને અલ્લાહે તેના રસુલ બનાવીને દુનિયામાં મોકલ્યા છે. તેમનાથી રાજી થવામાં મનમાં ખુશી લાવવી, અને તેમને રસુલ સમજી ખુશીથી પ્રિત કરી તેમના તાબે થવું.

૧૧ આ ત્રણ ચીજો જે ગ્રહણ કરી લે તેણે ઈમાનનો સ્વાદ ચાખ્યો ગણાય.

૧૨ નબી (સલ) ની આ હદીસ સાંભળીને હંમેશા મનમાં ગ્રહી રાખો.

૧૩ ઈમાનની વાતો સાંભળીને ઈમાનવાળા બનો. ગાફિલ જાગ અને દીનની આ વાતો સાંભળ.

---

## ૧૬૫૭ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો.
રબ તો બૂઝો ઈલાહી, રોજી દીતી ઉદર માહી;
થાનૂ માતા દૂધ બાયા, તુજે ચાયા જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો.
જીવ તો માતા ઉદર કીતા, દૂધ પહલા થાનૂ દીતા.
યૂં તો રોજી તુજ કૂ દીતી, નેહ સેતી જી.

## બયાન–૧૬૫૭
## પીર મશાયખ (રહે) અલ્લાહથી રાજી રહેવાનું સમજાવતાં કહે છે સાંભળો જીવ! સાંભળો વીર!

૧. અલ્લાહને રબ જાણો. તેણે માં ના પેટમાં તને રોજી પહોંચાડી માં ના સ્તનો (થાનો) માં તને જોઈતું દુધ નાખ્યું.

૩ સુનો જીવ હો, સુનો વીર હો.
ઍસા હૅ રબ અપના, રોજી દેવે સબ તના;
જિસકૂ જૈસી પહુંચાવે, રબ ચાવે જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો.
ઍસા રબ હૅ ઈલાહી, જીવૂકૂ રોજી પહુંચાહી;
જે હૅ જૅસી રે ઠામા, આપ કામા જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો.
ખાલિક ખુશીસૂ જાનો, રબ કરને પિછાનો;
યૂં નિત કરો નેહા, આપ દેહા જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો.
હોના હૅ ઈમાની ભાઈ, મૂમિનૂ કી એ બડાઈ;
જન્નત પહુંચોગેં જાઈ, જૂં હૅ ચાઈ જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો.
ખાલિકકૂ રબ જાને, ખુશી નિત મન આને;
કરોને ખુશીસૂ ભાવા, મન ચાવા જી.

૨ અલ્લાહે પહેલાં માં ના પેટમાં તને જીવ આપ્યો, પછી પ્યારથી માં ના થાનોમાં દૂધ આપી તને રોજી પહોંચાડી.
૩ આવો આપણો રબ બધાને રોજી પહોંચાડે છે. તે ચાહે તેમ, જેને જેવી જરૂરત પડે તેમ, રોજી પહોંચાડે છે.
૪ જે પોતાના રોજગારમાં જે તે કામે હોય ત્યાં આપણો રબ બધા જીવોને રોજી પહોંચાડે છે.
૫ આપણા પેદા કરનારને પાલનહાર તરીકે ઓળખો, અને પોતે હંમેશા તેનાથી પ્યાર કરો.
૬ ઈમાનવાળા થવામાં મોમિનની મોટાઈ છે. ઈમાનવાળો તેણે ચાહેલી જન્નતે પહોંચશે.
૭ અલ્લાહને પાલનહાર માનવમાં મનમાં ખુશી આણો. મનની ચાહના અને ભાવનાથી તેને ખાલિક અને રબ જાણો.

---

## ૧૬૫૮ પદ.

૧ સનુ સુન ભાઈ દીનકે મેરે,
ઍસી હૅ દીનકી બાતી;
ઈમાન સેતી મૂમિન કહીએ,
નહીં તો અવરાં જાતી.
૨ ઍસા હુકમકૂ હો ખુશી મના,
જાનો દીન કેરે નામા;
રાજી હોના ઈસ્લામ સેતી,
દીન બૂઝો દિલ ઠામા.
૩ અરે કુફર સબ બાતિલ કીના,
ઍસા હૅ રોશન દીના;
બાહિશ્તી હૅ ઈમાન લે આને કહલાયા,
નામ તો મૂમિન કીના.
૪ દોજખ સેતી હૂઆ દૂરી,
ઍસા ઈસ્લામ કહીએ;
રાજી હો ઈસે દીન જાના,
સાચા સચ કર લહીએ.
૫ ઍસા સુન સુન હોના ઈમાની,
મુમિનકી એ નિશાની;
અરે ઈસ્લામકી બાત દીન હો કેરી,
જિને સહી કર જાની.

---

## ૧૬૫૮
## પીર મશાયમ (રહે) સમજાવે છે:

૧ મારા દીનનાભાઈ ! દીનની આ વાતો સાંભળો. ઈમાનથી મોમિન કહેવાશો, નહિ તો બીજી જાતિના રહેશો.
૨ દીનના હુકમો પર ખુશી(રાજી) રહેવું, અને દીને ઈસ્લામ પર દિલથી રાજી રહેવું.
૩ દીને ઈસ્લામ એટલો રોશન( પ્રકાશિત) છે કે તેણે બધા જ કુફ્રને રદ બાતલ કર્યું, અને બંદો ઈમાન લાવી મોમિન બન્યાં અને જન્નતી કહેવાયો છે.
૪ દીન ઈસ્લામને રાજી થઈ પોતાનો સાચો દીન જેણે માન્યો તે દોજખથી દૂર થયો.
૫ દીને ઈસ્લામની વાત જેણે બરાબર જાણી, અને તે દીનની વાતો સાંભળીને ઈમાનવાળો બન્યો તે મોમિન છે.

૬ અરે હરામકૂ નહીં કાફિર જાને,
સુધીઆ હલાલ ભી નાંહા;
ઍસે અંધે દુન્યામાં દીસે,
જાવે દોજખકે માંહાં.

૬ કાફિર તો હરામ અને હલાલ શુદ્ધાં જાણતો નથી, આવા ઈમાનથી આંધળા લોકો દુનિયમાં દેખાય છે જેઓ દોજખમાં જશે.

૭ ઈસ્લામ દીન તેં આંખો હો બિના,
હલાલ હરામ ક્યૂં જાનોં
ભી ખાલિક અપના સુરજનહારા,
દિન માંહે પિછાનાં.

૭ દીને ઈસ્લામ રૂપી આંખો વિના તેઓ હરામ-હલાલ શું જાણે? દીને ઈસ્લામથી જ આપણા સર્જનહારને જાણી શકાય.

૮ તો રાજી હોના ઈસ્લામ સેતી,
બૂઝ રે બૂઝ એ દીના;
અરે દીનમાં આતે મૂમિન નામા,
બહિશ્તી હૅ તુજે કીના.

૮ તું સમજ કે ઈસ્લામથી રાજી થવું એ દીન છે. દીનમાં આવવાથી તું મોમિન થાય છે, અને તને જન્નતી કરવામાં આવે છે.

---

## ૧૬૫૯ પહલ.

૧ સુન સુન રે ભાઈ દીનકે મેરે રે;
બયાન ઈમાનકે સુનો સવેરે રે.
૨ સુન સુન બયાન હોના ઈમાની રે;
ઈમાન મૂમિન કેરી નિશાની રે.
૩ એ બાત બૂઝો દિલકે ઠામા રે;
રાજી હોઓ મોહમ્મદ નામા રે.
૪ એ સહી ખાતિમ રસૂલ જાનો રે;
રાજી હોઓ ખુશી દિલમાં આનો રે.
૫ બૂઝો રસૂલ હૅ રબકે ભેજાએ રે;
ભેજે મોહમ્મદ નબી આએ રે.
૬ કિત્તાબ રબકી એ સહી લાએ રે;
ખાતિમ રસૂલ એ હૅ કહલાએ રે.
૭ કવતા આરબ કેરે હરાએ રે;
આજિજ હૂએ ઈમાન લાએ રે.
૮ ઍસે હૅ ખાતિમ રસૂલ કહીએ રે;
સુલ્તાન અંબીઆ ઉનૂ કૂ લહીએ રે.
૯ રબે એ ચકવે રસૂલ કીતા રે;
હબીબ નામસૂ ચાહતા હૅ મીતા રે;
૧૦ વલી હૂએ ઈસ ઉમ્મત માંહાં રે.
ખૂબી ઈનૂ કેરી છેહ નાંહા રે.
૧૧ ઉનૂકી કરામત સબ જગ ભરીઆ રે;
જૂં નીર અપાર દીસે દરીઆ રે.
૧૨ ઍસે ખાતિમ રસૂલ જાનો રે;
અનંત ખૂબીકા સાહિબ માનો રે.

## ૧૬૫૯
## પીરમશાયખ (રહે.) મુહમ્મદ (સલ.) થી રાજી રહેવા વિષે સમજાવે છે

૧.૨ મારા દીનનાભાઈ! ઈમાનનાં બયાન સાંભળો અને ઈમાનવાળા બનો. ઈમાન એ મોમિનની નિશાની છે.

૩.૪ મુહમ્મદ (સલ) થી રાજી રહેવાનું દિલમાં સમજો. આખરી રસૂલ (સલ) થી રાજી રહેવામાં દિલમાં ખુશી લાવો.

૫.૭ ખાતેમુલ અંબિયા, મુહમ્મદ (સલ) અલ્લાહના મોકલેલા નબી બનીને આવ્યા. તેઓ અલ્લાહની કિતાબ (કુરઆન) લાવ્યા. અરબના કવિયો કુરઆનનું કલામ સાંભળી હારીને લાચાર (આજિજ) થઇ ઈમાન લાવ્યા.

૮.૯ ખાતેમુન્નબી, સુલતાનુલ અંબિયાને અલ્લાહે સરદારે અંબિયા બનાવી હબીબ (બહુજ પ્યારા) નામથી ચાહયા.

૧૦.૧૧ અનંત ખૂબીવાળા વલીયો આપ (સલ) ની ઉમ્મત માં થયા. દરિયાના અખૂટ નીરની માફક તે વલીયોની કરામતો જગતમાં ભરેલી છે.

૧૨.૧૩ ખાતેમુર્રસુલ (સલ) એવી અનંત ખૂબીયોના માલિક છે, એ જાહેર નિશાની જગતમાં છાની નથી,

૧૩ જાહિર એ સબ જગ નિશાની રે;
બાલે સેતી ના રહી છાની રે.
૧૪ પટંતરેકી એ દેખો રીતા રે;
સુન.સુન કરો રસૂલસૂ પીતા રે.

---

## ૧૬૬૦

૧ સુનો અબૂ હુરૈરા રજી અલ્લાહો,
અન્હો કહીએ;
એ હદીસ હૅ કહતે, નબીજીકી લહીએ.
૨ થી હદીસ અસ્હાબૂ, બહુતૂ કૂ સુનાઈ;
અબૂ હુર્રરાને સુન કર, સબ યાદ થી રખાઈ.
૩ સુનો ખાતિમ નબીને, યું ફરમાયા;
સો સૂં ખા રે રબકી, ઍસા રે બતાયા.
૪ કહા જે કો મુજકૂ, સુને રે નાંહા;
કે મુજકૂ ના બૂઝે, આપ દિલ માંહાં,
૫ કે રિસાલત નબીકી, ના ઉનૂકૂ પહુંચાવે.
૬ જે રબને નબીસૂં, કીતી દીનકી બાતી;
વે જિસકૂ પહુંચી, નહી રે સુનાતી.
૭ સો ખાતિમકી ઉમ્મત, સેતી રે જાનો;
પીછે યહૂદી કે, નસારા માનો.
૮ જે મૂસા નબીકી, ઉમ્મત રે કહીએ;
સુનો યહૂદી ઉનૂકા, નામ સુન લહીએ.
૯ અને ઈસે નબીકી, જે ઉમ્મત કહલાઈ;
વે નસારેકે નામસૂં, હૅ રે લિખાઈ.
૧૦ પછે યૂંહી મર જાવે, વે સુને રે બિના;
ના ઈમાન લાવે, આપકે મના.
૧૧ જિસ સેતી હૅ ભેજે, નબી આપ રે રહમાના;
ઉસ ઉપર ઈમાન, ઉને ના રે આના.
૧૨ અને મર વે ગહીલા, ઈસહી રીતા;
તો ઉસકૂ રબને, દોજખ રે દીતા.
૧૩ ફરમૂદા તો ખાતિમ, નબીજી હો કેરા;
એ સુન સુન મનમાં, દીજિયો સવેરા. રે તૂહી.

યાને તે વિષે બોલવાની જરૂર નથી.

૧૪ આ બધા દાખલા જૂઓ અને હદીસ સાંભળી સાંભળીને રસૂલ (સલ) થી પ્રિત કરો.

---

## બયાન-૧૬૬૦

### હદીસે [૧] : નબી (સલ) પર ઈમાન ન લાવનાર બધા દોઝખી છે.

### રાવી: હઝ અબુ હુરૈરા (રઝી)

૧.૨ હઝ અબુ હુરૈરા( રઝી) નબી (સલ) ની હદીસ કહે છે. આ હદીસને તેમણે તથા બીજા ઘણા અસ્હાબીયો (રઝી-અન્હૂમ) એ પણ સાંભળી નેયાદ રાખી હતી.

૩.૭ આપે (સલ) અલ્લાહની કસમ ખાઈને એમ ફરમાવવ્યું કે "જે કોઈ મારી ઉમ્મત[૨] માંથી પછી તે યહુદી હોય કે નસારા હોય, તેમણે મારી રિસાલતની ખબર સાંભળ્યા પછી મારી વાત સાંભળી નહિ, કે મને દિલથી માન્યો નહિ(આપ (સલ) નો જમાનો)કે જે કોઈના સુધી મારી રિસાલત પહોંચી નથી, કે અલ્લાહે જે વાત કહી છે તે જેના સુધી પહોંચી નથી (આપ-સલ-ની બાદનો જમાનો), પછી તે મારી વાત સાંભળ્યા વગર કે મને અલ્લાહે જે માટે મોકલ્યો છે (રિસાલત માટે) તે ઉપર ઈમાન લાવ્યા વગર (મારી લાવેલી શરિયત પર ઈમાન લાવ્યા વગર) એજ હાલતમાં મરી જાય તો અલ્લાહ તેને દોજખ આપશે. [૩]

૮.૯ હઝ મુસા [૪] (અ.સ) નબીની ઉમ્મત યહુદી તરીકે હઝ ઈસા(અ.સ.) ની ઉમ્મત નસારા તરીકે ઓળખાય છે.

૧૩ નબી (સલ)ની આ હદીસ સાંભળીને મનમાં લો.

(૧) મિશકાત (ભાગ-૧, વિભાગ-૨) ના કિતાબુલ ઈમાનની ફસલ પહેલીની આઠમી હદીસ છે (મુસ્લિમ)
(૨) આપ (સલ) પુરી દુનિયા માટે નબી બનીને આવ્યા હોવાથી બધી જ કોમો આપની ઉમ્મત છે. તેમાં મુસ્લિમ ઉમ્મત ઈમાનવાળી ઉમ્મત છે.

૧૪ જિને ખાતિમ નબી ના જાનીએ,
મોહમ્મદ જિનકા નામ રે,
મોહમ્મદ જિનકા નામ;
મર ગયા ઈમાન બિના, દોજખ ઉસકી ઠામ રે,
દોજખ ઉસકી ઠામ.

### ૧૬૬૧ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો.
સુને ના જે નબીકૂ કાના, નહીં રે લાતા ઈમાના;
કલિમા ના રબકા જાના, નહીં માના જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો.
ઈસ રીતે જો હૅ મર જાતા,
નેહ ના નબી પર લાતા;
હૅ દોજખ સીધા જાતા, સાચી બાત જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો.
નબીજીકૂ જાને બિના, અજાના હો રહવે તના;
મરે જો એ ઍસી રીતા, દોજખ દીતા જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો.
ઉજર ના આવે કામા, કહવે મૈં ના બૂઝા નામા;
કહવે જો નબીકૂ જાનતા, મન આનતા જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો.
કબૂલે ના રબ એ બાતી, દેજિખ બાવે ઉસકી જાતી;
ઉજર ના આવે કામા, હશર ઠામા જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો.
ઉગા ચંદા દીન કેરા, સબ જગ રોશન હોવે સવેરા;
ક્યૂં ના બૂઝા કહા જાવે, જો ના ચાવે જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો.
સબ જગ રોશન મોહમ્મદ નામા,
બૂઝે સાતૂ મુલક ઠામા;
ખાતિમકા ઍસા દીના, હૅ સુન લીના જી.
૮ સુનો જીવ હો, સુનો વીર હો.
જિને એ નબી બૂઝે નાંહા,
સુનીઆ નહીં કાનૂ માંહા;
દોજખ વે જાવે સહી, બાત લહીજી.

### ૧૬૬૨

૧ અબી મૂસા હૅ કહતે, નામ રે જાનો,
રજી અલ્લાહો અન્હો, સુન મન આનો.

### બયાન ૧૬૬૧
### પીર મશાયખ (રહે) હદીસ સમજાવતાં કહે છે સાંભળો જીવ! સાંભળો વીર!

૧.૨ જે માણસના કાને નબી (સલ) ની વાત પડે નહિ, કે જે તેમની ઉપર ઈમાન લાવે નહિ, કે અલ્લાહનો કલેમો જાણે નહિ ને માને નહિ, અને નબી (સલ) ઉપર પ્રેમ કરે નહિ, અને તે માણસ એ જ હાલતમાં મરી જાય તો સાચે જ તે સીધો દોઝખમાં જશે.

૩ અગર તે નબી (સલ) ને જાણ્યા વિના તેજ હાલતમાં મરે તો દોઝખ માં જશે.

૪ 'મને ખબર ન હતી' એવું તેનું બહાનું કામ નહિ આવે. તે કહેશે કે જો હું નબી(સલ) ને જાણતો તો નબી (સલ) ની વાત મનમાં આણતો.

૫ અલ્લાહ તેનું આ કારણ (ઉજર) કબૂલ રાખશે નહિ અને તેને દોઝખમાં નાખશે. તેનું બહાનું હશર (હિસાબનો દિવસ) માં કામ નહિ આવે.

૬ તેને કહેવામાં આવશે કે દીનનો ચાંદ ઉગ્યો હતો, અને પુરૂં જગત દીનના પ્રકાશે રોશન થયું હતું, તો તે કેમ ન જાણ્યું? પણ તારી ચાહના હતી જ નહિ.

૭ સાતેય મુલ્કો (ખંડો) માં બધેય મુહંમદ (સલ) નું નામ રોશન છે. નબી (સલ) નો આવો રોશન દીન છે તેને તું સાંભળી લે.

૮ જેણે નબી (સલ) ને જાણ્યા નહિ અને કાને સાંભળ્યા નહી તે ચોકકસ દોઝખમાં જશે.

### બયાન નં. ૧૬૬૨
### [૧] હદીસ : ત્રણ માણસોને બે બે અજર (બદલા) મળશે. રાવી: અબુ મુસા અશઅરી (રઝી)

(૩) હદીસનો ભાવાર્થ એ છે કે આપ (સલ.) ની રિસાલત કબૂલ કરવી હર જમાનામાં, હર મઝહબ કે કોમવાળા પર જરૂરી છે.
(૪) હદીસના વર્ણનનું સાતત્ય જળવાય તે માટે કડી ઉપર નીચે કરી છે.
(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨) ના કિતાબુલ ઈમાનની ફસલ પહેલીની નવમી હદીસ છે-મુત્ત અલયહે (બુખારી-મુસ્લિમ)

૨ અકબર અસ્હાબી, નબીજી હો કેરે;
અને અબદુલ્લાહ ઈનૂકા, નામ બૂઝીઓ સવેરે.
૩ ઈકકીસ બેટે, અશઅરી રે કહલાએ;
એ અશઅરી અરકસૂ, હૅ રે સુનાએ.
૪ એ યમ નસૂ મકકેમાં, આએ રે જાના;
આવ મકકે માંહી, દીન સુન લાએ રે ઈમાના.
૫ અને હબશકી હિજરત, કીતી રે જાના.
૬ અને ખેંબરકી ફત્તે બાજ. આએ નબીજીકે પાસા;
બહુત નેહ હો સેતી, હો કર દાસા.
૭ બહુત ઉમેદ ને સના, આવ નબીજીકી કીતી;
બહુત નબીને ચાએ, યૂં બાત હૅ સુનીતી.
૮ બહુત બયાન હૅ ઉનૂકી, ખૂબી હો કેરા;
ઍસે અસ્હાબી નબીકિ, બૂઝીઓ સવેરા
૯ એ ખાતિમ નબીકી, હદીસ હૅ કહતે;
જ્યૂં ખાતિમ નબીસું, હૅ સુન કર લેતે.
૧૦ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને નેહસૂ કહો, દિન ઑર રાતી. રે તૂહી.
૧૧ બાતાં સુન ઈમાનકી, કરના સહી ઈમાન રે,
કરના સહી ઈમાન;
બહિશ્તકી એ બાટ હૅ, મૂમિનકી નિશાન રે,
મૂમિનકી નિશાન.

૧.૧૦ હઝ અબુ મુસા(રઝી) જેમનું નામ અબ્દુલ્લાહ હતુ, અને તેઓ નબી (સલ) ના મોટા સહાબી હતા. તેમને એકવીસ બેટા હતા એટલે તેમને અશઅરી (એકવીસ વાળા) અટકથી ઓળખવામાં આવતા હતા. તેઓ, યમન દેશમાંથી મકકામાં આવી દીન સાંભળીને ઈમાન લાવ્યા હતા. તેમણે હબશ (અબીસીનીયા) ની હિજરત કરી હતી. તેઓ ખૈબરની લાડઇ ફત્તેહ થયા બાદ બહુ પ્રેમ પૂર્વક નબી (સલ) ની ખિદમતમાં આવ્યા તેમણે આપ (સલ) ના બહુ વખાણ (શના) કર્યા, અને આપે (સલ) પણ તેમને બહુજ પ્રેમ કર્યો તેઓ નબી(સલ)પણ તેમને બહુજ ખૂબીવાળા અસહાબી હતા. તેઓ નબી(સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસ સાંભળી પોતાને પાક કરો. અને પ્રેમથી રાતદિન કહો રે તૂહી. (હદીસનું બયાન આગળ આવે છે)

૧૧ દીનનાં બયાન સાંભળતાં ઈમાનવાળા થશો. ઈમાન વિના મોમિન નથી એ સાચી વાત છે.
ફસલ પહેલીની

## ૧૬૬૩.

૧ કે મુબારક જુબાંસૂ, આપ ફરમાયા;
અબી મૂસાને બયાન, વે યાદ રે રખાયા.
૨ કહા અજર દો દો, દીએ રે જાવે;
ઍસે આદમી, તીન હૅ રે કહલાવે.
૩ કહા તીન હૅ આદમી, દો અજર રે પાવે;
જે એ હુકમ હો જૅસી, કરની કમાવે.
૪ એ હૅ નબીજીને, આપ ફરમાયા;
વે આદમીયૂં કેરા, ભી નામ રે બતાયા.
૫ એક અહલ કિત્તાબી, આપ નબીકૂ હૅ ચાતા;
કે આપસકે નબી પર, ઈમાન હૅ લાતા.
૬ ભી મોહમ્મદ રસૂલ પર, લાવે રે ઈમાના;
કહા અજર દો ઉસકૂ, દેવે રે રહમાના.
૭ અને દૂજા એક ગુલામ, હૅ બંદગી કરાતા;
સો રબ કેરા હકક, અદા રે કરાતા.
૮ અને સાહિબકા કામ, પૂરા રે કરાવે;
કે સાહીબ ઉસકા, હુઆ રાજી રે દેખાવે.

## બયાન નં. ૧૬૬૩
## હદીસ (બયાનનં. ૧૬૬૨થી)

૧.૪ આપે (સલ) ફરમાવ્યું કે ત્રણ આદમી એવા છે જેઓ હુકમ મુજબ કરણી કરશે તો તેઓને બેબે બદલા (અજર) આપવામાં આવશે. આપે (સલ) આમ ફરમાવીને તે આદમીયોનાં નામ પણ બતાવ્યાં.

૫.૬ આપે કહ્યું : "તે એહલે કિતાબી (આગળની કિતાબો વાળો ઉમ્મતિ) જે પોતાના નબી ઉપર ઈમાન લાવ્યો અને મુહમ્મદ રસૂલ (સલ) ઉપર પણ ઈમાન લાવ્યો, તેને બે અજર મળશે.

૭.૯ અને એ ગુલામ જે ઈબાદત કરીને અલ્લાહનો હક અદા કરે છે, અને તેના માલિકનુ કામ પુરું કરીને તેને રાજી રાખે છે તેને બે અજર મળશે.

૯ વે ગુલામ તો અજર, દો રે પાવે.
અને તીજા એક બાંદી, જિને હલાલ રે ચાઈ;
અને તીજા એક બાંદી, જિને હલાલ કે ચાઈ;
૧૦ પીછે ઉસકૂ અદબ, ખૂબ રે સીખાઈ.
પીછે પછી ઉસે પઢાએ, બયાન રે દીના;
૧૧ પીછે આજાત ઉસે કર, નિકા રે કરના
ઈસે ભી અજર દો, પાવે સહી રે બાતી;
૧૨ એ સુન સુન બાતી, ક્હો દિન ઑર રાતી. રે તૂહી.
૧૩ ઍસે હોવે આદમી, ક્હે જે તીનૂ નામ રે,
ક્હે જે તીનૂં નામ;
રબ દેવે ઉનૂ કૂ સહી, અજરકે દો ઠામ રે,
અજરકે દો ઠામ.

૧૦.૧૨ અને એ આદમી જે તેની હલાલ બાંદી (ગુલામડી) ને
અદબ (શિસ્ત) શીખવે, તેને પઢાવે અને પછી
આઝાદ કરી તેનાથી નિકાહ કરે તેને પણ બે અજર
મળશે."
આ હદીસ સાંભળી દિન–રાત ક્હો....રે તુંહી
૧૩ ક્હ્યા પ્રમાણેના ત્રણ આદમીયોને અલ્લાહ તેમના
અમલના બે બે અજર આપશે.

## ૧૬૬૪

૧ ભી હદીસ હૅ ક્હતે, અબી હુરૅરા જાનો;
રજી અલ્લાહો અન્હો, નામ રે પિછાનો.
૨ ક્હા નબીજીકે પાસે, એક અરાબી રે આયા;
સો ગામડીઆ અરાબી, કે જે નામસૂ સુનાયા.
૩ ઈને આવને નબીકૂ, સવાલ રે કીતા;
મુજે અમલ બતાહો, પૂછા રે સુનીતા.
૪ કે જિસ કે અમલસૂ, મૅં બહિશ્ત માંહી જાહૂં;
ઍસા અમલ બતાહો, કે બહિશ્ત મૅં પાહૂં.
૫ કર ઈબાદત નબીને, ક્હા રબ હો કેરી;
કુછ શરીક તો ઉસમાં, મત લાહો અનેરી.
૬ લિખે હો જૅસી, તૂ કરને નમાજા;
એ ખાતિમકે હુકમકા, કૅસા સુના રે અવાજા.
૭ અને દે તૂ ફરજ, જે હૅ રે જકાતા;
અને રમજાન કેરે, રોજે ઘર ક્હી રે બાતા;
૮ એ ફરમૂદા નબીકા, ઉને કૉલ રે કીતા;
સૂં ખુદાકી ખા કર, ફીર જવાબ રે દીતા
૯ ઉસ હુકમથી અદકા, મૅં કરૂ રે નાંહાં;
અને કમ ભી ના કરૂ, ઉસ હુકમ કે માંહાં.
૧૦ યૂં અરાબી રાજી હો, કર કબૂલ રે ચલીઆ;
એ સુન સુન મૂમિન, સોચ ઈતના કરીઆ.
રે તૂહી.
૧૧ સુનતે બયાન દીનકે, હોવે ઈમાની જાત રે,
હોવે ઈમાની જાત;
ઈમાન બિના નહી મૂમિના, એ સહી સાચા
બાત રે, એ સહી સાચી બાત.

## બયાન –૧૬૬૪

### હદીસ [1] : ગામડીયાને અમલ વિષે નબી(સલ) થી પૂછેલો સવાલ
### રાવી: હઝ અબુ હુરૈરા (રઝી)

૧.૪ અબુ હુરૈરા (રઝી) ક્હે છે કે એક ગામડિયો (એરાબી)
નબી (સલ) ની પાસે આવ્યો, અને આપ (સલ)
થી સવાલ કર્યો કે મને એવો અમલ બતાવો કે તે
અમલથી હું જન્નતમાં જાઉ'.

૫.૬ આપે (સલ) ફરમાવ્યું:"અલ્લાહની ઈબાદત કર
અને તેની જાતમાં કોઈને શરીક (ભાગીદાર) મન
બનાવ, અને ફરજ નમાજ જેવી હોવી જોઈએ તેવી
જ અદા કર,
૭ તારી ઉપર જકાત ફરજ થઈ હોય તો તેને દઈ દે,
અને રમઝાન માસના રોજા રાખ."
૮.૯ આપ (સલ) ની આ વાત (કૉલ) લીધા પછી તે
ગામડિયાએ ખૂદાની કસમ ખાઈને ક્હ્યું કે નબી(સલ)
એ જેટલું ક્હ્યું તે હુકમથી કાંઈ વધારે કરીશ નહિ
અને ઓછું પણ કરીશ નહિ.
૧૦ આ ગામડિયો આપ (સલ) નો હુકમ માન્ય રાખીને
રાજી થઈને ચાલ્યો.
મોમિન! આ હદીસ સાંભળીને સોચમાં લે અને
ક્હે...રે તૂહી
(બાકી હદીસ બયાન નં. ૧૬૬૫માં આવે છે.)
૧૧ દીનનાં બયાન સાંભળતા ઈમાનવાળા થવાય. એ
સત્ય છે કે ઈમાન વિના મોમિન થવાય નહિ.

(૧) મિશ્કાત (ભાગ–૧, વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનની ફસલ પહેલીની બારમી હદીસ છે મુત્તફ અલયહે (બુખારી મુસ્લિમ)

## ૧૬૬૫

૧ જબ અરાબી તો ઈતના, કહ કર ફિરીઆ;
કે નબીજીકા હુકમ, હો ખુશી મન ધરીઆ.
૨ કહા નબીજીને કૈસી દિલ, ખુશાલી રે આવે;
કે બહિશ્તકૂ દેખને, જે કો ચાવે.
૩ કો ચાહવે કે બહિશ્ત, મેં દેખૂ રે નૈના;
વે દેખતે ખુશી હોવે, મનકે મેના.
૪ તો અરાબી કે સામી, નજર કે કરની;
કે દેખનેકી ચિંતા, ઍસી મન રે ધરની;
૫ યૂં નબીજીને ઉસકૂ, કર બહિશ્તી બતાયા;
કે બહિશ્તી નામ ધર, સબૂ કૂ દેખાયા.
૬ ઍસા અરાબી ખૂબી, તુરતજ પાયા;
જો હુકમકૂ સુનતે, સીસ કે ચઢાયા.
૭ અને મનમાં સુનતે, હૂઆ રે ખુશાલા;
સહી હુકમ કબૂલા, તુરત સુનતે હાલા.
૮ સુનો ઈમાન હો કેરી, ઍસી હૅ રે બાતી;
હૅ હુકમ કબૂલના, આપકી જાતી.
૯ કે સુનતે હુકમકૂ, કબૂલ રે કરના;
સો નેહ હો સેતી, સહી મન રે ધરના. રેતૂહી.
૧૦ હુકમ સહી કર માનના, સુનતે એ ઈમાન રે,
સુનતે એ ઈમાન;
તો હોવે રાજી દીનસૂ, તો ચાહવે રહમાન રે,
તો ચાહવે રહમાન.

## બયાન- ૧૬૬૫
### હદીસ (બયાન નં. ૧૬૬૪ થી)

૧.૪ જયારે તે ગામડિયો નબી(સલ) નો હુકમ ખુશીથી મન ધરીને પાછો ફર્યો ત્યારે આપે (સલ) ફરમાવ્યું કે કોઈને આવી ખુશી જોઈતી હોય અને જન્નતી જોવો હોય તેણે આ ગામડીયા ઉપર નજર કરવી, યાને મેં તેને જે હુકમ કર્યો તેની ઉપર અમલ કર્યો.

૫.૭ આપે (સલ) તે ગામડિયાને બધાની સામે જન્નતી કહી બતાવ્યો. તે ગામડિયાએ નબી (સલ) નો હુકમ સાંભળીને તરતજ માથે ચડાવ્યો. મનથી ખુશી થયો અને હુકમ કબૂલી લીધો, તેથી જન્નતી બનવાની ખૂબીને પામ્યો.

૮. સાંભળો, ઈમાન એ કહે છે કે તમે અલ્લાહ અને નબીના હુકમોને કબૂલો.

૯ હુકમ સાંભળતાં જ તેને કબૂલ કરો. અને તેની ઉપર પ્રેમથી મન લગાવો...અને કહો... રે તુંહી.

૧૦ હુકમ સાંભળતાંજ માનવું એ ઈમાન છે દીનથી રાજી રહો તો અલ્લાહ તમને ચાહે.

---

## ૧૬૬૬ નજમ.

૧ ઍસી દીન કેરી બાતી રે, તમે સુનો રે;
સુન કરો ઈમાની જાતી રે, તમે સુનો રે.
૨ હુકમ હૅ કબૂલ કરના રે, તમે સુનો રે;
હક્ક કર મન હૅ ધરના રે, તમે સુનો રે.
૩ સુનતે હૅ હોના ખુશાલા રે, તમે સુનો રે;
રાજી હોના ઉસહી હાલા રે, તમે સુનો રે.
૪ હોના યૂં સાચા ઈમાની રે, તમે સુનો રે;
મૂમિનકી એ હૅ નિશાની રે, તમે સુનો રે.
૫ અરાબીને હુકમ જો માના રે, તમે સુનો રે;
સુનતે સહી કર જાના રે, તમે સુનો રે.
૬ નબીજીને બહિશ્તી આખા રે, તમે સુનો રે;
બહિશ્તી કહ સબૂ કૂ દાખા રે, તમે સુનો રે.
૭ ઍસી ખૂબી અરાબી પાયા રે, તમે સુનો રે;
હુકમ જો સીસ ચઢાયા રે, તમે સુનો રે;

---

## બયાન – ૧૬૬૬
### પીર મશાયખ (રહે) હદીસ સમજાવતાં કહે છે : 'તમે સાંભળો'

૧.૪ દીનની આ વાતો સાંભળીને ઈમાનવાળા બનો. હુકમને હક સમજી મન ધરો અને કબુલ કરો. હુકમ સાંભળી ખુશ થાઓ, અને તેથી રાજી થાઓ. આમ કરવાથી ઈમાનવાળા થશો., અને ઈમાન મોમિનની નિશાની છે.

૫.૮ ગામડિયાએ નબી (સલ) નો હુકમ સાંભળતાંજ સાચો માન્યો નબી(સલ) એ બધાયની સામે તેને જન્નતી કહી બતાવ્યો. હુકમ માથે ચડાવવાથી તે આ ખૂબીને પામ્યો. તે નબી(સલ) ની વાત માનીને તે પર તરત જ ઈમાન લાવ્યો.

૮ તુરતજ લાયા ઈમાના રે, તમે સુનો રે;
કે હુકમકૂ તુરતજ માના રે, તમે સુનો રે.
૯ વે હૅ આજ નબીજીકા દીના રે, તમે સુનો રે;
જાૂં હૅ હુકમ કીના રે, તમે સુનો રે;
૧૦ નેહે તોસુન દીન બાતી રે, તમે સુનો રે;
કબૂલ લો આપકી જાતી રે, તમે સુનો રે.
૧૧ સુનો બેગે લાહો ઈમાના રે, તમે સુનો રે;
સહી કરે બહિશ્તી રહમાના રે, તમે સુનો રે.
૧૨ સહી કર સચ મન લાહો રે, તમે સુનો રે;
જન્નત તો બેગે પાહો રે, તમે સુનો રે.

૯ નબી (સલ) એ જે હુકમ કર્યો તે આજે પણ દીનમાં કાયમ છે.
૧૦ પ્રેમથી દીનની વાતને સાંભળો અને કબૂલ કરો.
૧૧ સાંભળીને જલદી ઈમાન લાવો તો અલ્લાહ તમને જન્નતી કરશે.
૧૨ હુકમને મનથી સાચો માનીલો તો તુરંત જન્નત મેળવો.

---

## ૧૬૬૭ બિરહા.

૧ સુન સુન ભાઈ દીનકે, ઍસી હૅ દીનકી બાત રે;
બાતાંએદીનકીસુનતે,કબૂલલોઆપકીજાતરે.
૨ નેહસૂ કબૂલો બાત દીનકી, એ બૂઝો ઈમાન રે;
સુનતે બેગે કબૂલીઓ, ખુશી હોવે રહમાન રે.
૩ ગાફિલ નૅનાં ખોલને, દેખ એ દીનકી રીત રે;
મૂમિન હોવે સુનતે, લાવે જો મનમાં ચિત રે.
૪ કઈ કઈ ઠામૂ બહુત હૅ, ખોટા તો દીનકા ચાલ રે;
વે ભી હુકમ હૅ માનતે, સુનતે ઉસહી હાલ રે.
૫ ન રબ ને રસૂલકૂ, બૂઝે હૅ ઈન્હૂ મન રે;
પન નાત કેરે ડરસૂ, નીચા હૅ કરતે તન રે.
૬ અંધા હો રહવે સહી, હુકમ કબૂલે બાત રે;
ડરકે હૅ લીતે બાતકે, કુરબાન કરતે જાત રે.
૭ એ સબ જગમાં રીત હૅ,
છાની કિસીસૂ તિલ નાંહાં;
ગાફિલ એ પટંતરા, સુન સુન બૂઝ મન માંહાં.
૮ તૅ રબકૂ રસ થી, સુનીઆ હૅ અપને કાન રે;
તો હુકમ સાચા દીનકા, સહી કર મન માન રે,
૯ જો હુકમ તૂ માને નહીં, કૅસા ધરાયા નામ રે?
તો દેખને કો તુજ જૅસા, દીસે હૅ જગકે ઠામ રે?

---

## બયાન નં. ૧૬૬૭
## પીર મશાયખ (રહે) હદીસ સમજાવતાં કહે છે:

૧ દીનનાભાઇ! આવી દીનની વાતો સાંભળો અને સાંભળીને પોતે કબૂલ કરી લો.
૨ દીનની વાત સાંભળી તુરંત પ્યારથી કબૂલી લો એ ઈમાન છે, અને તેથી અલ્લાહ ખુશ થાય છે.
૩ ગાફિલ ! તું દીનની વાત આંખો ખોલીને જો ; જો તું સાંભળીને દિલમાં ઉતારે તો મોમિન થાય.
૪.૬ ઘણા ઠેકાણે દીનમાં ખોટા ચાલો છે. પણ, તેઓ પણ હુકમને માને છે.[1] તેઓ મનથી અલ્લાહ અને રસૂલને માનતા નથી[2] છતાં જમાતના ડરથી પોતાને દબાવી રાખે છે. જાહેરમાં હુકમ કબૂલે તો દેખાતા છતાં તેઓ આંધળા રહી જાય છે. ડરના લીધે તે પોતાનો ભોગ આપે છે.
૭ સાંભળી અને મનથી સમજ કે આ રીતના દાખલા જગતમાં તલભર પણ છાંના નથી
૮ તેં અલ્લાહના હુકમો રસપૂર્વક કાનેથી સાંભળ્યા તો તેને દીનના સાચા હુકમો માનીને ચાલ .
૯ જો તું અલ્લાહના હુકમને માને નહિ તો મોમિન નામ કેમ ધારણ કર્યુ છે? જો તો ખરો કે તારા જેવા જગતમાં કેટલા દેખાય છે?

---

## ૧૬૬૮

૧ સુફયાન બિન અબ્દુલ્લાહ, નામ રે કહીએ;
રજી અલ્લાહો અન્હો, નામ સંગ લહીએ.
૨ અને સકફી ઈનૂકી, અડક રે જાનો;
સો સકફી કબીલેકા, નામ રે જાનો.

---

## બયાન ૧૬૬૮
## હદીસ[3] : હઝ સુફિયાને (રઝી.) નબી (સલ) થી પુછેલું ઈમાનનું બયાન.
## રાવી: હઝ સુફિયા નબિન અબ્દુલ્લાહ (રઝી)

૧.૨ હઝ સુફિયાન બિન અબ્દુલ્લાહ (રઝી) સકફી કબીલાના હોવાથી સકફી અટકથી ઓળખાતા હતા.

(૧) જાહેરમાં દીનનો હુકમ માનવાનો ડોળ કરે છે.
(૨) મુનાફીક ભૌતિક રીતે ઈસ્લામમાં અને દિલથી બીજા મઝહબ પર હોય છે.
(૩) મીશ્કાત (ભાગ ૧ વિભાગ ૨) ના કીતાબુલ ઈમાનની ફસલ પહેલીને તેરમી હદીસ છે. (મુસ્લીમ)

૩ એ હદીસ હૅ ખાતિમ, નબીજીકી કહતે;
એ હદીસકૂ ઑર ભી, હૅ સુન કર લેતે.
૪ ઈનૂ નબીજીકૂ આવ કર, અરજ રે કીતી;
કહો મુજકુ નબીજી, એ અરજ સુનીતી.
૫ કહો મુજકૂ નબીજી, ઈસ્લામ બૅના;
વે સુન યાદ રાખૂ, દિલકે મૅના.
૬ વે બયાન તો નબીજી, મૅં ઍસા પાહું;
કે તમૂ બાજ પૂછને, ન કિસીકૂ જાહું.
૭ નબી તમૂ બાજ પૂછનેકા, ન પડે મુજે કામા;
ઍસા બયાન કહો, યાદ રાખૂ દિલ ઠામા.
૮ તબ નબીજીને સુન કર, એતા ફરમાયા;
કે આમંતો બિલ્લાહે, ઈતના બતાયા.
૯ કહ તૂ રબ પર, મૅં લાયા રે ઈમાના;
યૂં સહી કર બૂઝી, દિલકી સાના.
૧૦ એ ખાતિમ નબીને, આપ ફરમાયા;
અને ઉસ બાજ હુકમ, ફિર ઈતના પઢાયા.
૧૧ સો હુકમ નબીકિ, સુન સુન લીજે;
અને એક કર રબકુ, મન માંહી દીજે. રે તૂહી.
૧૨ ગાફિલ સુન બાતાં દીનકી, તો હોવે ઈમાન રે.
તો હોવે ઈમાન;
પારખા મૂમિન કેરડા, ઈમાનકી નિશાન રે;
ઈમાનકી નિશાન.

તેઓ નબી (સલ) ની હદીસ કહે છે. આ હદીસને બીજા અસહાબો (રઝી અન્હુમ) એ પણ સાંભળી હતી.

૪.૭ તેમણે નબી(સલ) પાસે આવી અરજ કરીને કહ્યું "હે નબી(સલ) મને ઈસ્લામનું બયાન કહો, જેને સાંભળીને હું દિલમાં યાદ રાખું અને તમારા સિવાય બીજા કોઈને પૂછવા નહિ જાઉં, યાને કોઈને પૂછવાની જરૂરત ન પડે"

૮.૧૦ ત્યારે, નબી (સલ) એ આટલું ફરમાવ્યું:" કહે: આમન્તો બિલ્લા હુ" (તું કહે કે 'હું અલ્લાહ ઉપર સાચા દિલથી ઈમાન લાવ્યો) અને પછી બીજા બોલ કહ્યા

(બાકી હદીસ આગળ આવે છે)

૧૧ નબી (સલ) ના હુકમો સાંભળી મનમાં લો અને અલ્લાહને એક માની કહો....રે તુંહી.

૧૨ ગાફિલ તું દીનની વાત સાંભળીશ તો ઈમાનવાળો થઈશ. મોમિનનું પારખું તેનું ઈમાન છે.

## ૧૬૬૯

૧ કહ આમંતો બિલ્લાહે, યૂં નબીજીને આખા;
પીછે ઈસ્તેકામ, કેરે બોલ રે દાખા.
૨ કે ઈસતેકામ કરની, દીનકે માંહાં;
કે કવી રે હોના, ઑર બાત કછુ નાંહાં.
૩ કે એક કર રબકૂ, ગવાહી હૅ દેની;
નામ ઉસકે ને સિફ્ત, હકક કરને લેની.
૪ અને ખબર જે દીતી, વે કરની કબૂલા;
યૂં ખાતિમને આખા, જે જીવૂકે મૂલા.
૫ અને મને કિયેસૂ, પીછા રે રહના;
ઈસતેકામ કેરા બયાન, એ મન રે દેના.
૬ કે સારે હુકમ પર, પગ સાબિત ધરના;
યૂં સહી ઈમાન, મન હૅ કરના.
૭ તૂ સુન મેરા, ભાઈ રે ઈમાની;
સહી મૂમિન કેરી, હોવે રે નિશાની.

## બયાન ૧૬૬૯

### હદીસ (બયાન નં. ૧૬૬૮ થી )

૧.૫ આપે (સલ) 'આમન્તો બિલ્લાહ' પછી દીનમાં ઈસ્તેહકામ કરવાનું કહ્યું, એટલે કે દીનમાં મજબૂત (કવી) રહેવું અલ્લાહના નામ અને સિફાત ગુણ માં એક હોવાની ગવાહી દેવી. દીનની જે ખબર નબી(સલ) મારફતે મળી છે તેને કબૂલવી અને મના કરેલી ચીજોથી છેટા રહેવું-જીવોના મૂળ નબી(સલ) એ ઈસ્તેહકામની આ પ્રમાણે સમજુતી આપી.

૬.૧૦ દીનના બધા હુકમો પર સાબિત કદમ અડગ રહી ઈમાનને બરાબર કરો. ઈમાન મોમિનની સાચી નિશાની છે. નબી(સલ) ની હદીસ પ્રેમથી સાંભળી લો. અને મનમાં ઈમાનની ચિંતા લાવો, દીનમાં

૮ કે ફરમૂદા નબીકા, નેહે સુન લીજે;
ઈમાનકી ચિંતા, નિત મન દીજે.
૯ કે કદમ તો સાબિત, દીનમાં ધરના;
એક જીવ હૅ સો દીન પર, ફિદા રે કરના.
૧૦ જો હોવે લાખ જીયા, તો વારને દીજે;
તો એક જીવકા, ન લોભ રે કીજે.
૧૧ એ સહીં કર સુનની, નેહસૂ બાતી;
અને એક કર કહના, દિન ઑર રાતી.
રે તૂહી.
૧૨ દીન પર જીવ હૅ વારના, જો હોવે તન લાખ જીવ રે,
જો હોવે તન લાખજીવ;
ઉસથી હૅ કુછ ક્યા ભલા? કે મર કર પાઈએ પીવરે,
કે મર કર પાઈએ પીવ.

સાબિત કદમ રહો અને આપણા જીવને દીન પર ફીદા (ન્યોછાવર) કરી દો. જો આપણી પાસે લાખ જીવ હોય તો તેમને પણ દીન પાછળ કુરબાન કરી દઇ એ, તો **એક જીવનો શો લોભ રાખવો.**

૧૧ હદીસની વાત પ્રેમથી સાંભળી, સાચી માનીને અને અલ્લાહને એક માનીને રાત-દિન કહો.....રે તુંહી

૧૨ શરીરમાં લાખ જીવ હોય તો તેમને પણ દીન પર વારી દઈએ મરીને અલ્લાહ (પીવ) પામીએ એનાથી ભલું શું ?

## ૧૬૭૦ પહલ.

૧ ધવ ધવ વીરા દીનકે સુનના રે;
દીન હૅ ઍસા મન માંહી ધરના રે.
૨ પહલા તો સહી કરો ઈમાના રે;
એ હૅ મૂમિન કેરી નિશાના રે
૩ સાબિત કદમ દીન માંહે ધરના રે;
એક તિલ પીછા નહી કરના રે.
૪ જો જીવ જાવે તો બિહતર જાનો રે;
ઍસા દીન હૅ સાચા માનો રે.
૫ ગાફિલ સુનને જાગ એ બાતી રે;
મલૂલ હોતે લાજ નહીં આતી રે.
૬ ખોટે દીનકે હૅ જગ માંહે ટોલે રે;
હૅ વે દગાબાજ જૂઠે બોલે રે.
૭ વે હૅ જૂઠેકૂ ઍસા ચાતે રે;
ખોટેકે કાજે હૅ સીસ ગમાતે રે.
૮ મૂમિનકૂ હૅ ભૂંડા કહતે રે;
આપકૂ ખૂબ વે બૂઝ લેતે રે.
૯ ક્યૂં તૂ દીન સંગ નેહ નહીં કરતા રે?
સીસ સાટે મન નહીં ધરતા રે.
૧૦ સાચા દીન હૅ સહી રહમાના રે;
નબીજીસૂ જૂં સુન કર જાના રે.
૧૧ ક્યૂં નહીં કદમ સાબિત ધરતા રે?
જીવકૂ વારને ક્યૂં નહીં કરતા રે?

## બયાન નં ૧૬૭૦
## પીર મશાયખ (રહે) હદીસ સમજાવે છે.

૧ દીનના વીરા તમે દીનની વાત સાંભળવા દોડી આવો, અને દીન શું છે તે મનમાં લો.
૨ પહેલાં ઈમાનને પાકું કરો. ઈમાન મોમિનની નિશાની છે.
૩ દીનમાં સાબિત કદમ રહો. દીનમાં તસુભાર પણ પાછા ન પડો.
૪ દીનને એવો સાચો માનો કે તેની પાછળ જીવ જાય તો સારૂ
૫ દીન પાછળ જીવ દેવાની વાતથી તને ગમ (દુઃખ) કરતાં શરમ નથી આવતી? ગાફીલ જાગ અને વાત સાંભળ.
૬ જગતમાં ખોટાદીનનાં ટોળાંઓમાં દગાબાજ અને જૂઠાબોલા લોકો છે. તેઓ પણ તેમના જૂઠાને ચાહે છે, અને તેને માટે માથું આપે છે. તેઓમોમિનને ભૂંડા કહે છે, અને પોતાને સારા સમજે છે.
૭ તું મોમિન થઈને' દીન માટે માથું આપે એવો પ્યાર દીનથી કેમ નથી કરતો? નબી (સલ) એ સમજાવ્યું છે કે અલ્લાહનો સાચો દીન દીને-ઈસ્લામ છે, તો તું તે દીનમાં સાબિત કદમ કેમ નથી રહેતો? તેની ઉપર તારા જીવને વારી કેમ નથી દેતો?
૮ તું જગતથી જુદો જ કેમ છે? મારી નસીહતને મનના પ્યારથી સાંભળ તો ખરો

૧૨ જગ સેતી તૂ ક્યું હૅ નિયારા રે?
સુન એ નસીહત મનકે પિયારા રે.

## ૧૬૭૧

૧ ઉબાદા બિન સામત, નામ રે જાનો;
રજી અલ્લાહો અન્હો, નામસૂ પિછાનો.
૨ એ અનસારીયૂં સેતી, થે રે અસ્હાબી;
એ તારીફ ઉનૂકી, સુન બુઝો રે શિતાબી.
૩ એ હદીસ નબીજી, કેરી હૅ કૈત્તે;
જૂં યાદ રાખી, હૅ સુન કર લેતે.
૪ કહા એક દિન નબીજી, થે જમાતકે માંહાં;
સો અસ્હાબૂ બિના, કો અવર થા નાંહાં.
૫ તબ નબીજીને મુબારક, જુબાંસૂ આખા;
યે અસ્હાબૂ સબૂ કૂ, ઈતના દાખા.
૬ કહા તુમ તો મુજસૂ, બૅત રે કરાહો;
સુનો બૅતકે માઅને, કૉલ મન લાહો.
૭ કે અલ્લાહ માંહે શરીક, કુછ કરો રે નાંહાં;
એ બૅતહી કરની, મુજ હાથ માંહાં.
૮ અને ન કરો ચોરી, ઉસ બાજ ફરમાયા;
એ ભી બૅત કરની, મુજસૂ બતાયા.
૯ અને જિના ભી ના કરની, એ ભી દોને બોલા;
ના મારો ઑલાદકૂ, એ ભી કરો રે કૉલા,
૧૦ યૂં નબીજીને ઉસ ઠામ, આપ ફરમાયા;
એ સુન સુન મૂમિન, દિલ સોચ એ આયા,
રે તૂહી
૧૧ બેગે ભાઈ દીનકે, સુનની કાન ધર
બાત રે, સુનની કાન ધર બાત;
હૅ દીન કાજે કૉલ માગતે, આપ મુબારક જાત રે,
આપ મુબારક જાત.

## બયાન ૧૬૭૧

### હદીસ [1] : નબી(સલ) એ સહાબાઓની જમાઅતથી શરતો પર લીધેલી બૈયત રાવી: હઝ. ઉબાદા બિન સામત (રઝી.)

૧.૬ હઝ. ઉબાદા બિન સામત (રઝી) અનસારી સહાબી હતા. તેઓ નબી(સલ) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. તેઓ કહે છે કે એક દિવસ આપે (સલ) અસ્હાબીયોની જમાત બેઠેલી હતી ત્યારે અસ્હાબીયો (રઝી અન્હૂન) ને ફરમાવ્યું : "તમે મારા હાથ પર મારી શરતોએ બૈઅત યાને કોલ(વાયદો) કરો કે:-

૭ અલ્લાહની જાતમાં કોઈને ભાગીદાર બનાવશો નહિ,

૮ ચોરી કરશો નહિ,

૯ જિના (વ્યભિચાર-છીનાળું) કરશો નહિ અને પોતાની ઓલાદને કતલ કશો નહિ.
(બાકી હદીસ આગળના બયાનમાં આવે છે)

૧૦ નબી(સલ) એ ફરમાવેલું સાંભળીને મોમિન સોચે અને કહે....રે તુંહી.

૧૧ દીનના ભાઈ! દીનની વાત જલદી કાને ધર દીન માટે નબી(સલ) એ કોલ માંગ્યો છે.

## ૧૬૭૨

૧ ભી તુહમત ન કરો, યૂં ભી આપ ફરમાયા;
એ ભી બૅત કરો મુજસૂ, નબીને બતાયા.
૨ કે તુહમત કિસી પર, કરો રે નાંહાં;
જે જૂંઠી હો સન્વારતે, આપ હાથૂકે માંહાં.
૩ અને પગૂસૂ જૂઠ, જે હો તુહમત બનાતે;
ઍસા તુહમત કેરા, સોચ મન હો લાતે.
૪ એ હાથૂકી તુહમત, જૂઠા કાગજ લિખાવે;
અને પગૂકી એ તુહમત, ચલ જૂઠા રે બનાવે.

## બયાન-૧૬૭૨

### હદીસ (બયાન નં-૧૬૭૧ થી)

૧.૫ વળી આપે બૈઅત લીધી કે, કોઈની ઉપર પોતાના તરફથી ખૂલલી જૂઠી તોહમત (આરોપ) મૂકશો નહિ'-તોહમત હાથ પગની હોઈ શકે. હાથની તોહમત જૂઠો કાગળ લખવું તે છે. પગની તોહમત કોઈની જૂઠી ચાલ બતાવવી તે છે. -આપે (સલ) તોહમતનું કામ કરવાનું મના કર્યુ અને તે માટે કોલ માંગ્યો.

(૧) મિશ્કાત (ભાગ ૧ વિભાગ ૨) ના કીતાબુલ ઈમાનની ફસલ પહેલીની સોળમી હદીસ છે. મુત્ત અલયહે (બુખારી મુસ્લીમ)

૫ એ ખાતિમ નબીને, કામ મને રે કીતા;
અને કૉલ નબીને, માંગીઆ સુનીતા.
૬ કહા બેફરમાની, તમે કરો રે નાંહાં;
નુ હુકમ ફેરાહો, અમર માફ્કે માંહાં.
૭ સુનો મુબારક જાુબાંસૂ,
એ ભી નબીજીને દાખા;
એ ભી કૉલ કરો મુજસૂ, નબીજીને આખા.
૮ પીછે કહા તમૂથી, કૉલ વફા રે કરાવે;
કે બૅત એ કરની, સહીમન લાવે.
૯ સહી અજર તો ઉસકૂ, દેવેગા ઈલાહી;
સહી નબીજીને હદીસ, એ ફરમાહી.
૧૦ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને નેહસૂ કહો, દિન ઑર રાતી. રે તૂહી.
૧૧ ઈમાની હોના સહી, સુન સુન દીનકે બૅન રે,
સુન સુન દીનકે બૅન;
સંગત સેતી બધસી, જૅસે સુનસી કૅન રે,
જૅસે સુનસી કૅન.

૬ નેક કામ (અમર મારૂફ) [1] માં, યાને અહુકામે શરિયતમાં નાફરમાની કરશો નહિ.

૭.૯ અને જો આટલી શરતો બૈઅત (કોલ) કરીને પુરી (વફા) કરશો, તો તેનો બદલો તમને અલ્લાહ આપશે યાને આખેરતમાં નવાજ શે, એમ નબી (સલ) એ ફરમાવ્યું.
(બાકી હદીસ બયાન નં. ૧૬૭૩માં આવે છે)

૧૦ હદીસની વાતો સાંભળી પોતાને પાક કરો અને પ્રેમથી રાતદિન કહો.......રે તું હી
દીનનાં બયાન સાંભળીને ઈમાનવાળા બનો. જેવી સોબત બાંધશો તેવી વાણી સાંભળશો.

## ૧૬૭૩

૧ અને કો વે કરે, મને કીતી જે બાતી;
યૂં ફિર કર આખા, મુબારક જાતી.
૨ જેતે મને કીએ, એતે કામ કે કરાવે;
વે સજા ઉસકી, દુની માંહે પાવે.
૩ કે ઉસકી, અજાબ, કિયા જાવે દુની માંહાં;
ઉનૂ ગુનૂકે કાજે, દુર્નીકિ ઠાંહાં.
૪ યૂં ભી ખાતિમ નબીને, આપ ફરમાયા;
સહી હદીસમાં બયાન, એ લિખેસૂ પાયા.
૫ કે હદ હૅ મારની, ઉસે અજાબકી રીતા;
એ દુનીકા અજાબ, સુનો મન ધર રીતા.
૬ એ કફ્ફારત ઉસકે, ગુન્હૂ હો કેરી;
કે ગુન્હૂકી સજા, પહુંચે દુનીમાં સવેરી.
૭ પછે રબને ઉસકે, વે ગુન્હે રે છુપાએ;
કે જાહિર ઉસકે, વે ગુન્હે ના દેખાએ.
૮ કે હદ તો ઉસકૂ, મારી રે નાંહા;
ના જાહિર હૂવડા, વે ગુન્હા દુની માંહાં.
૯ પીછે બખશે ઉસકૂ, જો ચાહવે રે ઈલાહી;
કે અજાબ રે કરે, યૂં ખબર બતાહી.
૧૦ જબ નબીજીકી બાત, સબૂ કાનૂ રે સુનાઈ;
તબ અસ્હાબૂને ઉસ ઠામ, સબૂ બૅત રે કરાઈ.

## બયાન ૧૬૭૩

૧.૬ આપે (સ.લ) ફરીથી ફરમાવ્યું કે જે માણસ (શિર્ક સિવાય) આ મના કરેલાં કામોમા થી કોઇ કામ કરશે, અને તેને દુનિયામાં તે ગુનાહુ માટે સજા (અઝાબ) આપવામાં આવશે, યાને ગુનાહ માટે શરિયતની હદ મારવામાં આવશે, તો તેના ગુનાહનો કફ્ફારો તેને દુનિયામાં સજા મળવાને લીધે થઇ જશે.'

૭.૯ આપે (સલ) ફરમાવ્યું :"અગર કોઇ મના કરે લાં કામોમાંથી કોઇ કામ કરે, અને અલ્લાહ તેના ગુનાહને જાહિર ન કરે યાને છુપાવી દે; તો તેને શરિયતની હદ લાગે નહિ કે તેનો ગુનાહ દુનિયામાં જાહેર થાય નહિ, છતાં અલ્લાહ ચાહે તો તેને અઝાબ કરે અથવા માફ કરે. મામલો અલ્લાહને હાથ છે."

૧૦ બધા અસ્હાબો (રજી અન્હુમ) એઆપ (સલ) ની વાત કાને સાંભળી તો બધાએ ત્યાંજ આપ (સલ) થી બૈઅત કરી

(૧) કુરઆનની આયત છે. કુન્તુમ ખૈર ઉમ્મત ઉખરેજત લીન્નાસ તઅમોરૂના બીલ માઅરૂફ વતન હવન અનીલ મુનકર વતુ મેનુન બિલ્લાહ (તમે શ્રેષ્ટ ઉમ્મત છો કે લોકોને ભલાઇ પહોંચાડવા) માટે ઉભા કરવામાં આવ્યા છે. તમે નેક કામોને હુકમ કરો છો અને બુરા કામોથી મનાઇ કરો છો અને અલ્લાહ તઆલા પર ઈમાન રાખો છો.

૧૧ એ સુન સુન મૂમિન, હોના રે ઈમાની;
હેં ઈમાનસૂં મૂમિન, કેરી રે નિશાની.
૧૨ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને નેહસૂં કહો, દિન ઑર રાતી. રે તૂહી.
૧૩ એક કર રબકૂ કરની, ચોરી તુહમત નાહીં રે,
ચોરી તુહમત નાહીં;
ના જિના ના ઑલાદકૂ મારની, ના હુકમ ફેરાહો
દિલ માંહી રે, ના હુકમ ફેરાહો દિલ માંહી.

## ૧૬૭૪ નજમ

૧ સુન સુન હોના ઈમાની રે, તમે સુનો રે;
ઈમાન હેં મૂમિન નિશાની રે, તમે સુનો રે.
૨ શરીક ના કરો રબ માંહી રે, તમે સુનો રે.
એક હેં રબ દૂજા કોઈ નાંહી રે, તમે સુનો રે;
૩ રીત ના કરો ચોરી કેરી રે, તમે સુનો રે;
કે મનથી એ બૂઝીઓ સવેરી રે, તમે સુનો રે.
૪ ના કરો જિના કેરી રીતા રે, તમે સુનો રે;
રાખો રાખો દીન સેતી પીતા રે, તમે સુનો રે.
૫ તુહમત ના કિસી પર કરની રે, તમે સુનો રે;
ઠગાઈ ના એ મન ધરની રે, તમે સુનો રે.
૬ ના મારો લડકે તમારે રે, તમે સુનો રે;
ઑલાદ જે તમારી બેચારી રે, તમે સુનો રે.
૭ એ ભી સબ ઈમાનસૂં જાનો રે, તમે સુનો રે;
સબ બાતૂ ઈમાન હેં માનો રે, તમે સુનો રે.
૮ નબીજી માંગા એ કૉલા રે, તમે સુનો રે;
અસ્હાબૂ સબૂને દીઆ સહી બોલા રે, તમે
સુનો રે.
૯ ખરાખર કેરી હુઈ લીના રે, તમે સુનો રે;
સહી કર માનો કર પીતા રે, તમે સુનો રે.
૧૦ રસૂલે કૉલ માંગીલા સવેરા રે, તમે સુનો રે;
૧૧ નહીં અબ ગફલત ઠામા રે તમે સુનો રે;
પીત કરો સુન સહી કામા રે, તમે સુનો રે.

## ૧૬૭૫ પહલ

૧ મૂમિન નેહે સેતી જાનો રે;
ઈમાન બાતાં સુન સહી માનો રે.
૨ સત્તર ડાલી હેં ઈમાન કેરી રે;
વે સુન સુન દિલ દો સવેરી રે.

૧૧ હદીસની વાત સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાનથી મોમિન છે.
૧૨ દીનની વાતો સાંભળીને પોતાને પાક કરો, અને પ્રેમથી રાત દિન કહો..... રે તુંહી.
૧૩ અલ્લાહને એક માનો. ચોરી કે તોહમત કરો નહિ, ઓલાદને મારી નાંખો નહિ અને અમર મારૂફથી દિલ ફેરવો નહિ.

## બયાન ૧૬૭૪
## પીર મશાથખ (રહે.) હદીસ સમજાવતાં કહે છે.

૧ સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાન મોમિનની નિશાની છે.
૨ અલ્લાહ શિવાય બીજો કોઈ પાલનહાર નથી. તેની જાતમાં કોઈને ભાગીદાર કરો નહિ.
૩ ચોરી કરો નહિ. હદીસની આ વાત મનથી સમજી લો.
૪ જિના (છિનાળુ) કરો નહિ. દીનથી પ્રેમ રાખો.
૫ કોઈની ઉપર ખોટી તોહમત નાખવી નહિ. ઠગાઈનું આ કામ કરવું નહિ.
૬ તમારી ઓલાદ તમારા આધિપત્યમાં છે, તેમને મારી નાંખો નહિ.
૭ આ બધી વાતો પાળવીએ ઈમાન માંથી છે.
૮ નબી(સલ) એ આ વાતો માટે કોલ માંગ્યો અને અસ્હાબીયોએ તેનો કોલ દીધો.
૯.૧૦ કોલ લેવા દેવાની બરાબર રીત આ થઈ આપે (સલ) કોલ માંગ્યો તે હદીસને પ્રેમથી સાચી માનો.
૧૧ હવે તમારે માટે ગફલતની જગા રહી નથી. હદીસ સાંભળીને સારા કામો કરવાની ચાહના રાખો.

## બયાન ૧૬૭૫
## પીર મહાથખ (રહે) સમજાવે છે:-

૧ મોમિનો! તમે ઈમાનની વાતો પ્રેમથી સાંભળીને સાચી માનો.
૨ ઈમાનની સીત્તેર ડાળીયો છે તે બરાબર સાંભળો.

૩ જૂં નામ મલીદા હૅ કહલાતા રે;
વે તીનૂ બાતૂસૂ હોતા દેખાતા રે.
૪ ઍસી હૅ બૂઝો ઈમાન રીતા રે;
સબ સુન રાખો દિલકી પીતા રે.
૫ તો ભાઈ હોઓગે ઈમાની રે;
ઈમાન મૂમિન કેરી નિશાની રે.

૩.૫ મલીદો જેમ ત્રણ ઘટકો (ઘંઉ, ઘી અને મીઠાશ ) નો બને છે, તેમ ઈમાન પણ તેના ઘટકોથી બને છે. આ વાત દિલમાં ધરી રાખશો તો ઈમાનવાળા મોમિન થશો.

૬ સુનો એ કૉલ નબીજીને લીતા રે;
અસ્હાબૂને કૉલ એ સુનતે દીતા રે.
૭ હાથ નબીજી કે બૅત કરાહી રે;
એ બાત સાચી સહી પાહી રે.

૬.૭ અસ્હાબીયો (રજી.અન્હુમ) થી નબી(સલ) એ કોલ લીધો અને તે સાંભળીને તેઓએ કોલ આપ્યો (બૈઅત કરી).

૮ સુન સન દીનકે ચોરા એ બાતી રે;
બે પીર ક્યૂં રાખે આપ જાતી રે?
૯ દેખ બૅત હાથ નબીજીકે કીતી રે ;
કઈ કઈ ઠામૂ હૅ કીતી સુનીતી રે.
૧૦ નહીં ક્યૂં માને તૂ બૅતકી રીતા રે?
કૅસા સોચ હૅ મન દીતા રે?

૮.૧૦ દીનના ચોર! વાત સાંભળ તું <u>પીર વગરનો</u> [1] પોતાને કેમ રાખે છે? નબી (સલ) એ પણ ઠેક ઠેકાણે બૈઅત લીધી છે. તું બૈઅતની વાત કેમ માનતો નથી? તે શું વિચારી રાખ્યું છે?

૧૧ એ બૅન કિસે તૂ છુપાવે રે;
લીલજ બોલતે લાજ ન આવે રે.

૧૧ બૈઅતના આ બયાન તું કેમ કરીને છુપાવીશ? નિર્લજા! તને બોલતાં શરમ નથી આવતી?

૧૨ એ સબ આગે બયાન લિખાવે રે;
હકીક્ત સલૂકકી જો આવે રે.
૧૩ એતા મૈં ઉમેદ રાખા મના રે;
રબ જો સુખ ચેન દેવે તના રે.

૧૨ જો અલ્લાહ મનેસુખ ચેનમાં રાખે તો આ વિષે (પીર વિષે) <u>સલૂક</u> [2] ના બયાનમાં આગળ લખીશ એવી ઉમેદ છે.

## ૧૬૭૬ પદ.

૧ અરે સુન રે ભાઈ દીનકે મેરે, સુન સુન હોના ઈમાની;
મૂમિનકા હૅ પિછાનના બૂઝો, ઈમાન કેરી નિશાની.
૨ અરે ફરજંદ આદમ વંશે ભાઈ, સાત મુલક હૅ ભરીએ;
અરે વે હૅ મૂમિનૂ રબને જિનકૂ, સહી ઈમની કહીએ.
૩ અરે જે હૅ ઈમાની ઈમાન પાવે, ઉનૂકા મૂમિન નામા;
અને નહીં તો અવરાં ખોટે દીનકે, દીસે હૅ કહી ઠામા.
૪ અરે દેખો વે ખોટા દીન હૅ ચલાતે, કસની હૅ મન માંહી લાતે;
અરે હિંદુ પાની નહી કિસકા પીવે, ઍસા હૅ ખોટેકૂ ચાતે.

## ૧૬૭૬

**પીર મશાયખ (રહે) કહે છે:**

આદમ (અ.સ) ના વંશમાં ઈમાનવાળા કોણ?

૧ મારા દીનનાભાઈ સાંભળીને ઈમાનવાળા બનો. મોમિન ઈમાનથી ઓળખાય છે.

૨ સાતે ખંડો આદમ (અ.સ) ના વંશથી ભરેલા છે. તેમાંથી આલ્લાહે જેમને ઈમાન આપ્યું તે મોમિન છે.

૩ તેઓમાંથી ઈમાન વગરનાઓ ખોટા દીન ઉપર ઘણી જગ્યાએ જોવા મળે છે.

૪ તેઓ ખોટા દીન ચલાવે છે અને પોતાને પીડા આપે છે. તેઓ ખોટા દીનને ચાહે છે. હિંદુઓ તેથી કોઇ બીજા ધરમ વાળાનું પાણીએ પીતા નથી.

(૧) પરહેઝગાર અને પાબંદે શરિયત હોય તેવા પીર દીનતુ સાચુ માર્ગ દર્શન દેખાડે છે. દીનના માર્ગ દર્શન માટે પીર મશાયખ (રહ.) બૈઅત લેવાનું ચાહતા હતા.

(૨) પીર મશાયખે (રહ) બૈઅત વિષે સુલુક ના બયાન માં લખ્યું છે સલુક એટલે પીરી મરીદીના સબંધ થી ઇલ્મે બાતીન (ગૂઢ-ગુપ્ત ઇલ્મ મેળવી અલ્લાહની નઝદીકી મેળવવા પ્રગતિ કરતા રહેવાનો સબંધ.

૫ અરે હેડા ન ખાવે હિંદુ જાતી, ખોટા દીન બૂઝો બાતી; ૫
અરે ઑર ભી કસની કઈ કઈ રીતકી, હૅ રે ઉનૂ કૂ જનાતી.

૫ હિંદુ જાત હેડા [1] (માંસ) ખાતી નથી. તેમનો દીન ખોટો છે. તેમના દીનમાં ઘણી રીતની પીડા ઉપાડવાની વાતો જણાઈ આવે છે.

૬ અરે દીન હૅ સાચા મૂમિને પાયા, જાં હૅ રસૂલે બતાયા; ૬
અરે જાનો ભી રબ જે ખાલિક અપને, નબીજી સેતી પાયા.

૬ અલ્લાહ અને તેના સાચા દીનને મોમિનો રસૂલુલ્લાહ (સલ.) મારફત પામ્યા છે.

૭ તો લીલજ ગાફિલ હુકમ નબીકા, ક્યૂં નહી ચિતે લાતા? ૭
અરે ફટ રે લીલજ લાજ જગકૂ, દેખ નહી ક્યૂં લાતા?

૭ તું નિર્લજ અને ગાફિલ, નબી(સલ) નો હુકમ મનમાં કેમ લેતો નથી? તને જગતમાં લાજ કેમ આવતી નથી?

૮ અરે ખોટા પર વે હૅ તન ગમાતે, સાચે કૂ તૂ નહી ચાતા; ૮
અરે મૂમિન નામ હો હુકમ ભનાતે, લાજ મન નહી લાતા.

૮ પોતાને મોમિન ગણો છો અને ખોટા પર તન કુરબાન કરો છો? તમને લાજ કેમ આવતી નથી?

---

૧૬૭૭

૧ અબૂ સઈદ ખુજરી, નામ રે કહીએ;
સુનો રજીઅલ્લાહો અન્હો, નામ સંગ લહીએ.
૨ એ નબીજીકે અસ્હાબી, મશહૂર રે કહલાએ;
એ અસ્હાબી સરજત, જે રે કહલાએ.
૩ અનસારીયૂં માંહા, કહીએ રે સહી;
જંગ ખંદકમાં આએ થે, બાત એ લહી.
૪ સો બાર ગજવાતાં, સાથ નબીજીકી કીતી;
એતી ગજવાતૂ નબી સાથ, થે બાત એ સુનીતી.
૫ સહી ઉનૂકા નામ, સંઈદ રે જાનો;
સો માલકકે બેટે, ઈન્હૂકૂ પિછાનો.
૬ બિન માલક સનાન, નામ રે જાનો;
બાપ સઈદકે સાબી, થે ભી માનો.
૭ એ હદીસ નબીજી, કેરી હૅ કહતે;
સો જાં હૅ સહી કર, સુન હૅ લેતે.
૮ એ હદીસ અસ્હાબી, બહુતૂને સનાઈ;
સો સઈદને સુન કર, સબ યાદ થી રખાઈ.
૯ વે સઈદ તો હદીસકા, કરતે બયાના;
એ સુન સુન મૂમિનૂ, સોચ ઈત્તા મન આના.
રે તૂહી.

---

૧૬૭૭

## હદીસ [2] : ઓરતો (સ્રીઓ) ની અકલ અને દીન અધૂરો

## રાવી : હઝ અબુ સઈદ ખુદરી (રઝી)

૧.૯ હઝ અબુ ખુદરી (રઝી.) નબી (સલ.)ના અનસારોમાંથી થયેલા મશહુર સહાબી છે. તેઓ ખંદકની લડાઈમાં શામેલ હતા. તેઓ એ નબી (સલ.)ની સાથે રહીને બાર લડાઈઓ લડી હતી, તેમનું નામ સઈદ છે, અને માલિક બિન સનાનના બેટા છે. તેમના બાપ સાબઈ ૨ હતા તેઓ નબી (સલ.)થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહેછે. આ હદીસ બીજા ઘણા અસ્હાબીયો એ પણ સાંભળી હતી આ હદીસને તમે સાંભળીને મનમાં લો અને કહો....... રે તૂં – હી.

(૧) માંસ અથવા ગાય બળદનું માંસ–ગાયનાં નર વાછરાંના સમુહને હેડ કહે છે, તે ઉપરથી આ શબ્દ વપરાતો હોય એમ લાગે છે.
(૨) મિશ્કાત (ભાગ ૧ વિભાગ ૨) ના કીતાબુલ ઈમાનની પહેલી ફસલ ની સત્તરમ હદીસ છે. મુત્ત અલયહે (બુખારી મુસ્લીમ)

૧૦ સુન સુન બાતાં દીનકી, કરના સહી ઈમાન રે,
કરના સહી ઈમાન,
મૂમિન સહી કર જાનીએ, મૂમિનકા નિશાન રે,
મૂમિનકા નિશાન.

૧૦ દીનની વાતો સાંભળીને ઈમાન સહી કરો, ઈમાનથી મોમિન ક્હેવાય, ઈમાન મોમિનની નિશાની છે.

---

### ૧૬૭૮

૧ થે ક્હતે હૅ એ નબીજી,
એક દિન બાહર રે આએ;
સો જુાહાકી ઈદ કાજ, નિકલે દેખાએ.
૨ કે વે થી ઈદ, ફિતર હો કેરી;
થે ખાતિમ નિકલે, ઈદ કાજ રે સવેરી.
૩ સો નમાજ ખાતિર, થે નબીજી સિધારે;
જે હબીબ રે નામસૂ, રબકે પિયારે.
૪ સહી રાહા માંહા નબી કે, કેતી ઑરતાં
દેખાઈયાં;
તબ ખાતિમ નબીને પૂછ ઈન્હૂંકૂ બતાઈયાં.
૫ ક્હા ઑરતૂકા ટોલા, સુન સચ કર માનો;
બહુત દોજ ખી તમૂથી હોવે રે જાનો.
૬ તબ ઑરતૂને સુન કર, બેગી અરજ પહુંચાઈ;
સો વાસ્તે કાતકે, યૂં અરજ રે કરાઈ.
૭ કે વાસ્તે ઍસા ક્હા, રસૂલ અલ્લાહકે;
સહી સાચે વાયદે, હૅ તમારે સદાકે.
૮ તબ નબીજીને ક્હયા, તુમ લાનત હો કરતે;
સો એક એક ઉપર, હૅ જુાબાં પર ધરતે.
૯ અને ખસમકી નિઆતમતસૂ,
રાજી હોતે નહીં તમના;
કે શુકરાના નહીં, વે દેતે રે મના.
૧૦ જબ ઑરતૂને પૂછા, તબ એ નબીજીને આખા;
એ સુન સુન મૂમિનૂ ચિત ઈતના રાખા.
રે તૂહી.
૧૧ જુાબાં મુબારક આપસૂ, કહી નબીને બાત રે,
કહી નબીને બાત;
ઑરતૂ કૂ સીખાવના, દીતી થી કેતી જાત રે,
દીતી થી કેતી જાત.

### ૧૬૭૮

### હદીસ (બયાન નં. ૧૬૭૭ થી)

### રાવી : હઝ અબુ સઈદ ખુદરી (રઝી.)

૧.૩ હઝ અબુ સઈદ ખુદરી (રઝી ક્હેછે કે એક દિવસ અલ્લાહના પ્યારા હબીબ સલ.) ઈદની (યા બકરી ઈદની) નમાઝ માટે બહાર નીકળ્યા.

૪.૫ રસ્તામાં તેમને કેટલીક સ્ત્રીઓ મળી જેઓને નબી (સલ.)એ બતાવ્યું કે તમો,ઓરતો <u>સદકાખયરાત</u>[૧] કરો તેમકે તમો મરદો કરતાં વધારે દોઝખી છો.

૬.૭ ત્યારે ઓરતોએ તુરત અરજ કરીકિ હે અલ્લાહના રસૂલ (સલ.) તમારી વાતો સદાય સાચી હોય છ, તો અમને ક્હો કે આવું શા કારણે?

૮.૧૦ ત્યારે, નબી (સલ.)એ ક્હયું : "એટલા માટે કે તમે (સ્ત્રીઓ) એક બીજા ઉપર લાનતો (ફિટકાર) કરી તાણાં મારીને જબાન ચલાવો છો, અને ઘણી (ખસમ)ની નેઅમતોથી રાજી નથી રહેતી એન તેમનો શુકર નથી કરતી"
(બાકી હદીસ બયાન નં. ૧૬૭૯ માં આવે છે.)
મોમિન ! તું સાંભળીને વાત મનમાં રાખ અને ક્હે રે તું – હી.

૧૧ આપે (સલ.) મુબારક જબાનથી આ વાત સ્ત્રીઓને શીખામણ આપવા માટે કરી.

---

### ૧૬૭૯

૧ ફિર નાકિસ અકલ કર, નબીજીને આખા;
ફિર નાકિસ દીન, કર રે દાખા.

### બયાન – ૧૬૭૯

### હદીસ (બયાન નં. ૧૬૭૮થી)

૧.૩ તે ઓરતોનું ટોળું ઍસી થી નેવું વ્યક્તિઓનું

(૧) સત્તરમી હદીસના મુળ શબ્દો છે જે આ બયાનમાં છૂટી ગયા છે.

૨ કે અકલ મરદકી, કેરા રે દીના;
સહી ઉસથી તુમારા, તન ઓછા રે કીના.
૩ કે અકલ ને દીન, નાકિસ રે તમારા;
અસ્સી નેઉ ટોલા, થા જે ઑરિતૂકા સારા.

૪ હૅ નાકિસ તો અધૂરી, અકલકા નામા;
કે વે નાક્સિ જે પૂરા, ન હોવે રે કામા.
૫ સુનો ઑરતૂને ફિર કર, અરજ રે કીતી;
કયા નુકસાન હમૂમાં, બાત કીતી રે સુનીતી.
૬ કયા હૅ હમારી અકલ, દીન માંહે નુકસાના;
હમૂ રસૂલ ખુદાકે, વે ભેદ ના જાના.
૭ યા રસૂલ ખુદાકે કિસ કાજ, ઍસા હમૂ કૂ આખા;
યૂં ઑરતાંને ફિર, જવાબ રે દાખા.
૮ તબ ખાતિમ નબીને, સુન ફરમાયા;
આધી ગવાહી ઑરતૂકી, હૅ રે બતાયા.
૯ કહા ગવાહી હૅ આધી, ઑરતૂ હૅ કેરી;
સો ગવાહી મરદસૂ, કહા એ સવેરી.
૧૦ તબ ઑરતૂને હાં કર, કબૂલ રે લીતા;
એ નુકસાન અકલકા, જવાબ નબીજીને દીતા.
૧૧ કે તુમારી અકલકા, નુકસાન આખા;
એ સુન સુન મૂમિનૂ, મન ઈતના રાખા.
રે તૂહી.
૧૨ ઈમાની હો મૂમિના, સુન સુન દીનકી બાત રે,
સુન સુન દીનકી બાત;
ઈમાનસૂ મૂમિન સહી, બહિશ્તી હોવે જાત રે,
બહિશ્તી હોવે જાત.

હતું તેમને નબી (સલ.)એ કહયું કે 'તમારી અક્લ નાકિસ (અધુરી) છે' અને તમે મરદો કરતાં અક્લમાં ઓછાં છો, એટલે તમારી અકલ અને તમારો દીન નાકિસ છે, અને તમો હોંશિયાર મરદોને બેવકુફ બનાવવામાં <u>કાંઇ કમ નથી.</u>[1]

૪ નાકિસ એટલે અધુરૂં અને નાકિસ અક્લ એટલે અધુરી અકલ

૫.૭ ત્યારે, તે ઓરતો એ અરજ કરી કે 'હે અલ્લાહના રસુલ (સલ.)અમારામાં શું નુકસ (ખામી) છે ? અમારી અકલથી દીનમાં શું નુકસ આવે છે તેનો ભેદ એમને બતાવો. અમને આપે (સલ) આમ શું કાજે કહ્યું'?

૮.૯ તે સ્ત્રીઓનો જવાબ સાંભળીને નબી(સલ) એ ફરમાવ્યું કે 'દીનમાં મરદો કરતાં ઓરતોની ગવાહી અરધી ગણાય છે.

૧૦.૧૧ નબી(સલ) નો આ જવાબ સાંભળી તે ઓરતોએ 'હા' કહી વાત કબૂલી લીધી.
મોમિન! તું આ હદીસ સાંભળીને મનમાં રાખ અને કહે.......રે તુંહી.
(બાકી હદીસ આગળના બયાનમાં આવે છે)

૧૨ દીનની વાત સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાનથી મોમિન થવાય અને જન્નતી થવાય.

---

### ૧૬૮૦

૧ ભી મુબારક જુબાંસૂ, એતા ફરમાયા;
સો ઑરતૂ કે ટોલેકૂ, બયાન રે સુનાયા.
૨ કહા હૅજ તો તમૂકૂ, હૅ જબ આતા;
નહીં નમાજ તો કરતે, રોજે ઘરે નહી જાતા.
૩ એ નુકસાન કેરી, કહા નહીં તમૂ રીતા;
તબ ઑરતૂને હાં કર, કબૂલ રે કીતા.
૪ કહા તુમારે દીનમાં, એ હૅ નુકસાના;
કે ફરમૂદા નબીકા, હૂઆ રે જાના.
૫ એ નબીજીને બાત, કહી નસીહત કેરી;
સો ઑરતૂને સુન કર, લીતી રે સવેરી.

---

### બયાન-૧૬૮૦
### હદીસ (બયાન નં. ૧૬૭૯ થી)

૧.૫ આપે મુબારક જબાનથી તે ઓરતોને ફરમાવ્યું, "જ્યારે તમને હેજ(માસિક) આવે છે ત્યારે તમે <u>નમાજ અને રોઝા</u>[2] કરતાં નથી. શું આ તમારા દીનમાં નુકસ નથી? ત્યારે તેઓએ હા કહીને કબૂલ કર્યું. નબી (સલ) ની નસીહતની વાત તે સ્ત્રીઓએ સાંભળી લીધી.

(૧) સત્તરમી હદીસના મુળ શબ્દો છે જે આ બયાનમાં છુટી ગયા છે.
(૨) માસિકવાળી ઓરતો માટે માસિક દરમ્યાન ની નમાઝ માફ છે. જ્યારે રોજા કઝા કરવા પડે છે.

૬ સહી સુનના હૅ બેગી, દીનકે ભાઈ;
સહી ઈમાની હોનેમાં, હૅ રે બડાઈ.
૭ ર.રે ગાફિલ તુજકૂ, ક્યૂં નીંદ હૅ રે આતી?
તુજે નેહસૂ દીનકી, બાત ક્યૂં નહીં ભાતી?
૮ દેખો કઈ હૅ ટોલે, ખોટે દીન હો કેરે;
જે આપસકી મતસૂ, હૅ બૂઝતે સવેરે.
૯ વે ભી ખોટે રે પંથકૂ, હૅ નેહસૂ ચાતે;
નિત ખોટે રે દીનકૂ, હૅ સુનને જાતે.
૧૦ તો તૂ નહીં લાતા ક્યૂં, દીન ઉપર ભાવા?
ઍસે સાચે રે દીન પર, નહીં કરતા ક્યૂં ચાવા?
૧૧ કમ બખત તેરે, તૂ જાન રે સહી;
તેં નહીં રે બૂઝા, એક કર દહી. રે તૂહી.
૧૨ ઈમા સુનતે આવસી, હોવે નિરમલ જાત રે,
હોવે નિરમલ જાત રે;
તો નિત સુન દીનકૂ, ભાઈ દીનકી બાત રે,
ભાઈ દીનકી બાત.

૬ દીનનાભાઈ! દીનની વાતો જલદી સાંભળો. ઈમાનવાળા થવામાં મોટાઈ છે.

૭ ગાફિલ! તને ઉંઘ કેમ આવે છે? તને દીનની વાત પ્રેમથી ભાવતી કેમ નથી?

૮.૧૦ ઘણાં ટોળાં ખોટાં દીન પર છે. તેઓ પોતાની મત ઉપર ચાલે છે. તેમના ખોટા દીનને પણ પ્રેમથી ચાહે છે, તો તું દીન ઉપર ભાવ કેમ નથી લાવતો? આવા સાચા દીન ઉપર ચાહના કેમ નથી રાખતો?

૧૧ તું જાણે તારાં કમભાગ્ય કે તેં અલ્લાહને એક જાણ્યો નહિ. કહો.....રે તુંહી

૧૨ સાંભળવાથી ઈમાન આવશે અને જાત ચોખ્ખી (પાક) થશે. તેથી ભાઈ તું દીનની વાત સાંભળતો રહે.

## ૧૬૮૧ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો.
દીન હૅ સુનના કાના, રાખને મન એક ધિયાના ;
તો તુજે હોવે ઈમાના, સહી જાના જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો.
બહુત મિલ હૅ ઈમાના, જ્યૂં ચૂમમેકી નિશાના;
તીન બસ્તૂ એ ધરિયા નામા, જગ ઠામા જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો.
સત્તર ડાલાં રે કહી, ઍસા ઈમાન હૅ રે સહી;
સબ મિલ બૂઝો ઈમાના, દિલકી સાના જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો.
નાકિસ અકલ ઑરતાંકેરી, બૂઝતા એ ભી સવેરી;
ભી કો ઉનકા નાકિસ દીના, સુન એ લીના જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો.
ઑરતૂં કૂ સમજાહો બાતી, ઍસી હૅ તમારી જાતી;
તો ડર બહુત દિલમાં કરના, રબસૂ ડરના જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો.
સુનતે આવે ઈમાન, ઈમાન મૂમિન નિશાના;
ઈમાનથી મૂમિન કહીએ, બૂઝ લહીએ જી.

## બયાન- ૧૬૮૧

### પીર મશાયખ (રહે) હદીસ સમજાવતાં કહે છે: 'સાંભળો જીવ'! 'સાંભળો વીર'!

૧ મનને એક ધ્યાન રાખી દીનની વાત કાને સાંભળો તો તમારામાં ઈમાન આવે, અને વાત પણ સાચી છે.

૨ જેમ ચુરમું ત્રણ વસ્તુ (ઘટકો) નું બને છે તેમ ઈમાન ના પણ ઘટકો છે.

૩ ઈમાન સીત્તેર ડાળીયોનું બનેલું છે. તે બધી ડાળીયો ભેળી મળવાથી ઈમાન બને છે તે દિલથી સમજી લો.

૪ ઓરતો એ પણ જાણે કે તેમની અકલો અધુરી છે, અને તેમનો દીન પણ અધુરો છે. ઓરતો આ વાત સાંભળી લે.

૫ ઓરતોને સમજાવો કે તેઓની જાત દીન અને અકલથી અધુરી છે, તેથી તેઓદિલમાં બહુ ડર રાખે અને અલ્લાહથી ડરતી રહે.

૬ સાંભળવાથી ઈમાન આવે છે. ઈમાન મોમિનની નિશાની છે. ઈમાનથી મોમિન કહેવાય એ વાત જાણીલો.

૭ સુનો જીવ હો, સુનો વીર હો.
ઈમાન જૂં તનમાં જીયે,
ઈમાનસૂં મૂમિન કહિયે;
જીવ બિના ન રહવે તના, બૂઝો મના જી.

૮ સુનો જીવ હો, સુનો વીર હો.
જીવ બિના ન તન કહતે ચાવે,
ઈમાન યૂં હૅ દેખાવે;
ઈમાનથી દીનકા ભાઈ, એ સગાઈ જી.

૭ શરીરમાં જેમ જીવ છે તેમ દીનમાં ઈમાન છે. જીવ વિના શરીર રહે નહિ, તેમ ઈમાન વિના મોમિન ન કહેવાય.

૮ જીવ વિના શરીરને કેમ ચાહી શકાય? ઈમાનથી જ દીનને ચાહી શકાય. દીનની સગાઈ પણ ઈમાન થકી જ છે.

---

## ૧૯૮૨

૧ અબૂ હુરૈરા રજી અલ્લાહ, અન્હો કહીએ;
એ નબીજીકી હદીસ, હૅ કહતે રે લહીએ.
૨ સો ખાતિમ નબીને, ઍસા ફરમાયા;
કહા કહતા હૅ ખુદા, કર બતાયા.
૩ કહા આદમકા ફરજંદ, જૂઠા મુજે હૅ કરાતા;
એ ખાતિમ હૅ કહતે, રબ યૂં હૅ બતાતા.
૪ જૂઠા બોલના ઉનૂ કૂ, હૅ પૂછતા નાહી;
યૂં હુકમ હૅ કરતા, આપ રે ઈલાહી.

૫ ભી આદમકે ફરજંદ, મુજે ગાલી હૅ દેતે;
એ ખૂબ નહી કરતે, જે જૂઠે હૅ કહતે.
૬ જૂઠા રબકૂ હૅ કરતે, વે ઈસ રે રીતા;
નહીં હમૂકૂ ઉઠાવે, ફિર ચિત યૂં દીતા.
૭ કે મૂએ બાજ જીવતા, રબ કરે રે નાંહા;
જૂં પદા કિયે હૅ, હમે જગકે માંહાં.
૮ યૂં ફિર કર રબ હમૂકૂ, નહી રે જિલાવે;
અને પૂછને કાજ નહી, હમૂકૂ બુલાવે.
૯ એ આદમકે ફરજંદ, માં એતા હૅ લાતે;
કે રબકૂ ઈસ રીતે, હૅ જૂઠા રે કરાતે.
૧૦ એ નબીજીને આખા, હુકમ રહમાના;
એ સુન સુન મૂમિન, મન ઈતાના આના.
રે તૂહી.
૧૧ રબ કહવે મુજે જૂઠા કરે, ફરજંદ આદમ જાત રે,
ફરજંદ આદમ જાત;
યૂં જાઠા બોલના પૂછતા નહી, જે હૅ કરતે બાત રે,
જે હૅ કરતે બાત.

---

## બયાન ૧૯૮૨

### (૧)

**હદીસ[૧]: ઈન્સાનની સરકસી (વિદ્રોહ) અને અલ્લાહનું બંદાને મરવા પછી ફરીથી પેદા કરવું.**

**રાવી: હઝ. અબુ હુરૈરા (રઝી.)**

૧.૪ હઝ અબુ હુરૈરા (રઝી) નબી(સલ) ની હદીસ કહે છે કે નબી(સલ) એ ફરમાવ્યું : "ખૂદા એમ કહે છે કે આદમ (અ.સ) ના ફરજંદો મને જૂઠો કહે છે, પણ તેમના જુઠ પર હું તેમને પુછતો નથી.

૫ "તેઓ મને જૂઠો કહીને (બદગોઈ કરીને) ગાળ દે છે. તેઓ સારૂ કરતા નથી."

૬.૮ "તેઓ એમ કહીને મને જાુઠલાવે છે કે જેમ અમને અલ્લાહે દુનિયામા પેદા કર્યા છે તેમ મરવા બાદ પણ અમોને તે જીવતા કરી ઉઠાવશે નહિ, અને ફરીથી, જીવતા કરી અમારો હિસાબ પુછવા બોલાવશે નહિ" (હઝ ઈબ્ને અબ્બાસ (રઝી) આજ હદીસ આ પ્રમાણે બયાન કરે છે. "અને ઈન્સાનનું મને બુરૂં ભલું કહેવું આ છે કે તે કહે છે કે અલ્લાહને બેટો છે. જયારે હું તેનાથી પાક છું કે કોઈને બીવી કે બેટો બનાવું") [૨]

૯ આદમના ફરજંદો તેઓ ફરીથી જીવતા નહિ થાય તેમ સમજીને તેમના રબને જાુઠલાવે છે.

૧૦ નબી(સલ) એ અલ્લાહનો આ હુકમ કહી સંભળાવ્યો તેને સાંભળીને તું મનમાંરાખ... રે તુંહી (બાકી હદીસ આગળના બયાનમાં આવે છે.)

૧૧ અલ્લાહ કહે છે: "આદમના ફરજંદો મને જાુઠલાવે છે, પણ તેમને આ જુઠા બોલવા પર હું પુછતો નથી"

(૧) મિશ્કાત (ભાગ ૧ વિભાગ ૨) ના કિતાબુલ ઈમાનની અઢારમી હદીસ છે (બુખારી)
(૨) કૌંસ માં આપેલા વાક્યો આજ મુળ હદીસના નં. ૧૮ ના છે. જે અહિ છુટી ગયા છે

### ૧૯૮૩

૧ હૅ રબ કહવે આસાન. મુજે પૅદા ફિર કરના;
રબ પૅદા રે કરાવે. ફિર સહી મન ધરના.
૨ એ રબકે ઊપર, હૅ રે આસાના;
એ ફરમાયા નબીને, હુકમ રબકા જાના.
૩ અને ગાલીઆં રબકૂ, ઈસ રીતે હૅ દિલાતે;
કે રબકૂ ફરજંદ, હૅ રે બતાતે.
૪ અને વે તો હૅ આપ, એકલા ઈલાહી;
નહી સગા કો ઉસકે, બેટા કે ભાઈ.
૫ અને સબ કોઈ ઉસથી, હૅ ઉમેદ રે ચાતા;
સબ નિત નિત દુઆ, રબ પાસે, હૅ મંગાતા.
૬ અને રબકૂ કિસીકી, પરવા રે નાંહાં;
વે સમદ હૅ આપ, સિફ્તકે માંહાં.
૭ ન ઉન્હે કોઈ જનિયા, ન ઉસે કિને જાયા;
નહી ઉસકે કો કબીલા, વે એ હૅ કહલાયા.
૮ કે ફરજંદ આદમકે, યૂં ગાલીઆં હૅ દેતે ;
કે રબકૂ ફરજંદ, હૅ રે કહતે.
૯ યૂં રબકા હુકમ, નબીજીને આખા;
એ સુન સુન મૂમિનૂ, મન ઈતના રાખા.
રે તૂહી.
૧૦ ફિર ન રબ ઉઠાયસી, એ જૂઠા મન દીત રે, એ
જૂઠા મન દીત;
ફરજંદ કહવે રબકૂ, એ ગાલીકી રીત રે
એ ગાલીકી રીત.

### બયાન ૧૯૮૩
### હદીસ (બયાન નં. ૧૯૮૨ થી)

૧.૨ અલ્લાહ કહે છે કે "બંદાને મર્યા પછી પેદા કરવું મારે માટે આસાન છે." નબી(સલ) એ અલ્લાહનો આ હુકમ કહી સંભળાવ્યો.

૩.૪ "વળી આદમના ફરજંદો 'અલ્લાહને ઓલાદ છે,' એમ કહી અલ્લાહને ગાળ દે છે. અલ્લાહતો ખુદ આપો આપ એકલો જ છે. તેને કોઇ સગાં, ભાઇ કે બેટા નથી."

૫ બધાજ અલ્લાહથી ઉમેદ રાખે છે, અને હંમેશા તેની આગળ જ દુઆ માંગે છે.

૬ અલ્લાહને કોઈની પરવા નથી. તે ગુણમાં સમદ (બે પરવાહ) છે.

૭ તેને કોઇએ જાણ્યો નથી કે તેણે કોઇને જાણ્યો નથી.

૮ તેને કોઇ કુટુંબ કબીલો નથી, તેનો કોઇ સાથી નથી. તે પોતે આવા ગુણોવાળો છે.

૯ પણ, આદમના ફરજંદો 'અલ્લાહને ઓલાદ છે,' એમ કહી તેને ગાળો દે છે.

૧૦ અલ્લાહનો આ હુકમ નબી (સલ) એ કહી સંભળાવ્યો. તેને સાંભળીને મોમિન તું મનમાં રાખ....રે તુંહી.

૧૧ અલ્લાહ બંદાને મર્યા પછી ફરીથી જીવતા કરશે નહિ એવું જુઠ કહેવું તે અલ્લાહને ગાળ દેવા જેવું જ છે.

### ૧૯૮૪ નજમ.

૧ રબ હૅ સુરજન હારા રે, તમે સુનો રે;
જિને કિયા સબ એ સંસારા રે, તમે સુનો રે.
૨ ન થા કુછ પૅદા તબ કીતા રે, તમે સુનો રે;
ઍસા આપ બૂઝો હૅ મીતા રે, તમે સુનો રે.
૩ જમી કૅસી રબને બનાઈ રે, તમે સુનો રે?
કઈ કઈ ભાતૂ હૅ દેખાઈ રે, તમે સુનો રે.
૪ સુન બૂઝો જમીકા બયાના રે, તમે સુનો રે;
ફસલ પહલીમાં લિખાના રે, તમે સુનો રે.
૫ આસમાન કૅસે રબ કીતે રે, તમે સુનો રે?
કઈ કઈ રીતૂ હૅ સુનીતે રે, તમે સુનો રે.
૬ સબ વે હૅ જુદે જુદે નામા રે, તમે સુનો રે;
બયાન વે મિરાજકે ઠામા રે, તમે સુનો રે.

### ૧૯૮૪
### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવતાં કહે છે: 'તમે સાંભળો'

૧ અલ્લાહ સર્જનહાર છે. તેણે સઘળા સંસારને બનાવ્યો છે.

૨ તે એવો શક્તિમાન છે કે તેણે શુન્યમાંથી સર્જન કર્યું

૩.૪ અલ્લાહે પ્રકાર પ્રકારની કેવી જમીનો બનાવી! જમીનનું બયાન કિતાબ 'પહેલી ફસલ'[૧] માં લખ્યું છે.

૫.૬ તેણે કેવી રીતનાં આસમાનો બનાવ્યાં છે! આસમાનો પણ અલગ અલગ નામનાં છે. તેનુ બયાન 'મેઅરાજનામા' માં લખેલું છે.

(૧) નૂરનામા.

૭ ઍસા બૂઝો સુરજન હારા રે, તમે સુનો રે;
કિયા કહી રીતકા સંસારા રે, તમે સુનો રે.
૮ તન કૅસા આદમીકા કીતા રે, તમે સુનો રે?
પહલા ન થા દેખીતા રે, તમે સુનો રે.
૯ કરે ફિર દોહલા એ નાંહાં રે, તમે સુનો રે;
નમૂના જો હુઆ જગા માંહાં રે, તમે સુનો રે.
૧૦ ન થા તબ પૅદા કરિયા રે, તમે સુનો રે;
કઈ કઈ રીતૂ રંગ ભરિયા રે, તમે સુનો રે.
૧૧ ફિર કર મુશકિલ નાંહા રે, તમે સુનો રે;
નમૂના જો દીસે જગ માંહા રે, તમે સુનો રે.
૧૨ ઍસા નહીં કયૂં મન લાતે રે? તમે સુનો રે;
રબકૂ કયૂં જૂંઠા હો કરાતે રે? તમે સુનો રે.

૭ એ સર્જનહારે ઘણી રીતના સંસારો બનાવ્યા છે.

૮ તેણે શુન્યમાંથી આદમીનું કેવુ સર્જન કર્યુ છે!

૯ તે સર્જનહાર આપણને મરવા પછી ફરી બેઠા કરે તે તેને માટે આ ઉદાહરણોથી મુશ્કેલ નથી.

૧૦.૧૨ તેણે શુન્યમાંથી સર્જન કર્યુ તેના ઘણા દાખલાઓ જોવા મળે છે, તો પછી તેના માટે તમને ફરીથી બેઠા કરવું મુશ્કેલ નથી એમ તું કેમ સજતો નથી? અલ્લાહને જૂઠો શીદ સમજે છે.

## ૧૬૮૫ પદ.

૧ અરે સુન રે બંદે તૂ રબ કેરે, કૅસા હૅ રબને બનાયા?
અરે જુબાં તુજ કૂ બોલને દીતી, દિલ હૅ અક્લસૂ બાયા.
૨ અરે ન થા કહુએ ઉસથી કીતા, ઍસા સુરજન હારા;
રબ કહવે કયૂં તૂ જૂઠા કરતા, ફટ રે મૂરખ ગમારા.
૩ રબ કહવે તુજે ફિરને જિલાવે, કિયામત માંહે બુલાવે;
લેખા ચોખા તુજે દિખલાવે, અમલમાં જે લિખાવે.
૪ ઉસકૂ જૂઠ કર હો તુમ બંદા, કૅસી બૂઝી રીતા?
કે પૅદા તુજ કૂ પહલા કીતા, વે સોચ મન ન દીતા.
૫ અરે અબ તો નમુના તેરી જાતી, હુઆ હૅ જગત માંહાં;
તો ફિર પૅદા કરતે રબ તુજકૂ, મુશકિલ દીસે નાંહાં.
૬ દેખ બંદે માંહે બચ્ચા બનાવે, ઍસા બૂઝો ઈલાહી;
અને દેખો તો વે પાની દીસે, જાત નમૂના નાહી.
૭ અરે ઉસ બંદેથી હૅ બચ્ચા હોતા, પરગટ દેખો એ રીતા;

## બયાન ૧૬૮૫

## પીર મશાયખ(રહે) હદીસ સમજાવે છે.

૧. અલ્લાહના બંદા સાંભળ. અલ્લાહે તને કેવો બનાવ્યો કે તને બોલવા જબાન દીધી, અને તારા દિલમાં અક્લ નાખી.

૨ ફટ મુરખ! ગમાર! જે અલ્લાહે શુન્યમાંથી સર્જન કર્યુ તેને જૂઠો કેમ કરીને કહે છે?

૩ અલ્લાહ તને ફરીથી જીવતો કરશે, ક્યામતમાં તને બોલાવશે અને તારા અમલનાં લેખાં જોખાં તને દેખાડશે.

૪ તને જેણે પેદા કર્યો તે અલ્લાહને તું શી રીતે જુઠ લાવે છે?

૫ તારી જાતનો જ દાખલો લે. તને જગતમાં લાવનાર માટે તને મરવા પછી ફરીથી જીવતા કરવું મુશ્કેલ નથી દેખાતું.

૬.૭ બંદાના પાણી (વિર્ય) માં તેની જાતનો કોઇ આકાર દેખાતો નથી. તેમાંથી તે અલ્લાહ બંદા જેવો જ બંદો બનાવે છે, અને તેમાંથી બીજા બંદાઓ બને છે. એવા સર્જન હારને જુઠો કેમ કરીને માને છે?

ઍસા સુરીજન જૂઠા જાના, કૈસા સોચ મન દીતા?

૮ તો ઉસથી ભલા તૌબા કરને, જાનો સુરીજન સાચા;
જૈસા વાઅદા પૂરા કરસી, જૂં દીતી હૅ બાચા.

૮ અલ્લાહે જે વાયદો કર્યો છે તે પુરો જ કરશે (ફરીથી ઉભા કરશે) માટે તમે ભલા થઈને તૌબા કરો.

---

### ૧૬૮૬ પહલ.

૧ સુન સુન મૂરખ બાપડે, રહે તૂ ના નચિંત રે;
ફિર કર જિલાવે તુજે, એ બાત રાખ મન ચિત રે.
૨ ન થા તબ તો તુજે કિયા,
ઍસા હરખ રહમાન રે;
અબ તો નમૂના જગમાં, ફિર કરના આસાન રે.
૩ માટી તેરી હડીઆં પડે,
રાખ ભી રહવે જગ જાન રે;
ફિર કર હબે પૈદા તુજે, કરના હૂઆ આસાન રે.
૪ ભમરી ઈયલકૂ લે કર, માટી માંહી બાતી સહી;
ઉસથી હોતી હૅ ભમરી, એ બાત છુપી નહી.
૫ ઈયલકી ઑર ભાંત હૅ, ભમરી કરે ઑર જાત રે;
નંના ભી જાને લડકા, છુપી નહી તિલ બાત રે.
૬ રબ તો તુજે ફિર કર કરે, એ બૂઝ મનમાં રીત રે;
એતી તો હિકમત રબને, ભમરીકૂ હૅ દેખ દીત રે.
૭ ખાલિકકૂ મુશકિલકા, એ બૂઝે ગાફિલ મન માંહાં;
ખલક્ત સબ કીતી ઉને, છુપા ઉસથી કછુ નાંહાં.
૮ પત્થર જો સુનતા સહી, ગલ કર હોતા નીર રે;
સાચા હૅ પટંતરા, તૂ સન મન કર ધીર રે.

---

### ૧૬૮૬

### પીરમશાયખ (રહે) હદીસ સમજાવે છે.

૧ ભાઈ! તું મુરખ ન બન, ગાફિલ મત રહે, અલ્લાહ તને ફરીથી જીવાડશે એ વાત મનમાં જરૂર રાખ.
૨ અલ્લાહ, રહમાન એવો છે કે તું કાંઈ ન હતો અને તને પેદા કર્યો, આ નમૂનો જગતમાં સમજવા માટે સહેલો છે.
૩ તારાં હાડકાં માટીમાં પડીને રાખ થાય પછી પણ તને હવે પેદા કરવું તેના માટે આસાન છે. જે શુન્ય માંથી સર્જન કરી શકે તે મર્યા પછી પણ જીવતા કરી શકે છે.
૪.૬ દાખલા તરીકે, ભમરી ઇયળને માટીના ઘરમાં નાખે છે, અને તેમાંથી ભમરી થાય છે એ છુપી વાત નથી. ભમરીની જાત અલગ હોય છે અને ભમરી બીજી જાત(ઇયળ) ને બનાવે છે. નાનો બાળક સમજે તેવી આ ખુલ્લી વાત છે એ રીતે અલ્લાહ પણ તને રાખમાંથી ફરીથી બનાવે એટલી હિકમત (કૌશલ્ય) તો તેનામાં છે જ, તે ભમરાના દાખલાથી સમજ.
૭ ફરીથી પેદા કરવું એ સર્જનહાર માટે મુશ્કેલ છે એમ સમજવું નહિ, તેણે બધી સૃષ્ટિ બનાવી છે. તેનાથી કાંઈ છુપું નથી
૮ પત્થર પણ આ વાત સાંભળતો તો ગળીને પાણી થઈ જતો. આ ઉદાહરણો સાંભળો અને મનધરીને તેને સાચા માનો

---

### ૧૬૮૭ પહલ

૧ રબને જગમાં બંદે બનાએ રે;
કઈ કઈ રીતૂકે હૅ દેખાએ રે.
૨ બોલને દીતી જૂબાં કર બાચા રે;
ઍસા હૅ સરજન બૂઝો સાચા રે.
૩ શુકર બંદે હો મન નહી લાતે રે;
રબકૂ ગાલીઆ હૅ દિલાતે રે.

---

### ૧૬૮૭

### પીર મશાયખ(રહે) હદીસ સમજાવે છે

૧.૨ અલ્લાહે જગતમાં અલગ અલગ જાતના માણસો બનાવ્યા છે. તે બધાયને બોલાવા માટે જબાન-વાચા આપી, એવો આપણો સાચો સર્જનહાર છે.
૩.૫ છતાં બંદાઓ તેમના રબનો શુકર કરતા નથી અને તેન ગાળો દે છે. તેઓ અલ્લાહને ઓલાદ છે, એમ

૪ ફરજંદ રબકૂ હૅ બતાતે રે;
હૅ કોઈ બડા દેખો કહલાતે રે.
૫ સબ જગ ખાલિકે પૅદા હૅ કીતા રે;
ઍસા બૂઝો અપના મીતા રે.

બતાવે છે. કોઇ તો પોતાને મોટા દેખાડે છે. હકીક્તમાં બધું જગત પેદા કરનાર આપણો સર્જનહાર છે. તે આપણને બહુ જ ચાહે છે.

૬ ખિલક્ત કેરા નહીં છેહા રે;
કઈ કઈ રીતકી કીતી હૅ દેહા રે.

૬ સૃષ્ટિ(ખલક્ત) નો કોઇ છેડો નથી. તેણે ઘણી જાતનાં બદનો બનાવ્યા છે.

૭ આસમાન જમી ઉને કીતા રે;
ઍસા હૅ બૂઝો અપના મીતા રે.

૭ આપણા આવા અલ્લાહે જમીન અને આસમાન બનાવ્યા છે.

૮ ચંદ અને સૂરજ ઉને બનાએ રે;
તારે ભી અનંત કીતે દિખાએ રે.

૮ ચંદ્ર, સુરજ અને અનંત દેખાતા તારલાઓ તેણે બનાવ્યાં છે.

૯ જમરા ભી પૅદા રબને કરિયા રે;
ઈજરાઈલ નામ હૅ ધરિયા રે.

૯ રૂહ કબ્જે કરનાર ફીરશ્તો (ઇઝરાઇલ) ને પણ તેણે બનાવ્યો છે.

૧૦ અનંત કિયે હૅ દેખો નૂરી રે;
સિફ્ત ન હોવે ઉસકી પૂરી રે.

૧૦ જેની સિફ્તોનું વર્ણન ન થઇ શકે તેવા અનંત ફરિશ્તાઓ તેણે બનાવ્યા છે.

૧૧ ઍસા તો ઍસા હૅ બૂઝો હૅ રહમાના રે;
વે તો હૅ કદીમ પહલા જાના રે.

૧૧ એવો આપણો અલ્લાહ, રહમાન છે જેની જાત સર્વ પ્રથમથી જ છે.

૧૨ વે તો હૅ જીવ આપ હૅ ચાતા રે
મારે વે ચાહવે ઉસે જિલાતા રે.

૧૨ તે પોતે જીવંત (શાશ્વત) છે. તે ચાહે તેને મારે છે અને જીવાડે છે.

૧૩ ઉસકૂ ડર કિસીકા ન આતા રે;
કરતા હૅ જે આપ મન માંહે ચાતા રે.

૧૩ અલ્લાહ કોઇનાથી ડરતો નથી અને પોતાનું ધાર્યુ કરે છે.

૧૪ ઉને તો રસૂલ હૅ ભેજાએ રે;
મુજિજે ઉનૂકૂ સહી દિલાએ રે.
૧૫ ઉનૂ દુરિજન આજિજ કિયે રે;
આજિજ હો નબી ચિત દિયે રે.
૧૬ ઍસા તો ઍસા હૅ આપ રહમાના રે;
ખાલિક આપ વે સુબ્હાના રે.

૧૪.૧૬ તેણે રસુલોને મોકલ્યા અને તેમને મોજિજા (ચમત્કારો) આપ્યા, જે મોજિજાથી દુશ્મનોએ આજીજ (લાચાર) થઈને નબી(સલ) ની વાત માની એવો એ ખાલિક, રહમાન અને સુબ્હાન છે.

૧૭ બડા જે બંદા હો ઉસકા કહલાતા રે;
તિલ ખૉફ મન નહીં લાતા રે.
૧૮ ઑર ભી ઉસકૂ સોચ કરતે રે;
અંધે સૂજે નહીં મન ધરતે રે.

૧૭.૧૮અલ્લાહના જે મોટા બંદાઓ કહેવાય છે તેઓ તેની ઉપર તસુભાર ખોફ(શંકા) મનમાં નથી લેતા, જ્યારે અકલના આંધળાઓ તેની ઉપર વિવાદ કરે છે– વિચારો કરે છે.

૧૯ સુગરી જાનો જનાવર નામા રે;
ઘર હૅ બનાતા ખૂબ કર કામા રે.
૨૦ બચ્ચા ભી ઉસકા હૅ વૅસા બનાતા રે.
ઉસકૂ નહીં વે કોઈ સીખાતા રે.

૧૯.૨૦સુગરી પક્ષીને જુઓ, તે કેવું ઘર (માળો) બનાવે છે! તેનું બચ્ચું પણ તેના જેવું જ ઘર બનાવે છે. તેને કોઇ શીખવતું નથી.

૨૧ ભમરી આપસી જાત બનાતી રે;
બચ્ચા ભી વે બૂઝતા સબ બાતી રે.

૨૧ ભમરીને જુઓ, તે પણ પોતાના જેવું જ બચ્ચું બનાવે છે અને તેનુ બચ્ચું પણ તેના જેવું કરે છે.

૨૨ જો બેટા ખાલિક કેરા કહલાતા રે;
ખિલક્ત નહીં ક્યૂં વેસી બનાતા રે?

૨૨ જો અલ્લાહને ઓલાદ હોય તો તે ઓલાદ અલ્લાહે બનાવી તેવી સૃષ્ટિ કેમ ન બનાવી શકે?

૨૩ સાચા એ સુન પટંતરા કાના રે;
બાલા ભી સુનતે હોવે દાના રે.
૨૪ પત્થર કાન ધર કભી સુનતા રે;
પાની હો ઓગલ ચલતા રે.
૨૫ બંદા જો નસીહત મન ન લાવે રે;
લીલજ ક્યૂં નહી લાજ આવે રે.
૨૬ નહી તુજે અબ બોલને ઠામા રે;
મુશરિક કેરા છોડો તમે કામા જી.

૨૩ બાળક પણ જાણીને ડાહ્યો થઇ જાય તેવું આ ઉદાહરણ છે.

૨૪ પત્થર પણ કાનધરીને સાંભળતો તો ઓગળીને પાણી થઇ ચાલતો.

૨૫ નિર્લજ બંદાને આ નસીહતમાં મન લાગશે નહિ.

૨૬ તારા બોલવાની હવે જગ્યા રહી નથી. મુશરિકો જેવાં કામ છોડ.

---

## ૧૯૮૮

૧ અબી હુરૈરા રજી અલ્લાહ, અન્હો કહીએ;
એ નબીજીકી હદીસ, હૈ કહતે રે લહીએ.
૨ સો ફરમૂદા અપને, નબીજી હો કેરા;
એ યાદ કે રાખ, કહતે હૈ સવેરા.
૩ સુનો અપને નબીને, યૂં ફરમાયા;
સો ખાલિકકા હુકમ, હૈ રે બતાયા.
૪ સહી હદીસ કુદસી, નામ ઉસકા જાનો;
જે રબકા નામ લે, નબી આખે રે માનો.
૫ સહી નબીજી હૈ કહતે, રબ હૈ ફરમાતા;
સો હુકમ તો ઍસા, હૈ કરતા સુનાતા,
૬ કહા આદમકે ફરજંદ, મુજે ગાલીઆં હૈ દેતે;
કે જમાને કૂ ભૂંડા, હૈ રે કહતે.
૭ કે જમાનેકૂ ગાલીઆં, હૈ રે દિલાતે.
યૂં ફરજંદ આદમકે, મુજે હૈ રે સતાતે.
૮ એ હુકમ હૈ રબકા, ભી એતા ફરમાયા;
મૈં હું રે જમાના, હુકમ પઠાયા.
૯ કહા રાત ને દિનકૂ, મૈં હું રે ફેરાતા;
હુકમ હાથ હૈ રે મેરે, મૈં કરતા હું ચાતા
૧૦ યૂં જમાનેકા કરનાર, કહવે મૈં હું રહમાના;
મૈં ચાહું ત્યૂં કરૂ, જમાનેકી શાના.
૧૧ યૂં નબીજીને આખા, યૂં હુકમ ઈલાહી;
એ મન ધર સુનના, દીનકે ભાઈ.
૧૨ કે જમાનેકૂ ભૂંડા, કહીઓ નાંહા;
સબ હુકમ હૈ રબ હાથ, બૂઝો દિલ માંહે
રે તૂહી.
૧૩ જમાનેકૂ ભૂંડા ન કહો, એ ભાવે ન રબકૂ બાત રે,
એ ભાવે ન રબકૂ બાત
સુન સુન બાતાં દીનકી; કરો ઈમાની જાત રે,
કરો ઈમાની જાત.

---

## બયાન ૧૯૮૮

### હદીસ [1] : જમાનાને ભૂંડો ન કહો (અલ્લાહ પોતે જ જમાનો છે)

### રાવી: હઝ અબુ હુરૈરા (રઝી)

૧.૪ હઝ અબુ હુરૈરા (રઝી) નબી(સલ) ની હદીસ કહે છે. આ હદીસ તેમણે સાંભળીને યાદ રાખી હતી. તેઓ કહે છે કે નબી(સલ) એ અલ્લાહનો હુકમ આ મુજબ કહી સંભળાવ્યો. અલ્લાહના નામે નબી(સલ) જે વાત કહે તેને હદીસે કુદ્સી કહે છે. (કુદુસ અલ્લાહનું ગુણવાચક નામ છે)

૫.૭ નબી(સલ) ફરમાવે છે કે અલ્લાહ એમ કહે છે કે' "આદમની ઓલાદ મને જુઠો કહે છે, અને જમાનાને ભૂંડો કહે છે. આમ કરીને તેઓ મને ગાળો દઈને સતાવે છે."

૮.૧૦ અલ્લાહ કહે છે કે "હું જ જમાનો છું. હું રાત અને દિવસને ફેરવું છું. બધાજ હુકમો મારા હાથમાં છે. હું ચાહું તે કરૂં છું. હુ જમાનાનો કરનાર છું એટલે ચાહું તેવી શાન જમાનાને આપું છું."

૧૧ અલ્લાહનો હુકમ નબી(સલ) એ કહ્યો તેને મનધરીને સાંભળો અને જમાનાને ભૂંડો કહો નહિ, કારણ કે બધાજ હુકમો અલ્લાહના હાથમાં છે.

૧૨ જમાનાને ભૂંડો કહો નહિ. અલ્લાહને આ વાત ગમતી નથી. દીનની વાતો સાંભળતાં ઈમાનવાળા બનો.

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨) ના કિતાબુલ ઈમાનની ફસલ પહેલીની ઓગણીસ હદીસ છે-મુત અલયહે (બુખારી-મુસ્લિમ)

## ૧૬૮૯ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો.
ભૂંડા ન કહો જમાના, આપ એ ચાહવે રહમાના;
રાત દિન હૅ વે આપ ફિરાતા, જૂં હૅ ચાતા જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો.
એ બૂઝો ઈમાન રીતા, બૅન દીનસૂ રાખો પીતા;
સુનતે હોવે મૂમિન જાતી, સહી બાતી જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો.
રબ ફિરાવે રાત દિના, હુકમ હૅ ઉસ હાથ મૅના;
રબ આપ ચાહા હૅ કરતા, જે મન ધરતા જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો.
રબ હૅ કહતા મૅં જમાના, ફિરાતા હૂં મનકે જાના;
ગાલી કોઈ દેઓ રે નાંહાં, દિલકે માંહાં જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો.
રાત દિન રબ ફિરાવે, જિસ રીતે આપ ચાવે;
મત કહો ભુંડા જમાના, હો રે દાના જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો.
ગાલી મત દેઓ જમાના, ભુંડા ન બૂઝો દિલ ધિયાના;
રબ કરે જૂં હૅ ચાતા, આપ ભાતાજી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો.
જમાનેકૂ ન ગાલી દીજે, ભુંડા ભી ન મન બૂઝ લીજે;
એ ભી રીત હૅ ઈમાના, સહી જાના જી.

## બયાન ૧૬૮૯

### પીર મશાયખ(રહે) હદીસ સમજાવતાં કહે છે. સાંભળો જીવ! સાંભળો વીર!

૧ અલ્લાહ ચાહે છે કે તમે જમાનાને ભૂંડો ન કહો. રાત દિવસને તે ચાહે તેમ ફેરવે છે.

૨ દીનનાં બયાનો (વાતો) થી પ્રેમ રાખો એ દિનની રીત છે. દીનની વાત સાંભળતાં મોમિન થવાય.

૩ હુકમો અલ્લાહના હાથમાં છે તે રાતદિનને ફેરવે છે. અને તેના મનમાં જે ધારે તે કરે છે.

૪ અલ્લાહ કહે છે"હું જમાનો છું" અને તેને મારા મનમાં આવે તેમ ફેરવું છું, માટે મને ગાળ દો નહિ.

૫ ડાહ્યા બનો અને જમાનાને ભૂંડો કહો નહિ.

૬.૭ જમાનાને ગાળ દો નહિ, દિલથી પણ તેને ભૂંડો સમજો નહિ, અલ્લાહ તેને ગમે તેમજ કરે છે. તેવું ન કરો એ ઈમાનની રીત છે.

---

## ૧૬૯૦

૧ સુનો અસહાબી નબીકિ, મુઆજ રે લહીએ;
રજી અલ્લાહો અન્હો, નામ સંગ કહીએ.
૨ એ અકાબર અસહાબી, સહુથી રે જાનો;
કે બુજારક અસ્હાબી, માં હૅ રે પિછાનો.
૩ સુનો ખૂબી તો ઈનૂકી, બહુત હૅ સુનાઈ;
સહી તારીફ ઈનૂકી બહુત ઠામ હૅ લિખાઈ.
૪ એ કહતે હૅ હદીસ, નબીજી કેરી;
સો સુન કર યાદ, સબ રાખને સવેરી.
૫ કહા નબીજી થે હિમાર પર, ભયે અસવારા;
અને મુજે થા બેસાડા, પીછે કરને પિયારા.
૬ થી પલાનેકી લકડી, થી બીચ રે દેખાતી;
એતા વાસિતા થા બીચમાં, કહીએ બાતી.

## બયાન ૧૬૯૦

### હદીસ [1]: અલ્લાહનો બંદો ઉપર અને બંદાનો અલ્લાહ ઉપર હક.

### રાવી: હઝ. મઆઝ (રઝી.)

૧.૪ હઝ મઆઝ (રઝી) નબી(સલ) ના બુઝુર્ગ (મોટા) અસ્હાબી હતા. તેમની ખુબીયો અને વખાણ ઘણી જગ્યાએ લખાયેલાં છે તેઓ નબી(સલ) ની હદીસ કહે છે, જેને બધાયે સાંભળીને યાદ રાખી હતી.

૫.૭ તેઓ કહે છે કે 'એક દિવસ નબી(સલ) ગધેડા ઉપર [2] સવાર હતા, અને તેમની પાછળ [3] મને પ્યારથી બેસાડ્યો હતો અમારા બેઉની વચ્ચે પલાણની વચલી લાકડી જેટલું જ અંતર હતું. (અમે બહુ જ

---

(૧) મિશ્કાત (ભાગ ૧ વિભાગ ૨) કીતાબુલ ઈમાનની ફસલ પહેલીની એકવીસમી હદીસ છે. મુત્ત અલયહે (બુખારી મુસ્લીમ)
(૨) અરબમાં ગધેડાં આપણા ઘોડાઓ કરતાં વધારે તેજ અને તાકતવર હોય છે એટલે ત્યાં તે સમયે સવારી માટે તેનો ઉપયોગ થતો.
(૩) સવારની પાછળ સવાર બેસવાને અરબીમાં 'રદીફ' કહે છે.

૭ યૂં મુઆજ કૂ થે નબીને, બેસાડે સહી;
તબ મુબારક જાુબાંસૂ, બાત મુઆજકૂ કહી.
૮ વે હદીસ તો મુઆજને, યાદ થી રાખી;
વે સઘલી બાત, ખોલ કર દાખી
૯ તબ સબૂને સુનકર, વે માના રે સહી;
કે નબીજીને હદીસ, એ હૅ તમૂકુ કહી.
૧૦ એ સુન સુન બાતી, લાહો રે ઈમાના;
અને એકકર કહો દીલકી સાના રે તુહી
નજીક કીએ થે મુ આઝકો નબીજીને એક દિન રે
નબીજીને એક દિન;
હદીસથી નેહસૂ કહી, યાદ રાખી ઉનૂ મન રે,
યાદ રાખી ઉનૂ મન.

નિકટ હતા), મને બેસાડયા પછી આપે(સલ) જબાન મુબારકથી આ હદીસ કહી.

૮.૯ આ હદીસ હઝ મઆઝ (રઝી) એ યાદ રાખીને બયાન કરી ત્યારે સાંભળનારાઓએ તેને માની લીધી. આ હદીસ સાંભળીને ઈમાનલાવો અને અલ્લાહને દિલથી એક માનીને કહો..... રે તુંહી (હદીસ આગળના બયાનથી શરૂ થાય છે.)

૧૧ નબી(સલ) એ એક દિવસ હઝ. મઆઝ (રઝી) ને પોતાની નજીક લીધા અને હદીસ કહી તેને તેમાણે યાદ રાખી.

---

## ૧૬૯૧

૧ કુછ જાનતે હો મુઆજ, કહા નબીજીને સવેરા;
કે બંદેપર હક્ક, કયા હૅ રબ કેરા?
૨ અને હુકમી બંદૂકા, રબ હૅ રે દેખાતા;
વે જાનતે હો કેતા, હૅ રે કહલાતા.
૩ જાને રબ ને રસૂલ, યૂં મુઆજને આખા;
મુજે ખબર એ નાંહાં, નબીજી દાખા.
૪ કહા બંદેકે ઊપર, એતા હક્ક હૅ ઈલાહી;
યૂં નબીજીને ફિર કર, ખબર રે. બતાહી.
૫ કે બંદા બંદગી, કરે રબ કેરી;
અને શરીક ન લાવે, એક તિલ ભી અનેરી.
૬ કે એક કર રબકૂ, સહી રે જાને;
અને ઈબાદત ઉસકી, સહી મન આને.
૭ અને હક્ક હૅ બંદેકા, જે રબ પર કહીએ;
ફિર નબીજીને આખા, એ સુન કર લહીએ.
૮ કે રબ તો અજાબ, કરે બંદેકૂ નાંહાં;
જે બંદા હોવેગા, ઉસ હુકમકે માંહાં.
૯ તબ મુઆજને કહા, એ મૅં ખબર પહુંચાહૂં;
જો નબી ફરમાહો, તો ઓરૂકૂ બતાહૂં.
૧૦ કિસે નબીજીને કહયા, એ નાં ખબર હૅ કહની;
સો ઈસ કાજે ચિંતા, મન રે દેની.
૧૧ કે અમલ ન કરે, એ સુનતે બાતી;
યૂં ખુશી એ સુનતે, કહી લાવે આપ જાતી.
૧૨ તબ નબીજીને હુકમ, એતા રે પઢાયા;
એ સુન સુન મુમિનૂ, દિલ સોચ એ આયા.
રે તૂહી.

---

## બયાન ૧૬૯૧
## હદીસ (બયાન નં. ૧૬૯૦ થી)

૧.૨ નબી(સલ) એ ફરમાવ્યું: " કાંઈ જાણો છો મઆઝ કે બંદા ઉપર અલ્લાહનો શું હક છે? (અલ્લાહ બંદા ઉપર હુકમ ચલાવી શકે છે તે જાણવા છતાં 'હક વિષે' પુછે છે)

૩ હઝ મઆઝે (રઝી) કહ્યું: "મને ખબર નથી અલ્લાહ અને તેના રસુલ વધારે જાણે છે."

૪.૬ નબી(સલ.) એ કહ્યું: "બંદાની ઉપર અલ્લાહનો એ હક છે કે બંદો <u>એકજ</u> અલ્લાહની બંદગી કરે અને તેની જાતમાં કોઈને જરાપણ શરીક ન કરે".

૭.૮ પછી નબી(સલ) એ કહ્યું: "બંદાનો પણ અલ્લાહ ઉપર હક છે કે અલ્લાહના હુકમ મુજબ બંદો બંદગી કરે અને શિર્ક ન કરે તો અલ્લાહ તેને અજાબ[1] ન કરે"

૯.૧૨ ત્યારે હઝ મઆઝેદી (રઝી) કહ્યું: "હે અલ્લાહના નબી(સલ) શું હું આ વાતની ખબર બીજાઓ સુધી પહોંચાડું? આપે (સલ) કહ્યું: " ના," આપે (સલ) એ ફિકરથી 'ના' કહી કે ક્યાંક લોકો આ ખબર સાંભળતાંજ ખુશ થઈ અમલ કરવાનું બંધ ન કરી દે.

હદીસ સાંભળતાંજ મોમિનના દિલમાં આવે...રે તુંહી

(૧) કુરઆન અને હદીસની રોશનીમાં ગુનાહો માટે નકકી થયેલી સજાઓના સંદર્ભમાં આ હદીસનો અર્થ એ થાય છે કે મુસલમાનને અલ્લાહ કાયમ દોઝખમાં નાખશે નહિ, પણ ગુનાહોની સજા આપ્યા પછી જન્નતમાં રાખશે. (પાછળના બયાનોમાં ખુલાસા આવે છે.)

૧૩ બાતાં સુન સુન દીનકી, સહી કર દીન ચિત રે,
સહી કર દીન ચિત;
ઈમાની તો હોયસિ, મત રહવે નચિંત રે,
મત રહવે નચિંત.

૧૩ દીનની વાતો સાંભળીને દિલમાં દીનને સહી કરી લો સાંભળતાં ઈમાનવાળા થશે માટે ન ફિકરા મત રહો.

## ૧૬૯૨

૧ ઐસી દીન કેરી હૅ બાતી રે, તમેસુનો રે;
સુન પાક કરો આપ જાતી રે, તમેસુનો રે.
૨ હક્ક હૅ સુરજન કેરા રે, તમેસુનો રે;
બંદે સિર બુઝીઓ સવેરા રે, તમેસુનો રે.
૩ ઈબાદત રબકી હૅકરની રે, તમેસુનો રે;
તક્લીફ શરેકી સુનની રે, તમેસુનો રે.
૪ ફરજ હૅ જિતને કહલાએ રે, તમેસુનો રે;
ઈબાદત માંહિ ગિનાએ રે, તમેસુનો રે.
૫ ઈબાદત ઉસકા નામા રે, તમેસુનો રે;
કરો કરો ચાવસૂ એ કામા રે, તમેસુનો રે.
૬ ઈબાદત એ મન ધરની રે, તમેસુનો રે;
ઈસ પીછે ચાહો સો કરની રે, તમેસુનો રે.
૭ જો બાત ચાહો કરી પીતા રે, તમેસુનો રે;
તો વે ભી કબૂલેગા મીતા રે, તમેસુનો રે.
૮ ઈબાદત કેરા સુન બયાના રે, તમેસુનો રે;
બંદે પર હક્ક હૅ રહમાના રે, તમેસુનો રે.
૯ રબ પર હક્ક બંદે કેરા રે, તમેસુનો રે;
બહિશ્ત દેવે સુનીઓ સવેરા રે, તમેસુનો રે.
૧૦ મુશકિલ ઉસ માંહી જાના રે, તમેસુનો રે;
સુન સુન ઉસકા બયાના રે, તમેસુનો રે.
૧૧ નબીજીને હુકમ પઢાયા રે, તમેસુનો રે;
કિસે ન કહો એ બતાયા રે, તમેસુનો રે.
૧૨ સુન મન ખુશી કહી લાવે રે, તમેસુનો રે;
ઈબાદત છોડ ગમાવે રે, તમેસુનો રે.
૧૩ એ તો હુઈ મુશકિલ રીતા રે, તમેસુનો રે;
બંદગીસૂ ઈમાન લે કીતા રે, તમેસુનો રે.
૧૪ દીન કેરા ચોરા સુન બાતી રે, તમેસુનો રે;
ખુશાલી તમુ ક્યૂં હૅ આતી રે, તમેસુનો રે.
૧૫ હુકમ એ નબીજીને આખા રે, તમેસુનો રે;
મત કિસે કહો યૂં દાખા રે, તમેસુનો રે.
૧૬ ઈબાદત છોંડે કોઈ સુનતે રે, તમેસુનો રે;
હૅ ઉસ કાજે નબી મને કીતે રે, તમેસુનો રે.

## બયાન – ૧૬૯૨

### પીર મશાયખ (રહે) હદીસ સમજાવતાં કહે છે: 'તમેસાંભળો'

૧.૩ દીનની આ વાતો સાંભળીને પોતાને પાક કરો. બંદાના શિરે સરજનહારનો હક છે, તેથી અલ્લાહની ઈબાદત કરો અને તકલીફિ શરીયત[1] ને સાંભળો.

૪.૮ અલ્લાહે જે ચીજો ફરજ કરી છે તે બધી ઈબાદતમાં ગણાય છે. ફરજોને પ્રેમથી અદા કરો તેનું નામ ઈબાદત છે. ફરજ પછી વધારાની ઈબાદત ચાહો તેટલી કરો. ઈબાદતનો આ હક અલ્લાહનો બંદા ઉપર છે.

૯.૧૦ આટલું કરો તો બંદાનો હક અલ્લાહ ઉપર છે કે તે બંદાને જન્નત આપે. સાંભળ! જન્નતમાં જવું બહુ જ મુશ્કેલ છે.

૧૧.૧૩ નબી(સલ) એ હદીસ કહી, પણ કોઈને કહેવાની એટલા માટે ના પાડી કે તે સાંભળીને ખુશ થઈ કોઈ ઈબાદત કરવું છોડી ન દે. બંદગીથી ઈમાન છે. અને જો બંદગી છોડે તો ઈમાન મુશ્કેલ બને છે.

૧૪.૧૭ દીનના ચોરા તને આ હદીસ પર ખુશી કેમ આવે છે?

નબી(સલ) એ હદીસ કોઈને કહેવાની એટલા માટે ના પાડી હતી કે તે સાંભળીને કોઈ ઈબાદત ન છોડી દે. આ હુકમથી ઈબાદત કરતા રહેવાની તાકીદ કરાઈ છે.

(૧) એહકામે શરીઅત

૧૭ તાકીદ ઈબાદત કેરી રે, તમેસુનો રે;
એ હુકમસૂ હુઈ સવેરી રે, તમેસુનો રે.
૧૮ ક્યૂં હો તમે ઉલટા ચાતે રે, તમેસુનો રે;
ક્યૂં નહી જબાબ બતાતે રે, તમેસુનો રે.
૧૯ તુમને એ હદીસકા બયાના રે, તમેસુનો રે;
ક્યૂં હૈ બૂઝા કહો એ આસાના રે, તમેસુનો રે.
૨૦ ઈબાદત તાજ હો કરતે રે, તમેસુનો રે;
ઐસી હદીસસૂ હો ચાતે રે, તમેસુનો રે.
૨૧ તુમ બૂઝો વે નહી રીતા રે, તમેસુનો રે;
હુકમ એ તાકીદકા દીતા રે, તમેસુનો રે.
૨૨ તાકીદ એ ઈબાદત કેરી રે, તમેસુનો રે;
ચિંતા કર બૂઝીઓ સવેરી રે, તમેસુનો રે.

૧૮.૧૯તમે ઈબાદત ન કરવી પડે તેવું ઉલટું કેમ ચાહો છો? જવાબ કેમ નથી આપતા? તમોએ શું આ હદીસને એટલી આસાન સમજી લીધી છે? (કે હવે ઈબાદત નહી કરવી પડે)

૨૦.૨૨ નબીયોના સરતાજ મુહંમદ (સલ) પણ ઈબાદત કરતા હતા. તમે હદીસને તેના શબ્દોની રીતે ઇચ્છો નહિ. 'કોઈને કહો નહિ' એ હુકમ લોકો ઈબાદત કરે તેની તાકીદનો છે. માટે ફિકરથી આ વાત જાણો અને માનો.

## ૧૬૯૩

૧ સુનો અનસ અસ્હાબી, નબીજીકે જાનો;
રજી યલ્લાહો અન્હો, નામ સંગ આનો.
૨ એ અનસ હૈ કહતે , જૈસા નૈનૂ રે દેખાયા;
અને હદીસકા બયાન, જૈસા કાનૂ હૈ સુનાયા.
૩ થે નબીજી અપને, ભયે અસવારા;
એ મુઆજકૂ રદીફ, થે કિયે કર પિયારા.
૪ યા મુઆજ નબીજીને, કહા હાંકસૂ બતાએ;
તબ લબ્બેક સિદક, બોલ મુઆજ રે સુનાએ.
૫ યૂં નબીજીને હાકે, મારી તીન બારા;
અને મુઆજને જવાબ, વૈસા રે સવારા.
૬ તીન હાંક મારે બાજ, નબીજીને આખા;
કોઈ એ દે શાહિદી, દેવે રે દાખા.
૭ યશહદો અલ લા ઈલાહ, ઈલ્લલ્લાહો આખે;
વ અન્ન મોહંમદન, રસૂલુલ્લાહ દાખે.
૮ જૂં જીભે રે કહવે, દિલ માંહે યૂં જાને;
સો સાચા બૂઝ, દિલ યકીન રે આને.
૯ રબ હરામ તો ઉસકૂ, આગ ઊપર કરાવે;
કે રબ તો ઉસકૂ, ન દોજખ માં બાવે.
રે તૂહી.
૧૦ કલમા શહાદત જે પઢે, સચ કર દિલકે નેહ રે,
સચ કર દિલકે નેહ;
રબ ઉસકૂ રાખે સહી, દોજખ દૂર દેહ રે,
દોજખ દૂર દેહ રે,

## બયાન-૧૬૯૩

### હદીસ[1]: અલ્લાહનો બંદા ઉપર અને બંદાનો અલ્લાહ ઉપર હક (બીજી હદીસ)

### રાવી: હઝ અનસ (રઝી)

૧.૯ હઝ. અનસ(રઝી) હઝ મઆઝ (રઝી) થી કાને સાંભળેલી હદીસની વાત કહે છે કે એક દિવસ નબી(સલ) એ હઝ મઆઝ (રઝી) ને સવારીના પાછળ પ્યારથી બેસાડ્યા.[2] પછી નબી(સલ) એ ત્રણ વખત હાક મારીને હઝ મઆઝ (રઝી) ને પુછ્યું: "અય મઆઝ સાંભળો છો કે"? હઝ મઆઝે (રઝી) ત્રણ વખત કહ્યું કે 'હા, હાજર છું (અને સાંભળું છું). ત્યાર બાદ આપે (સલ) કહ્યું : "કોઇ જીભથી અને દિલના યકીનથી શાહેદી (સાક્ષી) આપે 'અશહદો અલ્લાઇલાહ ઈલલ્લાહ, મુહંમદું રૈરસુલુલ્લાહ' (હું સાક્ષી આપું છું કે અલ્લાહ શિવાય કોઇ ઈબાદતને લાયક નથી, અને મુહમ્મદ (સલ) અલ્લાહના રસુલ છે.) તો અલ્લાહ તેના ઉપર દોજખની આગ હરામ કરશે. યાને તે જહન્નમમાં જશે નહિ. (બાકી હદીસ આગળના બયાનમાં આવે છે.)

૧૦ દિલના પ્રેમથી સાચું સમજીને જે કલમાએ શહાદત પઢશે તેનાથી અલ્લાહ દોજખને દૂર રાખશે.

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ -૨) ના કિતાબુલ ઈમાનની ફસલ પહેલીની બાવીસમી હદીસ છે-મુત્ત અલયહે (બુખારી મુસ્લિમ)
(૨) સવારી ઉપર સવાર પાછળ બેઠેલા બીજા સવાર બેસવાને અરબીમાં 'રદીફ' કહે છે.

## ૧૬૯૪

૧ કે શાહિદી દેવે, હે વે એક રે રહમાના;
નહી માબૂદ દૂજા, યું સહી કર જાના.
૨ અને મોહમંદ રસૂલ હે, ઈસ રબ હો કેરે;
એ ભી શાહિદીસૂ સહી કર, બૂઝે રે સવેરે.
૩ તો આગ પર ઉસકૂ, કરે હરામ ઈલાહી;
યૂં નબીજીને હદીસ, આપ ફરમાહી.
૪ તબ મુઆજને પૂછા, યા રસૂલ ખુદાકે;
સહી સાચે વાએદે, કૉલ તમારે સદાકે.
૫ જો હુકમ હોવે, એ બયાન પઢાવું;
કે મૂમિનૂ સારૂકૂં, જાને બતાવું.
૬ તબ નબીજીને કહા, ન કહો કિસી તના;
કો સુનતે ઈતના, સોચ લાવે રે મના.
૭ કે ઉસ રે હુકમ પર, તકિયા કરાવે;
અને ઈબાદત સેતી, પીછા આપકૂ રખાવે.
૮ યૂં નબીજીને મુઆજકૂ, મને રે કીએ;
ના મુઆજને કહા, કિસે જહાં તક જીએ.
૯ પીછે મૉતકી વેલા, એ હદીસ રે આખી;
સો દીન કેરે ભાઈયૂંકૂં, કહ કર દાખી.
૧૦ યૂં અનસને હદીસકા, કિયા રે બયાના;
જૂં મુઆજકૂ નબીજીને, કહા રે જાના.
૧૧ અરે દીન કેરે ચોરા, સુન મોરી બાતી;
વે નસીહત સુન સુન, કહ દિન ઑર રાતી.
રે તૂહી.
૧૨ મૂમિન બાતાં દીનકી સુન કર રાખો મન રે,
સુન કર રાખો મન;
સોચ હૅ દીન કાજે કરના, નિત નિત અપને
તન રે, નિત નિત અપને તન.

## બયાન ૧૬૯૪
## હદીસ (બયાન નં ૧૬૯૩ થી)

૧.૩ નબી(સલ) એ ફરમાવ્યું: "બંદો સાક્ષી આપે કે અલ્લાહ એક છે અને તેના શિવાય કોઈ ઈબાદતને લાયક (માબૂદ) નથી, અને મુહમ્મદ (સલ) અલ્લાહના રસુલ છે, તો અલ્લાહ તેની ઉપર દોઝખની આગ હરામ કરશે.

૪.૭ પછી હઝ મઆઝ (રઝી) એ કહ્યું:કે અલ્લાહના રસુલ (સલ.) તમારા કોલ અને વાયદા હંમેશા સાચા છે. જો આપનો હુકમ હોય તો આ હદીસ બધા મુસલમાનોને કહી બતાવું. ત્યારે આપે (સલ.) કહ્યું કે કોઈને કહો નહી કેમકે લોકો આ સાંભળીને બીજું વિચારશે અને આ હુકમને બહાનું (તકિયો) બનાવી ઈબાદત કરવાથી પાછા પડશે.

૮.૯ નબી(સલ) એ આ હદીસ કોઈને કહેવાની મના કરી હોવાથી હઝ મઆઝ (રઝી) જીવ્યા ત્યાં સુધી કોઈને કહ્યું નહિ. પણ મોતની વેળાએ મુસલમાનભાઈઓને આ હદીસ કહી દીધી.

૧૧ અરે દીનના ચોર! મારી વાત સાંભળ. આ નસીહત સાંભળ અને રાતદિન કહે.... રે તુંહી
મોમિનભાઈ! દીનની વાતો સાંભળીને તેની ઉપર મન રાખો દીન માટે સાંભળવું અને વિચારવું પોતાના માટે છે.

## ૧૬૯૫ પદ.

૧ અરે સુન સુન રે તૂ દીનકે ચોરા, આસાન
હૅ તૂ ચાતા;
અરે તન સુખ કાજે એ હદીસ ઊપર, તકિયા
હૅ રે કરાતા.
૨ તૂ જાનતા નહીં હૅ વે રીત, સુનને મન ધર
પીતા;
અરે નબીજીને એ બયાન કરતે, મને કિયા
સુનીતા.

## બયાન ૧૬૯૫
## પીર મશાયખ (રહે) હદીસ સમજાવે છે.

૧ દીનના ચોર! તું તારા સુખ ખાતર આ હદીસ ઉપર બહાનું બનાવી આસાની ચાહે છે?

૨..૪ મનધરીને સાંભળ. તું શું નથી જાણતો કે નબી(સલ) એ આ હદીસ બયાન કરવાની શા માટે ના પાડી? આ હદીસ સાંભળીને લોકો ઈબાદત કરવાનું છોડી ન દે એટલા માટે જ આમ કહ્યું છે. નહિ તો, નબી (સલ) એ ઈબાદત કરવાને વધારે ચાહ્યું છે

૩ અરે સુનતે બંદગીકૂ છોડ દેવે, હુકમ યૂં હૅ દીતા.
૪ તો ઈબાદત બહુત નબીજીને ચાહી, ચોરા સુન
એ બાતી;
તો તૅં સોચ હૅ અવલા કીતા, સુખ પાવને આપ
જાતી.

એ વાત બરાબર સાંભળ. તે તો ઈબાદતથી બચી સુખ મેળવવા અવળું વિચાર્યુ છે.

૫ સુન દુનીકી તૂ મન ધર રીતા,
બાતાં ક્યૂં હૅ કરાતે ?
અરે જિસ કામકૂ હૅ બહુત ચાહતે, તબ હૅ
ઍસા બતાતે.
૬ કે એ બાત સુન તૂ મન માંહે રાખ,
નહી ઉસકૂ કૅની;
એ બાત સુનતે વે કામ છોંડેગા,
ચિંતા એ મન દેની.
૭ જિસ કામકૂ હૅ બહુતજ ચાહતે,
તબ હૅ ઍસા બતાતે;
અરે કામ રખે છોંડે સુનતે,
ઉસ કાજે છુપા રખાતે.
૮ અરે એ તો સંસારકી બોલી રીતા,
બાલા નંના ભી જાને;
તો દીનકે ચોરા એ જગકી રીત,
ન ક્યૂં સુન મન આને?

૫.૮ દુનિયામાં જો કોઇ કામની વધારે ચાહના હોય યાને અંગત જેવું હોય તો, 'આ વાત મનમાં જ રાખજો,' 'કોઈને' કે 'તેને' કહેતા નહિ' એમ ચિંતાથી આપણે કહીયે છીએ, જેથી વાત બહાર પડતા કામ બગડી ન જાય. કામ છૂટી ન જાય તે માટે કામની વાત પણ આપણે છુપાવી રાખીએ છીએ. સંસારની આ રીતે નાનો બાળક પણ જાણે તેવી વાત છે. દિનના ચોર! તને આ રીત સાંભળીને કેમ સમજમાં આવતી નથી?

૯ તો હદીસકા બૂઝ ઍસા બયાના,
ફરમૂદા નબી કેરા;
કે ઈબાદત બહુત નબીજીને ચાહી,
સુનેસૂ બૂઝે સવેરા.
૧૦ તો બાત કરતે મને કીતે, મત કો બંદગી છુડાવે;
તો દેખને ચોરા તાકીદ ઉસમાં,
બંદગીકી હૅ દેખાવે.
૧૧ ઈબાદત બહુત નબીજીને ચાહી,
કરે ઉમ્મત સારી;
તો મુઆજકૂ એ બાતજ કરતે, નબીજીને વારી.

૯.૧૧ આ હદીસ યાને નબી(સલ) નું ફરમાન સમજ. નબી(સલ) ઈબાદત કરવાનું બહુજ ચાહતા હતા. તને સાંભળવાથી સમજ પડશે. હદીસની વાત બીજાઓને કરવાની મના કરી જેથી કોઇ ઈબાદત છોડે નહિ. દીનના ચોર. જોઇ લે કે આ વાતમાં તો ઈબાદતની તાકીદ જ દેખાય છે. પોતાની ઉમ્મત વધારે ઈબાદત કરે એમ ઇચ્છીને નબી(સલ) એ હઝ મઆજ (રઝી) ને હદીસની વાત બીજાઓને કહેતા વાર્યા હતા.

૧૨ અરે દીનકે ચોરા જો તૂ ના બૂઝે,
પૂછો તો અવરાં બાતી;
કે ખલક સુને એ સોચ કરને,
કૅસી ગવાહી દિલાતી.
૧૩ અરે દીનકે ચોર બોલને કેરી,
ઠામ અબ તુજે નાંહા;
અરે સહી કર બૂઝ ઈબાદત કરની,
તૉબા કર દિલ માંહાં.

૧૨.૧૩ દીનના ચોરા તને સમજ ન પડે તો બીજાઓને વાત પૂછ કે ઈમાનની આ ગવાહીનો દુનિયા સાંભળીને શું મતલબ કરે છે. દીનના ચોર! તારા બોલવાની હવે જગ્યા રહી નથી. સાચી સમજ લાવીને ઈબાદત કર અને દિલથી તૌબા કર.

૧૪ ફિર ગવાહી દૂજી સુનની, મન ધર દીનકે ચોરા;
અરે સુનતે ઈમાન તુજ કૂ આવે,
પાક હોવે તન તેરા.

૧૪ ઈમાનની બીજી હદીસની ગવાહી સાંભળીને મનમાં ધરીલે. સાંભળવાથી તારામાં ઈમાન આવશે અને તારી જાત પાક થશે.

૧૫ અબૂ હુરૅરા કોસાં નબીકી, લે થે કહનેકૂ જાતે;
અરે હુકમ નબીસૂ થે કહને જાતે,
ઍસે બૅન સુનાતે.

૧૬ અરે ફારૂક મલીએ બાટ માંહી,
બાત ઉનૂને પૂછાઈ;
તબ અબી હુરૅરાને એ બાતથી,
ફારૂક કૂ લે બતાઈ.

૧૭ ફારૂકને મારી સીનેમાં ઉનૂ કૂ,
કોસાં છીન કર લીતી;
અરે અબી હુરૅરાને એ બાત નબીકૂ,
રો કર કહી સુનીતી.

૧૮ અરે કામ ફારૂક કા નબીજીને,
ખૂબ કિયા તબ જાના;
તો ફારૂક કૂ ન કુછ આખા,
કામ જો ખૂબ પિછાના.

૧૯ અરે ઈબાદત કરને ઊપર,
એ ભી ગવાહી આહી;
અરે ફારૂક કકુ નબીને આખા,
જો હૅ ઈબાદત ચાહી.

૧૫.૧૯હઝ અબુ હુરૈરા (રઝી) નબી (સલ) ની આ હદીસ કહેવા આપ(સલ) નાં પગરખાં (કોસાં) મુબારક નિશાનીરૂપે લઈને જતા હતા. રસ્તામાં તેમને હઝ ઉમર ફારૂક (રઝી) મળ્યા. હઝ અલુ હુરૈરા (રઝી) એ હદીસની વાત કરતાં હઝ ઉમર (રઝી) એ તેમની પાસેથી પગરખાં ઝુંટવી લીધાં અને તેમની છાતીમાં ધબ્બો માર્યો. હઝ અબુ હુરૈરા (રઝી) એ આવીને રોતાં રોતાં આ વાત નબી(સલ) ને કરીઃ છતાં, નબી(સલ) એ હ. ઉમર ફારૂક (રઝી) ને કાંઇ પણ કહ્યું નહિ. કેમકે, આપ (સલ) આ હદીસનો ભેદ બરાબર જાણતા હતા અને ઉમ્મત વધારે ઈબાદત કરે તેમ ચાહતા હતા.

---

## ૧૬૯૬

૧ ચોરા દીનકે છોડ ચોરી કામા રે, તમે સુનો રે;
નહી તુજે બોલનેકી ઠામા રે, તુમે સુનો રે.
૨ હદીસ એ દલીલ દેખાઈ રે, તમે સુનો રે;
બંદગીકી તાકીદકૂ આઈ રે, તમે સુનો રે.
૩ હદીસ ભી દૂજી ઍસી જાની રે, તમે સુનો રે,
ગવાહી વે ઉસ પર માની રે, તમે સુનો રે.
૪ કભી એ તૂ જવાબ લાવે રે, તમે સુનો રે;
એતા આખ નબીને બતાવે રે, તમે સુનો રે.
૫ એતી જે હદીસ હૅ કહી, રે, તમે સુનો રે;
કિસ કાજે કહી એ સહી રે, તમે સુનો રે.
૬ ઈબાદત સાથે નહી આખી રે, તમે સુનો રે;
એતી બાત નબીજીને દાખી રે, તમે સુનો રે.
૭ ઉસકે તો કેતે હૅ જવાબા રે, તમે સુનો રે;
સુન ચોર બેગી તૂ શિતાબા રે, તમે સુનો રે.

---

## બયાન ૧૬૯૬

### પીર મશાયખ (રહે) કહે છે તમે સાંભળોઃ

૧ દીનના ચોર દીનની ચોરીના કામ છોડ. તારા બોલવાની હવે જગ્યા રહી નથી.
૨ હદીસની આ દલીલ બંદગીની તાકીદ માટે આવી છે.
૩ બીજી હદીસ પણ જાણમાં છે જેને ગવાહીમાં લેવાય.
૪.૫ કદીક તું એ જવાબ આપે કે નબી(સલ) એ 'આમ' કહ્યું છે અને તે હદીસમાં ઈબાદતનો ખૂલાસો આપ્યો નથી તો તે હદીસ શું કાજે કહી છે?
૭ એનો પણ હું જવાબ કહું છું ચોર! તું જલદી સાંભળી લે

| | | |
|---|---|---|
| ૮ પહલા કલિમા શહાદત આખા રે, તમે સુનો રે;<br>વે સચ કર દિલ રાખા રે, તમે સુનો રે. | ૮ | પહેલાં કલેમાએ શહાદત કહ્યો અને તેની સદાક્ત દિલમાં રાખવા કહ્યું. |
| ૯ પછે કર ઈબાદત રીતા રે, તમે સુનો રે;<br>તો વે કબૂલે મીતા રે, તમે સુનો રે. | ૯ | કલેમા પછી ઈબાદત કરો તો અલ્લાહ તેને કબૂલ રાખે |
| ૧૦ જો એતી શાહિદી ન જાને રે, તમે સુનો રે;<br>દિલ માંહી સહી નહી. આને રે, તમે સુનો રે. | ૧૦ | જો કલેમાની શાહીદી જાણે નહી અને દિલથી માને નહિ |
| ૧૧ અબૂઝ હો બંદગી કરાવે રે, તમે સુનો રે;<br>બંદગી કામ ના આવે રે, તમે સુનો રે. | ૧૧ | તો તેવા અજ્ઞાનીની બંદગી કામ આવે નહિ. |
| ૧૨ મુનાફિક કરે જૂં કામા રે, તમે સુનો રે;<br>દિલ નહી ઉસ કેરા ઠામા રે, તમે સુનો રે. | ૧૨ | મુનાફિક આવું જ કરે છે. તેનું દિલ કલેમાની સદાક્તમાં નથી હોતું |
| ૧૩ મુનાફિક તૂ હૅ કહલાતા રે, તમે સુનો રે;<br>શાહિદી જૂં દિલ નહી ચાતા રે, તમે સુનો રે. | ૧૩ | તું મુનાફિક છે એટલે કલેમાની શાહીદી દિલમાં ધરતો નથી. |
| ૧૪ અમલ ના કામ હૅ આતા રે, તમે સુનો રે;<br>જેતી હૅ જે બંદગી કમાતા રે, તમે સુનો રે. | ૧૪ | કલેમા-વિના અમલ અને બંદગી કામ આવતાં નથી. |
| ૧૫ ઉસ કાજે હદીસ એ કહી રે, તમે સુનો રે;<br>ફરમૂદા નબીકા સ · રે, તમે સુનો રે. | ૧૫ | એટલા માટે નબી(સલ) ની આ હદીસ-ફરમાન કહેવામાં આવ્યું છે. |
| ૧૬ પ્રથમ શાહિદી દિલાવે રે, તમે સુનો રે;<br>ઈબાદત કામ તો આવે રે, તમે સુનો રે. | ૧૬ | પહેલાં કલેમાની શાહીદી <u>કબૂલોતોજ ઈબાદત</u> કામ આવે. |
| ૧૭ સુન ચોર જવાબ એ મેરા રે, તમે સુનો રે;<br>અબ કયા બોલેગા અનેરા રે, તમે સુનો રે? | ૧૭ | ચોર!સાંભળ મારો જવાબ હવે બીજું શું બોલીશ? |
| ૧૮ નહી તુજે બોલનેકી ઠામા રે, તમે સુનો રે;<br>ભલા હૅ તૂ છોડ ચોરી કામા રે, તમે સુનો રે. | ૧૮ | તારી બોલવાની હવે ઠામ રહી નથી. ભલો થઈને ચોરીનાં કામ છોડ |
| ૧૯ કહવે કભી કહાંથી હૅ કહતે રે, તમે સુનો રે;<br>બૅન કહાંથી હો દિલ તેરે રે, તમે સુનો રે. | ૧૯ | તું કહે કે તમે આવું કયાંથી કહો છો? |
| ૨૦ સુન તૂ તો ઉસકા બયાના રે, તમે સુનો રે;<br>સત્તર હૅ પાઈયૂંસૂ ઈમાના રે, તમે સુનો રે. | ૨૦ | તો તેનું બયાન પણ તું સાંભળ! ઈમાનના સિત્તેર પાયા છે. |
| ૨૧ અફજલ કલિમા આખા રે, તમે સુનો રે;<br>મુબારક જાુબાંસૂ દાખા રે, તમે સુનો રે. | ૨૧ | આપે (સલ) મુબારક જબાન નથી કલેમાને અફઝલ પાયો કહ્યો છે. |
| ૨૨ હુકમ એ બાત હમૂ કહી રે, તમે સુનો રે;<br>ચોર ઠામ બોલનેકી નહી રે તમે સુનો રે. | ૨૨ | અમોએ તો નબી(સલ) ના હૂકમની વાત કહી તારા બોલવાની હવે ઠામ રહેતી નથી.. |
| ૨૩ અફજલ પાઈયા હોવે નાંહાં રે, તમે સુનો રે;<br>ઈમાન ના રહવે ઑર માંહાં રે, તમે સુનો રે. | ૨૩ | અગર અફઝલ પાયો હોય નહિ તો ઈમાન પણ રહે નહિ. |
| ૨૪ મુનાફિક તો વે કહલાએ રે, તમે સુનો રે;<br>કલિમાકૂ જો ચાહતે જો નહીં રે, તમે સુનો રે. | ૨૪ | જેઓ કલેમાને ચાહતા નથી તેઓ મુનાફિક કહેવાય છે. |
| ૨૫ ઈસ હુકમથી હમૂ આખા રે, તમે સુનો રે;<br>બયાન એ દેખ કર દાખા રે, તમે સુનો રે. | ૨૫ | અમોએ તો આજ હુકમનું બયાન જોઈને કહ્યું છે |
| ૨૬ નહી ચોર બોલનેકી ઠામા રે, તમે સુનો રે;<br>ભલા હૅ કે છોડો ચોરી કામા રે, તમે સુનો રે. | ૨૬ | ચોર! તારા બોલવાની ઠામ રહી નથી. ભલો થઈને ચોરીનાં કામ છોડ. |

| ૧૯૯૭ | બયાન ૧૯૯૭ |
|---|---|
| | |

૧ અરે દીનકે ચોરા, કભી હુજ્જત લાવે ;
અને સોચ હો સેતી, બોલ ઈતના બતાવે.
૨ કે નબીજીને ઈબાદત, ન ઉસ સાથે કહી ;
એ હદીસ તો ઈતની, હેં સુની રે સહી.
૩ કે હુકમ ઈબાદત કેરા, ઈસ સાથે થે રે બતાતે;
ઈસ હદીસસૂ ઈબાદત, જો નબીજી ચાતે.
૪ તો દીનકે ચોરા, સુન જવાબ કી બાતી;
પહલી હકીકત બંદગીકી, કહી હેં દેખાતી.
૫ સો ઈમાનકા ઘર, કહા ઈબાદત કેરા;
એ પ્રથમ નબીજીકા, હુઆ હુકમ સવેરા.
૬ સુન ઈમાનકા બયાન, પહલા યૂં હે કીતા;
કે ખાતિમ નબીને, યૂં હુકમ રે દીતા.
૭ કે ઈમાનકા ઘર, પાંચ બાતુસૂ આખા;
હેં પહલા કલિમા, કેંહ કર દાખા.
૮ પછે નમાજ કરની, નબીજીને પઢાઈ ;
અને દેની જકાત, હેં ફરમાઈ.
૯ અને રોજે રમજાન, કેરે ફરમાએ;
અને હજ્જ ભી કરની, બૅતુલ્લાહકૂ બતાએ.
૧૦ એ ભી બાત, નબીજીને કહી;
ઈમાનકે ઘરકે, પાંચૂ સામાન સહી.
૧૧ ઘર ઈમાનકા કીતા, ઈબાદત સેતી ;
નહી બોલનેકી તુજકૂ, ચોરા ઠામ તિલ જેતી.
૧૨ અબ બોલનેકી ઠામ, નહી ચોર દીન કેરે ;
તો ભલા હેં કે ચોરીસૂ, કર તૌબા રે સવેરે.
૧૩ ભી હુજ્જત તૂ ઈતની, ફિર જો લાવે;
ફિર ચોરી હો કાજ, જવાબ દિલાવે.
૧૪ ઈસ હદીસમાં કલિમા, હેં નબીજીને આખા;
તો ફિર કર જુદા, કર કાહેકૂ દાખા.
૧૫ ફિર કલિમેકી હદીસ, જુદી નબીજીને કહી;
તો ઈબાદત બાત, ઉસ સાથે ના લહી.
૧૬ કભી હુજ્જત એ લાવે, સુન દીનકે ચોરા;
તો જવાબ ઉસકા, તૂ સુન રે મેરા.

પીર મશાયખ (રહે.) ઈબાદતની દલીલો સંભળાવે છે.

૧.૩ દીનના ચોર ! તું સોચીને દલીલ લાવે છે કે નબી (સલ.) એ કલેમાની શાહેદીની હદીસમાં ઈબાદતની વાત કહી નથી. જો નબી (સલ.) આ હદીસથી ઈબાદત ચાહતા તો હદીસ સાથે ઈબાદત પણ બતાવતા.

૪.૯ તો દીનના ચોર ! તું જવાબ સાંભળ. નબી (સલ.) એ પહેલી હકીકત બંદગીની કહી છે. એક હદીસમાં આપે (સલ.) પ્રથમથી જ ઈબાદતને ઈમાનનું ઘર કહ્યું છે. આપે (સલ.) હદીસમાં ઈમાનના ઘરને પાંચ વાતો ઉપર કહ્યું છે. પહેલું, કલેમા શહાદત પઢવો, બીજું, નમાજ પઢવી. ત્રીજું, ઝકાતદેવી. ચોથું, રમજાનના રોજા રાખવા અને પાંચમું, બૈતુલ્લાહની હજ કરવી, આ બધી ચીજો ઈબાદત જ છે.

૧૦.૧૨ આપે (સલ.) ફરમાવ્યું કે ઇમાનના ઘરનો સામાન આ પાંચ ચીજો છે. ઈમાનનું ઘર ઈબાદતથી બતાવ્યું છે. ચોર ! તારા બોલવાની તલભર પણ જગ્યા નથી રહી; તું હવે ભલો થઈ ને દીનની ચોરીથી તોબા કર.

૧૩.૧૪ તું દીનની ચોરી કરવા ફરીથી દલીલ લાવે કે નબી (સલ.) એ કલેમાની હદીસ કહી તો ઈબાદતની હદીસને ફરીથી અલગ કેમ કહી ? કલમાની હદીસ અલગ કહી તો તેની સાથે ઈબાદતની વાત પણ ન કરી ? તો તારી આ દલીલનો જવાબ પણ સાંભળી લે.

૧૭ કે અફ્જલ ડાલી, એ હૅ ઈમાન કેરી;
સો હુકમ નબીકા, બુઝ કલિમા સવેરી.
૧૮ સુન ઉસ કાજ કલિમા, કર જુદા રે બતાયા;
જો અફ્જલ ઈમાનમાં, હૅ કલિમા કહલાયા.
૧૯ તો જો સબૂસૂ અદકા, બહુત હોવે રે બયાના;
તો અફ્જલ કેરી, દેખાવે નિશાના.
૨૦ અબ દીનકે ચોરા, કૈસી કરે બાતી ?
અબ હુજ્જતકી સૂઝ, કુછ હૅ તુજે આતી.

૧૭.૨૦ નબી (સલ.) એ કલેમાને ઈમાનની અફઝલ ડાળી કહી છે. કલેમો ઈમાનમાં શ્રેષ્ઠ હોવાને લીધે તેની હદીસ અલગ બતાવી છે. જે વધારે સારૂં હોય તે અફઝલ ગણાય છે અને અલગ તારવાય છે. હવે તને બીજી દલીલ સુજે છે કે ?

૨૧ સુન કભી તૂ ઈતની, ફીર હુજ્જત રે લાવે;
કે મુજતહિદ કેરા, નામ રે બતાવે.
૨૨ કે વે મુજકૂ કહના, કામ તમારા ના આવે;
એ મુજતહિદ કેરા, કામ હૅ રે બતાવે.
૨૩ કે મુજતહિદ હૅ ચાહીએ, કાજ જોને રે બયાના;
તો તમારા કહના, મે નહી રે માના.
૨૪ તો સુન એ હુજ્જતકા, જવાબ રે મેરા;
કે કહતા હૂં કહના, મૈં સુન મુજતહિદૂ કેરા.

૨૧.૨૪ તું એમ દલીલ કરે કે આ ભેદતો મુજતહિદે એ તારવ્યા છે. આ તેમનું કામ છે. મુજતહિદોતો દીનની વિગત જોવા માટે જોઈએ, તેથી તું એમ કહે કે 'તમારી વાત હું માનું નહિ', તો તારી દલીલનો જવાબ પણ સાંભળ. હું મુજતહિદો વિષે કહું છું

૨૫ સુનો મુજતહિદ ચાર, હો વે રે સુનાએ;
ઉનૂ ફિકેકે માંહે, મસલે બંધાએ.
૨૬ વે મસલે હૅ બયાન, ઈબાદત કેરા;
એ ભી તો નંના ભી જાને, સુનતે સવેરા.
૨૭ ઉનૂ ઈબાદત કેરી, કીતી હૅ બાતી;
જે મુજતહિદૂ ચારૂકી કહીએ જાતી.
૨૮ મૈં ઉનૂકે કહનેસૂ, હૂં કરતા બાતી;
અબ ચોર તુજે જવાબકી, નહી ઠામ રે દેખાતી.
૨૯ તો ભલા હૅ કે ઈતની, સુ' બાત રે મેરી;
કે તૌબા કર ચોરીસૂ, યૂં કર ર સવેરી. રે તૂહી.

૨૫.૨૭ મુજતહિદો ચાર છે. તેઓએ ફિકાહમાં મસઅલા તારવ્યા છે. મસઅલા પણ ઈબાદતનું બયાન છે. એ નાનું બાળક પણ સમજે એવું છે. ચારેય મુજતહિદોએ ઈબાદતની વાત કરી છે. હું (૧) તેમના કહેવાથીજ વાતો (દલીલો) કરૂં છું. તારા ચોરને જવાબની જગ્યા દેખાતી નથી. ભલો થઈ ને મારી આ વાત સાંભળી લે અને દીનની ચોરીથી તૌબા કર.

૩૦ ચોર એ દીનકે સુનતે, છોડ તૂ ચોરીકા કામ રે,
છોડ તૂ ચોરીકા કામ;
ઈબાદતકૂ કર નેહસૂં, લે લે રબકા નામ રે,
લે રબકા નામ.

૩૦ દીનની વાતો સાંભળીને તું દીનની ચોરીનું કામ છોડ, પ્રેમથી ઈબાદત કર અને અલ્લાહનું નામ લે.

---

(૧) પીર મશાયખ (રહે.)

## ૧૬૯૮ પહલ.

૧ દીનકે ચોરા કૈસી કરો બોલી રે ?
બંદ હુઈ તમૂ ચોફ્કી ટોલી રે.
૨ તુજે હૅ બંદ કિયા સબૂ ઠામા રે;
ન કર સકેગા ચોરી કામા રે.
૩ બાંધ પકડ તુજે ઠાડા હૅ કીતા રે;
બોલ હકકા ની સહી જીતા રે.
૪ તિલ જેતી રહી નહી તુજે ઠામા રે;
અબ ન કર સકે ચોરી કામા રે.
૫ આજિજ કિયા તુજે બાંધ સહી રે;
જવાબકી હૅ ઍસી ઠામા કહી રે.
૬ ચોરી અબ કરે કિસ ઠાંહાં રે;
હુજજત તુજે કછૂ નાંહાં રે.
૭ બંદ હુઆ છોડ ચોરીકી આસા રે;
તૌબા કર હો રહે દાસા રે.
૮ એક તુજે હૅ હુજ્જત ઠામા રે;
કરે ચોરી તૂ ઈસ ઠામ કામા રે.
૯ કો કો ફકીર હૅ ઍસે સુનાતે રે;
ઈબાદત જાહિર નહી કરાતે રે.
૧૦ ફરમૂદા ઉનકા હુઆ સુનાયા રે;
જૂં થાજાબાંસૂ બોલ કઢાયા રે.
૧૧ બદ દીનકૂ ન હોવે એ રીતા રે;
બદ દીનકૂ નહીં ચાહતા મીતારે.
૧૨ હકકકા કામ ઉનૂ ને કીતા રે;
કરમ તો રબને કિયા દેખીતા રે.
૧૩ ઈનૂ ઈબાદત ન થી કરાઈ રે;
ક્યૂં રબે ખૂબી ઈનકૂ દિલાઈ રે
૧૪ બંદગી સેતી જો ઈમાના રે;
વે ક્યૂં પાતે એ ખૂબી નિશાના રે ?
૧૫ હુજ્જત એ તૂ લાવેગા ચોરા રે;
સુન તૂ જવાબ ઉસકા મેરા રે.
૧૬ વે તો જે મજ્જૂબ થે કહલાએ રે;
સાચપનામાં થે ખૂબી પાએ રે.

## બયાનન- ૧૬૯૮

પીર મશાયખ (રહે.) ઈબાદતની વિષે દલીલોથી સમજાવે છે.

૧.૭ દીનના ચોરો ! કેમ કરીને બોલશો ? તમારી ટોળીને બધી બાજુથી બંદા કરી છે. તમે દીનની ચોરી કરી શકશો નહિ. તને પકડીને બાંધીને ઉભો કર્યો છે. બોલ, હકથી નિસ્બત રાખનાર (હક્કાની) જીત્યો કે નહિ ? તારા માટે તલભર જગ્યા રહી નથી. હવે દીનની ચોરીનાં કામ કર નહિ. તને જવાબથી બાંધી લઈને આજીજ કરી દીધો છે. તારી પાસે હવે દલીલ રહી નથી. તો ચોરી કઇ જગ્યાએ કરીશ ? બોલતો બંધ થયો તો ચોરીની આસ છોડીને અલ્લાહનો બંદો બની તોબા કર.

૮.૧૨ તું ચોરી કરે એવી દલીલની હજી એક જગ્યા છે. કોઇ કોઇ ફકીર એવા છે જેઓ જાહેરમાં ઈબાદત કરતા દેખાતા નથી. છતાં તેમની વાતો અને બોલ ધ્યાનમાં લેવાયાં છે. ઈબાદત ન કરનાર બદદીન વિષે આમ કેમ બને ? બદદીનને અલ્લાહ કેમ ચાહે ? તેથી, તેમણે પણ (ઈબાદત વગર ) હકનું કામ કર્યું કહેવાય. અલ્લાહે તેવા ફકીર ઉપર કરમ કર્યો કહેવાય.

૧૩.૧૫ તું એમ પણ કહે કે તેવા ફકીરોએ ઈબાદત કરી ન હતી છતાં અલ્લાહે તેમને આવી ખૂબી કેમ આપી? બંદગીથી જ જો ઈમાન હોય તો તેમને આવી ખૂબી કેમ મળે? તું દલીલ લાવે તો તેનો પણ જવાબ મારી પાસે થી સાંભળે.

૧૭ વે તો સુને બાજ હોવે દીવાના રે;
તકદીર સેતી વે હોવે જાના રે.
૧૮ ખૂબી રહી પહલી ઈનૂ તન માંહાં રે;
રીસ તો રબકી બી આઈ નાંહાં રે.
૧૯ દુની કામથી થે વે દીવાને રે;
કોઈ કોઈ ઍસે હુએ જાને રે.

૧૬.૧૯ તે ફકીરરો જેઓ દિવાના (મજ્જૂબ) કહેવાય છે તેઓ ૧. સુદ્ધિની હાલતમાં ખૂબીને મેળવી હોય છે, અને ત્યાર પછી તકદીરને લીધે દિવાના થયેલા હોય છે. તેમનામાં પહેલાંથી ખૂબી રહેલી હોવાથી ગાંડા થયા પછી અલ્લાહ તેમની ઉપર ગુસ્સો કરતો નથી. તેઓ દુનિયાના કામથી બે ખબર હોય છે.

૨૦ તો ભી ઉનૂકે એક ખોટ આઈ રે.
૨૧ મુએ પીછે નહી કિનીને જાને રે;
ઠામ નહી કિને ઉનકે પિછા ને રે.

૨૦.૨૧ આવા ફકીરોમાં એક કમી હોય છે કે તેમના મર્યા પછી તેમના નામ ઠામી વિષે જાણતું નથી.

૨૨ સાલિક જે થે હુએ ફકીરા રે;
કરતે ઈબાદત મન કર ધીરા રે.
૨૩ દેખો ઈનૂકી હૅ જગમાં નિશાની રે;
નિત નિત ખૂબી હૅ સબૂને જાની રે.
૨૪ હૅ જે તીજે કામ કાજે હૅ ચાતા રે;
મુરાદ ઉસકૂ હૅ રબ દિલાતા રે.
૨૫ ઍસી અનંત હૅ જગ માંહી ઠામા રે;
સબ જગ બૂઝે હૅ ઉનકા નામા રે.
૨૬ સબ જગ ઍસેસૂ હૅ ભરિયા રે;
અનંત નીર જૂં દીસે દરિયા રે.

૨૨.૨૬ જે ફકીરો દુનિયાથી ખબરદાર (સાલિક) હોય તેઓ ઈબાદત કરે છે. જગતમાં તેમની નિશાનીઓ નામ, ઠામ અને ખૂબી વિગેરે બધાજ જાણતા હોય છે. તેમની દુવાઓથી જેઓ કામકાજ ચાહે છે તેમની મુરાદો અલ્લાહ પુરી કરે છે. જગતમાં આવા ફકીરોની ઘણી જગ્યાઓ છે જેને બધાય જાણે છે. અવા ફકીરોથી દુનિયા દરિયાના અનંત નીરની જેમ ભરેલી છે.

૨૭ કો કો દીવાને વે હુએ દેખાએ રે;
ઑગને મૂંગમાં જૂં હૅ કહલાએ રે.
૨૮ ઑગનકૂ ન કોઈ જાને રે;
મૂંગકે નામૂ સબ પિછાને રે.
૨૯ યૂં કભી કોઈ જો હોવે દીવાના રે;
ઈતિબાર ઉનકા ન કિને માના રે.
૩૦ અકલ ન થી ઈનૂ દુની કેરી રે;
કઈ કઈ રીતે ઈનૂકી અનેરી રે.
૩૧ તૂ હૅ સાજા દુની કામ કરતા રે;
ક્યૂં રીત ઈનૂકી મન ધરતા રે?

૨૭.૩૧ કેટલાક દિવાના ફકીરો મગમાં આંગણા જેવા હોય છે. આંગણા ઉપર કોઈ ધ્યાન આપતું નથી, પણ મગની તો ખબર રાખે છે. એવી જ રીતે થોડાક દિવાના ફકીરોનો કોઈ એતબાર કરતું નથી. દુનિયાની ઘણી રીતની અકલ તેમનામાં નથી હોતી. તું તો સાજો દુનિયાનું કામ કરતો માણસ છે. તેમની મિસાલ કેમ મનમાં ધરે છે. ?

૩૨ અબ નહી ચોર બોલને ઠામા રે;
તૌબા કર છોડ ચોરી કામા રે.
૩૩ અબ નહી તુજે ઠામ જવાબા રે;
કરને તૂ તૌબા સુન શિતાબા રે.

૩૨.૩૩ હવે દીનના ચોર તારી તારી બોલવાની જગ્યા નથી. જલદી તોબા કરીને ચોરીનું કામ છોડ.

(૧) સુધ્ધિની હાલતમાં કહેલી વાતો ધ્યાનમાં લેવાય છે ગાંડપણનદ હાલત ની વાતો કોઈ ધ્યાનમાં લેતું નથી. દા:ત મનસુરને ગાંડપણની હાલતમાં અનલ હક (હુજ હક છું) કહેવાપર શરીયત ની જાહેર રીતે મોતની સજા આપવામાં આવી હતી જો કે અલ્લાહના અપાર પ્રેમમાં તેમણી ઉપર ગાંડપણ (ગલ્બએ હાલ)

| ૧૬૯૯ | બયાન-૧૬૯૯ |
|---|---|
| | **પીર મશાયખ (રહે.) સમજાવે છે.** |
| ૧ તુજે દીન કેરે ચોરા, નહી બોલનેકી ઠામા;<br>તો ચોરી હો કેરા, તૂ છોડ દે કામા.<br>૨ કે ઈબાદત કરની, તૂ કરને કબૂલા;<br>જે ઈમાનકા ઘર, હૅ રે મૂલા. | ૧.૨ દીનના ચોર ! તને બોલવાની જગા નથી તો તું ચોરીનું કામ છોડી દે અને ઈબાદત કરવી કબૂલ કર ઈબાદત ઈમાનનું ઘર છે, મૂળ છે. |
| ૩ ભી કભી તૂ હુજ્જત, લાવે રે ચોરા;<br>કે રદ્દ કિયા ચાહવે, તૂ સુખન રે મેરા.<br>૪ કે દો કર ફકીરકી, કહી રે બાતી;<br>એક મજ્જુબ કહીએ, દૂજી ખાલિસ રે જાતી.<br>૫ કહા વે થા મજ્જુબ, કીતી બંદગી નાંહાં;<br>ઉસે મજ્જુબ કરને, કિયા ગૅલ્લૂકે માંહાં.<br>૬ યૂં કરને ઉસકૂ નરતા આખા;<br>અને ખાલિસકૂ ખૂબ કર, હૅ રે દાખા.<br>૭ જિને ઈબાદત, ચાવસૂ કીતી;<br>ઉસે ખૂબ કરને, કહી સિફ્ત સુનીતી.<br>૮ એ બયાન તમૂને, કહાંથી રે આખા;<br>કે ભૂંડા ખૂબ કરને, તમૂ કહાંથી રે દાખા.<br>૯ કભી હુજ્જત તૂ કરે, ચોર એ રે રીતા;<br>ઉસ જબાબકા બયાન, સુન ઍસા હૅ કીતા.<br>૧૦ કે સુનતે બોલ, સહી કર જાને;<br>અને સમજૂ ભી સુનતે, સહી રે માને. | ૩.૧૦ તું ચોર મારા શબ્દો (સુખન) રદ કરવા દલીલ લાવે કે " તમે બેજાતના ફકીરો, એક મજ્જુબ (દિવાનો) અને બીજો ખાલિસ (ભાનવાળો એ બેની વાત કરીને કહો છો કે મજ્જુબે ઈબાદત કરી નહિ અને ઘેલામાં ગણ્યો અલ્લાહ તેઓ ઉપર ગુસ્સે ન થયો અને તમે આ રીતે બેઉને અલગ અલગ તારાવ્યા. ભુંડીને સારૂં કહી બતાવવાની વાત તમે ક્યાંથી કહી?" તારી આ દલીલનો જવાબ હું આ પ્રમાણે આપું છુ જેને સમજુ માણસ સાંભળતાં જ માની લેશે. |
| ૧૧ સુનો પીરી મુરીદી, મૂલ ફકીરી હો કેરા;<br>વલીયૂંથી નિઅમત, પાવે વલી રે સવેરા.<br>૧૨ કે મુરીદ હો પીરકી, નિઅમત પાયા;<br>જબ જગ માંહે વલી, ઈસ રીતે હૅ દેખાયા. | ૧૧.૧૨ સાંભળો, પીરી મુરીદી મૂળ ફકીરીમાંથી છે. ખાલીસ ફકીરો પીરી કરે છે. વલીયોથી વલીયો નેઅમત મેળવે છે. મુરીદ પીરથી નેઅમત મેળવે છે. આ રીતે વલીયો યાને ખાલીસ ફકીરો જગતમાં દેખાય છે. |
| ૧૩ વે ખાનવાદા ચૌદ, તૂ બૂઝે રે નામા;<br>એ ફકીરી કેરા, સબ મૂલકા ઠામા. | ૧૩ ફકીરોના મૂળ ચૌદ ખાનવાદા છે (?) તે તું જાણી લે. |
| ૧૪ વે ખાનવાદા કરનાર, હૅ ચૌદ કહલાએ;<br>વે ચૌદ નામ, હૅ જુદે રે લિખાએ.<br>૧૫ વે ચૌદ ઈબાદત, થે રે કરનારે ;<br>વે રાત દિન ઈબાદત, કરતે સારે. | ૧૪ એ ચૌદ ખાનવાદાઓનાં ચૌદ નામ મેં બીજી જગ્યાએ લખાયેલાં છે |

સવાર થઈ ગયું હતું અને દુન્યાથી બે ખબર બની ગયા હતા.

(૧) જેમનાથી બૈઅતનો વસીલો (સંબંધ) રાખવામાં આવતો હોય તેવા મશાયખ અથવા દુરવેશો (ફકીરો) નાં ખાનદાનછે.

૧૬ બહુત ઈબાદત ઈનૂકી, હૅ કિતાબૂ લિખાઈ;
બહુત કવીકી બાત, હૅ ઈનૂકી સુનાઈ.
૧૭ વે સલૂકકે ઈલમમાં, આવે રે બયાના;
હૅ ઉમેદ જો મુજકૂ, પૂરા કરે જો રહમાના.
૧૮ તો ફકીરીકા મૂલ, હુઆ ઈબાદત માંહાં;
તો મૂલ બિના ફકીરી, હોવે રે નાંહાં.
૧૯ ઉસ કાજે સલૂક, જે ફકીર કહલાએ;
સહી હજૂ લગ જગમાં, ઠામ ઈનૂકે દેખાએ.
૨૦ અને મજજૂબ હુવડા, ફિર પાયા વે નાંહાં;
કે દિસતા નહી, જગકે માંહાં.
૨૧ તો ખાલિસ હમૂને, ખૂબ કર આખા;
અને મંજજૂબ નરતા, કર રે દાખા.
૨૨ સુન જબાબ હૅ હુજ્જત, તેરી હો કેરા ;
એ સુનતે બોલ, બુઝ ભી સવેરા.
૨૩ સબ ચોર હુવડે, બંદ તેરે રે કામા ;
નહી તિલ જેતી, તુજે જબાબકી ઠામા.
૨૪ અબ આજિજ હો કર, બાત કબૂલ રે મેરી ;
અને તૌબા કરને, કે ઈતના સવેરી. રે તૂહી.
૨૫ બોલનેકી તો ચોર તુજકૂ, ન રહી અબ ઠામ રે,
ન રહી અબ ઠામ ;
તો તૌબા કરને છોડ દે, ચોરી કેરે કામ રે,
ચોરી કેરે કામ.

૧૫ તે ચૌદય ખાનવાદાવાળા રાતદિન ઈબાદત કરવાવાળા હતા.
૧૬ તેઓની બહુજ ઈબાદત વિષે ભરોસાપાત્ર કિતાબો લખાઈ છે.
૧૭ મારી ઉમેદ અલ્લાહ પુરી કરે તો તેઓનું વર્ણન સુલુક ના ઈલ્મના બયાનમાં આપીશ. (૨)
૧૮ જુઓ, ફકીરીનું મૂળ ઈબાદતમાં થયું. ઈબાદત વિના ફકીરી નથી.
૧૯ તેટલા માટે જે ઈબાદત ગુજાર અને સદાચારી ફકીરો છે તેમનાં કામ હજુ સુધી જગતમાં દેખાય છે.
૨૦ અને જે ફકીરો મજ્જૂબ હતા તેઓ ફરીથી જગતમાં મળ્યા કે દેખાયા નહિ.
૨૧ તેથી જ મેં ખાલિસ અને મજ્જૂબ ફકીરોને ગુણ મુજબ અલગ તારવ્યા છે.
૨૨ તારી દલીલનો જવાબ સાંભળીલે, અને આ બોલ સાંભળીને સમજી પણ લે.
૨૩ ચોર ! તારાં બધાં કામ બંધ થયાં, જવાબ માટે તારે તલભર જગા નથી રહી.
૨૪ હવે લાચાર થઈને મારી વાત કબૂલ કર અને કહે...રે તુંહી.
૨૫ ચોર ! તારે બોલવાની હવે જગા રહી નથી. તો તૌબા કર અને દીનની ચોરીનાં કામ છોડ.

---

### ૧૭૦૦ નજમ

૧ ચોર નહિં બોલનેકી ઠામા રે, તમે સુનો રે ;
છોડ દે તૂ ચોરી કેરે કામા રે, તમે સુનો રે.
૨ તુજે સબ બોલૂ બંદ કીતા રે, તમે સુનો રે ;
બયાન હકકાની સહી જીતા રે, તમે સુનો રે.
૩ સુન સુન સાચી એ નિશાની રે, તમે સુનો રે ;
સુનતે તૂ હોવેગા ઈમાની રે, તમે સુનો રે.
૪ ખાતિમ રસૂલ જે જાનો રે, તમે સુનો રે ;
સુલતાન અંબિયા પિછાનો રે, તમે સુનો રે.

### બયાન – ૧૭૦૦

**પીર મશાય (રહે.) સમજાવે છે 'તમે સાંભળો'.**

૧.૭ દીનના ચોર ! તારા બોલવાની જગા રહી નથી. તું ચોરીનાં કામ છોડી દે. તને બોલથી બંધ કર્યો છે, અને અલલાહનો પ્યારો, હક પસંદ જીત્યો છે. સાચી વાત સાંભળીને ઈમાનવાળો બન. ખાતેમુર્રસુલ, સુલતાનુલ અંબિયા, મુહમ્મદ મુસ્તુફા (સલ.) જેઓ બધા જીવોનું મૂળ છે, તેઓ પણ બહુ જ ઈબાદત કરતા અને તહજ્જુદ (અરધી રાત પછીની) નમાઝ પઢતા. તેમજ નફીલ નમાજ પઢીને આપ (સલ.) બહુ જ ઈબાદત કરતા.

(૨) અલ્લાહની સમીપતા મેળવવા માટે પીરી મુરીદીનો સંબંધ જેના થકી ઈલ્મે બાતિન (ગૂઢ ઈલ્મ) ની જાણ થાય છે.

૫ મોહંમદ મુસ્તફા નામા રે, તમે સુનો રે ;
સબ જીવૂ કેરા મૂલ ઠામા રે, તમે સુના રે.
૬ એ બહુત ઈબાદત કરતે રે, તમે સુનો રે ;
તાહજ્જૂદકી નમાજ થે પઢતે રે, તમે સુનો રે.
૭ નફલકી નમાજ કરાતે રે, તમે સુનો રે ;
બહુત નબી ઈબાદત્ ચાતે રે, તમે સુનો રે.
૮ તુભી જો ઉમ્મતી ક઼ેલાતા રે, તમે સુનો રે ;
ક્યૂં ન વે રીત મન લાતા રે, તમે સુનો રે ?
૯ તાબે મન એ હૅ લગાઈ રે, તમે સુનો રે ;
સાહિબકી બાત ઉસે હૅ ભાઈરે, તમે સુનો રે.
૧૦ હબે ક્યા તૂ દેવેગા જબાબા રે, તમે સુનો રે ?
બોલ બોલ ચોર તૂ શિતાબા રે, તમે સુનો રે.
૧૧ ખલીફાએ રાશેદીન જાનો રે, તમે સુનો રે ;
નબી બાજ ખલીફિ પિછાનો રે, તમે સુનો રે.
૧૨ ઉનૂ કૂ થા ઈબાદત ચાવા રે, તમે સુનો રે;
કરતે થે બહુત કર ભાવા રે, તમે સુનો રે.
૧૩ ઑર ભી અસહાબી કહીએ રે, તમે સુનો રે ;
એ ઈબાદત કરતે લહીએ રે, તમે સુનો રે.
૧૪ બંદગીસૂ નેહ થે લગાતે રે. તમે સુનો રે;
દીન કાજે તન થે ગમાતે રે, તમે સુનો રે.
૧૫ આવતે જે નબીજીકે પાસા રે, તમે સુનો રે ;
સો મુમિન હોને કેરી આસા રે, તમે સુનો રે.
૧૬ ઈમાન વે આવ જબ લાતે રે, તમે સુનો રે ;
ઈબાદત નબી થે બતાતે રે, તમે સુનો રે.
૧૭ એ સબ મમિનકી રીતા રે, તમે સુનો રે ;
સુનોને મન કર પીતા રે, તમે સુનો રે.
૧૮ કિસકી હૅ પેરવી ચાતા રે, તમે સુનો રે ;
ચોર નહી વે ક્યૂં બતાતા રે, તમે સુનો ?
૧૯ નસીહત ક્યૂં નહી મન લાતા રે, તમે સુનો રે ?
લીલજ નહી શરમાતા રે, તમે સુનો રે.
૨૦ ઈબાદત મુજતહિદ કરતે રે, તમે સુનો રે ;
નિસદિન વે જે બાત ધરતે રે, તમે સુનો રે.
૨૧ ઑર રીત કિસકી તૂ ચાવે રે, તમે સુનો રે ;
ક્યૂં નહી હમૂ કૂ બતાવે રે, તમે સુનો રે ?

૮ તું અગર પોતાને આપ (સલ.) નો ઉમ્મતિ કેહવડાવે છે તો તેમના જેવાં અમલ કરવાનું મનમાં લેતો નથી ?

૯ જેને સાહિબ (આકા) ની વાત ભાવે, તે તેનું મન આકા (ધણી) ને તાબે લગાવે.

૧૦ હવે તું શું જવાબ આપીશ ? બોલ, જલદી બોલ.

૧૧.૧૨ નબી (સલ.) ના બાદ ખુલફાએ રાશેદીનને પણ ઈબાદત ઉપર પ્રેમ હતો અને બહુજ ભાવથી ઈબાદત કરતા હતા.

૧૩.૧૬ બીજા અસ્હાબીયો (રઝી. અન્હુમ) પણ ઈબાદત કરતા. બંદગીમાં નેહ લગાડીને તેઓ દીન માટે જીવ આપતા. જેઓ મુસલમાન બનવા નબી (સલ.) પાસે આવીને ઈમાન લાવતા તો આપ (સલ.) તેમને ઇબાદત કરવાનું બતાવતા

૧૭.૧૯ મનથી પ્રેમ કરીને સાંભળ કે આ મોમિનનો તરીકો છે. તું કોની પેરવી ચાહેછે તે કેમ બતાવતો નથી ? નસીહત મનમાં કેમ લેતો નથી ? નિર્લજ તને શરમ કેમ નથી આવતી ?

૨૦ મુજતહિદો પણ ઈબાદત કરતા હતા. રાતદિન તેઓ ઈબાદતનું કામ કરતા હતા.

૨૧ તું બીજો કોનો તરીકો ચાહે છે ? અમને કેમ બતાવતો નથી ?

૨૨ ફટ ફટ લીલજ ગમારા રે, તમે સુનો રે ;
અભાગકા સોચ સવારા રે, તમે સુનો રે.

---

### ૧૭૦૧ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો.
ઈબાદત પૂરી કરની, હુકમ રીતે મનમાં ધરની ;
સુન્નતકી સુનો રીતા, કર પીતા જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો.
ઈબાદત ખાતિમ કરતે, યાર ભી વે રીત મન ધરતે;
ન કર વે ન ક્યૂં કર આખા, નેંનૂ દાખાજી?
૩ સુનો જીવ હો, સુનો વીર હો.
પડતા હૈ સમજનેમાં ફેરા, ઈસકૂ બૂઝનાં સવેરા ;
ઈલમ હૈ દીન દરિયા, સબ જગ ભરિયા જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો.
મુજતહિદ્દ કૂ તો હૈ ચાતા, હુકમ ઉનૂકા દિલ હૈ લાતા ;
વે હૈ કરે સમજને કામા, ઈલમ ઠામા જી.
૫ સુના જીવ હો, સુનો વીર હો.
નહી અનસમજૂકા કામા ઢુંડને પૈઠે દરિયા ઠામા ;
તહકીક ગોતે વે ખાવે, દીનથી જાવે જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો.
ઈમાનકા ઘર તૂ જાને, ઈબાદત હૈ પિછાને ;
તો નિત કરના હૈ તુજે નેહા, આપ દેહાજી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો.
બંદગી તુજેસૂ હોવે નાંહાં, ડરના હૈ નિસદિન દિલ માંહાં ;
ન કરના ન ખૂબ જાની, બૅત માની જી.
૮ સુનો જીવ હો સુનો વીર હો.
ગુના મત બુઝો હલાલા, હોતે તૌબા કર ઉસ હાલા ;
ચોરી ન કીજે આપ નામા, દીન ઠામા જી.

૨૨ ફટ ! નિર્લજ ! ગમાર ! અભાગિયા જેવું વિચારીને શું કરે છે ?

### બયાન – ૧૭૦૧

પીર મશાયમ (રહે.) સમજાવેછે :'સાંભળો જીવ' !**સાંભળો વીર**

૧ અલ્લાહના હુકમો મનધરીને પુરી ઈબાદત કરો. તે એહલે સુન્નતનો તરીકો છે. તેનાથી પ્રિત કરો

૨ અલ્લાહના નબી (સલ.) અને તેમના ચાર યારી પણ ઈબાદત કરતા હતાં. આંખે જોઈલે કે તેમણે ઈબાદત ન કરવાનું કેમ નથી કહયું ?

૩ જેની સમજણમાં ફેર પડતો હોય તેણે જાણવું જોઈએ. દીન રૂપી દરિયો ઈલ્મથી જગતમાં ભરેલો છે.

૪ જે મુજતહિદોને ચાહે છે તે તેમના હુકમોથી દિલ લગાવે છે. મુજતહિદો ઈલ્મથી સમજીને મસાઈલનું કામ કરે છે.

૫ અણ સમજુ દીનના દરિયામાં ઈલ્મ શોધવા પડે તો જરૂર ગોતાં ખાય અને દીનથી પણ જાય.

૬ ઈબાદત ઈમાનનું ઘર છે, તેને જાણો ઈબાદતથી તારે હંમેશા નેહ કરવો જોઈએ.

૭ બૈયત માનીને પણ તારાથી બંદગી ન થાય તો રાતદિન દિલથી ડરતો તો રહે.

૮ ગુનાહને હલાલ મત સમજો . ગુનાહ થઈ જાય તો તરત જ તૌબા કરી લો. અને તમે પોતે દીનમાં ચોરી ન કરો.

### ૧૭૦૨

૧ સુનો અમર બિન, આસ રે કહીએ ;
રજી યલ્લાહો અન્હો, ઈનૂ નામસૂ લહીએ.
૨ સહી એ ભી મશહૂર, બૂઝો અસ્હાબી ;
કે નામ સુન કર, બૂઝો સિફ્ત શિતાબી.
૩ સહી સિફ્ત ઉનૂકી, હૅ બહુત રે જાનો ;
સો અમર બિન, આસ રે પિછાનો.
૪ સુનો હદીસ એ નબીજી, કેરી હૅ કહેતે ;
જૅસા સહી કર, સુન હૅ લેતે.
૫ બૂઝો હદીસ એ જાની, સહી નબીને આખી ;
સો ઈનૂને સુન કર, યાદ રે રાખી.
૬ એ કહતે હૅ નબીકિ, મૅં પાસ રે આયા ;
સો અરજ હો કેરા, સોચ એતા મન લાયા.
૭ કહા હાથ કરો કુશાદ, નબીએ યૂં આખા ;
મૅં બૅઅત કરૂ તમૂસૂ, દીન કાજ રે દાખા.
૮ કહા કુશાદ કરો હાથ નબીજી જમના ;
દીન કાજે બૅઅત કરૂ, ચાહવે મેરા રે મના.
૯ કરૂ મૅં તમૂસૂ, બૅઅત ઈસ્લામ કેરી ;
યૂં દિલ તો મેરા, હૅ ચાહતા રે સવેરી.
૧૦ યૂં અમરને અરજ, નબીજીકૂ કીતી ;
એ સુન સુન મૂમિનૂ, એ ચિત દીતી. રે તૂહી.
૧૧ અમર બિન જે આસ થે, આયે નબીકિ પાસ રે,
આયે નબીકિ પાસ ;
સો બૅઅત કાજૅ ઈસ્લામકી, આયે મન ધર આસ રે,
આયે મન ધર અસા.

### બયાન - ૧૭૦૨

(૧)

**હદીસ. : ઈસ્લામ પહેલાંના બંદાના ગુનાહ માફ છે.**
**રાવી : હઝ અમર બિન આસ (રઝી.)**

૧.૧૦ હઝ અમર બિન આસ (રઝી.) મશહુર સહાબી છે. તેમની સિફ્ત તેમના નામ મુજબ છે. તેઓ નબી (સલ.) ની હદીસ જેવી સાંભળી તેવી જ યાદ કરી રાખી. તેઓ કહે છે કે "હું નબી(સલ.) પાસે અરજ, કરવા આવ્યો ત્યારે મેં નબી (સલ.) ને કહ્યું : "તમારો જમણો હાથ લાંબો કરો, હું તમારાથી દીન ઈસ્લામ કાજે બૈયત કરવા ચાહું છું."
મોમિન સાંભળ અને ચિત્તમાં લે અને કહે ....રે તુંહી.
(બાકી હદીસ આગળના બયાનમો આવે છે )

૧૧ અમર બિન આસ (રઝી.) ઈસ્લામની બૈયત લેવાની આશાએ નબી (સલ.) પાસે આવ્યાં.

---

### ૧૭૦૩

૧ તબ જમના મુબારક, હાથ લાંબા કીતા ;
તબ અમરને હાથમાં, હાથ મુબારક લીતા.
૨ તબ મુબારક જુબાંસૂં, ઈતના દાખા ;
ક્યા ર્હતે હો અમર, કહ કર આખા ?

### ૧૭૦૩

**હદીસ (બયાન નં. ૧૭૦૨ થી)**

૧.૨ પછી, હઝ. અમર બિન આસે (રઝી) આપ (સલ.) નો હાથ મુબારક પોતાના હાથમાં લીધો. આપે (સલ.) જબાન મુબારક થી કહ્યું :"અમર શું ચાહો છો ?"

(૧) 'મિશકત' (ભાગ-૧, વિભાગ-૨) ક્તિાબુલ ઈમાનની ફસલ પહેલીની પચ્ચીસમી હદીસ છે. (મુસ્લિમ)

૩ તબ અમરને કહયા, મૈં હું શરત રે ચાહું ;
કે નબીજી તમુસૂ, મૈં શરત રે કરાહું.

૩ હઝ. અમરે કહયું : " હે અલ્લાહના રસુલ (સલ.) તમારાથી હું ઈકરાર (બૈઅત) કરવા ચાહું છું "

૪ તબ નબીજીને ચાહા, કૈસી શરત હૈ ચાહી ?
કે તમારે દિલમાં, ક્યા ચિંતા હૈ આહી ?

૪ નબી (સલ.) એ કહયું : " કેવો ઈકરાર ! તમારા દિલમાં શું ચિંતા થઈ ?"

૫ નબી બખશિશ, પાવે જાત રે મેરી ;
જે તકસીર મુજસૂ, પહલી હૂઈ રે અનેરી.

૫ હઝ. અમરે કહયું :" હે અલ્લાહના નબી (સલ.) ઈમાન લાવ્યા પહેલાંના મારા ગુનાહ બખ્શાય એવું હું ચાહું છું."

૬ કુછ બૂઝતે હો નાંહાં, તબ નબીજીને આખા ;
પછે ઈસ્લામ કેરા, બયાન રે દાખા.

૭ કહા ઈસ્લામ લાના, હૈ રે ગિરાતા ;
જે ઉસથી પહલા, હૈ ગુનાહ રે કહલાતા.

૮ કે ગુનાહ દૂર કરતા, સબ હૈ રે ઈમાના ;
સો ઈસલામ પહલા, જેતા ગુનાહ રે જાના.

૬.૮ નબી (સલ.) એ કહ્યું : " કાંઈ જાણતા નથી કે ઈસ્લામ લાવવાથી ઈસ્લામ પહેલાંના ગુનાહ પડી જાય છે ? ઈસ્લામ પહેલાંના જેટલા ગુનાહ છે તેને ઈમાન દુર કરે છે.
(બાકી હદીસ આગળના બયાનમાં આવે છે.)

૯ યૂં બખશિશ કેરી, કહી નબીજીને બાતી ;
એ સુન સુન કહો. દિન ઑર રાતી રે તૂંહી.

૯ ગુનાહોની બખ્સીસ. આ વાત નબી (સલ.) એ કરી તેને સાંભળો અને રાતદિન કહો ....રેતુંહી

૧૦ ઈમાન હૈ દૂર કરતા, ગુને જે પહલે સબ રે,
ગુને જે પહલે સબ ;
બેગુનાહ હૂઆ સહી, ઈસ્લામ લાયા તબ રે,
ઈસ્લામ લાયા તબ.

૧૦ ઈમાન પહેલાંના જેટલા ગુનાહછે તે બધા ઈમાનથી દૂર થાય છે. માણસ ઈસ્લામમાં બેગુનાહ થઈને દાખલ થાય છે.

---

## ૧૭૦૪

## ૧૭૦૪

**હદીસ (બયાન નં ૧૭૦૩ થી)**

૧ ફિર મુબારક જુબાંસૂ, એતા કહા લહીએ ;
એ સુન સુન ઈમાની, હો કર રહીએ.

૧ પછી જબાન મુબારકથી નબી (સલ.) એ જે ફરમાવ્યું તે સાંભળીને ઈમાનવાળા બનો.

૨ હૈ દૂર ભી કરતી, હિજરત જાનો;
જે ગુને તો પહલે, હોવે રે માનો.

૩ કે દારૂલ હરબથી, નાઠના કહીએ ;
આવે ઈસ્લામ તરફ, એ હિજરત લહીએ.

૪ એ ગુનાહ જે પહલે, સબ દૂર હૈ કરાતી ;
એ મુબારક જુબાંસૂ કહી અમરકૂ બાતી.

૨.૪ આપે (સલ.) ફરમાવ્યું કે " હિજરત પણ હિજરત પહેલાંનાં ગુનાહોને માફ કરે છે." દારૂલ હરબ (વિધર્મીનો પ્રદેશ) માંથી નાસીને તુ દારૂલ ઈસ્લામ (મુસલમાનોનો પ્રદેશ) માં આવે તેને હિજરત કહે છે.

૫ ફિર મુબારક જુબાંસૂ, આખીલ જવાબા ;
સો અમરને સુન, સુન, લિયા રે શિતાબા.

૫ પછી આપે (સલ.) હઝ અમર બિન આસ (રઝી) ને જવાબ આપ્યો જેને તેમણે તુરંત સાંભળી લીધો.

૬ કહા હજ્જભી ગુને, હૈ દૂર રે કરાતી ;
હજ્જ કિયે ગુને, દૂર હોવે સબ જાતી.

૬.૭ આપે (સલ.) કહ્યું કે "હજ (૧) પણ ગુનાહોને દૂર કરે છે. હજ કરનારના હજ પહેલાંના ગુનાહ અલ્લાહ માફ કરે છે. "

(૧) ઉલ્માઓના કથન મુજબ હજ કરવાથી અલ્લાહના ગુનાહ માફ થાય છે. બંદાના ગુનાહ (હકો) બંદાએ માફ કરાવવા પડે છે, પણ અલ્લાહ કાદિર છે કે બંદાના હક્નો બદલો ખુદ આપીને હજ કરનારના (બંદાના) ગુનાહ દૂર કરે.

૭ કે હજ્જકા કરનાર, બખશિશ પાવે ;
જે ગુને હોવે પહલે, રબ દૂર વે કરાવે.

૮ એ ફરમૂદા અપને, નબીજી હો કેરા ;
સો અમર બિન આસને, સુન લિયા રે સવેરા.

૯ સુનો ઍસી ખૂબીસૂ, હૅ ખાતિમકા દીના ;
કે ઈમાન લાતે, ગુનાહ દૂર સબ કીના.

૧૦ એ નેહસૂ સુન સુન, લાહો રે ઈમાના ;
અને એક કર કહો, દિલકી સાના. રે તૂહી.

૧૧ બખશિશ પાવે હજ્જથી, દૂર હોવે તકસીર રે, દૂર હોવે તકસીર ;
હિજરત ભી ઍસી સહી, સુન સુન મૂમિન વીરરે, સુન સુન મૂમિન વીર.

૮.૯ નબી (સલ.) ની આ હદીસ હઝ. અમરે (રઝી.) સાંભળી લીધી. નબી (સલ.) નો દીન એવો ખુબીદાર છે કે ઈમાન લાવતાં પહેલાંના ગુનાહ માફ થાય છે.

૧૦ પ્રેમથી હદીસ સાંભળીને ઈમાન લાવો અને અલ્લાહને એક માની કહો.....રે તુંહી.

૧૧ હજથી હજ પહેલાંના ગુનાહો દૂર થાય છે. હિજરતથી પણ એવીજ રીતે ગુનાહો દૂર થાય છે.

---

## ૧૭૦૫ નજમ

૧ સુન દેખો દીનકી બડાઈ રે, તમે સુનો રે ;
ખૂબી કૅસી મૂમિનૂને પાઈરે, તમે સુનો ?

૨ મૂમિન હો લાયા ઈમાના રે, તમે સુનો રે ;
બખ્શા ગયા વે જાના રે, તમે સુનો રે.

૩ પહલે ગુને દૂર કરાયે રે, તમે સુનો રે ;
જે થે ઉને અમલ કમાયે રે, તમે સુનો રે.

૪ ઉસ થકી રબે કિયા પાકા રે, તમે સુનો રે ;
રહયા નહી ગુન્હ કેરી બાકા રે, તમે સુનો રે.

૫ ઈમાન લાતે ખૂબી પાયા રે, તમે સુનો રે ;
ગુન્હૂ થકી પાક લિખાયા રે, તમે સુનો રે.

૬ ઍસા સહી રૉશન એ દીના રે, તમે સુનો રે ;
મુનાફિક ક્યૂં ન ચિત દીના રે, તમે સુનો રે.

૭ હજ્જ ભી જે કાબે જા કરાવે રે, તમે સુનો રે ;
વે ભી ગુન્હૂ થકી બાહર આવે રે, તમે સુનો રે.

૮ બખ્શે વે ગુને ઉસ કેરે રે, તમે સુનો રે;
હજ્જ તો કરતે સવેરે રે, તમે સુનો રે.

૯ ઍસા દીન રોશન હૅ જાનો રે, તમે સુનો રે ;
સુન સુન ખૂબી મન આનો રે, તમે સુનો રે.

## બયાન-૧૭૦૫

પીર મશાયખ (રહે.) હદીસ સમજાવેછે : **'તમે સાંભળો '**

૧.૪ દીનની મોટાઈ જુઓ. મોમિનને કેવી ખૂબી મળી કે ઈમાન લાવવાથી ગુનાહોથી બક્ષાઇ ગયો. પહેલાંના જે ગુનાહના અમલ તેણે કર્યા હતાં તેથી અલ્લાહે તેને પાક કર્યો, અને કોઇ ગુનાહ બાકી રહયા નહિ.

૫ ઈમાન લાવવાથી આ ખૂબી મળી અને ગુનાહો થી પાક થઈ ગયો.

૬ આવો રોશન દીન છે, તેની ઉપર મુનાફિક મન કેમ દેતા નથી?

૭.૮ કાબા શરીફ જઈને જે હજ કરે છે તે પણ ગુનાહોમાંથી બહાર આવી જાય છે. હજ કરતાં જ હજ આગળના ગુનાહ બખ્શાઈ જાય છે.

૯ એવા રોશન દીનને જાણીને તેની ખૂબીઓ મનમાં આણો.

**૧૦ ગાફ્લિ બેગી લાહો ઈમાના રે,તમે સુનો રે ;**
**ગફ્લત છોડ ને હો દાના રે, તમે સુનો રે.**

૧૦ ગાફિલો તમે તુરંત ઈમાન લાવો અને ગફલત છોડીને ડાહ્યા બનો.

---

**૧૭૦૬**

**બયાન - ૧૭૦૬**

(૧)

**હદીસ : ૪ રકાને દીન**

**૧ જન્નતીનાં અમલ અને દોઝખથી છુટકારો .**

**૨ ઈસ્લામનું ઉદાહરણ એક ડુંગર,અને જબાન પર કાબુ**

**રાવી : હઝ મઆજ બિન જબલ (રઝી.)**

**૧ સુનો મુઆજ બિન જબલ, નામ રે જાનો ;**
**રજી અલ્લાહો અન્હો, નામ સંગ આનો.**
**૨ એ હદીસ હૅ ખાતિમ, નબીજીકી કહતે ;**
**સો મુબારક જાુબાંસૂ જાું સુ ન હૅ લેતે.**
**૩ એ હદીસકા બયાન, ઑર જાને રે અસહાબી ;**
**અને ઈનૂને સુન કર, યાદ રાખા રે શિતાબી.**

૧.૩ સાંભળો ! હઝ મઆઝ બિન જબલ (રઝી.) નબી (સલ.)ની હદીસ બયાન કરે છે. આ હદીસને બીજા અસહાબીઓએ પણ જાણી અને તરત યાદ રાખી લીધી.

**૪ સો નબીજીકૂ મુઆજને, આવ અરજ પહુંચાઈ ;**
**સો અમલકી ચિંતા કાજ, બહિશ્ત રે આઈ.**
**૫ કહા નબીજી અમલકી મુજે કહો ઍસી બાતી ;**
**કે બહિશ્તી વે કરતે, હોવે મેરી રે જાતી.**
**૬ અને આતશ સેતી, દૂર કિયા મૅં જાહૂં ;**
**ઍસા ચાહતા હૂં કે હુકમ, મૅં નબીજીકા પાહૂં.**

૪.૬ હઝ મઆઝે (રઝી.) અમલની ફિકરને લીધે નબી (સલ.) પાસે આવીને અરજ કરી કે ' હે અલ્લાહના રસૂલ મને એવા અમલ બતાવો કે જે કરવાથી હું જન્નતી બનું અને દોઝખની આગથી દૂર રહું.

**૭ તબ ખાતિમ નબીને ઍસા ફરમાયા ;**
**એ સુવાલ તો તમૂને, અજીમ પૂછાયા.**
**૮ કહા અજીમ હૅ પૂછા, જે તમૂને કામા ;**
**એ ફરમૂદા નબીકા, હુઆ મુઆજકે નામા.**

૭.૮ નબી (સલ.) એ હઝ મઆઝને કહ્યું કે 'તમો એ એક મોટો (અજીમ) પ્રશ્ન પુછ્યો છે.

**૯ અને તહકીક આજ કામ, હૅ રે આસાના ;**
**જિસે ઍસા કરે, આપ રે રહમાના.**

૯ આપે (સલ.) ફરમાવ્યું કે " જેના પર અલ્લાહ આસાન કરે તેને માટે આ કામ ચોક્કસ આસાન છે."(બાકી હદીસ આગળના બયાનનમાં આવે.)

**૧૦ હુઆ ફરમૂદા અપને, એ નબીજી હો કેરા ;**
**એ સુન સુન ચિતમાં, નિત દેઓને સવેરા.**
**રે તૂહી.**

૧૦ નબી (સલ.) ની હદીસ સાંભળી હંમેશાં મનમાં લો અને કહો ..........રે તુંહી.

**૧૧ સુન બેગી ભાઈ દીનકે, સુન સહી કર ઈમાન રે,**
**સુન સહી કર ઈમાન ;**
**મૂમિન હૅ ઈમાનથી, સાચા એ નિશાન રે,**
**સાચા એ નિશાન.**

૧૧ દીનના ભાઈ ! દીનની વાત જલદી સાંભળ અને ઈમાન સહી કર. મોમિન ઈમાનથી છે. ઈમાન મોમિનનું સાચું નિશાન છે.

---

(૧) 'મિશ્કાત' (ભાગ-૧,વિભાગ-૨) ના કિતાબુલ ઈમાનની ફસલ બીજીની અનુક્રમે છવ્વીસમી હદીસ છે. (અહમદ -તિરમીજી - ઈબ્ને માજા)

| ૧૭૦૭ | બયાન - ૧૭૦૭ |
|---|---|
| | હદીસ (બયાન નં. ૧૭૦૬ થી ) |
| ૧ કે ઈબાદત કર, રબ હો કેરી ;<br>એ ફરમૂદા નબીકા, તમે સુનીઓ સવેરી. | ૧ નબી (સલ.) એ ફરમાવ્યું : " અલ્લાહની ઈબાદત કરો |
| ૨ કે રબ માંહી શરીક, કુછ કરે રે નાંહાં ;<br>કે એક કર રબકૂ, સહી બૂઝ મન માંહાં. | ૨ અલ્લાહની જાતમાં કોઈને શરીક કરો નહિ, યાને અલ્લાહને દિલથી એક માનો. |
| ૩ અને નેહસૂં કાયમ, કરે રે સલાતા ;<br>અને ભી ફરમાયા, દેવે રે જકાતા. | ૩ અને પ્રેમથી પાબંદી સાથે નમાજ કાયમ કરો અને જકાત આપો. |
| ૪ અને રમજાન કેરે, રોજે ધરાવે ;<br>અને બૅતુલ્લાહકૂ હજ્જ, કરની ચાવે. | ૪ રમઝાનના રોજા ધરો અને બૈતુલ્લાહની હજ કરો." |
| ૫ એ મુબારક જુબાંસૂ કહા રે બયાન ;<br>ભી આપ ફરમાયા , ઍસા રે જાના. | ૫.૬ મુબારક જબાનથી આપે (સલ.) આમ ફરમાવીને કહ્યું : "હું તમને નેકીની રાહ દુખાડું ? (શું હું તમને ખેર અને ભલાઇના દરવાજા સુધી ન પહોંચાડું ?) (૧) તમે (સમજુ થઈને) તેને સમજી લો. |
| ૬ મૈં રાહા રે દેખાઊં, તુમ નેકી હો કેરી ;<br>તુમ સમજૂ રે હોકર, બૂઝીઓ સવેરી. | |
| ૭ એ કહ કર ખાતિમને, ઈતના આખા ;<br>કે રોજે ધરોને, એ હૅ ચલના દાખા. | ૭.૮ આપે (સલ.) કહ્યું : "રોજા રાખો. રોજા જન્નત તરફ જવાનો રસ્તો છે. (રોજો એક એવી ઢાલ છે. જે ગુનાહોથી બચાવે છે. અને દોજખની આગથી સુરક્ષિત રાખે છે.) (૨) |
| ૮ કે રોજે ધરોને, એ હૅ ચલનેકી રીતા ;<br>સો બહિશ્તકી રાહા, સુન લો મન પીતા. | |
| ૯ ભી મુબારક જુબાસૂં, કહા સદકા દેના ;<br>એ બૂઝાતા હૅ ગુનાહૂંકૂ, સમજને લેના. | ૯.૧૦ આપે (સલ.) કહ્યું : " સદકો આપો. સદકો ગુનાહોને બુઝાવે છે. જેમ પાણી આગને બુઝાવે છે, તેમ સદકો ગુનાહોને ઠંડા કરે છે.<br>(બાકી હદીસ આગળના બયાનમાં છે) |
| ૧૦ સો જૅસા પાની હૅ, આગકૂ બૂઝાતા ;<br>યૂં સદકા ગુનાહૂંકૂ, હૅ ઠંડા રે કરાતા. | |
| ૧૧ એ ખાતિમ નબીને, આપ ફરમાયા ;<br>એ સુનતે મૂમિન, સોચ એ આયા. રે તૂંહી. | ૧૧ આપ (સલ.) નું ફરમાન સાંભળીને મોમિન સોચીલે અને કહે .. રે તૂંહી |
| ૧૨ ગાફિલ કયા સોવે સહી ? ઉઠ સુન મેરી બાત રે,<br>ઉઠ સુન મેરી બાત ;<br>સુને બિના કયૂં મૂમિના ? હોસી તેરી જાત રે,<br>હોસી તેરી જાત. | ૧૨ ગાફીલ, તું સુએ છે કેમ ? ઉઠ, અને મારી વાત સાંભળ. સાંભળ્યા વિના તું મોમિન કેવી રીતે થશે ? |

---

| ૧૭૦૮ | બયાન - ૧૭૦૮ |
|---|---|
| | હદીસ (બયાન નં ૧૭૦૭ થી ) |
| ૧ અને મરદ જે રાતકૂ, હૅ પઢતા સલાતા ;<br>કે નમાજ હૅ કરતા, પેટ રે રાતા. | ૧.૩ આપે (સલ.) ફરમાવ્યું : " જે માણસ રાત્રિના સમયમાં તહજ્જુદની નમાજ પઢે છે તેના ગુનાહ પાણીની માફક |

(૧) આગળની નોંધ મુજબની હદીસ નં-૨૬ માં કડી નં ૫/૬ ના શબ્દો મિશ્કાતમાં મૂળ હદીસમાં કૌસમાં બતાવ્યા પ્રમાણે છે.

(૨) કડીનં ૭/૮ ના શબ્દો મિશ્કાતમાં મૂળ હદીસમાં કૌસમાં બતાવ્યા પ્રમાણે છે.

| | |
|---|---|
| ૨ એ ગુને હૅ બૂઝાતે, જૂં પાનીકી રીતા ;<br>યૂં ખાતિમ નબીને, હુકમ રે દીતા. | હોવાય છે," એમ કહી (૧) આપે (સલ.) અલ્લાહના કલામ(કુરઆન)ની આયત પઢી. |
| ૩ એ કહ ને નબીને, પઢી આયત કુરાના ;<br>જે કલામ હૅ ભેજા, આપ રે રહમાના. | |
| ૪ ફિર ફરમૂદા હુવડા, નબીજી હો કેરા ;<br>તુમ સુન હો દાના, આખીઆ સવેરા. | ૪.૬ આપે (સલ.) કહ્યું : " હું તમને મારા દીનમાં છે તે સાચી રાહા (તરીકો) બતાવું છું. તે રાહી દીનનો પાયો છે." આપનું ફરમાન સાંભળીને અક્કલવાળા બનો. |
| ૫ કહા રાહા મૅં દેખાહું, સહી દીન હો કેરી ;<br>સો દીનકે પાઈએકી, બાત સુનીઓ સવેરી. | |
| ૬ અને બતાહૂં રાહા, થા જે મેરે દીના ;<br>ભી સારી રે દેખાહૂં , રાહા હુકમ એ કીના. | |
| ૭ ભી દીનકે ડુંગર, મૅં તુમકૂ દેખાહું ;<br>એ નબીજીને આખા, બાત તુમકૂ બતાહું. | ૭ આપે (સલ.) મિસાલ આપીને કહ્યું : " હું તમને દીનરૂપી ડુંગ રનું વર્ણન બતાવું છું ?" |
| ૮ તબ મુઆજને કહા, હાં રસૂલ ખુદાકે ;<br>સહી સાચે વાઅદે, હૅ તમારે સદાકે. | ૮ હઝ મઆઝે (રઝી) કહ્યું : " હા, અલ્લાહના રસૂલ (સલ.) બતાવો, તમારા વાયદા હંમેશાં સાચા હોય છે." |
| ૯ કહા ઈસ્લામ દીનકા, સીસ રે જાનો ;<br>અને નમાજ તો દીનકે, થમ રે પિછાનો. | ૯.૧૦ આપે (સલ.) કહ્યું : ઈસ્લામ ડુંગરના ધડની જેમ છે, નમાજ તેના પાયાની જેમ છે, અને જેહાદ તેના સૌથી ઊંચા શિખરની જેમ છે. (બાકી હદીસ ૧૭૧૦માં આવે છે) |
| ૧૦ બૂઝો બલંદી દીનકી, ડુંગરૂ હો કેરી ;<br>સો લડાઈ કરની, બૂઝીઓ સવેરી. | |
| ૧૧ એ ફરમૂદા નબીકા, સહી કર લીજે ;<br>અને એક કર રબકૂ, મના ઈતના દીજે. રે તૂહી. | ૧૧ નબી (સલ. ) ની હદીસ સાચી માની અલ્લાહને એક સમજીને કહો ....રે તુંહી. |
| ૧૨ સુનો બાતાં દીનકી, જો હૅ દીનકા ચાવ રે,<br>જો હૅ દીનકા ચાવ ;<br>સુનતે હોવે મૂમિના, નિત નિત કર મન ભાવ રે,<br>નિત નિત કર મન ભાવ. | ૧૨ દીનની ચાહના હોય તો દીનની વાતો સાંભળો હંમેશાં એ સમજો કે સાંભળવાથી મોમિન થશો.. |
| **૧૭૦૯ પહલ** | **બયાન - ૧૭૦૯**<br>પીર મશાયખ (રહે.) ઈમાનની સમજ આપે છે. |
| ૧ નિત નિત દીન નેહે કીજે રે ;<br>બાત દીનકી સુન સુન લીજે રે. | ૧.૨ હંમેશાં દીનથી પ્રેમ રાખો અને દીનની વાતો સાંભળો. નબી (સલ.) એ કહેલા અલલાહના સાચા દીનને સમજો. |
| ૨ સાચા દીન બૂઝો રહમાના રે ;<br>કહા જે નબીને સહી જાના રે. | |
| ૩ માને હુકમ જે જિસ ઠામા રે ;<br>સબ હુકમ મિલ દીનકા નામા રે. | ૩ દિનના જે જગ્યાએ જે હુકમ હોય તેને માનો. બધા હુકમો મળી ને દીન બને છે. |

(૧) આપે (સલ.) જે આયત પઢી તેનો તરજુમો આમ છે. " એ (નેક મોમિનો) નાં પડખાં રાતમાં બિસ્તરોથી અલગ રહે છે. અને તેઓ તેમના પરવરદિગારને ડર અને ઉમ્મીદથી પુકારે છે. અને અમોએ જે (માલ) તમને આપ્યો છે તેમાંથી તેઓ (ખુદાની રાહમાં ) ખરચ કરે છે. કોઈ જાનદાર (બશર) નથી જાણતાં

૪ સીસ તો બૂઝો પહલા દીન કેરા રે ;
ઈસ્લામ બૂઝીઓ સવેરા રે.
૫ ઈસ્લામ જે લે આના ઈમાના રે ;
ઈમાન ઈસ્લામ એક હૅ જાના રે.

૪.૫ પહેલાં ઈસ્લામને દીનનું ધડ સમજો. ઈમાન લાવવું એ ઈસ્લામ છે. ઈસ્લામ અને ઈમાન એક જ છે.

૬ કલિમા હૅ પહલા પ્રથમ કહીએ રે ;
જીભસૂં કહ કર જાહિર લહીએ રે.
૭ સહી બૂઝના ભી દિલ માંહાં રે ;
ખતરા રાખના ઉસમાં નાંહાં રે.
૮ જીભ ને દિલ એક હૅ કરના રે ;
સાચા દિલ ઠામ સિદકકા ધરના રે.
૯ ભેદ વે દિલમાં સહી લાહો રે ;
કલિમા જે જીભે હૅ રે પઢાહો રે.
૧૦ દિલ ભી ઍસા સાચા કરના રે ;
કલિમા જૂં જીભે હૅ સહી ભરના રે.
૧૧ ઈમાન ઈસે બૂઝો ઈસ્લામા રે ;
સિદક કરના દિલકે ઠામા રે.
૧૨ એ તો ઈમાન ઈસ્લામ કહીએ રે ;
સીસ એ દીનકા સહી લહીએ રે.

૬.૧૨ પહેલાં જીભથી કલેમો કહો અને સાથે સાથે તેને શંકાવગર દિલથી સાચો માનો. જીભ અને દિલને એક રાખી સાચા (સદક) દિલથી કલેમો કહો જેવો કલેમાને જીભે કહો તેવોજ દિલમાં રાખો એજ ઈમાન અને ઈસ્લામ છે કે જેને ધડ કહેવામાં આવ્યું છે.

૧૩ અફજલ ડાલી એ ઈનામ કેરી રે ;
મધ્ધે વે ડાલીઆં બૂઝો સવેરી રે.

૧૩ ઈમાનની ડાળિયોમાંથી અફજલ ડાળી કલેમો છે.

૧૪ દીનકે થંમ બૂઝો સલાતા રે ;
ચાવે શુક્ર કરો દિન રાતા રે.
૧૫ થંમ દીન કેરા નમાજા રે ;
સુનો એ હુકમ કેરા અવાજા રે.
૧૬ થંમ બિના ઘર રહવે નાંહાં રે ;
સુન ગાફિલ બૂઝો દિવલ માંહાં રે.
૧૭ થંમૂ બિના ઘર કોઈ કરાવે રે ?
હૅ ઘર થંમૂ બિના કોઈ દેખાવે રે ?
૧૮ થંમૂ બિના ન હોવે દીના રે ;
મૂમિન દીન થકી હૅ કહના રે.
૧૯ થંમૂ બિના દીન રહવે ના જાનો રે ;
નમાજ થંમ દીન હૅ પિછાનો રે.

૧૪.૧૯ દીનનો પાયો નમાજ છે. તેનાથી ચાહના રાખો અને રાતદિન અલ્લાહનો શુક્ર કરો. ગાફિલતું સાંભળ અને સમજ કે પાયા વિના ઘર કરવું ક્યાંય જણાતું નથી. શું પાયા વગર દીન ન હોઈ શકે ? અને મોમિનતો દીનથી જ છે.

૨૦ સુન સુન ગાફિલ જાગ એ બાતી રે ;
દીનકી રાહા હૅ ઍસી દેખાત રે.

૨૦.૨૧ ગાફીલ જાગ અને સાંભળ કે આ દીનની રાહા છે. જાગીને તું ઈમાનવાળો થા. ઈમાન મોમિનની નિશાની છે.

કે તેઓ (નેક મોમિન) માટે કેવી આંખોની ઠંડક છુપાવી રાખવામાં આવી છે. આ તેમના આ અમાલનું ઈનામ છે જે તેઓ કરતા હતા."

૨૧ હોને જાગ હોને ઈમાની રે ;
મૂમિન કેરી બૂઝો નિશાની રે.
૨૨ ડુંગર બડે બડે સુનો દીના રે ;
વે તો હેં જાગ સુન એ લીના રે.
૨૩ જંગ હેં દીન કાજ સહી કરના રે ;
એ હેં ડુંગર મન માહિ ધરના રે.
૨૪ જાં હેં જમીમાં દેખો પહાડા રે ;
જમીને પાયા હેં જાં કરારા રે.
૨૫ યું બૂઝો જંગ હેં ડુંગર દીના રે ;
જંગ જે દીન કાજે મન લીના રે.

૨૨.૨૫ સાંભળો દીન મોટા મોટા ! ડુંગરની રૂપે છે. દીન માટે જંગ કરવો એ ડુંગર સમજવા બરાબર છે. જેમ જમીન પરના પહાડોથી જમીન સ્થિર રહે છે તેમ જંગ રૂપી ડુંગરથી દીનમાં મજબૂતી આવે છે.

૨૬ કુફ્ર થકી કરના દાવા રે ;
નિત નિત દીનકૂ કરો ચાવા રે.
૨૭ કરે તો દિલ તેરા કરારા રે ;
દીનદાર હોવેગા સવેરા રે.
૨૮ જંગ દીન કાજે મન ધરના રે ;
નિત નિત સોચ સહી એ કરના રે.
૨૯ તો દિલ પાવે આરામ તેરા રે ;
રોશની દીનસૂં પાવે સવેરા રે.

૨૬.૨૯ કુફ્રથી દુશ્મની રાખો અને હંમેશાં દીનથી ચાહના રાખો. તમારા દિલને કરાર રાખશો તો દીનદાર થશો. દીન માટે જંગ કરવાનું હંમેશાં ધ્યાનમાં રાખો તો તમારા દિલને આરામ મળે અને દીનની રોશની મળે.

---

## ૧૭૧૦

૧ યૂં ખાતિમ નબીને, હુકમ રે કીતા ;
ફિર ફરમાયા, ઈતના હેં રે સુનીતા.
૨ તુમ દાના હો કર, સુનો આપકી જાતી ;
મેં મિલાકકી તુમકૂ, કહૂં રે બાતી.
૩ કહા મેં કરૂ બાત, સબ ઉસહી કેરી,
યૂં નબીજીને આખા, તબ રે સવેરી.
૪ સબ અમલ તમામ, પૂરેકા ઠામા ;
ઉસેં મિલાક હેં કહતે, બૂઝો રે નામા.
૫ તબ મુઆજને કહા, હાં રસૂલ ખુદાકે ;
કે હેં સાચે વાએદે, એ તમારે સદાકે.
૬ તબ જુબાં રે મુબારક, હાથ આપસકે લીતી ;
યૂં નબીજીને ઈશારત, હાથ જીભ લે કીતી.

## બયાન – ૧૭૧૦

હદીસ (બયાન નં.૧૭૦૮ થી)

૧.૪ પછી નબી (સલ.) એ જે ફરમાવ્યું તે તમે હોશિયાર થઈને સાંભળાં. આપે (સલ.) કહ્યું : " શું હું તમને 'મિલાક' યાને બધાય અમલોની જડ (મૂળ ચીજ) ની વાત કહું ?

૫ હઝ મઆઝે (રઝી.) કહ્યું : " હા, અલ્લાહના સાચા રસુલ જરૂર બતાવો."

૬.૭ ત્યારે નબી(સલ.) એ પોતાની જબાન મુબારક ઉપર હાથ રાખી ઈશારત કરી કહ્યું, : " બસ, આંને પકડી રાખો

૭ બસ એ હૅ તુજકૂ યૂં કરને આખા ;
જીભ પકડને ઈશારત, નિશાન રે દાખા.
૮ કે જુબાંસૂ બોલના, ખતરેસૂં નાંહાં ;
બોલે બાજ હૅ લિખાવે, વે ગુનેકી માંહાં.
૯ કે જુબાંથી બોલે.સૂં, હૅ લિખાયા જાતા ;
જે ખતરે જવાબ, હૅ જીભ પર આતા.
૧૦ અને ખતરા દિલમા આયા, બોલા રે નાંહા;
વે નૂરી નહી લિખ તે, જે હૅ રે દિલ માં હાં.
૧૧ એ ઈશારત સેતી, એંસા બૂઝો રે બયાના ;
એ સુન સુન ક્હો, દિલકે ધિયાના. રે તૂહી.
૧૨ જુબાં મુબારક હાથ લે, કીતી ઈશારત જાન રે,
કીતી ઈશારત જાન ;
સો ખતરેથી ના બોલીઓ, એ ભેંદ હૅ સુન માન રે,
એ ભેદ હૅ સુન માન.

તમારે આજ કરવાનું છે.)"

૮.૧૦ જબાનથી થયેલી ગુનાહની વાત જીભથી બોલાઇ ગયા પછી ગુનાહમાં લખાય છે. પણ જો બોલવાનો ખતરો દિલમાં આવ્યો અને બોલ્યા નહિ. તો જે દિલમાં રહી ગયું તેનો ગુનાહ ફરિશ્તા લખતા નથી.
(બાકી હદીસ ૧૭૧૧માં આવે છે)

૧૧ આપે (સલ.) ઇશારો કરીને જબાન વિષે બયાન કર્યું એને સાંભળી અને દિલના ધ્યાનથી ક્હો .. રે તુંહી.

૧૨ નબી (સલ.) એ પોતાની જબાન મુબારક હાથમાં લઈને ઇશારો કર્યો કે ગુનાહ થાય તેવું બોલો નહિ. આ હદીસનો ભેદ સમજીને માનો.

---

## ૧૭૧૧

૧ યા નબી અલ્લાહ કહને,મુઆજને પૂછાયા ;
એ ઈશારત સેતી. સોચ ચિંતાકા આયા.
૨ ક્હા મૈં પકડા જાહું, બોલ જીભ પર આતે ;
ભી ખતરેંકે બોલ, હૅ દિલમાં દેખાતે.
૩ તબ મુઆજને અરજ, કીતી એ સહી ;
એ ખાતિમ નબીને, સુન કર લહી.
૪ ક્હા તુજે પર રોવે, તેરી રેમાતા ;
યૂં ખાતિમ નબીને, તબ કહી રે બાતા.
૫ માતા રોએથી જનાયા, કે પકડા જાવે ;
કે જબ કુછ બોલ, જીભ પર લાવે.
૬ એતા કહ કર નબીને, ફિર કર આખા ;
સો મુઆજકા નામ, લેને દાખા.
૭ કે દોજખમાં આદમી, હૅ ડાલે રે જાતે ;
સો નાક ભર ઉનકૂ, હૅ ડલાએ સુનાતે.
૮ અને પીઠ ભી કેતે, ડાલે રે સહી ;
જીભાં બોલે રે કાજ, જે બાત થી કહી.

## બયાન – ૧૭૧૧

હદીસ (બયાન નં. ૧૭૧૦ થી )

૧.૩ હઝ. મઆઝે (રઝી.) ક્હયું કે " હે અલ્લાહના રસુલ (સલ.) શું ખતરો દિલમાં આવે અને જીભથી બોલાઇ જવાય તે ઉપર પણ અમારી પકડ થશે ?"

૪.૫ નબી (સલ.) એ ક્હયું :" મઆઝ તનેતારી માં રોવે (૧) (એટલેકે શબ્દ જીભ પર આવે તો પકડ થાય એટલું સમજમાં નથી આવતું ?)"

૬.૮ એટલું કહી આપે (સલ.) હઝ. મઆઝનું નામ લઈને ક્હયું કે 'દોઝખમાં ઘણા લોકોને તેમના નાક અને પીઠના બલ પર (ઊંધા) તેમની કડવી બૂરી જબાનને કારણે નાખવામાં આવશે.'

(૧) અરબમાં કોઇ વાત ન સમજનારને ઠપકો આપવા આ શબ્દો ક્હેવાનો મુહાવરો હતો.

૯ એ ફરમૂદા હૂવડા, ખાતિમ કેરા ;
સો મુઆજને સુનકર, લીયા રે સવેરા.
૧૦ કે જિને જીભસૂં, કીતી ગુનાહકી બાતી ;
વે દોજખ માંહી, ડોલે રે જાતી.
૧૧ સુન ઈમાની એ બાતી, પાક કરો આપ જાતી ;
અને એક કર ક્હો, દિન ઑર રાતી. રે તુંહી.
૧૨ જીભ બાંધ મૂમિન સહી, કરેના નરતી બાત રે,
કરે ના નરતી બાત ;
બોલતે નૂરી લિખસી, દુખ પાવેગી જાત રે,
દુખ પાવેગી જાત.

૯.૧૦ નબી (સલ.) ની આ હદીસ હઝમઆઝે (રઝી.) સાંભળી કે જીભથી જે ગુનાહની વાત કરશે તે પોતાને દોઝખમાં નાખશે.

૧૧ ઈમાનવાળાઓ વાત સાંભળો અને પોતાને પાક કરો, અને અલ્લાહને એક માની રાત-દિન કહો ... રે તુંહી.

૧૨ મોમિન જીભને બંધનમાં રાખીને નઠારૂં ન બોલે. તેવા બોલવા ઉપર ફરિશ્તા લખશે અને અઝાબ થશે.

---

### ૧૭૨ પદ

૧ સુન સુન રે ભાઈ દીનકે મેરે, ઐસી હૅ દીનકી બાતી ; અરે સુનતે મૂમિન હોવે ઈમાની, બાહિશ્તી હોવે જાતી.

૨ સુન સુન બાતાં હોને ઈમાની. ઉમ્મતી હો ખાતિમ કેરા ; અરે સુનતે બાતાં દીન હો કેરી, સહી કર બૂજ સવેરા.

૩ અરે ખાતિમ નબીને ઈતના આખા, જીભસૂં બોલે નાંહાં ; અરે નરતી બાતકા આવે ખતરા, જે તેરે દિલ માંહાં.

૪ અરે મત તૂ મુખમાં જીભ હિલાવે, ખતરે કેરી બાતી ; અરે નરતી બાતકા ખતરા આયા, જે કુછ તેરી જાતી.

૫ અરે મત બોલ તૂ જીભે વીરા, સોચ જે નરતા આવે ; બોલના તેરા લિખા સબ જાવે, ઉસથી દુખ તૂ પાવે.

૬ અરે યૂં કર બૂઝ પાસ તેરે, જીભે દુરિજન તેરા ; જો નરતી બોલી જીભ પર લાયા, બૂઝીઓ સહી સવેરા.

૭ સુન સુન દીનકે મેરે,
એસી હે દીનકી બાતી ;
અરે સુનતેમોમિન હોવે ઈમાની.
બહિશ્તી હોવે જાતી.

### બયાન - ૧૭૨

**પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.**

૧ દીનના ભાઈ ! દીનની આ વાતો સાંભળતાં જ તું ઈમાનવાળો થઈશ અને જન્નતી બનીશ.

૨ દીનની વાતો સાંભળતાં ઈમાનવાળો બન, નબીનો ઉમ્મતી બન અને દીનની વાતો સાંભળીને તેને સાચી સમજ.

૩.૫ નબી (સલ.) એ કહ્યું છે કે નઠારી વાતોનો ખતરો તમારા દિલમાં આવે તો જીભથી બોલો નહિ. જીભ હલાવો નહિ અને જો બોલશો તો ફરિશ્તા લખશે અને તને દોજખનો અઝાબ થશે.

૬ તું એમ સમજ કે શેતાન તારી પાસેજ છે. અને તારી જીભ પર ખરાબ શબ્દો લાવે છે.

૭ આમ, દીનની વાતો સાંભળીને પોતાના ઈમાનને સહી કરો. તમે દીનને શુદ્ધ મનથી સાચો સમજો તો અલ્લાહ તમને બખ્શી દેશે.

### ૧૭૧૩

૧ અબી ઈમામત રજી અલ્લાહ, અન્હો કહીએ ;
એ નબીજીકી હદીસ, હેં કહતે રે લહીએ.
૨ હેં ઉનૂકા નામ, સઈદ પિછાનો ;
હૂઆ ઈખતિલાફ કુનિયત, માંહી રે જાનો.
૩ થી ઉમર ઉનૂકી, બહુત રે સુનાઈ ;
અને તારીફ તો ઉનૂકી, બહુત ઠામ હેં લિખાઈ.
૪ એ ખાતિમ નબીકી, હેં હદીસ રે કહેતે ;
સો જૂં વે સુનકર, હેં સહી રે લેતે.
૫ એ હદીસ તો અસહાબૂસું, નહી રે છાની ;
સહી ઉનૂને યાદ રાખ, કહી રે જાની.
૬ કહા વાસતે અલ્લાહકે, જો દોસ્તી રાખે ;
કુછ દુર્નીકિ કામ કાજ, ના પીત રે દાખે.
૭ અને વાસતે અલલાહકે, જે ગુસ્સા રે કરાવે ;
અને રબકે વાસતે, જે કિસીકૂ દિલાવે ;
૮ અને મને ભી રબકે, વાસ્તે કરાવે ;
૯ ઉને સહી કામિલ, કિયા રે ઈમાના ;
એ ફરમૂદા ખાતિમ, નબીકા જાના.
૧૦ એ સુન સુન મૂમિન, કરો પાક રે જાતી ;
અને એક કર કહો, દિન ઑર રાતી. રે તૂહી.
૧૧ પીત કરો કાજ રબકે, ગુસ્સા ભી રબકે કાજ રે,
ગુસ્સા ભી રબકે કાજ ;
દેના ભી રબ વાસતે, ન રાખો દુની ઈલાજ રે,
ન રાખો દુની ઈલાજ.

### બયાન – ૧૭૧૩

(૧)
**હદીસ :દોસ્તી અને દુશ્મની અલ્લાહના વાસ્તે કરો.**
**રાવી : હઝ અબુ ઈમા માહ (ર) (રઝી.)**

૧.૫ હઝ અબુ ઈમામાહ (રઝી.) નબી (સલ.) થી સાંભળેલી હદીસ કહે છે. તેમનું નામ સઈદ હતું તેમના ઉપનામ (કુનિયત) વિષે મતભેદ છે. તેમની ઉમર બહુ હતી અને તેમની તારીફ બહુજ લખાઇ છે. આ હદીસ બીજા અસ્હાબીયો (રઝી. અન્હુમ) એ પણ સાંભળી અને યાદ રાખી હતી.

૬.૯ નબી (સલ.) એ કહ્યું કે "જે કોઇ દુનિયા માટે નહિ, પણ અલ્લાહ માટે કોઇનાથી મહોબત (દોસ્તી) રાખે, કોઇથી ગુસ્સો (બુગ્જ – અદાવત ) કરે તો અલ્લાહ માટે કરે, અને અલ્લાહ – ના વાસ્તે કોઇને કાંઇ અપાવે (ખર્ચ કરે ) અને કોઇ ચીજથી મના કરે તો અલ્લાહના માટે મના કરે, તેણે ઈમાનને (યકીનન) પુરૂં (કામિલ ) કર્યું."

૧૦ હદીસ સાંભળીને તમે તમારી જાતને પાક કરો અને અલ્લાહને એક સમજી રાતદિન કહો......રે તુંહી.

૧૧ કોઇથી પ્રિત કરો તો અલ્લાહ માટે કરો, અને ગુસ્સો કરો તો અલ્લાહ માટે કરો.. કોઇને કાંઇ આપો તો તે પણ અલ્લાહ વાસ્તે આપો. આમાં દુનિયાની વાત વચમાં લાવો નહિ.

### ૧૭૧૪ નજમ.

૧ બેગી આહો ભાઈ દીન કેરે રે, તમે સુનો રે ;
સુન સુન લોને સવેરે રે, તમે સુનો રે.
૨ સુન સુન હોના હેં ઈમાની રે, તમે સુનો રે ;

### બયાન – ૧૭૧૪

**પીર મશાયમ (રહે.) હદીસ સમજાવતાં કહે છે :**
**'તમે સાંભળો'**

૧.૨ દીનનાભાઇ જલદી આવો અને દીનની વાતો સાંભળો. સાંભળવાથી ઈમાનવાળા થવાય અને ઈમાન મોમિનની નિશાની છે.

(૧) મિશ્કાત (ભાગ–૧, વિભાગ–૨) કિતાબુલ ઈમાનની ફસલ બીજીની અનુક્રમે સત્તાવીસમી હદીસ છે. આ હદીસને અબુદાઊદ અને તિરમીજીએ મઆઝ ઈબ્ને અતસ (રઝી.) થી (થોડા ક આઘા–પાછા શબ્દોથી) નકલ કરી છે. તેના છેલ્લા શબ્દો. આ છે : " તો તેણે પોતાના ઈમાનને યકીન પુર્ણ કર્યું

મૂમિનકી એ હૅ નિશાની રે, તમે સુનો રે.
૩ વાસતે ખુદાકે કરો નેહા રે, તમે સુનો રે ;
પીત કરો કસી આપ દેહા રે, તમે સુનો રે.
૪ રબકે વાસતે ચાહો રે, તમે સુનો રે ;
કિસી સંગ પીત કરાહો રે, તમે સુનો રે.
૫ મત બીચ લાહો દુની કામા રે, તમે સુનો રે ;
ઍસા મત રાખો દિલ ઠામા રે, તમે સુનો રે.
૬ નેહ કરો વાસતે ઈલાહી રે, તમે સુનો રે ;
દીન કાજે ચાહો કિસી ભાઈ રે, તમે સુનો રે.
૭ ગુસ્સા કરો વાસતે રહમાના રે, તમે સુનો રે ;
દુની કાજ નહી બીચ લાના રે, તમે સુનો રે.
૮ વાસતે રબકે દેના રે, તમે સુનો રે ;
વાસતા ના દુની મન ધરના રે, તમે સુનો રે.
૯ રબ કાજે મને ભી કરાહો રે, તમે સુનો રે ;
હુકમ જે મન ચિંતા લાહો રે, તમે સુનો રે.
૧૦ ઈનૂ કામૂ અજર હૅ પાના રે, તમે સુનો રે ;
સુન સુન હોના ઈમાના રે, તમે સુનો રે.
૧૧ વાસતે રબ મન ધરના રે, તમે સુનો રે ;
ઍસી ચિંતા રાખી કામ કરના રે. તમે સુનો રે.

---

૧૭૧૫

૧ સુનો ઉસમાન રજી અલ્લાહ, અન્હો કહીએ ;
એ બયાન હૅ કરતે, સુન કર લહીએ.
૨ થે અસહાબી નબીકિ, કેત્તે મરદૂકી જાતી ;
સહી ઉસમાને ઈતની, કહી રે બાતી.
૩ જબ ખાતિમ નબીને, વફાત રે પાઈ ;
તબ ઉનૂ દિલ ચિંતા, બહુત ગમકી આઈ.
૪ તબ બાજૂને આપમાં, વસવાસ કીતા ;
એ ભી ઉનૂમાં થા જવાબ, યૂં ઉસમાને દીતા.
૫ વે હમ સબ બૅઠે થે, ઉસમાને આખા ;
તબ ઉમર હમૂ પર, હો ચલીએ દાખા.
૬ તબ ઉમરને હમૂ પર સલામ પઢીઆ ;

૩.૫ કોઇનાથી તમે પ્રેમ કરો તો ખૂદાને વાસ્તે કરો, અને વચમાં દુનિયાનું કામ લાવો નહિ. અને એ વાત દિલમાં રાખો નહિ.

૬ મુસલમાન ભાઇને દીનના માટે ચાહો. તેનાથી પ્રેમ કરો તો વાસ્તે ઇલાહી કરો.

૭ કોઇ નાથી ગુસ્સો કરો તો અલ્લાહ માટે જ કરો. દુનિયા માટે નહિ.

૮ કોઇને કાંઇ આપો તો અલ્લાહ માટે આપો. દુનિયાનો વાસ્તો મનમાં રાખો નહિ.

૯ કોઇને કાંઇ મના કરો તો અલ્લાહ માટે મના કરો. બધું અલ્લાહના હુકમસર કરો.

૧૦ અલ્લાહને વાસ્તેથી કરેલો કામોનો અલ્લાહ બદલો આપશે. હદીસ સાંભળીને ઇમાનવાળા થાઓ.

૧૧ આ કામ કરતાં એટલી ચિંતા રાખો કે તે કામ અલ્લાહના વાસ્તેથી થાય.

## બયાન – ૧૭૧૫

(૧)

**હદીસ : ક્લેમો મોતથી છુટકારો (નજાત) આપે છે.**

**રાવી : હઝ. ઉસ્માન (રઝી.)**

૧.૫ હઝ. ઉસ્માન (રઝી.) આપ (સલ.)ના સહાબી છે. તેઓ કહે છે કે જયારે આપ (સલ.) ની દુનિયાથી વફાત થઇ ત્યારે કેટલાએ સહાબીઓ (લોકો) બેઠા હતા. તેઓ કહે છે કે અમારી ઉપર વસવસો, ગમગીની અને ચિંતા છવાઇ ગઇ હતી (કે હવે દીનનું શું થશે ?)

૬.૯ હઝ. ઉસ્માન (રઝી.) કહે છે કે અમો બધા બેઠા હતા ત્યારે હઝ. ઉમર (રઝી) અમારી વચ્ચે થઇને ચાલ્યા, અને

(આજ હદીસ નું મિશ્કાતમાં વર્ણન છે.)

(૨) ઉપનામ છે. તેમનું મૂળનામ સદીબિન અજલાન બિન હારિસ છે. તેમના કબીલાના નામ ઉપરથી તેમને બાહલી તથા સહમી પણ કહે છે.

સો હમૂને ગમ કાજ, નહીં રે સુનીઆ.
૭ ગહે ઉમર સિદ્દીક, અકબર પાસા;
એ બાત હો સઘલી, કહનેકી આસા.
૮ તબ શેખેંન દોનૂ, હો ઈકઠે આએ ;
સો ઉસહી ઠામ, ફિર આએ રે સુનાએ.
૯ વે શેખેંનને સલામ, સબ પર પઢીયા ;
સબૂ ઉત્તર દીયા, સહી રે સુનીયા.

૧૦ સુન સુન બાતી, સહી કર લીજે ;
અને એક કર રબકૂ, મન ઈતના કહીજે. રે તૂહી.
૧૧ સુન સુન ઈમાન લાહેસી, એ મૂમિન કેરી રીતે રે,
એ મૂમિન કેરી રીત ;
તો સુનને વીરા ચાવસૂ જો હૅ દીનકી પીત રે,
જો હૅ દીનકી પીત.

---

અમને સલામ કરી, પણ અમોએ (ગમને લીધે) કાંઇ સાંભળ્યું નહિ. હઝ. ઉમરે (રઝી.) હઝ .અબુબકર સીદ્દીક (રઝી.) પાસે જઇને સઘળી વાત કરી કે તેમની સલામનો જવાબ મળ્યો નહિ. ત્યારે, બંને શેખો (રઝી. અન્હુમા) ભેગાં મળી તે જગ્યાએ પાછા આવ્યા, અને બધાને સલામ કરી, જેનો બધાએ જવાબ આપ્યો. (બાકી હદીસ આગળના બયાનમાં આવે છે.)

૧૦ દીનની આ વાતો માનો અને અલ્લાહને એક માની મનમાં લાવો... રે તુંહી.

૧૧ સાંભળીને ઇમાન લાવવું એ મોમિનની રીત છે. ભાઈ ! દીનથી પ્રિત હોય તો દીનની વાતને ચાહનાથી સાંભળ.

## ૧૭૧૬

૧ પછે સિદ્દીક કે કહી, ઉસમાનકૂ બાતી ;
કે કયા બાત આઈ થી ? તમારી જાતી.
૨ કે તુમારે ભાઈ, ઉમર રે જાનો ?
ન ઉનૂ પર સલામ, તમૂ મન રે માનો.
૩ તબ ઉસમાને કહયા, મૈં ન કીયા એ કામા ;
કે સલામ કેરા, ન વાલૂં રે સલામા.
૪ ફિર ઉમરને કહયા, મૈં કહી સહી બાતી ;
અને સૂં ભી ખાઈ, ઉમર સુનાતી.
૫ કે તમૂને સહી, એ કિયા રે કામા ;
કે જવાબ ના દિયા, જમ કિયા થા સલામા.
૬ તબ ઉસમાને કહયા, ફિર સૂં મૈં ખાહી ;
કે તુમારે આનેકી, મુજે ન થી રે આગાહી.
૭ મૈં જાને નહીં, તુમ્હે આએ ઉસ ઠામા;
ઉસ કાજે નહીં, મૈં કિયા રે સલામા.
૮ એ સુન ફિર સિદ્દીકને, ઈતના આખા ;

## બયાન - ૧૭૧૬
### હદીસ (બયાનનં ૧૭૧૫ થી)

૧.૫ પછી, હઝ.અબુબકર સીદ્દીક (રઝી.) એ હઝ. ઉસ્મા (રઝી.) ને કહયું : " તમારી સામે શું વાત આવી કે તમોએ તમારા ભાઇ ઉમરની સલામનો જવાબ આપ્યો નહિ ? ત્યારે, હઝ. ઉસ્માન (રઝી.) એ કહયું કે 'સલામનો જવાબ ન આપું ' એવું કામ મેં કર્યું નથી. હઝ. ઉમર (રઝી.) કહયું કે 'હું કસમખાઈને કહું છું કે તમોએ એવું કર્યું છે.'

૬.૯ હઝ. ઉસ્માને (રઝી.) કસમ ખાઇને હઝ. ઉમર (રઝી.) ને કહયું કે 'તમારા આવવાની મને ખબર ન હતી. તમે આવ્યા તેની ખબર મને ન રહી એટલે મેં સલામનો જવાબ આપ્યો નહિ.' પછી હઝ. સિદ્દીક (રઝી.) કહયું 'શું કોઇ ખાસ ફિકરને લીધે તમને ધ્યાન ન હતું ?' ત્યારે હઝ. ઉસ્માને (રઝી.) કહયું કે 'હા, સાચેજ તમે કહો છો તેમજ છે.' (બાકી હદીસ આગળના બયાનમાં આવે છે.)

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨) કિતાબુલ ઈમાનની ફસલ ત્રીજીની અનુક્રમે છત્રીસમી હદીસ છે. (અહમદ)

ઉસ ફિકરને તમૂકુ, પીછા વે રાખે રે દાખા.
૯ તબ ઉસમાને કહયા, હાં એ રે સહી ;
સો બાત તો તમૂને, જૂં રે કહી.
૧૦ એ બયાન રે સુન સુન ચિત રે દીજે ;
અને એક કર રબકુ, મન ઈતના કહીજે. રે તૂહી.
૧૧ સુનતે હોવે મૂમિના, સુનતે દીનકી બાત રે,
સુનતે દીનકી બાત ;
તો સુનને ભાઈ નેહસૂં, છૂટક પાવે જાત રે,
છૂટક પાવે જાત.

૧૦ આ બયાન સાંભળીને મનમાં લો અને અલ્લાહને એક માની મનમાં આટલું ધરો ....રે તુંહી.

૧૧ દીનની વાત સાંભળતાં મોમિન થવાય. તો દિનના ભાઈ પ્રેમથી સાંભળ જેથી તને છુટકારો મળે.

---

## ૧૭૧૭

૧ તબ ઉમરને આખા, ક્યા થી વે ચિંતા ?
તબ ઉસમાને ફિર કર, કહા રે સુનીતા.
૨ કે ખાતિમ અંબિયા, રબે ફૌત રે કરાએ ;
એ પૂછનેથી વહેલે, રબને બુલાએ.
૩ મેં પૂછ ન સકીયા, એ મૌતકી બાતી ;
વે ચિંતા રહી હૈ, મેરી રે જાતી.
૪ તબ સિદ્દીકને કહા, એ મેં પૂછા હૈ સહી ;
વે હકીકત્ત સિદ્દીકિ, સબ રે કહી.
૫ તબ ઉસમાન ઠાડે હો, આએ સિદ્દીકકે પાસા;
સો બાતા એ પૂછને, કેરી રે આસા.
૬ સો બહુત રે ચાવસૂં, પૂછે એ બાતી ;
કહા માબાપ મેરે, ફિદા તુમારી જાતી.
૭ કે તુમ હો લાઈક, ઈસ ઉમર હો કેરે ;
કે નબીજીકુ પૂછના, તુમ કરો રે સવેરે.
૮ તબ સિદ્દીકને બયાન, યૂં કર આખા;
કે નબીજીકૂ ,પૂછા થા, મૌત કાજે રે દાખા.
૯ કે વે મેં કહા કહોને, તમે રસુલ ખુદાકે ;
કે સાચે વાએદે, કૌલ તમારે સદાકે.
૧૦ કે કહા હૈ ન જાત, ઉસ મૌત હો કેરી ;

## બયાન નં - ૧૭૧૭
### હદીસ (બયાનનં.૧૬૧૯થી)

૧.૩ હઝ. ઉમરે (રઝી.) પુછ્યું : " શી ચિંતા હતી ? હઝ. ઉસ્માને (રઝી.) જવાબ આપ્યો કે 'મારે મોત વિષે (નજાત વિષે) આપ (સલ.) થી પુછવું હતું, પણ હું પૂંછું તે પહેલાં અલ્લાહે આપ (સલ.) ને તેની પાસે બોલાવી લીધા હું પૂછી ન શક્યો તેની ચિંતા મારી ઉપર હતી.'

૪.૯ હઝ.અબુબકરે (રઝી.) કહ્યું કે 'મેં આપ (સલ.) થી મોત થી નજાત વિષે પુછ્યૂં છે.' ત્યારે, હઝ. ઉસ્માને (રઝી.) તેમની પાસે આવીને કહ્યું : " મારાં માં બાપ આપ પર કુરબાન ! શું આપે આપ (સલ.) થી આ વિષે પૂછી લીધું છે ? તમે ખરેખર આ સમયે વધારે લાયક છો કે નબી (સલ.) થી (આપની નજદીકીને ) પૂછી પણ લીધું." હઝ. અબુબકર સિદ્દીક (રઝી.) કહ્યું :" હા, મોતથી છૂટાકારા વિષે મે નબી. (સલ.) થી પૂછી લીધું છે."

૧૦ મોત થી ન જાત કોને કહી છે તે સાંભળીને 'તમે મોમિનો' દિમાગમાં લો અને કહો ....રે તુંહી.

એ સુન સુન મૂમિન ચિત દીયા રે સવેરી. રે તૂહી.
૧૧ રબકૂ એક જાનકર, સુનની દીનકી બાત રે,
સુનની દીનકી બાત ;
હુકમ જાં લે હૅ સહી, ખાતિમ નબીકી જાત રે,
ખાતિમ નબીકી જાત.

૧૧ અલ્લાહને એક જાણીને દીનની વાતો સાંભળો.. નબી (સલ.) એ જેમ ફરમાવ્યું તેમ જ હુકમ માનો

---

૧૭૧૮

૧ જબ સિદ્દીકને નબીકૂ, એ બાત રે પૂછાઇ ;
તબ ખાતિમને ઇતની, કીતી રે આગાઇ.
૨ કહા મુજથી કલીમા, જે કો કબૂલ કરાવે ;
કે કલીમા મેરા, સહી ચિત લાવે.
૩ એ ખાતિમ નબીને, તબ જવાબ રે આખા ;
કાજ મેં મેરે ચચેકૂ, કહા થા દાખા.
૪ મેં જે ચચા રે મેરેકૂ, થા કલીમા બતાયા ;
અને ઉનૂને સુનતે, ન કબૂલ કરાયા.
૫ વે પઢે જે કલિમા, વે નજાત રે પાવે ;
કે મૉતકે વક્ત, ઉસે આસાન હો જાવે.
૬ એ સુલ્તાન અંબિયાને, હુકમ પઢાયા ;
મૉત કેરી નજાતકા, એ બયાન રે બતાયા.
૭ સહી વે થા કલીમા, તઇયબ રે જાનો ?
જે નબીજીને ચચાકૂ, દાખા થા માનો.
૮ એ સિદ્દીકને હદીસ, નબીજીકી કહી ;
તબ ઉસમાને સુન કર, સહી રે લહી.

૯ તો મૉત હો સેતી, પાવે રે નજાતા;
સો કલિમા તઇયબ, કહવે જિસકી જાતા.
૧૦ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી ;
અને નેહસૂં કહો, દિન ઑર રાતી. રે તૂહી.
૧૧ કલીમા જીભે લાએસી, વેલા હોતે મૉત રે,
વેલા હોતે મૉત ;
નજાત વે પાવે સહી, કઠન વેલા જે મૉત રે,
કઠન વેલા જે મૉત.

## બયાન ૧૭૧૮
### હદીસ (બયાન નં ૧૭૧૭ થી)

૧.૨ હઝ. અબુબકર સિદ્દીક (રઝી.) એ જ્યારે નબી(સલ.) થી પુછ્યું ત્યારે આપે (સલ.) તેની ખબર આપીકિ 'જે કોઇ મારો કલમો દિલથી કબૂલ કરશે તેને મોતથી નજાત મળશે.'

૩.૪ આપે (સલ.) કહ્યું કે " એટલા માટે તો મેં મારા કાકા (અબુતાલિબ) ને મારો કલમો કહેવાનું કહ્યું હતું, પરંતુ તેમણે કલમો સાંભળીને કબૂલ કર્યો નહિ."

૫.૬ આપે (સલ.) કહ્યું કે " જે મારો કલમો પઢશે તે છૂટકારો પામશે, અને તેની મોત આસાન થશે." મોતની નજાતનું બયાન સુલતાનુલ અંબિયાએ આમ બતાવ્યું.

૭ નબી (સલ.) એ તેમના કાકાને જે કલમો કહેવાનું કહ્યું હતું તે 'કલેમા તૈયબ' છે.

૮ હઝ અબુબકર સિદ્દીક (રઝી.) નબી (સલ.) ની હદીસ આ પ્રમાણે કહી અને હઝ ઉસ્માને (રઝી.) તે સાંભળીને માની લીધી.

૯ આપે (સલ.) કહ્યું કે 'જે માણસ મોત વેળાએ કલેમા તૈયબ કહે તેને મોતથી છૂટકારો મળશે.'

૧૦ દીનની આ વાતો સાંભળીને પોતાને પાક કરો, અને પ્રેમથી રાતદિન કહો.......રે તુંહી.

૧૧ મોત વેળાએ જે કોઇ કલમો જીભે લાવશે તે મોતની કઠણ વેળાએ છૂટકારો પામશે.

### ૧૭૧૯ બલ

૧ સુનો જીવ હો, સુનો વીર હો.
નજાત એ મૉત કેરી, બૂઝો કલીમા હૅ સવેરી ;
તઈયબ વે નામ જાનો, મન આનો જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો.
મૉત વેલા કહો કલિમા, જીભે ન તો રાખો મનમાં ;
સોહલી હોવેગા મૉતા, હોતે ફૉતા જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો.
જીભ જો દુઃખે બંધાવે, કલિમા જો ના જીભે આવે ;
દિલમાં તો ક્લ્મા રાખો, સહી દાખો જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો.
અફજલ પાઈયા ઈમાન કેરા, ક્લીમા વે બૂઝોસવેરા ;
હુકમસૂં એ સુન સુન લીજે, ચિત દીજેજી.
૫. સુનો જીવ હો સુનો વીર હો.
કલિમા સેતી રાખો નેહા, કલિમા પીતે રંગો દેહા ;
નેહે કરો અભ્યાસા, કરની આસાજી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો.
કલિમા સેતી રાખો પીતા, નજાતકી એ હૅ રીતા ;
મૉત તો હોવે આસાના, હૅ સહી જાના જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો.
જે જિસ સેતી કરસી પીતા, યાદ વે આવે સુનીતા ;
મૉત વેલા સહી જાનો, મન આનો જી.
૮ સુનો જીવ હો, સુનો વીર હો.
કલિમે સેતી પીત કરની, ઍચિંતા પૂર મન ધરની ;
યાદ આવે પડતે કામા, દિલ ઠામા જી.

### બયાન ૧૭૧૯

**પીર મશાયખ (રહે.) હદીસ સમજાવતાં કહે છે. :**

**સાંભળો જીવ ! સાંભળો વીર !**

૧ ક્લેમા તૈયબ મોતથી નજાત છે. તેને મનમાં લ્યો.

૨ મોત વેળાએ જીવન ફૌત થાય ત્યારે ક્લેમો કહો. જીભથી ના કહી શકો તો મનમાં કહો, તેથી મોત સહેલી થશે.

૩ મોત વેળા દુઃખથી જીભ બંધાઈ જાય અને જીભે ક્લેમો ન આવી શકે તો દિલમાં ક્લેમો કહેતા રહો.

૪ ક્લેમાને ઈમાનનો અફઝલ પાયો માનો. ક્લેમાને તેના હુકમ મુજબ પઢો, સાંભળો અને મનમાં લો..

૫ ક્લેમાથી પ્યાર રાખો. ક્લેમાની પ્રિતથી જાતને રંગી દો અને નજાતની આશા રાખો. ક્લેમાનો પ્રેમથી અભ્યાસ કરો (કે ક્લેમાનો હુકમ શું છે.)

૬ સાચી વાત એ છે કે ક્લેમાથી પ્રિત રાખો તો મોત આસાન થાય. મોતથી છૂટકારાનો ફક્ત આજ રસ્તો છે.

૭ મનથી એ વાત નક્કી કરીલો કે જેનાથી પ્રેમ કરશો તે મોતવેળાએ યાદ આવશે.

૮ ક્લેમાથી પ્રિત કરવાની મનમાં ચિંતા દિલમાં ધરો. ક્લેમો મોતવેળાએ કામ લાગશે.

### ૧૭૨૦

૧ અરે કલિમો તો હૅ મૉત નજાત, સુન સુન મૂમિન ભાઈ ; અરે ક્લ્મેસૂં હોવે મૉત આસાના, ખાતિમકી એ બડાઈ.

### બયાન – ૧૭૨૦

**ક્લેમો અને મુશરીકો**

**પીર મશાયખ (રહે.) ક્લેમા વિષે સમજ આપે છે.**

૧ મોમિનભાઈ સાંભળ ! ક્લેમો મોતથી નજાત છે. નબી (સલ.) ની બુઝુર્ગી છે કે ક્લેમો પઢતાં મોત આસાન થાય છે.

૨ મુશરિક હિંદુસ્તાન જે કેરે, કહતે હૅ જે ઈસ ઠામા; અરે જૂઠી બોલીસૂં બાતાં હૅ કરતે, ઘર ઘર બેદ જે નામા.

૩ અરે ઉનૂ ભી કલિમા ખાતિમ કેરા, ઉસ માંહે લે બાયા ; અરે બોલી ઉનકીમાં અખર મિલાને,હૅ કલિમા જે પઢાયા.

૪ મૉત આવે સક્રાત વેલા, બામન હૅ વે પઢાતે ; અરે સક્રાત જિસકૂ બહુત દેખાતી, ઈસકૂ હૅ આસાન ચાતે.

૫ અરે સક્રાતથી હૅ નજાત વે પાતે, કલ્મા ખાતિમ સુનાતે ; એ બાત છુપી નહીં સબ કો જાને, બામન કલિમા ભણાતે.

૬ અરે બોલી સંસ્કૃત હો કેરી, ઉસમાં એ હૅ લિખાય; ઉસ કાજે નહીં પઢતે જનાતે, ક્યૂં હૅ ઉનૂ છુપાય?

૭ મુશરિક દુશમન દીનજ કેરા, વે ભી નજાત હૅ પાવે; અરે સાચા નબી ઍસા હમારા , ચકવે હુઆ દેખાવે.

૮ અરે કલિમે માંહે દો હૅ નામા, રબ ને રસૂલ કેરા; એ દેવે ગવાહી નંના બાલા, એ દો નામૂ સવેરા.

૯ અરે કલિમે માંહી નહી પઢના, ઑર બૂઝો રે કલામા; અરે બાલા ભી જાને હૅ એ કલિમા, રબ રસૂલકે નામા.

૧૦ અરે ઑ સાચા નબી હમારા, સાચા હૅ દીન રહમાની; અરે સુનતે કલમા દુશમન દીના, નજાત પાયા જાની.

૧૧ સક્રાત સેતી નજાત જે પાઈ, સુનતે કલિમા કહના ; દુશ્મન જે નહી ચાતે દીના, ઉનૂ પાયા આસાના.

૧૨ એ બાત છુપી કિસથી નાંહાં, જાહિર સબ જગ માંહાં ; હાથ કંગનકૂના દર્પન ચાહીએ, દીસે નૅનૂ જે માંહાં.

૧૩ ઍસા સાચા નબીજી હમારા, સાચા દીન હૅ રહમાના ; આસાન હોવે એ દો નામૂ, નહીંજગમાં

૨.૩ આ દેશ હિન્દુસ્તાનમાં મુશરિકો ઘેર ઘેર વેદના નામથી જૂઠી વાતો કરે છે. તેઓએ પણ વેદમાં નબી (સલ.) નો કલેમો એમની બોલીના અક્ષરોમાં મેળવીને મૂક્યો છે. અને તેમના બોલ પઢે છે.

૪ જે મુશરિકોની મોત બહુ ભારે દેખાય તેને આસાન કરવા મોતવેળા બ્રાહ્મણ આવીને મંત્રો પઢે છે.

૫ બ્રાહ્મણ તેની બોલીમાં સકરાતથી નજાત આપવા નબી (સલ.) નો કલેમો સંભળાવે છે. બ્રાહ્મણ આવીને પઢે છે તે વાત છૂપી નથી, સૌ કોઇ જાણ છે.

૬ તેમણે સંસ્કૃત બોલીમાં કલેમો લખીને છુપાવ્યો છે. એટલે તેઓ કલેમો પઢતાં જણાતાં નથી.

૭ મુશરિકો જેઓ દીનના દુશ્મનો છે, તેઓ પણ કલેમા થકી નજાત ઇચ્છે છે એવા અમારા સાચા નબી (સલ.) બધાના સરવર છે.

૮ કલેમામાં રબ અને રસૂલનું નામ છે. આ બે નામોની ગવાહી નાનો બાળક પણ આપે છે.

૯ અલ્લાહ અને રસૂલના કલેમામાં તેમનાં જે નામો લેવાય છે તે શિવાય બીજું કોઇ નામ પઢવું નહિ. નાનો બાળક પણ આ કલેમો પઢે છે.

૧૦ અલ્લાહનો દીન સાચો છે, અને તેના નબી પણ સાચા છે. દીનના દુશ્મનો પણ કલેમો સાંભળી 'મુક્તિ મેળવી' એમ માને છે.

૧૧ દીનને નહિ ચાહતા દુશ્મનો પણ સકરાતવેળાએ કલેમો કહીને મોતની આસાની અનુભવે છે.

૧૨ આ વાત છુપી નથી, જગ જાહેર છે. આંખે દેખાય તેવાં હાથ કંગણ જોવા દરપણ ન જોઇએ.

૧૩ અલ્લાહનું દીન અને તેના રસૂલ સાચા છે. તેમનાં બેઉ નામોથી મોત આસાન થાય તે વાત જગતમાં છાની નથી.

છાના.

૧૪ મૂમિન ટોલો મુનાફિક કેરી, કૈસી કરો અબ બાતી? અરે ઠામ ઠામ જાુઠે પડતે તુમના, લાજ નહી ક્યૂ આતી ?

૧૫ અરે એક ઠામ હૅ જે કો જાૂઠા પડતા, વે તો હૅ શરમાતા ; ફિર નહી કિસે મુંહ વે દિખાતા, બહુતહૅ લાજ ચાતા.

૧૬ નહી લીલજ તમૂ જૈસા, જગ માંહે કો દેખાતા; અરે દીન તુમારા જાૂઠા પડીઆ, જેતી હો કરતે બાતા.

૧૭ બોલનેકી નહી તમુંને ઠામા, લાજ નહી તો ભી આતી ; અરે જાૂઠા પડીઆ દીન તમારા, ફિર હો કરતે વે બાતી..

૧૮ અરે ભઠ જીવત તુમારા જગમાં, નિર્લજ મુંહ ક્યૂં છુપાહો ? કુછ ભી લાજ હોવે તમૂ જાતી, પાની માંહી ડૂબાહો.

૧૪ મુનાફિક મોમિનોની ટોળી ! તમે હવે કેવી વાત કરશો ? ઠામે ઠામ તમે જુઠા પડયા છો તો યે તમને લાજ આવતી નથી.

૧૫ એક જગ્યાએ જે જુઠો પડે તે તો તે શરમાય છે. કોઇને મોઢું બતાવતો નથી અને લજવાય છે.

૧૬ તમારા જેવા નિર્લજ જગતમાં કોઇ દેખાતા નથી. તમે તમારા દીનની જેટલી વાતો કરો છો તે જુઠી પડી છે.

૧૭ તમારે બોલવાની જગા રહી નથી, છતાં પણ તમને લાજ નથી આવતી !

૧૮ ભઠ તમારૂં જીવતર ! બેશરમ ! તમે મોઢું કેમ છુપાવો છો ? તમને શરમ હોય તો પાણીમાં ડૂબી મરો.

---

૧૭૨૧ બિરહા.

૧ સુન સુન ભાઈ દીનકે, અચીતા આવે મૉત રે ;
નજાત ઉસકા કલિમા, સમર નિત નિત બૉત રે.

૨ નજાત પાવે તૂ સહી, યૅસા વે રાખ મન રે ;
કર પીત તો ઉસથી ઘની, સાંભરે તુજે ઉસ દિન રે.

૩ પાસે તો ભાઈ દીનકે, જા કર પઢા હો કલ્મા ;
સો મૉત વેલા ઉસકે, એ બાત રાખો મનમાં.

૪ પાસે પઢો બૅઠ કલિમા, સુને જાૂ વે આપ કાન રે;
બિસરા કભી હોવે ઉસે, સુનતે તો હોવે જાન રે.

૫ જીભે જો ના વે કહ સકે, બૂઝે ન ઑર કુછ બાત રે;
કલિમા નહી જીભે કહતા, હૅ કૈસી ઉસકી જાત રે.

૬ જબ જાુબાં બંધાઈ દુખસૂં, બોલનેકી સુધીઆ નહીં;
કલિમા તો હૅ બૂઝો સહી, કહતા હૅ આપકે દિલ માંહી.

૭ તાકીદ ન કરો તુમ, કલિમા સીખાને કામ રે ;

## બયાન – ૧૭૨૧

## પીર મશાયખે (રહે.) કલેમા વિષે સમજાવે છે.

## મોત વેળા કલેમો.

૧ દીનના ભાઇ ! મોત ઓચિંતુ આવે છે. કલેમો તેનાથી નજાત છે. માટે કલેમાને રોજ સમરો.

૨ કલેમાને હર ઘડી મનમાં રાખી તેનાથી ઘણી પ્રિત કરે તો તને મોતના તે દિવસે તે સાંભરશે અને છૂટકારો મળશે.

૩.૪ મોતવેળા મરનારની પાસે જઇને તે સાંભળે તેમ કલેમો પઢો. જેથી વિસારે પડેલો કલેમો તેની જાણમાં આવે.

૫.૬ મોતવેળા દુઃખથી જબાન બંધાઇ જાય, બોલવાની શુધ ન હોય, કાંઇ સમજે નહિ અને જીભથી કલેમો કહી ન શકે, તો બીજાઓ કલેમો પઢે જેથી મરનાર દિલમાં કલેમો કહે.

૭ મરનારને કલેમો શીખવવાની તાકીદ ન કરો, પણ પઢી પઢી ને તેને સંભળાવો, જેથી તે તેને દિલ થી સમરે.

પઠ પઠ સુનાહો કલિમા, સમરે તો દિલકે ઠામ રે.
૮ દુરિજન હૅ આવ જંગ કરતા, મૉત વેલા ઉસસૂં સહી;
એક વલીકી જાતકી ખબર યૂં સુની ગહી.
૯ વેલા તો પહુંચી મૉતકી, ઑર ભી વલી થે પાસ રે;
કલિમા ઉનૂ તાકીદસૂં, કીયા સીખાને આસ રે.
૧૦ જબ વે કહવે કલ્મા પઢો, ઉં કર ફેરાવે સીસ રે ;
બોલ ઉનૂકા સુનતે, કરતા દેખાવે રીસ રે.
૧૧ કીતી ઈનૂ ચિંતા ઘની, એ થી વલીસી જાત રે ;
કલિમેથી હૅ મુંહ ફેરતા, અચરત એ તો બાત રે.
૧૨ એ રીતે જીવ ઉસકા ગયા, અચરત હો સારે રહે ;
ઉસકી તો મૉતકે કારને, ચિંતા તો માં સારે ગહે.
૧૩ ચિંતામાં સબ સુતે સહી, આહી વે સુનો જાત રે;
તો બહુત સબૂને નીદમાં પૂછી ઉસકૂ બાત રે.
૧૪ કલ્માથી મુખ તેં ફેરીઆ, એ સોચ તેં કૈસા કીઆ?
હમ તો વલી તોજે જાનતે, ક્યૂં ને કૈસા તેરા જીઆ?
૧૫ કહા દુરિજન આવ કર, થા સામની ઠાડા રહા ;
હુજ્જત કેરા બોલ રે, ઉને તો આવ મુજકૂ કહા.
૧૬ ઉસથી ફેરાયા સીસ મૈં, ફિર કર કઈ બાર રે ?
કલિમા તો થા પડતા સહી, કર કર દિલમાં પિયા રે.
૧૭ દુરિજન ઠાડા સામની, ઉસથી થા કરતા જંગ રે ;
દુરિજન હુજ્જત રીતસૂ, મૈં ધનૂ કરતા ભંગ રે.
૧૮ સુનતે સબૂને માનીઆ, સુપનેમાં જે બાત કહી;
ઍસી હૅ વેલા મૉતકી, સુનને લીજે સહી.
૧૯ મૉતકી રખે નીદા કરો, કિસકી કુછ દેખ જાત રે ;
બેગી તો ભાઈ દીનકે, એ સુન નસીહત બાત રે.

---

### ૧૭૨૨

૧ સુનો મિકાદદા રજી અલ્લાહો, અન્હો કહીએ ;
એ અસવદ કેરેરે, બેટે રે લહીએ.
૨ કે ફાજિલૂં સેતી, એ ભી અસહાબી કહલાએ ;
ઈનૂ ખૂબીકિ બયાન, કહી ઠામ હૅ લિખાએ.
૩ એ હદીસ હૅ ખાતિમ, નબીજીકી કહતે ;

૮.૧૮ શેતાન દુશ્મન મોતવેળા આવીને લડાઈ કરે છે. એક વલીની વાત છે. તેમની મોત આવી પહોંચી તો પાસે બેસેલા વલીયે કલેમો શીખવવાની તાકીદ કહી. તેઓ કહેતા કલેમો પઢો' ત્યારે મરનાર વલી રીસ કરીને માથું ફેરવી લેતા. વલી હોવા છતાં કલેમાથી મોંઢુ ફેરવવા બદલ તેમને અચરજ થયું, અને એ રીતે મોત થવાથી બધા ચિંતામો પડી ગયા. ચિંતામાં બધા ઉંઘી ગયાત્યારે તે વલી ઉંઘમાં (સવપ્નમાં) આવ્યા. બધાયે તે વલીને પુસ્યું કે અમો તો તમને વલી સમજતા હતા, તમે કલેમાથી મોંઢું ફેરવીને આ શું કર્યુ ? તેમણે કહયું કે શેતાન મારી સામે આવીને ઉભો હતો અને મારાથી દલીલ કરતો હતો, એટલે હું માથું ફેરવતો હતો. પણ, દિલમાં પ્યારથી કલેમો પઢતો હતો. સામે ઉભેલા શેતાનની દલીલોનો હું ભંગ કરતો હતો. મોતની વેળા આવી હોય છે. બધાયે સપનાની વાત સાંભળીને માની.

૧૯ કોઈના મોતની હાલત જોઈને તેની નિંદા–ટીકા કરો નહિ. કોણ શું જાણે કે તેના દિલમાં કલેમો ભરેલો હોય ! દીનનભાઈ ! જલદીથી આ નસીહત સાંભળ

### બયાન – ૧૭૨૨

હદીસ : ઈસ્લામનો કલેમો દરેક ઘરે પહોંચશે.

રાવી : હઝ. મિક્દાદ બિન અસ્વદ (રઝી.)

૧.૪ અસ્વદના બેટા મિક્દાદ (રઝી.) અફઝલ અસહાબીયો માંથી છે. એમની ખુબીનું બયાન ઘણી જગાએ લખાયેલું છે. તેઓ નબી (સલ.) એ ફરમાવેલી હદીસ સાંભળીને બયાન કરે છે.

(૧) મિશ્કાત (ભાગ–૧, વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનની ફઝલ ત્રીજીની અનુક્રમે સાડત્રીસમી હદીસ છે. (અહમદ)

૪ કે ખાતિમ નબીને, જૂં ફરમાયા;
વે મિકદાદે સુન કર, બયાન બતાયા.
૫ કહા જમીકી પીઠ પર, નહી રહવે કો ખાના;
જે ઘર તો ઈંટાં, કેરા રે જાના.
૬ અને ખીમા ભી જમીકી, પીઠ પર રહવે નાંહાં;
કે તંબૂકા ઘર કર, રહવે જિસ માંહાં.
૭ મગર સબૂ માંહી આવે, યૂં બૂઝીઓ સવેરા ;
સો બૂઝો કલિમા, ઈસ્લામ કેરા.
૮ સો કલિમા ઈસ્લામ, પહુંચે સબ રે ઠાંહાં ;
સો જેતા ઘર બૂઝો, દુનીકિ માંહો.
૯ આવે એકકે ઘરમાં, હૅ ઈજ્જત દિલાતા ;
જે ઈમાની હોકર, હૅ ને હસૂં ચાતા.
૧૦ જે કલિમા હૅ ચાતા, ઈસ્લામ કેરા ;
કે સુનતે કલિમા, હોવે મૂમિન સવેરા.
૧૧ યૂં ઉસ ઘર કલિમા, ઈજ્જતસૂં આયા ;
કે હૂઆ વે મૂમિન, ઉસે રબને ચાયા.
૧૨ યૂં ! ઈજ્જતસૂ કલ્મા, આયા મૂમિનકે ડેરે ;
એ સુન સુન ઈતના, કહો રે સવેરે. રે તૂહી.
૧૩ કલિમા ઈસ્લામ કેરડા, પહુંચેગા સબ ઠામ રે,
પહુંચેગા સબ ઠામ ;
ખાતિમને આખિયા, મોહંમદ જિનૂકા નામ રે,
મોહંમદ જિનૂકા નામ.

૫.૮ આપે (સલ.) ફરમાવ્યું : "જમીનની પીઠ ઉપર કોઈ ઈંટોનું ઘર (પાકું મકાન) કે તંબુનું ઘર (કાચું મકાન ) ઈસ્લામનો કલેમો પહોંચ્યા વગર બાકી રહેશે નહિ. યાને દુનિયાનું કોઈ પણ ઘર કલેમો પહોચ્યા વિના બાકી રહેશે નહિ."

૯.૧૨ એકના ઘરને યાને ઈમાનવાળા જે કલેમાને ચાહે છે (અને સાંભળીને મોમિન થયા છે.) તેમના ઘરને કલેમો ઈજ્જત આપે છે. અલ્લાહે જેને મોમિન બનાવવા ચાહયું તેના ઘરમાં કલેમો ઈજ્જતથી આવે છે. બયાન સાંભળીને કહો ...રે તુંહી.

૧૩ મુહમ્મદ (સલ.) એ કહ્યું કે ઈસ્લામનો કલેમો બધી જ જગા એ પહોચી જશે.

---

## ૧૭૨૩

૧ અને એકકે ઘરમાં, ખુઆરીસૂં જાવે ;
જે કલિમા ઈસ્લામ, કેરા રે કહલાવે.
૨ અને કલિમા જિનૂ ઘર, ઈજ્જતસૂં ગયા ;
સહી ઉસકા બયાન, સઘલા કહયા.
૩ કે કલિમેકે એ હાલ, વે હોવે રે સહી ;
એ કલિમે બદલી, ઉને ઈજ્જત રે લહી.
૪ અને ખુઆરીસૂ કલિમા, જિસ ઘર રે આવે ;
ઉસે ખુઆર ને આજિજ, હૅ રે કરાવે.

## બયાન ૧૭૨૩

(હદીસ બયાન નં. ૧૭૨૨ થી)

૧.૩ એકના ઘરમાં ઈસ્લામનો કલેમો રૂસ્વાહની રૂસ્વાહી (ખુઆરી)થી જાય છે. જેના ઘરે કલેમો ઈજ્જતથી ગયો તેનું સઘળું બયાન આગળ કહયું છે. ઈજ્જતવાળાને ત્યાં કલેમાની ઈજ્જતની બદલીમાં તેને ઈજ્જત મળી.

૪ જેના ઘરે કલેમો ખુઆરીથી ગયો (યાને કલેમાને ખુશીથી કબુલ્યો નહિ) તેને તે રૂસ્વાહ અને લાચાર કરે છે.

૫ કહવે માતીમોનકે * * ર, હૈ હોતે કહીએ ;
કે દીનકે તાબે, હૈ વે હોતે રે લહીએ.
૬ કે જિજ્યા જે હૈ દેતે, હો આજિજ રે રહતે ;
અને હુકમ દીનકા, હૈ જોરાવરી સહતે.
૭ કઈ દીનકે તાબે, હો રહે રે દેખાએ ;
એ ખુઆર હુવડે, સહી હૈ રે કહલાએ.

૫.૭ માતીમોન (૧) દીનના હુકમોને તેમની ઈચ્છા વિરુદ્ધ માને છે, યાને તાબેદારી કરવા મજબુર બને છે અને ખુઆર રહે છે.

૮ કે ઈસ્લામ કલિમા, ગયા ઈનૂકે ડેરે ;
કે ઈનૂને સુન સુન, બૂઝા રે સવેરે.
૯ ઈનૂ કલિમે હો સેતી, ન ઈજ્જત રે પાઈ ;
કે ઈમાન ના લાયે, તો ખુઆરી દેખાઈ.
૧૦ પછે મિકદાદ કહતે, હૈ સુન એતા મેં આખા ;
કે દીન હોવે અ * લકૂ, સબ યૂં રે દેખા.

૮.૧૦ ઈસ્લામનો કલેમો તેમના ઘર સુધી ગયો, અને તેમણે તેને સાંભળ્યો અને જાણ્યો, પરંતુ તેમને ત્યાં કલેમો પહોંચવા છતાં તેમણે ઈજ્જત મેળવી નહિ (તેમને ખુઆરી મળી). કારણ કે, તેઓ ઈમાન લાવ્યા નથી હોતા. હઝ. મીક્દાદ (રઝી.) કહે છે કે દીન 'અમલ' પર આવવાથી બને છે.

૧૧ કે રાજી ગૈર રાજી, સબ કબૂલે દીના ;
યૂં ચકવે દીન, રબે નબીજીકા કીના.

૧૧ કલમાથી રાજી થનાર કે નારાજ થનાર બધાજ કલેમાને ઈખ્તિયારી કે ગેર ઈખ્તેયારી રીતે કબૂલે છે એવો પ્રભાવશાળી નબી (સલ.)નો દીન છે.

૧૨ યૂં સબ ઘર કલિમા, જાતે રે દેખાવે ;
દેવે ઈજ્જત એકકૂ, એક ખુઆર કરાવે.

૧૨ બધા ઘરે કલેમો પહોંચેલો જણાય છતાં એકને ઈજ્જત આપે છે અને એકને ખુઆર કરાવે છે.

૧૩ યૂં સબ જગ હોવે, કહા ખાતિમકા દીના ;
એ સુન સુન મૂમિન, એતા સોચ કીના. રે તૂહી.

૧૩ નબી (સલ.) એ કહ્યું કે તેમનો દીન જગતમાં બધેજ પહોંચશે. આ સાંભળીને મોમિન સોચ અને કહે .... રે તુંહી.

૧૪ સબ જગ માંહે પહુંચસી, કલિમા જે ઈસ્લામ રે,
કલિમા જે ઈસ્લામ ;
ઈજ્જત દેવે એક કૂ, ખુઆર કરે એક ઠામ રે,
ખુઆર કરે એક ઠામ.

૧૪ ઈસ્લામનો કલેમો જગતમાં બધેજ પહોંચશે. કલમો **એકને ઈજ્જત દે છે અને બીજાને ખુઆર કરે છે.**

---

## ૧૭૨૪ નજમ.

૧ ઍસા ઍસા દીન હૈ રહમાના રે, તમે સુનો રે ;
રહવે નહી જગ માંહી છાના રે, તમે સુનો રે.
૨ ખાતિમ હૈ રબને ભેજાએ રે, તમે સુનો રે ;
રબકે એ ભેજે નબી આએ રે, તમે સુનો રે.
૩ ઈને કીયા દીન કેરા બયાના રે, તમે સુનો રે ;
સાચા દીન એ હૈ રહમાના રે, તમે સુનો રે.
૪ ખાતિમને તબ થા આખા રે, તમે સુનો રે ;
સબ જગ બૂઝે યૂં દાખા રે, તમે સુનો રે.

## બયાન ૧૭૨૪

**ઈસ્લામનો ફેલાવો. : પીર મશાયખ (રહે.) કલેમાના ફેલાવા વિષે સમજાવતાં કહે છે તમે સાંભળો**

૧ અલ્લાહનો દીન એવો છે કે તે જગતમાં છુપાયેલો રહે નહિ.

૨.૫ અલ્લાહના મોકલેલા નબી, ખાતેમુન્નબી (સલ.) દુનિયામાં આવ્યા અને અલ્લાહના સાચા દીનને બતાવ્યું ત્યારે પણ આપે (સલ.) કહ્યું હતું કે તેમનો દીન આખું જગત જાણશે. આપે (સલ.) જેમ કહ્યું તે પ્રમાણે જ થયું.

---

૧ મુતિઅક+અમાન–મુતિ તાબે, અને અમાન–રક્ષણ. જીજિયો આપનારાઓ જીજિયાની બદલીમાં મુસલમાન હકુમતના તાબે થઈને રક્ષણમાં આવે છે તે.

૫ હૂઈ હૂઈ સહી પહલી રીતા રે, તમે સુનો રે ;
હુકમ જૂં ખાતિમને દીતા રે, તમે સુનો રે.
૬ અગ્યાર સૉ હૂએ આજ સાલા રે, તમે સુનો રે ;
ફરમૂદા કેરા વે હાલા રે, તમે સુનો રે.
૭ ઈતના હૅ સબ જગ જાના રે, તમે સુનો રે ;
ઍસા સાચા દીન એ રહમાના રે, તમે સુનો રે.
૮ ઍસા સાચા નબીજી હમારા રે, તમે સુનો રે ;
મુનાફિક બૂઝે ના ગમારા રે, તમે સુનો રે.
૯ ઢૂંડતે એ પ્રગટ દીસા રે, તમે સુનો રે ;
કામ નહી કંગન આરીસા રે, તમે સુનો રે.
૧૦ ફરજંદ આદમ ના રહતે રે, તમે સુનો રે ;
મુલક હૅ સાત કહલાતે રે, તમે સુનો રે.
૧૧ ઑર ઠામ નહી ઈનસાના રે, તમે સુનો રે ;
સાત ઠામ આદમી હૅ જાના રે, તમે સુનો રે.
૧૨ મુલક જે સાત હૅ કહલાએ રે, તમે સુનો રે ;
ઈનૂ ઠામ આદમી સુનાએ રે, તમે સુનો રે.
૧૩ ઑર નહી આદમીકી ઠામા રે, તમે સુનો રે ;
હૅ જાહિર સાતૂ કેરા નામા રે, તમે સુનો રે.
૧૪ મુલક એ હિંદુસ્તાન નામા રે, તમે સુનો રે ;
હૅ જે મેરે રહનેકી ઠામા રે, તમે સુનો રે.
૧૫ દખ્ખન ભી ઉસ માંહી જાનો રે, તમે સુનો રે ;
ચંગદૂકા રાજ જેતા માનો રે, તમે સુનો રે.

૧૬ કોચીન બૂઝો મુલકકા નામા રે, તમે સુનો રે ;
ટોપીવાલે રહતે હૅ જે ઠામા રે, તમે સુનો રે.
૧૭ ફિરંગી બલદિ કહલાએ રે, તમે સુનો રે ;
અંગ્રેજી ફરાસી સુનાએ રે, તમે સુનો રે.
૧૮ સબ મિલ સાત એ હૅ જાતા રે, તમે સુનો રે ;
રાજીઍન જુદે સુની બાતા રે, તમે સુનો રે.
૧૯ તુરકસ્તાન મુલક ભી કહીએ રે, તમે સુનો રે ;
તીજા એ હૅ મુલક લહીએ રે, તમે સુનો રે.
૨૦ ખુરાસાન બૂઝો ભી ઠામા રે, તમે સુનો રે ;
ચૌથા ભી મુલકકા નામા રે, તમે સુનો રે.

૬.૭ નબી (સલ.)ની આ હદીસને આજે (પીરમશાયખે (રહે.) આ લખ્યું ત્યારે) અગીયારસો વરસ થયાં છે, અને અલ્લાહના સાચા દીનને બધા જગતે જાણી લીધો છે.

૮ આવા અમારા સાચા નબી (સલ.)ને ગમાર મુનાફિકો શું જાણે ?

૯ શોધખોળ કરીએ તો હકીકત પ્રગટ દેખાય. હાથ કંગણ જોવા અરીસો ન જોઈએ.

૧૦.૧૩ આદમ (અ.સ.)ના ફરજંદો સાત મુલ્કોમાં રહે છે. આ સાત ઠામ સિવાય ક્યાંય માણસો રહેતા નથી. આ સાત મુલ્કોમાં જ આદમી રહેતા સાંભળ્યા છે. આ સાતેય મુલ્કોનાં નામ જાહેર છે.

૧૪.૧૫ પહેલો મુલ્ક હિંદુસ્તાન છે. (૧) તે મારી (પીરમશાયખની) રહેવાની ઠામ છે. દક્ષિણ પણ તેમાંજ આવ્યો, તેટલે સુધી કે જ્યાં મોગલોનું રાજ્ય ફેલાયેલું છે. (મદ્રાસ, હૈદરાબાદ વિ.) તેમજ કોચિન-સિલોન પ્રદેશ. ભૌગોલિક રીતે ઉપખંડના ભાગો પણ હોઈ શકે.

૧૬.૧૮ બીજો (૨) મુલ્ક જ્યાં ટોપીવાળા રહે છે તે, યાને ફીરંગીયો-વલંદાઓનો, અંગ્રેજોનો, ફ્રેન્ચોનો તેમજ રશિયા (રાજીએન)નો પ્રદેશ.

૧૯ ત્રીજો મુલ્ક, તુર્કોનો પ્રદેશ (તે સમયે તુર્કી સામ્રાજ્ય ફેલાયેલું હતું ત્યાં સુધીની સીમાઓ હોઈ શકે.)

૨૦ ચોથો મુલ્ક ખુરાસાન યાને ઈરાની પ્રદેશ (ઈરાની સામ્રાજ્યની સીમાઓ)

(૧) ભૌગોલિક રીતે ઉપખંડના ભાગો પણ હોઈ શકે.
(૨) યુરોપ ખંડના ભાગો હોઈ શકે.

૨૧ માવરનહર મુલક ભી જાનો રે, તમે સુનો રે ;
પાંચમા એ મુલક પિછાનો રે, તમે સુનો રે.
૨૨ રોમ બૂઝો મુલકકા ઠામા રે, તમે સુનો રે ;
છઠા એ મુલકકા નામા રે, તમે સુનો રે.
૨૩ બલખ ભી મુલક હૅ કહતે રે, તમે સુનો રે ;
સાતમા મુલક હૅ લેતે રે, તમે સુનો રે.
૨૪ સાત ભેગે મુકર્ર કહે રે, તમે સુનો રે ;
નામ જુદે જુદે લે ધરાહે રે, તમે સુનો રે.

૨૧ પાંચમો મુલ્ક તે માવરનહર પ્રદેશ.

૨૨ છઠ્ઠો મુલ્ક, રોમન પ્રદેશ યાને યુરોપ ખંડ.

૨૩ સાતમો મુલ્ક, બલ્ખ (આજનો રશિયન વિસ્તાર) પ્રદેશ.

૨૪ આ સાત પ્રદેશો (3) નક્કી થયેલા (ધ્યાનમાં આવેલા) પ્રદેશો છે. તેઓ જૂદા જૂદા નામોથી ઓળખાય છે.

### ૧૭૨૫ પદ.

૧ અરે રહના હમારા હૅ જિસ ઠામ બૂઝો, મુલક હિંદૂસ્તાના ; અરે ઉસકી રીત છુપી નહી કિસથી, સુનસુન ઉસકા બયાના.

૨ અરે પાદશાહ હમારા હૅ દીનદારા, નામ ચંગદા જાતી ; અરે દીનદાર ભી મુલક ભરીઆ, સાચી સહી બાતી.

૩ અરે રોશન ચંદા જૂં કૅસા ઉજાલા, ઍસી હૅ ઉસ ઠામ રીતા ; અરે રોશની યૂં નબી દીન સેતી, રબે એ હૅ કીતા.

૪ અરે કાફિર આજિજ જિજ્યા હૅ દેતે, ઈસ મુલકકે ઠામા ; કાફિર કેરી રીત જે હૅ ઈનૂ કેરી, જાહિર ના લેવે નામા.

૫ અરે યૂં નબીકા દીન એ ઠામા, રોશન રબને કીતા, અરે વાઅદા થા જે ખાતિમને કીતા, હુકમ દીયા થા મીતા.

૬ અરે મુલક ભી જે બૂજો દૂજા, નામ જે તુરકસ્તાના; વે ભી મુલક હૅ મૂમિનૂ કેરા, પાદશા મૂમિન જાના.

૭ કાફિર હૅ કો નહી આવે, ડુંગર ખુનૂ છુપાતા ; મૂમિન લે આપ ગુલામ હૅ કરતે, પકડ ઈનૂકી જાતા.

### બયાન ૧૭૨૫

**પીરમશાયખ (રહે.) સમજાવે છે.**

**હિન્દુસ્તાન :**

૧ મારૂં (પીર મશાયખનું) રહેવાનું ઠામ હિન્દુસ્તાન છે. તે જાહેર વાત છે.

૨ અમારો બાદશાહ દીનદાર મોગલ (ચંગદા) (૧) જાતિનો છે. મુલ્કમાં પણ દીનદારી છે.

3 ચાંદથી જેમ અજવાળું થાય છે તેમ નબી (સલ.)નો દીન પણ અહીયા રોશની ફેલાવે છે.

૪ આ દેશોમાં કાફિરો જે રીતના છે તેઓ પોતાની જાતિનું નામ આપ્યા વિના જીજિયો આપીને જીમ્મીની જેમ તાબે થઈને રહે છે.

૫ નબી (સલ.) એ કહયા મુજબ અલ્લાહે નબીના દીનને આ દેશમાં પણ રોશન કર્યો છે.

**તુર્કસ્તાન :**

૬.૮ બીજામુલ્કનું નામ તુર્કસ્તાન છે. તે મુસલમાનોનો પ્રદેશ છે. તેનો બાદશાહ પણ મુસલમાન છે. કાફિરો અહીયાં આવતા નથી અને ડુંગર–ખીણોમાં છુપાય છે. મુસલમાનો તેમને પકડીને ગુલામ બનાવે છે. ત્યાં પણ નબી (સલ.)નો દીન તેમના કહયા મુજબ ચાંદની જેમ રોશન થયો..

(3) આંતરરાષ્ટ્રિય સરહદો બદલાતી રહે છે. દુનિયાના બધા ખંડો ઉપર વર્ણવ્યા પ્રમાણેના રાજકિય પ્રદેશોમાં સમાયેલા હોવા જોઇએ. સમય જતાં નવી વસ્તીઓ વસે છે અને ધર્માંતરો થયા કરે છે એટલે પ્રાદેશિક પ્રમાણ બદલાતું રહે; તેમજ હઆમજથી ૩૫૦ વર્ષ પહેલાં સંપર્કનાં સાધનો ઓછાં હોવાથી મુસલમાનોનો

(પાછળ)

૮ અરે રોશન દીન હૂઆ ઉસ ઠામા, જૈસી ચંદ રીતા;
બોલ નબીકા હૂઆ સાચા, વાઅદા જૂં થા કીના.

૯ ખુરાસાન મુલકકા નામ, મૂમિન હૈ ઉસ ઠામા ;
આજિજ બહુત હૂએ ઉસ ઠામા, કાફિર કેરા નામા.

૧૦ અરે એ ભી મુલકમાં રોશન હૂઆ, સહી નબીકા
દીના ; અરે સાચા વાઅદા ખાતિમ કેરા, હુકમ જૂં
થા કીના.

૧૧ અરે માવરનહર જે મુલક હૈ જાનો, મૂમિન કેરા
વાસા ; અરે બલખ જાનો મુલકકા નામા. વે ભી
ઉસકે પાસા.

૧૨ અરે દોનૂ મુલકમાં મૂમિન વાસા, ના કો અવર
સુનાવે ; કોઈ કોઈ બદ્દીન હોવે કભી, વે ના
લેખેમાં આવે.

૧૩ પાદશાહ દોનૂ મુલક કેરા, હૈ રે ચંગદા જાનો ;
અરે કુટમ અપના પાદશાહ કેરા, હૈ રે ઉસકૂ માનો.

૧૪ અરે ઈસ ઠામ હૈ રોશન દીના, જૈસા પૂનમ ચંદા;
અરે દીન નબી ખાતિમ કેરા, રબ્બે હૈ ખૂબી દેહંદા.

૧૫ અરે રોમ મુલક ભી જાનો સારા, મૂમિન વે હૈ
ભરીયા ; અરે પાદશાહ જે ઉસ મુલક કેરા, રબ્બે
મૂમિન કરીયા.

૧૬ ઈસકૂ સબૂસૂં બૂઝો અજીમા, બડા હૈ સુલ્તાના ;
બહુત હૈ લશ્કર સુલ્તાન કેરા, બડા સબૂસૂં જાના.

૧૭ અરે કાફિર ના હૈ મગર કો હોવે, જંગલ ડુંગર ઠામા;
બાંધ પકડ હૈ ઉનૂ કૂ લાતે, હબશી જિનકા નામા.

૧૮ મુલક સહૂકા બૂઝો એ નામા, દીન ભરા સબ
ઠામા ; હૈ કોઈ કુફ્ર છુપા વે કરતા, દીન આપસ કામા.

**ખુરાસાન :** (અત્યારે અફઘાનિસ્તાન)

૯.૧૦ ખુરાસાન દેશમાં પણ મુસલમાનો છે. કાફિરો ત્યાં તાબે થયેલા છે. ત્યાં પણ નબી (સલ.)નો દીન રોશન થયો છે.

**માવરનહર :**

૧૧.૧૪ માવરનહર મુલ્કમાં પણ મુસલમાનો વસે છે. બલ્ખ પણ તેની પડોશનો દેશ છે. આ બેઉ દેશોમાં મુસલમાનો છે. કોઈ બે દીન ત્યાં નથી. જેઓ છે તેઓ કોઈ લેખામાં નથી. ત્યાંના બાદશાહો પણ મોગલ (ચંગદા) જાતિના છે. તેમનું કુટુંબ અમારા બાદશાહનું જ કુટુંબ છે. ત્યાં પણ દીન પૂનમના ચાંદની જેમ રોશન છે. અલ્લાહે નબી (સલ.)ના દીનને આવી ખૂબી આપી છે.

૧૫.૧૮ રોમ (યુરોપ)નો ઈસ્તંબુલ વિભાગ પણ મુસલમાનોથી ભરેલો છે. તેનો બાદશાહ પણ મુસલમાન છે. એ મોટો સુલ્તાન છે, અને તેનું લશ્કર મોટું છે. એ બાદશાહોમાં મોટો છે. ત્યાં જંગલો અને ડુંગરો શિવાય ક્યાંય કાફિરો નથી. તેઓ હબશીઓ (આફ્રિકાવાસીઓ) છે અને તેમને બાંધી પકડીને ગુલામ બનાવવામાં આવે છે. આ પ્રદેશો દીને ઈસ્લામથી ભરેલા છે. કાફિરો ત્યાં તેમનું કામ ચોરી છુપીથી કરે છે.

## ૧૭૨૬ પહલ.

૧ રોશન દિન દિન નબીકા દીના રે ;
મુલક છ માંહે મૂમિન કીના રે.

૨ મુલક મુલક દીન હૈ ભરીયા રે ;
અખ૦ નીર જૂં બૂઝો દરીયા રે.

## બયાન ૧૭૨૬

## પીરમશાખ (રહે.) સમજાવે છે.

મુહમ્મદ મંહદી (અ.સ.)નો **બે ઈમાનોથી** જંગ

૧.૭ આ છ પ્રદેશોમાં નબી (સલ.)નો દીન રોશન થયો છે. દરિયાના અખૂટ નીરની જેમ આ દેશો દીનથી ભરેલા છે. અલ્લાહ અને નબી (સલ.)નો દીન, નબી (સલ.)ના કહેવા

બધોજ વસવાટ જાણી ન શકાયો હોય. અહીંયાં પ્રદેશોની ગણત્રી મહત્વની નથી, પણ નબી (સલ.)નો દીન વિશ્વભરમાં જ્યાં માનવ વસવાટ છે ત્યાં ફેલાઈ ગયો છે તે બતાવવાનો હેતુ છે.

| | |
|---|---|
| ૩ મુલક છ માંહી બૂઝો સવેરી રે ;<br>રોશની દીન નબીજી કેરી રે. | મુજબ ફેલાઇ ગયો છે. નબી (સલ.) દીનના ચક્રવર્તી સુલ્તાન છે. સાતમો દેશ ચીન છે જ્યાં દીન પહોંચ્યો નથી. |
| ૪ સાચા એ બૂઝો દીન રહમાના રે ;<br>નબી એ સાચા સહી પિછાના રે. | |
| ૫ જે થા નબીજીને હુકમ કીતા રે ;<br>વૈસા હૈ સહી હુઆ દેખીતા રે. | |
| ૬ ચકવે સુલ્તાન એ દીન કેરા રે ;<br>ખાતિમ નબી બૂઝો સવેરા રે. | |
| ૭ મુલક સાતમા રહયા જે ચીના રે ;<br>ઈનૂ કૂ નહી પહુંચા હજી દીના રે. | |
| ૮ મુલક એ હૈ રહયા દેખીતા રે ;<br>દીન નહી પહુંચા સુનીતા રે. | ૮.૧૧ ચીન દેશમાં દીન પહોંચ્યો નહિ. (૧) નબી (સલ.)એ આવોજ દેશ બતાવ્યો છે જેની સાથે મંહદી (અ.સ.) આવીને કદાચ (શાયદ) જંગ કરશે, (૨) અને ફત્તેહ મેળવશે. |
| ૯ એ ભી હૈ નબીને ફરમાયા રે ;<br>મુલક એ હૈ ઐસા બતાયા રે. | |
| ૧૦ શાયદ મહદી આગલ આવે રે ;<br>ઈન સાથે જંગ હૈ વૈ કરાવે રે. | |
| ૧૧ એ કોમ બહુત જંગ કરાવે રે ;<br>ફત્હ શાયદ ઈનૂમાં પાવે રે. | |
| ૧૨ મુહંમદ મહદીકી હૈ નિશાની રે ;<br>સાચી સહી બાત એ જાની રે. | ૧૨.૧૪ આખર જમાનો આંવશે ત્યારે મુહમ્મદ મંહદી (અ.સ.) આવશે અને તેમની સાથે બેઇમાનો (શાયદ ચીનના રહેનારાઓ) જંગ કરશે. |
| ૧૩ આખિર હોવે જબ જમાના રે ;<br>મુહંમદ મહદી આવે જાના રે. | |
| ૧૪ ઈનૂ સંગ જંગકે એ કરનારે રે ;<br>મુલક ચીનકે રહવનહારે રે. | |
| ૧૫ તબ બહુત હોની હૈ જંગાઈ રે ;<br>મુહંમદ મહદીસૂં કરની લડાઈ રે. | ૧૫.૧૬ તે વખતે મુહમ્મદ મંહદી (અ.સ.)ની સાથે તેમની લડાઇ થશે, ઘણા બધા માર્યા જશે અને મંહદી (અ.સ.) વિજય મેળવશે. |
| ૧૬ તબ બહુત મારે એ સબ જાવે રે ;<br>મુહંમદ મહદી ફત્હ પાવે રે. | |
| ૧૭ મૂમિન ધસ ધસ મુલક લૂટાવે રે ;<br>લડકે બાલે બંદ કરાવે રે. | ૧૭.૧૮ મુસલમાનો ધસી ધસીને દેશો ફત્તેહ કરશે અને નાનાં મોટાને કેદ કરશે તેવો તેમને માથે ગૂસ્સો હશે. મુહમ્મદ મહંદી (અ.સ.) તેમની ઉપર રીસ કરશે. |
| ૧૮ ઐસી હૈ હોની ઈનૂકે સીસા રે ;<br>મુહંમદ મહદી કરેંગે રીસા રે. | |
| ૧૯ અબ ક્યૂં હોવે તો એ ઈમાની રે ?<br>નહી પૂરી હુઈ નિશાની રે. | ૧૯ અમારા નબી (સ.લ.) સાચા છે. તેઓ જેવું કહે છે તેવું થાય છે. |

(૧) ઉપરોક્ત પ્રદેશો ઇસ્લામી હકૂમતોના પ્રભાવવાળા પ્રદેશો હતા, જેમનાં રાજ્યો દૂર સુધી વિસ્તરેલાં હતાં. આજે તે પ્રદેશોની રાજકિય સત્તાઓમાં ઘણાજ ફેરફાર થઇ ગયા છે ,પુરી દુનિયાનો કોઇ ખૂણો એવો બાકી રહ્યો નથી કે જ્યાં ઇસ્લામનો કલમો પહોંચ્યો ન હોય.

૨૦ સાચા હૅ ઍસા નબીજી હમારા રે ;
હોતા હૅ કહા જેતા સારા રે.
૨૧ ચ્રીનકે કરેંગે જંગ જાના રે ;
મુહંમદ મહદી કેરે જમાના રે.
૨૨ તો દેખો નહી લાઈક ઈમાના રે ;
સાચે એ નબી હમારા પિાછાના રે.
૨૩ નબીને જૅસી બાત બતાહી રે ;
વૅસી હૅ હોતી સહી દેખાહી રે.
૨૪ રહતે હૅ દરયા બેટૂમાં કહીએ રે ;
દીન તો ઈનૂ હૅ પહુંચા લહીએ રે.
૨૫ બેટ સો કોતરૂ બૂઝો નામા રે ;
ભી માલદીવ વે બૂઝો ઠામા રે.
૨૬ ઍસે ભી હૅ ઑર કહી કહલાતે રે;
દીનકૂ વે જાને સુનાતે રે.
૨૭ દરયા બીચ દીન નબીકા જાના રે ;
ચીનવાલૂ ને નહી માના રે.
૨૮ જૂં હૅ હુકમ નબી કેરા રે ;
વૅસા હૅ હોતા દીસે સવેરા રે.
૨૯ ચીનવાલૂને ના જાના દીના રે ;
વાઅદા હૂઆ ગયા ના દીના રે.
૩૦ સુન સુન સાચા નબી સહી જાના રે ;
નિશાની દેખો ને દેખો પાના રે.

૨૧.૨૩ મુહમ્મદ મંહૂદી (અ.સ.) તેમના જમાનામાં શાયદ ચીનથી જંગ કરશે. નબી (સ.લ.) એ કહ્યા મુજબ તે લોકો કાબિલે ઈમાન (ઈમાનને પાત્ર) નહી હોય.. નબી (સ.લ.)એ બતાવ્યા મુજબ વાત થતી દેખાય છે.

૨૪ જેઓ દરિયાના બેટો કોતરોમાં રહે છે તે લોકો જેવા કે માલદીવ અને અન્ય ટાપુવાળાઓ પણ દરિયા વચ્ચે દીનને જાણે છે. પણ ચીનવાળાઓ દીનને નથી માનતા.

૨૫.૩૦ નબી (સ.લ.)એ જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે થતું દેખાય છે. આપના કહેવા મુજબ દીન ચીનવાળાઓ સુધી પહોંચ્યો નહિ. અને તેઓએ તેને જાણ્યો નહિ.

### ૧૭૨૭ નજમ

૧ રોશન દીન નબી કેરા રે, તમે સુનો રે ;
સબ જગ હૂવડા સવેરા રે, તમે સુનો રે.
૨ મુલક તો છ હૅ રોશના રે, તમે સુનો રે ;
ખૂબી દીન રાખ મંના રે, તમે સુનો રે.
૩ દરયા કે બેટ ભી કહીએ રે, તમે સુનો રે ;
દીન ઈનૂ પહુંચા લહીએ રે, તમે સુનો રે.
૪ સબ જગ દીન સહી ભરીયા રે, તમે સુનો રે ;
અનંત જૂં નીર હૅ દરીયા રે, તમે સુનો રે.

### બયાન ૧૭૨૭

### દીન પહોંચવા વિષે મશાયખ (રહે.) સમજાવતા કહે છે : 'તમે સાંભળો'.

૧.૨ બધાય જગતમાં નબી (સલ.)નો દીન રોશન થયો. છ પ્રદેશમાં દીનની રોશની પહોંચી છે. દીનની આ ખૂબીને મનમાં લો.

૩.૪ દરિયાના બેટો સુધી દીન પહોંચ્યો છે. દરિયાના અનંત નીરની માફક જગત પણ દીનથી ભરેલું છે.

(૧) (કડી ૭/૮) 'ચીનમાં દીન પહોંચ્યો નહિ'નો અર્થ એ હોઇ શકે કે કદાચ અગીયારમી હિજરી સદીમાં ચીનમાં મુસલમાનો જૂજ પ્રમાણમાં હશે તેથી ત્યાં ઈસ્લામી પ્રભાવ નહિ હોય, અથવા મુસલમાનોનો વસવાટ જાણી શકાયો નહિ હોય. ચીનમાં અત્યારે ત્રણેક કરોડ મુસલમાનો હોવાનો અંદાજ મુકાય છે.

૫ સાતમા મુલક રહયા રે, તમે સુનો રે ;
ખાતિમને યૂં જે ક્હયા રે, તમે સુનો રે.
૬ ઈનૂ પર રબ ક્ભી ચાવે રે, તમે સુનો રે ;
જમાના મહદીકા આવે રે, તમે સુનો રે.
૭ ખુઆરી હૅ પહુંચે ઈનૂ તના રે, તમે સુનો રે ;
મહદી આવે ઉસ દિના રે, તમે સુનો રે.
૮ એ તો એ તો જાહિર નિશાની રે, તમે સુનો રે ;
હૂઆ ના કો ઈનૂથી ઈમાની રે, તમે સુનો રે.
૯ ના તો બાજ ઈમાન લાએ રે, તમે સુનો રે ;
ઑરકી રીતે એ હૅ દેખાએ રે, તમે સુનો રે.
૧૦ દરયાવાલૂ દીન પાયા રે, તમે સુનો રે ;
ઈનૂ કૂ ના હૅ પહુંચાયા રે, તમે સુનો રે.
૧૧ વાઅદા જે ખાતિમ કેરા રે, તમે સુનો રે ;
સાચા વે હૂવડા સવેરા રે, તમે સુનો રે.
૧૨ પ્રગટ દીસે એ નિશાની રે, તમે સુનો રે ;
સુનતે રહવે નહી છાની રે, તમે સુનો રે.

૫.૧૨ નબી (સલ.)ના ક્હયા મુજબ સાતમો દેશ ઈમાનથી બાકી રહી ગયો (જે દેશ ચીન હોવાનું પીર મશાયખે (રહે.) અનુમાન બાંધ્યું છે). મંહદી (અ.સ.) આવશે ત્યારે તેઓની ખુવારી થશે, કારણ કે એ જાહેરવાત છે કે તેઓમાંથી કોઇ ઈમાનવાળો નહિ હોય (૧) કે બીજાઓની માફક પછીથી ઈમાન લાવેલા નહિ હોય. દરિયાવાળાઓ સુધી દીન પહોંચ્યો પણ તેઓ (જેઓ ઈમાનથી ખાલી છે) સુધી પહોંચ્યો નહિ. નબી (સલ.)નો વાયદો સાચો થશે. આ પ્રગટ નિશાની કોઈનાથીયે છાની નથી રહેવાની.

૧૩ ઍસા સાચા નબીજી હામારા રે, તમે સુનો રે ;
મુનાફિક બૂઝે ના ગમારા રે, તમે સુનો રે.
૧૪ અબ તુજે ક્હાં છુપ જાના રે, તમે સુનો રે ;
સાચા દીન એ હૅ રહમાના રે, તમે સુનો રે.

૧૩.૧૪ અલ્લાહના સાચા દીન અને સાચા નબી (સલ.)થી તું ક્યાં છુપાઈશ ? મુનાફિક ! ગમાર ! તને સમજ કેમ નથી પડતી ?

૧૫ મુલક તો છહૂ દીન ભરીયા રે, તમે સુનો રે ;
બદ્દીન આજિજ કરીયા રે, તમે સુનો રે.
૧૬ મુનાફિક ક્હાં છુપ જાના રે, તમે સુનો રે ;
સબ જગ દીન હૅ રહમાના રે, તમે સુનો રે.

૧૫.૧૬ છ પ્રદેશો દીનથી ભરેલાં છે. ત્યાં બદ દીનો આજીજ-વશ થયા છે. મુનાફિક તું ક્યાં છુપાઈ જઈશ ? જગતતો દીનથી ભરેલું છે.

૧૭ દિન દિન હૅ કુફ્ર લોપાતા રે, તમે સુનો રે ;
દીન હૅ ગાલિબ આતા રે, તમે સુનો રે.
૧૮ નદી જૂં હૅ ભી ખડક ખુદાવે રે, તમે સુનો રે ;
દિન દિન લોપતી જાવે રે, તમે સુનો રે.
૧૯ કુફ્ર તો યૂં હૅ લોપાતા રે, તમે સુનો રે ;
ઢૂંડ દેખો સાચી હૅ એ બાતા રે, તમે સુનો રે.

૧૭.૧૯ દિવસે દિવસે કુફ્ર લોપાતું જાય છે અને દીન સરસાઇ (ગાલીબ) પર આવે છે. નદી જેમ પાડકો કૂદીને આગળ વધતી જાય છેતેમ લોપાતી જાય છે તેવી રીતે કુફ પણ લોપાતું જાય છે. આ સાચી વાતને શોધી લો.

૨૦ મૂમિનકી ટોલી એ હૅ સુનના રે, તમે સુનો રે ;
ઠામ નહી કો તમૂ છુપ ના રે, તમે સુનો રે.
૨૧ એ અબ મારે તુમ ગહે રે, તમે સુનો રે ;
મુનાફિક વે ના માને રે, તમે સુનો રે.

૨૦.૨૪ મુનાફિક મોમિનોની ટોળી ! તમે સાંભળો. તમારે સંતાવાની જગ્યા રહી નથી. હવે તમે વાતથી માર્યા ગયા. મુનાફિકો આટલી દલીલોને પણ માનશે નહિ. ભલા થઈને ચેતો અને

(૨) કડી નં. ૯ માં નબી (સલ.) એ નિર્દેશ કરેલો દેશ ઈમાનથી ખાલી હશે. અહીયા પીર મશાયખ (રહે.) એ આ દેશ ચીન હોવાનું અનુમાન બાંધ્યું છે, અથવા કોઈનું અનુમાન માન્યું હોય, કારણ કે, દસમી કડીમાં તેમણે શાયદ શબ્દ મૂક્યો છે. 'ચીન' દેશના ઉલ્લેખ સાથેની લડાઈની વાતનો આધાર કોઇ આધારભુત

૨૨ ભલા હૅ જો ચેતો સવેરી રે, તમે સુનો રે ;
તોબા કરો સુન બાત મેરી રે, તમે સુનો રે.
૨૩ આખિર ભી દેખો વે નિશાની રે, તમે સુનો રે ;
હૅ ભાગ તમૂ તો ઈમાની રે, તમે સુનો રે.
૨૪ ઉસથી હૅ ચેતના પહલા રે, તમે સુનો રે ;
દેખના હોવે વે એ પહલા રે, તમે સુનો રે.
૨૫ પત્થર જો સુનતા એ બાતી રે, તમે સુનો રે ;
ખૂબી દીન નિત ઉસે આતી રે, તમે સુનો રે.
૨૬ ઍસી ઍસી સાચી એ નિશાની રે, તમે સુનોરે;
કીએ ના કો માને જાની રે, તમે સુનો રે.

મારી વાતને માનીને તોબા કરો, અને ઈમાનની નિશાનીયો જુવો. તમારા ભાગ્યમાં હિદાયત હશે તો ઈમાનવાળા થશો, નહિ તો નહિ અને આવું બને તે પહેલાં નિફાક (મેલ)થી ચેતવું ભલું.

૨૫ પત્થર પણ દીનની આ વાતો સાંભળતો તો તેનામાં દીનની ખૂબી આવતી.

૨૬ આ સાચી નિશાનિયોને કોણ નહિ માને ?

---

## ૧૭૨૮

૧ સુનો વહબ રજી અલ્લાહ, અન્હો કહીએ ;
વે મુનબ્બાકે બેટે, સુન કર લહીએ.
૨ એ યમનકે કાજી, થે રે કહલાએ ;
એ યકસયદ પર, વફાત રે પાએ.
૩ એ અરદાસ કરને, લાગે ઈસ રે ઠામા ;
જાફરમૂદા નબીકા, ત્યૂં લે લે નામા.
૪ તબ ઈનૂ કૂ ઈતની, કિને બાત રે કહી ;
સો વહબને સુન કર, લીતી રે સહી.
૫ કિને કહા કલિમા, કીલી બહિશ્ત હો કેરી ?
ક્યા નહી બૂઝતે, તુમ વહબ સવેરી ?
૬ તબ વહબે કહયા, હાં સાચી રે બાતી ;
પન કીલી કેરી, ઍસી હોવે રે જાતી.
૭ પન કીલીકૂ બૂઝો, હોતે હૅ દંદાના ;
વે દનદાન બહૂત કીલી, હૅ રે પિછાના.
૮ યેસે દનદાનૂકી કીલી, જૉરે તૂ લાવે ;
દરવાજા બહિશ્તકા, ઉસ સેતી તો ખુલાવે.
૯ અને કીલી જો હોવે, દનદાનૂ બિના ;
ન ખુલસી ઉસીસ્રૂ, સુન રાખો રે મના.
૧૦ યૂં વહબને ઉસકૂ જુબા રે દીતા ;
એ સુન સુન મૂમિનૂ, ઈત્તા સમજને લીતા. રે તૂહી

## બયાન ૧૭૨૮

(૧)

**હદીસ : કલેમો જન્નતની કૂંચી છે.**

**રાવી : હઝ વહબ બિન મુંમ્બાહ (મુનબ્બાહ) રઝી.**

૧.૩ હઝ. વહબ બિન મુમ્બાહ (રઝી.) યમનના કાજી હતા અને યકસયદ સ્થળ પર વફાત પામ્યા હતા. તેઓ નબી (સલ.)ના એહકામો મુજબ ત્યાં લોકોની દાદ (અરદાસ) સાંભળતા હતા.

૪.૫ તેમને કોઈએ વાત કરી કે 'અય, વહબ શું તમને ખબર નથી કલેમો જન્નતની કૂંચી (ચાવી) છે ? તેમણે આ વાત સાંભળી લીધી.

૬.૯ હઝ. વહબ (રઝી.) એ કહ્યું કે 'સાચી વાત છે.' પણ ચાવીને તો ઘણા દાંતા (દંદાન) હોય છે. જો તું દાંતાવાળી કૂંચી લાવે તો તેનાથી જન્નતનો દરવાજો ખૂલે. પણ જો કૂંચી દાંતા વિનાની હશે તો તેનાથી દરવાજો ખૂલશે નહિ. (બાકી હદીસ આગળના બયાનમાં આવે છે.)

૧૦ હઝ વહબ (રઝી.) એ આ જવાબ દીધો તેને સમજીને મોમિન સમજી લે અને કહે ................ રે તુંહી

કિતાબોમાંથી મળતો નથી તેથી આ અનુમાન જ હોઈ શકે જે 'શાયદ' શબ્દ સાથે સુસંગત છે.

(૧) કડી નં. ૮/૯ માં નિર્દેશ છે કે મુહંમદ મંહદી (અ.સ.) જેનાથી જંગ કરશે તે એમાંથી કોઈ ઈમાનવાળો નહિ હોય. તે વખતે જો ચીનમાં કોઈ ઈમાનવાળો નહિ હોય તો તેમનાથી આ જંગ શક્ય છે. અગર ત્યાં કોઈ ઈમાનવાળા હોય તો તે દેશના બે ઈમાન પ્રદેશથી આ જંગ શક્ય છે. કહેવાનો

| | |
|---|---|
| ૧૧ કલિમા કીલી બહિશ્તકી, પન હૅ દાંતે જાન રે,<br>પન હૅ દાંતે જાન ;<br>કીલી જે દાંતૂ બિના, ખુલે ન ઉસથી માન રે,<br>ખુલે ન ઉસથી માન. | ૧૧ દાંતા હોય તો કલેમો જન્નતની કૂંચી છે. દાંતા વિનાની કૂંચીથી જન્નતનો દરવાજો ખૂલશે નહિ. |

---

| ૧૭૨૯ | બયાન ૧૭૨૯ |
|---|---|
| | હદીસ (બયાન નં. ૧૭૨૮ થી) |
| ૧ સુનો વહબને કહયા, કીલીકૂ દનદાના ;<br>સો દનદાસૂ અમલ, હૅ રે પિછાના.<br>૨ સુનો વહબને કહના, કહા નબીજી હો કેરા ;<br>સો સત્તર ડાલુસૂં, બૂઝીઓ સવેરા.<br>૩ અને અફજલ ડાલી, કલિમા આખા ;<br>ઉસ કાજે વહબે, બયાન રે દાખા. | ૧.૩ હઝ. વહબ (રઝી.) એ કહયું કે કૂંચીના દાંતા એટલે 'અમલ' સમજો. તેમણે નબી (સલ.) એ કહેલી હદીસ 'ઈમાનને સીત્તેર ડાળિયો છે અને કલેમો તેની અફઝલ ડાળી છે એ ઉપરથી કૂંચીના દાંતા એટલે 'અમલ' એમ કહયું. |
| ૪ ભી કલિમેકૂ આખા, જબ કીલીકા નામા ;<br>તબ બૂઝે રે દનદાન, હોવે કીલીકિ ઠામા.<br>૫ કે દનદાનૂ બિના, નહી કીલી રે દેખાતી ;<br>નંના બાલા ભી સુનતે, સહી કરે રે બાતી. | ૪.૫ જ્યારે કલેમાને જન્નતની કૂંચી કહી છે તો તેમાં દાંતા હોવા જ જોઇએ. દાંતા વિના કૂંચી ન હોય તે વાત નાનો બાળક પણ કહી શકે છે. |
| ૬ એ વહબને સમજ કર, આખીલા બૅના ;<br>નેક અમલ હૅ દાંતે, કીલીકિ મૅના<br>૭ ઉસ કાજે વહબે, એ દીયા રે જવાબા ;<br>તબ કહનારેને બૂઝા, સહી રે સતાબા. | ૬.૭ કલેમાને ઈમાનની અફઝલ ડાળી સમજીને હઝ. વહબ (રઝી.) એ દાંતા એટલે નેક અમલ એવું બયાન કર્યું, અને કહેનારે આ જવાબને સહી માન્યો. |
| ૮ સહી દનદાન કર ભાઈ, કાન ધર સુનના ;<br>એ સાચા બયાન, મન માંહે ધરના. | ૮ કૂંચીના દાંતા બરાબર કર ભાઇ, અને આ સાચાં બયાન કાન ધરીને સાંભળ અને મનમાં ઉતાર. |
| ૯ કુછ ચિંતા કરને, મન બૂઝની હૅ બાતી ;<br>બેગી ખતરે સેતી, પાક હોવે તો જાતી.<br>૧૦ એ ચિંતાથી તુરત, હોવેગા યકીના ;<br>ઍસા ખાતિમ કેરા, સહી રોશન રે દીના. | ૯.૧૦ ચિંતાથી વાત મન પર લો તો ખતરાથી તમારી જાત પાક થાય. ચિંતા રાખો તો તરત યકીન થાય એવો રોશન નબી (સલ.)નો દીન છે. |
| ૧૧ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી ;<br>અને નેહસૂં કહો, દિન ઑર રાતી. રે તૂહી. | ૧૧ હદીસની વાતો સાંભળીને પોતાને પાક કરો અને રાત દિન પ્રેમથી કહો .... .... રે તુંહી. |
| ૧૨ કીલીકિ દાંતૂ થકી, તાલૂ સહી ખુલાય રે,<br>તાલૂ સહી ખુલાય ; | ૧૨ કૂંચીના દાંતાથી જ તાળું ખોલી શકાય. દાંતા હોય તો જ કૂંચી કહેવાય. |

મૂળ હેતુ એ છે કે મુહમ્મદ મંહદી (અ.સ.) બે ઈમાનોથી જંગ કરશે, પછી તે ગમે તે દેશ, પ્રદેશ, ભાગ કે વિભાગ હોય.

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨)ના કિતાબુલ ઈમાનની ફસલ ત્રીજીની અનુક્રમે અડત્રીસમી હદીસ છે (બુખારી-તરજુમતુલ બાબ) અને હઝ. મઆઝ

દાંતૂ સેતી જાની એ, કીલી નામ ધરાય રે,
કીલી નામ ધરાય.

---

**૧૭૩૦ બલ.**

૧ સુનો જીવ હો, સુનો વીર હો,
કલિમા કૂંચી જંનત કેરી, પીતસૂ બૂઝો સવેરી ;
કૂંચી સેતી ખુલસી બારા, એ આધારા જી.
૨ સુનો જીવ હો, સુન વીર હો,
કૂંચી સેતી ખુલસે બારા, સાચા એ કરો આધારા;
કલિમાથી જાનો ઈમાના, દિલકી સાના જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો,
અફજલ ડાલી કહીએ, નામ તો કલિમા કૂંચી લહીએ; ઈસ કાજે એ લીતા નામા, ઈમાન ઠામા જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો,
કૂંચીકૂ હોતે હેં દાંતે, તાલા તો ખુલતે સુનાતે ;
ખુલસી ના દાંતાંખૂ રે બિના, રાખો મંના જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો,
અમલ નેક કરો ભાઈ, દાંતૂકી ખબર એ પાઈ ;
દાંતુસૂ કૂંચીકા નામા, સબ જગ ઠામા જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો,
દાંતૂ બિના કૂંચી નાંહાં, એ બૂઝે સબ જગ માંહાં;
સાચી એ બૂઝો રે રીતા, દિલકી પીતા જી.

**બયાન ૧૭૩૦**

પીર મશાયખ સમજાવતાં કહે છે:સાંભળો જીવ!**સાંભળો વીર !**

૧ કલેમાને પ્રેમથી જન્નતની કૂંચી સમજો. કૂચીથી બારણું ખુલશે. બારણું (તાળું) ખૂલવાનો એકજ આધાર કૂંચી (કલમો) છે.

૨ કૂંચીથી બારણું ખુલવાનો એકજ આધાર સમજો. કલેમાથી જ ઈમાન છે તે વાત દિલમાં રાખો.

૩ કલેમા રૂપી કૂંચીને ઈમાનની અફઝલ ડાળી છે, એટલે તો ઈમાનની વાતમાં કલેમાનું નામ લીધું છે.

૪ મનથી એક વાત સમજી લો કે કૂંચીને દાંતા હોય છે, તેનાથી તાળું ખુલે છે. દાંતા વગર તે તાળું ખુલશે નહિ.

૫ કૂંચીના દાંતા એટલે નેક અમલ કરવા એમ કહેવામાં આવ્યું છે. તેથી જગતમાં નેક અમલ કરી લો.

૬ દાંતા વગર કૂંચી હોય નહિ એ વાત જગ જાણે છે. માટે, કલેમા રૂપી કૂંચીથી દિલથી પ્રેમ કરો અને નેક અમલ કરો.

---

**૧૭૩૧**

૧ અબી હુરૈરા રઝી અલ્લાહ, અન્હો જાનો ;
એ હદીસ હેં કહતે, નબીજીકી માનો.
૨ સો ફરમૂદા નબીજી, ખાતિમ હો કેરા ;
એ વે સહી સુન કર, હેં કહતે રે સવેરા.

**બયાન ૧૭૩૧**

**હદીસ : નેક અમલનો બદલો દસ ગણો કે તેથીયેવધારે**
**રાવી : હઝ. અબુ હુરૈરા (રઝી.) (૧)**

૧.૨ હઝ-અબુ હુરૈરા (રઝી.) નબી (સલ.)થી સાંભળેલી હદીસ બયાન કરે છે.

બિન જબલ (રઝી.) એ રિવાયત કરેલી મિશ્કાતની ૩૫મી હદીસ 'કલેમો શહાદત જન્નતની કૂંચી છે' ના અનુસંધાનમાં છે. હઝ. વહબ બિન મુમ્બાહ (રઝી.) અમલ છોડી દેવા પર લોકોને ચેતવણી આપતા હતા ત્યારે કોઈએ કહ્યું કે 'અમલ હોય કે ન હોય, કલેમો જન્નતની કૂંચી છે', એ વાતના જવાબમાં

૩ કહા ખૂબી કેરી તમૂસૂં, કર ઈસ્લામા ;
સહી કર બૂઝ, દિલકે ઠામા.
૪ કે સિદક હો સેતી, સહી કર જાને ;
બાત ઈમાન સેતી, બહુત મન માંહે આને.
૫ કે ઈમાન સેતી, કરે સાચા રે યકીના ;
સાચા ઈસ્લામ મૂમિન, હો મન રે દેના.
૬ યૂં ઈસ્લામ સાચા, કરે આપકી જાતી ;
સાચા સિદકસૂ મૂમિન, હોવે સુનો રે બાતી.
૭ પછે હરેક અમલ, જો નેક રે કરાવે ;
સહી અજર તો ઉસકે, દસ રે લિખાવે.
૮ સો દસ ગુના લિખાવે, અમલ રે સહી ;
સો સત્તર તક, એ ખબર રે લહી.
૯ અને સત્તરથી અદકે, ભી લિખે રે જાવે ;
નેક અમલકે કરનાર, જજા રે પાવે.
૧૦ સો સાત સૉ સુધી, બયાન રે સુનાવે ;
અને અદકે હો સેતી, ભેદ રે પાવે.
૧૧ એ સૂનો રે બયાના, ઈમાન કેરા ;
એ સુન સુન મૂમિન, મન દીજિયો સવેરા. રે તૂહી.
૧૨ મૂમિન હો નેકી કરે, પાવે દસ મિસાલ રે,
પાવે દસ મિસાલ ;
સાત સૉ સુધી બૂઝીએ, અદકી અદકા હાલ રે.
અદકી અદકા હાલ.

૩.૧૦ નબી (સલ.) એ ફરમાવ્યું કે જે કોઈ મુસલમાન પોતાના ઈસ્લામને સાચા (સિદ્દક) દિલથી ઈમાન લાવી યકીનથી સાચું કરે – મન દઈને ઈસ્લામને સાચું કરે અને સાચો મોમિન બને – પછી તે જે દરેક નેક કરે તેનો બદલો તેને દશ ગણો મળશે. નેકી અમલનો બદલો અમલ કરનારને માટે દશથી વધીને સીત્તેર સુધી કે તેથીય વધારે લખાય છે, અને સીત્તેરથી વધીને સાતસો સુધી લખાય છે. અને તેથીયે વધીને અલ્લાહ જાણે અને આપે એટલો બદલો લખાય છે. (બાકી હદીસ આગળના બયાનમાં છે.)

૧૧ મોમિન ! ઈમાનનાં આ બયાન સાંભળો અને મનમાં લો અને કહો ........................ રે તુંહી.

૧૨ મોમિન નેક કામ કરે તો તેના દશ ગણો બદલો (અજર) પામે. અલ્લાહ તેનો બદલો (જજા) સાતસો કે તેથી અદકો કરી આપે છે.

---

### ૧૭૩૨

૧ ભી ફરમૂદા હૂવડા, ખાતિમ કેરા ;
એ સુન સુન મનમાં, દીજિયો સવેરા.
૨ અને મૂમિન હો કરસિ, કભી અમલ બુરાઈ ;
સો ઉસકી જજા, એક રે લિખાઈ.
૩ કો મૂમિન દો કરસિ, બૂરે અમલકા કામા ;
એ મિસાલ લિખાવે, ઉસ ગુનાહકી નામા.
૪ યૂં હિસાબ નેકી, અને બદી હોકેરા ;
એ હૅ રે લિખાવે, બૂજીઓ સવેરા.

### બયાન ૧૭૩૨
### હદીસ[૧] (બયાન નં. ૧૭૩૧થી)

૧ નબી (સલ.)ની આ હદીસ સાંભળીને મનમાં લો.

૨.૪ આપે (સલ.) ફરમાવ્યુંકે 'અગર મુસલમાન બુરાઈ કરે છે તો તેનો બદલો એક લખાય છે. એટલે કે તે ગુનાહ જેટલો જ લખાય છે. નેકી અને બદીનો મુસલમાન માટે આ હિસાબ છે.

તેમણે કહ્યું કે કૂંચી દાંતાવાળી હોય તો જ દરવાજો (તાળું) ખૂલે તશરીહ ત્વવરણ હદીસ નં. ૩૮ બયાનમાં છે.)

(૧) 'મિશ્કાત' (ભાગ–૧, વિભાગ–૨)ના કિતાબુલ ઈમાનની ફસલ ત્રીજીની અનુક્રમે ઓગણચાલીસમી હદીસ છે. – મુત્ત. અલયહે – (બુખારી–મુસ્લિમ)

૫ સો જબ તક મિલના, હોવે રે ઈલાહી ;
તબ તક એ લિખાવે, ખબર બતાહી.
૬ સો જબ તક કદમ, હયાતી હો કેરા ;
તબ તક એ રીતે લિખાવે સવેરા.
૭ એ ફરમૂદા ખાતિમ, નબીજીકા જાનો ;
એ સુન સુન ઈમાની, હોના રે માનો.
૮ નિત ઈમાનકી બાતી, સુન લો આપ જાતી ;
નિત મિલ મિલ મૂમિન, કરો એ રે બાતી.
૯ જિસ બાતુથી મૂમિન, હોવે રે નામા ;
તો નિસદિન વહી, કરના કામા.
૧૦ સુનો દિન કેરે ભાઈ, દિલકે નેહા ;
અને નિત ઉઠ કહો, નીચી કરને દેહા. રે તૂહી.
૧૧ નેકી દસ મિસાલ હેં, બદીકૂ એકજ જાન રે,
બદીકૂં એકજ જાન ;
એ ખાસ મૂમિનકા, અવરકૂ નહી માન રે,
અવરકૂ નહી માન.

૫.૬ નેકી અને બદીનો આવો બદલો જ્યાં સુધી અલ્લાહને મળ વાનું થાય યાને હયાતીનાં કદમ બાકી રહે (જીવો ત્યાં સુધી) લખાતો રહે છે.

૭ નબી (સલ.)ની આ હદીસ સાંભળીને ઈમાનવાળા થઈ જાઓ.

૮ તમે ઈમાનની વાત હંમેશાં જાણતા રહો અને મળી મળીને ઈમાનની વાત કરો.

૯ જે વાતોથી મોમિન રહી શકાય એવાં કામ રાત દિવસ કરો.

૧૦ દીનના ભાઈ ! દિલના પ્યારથી સાંભળો અને પોતાની જાતને નીચી કરીને કહો .... .... .... રે તુંહી.

૧૧ નેકીના દસ બદલા અને બદીનો એકજ બદલો એ ખાસ મહેરબાની ઈમાનવાળાઓ માટે છે, બીજાઓ માટે નહિ.

---

## ૧૭૩૩ દુહા.

૧ સુનને સુન ભાઈ દીનકે, હાં દીન કે,
ઐસી હેં દીનકી બાત રે ;
મૂમિન સહી પહલી કરની, હાં કરની,
સિદક સાચી જાત રે.
૨ બેગી એ મન ધર સુનના, હાં સુનના,
કૈસી હેં મૂમિન રીત રે ?
ઈમાન સેતી નામ મૂમિનાં, હાં મૂમિના,
સુનો તો મન ધર પીત રે.
૩ મૂમિન કરે નેક અમલ, હાં નેક અમલ,
પાવે દસ મિસાલ રે ;
અજર ભી પાવે ઘના, હાં પાવે ઘના,
અમલ નેકકે હાલ રે.
૪ મિસાલ એકજ પાવે સહી, હાં પાવે સહી,
બદી કેરે કામ રે ;

## બયાન ૧૭૩૩

### અમલ વિષે પીર મશાયખ (રહે.) સમજાવે છે.

૧ દીનના ભાઈ ! દીનની રીતને સાંભળ. મોમિનભાઈ ! પહેલાં પોતાની જાતને ઈમાન પર સાચી (સિદ્દક) કરો.

૨ મનધરીને જલદી સાંભળી લો કે મોમિનનો તરીકો શું છે ? મનધરીને પ્રેમથી સાંભળો કે ઈમાનથી જ મોમિન રહેવાય.

૩ મોમિન નેક અમલ કરે તો તેને દસ બદલા કે તેથીયે ઘણા બદલા મળે છે.

૪ મોમિન બદી કરે તો તેનો એકજ બદલો લખાય છે. બે ફરિશ્તાઓ જેઓ માણસના ખભાઓ ઉપર બેઠેલા છે, તેઓ

નૂરી હૅ રે દો લિખતે, હાં લિખતે,
અમલ નામા ઠામ રે.

અમલનામામાં આપણા અમલો લખે છે.

૫ સુનોને ભાઈ મેરે દીનકે, હાં દીનકે,
લિખાવે એ સહી રીત રે ;
જહાં તક મૉત હૅ રૈ આવની, હાં આવની,
હુકમ યૂં હૅ દીત રે.

૫ દીનના ભાઇ સાંભળો. હદીસ પ્રમાણે ફરિશ્તાઓ મોત આવે ત્યાં સુધી આપણા અમલનામામાં અમલોને બરાબર લખે છે.

૬ સુનો મૉત રે જહાં તક આવની, હાં આવની,
તહાં સૂધી લિખાય રે ;
જૈસા બયાન હૅ આખીયા, હાં આખીયા,
વૈસા એ લિખાય રે.

૬ હદીસમાં જેવું બયાન કરવામાં આવ્યું છે એ પ્રમાણે અમલોને મોત આવે ત્યાં સુધી લખવામાં આવે છે.

૭ ખૂબી એ બૂઝો વીરા દીનકી, હાં દીનકી,
સહી કર એક ચિત્ત રે,
નિત નિત હોને વીરા મુમિના, હાં મૂમિના,
મત રહો નિચિંત રે.

૭ ભાઇ ! દીનની આ ખૂબી જાણીને તેને દિલથી સહી કરો. ભાઇ ! હંમેશા ઈમાનવાળા રહો અને બેફિકર ન રહો.

---

૧૭૩૪ નજમ.

૧ સુન સુન ખૂબી દીન કેરી રે, તમે સુનો રે ;
હોઓ સુન ઈમાની સવેરી રે, તમે સુનો રે.
૨ મૂમિન હો અજર પાવે રે, તમે સુનો રે ;
નેકજ અમલ કરાવે રે, તમે સુનો રે.
૩ દસથી સો સત્તર કહીએ રે, તમે સુનો રે ;
સાત સૉ સુધી ભી લહીએ રે, તમે સુનો રે.
૪ બુરાઈકી એકજ મિસાલા રે, તમે સુનો રે ;
દીન કેરી ખૂબીકા એ હાલા રે, તમે સુનો રે.
૫ ગાફિલ કયા તૂ બૂઝે બાતી રે ? તમે સુનો રે ;
ખૂબી ચાવે આપ કેરી જાતી રે, તમે સુનો રે.
૬ ઈમાનકૂ રોશન કરાતા રે, તમે સુનો રે ;
અજર હો લેના મન ધરાતા રે, તમે સુનો રે.
૭ બટાઉઆ હૅ રાહામાં ચલતા રે, તમે સુનો રે ;
મંજલે વે પહુંચતા સુનાતા રે, તમે સુનો રે.
૮ બૅઠ બૅઠ પહુંચતા કો નાંહાં રે, તમે સુનો રે ;
ગાફિલ એ બૂઝો મન માંહાં રે, તમે સુનો રે.

**બયાન ૧૭૩૪**

**પીર મશાયખ (રહે.) કહે છે : 'તમે સાંભળો'.**

૧ દીનની ખૂબી સાંભળો અને ઈમાનવાળા બનો.

૨.૩ મોમિન નેક અમલ કરે તો તેનો અજર તેને દશ ગણો, સીત્તેર ગણો કે સાતસો ગણો મળે છે.

૪ બૂરાઈનો બદલો ફક્ત એકજ મળે છે. આજ તો નબી (સલ.)ના દીનની ખૂબી છે.

૫ ગાફીલ ! તું તો તારી જાતને જ ચાહે છે. તું દીનની વાતને શું સમજે ?

૬ અજર મેળવવા નેક અમલ કરવાનું જે મનમાં નક્કી કરે છે તેના ઈમાનને તેનો આ ઇરાદો રોશન કરે છે.

૭ જે વટેમારગુ તેના રસ્તે ચાલતો રહે છે તે તેની મંજીલ સુધી પહોંચી જાય છે.

૮ ગાફીલ ! એ સમજીલે કે મુસાફર એક જગાએ બેઠો બેઠો

૯ સુન કરો સાચા તો ઈમાના રે, તમે સુનો રે ;
મૂમિનકી હો તૂ નિશાના રે, તમે સુનો રે.

મંજીલે પહોંચતો નથી.

૯ તું મોમિન હોય તો દીનની આ વાત સાંભળીને ઈમાન પાકું કર.

---

## ૧૭૩૫

૧ અબી ઈમામત રજી અલ્લાહ, અન્હો કહીએ,
એ નબીજીકી હદીસ, હૅ કહતે રે લહીએ.
૨ એક મરદને આવ કર, સવાલ રે કીતા ;
સો ખાતિમ નબીકૂ, પૂછા રે સુનીતા.
૩ કહા કયા હૅ ઈમાન, નબી ફરમાહો ?
વે હકીકક્ત મુજકૂ, સાહિબ બતાહો.
૪ તબ મુબારક જાુબાંસૂ, ઈત્તના ફરમાયા ;
સો ઈમાનકા બયાન, ઉસકૂ સુનાયા.
૫ કહા જબ તુજે ખુશાલી, કરનેકી રે તેરી ;
કે નેક કામ કરતે, હોવે ખુશાલ સવેરી.
૬ કે ખુશી હો કર, કર નેક રે કામા ;
યૂં ખુશાલી રે આવે, તેરે દિલકે ઠામા.
૭ અને બુરા હાલ તેરા, કરે બદી રે તેરી ;
કે દિલગીર હોવે, બુરા કરતે રે સવેરી.
૮ કે તબ તૂ મૂમિન, હૂઆ નબીજીને દાખા ;
તબ મરદને સવાલ, ફિર દૂજા રે આખા.
૯ કો હો બજગાર કાતકા, નબી કહો એ નામા ;
કહા કુછ હૅ બાત, આવે તેરે દિલ ઠામા.
૧૦ વે મુરતદ કરને, દિલ તેરા ફિરાવે ;
કહા નબીજીને બજગાર, વે રે કહલાવે.
૧૧ ઍસે કામકૂ છોડ દે, ફિર આપ ફરમાયા ;
એ સુન સુન મૂમિનૂ, દિલ ઈતના આયા. રે તૂહી.
૧૨ નેક કામૂ ખુશી હોવે, બદીસૂં દિલગીર રે,
બદીસૂં દિલગીર.
એ નિશાની મૂમિના, સુન સુન દીનકે વીર રે,
સુન સુન દીનકે વીર.

## બયાન ૧૭૩૫

(૧)
હદીસ : નેક કામથી ખુશ અને બદીથી દિલગીર થાયતેમોમિનછે.
રાવી : હઝ. અબુ ઈમામાહ (રઝી.) (૨)

૧.૩ અબુ ઈમામાહ (રઝી.) નબી (સલ.)ની હદીસ કહે છે કે એક માણસે આવીને નબી (સલ.)થી સવાલ કર્યો કે ઈમાન શું છે તેની હકીક્ત મને કહો.'

૪ નબી (સલ.)એ ઈમાનનું બયાન આપની જબાન મુબારકથી આ પ્રમાણે ફરમાવ્યું :

૫.૮ આપે (સલ.) કહ્યું : "તું જે રીતે ખુશ થાય છે તે રીતે નેક અમલ કરતાં ખુશ થાય, તારા મનમાં તેની ખુશાલી આવે અને બદી કરે તો તેમ કરતાં તું દિલગીર થાય અને તારા બુરા હાલ થાય તો તું ઈમાનવાળો ગણાય".

૯.૧૦ પછી તે માણસે આપ (સલ.)થી બીજો સવાલ કર્યો "બજગાર (ગુનાહ) કોનું નામ છે ?" આપે (સલ.) કહ્યું : "એ વાત કે જે તારા દિલમાં આવે અને તારા દિલને ઈમાનથી ફેરવે (યાને દિલમાં ખટકો પેદા કરે)".

૧૧ આપે (સલ.) ફરમાવ્યું : "એવા કામને છોડી દો". મોમિન તું આ વાત સાંભળીને દિલમાં લે અને કહે ....... રે તુંહી.

૧૨ દીનના ભાઈ સાંભળ : નેક કામથી ખુશ થાય અને બદીથી દિલગીર થાય એ મોમિનની નિશાની છે.

(૧) 'મિશ્કત' (ભાગ–૧, વિભાગ–૨)ના ક્તિાબુલ ઈમામની ફસલ ત્રીજીની ચાલીસમી હદીસ છે. (અહમદ)
(૨) ઈમામનો ઉચ્ચાર ઈમામાહ થાય છે.

## ૧૭૩૬ પહલ

૧ નિત નિત કરો દીનસૂં નેહા રે ;
નેહ કરો સાચા આપ દેહા રે.
૨ દીનકે ભાઈ કરો નિત પીતા રે ;
હોઓ ઈમાની એ દીનકી રીતા રે.
૩ ઉમ્મતી ખાતિમકે કહલાહો રે ;
દીનકી પીતસૂં તન રંગાહો રે.
૪ જૂં મન દેવે ગવાહી તુમારા રે ;
ઉસ કેરા એ બૂઝો બિચારા રે.
૫ નેક અમલકી કરો બાતી રે ;
ખુશી હો તબ તુમારી જાતી રે.
૬ નેક અમલકા હોવે કામા રે ;
તબ ખુશી આવે દિલકે ઠામા રે.
૭ દીન સંગ પીત ઍસી કરની રે ;
નેકી કેરી ખુશી મન ધરની રે.
૮ હોતે કામ બુરાઈ કેરા રે ;
દિલમાં તો ગમ આવે સવેરા રે.
૯ ભલેકૂ ભી ભૂંડા અમલ કીતા રે ;
ઉસસૂં દિલગીર હૂઆ સુનીતા રે.
૧૦ સાચી ગવાહી એ દેવે મંના રે ;
તો સહી હૂઆ મૂમિન તંના રે.
૧૧ ઍસી હૅ પીત દીન સંગ કરની રે ;
સુન સુન બાત એ મન માંહી ધરની રે.
૧૨ ઑર જો મન માંહે આવે બાતી રે ;
દીન થકી જે જુદા હૅ કરાતી રે.
૧૩ એ સોચ સેતી દિલ આપ નઠાઓ રે ;
વે બાત દિલથી દૂર કરાહો રે.
૧૪ એ સહી બૂઝો ઈમાનકી રીતા રે ;
સુન સુન દીનસૂં કરો પીતા રે.

---

## બયાન ૧૭૩૬

### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

૧ પોતાની જાતથી જેટલો સાચો પ્રેમ કરો છો તેટલો પ્રેમ દીનથી કરો.

૨ દીનનાભાઇ ! દીનની રીત એ છે કે ઇમાનવાળા બનો અને હંમેશાં દીનથી પ્રિત રાખો.

૩ ખાતેમુન્નબી (સલ.)ના ઉમ્મતિ બનવું હોય તો દીનની પ્રિતથી પોતાને રંગીલો.

૪ તમારૂં મન ગવાહી આપે તેવા નેક અમલો કરવાનું વિચારો.

૫ નેક અમલ કરવાની વાત આવે તો તમને ખુશી થવી જોઇએ.

૬ નેક અમલનું કામ તમારાથી થાય તો તમારા દિલમાં ખુશી આવવી જોઇએ.

૭ દીનથી એવી પ્રિત રાખો કે નેકી કરતાં હંમેશાં ખુશી થાય.

૮ બુરાઇનું કામ થઇ જાય તો દિલમાં ગમ થવો જોઇએ.

૯.૧૦ ભલાં અમલોને ભૂંડાં અમલ કહી દે તો પણ ઇમાનવાળો દિલગીર થાય અને તેનું મન સાચની ગવાહી પુરે તો તે મોમિન ગણાય.

૧૧ દીનની આ વાતો સાંભળીને મનમાં ધરો અને બતાવ્યા પ્રમાણે દીનથી પ્રિત કરો.

૧૨.૧૩ આ શિવાય બીજી વાત મનમાં આવે તો તે વાત તમને દીનથી દૂર કરશે. આવી બીજી વાતથી પોતાને દૂર રાખો અને તે વાતને દિલમાંથી દૂર કરો.

૧૪ ઇમાનની આવી સાચી રીતને જાણીલો અને દીનની વાતો સાંભળીને દીનથી પ્રિત કરો.

## ૧૭૩૭

૧ સુનો અમર બીન, અબસા રે કહીએ ;
રજી અલ્લાહો અન્હો, નામ સંગ લહીએ.
૨ કે ઈનૂકી ખૂબીકા, બૂઝો બહુત હૅ બયાના ;
સો લિખે હો સેતી, સહી સુન સુન જાના.
૩ સહી નબીજીકી હદીસ, એ હૅ કહતે ;
હૅ જાં એ સુન કર, નબીજીસૂં લેતે.
૪ યા રસૂલલ્લાહ કહ કર, ઈનૂ નબીજીકૂ દાખા ;
કૌન તુમારી સાથે, હૅ નબીજી આખા ?
૫ કૌન સાથે હૅ તુમારે ? નબી ઈસ્લામ માંહાં ;
કહો મુજકુ બૂઝૂ, મેં દિલકે માહાં.
૬ તબ એક અસીલ, એક બંદા કહયા ;
એ ફરમૂદા નબીકા, હૂઆ સુન લહયા.
૭ એ બૂઝના હૅ નામ, અસીલ હો કેરે ;
સો સિદ્દીક અકબર, બૂઝીઓ સવેરે.
૮ અને બંદે હો સેતી, બૂઝો બીલાલકા નામા ;
અસીલ બંદેકી, દોનૂ બુઝો રે ઠામા.
૯ કે અસીલ બંદેકે, નામ હુકમ રે કીતા ;
સો ફરમૂદા ખાતિમકા, સહી સુન લીતા.
૧૦ ઈસ સેતી દોનૂ બુજો રે નામા ;
એ બયાન હૅ રાખના, સુન દિલકે ઠામા. રે તૂહી.
૧૧ બાતાં સુનતે દીનકી, હોવેગા ઈમાન રે,
હોવેગા ઈમાન ;
ઈમાનસૂં બૂઝીએ, મૂમિનકા નિશાન રે,
મૂમિનકા નિશાન.

### બયાન ૧૭૩૭

**હેદીસ : ઈસ્લામ અને ઈમાન શું છે ? અફઝલ શું છે ?**
**રાવી : હઝ. અમર બિન અબસા (રઝી.)**

૧.૩ હઝ. અબર બિન અબસા (રઝી.)ની ખૂબી વિષે બહુજ લખાયું છે. અને સાંભળવામાં આવે છે. તેઓ નબી (સલ.)થી સાંભળી લીધેલી હદીસ કહે છે.

૪.૫ હઝ. અમર (રઝી.) નબી (સલ.)થી પુછ્યું "હે અલ્લાહના રસુલ (સલ.) મારે સમજવું છે કે ઈસ્લામમાં શરૂ માં આપને સાથ આપનાર કોણ છે ?"

૬.૧૦ ત્યારે નબી (સલ.) એ કહ્યું : " એક અસીલ (આઝાદ) અને એક ગુલામ. આઝાદમાંથી હઝ. સિદ્દીક અકબર (રઝી.) અને ગુલામોમાંથી હઝ. બિલાલ (રઝી.) છે. " આ બેઉનાં નામ હઝ. અમરે સાંભળ્યાં.
(બાકી હદીસ બયાન નં. ૧૭૩૮માં આવે છે.)

૧૧ દીનની વાતો સાંભળતાં ઈમાન આવશે. ઈમાનથી જ મોમિન પરખાય છે.

---

## ૧૭૩૮

૧ ફિર અમરને નબીજી, આગે અરજ રે દાખી ;
સો પૂછને કેરી, અરજ રે આખી.

### બયાન ૧૭૩૮

હદીસ (બયાન નં. ૧૭૩૭ થી)

૧.૪ પછી હઝ. અમર (રઝી.) એ નબી (સલ.)થી અરજ કરીને

(૧) 'મિશ્કાત' (ભાગ–૧, વિભાગ–૨)ના કિતાબુલ ઈમાનની ફસલ ત્રીજી અનુક્રમે એક્તાલીસમી હદીસ છે. (અહમદ)

૨ પૂછા કાતકા ઈસ્લામ, કહતે રે નામા ?
તબ ખાતિમને કહયા, નરમ કલામા.
૩ કહા નરમીસૂં બોલના, એ રે ઈસ્લામા ;
યૂં ઈસ્લામ કેરા, લીયા ખાતિમને નામા.
૪ ભી ખાના રે ખિલાના, એ ઈસ્લામ રીતા ;
યૂં ખાતિમ નબીને, હુકમ રે કીતા.
૫ ફિર પૂછા કે નબીજી, નામ કાતકા ઈમાના ?
તબ સબર કરના કહા, ખાતિમને જાના.
૬ ભી ખમીયા તો કરના, નબીજીને આખા ;
એ ઈમાનકા જવાબ, ખાતિમને દાખા.
૭ કે સબર કરના, સબ રે હાલા ;
હૂઆ ઈમાની કેરા, ઍસા રે ચાલા.
૮ અને મને રે કિયેસૂં, પીછે રે રેના ;
અસમહત કેરા, ભેદ રે લેના.
૯ અને ફરજ સારે, અદા રે કરના ;
અમઅન સમહત, કેરે મન ધરના.
૧૦ એ સુન સુન મૂમિન, હોઓ રે ઈમાની,
અને નિસદિન ઈતની, બાત કહતે જાની. રે તૂહી.
૧૧ સુનતે હોવે મૂમિના, થર રહવે ઈમાન રે,
થર રહવે ઈમાન ;
તો સુનને વીરા નેહસૂં, મૂમિનકૂ આસાન રે ;
મૂમિનકૂ આસાન.

પુછ્યું કે 'અફઝલ ઈસ્લામ કોને કહે છે ? આપે (સલ.) કહ્યું : "નરમ વાત (કલામ) કરો" યાને નરમીથી વાત કરવી તેનું નામ ઈસ્લામ છે. પછી આપે (સલ.) કહ્યું : "કોઈને ખાવા ખવડાવો એ ઈસ્લામ છે.'

૫.૯ પછી હઝ. અમરે (રઝી.) પુછ્યું : "અફઝલ ઈમાન કોનું નામ છે ?" નબી (સલ.) એ કહ્યું : " કોઈપણ હાલતમાં સબર કરવી (યાને સહનશીલતા રાખવી), મના કરેલી (બૂરી) વાતોથી દૂર રહેવું અને બધા ફરજો અદા કરવા (યાને તાઅત અને ફરમા બરદારી માટે તૈયાર રહેવું) એ ઈમાન છે. " (બાકી હદીસ આગળના બયાનમાં આવે છે.)

૧૦ હદીસ સાંભળીને તું ઈમાનવાળો થા અને રાત દિન કહે .....
રે તુંહી.

૧૧ દીન સાંભળવાથી મોમિન થવાય અને ઈમાન ટકી રહે. મોમિન માટે પ્રેમ પૂર્વક સાંભળવું બહુજ આસાન છે.

---

૧૭૩૯

૧ એ સુન ફિર ખાતિમકૂ, સવાલ રે આખા ;
કયા ઈસ્લામ અફજલ, હૈ રે દાખા ?
૨ તબ ખાતિમ નબીને, સુન જવાબ રે દીતા ;
વે હૈ રે મૂમિન, કર હુકમ રે કીતા.
૩ કે મૂમિન સલામત, રહવે ઉસ સેતી ;
કે ઉસથી રંજ, ન પહુંચે તિલ જેતી.
૪ ન જીભ ને હાથસૂં, વે ન રે સતાવે ;
સો જિતને મૂમિન, હોવે રે કહલાવે.

**બયાન ૧૭૩૯**

હદીસ (બયાન નં. ૧૭૩૮ થી)

૧.૪ તે આવનારે નબી (સલ.) ને ફરીથી સવાલ કર્યો ઉ "ક્યો ઈસ્લામ અફઝલ છે ?" નબી (સલ.) એ ફરમાવ્યું : "તે મુસલમાન જેના હાથથી બીજો મુસલમાન સલામત રહે, અને તેનાથી તેને જરાપણ રંજ ન પહોંચે. એક મુસલમાન બીજા મુસલમાનને જીભથી કે હાથથી ન સતાવે તે ઈસ્લામાં અફઝલ છે. "

કડી નં. ૮ અસમહત : હદીસના શબ્દો 'અસ્સબરો વસ્સમાહતો' (સબર અને સખાવત) છે. 'અસમહત' એ અસ્સમાહત છે. 'સ' ને બેવડાવીએ અને 'બ' ને કાનો આપીયે તો અસ્સમાહત થાય.

૫ ફિર સુન એ ખાતિમકૂ, સવાલ રે કીતા ;
કયા હૅ ઈમાન અફજલ ? યૂં પૂછા રે સુનીતા.
૬ નેક ખુલક કરને, તબ ખાતિમે બતાયા ;
બૂઝો ખુલક સો પ્રગતિ, હૅ રે કહલાયા.
૭ એ સુન રે ફિર કર, નબીજીકૂ આખા ;
કયા અફજલ સલાત, હૅ રે દાખા ?
૮ તબ ખાતિમને દરાજા, કહા રે કિયામા ;
સો ઠાડે રહનેકા, બુજો કિયામ રે નામા.
૯ કે ઠાડે બહુત રહના, ભીતર સલાતા ;
સુનો કિયામ તો ઠાડેકા, નામ રે કહલાતા.
૧૦ હૅ ઉમેદકે ફિકેમાં, એ આખૂંગા બયાના ;
જો પૂરા રે કરે, ઉમેદ રહમાના.રે તૂહી.
૧૧ સુનતે મૂમિન દીનકૂ, થર રહવે ઈમાન રે,
થર રહવે ઈમાન ;
તો સૂનને વીરા ચાવસૂં, મત હો તૂ નાદાન રે,
મત હો તૂ નાદાન.

૫.૬ પછી તે આવનારે નબી (સલ.)થી સવાલ કર્યો : "ક્યું ઈમાન અફઝલ છે? આપે (સલ.) ફરમાવ્યું : "સારું ચારિત્ર્ય" યાને સારી આદત (પ્રકૃતિ) રાખવી તે.

૭.૮ પછી તેણે પુછ્યું : "કઈ નમાજ અફઝલ છે" ? આપે (સલ.) ફરમાવ્યું : કિયામ યાને નમાજમાં ઉભા રહેવાની સ્થિતિ (નમાજમાં વધારે ઉભા વખત રહેવું તે). (બાકી હદીસ આગળના બયાનમાં આવે છે.)

૧૦ (પીર મશાયખ (રહે.) કહે છે કે) અલ્લાહ ઉમેદ પુરી કરે તો ફિકાહ (મસાઈલ)ના બયાનમાં એના વિષે કહીશ.

૧૧ મોમિન ! દીનની વાત સાંભળતાં ઈમાન જળવાઈ રહે છે, તેથી વીરા તું ચાહ રાખીને સાંભળ અને નાદાન મત બન.

---

## ૧૭૪૦

૧ ફિર ખાતિમ નબીકૂ, કીઆ સવાલ રે સહી ;
કયા હિજરત અફજલ, અરજ એ કહી ?
૨ કહા મકરૂહ શેસૂં, હૅ ભાગ રે જાના ;
એ હિજરત કેરા, કહા ખાતિમને બયાના.
૩ કે મકરૂહ સેતી, નાઠના ચાવે ;
એ અફજલ હિજરત, હૅ રે કહલાવે.
૪ એ સુન ફિર ખાતિમકૂ, અરજ પહુંચાઈ ;
કહા અફજલ લડાઈ, કયા હૅ રે કહલાઈ ?
૫ કે અફજલ જંગ હૅ, ખાતિમ બતાહો ;
નબી સાહિબ ઉસકા, બયાન રે સુનાહો.
૬ તબ નબીજીને કહયા, એ હૅ અફજલ જંગા ;
પગ કટ જાવે, તન હોવે રે ભંગા.
૭ અને ઉસહી ઘાવથી, ચલે રેખૂના ;
એ નબીજીને જિહાદકા, બયાન રે કીના.

## બયાન ૧૭૪૦

હદીસ (બયાન નં. ૧૭૩૯થી)

૧.૩ પછી તે આવનારે. નબી (સલ.) થી સવાલ કર્યો :" કઈ હિજરત અફઝલ છે. ?" આપે (સલ.) ફરમાવ્યું " "મ[illegible]હ થી દૂર ભાગવું એ અફઝલ હિજરત છે."

૪.૭ તેણે ફરથી પુછ્યું : " અફઝલ જેહાદ (લડાઈ) કઈ છે.?" આપે (સલ.) ફરમાવ્યું : " જે જંગમાં જેનો ઘોડો (સવારી) માર્યો જાય પગ કપાઈ જાય, શરીર તૂટી જાય અને ઘા માંથી ખૂન વહે (યાને શહીદ થાય) તે જેહાદ અફઝલ છે. "

કડી નં. ૯ અમઅન સમહ્ન : અરબી 'અમ્મન' એટલે આમીન ક્હેવું (માની જવું) અને સમહ્ન એ સમા ઓધ્યત (સાંભળવું) હોઈ શકે, યા 'સમ્મહ' (નરમી રાખવી) સંભળી શકે.

૮ એ સુન કર ખાતિમકૂ, ફિર પૂછી રે બાતી ;
નબી દાઅત અફ્જલ, હૅ કૌનસી કહલાતી ?
૯ તબ ખાતિમને કહયા, પેટ રાત હો કેરા ;
સો દૂજે ભાગમાં, બૂઝના સવેરા.
૧૦ એ મુબારક જુબાંસૂં હદીસ રે કહી ;
સો સવાલકે કરનારેને, સુન કર લહી.
૧૧ એ સુનની હૅ બાતી, મન ધર પીતા;
સુન સુન નિસદિન, યાદ કરના મીતા. રે તૂહી.
૧૨ દીનવંતકૂ દીનકી, બાતાં હૅ ભાવત રે,
બાતાં હૅ ભાવત ;
ભાવ બિના જે ગાફિલા, વે રહીલા નચિંત રે,
વે રહીલા નચિંત.

૮.૯ તેણે ફરથી.પૂસ્યું : " કઇ ઘડી (સાઅત) અફઝલ છે ?" આપે (સલ.) ફરમાવ્યું :" રાતનો બીજા ભાગનો (તહજ્જુદનો ) સમય અફઝલ ઘડી છે."

૧૦ આપે (સલ.) મુબારક જબાનથી હદીસ કહી જેને સવાલ કરનારે સાંભળી લીધી.

૧૧ દીનની વાતો મનધરીને પ્રિતથી સાંભળો અને સાંભળી ને રાત દિન અલ્લાહને યાદ કરો ... રે તૂંહી.

૧૨ દીનદારને દીનની વાતો ભાવે છે. જેને ભાવે નહિ તે ગાફિલ બેફિકરો છે.

---

### ૧૭૪૧ બલ.

૧ સુનો જીવ હો, સુનો વીર હો.
બોલોને નરમી બોલી, મૂમિનૂકી બૂઝો ટોલી ;
જીભાં તો મીઠી હૅ કરની, બાત સુનની જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો.
જીભકૂ ખૂબી એ દીજે, નરમ બોલૂ બાત કીજે ;
રંજ ન પાવે કો તૅના, બૂઝો મના જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો.
સબર કરના રે ભાઈ, ઉસ માંહે તો બડાઈ ;
સબર કરના રે દેહા, કરના નેહા જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો.
સબર હૅ ખૂબ જાના, થર તો રહવે ઈમાના ;
એ ભલી બૂઝો રે રીતા, કરો પીતા જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો.
પ્રગતિ નેક હૅ કીજે, એ બાત સહી ચિત દીજે ;
સુન સુન હોના ઈમાની, બાત એ જાની જી:
૬ સુનો જીવ હો, સુનો વીર હો.
નાઠના હૅ મકરૂહ સેતી, મકરૂહ બાત હોવે જેતી;
ઉસથી હૅ નાઠના સહી, બાત એ કહી જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો.
હિજરત અફજલ કહીએ, મકરૂહ સેતી દૂર રહીએ:

### બયાન – ૧૭૪૧
### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે :
### સાંભળોજીવ ! સાંભળો વીર

૧ મોમિનભભાઈઓ ! નરમ બોલી બોલો, જીભ મીઠી રાખો અને મારી વાત સાંભળો.

૨ જીભને આદત પાડો કે નરમ બોલીથી વાત કરે જેથી કોઇને રંજ ન થાય. વાત સમજો.

૩ પ્રેમ રાખો અને સબર કરો, તેમાં મોટાઇ છે. જાત ઉપર બરદાસ્ત કરો.

૪ સબર કરવાથી ઈમાન જળવાઇ રહે છે. સબર કરવી સારી રીત છે. તે રીતથી પ્રિત કરો.

૫ એ જાણેલી વાત છે કે સાંભળતાં ઈમાનવાળા થવાય. આ વાત મનમાં ગ્રહણ કરી લો અને નેક આદત (પ્રકૃતિ) પાડો.

૬ નબી (સલ.) એ કહયું છે કે જેટલી મકરૂહ વાતો છે તેનાથી દૂર નાસો

૭ મકરૂહથી દૂર ભાગવું અફઝલ હિજરત છે. તેનાથી નાસો અને વાત મનમાં આણો.

૮ સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાન મોમિનની નિશાની

(૧) આ શબ્દો અરબીમાં મૂળ હદીસના છે.

નાઠના હૅ ખૂબ જાના, મન આના જી.
૮ સુનો જીવ હો, સુનો વીર હો.
સુન સુન હોના ઈમાની, મૂમિનકી એ નિશાની;
હોનાપાક સુન દીન બાતી, આપ જાતી જી.

છે દીનની વાતો સાંભળીને પોતાને પાક કરો

---

૧૭૪૨ બયાન

૧ સુનો ગુનાહ કબીરિ, કેરા રે બયાના;
એ ભી સુન દૂર રહ કર, સહી કરના ઈમાના.
૨ ભી નિફાક હો કેરી, બૂઝો રે નિશાની;
એ સુનના હૅ મન ધર, સબ રે બયાના.
૩ સુનો કબીરા ગુનાહ, ઉસકૂ કહીએ;
જિસે શૅરકી હદ, પહુંચે રે લહીએ.
૪ ભી જુદા જુદા બયાન, એ ખોલ હૅ આખા;
સો કહનારે કેરા, નામ ઍસા રે દાખા.
૫ સો મૉલાના જલાલુદ્દીન દવાની જાનો;
ઈનૂ બયાન હૅ કીતા, સુન કર માનો.
૬ સો અકાયદ અજુદીયા, કિતાબકા નામા;
હૅ લિખીયા ઉસકી, શૅર કે ઠામા.
૭ સો બાજ અસહાબ, શાફી કેરે;
ઈનૂ ઈનૂથી સુનકર, હૅ લીજિયો સવેરે.
૮ ઈનૂ શાફી કે યારૂથી, સુન કર લીતા;
મૉલાના જલાલુદ્દીનને, વે બયાન રે કીતા.
૯ ઈને ગુને કબીરિ, જુદે જુદે રે બતાએ;
સો નામ નામ સબૂકે, હૅ જૂજૂએ લિખાએ.
૧૦ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને નેહસૂં કહો, દિન ઑર રાતી. રે તૂહી.
૧૧ સુનને ગાફિલ જાગંકર, દીનતુજે કયૂં આયરે ?
દીન તુજે કયૂં આય ?
સુને બિના દીનકૂ, ખાના કયૂં કર ભાયરે ?
ખાના કયૂં કર ભાય ?

બયાન ૧૭૪૨

**કબીરાહ (મોટા) ગુનાહો અને નિફાકનું બયાન**

૧.૨ કબીરા ગુનાહનું બયાન સાંભળો. તેનાથી દૂર રહીને ઈમાન સહી કરો. નિફાક (કૂડકપટ)ની નિશાની પણ જાણીલો. મન ધરીને આ બયાનો સાંભળો .

૩ કબીરાહ ગુનાહ એ છે જેને શરિયતની હદ પહોંચે છે.

૪ બયાન કરનાર જાણકારોએ કબીરાહ ગુનાહોને જુદા જુદા નામે બયાન કર્યા છે.

૫.૬ 'અકાયદ અજુદિયા' નામની કિતાબની શરા (વિવરણ) માં મૌલાના જલાલુદ્દીન દવાનીએ કબીરાહ ગુનાહોનું બયાન કર્યું છે.

૭.૮ શાફઈ મસ્તકના કેટલાક ઈમામોએ એક બીજાથી સાંભળ્યું, અને એમણે એમના ચાહકો (યારો)થી સાંભળ્યું તેને મૌલાના જલાલુદ્દીન બયાન કરે છે. તેમણે જુદા જુદા નામે જુદા જુદા કબીરાહ ગુનાહો બતાવ્યા છે.

૧૦ દીનની વાતો સાંભળીને પોતાને પાક કરો અને પ્રેમથી રાતદિન કહો ................ રે તુંહી.

| ૧૭૪૩ | બયાન ૧૭૪૩<br>કબીરાહ ગુનાહોનું બયાન |
|---|---|
| ૧ સહી સુન કર બૂઝો, બડે ગુનાહૂકા નામા ;<br>એ કબીરા ગુનાહ, સુન રાખો દિલ ઠામા. | ૧ સાંભળીને જાણીલો અને સમજી લો કે મોટા ગુનાહને કબીરાહ ગુનાહ કહે છે. તે ગુનાહ આ પ્રમાણે છે : |
| ૨ કે નાહક કિસીકા, ખૂન રે કરના ;<br>અને જિના ભી કરના, એ ભી મન રે ધરના. | ૨ નાહક કોઈનું ખૂન કરવું અને જિના (છિનાળું) કરવું. |
| ૩ અને ચોરી કરની, ગુનાહ રે કબીરા ;<br>અને શરાબ પીના, એ ભી સુનો રે વીરા. | ૩ ચોરી કરવી અને દારૂ પીવો. |
| ૪ ભી જે શરાબ હો જૈસા, ઔર અમલ કહલાવે ;<br>કે શરાબકે હુકમમાં, જે હૅ આવે. | ૪.૫ દારૂ જેવાં બીજાં પીણાં જે દારૂના હુકમમાં આવે તે પીવાં તે પણ દારૂ પીવાના અમલ જેવાં છે. |
| ૫ હોવે ગુનાહ રે કબીરા, ઉસકૂ ભી પીતે ;<br>જૈતે અમલ હૅ ઍસે, રીતકે સુનીતે. | |
| ૬ અને હેડા ખાના, સુવર હો કેરા ;<br>એ ભી ગુનાહ હૅ કબીરા, બૂઝીઓ સવેરા. | ૬ સુવર (ભૂંડ)નું ગોસ્ત ખાવું. |
| ૭ અને ગુસ્સેસૂં કિસીકા, છીન લેના રે માલા ;<br>અને ગાલી દેની, કિસે જિના કે હાલા. | ૭ ગુસ્સાથી કોઈનો માલ છીનવી લેવો અને વ્યભિચાર જેવી (ગંદી) ગાળો દેવી. |
| ૮ અને ભી એ બૂજો, જૂઠી દેની રે ગવાહી ;<br>કે નૅનૂ બાત, નહી કુછ હૅ આહી. | ૮ આંખે નહિ જોયેલી વાતની જૂઠી ગવાહી આપવી. |
| ૯ અને રમજાન કેરા, રોજા રે ભનાવે ;<br>સો ઉજર હો બિના, જાન બૂઝે રે ખાવે. | ૯ રમજાનના રોજા શરઈ કારણ (ઉજર) વગર છોડીને જાણીબુઝીને ખાવું પીવું. |
| ૧૦ અને સૂં ભી જૂઠી, બૂઝો રે ખાની ;<br>એ ભી કબીરા ગુનાહ, સેતી રે જાની. | ૧૦ જૂઠી કસમ ખાવી. આ બધા કબીરાહ ગુનાહો છે. |
| ૧૧ એ સુન સુન બાતી, ઈમાન હો કેરી ;<br>અને એક કર કહો, ઈતના સવેરી. રે તૂહી. | ૧૧ ઈમાનની વાત સાંભળી રાતદિન અલ્લાહને એક માની કહો ...................... રે તુંહી. |
| ૧૨ બાતાં સુનતે દીનકી, હોવેગા દીનદાર રે,<br>હોવેગા દીનદાર ;<br>તો નિસદિન સુનના દીનકૂ કર કર બહુતજ<br>પિયાર રે, કર કર બહુતજ પિયાર. | ૧૨ દીનની વાતો સાંભળતાં દીનદાર થશો. રાતદિન પ્યારથી દીનની વાતો સાંભળો. |

---

| ૧૭૪૪ | બયાન ૧૭૪૪<br>કબીરાહ ગુનાહોનું બયાન :<br>બીજા કેટલાક કબીરાહ ગુનાહ જેનું કરવું હરામ છે તે આ છે : |
|---|---|
| ૧ હૅ કબીરા ગુનાહ, કિતકે કરના હરામા ;<br>સો કબીલા મારના, ફરજંદ નામા. | ૧ ઓલાદની કતલ કરવી. |

| | |
|---|---|
| ૨ નાહક આજાર દેના, મા બાપૂ કૂ જાના ;<br>વે દોનૂ હોવે, મુસલ રે માના. | ૨ મુસલમાન માં–બાપને નાહક તકલીફ દેવી. |
| ૩ અને કાફિરૂસૂં જંગમાં, પીઠ રે ફેરાની ;<br>એ ભી કબીરા ગુનાહકી, બૂઝો રે નિશાની. | ૩ જેહાદમાં કાફિરોથી પીઠ ફેરવીને નાસી જવું. |
| ૪ અને યતીમૂ કેરા, ખાના રે માલા ;<br>ભી ખિયાનત કરની, વકીલી કે હાલા. | ૪ અનાથ (યતિમ) નો માલ ખાઈ જવો અને અનામતમાં ખિયાનત કરવી. |
| ૫ અને વક્તસૂં પહલી, ગૂજારે નમાજા ;<br>એ ભી કબીરા ગુનૂકા, હૅ સુના રે અવાજા. | ૫ સમયથી પહેલાં નમાજ પઢી લેવી. |
| ૬ અને મને કરની, દેતે રે જકાતા ;<br>અને નાહક કરના, જંગ મૂમિનૂકી જાતા. | ૬ જકાત આપવાથી ઈન્કાર કરી દેવો અને મુસલમાનોથી નાહક લડાઈ કરવી. |
| ૭ અને જૂઠી રે બાંધની, કુછ તૂફાનકી બાતી ;<br>સો ખાતિમ નબી પર, જે હૅ મુબારક જાતી | ૭ નબી (સલ.) ની મુબારક જાતના નામે ફિત્નાની જૂઠી વાત બનાવવી. |
| ૮ અને ખાતિમ નબી કે, જે અસહાબ રે કહીએ ;<br>રજી અલ્લાહો અન્હુમા, નામ સંગ લહીએ. | ૮.૯ નબી (સલ.)ના જે અસ્હાબો (રજી. અન્હુમ) છે તેમને ગાળો દેવી. દીનની વાતો સાંભળીને તું કહે ...... રે તુંહી. |
| ૯ સો ઉનૂ કૂ ગાલી દેની, ગુનાહ રે કબીરા ;<br>એ સુન સુન કહ તૂ, દીનકે વીરા. રે તૂહી. | |
| ૧૦ ગાફિલ તૂ જાગે નહી, સુને ન દીનકી બાત રે,<br>સુને ન દીનકી બાત ;<br>જવાબ દે હમૂ કૂ મૂમિના, ક્યૂં હુઈ તેરી જાત રે ?<br>ક્યૂં હુઈ તેરી જાત ? | ૧૦ ગાફીલ ! તું દીનની વાતો સાંભળો નહિ તો ગફલતથી જાગે નહિ. તું અમને જવાબ આપ કે હવે તું મોમિન કેવીરીતે થયો ? |

---

| | |
|---|---|
| **૧૭૪૫** | **બયાન ૧૭૪૫**<br>**કબીરાહ ગુનાહોનું બયાન.**<br>**કબીરાહ ગુનાહો આ પણ છે :** |
| ૧ અને ઉજર હો બિના, ગવાહી છુપાની ;<br>એ ભી કબીરા ગુનાહ, કેરી રે નિશાની. | ૧ ઉજર (શરઈ કારણ) વગર ગવાહી (સાક્ષી) છુપાવવી. |
| ૨ અને લાંચ ભી લેની, એ ભી કબીરા ગુના ;<br>એ સુન સુન યાદ, રાખો રે મના. | ૨ લાંચ (રિશ્વત) લેવી. |
| ૩ અને મરદ ને ઑરતકે, માંહિ લડાઈ કરાવે ;<br>અને ચુગલી પાદશાહકે, આગે જા ખાવે. | ૩ મરદ અને ઓરત (પતિ–પત્ની) વચ્ચે લડાઈ કરાવવી, અને બાદશાહ (સત્તાધિશ) આગળ જઈને ચાડી ખાવી. |
| ૪ અને ઑરત ભી ઉજર બિના, પીછા રાખે રે તના;<br>સો આપસકે મરદસૂં, સુન રાઓ રે મના. | ૪ ઔરતનું પોતાના મરદથી શરઈ કારણ (ઉજર) વગર પોતાના શરીરને દૂર રાખવું. |
| ૫ અને અમર મારૂફકૂ, તરક દિલાવે ;<br>અને મને રે કીએથી, ના પીછા રે રખાવે. | ૫ ભલીવાતોનો હુકમ (અમર મારૂક) કરવાનું છોડી દેવું અને મના કરેલી ચીજોથી દૂર ન રહેવું. |

| | | | |
|---|---|---|---|
| ૬ | અને બિસારે ને છોડે, પઢને કુરાના ;<br>એ ભી ગુનાહ કબીરા, હૅ રે જાના. | ૬ | કુરઆન પઢવાનું છોડી દઇ તેને ભૂલી જવું. |
| ૭ | ભી હોવાનૂ કૂ જીવતે, આગમાં જલાવે ;<br>એ ભી ગુનાહ કબીરા, હૅ રે કહલાવે. | ૭ | જીવતા જાનવરને આગમાં સળગાવવું. |
| ૮ | અને ખૂદાકી રહમતસૂં, ના ઉમેદ રે હોના ;<br>અને રબકે અજાબસૂં, અમનમાં રહના. | ૮ | ખૂદાની રહમતથી ના ઉમ્મીદ રહેવું અને તેના અઝાબથી બે ફિકર રહેવું. |
| ૯ | અને પઢનારે કેરી, ઈહાનત કરની ;<br>કે ઈસકી જબૂન, બૂઝો બાત રે કરની. | ૯.૧૦ | કુરઆન ઉચ્ચારનારની (પઢનારની) બેઈજજતી કરવી. |
| ૧૦ | ભી ઈહાનત કરને, જે કુરાન ઉચાવે ;<br>એ ભી ગુનાહ હૅ કબીરા, હૅ રે કહલાવે. | | |
| ૧૧ | એ કબીરા ગુનાહકા, બૂઝો રે બયાના ;<br>ભી અલગા રહયા, કોઈ હોવે રે જાના. | ૧૧ | કબીરાહ ગુનાહનાં બયાનો જાણો અને તેની જાણકારીથી અળગા રહો નહિ. |
| ૧૨ | એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી ;<br>અને નેહસૂં કહો, દિન ઓર રાતી, રે તૂહી. | ૧૨ | દીનની વાતો સાંભળીને પોતાને પાક કરો અને રાતદિન કહો ........................... રે તુંહી. |
| ૧૩ | ગુનાહ કબીરા કરતે, ડરના મૂમિન જાત રે,<br>ડરના મૂમિન જાત ;<br>ગુનેકૂ ગુનાહ કહો, મત હલાલ કહો સુનો બાત રે,<br>મત હલાલ કહો સુનો બાત. | ૧૩ | કબીરાહ ગુનાહ કરતાં મોમિને ડરવું જોઇએ, ગુનાહને ગુનાહ કહો. તેને હલાલ ન કહો. |

---

## ૧૭૪૬ નજમ.

## બયાન ૧૭૪૬
**પીર મશાયખ (રહે.) કહે છે : ' તમે સાંભળો ' દીનની વાત સાંભળો.**

| | | | |
|---|---|---|---|
| ૧ | સુન સુન દીન કેરી બાતી રે, તમે સુનો રે ;<br>સુન પાક કરો આપ જાતી રે, તમે સુનો રે. | ૧ | દીનની વાતો સાંભળીને પોતાને પાક કરો. |
| ૨ | ગાફિલ ક્યૂં ચિત નહી દેતા રે ? તમે સુનો રે ;<br>બાત ક્યૂં સુન નહી લેતા રે, તમે સુનો રે ? | ૨ | ગાફિલ ! તું દીનની વાત મનમાં કેમ લેતો નથી ? તું વાત કેમ સાંભળતો નથી ? |
| ૩ | મૂમિન હો કૅસે કહલાતે રે, તમે સુનો રે ?<br>જવાબ ક્યૂં નહી બતાતે રે, તમે સુનો રે ? | ૩ | તમે દીનની વાત સાંભળ્યા વિના પોતાને મોમિન કેમ કહેવડાવો છો ? જવાબ કેમ નથી આપતા ? |
| ૪ | ફિર દેખો સબ જગ માંહાં રે, તમે સુનો રે ;<br>સુને બિના રહવે કોઈ નાંહાં રે, તમે સુનો રે. | ૪ | જગતમાં બધેજ ફરીને જુઓ કે કોઇ પોતાના દીનને સાંભળ્યા વિના રહેતું નથી. |
| ૫ | કાફિર જે હૅ બદદીના રે, તમે સુનો રે ;<br>સુનના હૅ ઉનૂ મન દીના રે, તમે સુનો રે. | ૫ | કાફિરો જેઓ બદદીન છે તેઓ પણ તેમના દીનને મન દઈને સાંભળે છે. |
| ૬ | વે ભી ઈસ ખોટેકૂ હૅ ચાતે રે, તમે સુનો રે ;<br>ગાય નહી વે કભી ખાતે રે, તમે સુનો રે. | ૬ | તેઓ પણ તેમના ખોટાને ચાહે છે અને ગાય નથી ખાતા. |

| | |
|---|---|
| ૭ ઑર કઈ ઍસી કરે રીતા રે, તમે સુનો રે ;<br>ખોટે સંગ ઍસી રાખે પીતા રે, તમે સુનો રે. | ૭ તે શિવાય ઘણી ઘણી રીતે તેઓ ખોટા દીનથી પ્રિત કરે છે. |
| ૮ સાચા દીન પાયા તેં રહમાના રે, તમે સુનો રે ;<br>ફરમાન નબીજીકા જાના રે, તમે સુનો રે.<br>૯ જૂં નબી ખાતિમને આખા રે, તમે સુનો રે ;<br>હુકમ જૂં રબકા ત્યૂં દાખા રે, તમે સુનો રે. | ૮.૯ અલ્લાહનું સાચું દીન તને મળ્યું છે. નબી (સલ.)ની હદીસ તે તારી જાણમાં આવી છે. આપે (સલ.) અલ્લાહનો જેવો હુકમ છે તેવોજ બતાવ્યો છે. |
| ૧૦ ગાફિલ ક્યૂં મન વે ન લાવે રે, તમે સુનો રે ?<br>ક્યૂં હૅ તૂ મૂમિન કહલાવે રે, તમે સુનો રે ? | ૧૦ તું અગર અલ્લાહ અને તેના રસૂલની વાત મનમાં લાવે નહિ તો મોમિન કેમ કરીને કહેવાય ? |
| ૧૧ ગાફિલ તૂ દેવે જવાબા રે, તમે સુનો રે ;<br>બોલ બોલ ગંવાર શિતાબા રે, તમે સુનો રે. | ૧૧ ગાફિલ ! તું જવાબ દે. બોલ ગમાર જલદી જવાબ આપ. |

---

| ૧૭૪૭ પહલ. | બયાન ૧૭૪૭<br>પીરમશાયખ (રહે.) સમજાવે છે.<br>અલ્લાહની જાતથી ના ઉમ્મીદ ન થાઓ. |
|---|---|
| ૧ ઍસા એ દીન નબીજી હો કરા રે ;<br>દીનકે ભાઈઓ સુનો સવેરા રે. | ૧ દીનના ભાઈ ! નબી (સલ.)ના આ દીનને સાંભળો. |
| ૨ ઉમેદ રબકા નિત નિત કરના રે ;<br>ના ઉમેદ તિલ મન ના ધરના રે. | ૨ અલ્લાહની જાતથી હંમેશાં ઉમ્મીદ રાખો. જરાપણ ના ઉમ્મીદ ન થાઓ. |
| ૩ ન થા ઉસેથી લે તુજકૂ બનાયા રે ;<br>અકલસૂ દિલ તનમાં બાયા રે. | ૩ તું કાંઇ ન હતો અને અલ્લાહે તને બનાવ્યો અને તારા દિલમાં અક્કલ નાખી. |
| ૪ દેખ નેકૂ દો દીએ નૅના રે ;<br>બોલને જીભ દીતી મુખ મૅના રે. | ૪ તેણે જોવા માટે તને બે આંખો આપી અને બોલવા માટે મુખમાં જીભ આપી. |
| ૫ દાંત તુજે રબ ચાબને દીતા રે ;<br>ઍસા સવાદ તુજે તન કીતા રે. | ૫ તને ચાવવા માટે દાંત આપ્યા અને જીભને સ્વાદ આપ્યો. |
| ૬ રબને તુજકૂ રોજી પહુંચાઈ રે ;<br>ઉદર માતાકે દીતી સુનાઈ રે. | ૬ અલ્લાહે તને માંના પેટમાં રોજી પહોંચાડી. |
| ૭ નિત નિત રબ હૅ રોજી પહુંચાવે રે ;<br>ભૂકા સુલાવે ના ભૂકા ઉઠાવે રે. | ૭ અલ્લાહ હંમેશાં તમને રોજી પહોંચાડે છે, ભુખ્યા સુવાડતો નથી કે ઉઠાડતો નથી. |
| ૮ ઍસા હૅ અપના સુરીજનહારા રે ;<br>ઉમેદકા નિત રાખો અધારા રે. | ૮ આવો છે આપણો સરજનહાર. તેનાથી જ આશા રાખો. તેની ઉપર આધાર રાખો. |
| ૯ નાઉમેદકી ચિંતા ના કીજે રે ;<br>નિત નિત ઉમેદ મન માંહી દી જે રે. | ૯ તેનાથી ના ઉમ્મીદ ન થાઓ. હંમેશાં તેનાથી જ ઉમેદ રાખો. |
| ૧૦ નેક કામકા ઉમેદ ચાહો રે ;<br>રબકે પાસે વે દુઆ મંગાહો રે. | ૧૦ તમારાથી નેક કામો થાય તેવી અલ્લાહથી દુવા માંગો. |

૧૧ સબર સેતી કરોને કરારા રે ;
ઉમેદ કેરા રાખો આધારા રે.

૧૧ અલ્લાહ તમને સબર અને કરાર આપે તેવી અલ્લાહથી દુવા કરીને આશા રાખો.

૧૨ ના ઉમેદ તો તિલ ના કીજે રે, હોઈએ રે ;
ઍસા હોતે તો ઈમાન ખોઈએ રે.

૧૨ અલ્લાહથી ના ઉમ્મીદ ન થાઓ, તેમ કરિયે તો ઈમાન ખોઇ બેસીએ.

૧૩ અબ એ કામ ન હોવે કેના રે ;
રબ કરેંગા યૂં ચિત દેના રે.

૧૩ અલ્લાહ કરે, 'હવે ના ઉમ્મીદીનું કામ હું નહિ કરૂં, એમ કહો.'

---

### ૧૭૪૮ પદ.

### બયાન ૧૭૪૮
### જ્યોતિષ વિદ્યા શીર્ક છે.

મુનાફિકો તેમની જ્યોતિષ વિદ્યા બતાવીને તથા જાદુટોના કરીને ઈમાનવાળાઓનાં ઈમાન ખરાબ કરવાની કોશિષ કરતા તેઓનો ભેદ ખોલીને તેઓથી દૂર રહેવાનું સમજાવતાં પીર મશાયખ (રહે.) સમજાવે છે.

૧ અરે સુન સુન રે ભાઈ દીનકે મેરે, (ઍસી હૅ દીનકી બાતી) ; (અરે રબ સેતી હૅ નિત નિત ડરના,) (ગાફિલ મત કરો જાતી.)

૧ દીનના ભાઇ દીનની વાત સાંભળ, અલ્લાહથી હંમેશાં ડર અને ગાફીલ ન બન

૨ અજાબ રબકા હૅ સુન સુન ડરના, નિસદિન ડર મન કીજે ; અરે સહી દિલ એ ચિંતાદેની, નચિંત દિલ ના કીજે.

૨ અલ્લાહના અઝાબથી રાત દિન મનથી ડરો. તેના ડરથી દિલને બેફિકર ન રાખો.

૩ અરે સૂન રે ગાફિલ ક્યૂંનહી ડરતા ? રબ હૅ કાહિર નામા ; અરે ઈસ નામસૂં હિસાબ લેવે, કિયામત કેરે ઠામા.

૩ સાંભળ ગાફિલ, તું કેમ અલ્લાહથી ડરતો નથી ? તેનું નામ કહહાર (દુઃખ આપનાર) છે. તે તેના આ (કહહાર)ના ગુણથી ક્યામતને દિવસે હિસાબ લેશે.

૪ અરે બહિશ્ત ને દોજખ દો ઠામ કીતે, અજાબ દોજખ કીતા ; અરે એ તૂ સુન સુન ડર ગંવારા, ઍસા હૅ અપના મીતા.

૪ આપણા અલ્લાહે જન્નત અને દોજખ બનાવ્યાં. દોઝખમાં અઝાબ છે તે તું ગમાર સાંભળ અને ડર રાખ.

૫ અરે સબ જગ જાને દોજખ નામા, ન ક્યૂં તૂ ચિત લાવે ? અરેગાફિલ તૂ સબ જગ હો સેતી, નિયારા ક્યૂં હૅ દેખાવે ?

૫. ગાફિલ ! આખું જગત દોઝખ વિષે જાણે છે. તું કેમ વાત મનમાં લેતો નથી ? તું બધાયથી અલગ પડે છે ?

૬ તૂ દેખને જબ દુકાલ હૅ પડતા, કૅસી હોતી હૅ રીતા? અરે તબ હૅ કલકલતા જગ સારા, ક્યૂં હૅ કરતા મીતા ?

૬. તું દેખ, જ્યારે દુઃકાળ પડે છે ત્યારે કેવું થાય છે ? દુઃકાળ પડે છે ત્યારે બધું જગત કળકળે છે, અને લોકો કહે છે 'અલ્લાહે કેમ આમ કર્યું?'

૭ અરે તબ કોઈ કહ મેહકૂ મંગાવે, રબ જે બિના બરસાવે ; અરે તબ હો આજિજ એ જગ સારા, રબકે પાસે ચાવે.

૭ ત્યારે લોકો અલ્લાહથી મેહ માગે છે. તેના વિના કોઈવરસાદ વરસાવતું નથી, અને જગત લાચાર થઈને અલ્લાહની પાસે વરસાદ માંગે છે.

૮ એ સો સરજન હાર હૈ અપના, નિસદિન ડર મન કીજે ; અરે અઝાબ ઉસકા હૈ રે દોહલા, વે સુન ડર ચિત દીજે.

૮ અલ્લાહ આપણો સરજનહાર છે. તેનો ડર હંમેશાં મનમાં રાખો. તેનો અઝાબ અસહ્ય છે. તેનાથી ડરો.

૯ અરે ગાફિલ મત તૂ હો રે ગુમાની, એ બાત સહી જાની ; કે સબ જગ બૂઝે દોજખ નામા, સાચી એ રે નિશાની.

૯ ગાફીલ ! તું ખોટા ગુમાનમાં ન રહે. દોઝખ છે જ એ સાચી વાત બધાય જાણે છે.

૧૦ ગાફિલ જો તૂ હૈ રે નજૂમી, શરીક રબ માંહે લાતા; અરે ડર ને ઉમેદ રબ કેરા, મન નહી તૂ લાતા.

૧૦ ગાફીલ ! તું જ્યોતિષી (નજૂમી) હોય તો તું અલ્લાહની જાતમાં શિર્ક કરે છે. તું અલ્લાહથી ડર અને ઉમેદ રાખતો નથી. (ડર અને ઉમેદ વચ્ચે ઈમાન છે – હદીસ)

૧૧ તૂ દેને જવાબ આવ હમના, કૈસી ચિંતા હૈ કીતી? અરે જડ નુજૂમીકી છુપી નાંહાં, બૂઝ હમૂ હૈ લીતી.

૧૧ તું આવ અને અમને જવાબ આપ કે તે શું સોચ્યું છે ? નજૂમીનું મૂળ છૂપું નથી, તે અમારી જાણમાં છે.

૧૨ બરસાત રહયા તુમના હો કહતે, ચંદ સૂરજ ઉસ માંહાં ; એ સબ હૈ ફિરતે દિન પર આતે, છુપા રહવે કો નાંહાં.

૧૨ તમે નજૂમીયો કહો છો કે વરસાદ ચાંદ સૂરજથી આવે છે. પણ, ચાંદ સૂરજતો દિવસ ફરે આવતા રહે છે. તેઓ ક્યાં છૂપા રહે છે ?

૧૩ અરે દિન નિતનિત વાર તુમારે, વે ભી હૈ ફિરતે આતે ; વે એક બરસમાં કઈ કઈ બારા, આવતે હૈ રે સુનાતે.

૧૩ તમારા વાર (તિથિયો) પણ ફરતી આવે છે. એક વરસમાં એ તિથિ વારંવાર આવે છે.

૧૪ અરે હો તમે ખબર મેંહકી દેતે, ઈનૂ સિતારૂ નામા; કે દિન ફુલાને મેંહ બરસાવે, તારા છોંડેગા ઠામા.

૧૪ તમે, તારો (નક્ષત્ર) તેનું સ્થાન છોડે ત્યારે 'ફલાણા દિવસે વરસાદ આવશે,' એવી ખબર જ્યોતિષીથી આપો છો.

૧૫ અરે જૂં તમે કહતે હો મેંહ હૈ આતા, કભી કભી ઈસ દિના ;
તબ નુજૂમી પૂરે ગાફિલ, હોને હો કરતે ગુમાના.

૧૬ અરે સાલ કિસી મેંહ બરસે નાંહાં, વે તો હૈ રે દુકાલા ;
સિતારા થા દિન પર ફિરતા, આપસ કેરે હાલા.

૧૭ તારા ફિરતા તબ ના બરસા, મેંહ ક્યૂં જગ માંહાં? અરે તિલ જેતી અબ સુનો નુજૂમી, બોલને ઠામ નાહાં.

૧૫.૧૭ તમે કહો છો કે નક્ષત્રોના દિવસોમાં વરસાદ આવે છે તો તે તમારી ગફલત છે. તમે તમારી વાત પર ગુમાન કરો છો, પણ જે વરસે દુ:કાળ પડે છે તે વરસે પણ તારાઓ (નક્ષત્રો) એજ પ્રમાણે પોતાનાં સ્થાન છોડે છે ત્યારે વરસાદ કેમ નથી આવતો ? નજૂમીયો ! તમારી બોલવાની તલભર પણ જગા રહી નથી.

---

## ૧૭૪૯ નજમ.

૧ ડરો રબ હો સેતી રે, તમે સુનો રે ;
નજૂમીકી જાત હો જેતી રે, તમે સુનો રે.

## બયાન ૧૭૪૯

**પીર મશાયખ (રહે.) કહે છે : 'તમે સાંભળો' જ્યોતિષ વિદ્યા જૂઠ છે.**

૧ તમે બધા નજૂમિયો અલ્લાહથી ડરો.

| | | | |
|---|---|---|---|
| ૨ | તારૂ સેતી મેંહ નાંહાં આવે રે, તમે સુનો રે ;<br>જાહિર એ નિશાની દેખાવે રે, તમે સુનો રે. | ૨ | એ વાત જાહેર છે કે તારાઓથી વરસાદ આવતો નથી. |
| ૩ | સિતારૂકી કઈ ભાત જાતી રે, તમે સુનો રે ;<br>રબને હેં કીતી બૂઝો બાતી રે, તમે સુનો રે. | ૩ | અલ્લાહે ઘણી ભાતના તારાઓ બનાવ્યા છે. |
| ૪ | બૅઠા કીયા કઈ કેરે તના રે, તમે સુનો રે ;<br>ગરમી હેં કઈ બૂઝો મના રે, તમે સુનો રે. | ૪ | કેટલાક તારાઓ ગરમ (૧) છે અને એક જગાએ બેસાડેલા (સ્થીર) છે. |
| ૫ | કીતી બહુત ઈનૂ કેરી ઠામા રે, તમે સુનો રે ;<br>ફિરે વે હુકમકે કામા રે, તમે સુનો રે. | ૫ | કેટલાક તારાઓ અલ્લાહના હુકમ મુજબ ફરતા રહે છે. |
| ૬ | ઠામ કોઈ તારા કોઈ આવે રે, તમે સુનો રે ;<br>તબ વે તાસીર ફિરાવે રે, તમે સુનો રે. | ૬ | જ્યારે ગરમ તારા પાસે કોઈ તારો આવે ત્યારે તે તારો પણ ગરમીની તાસિર (ગુણ) લે છે. |
| ૭ | પથરી હેં લોહેસૂ ઝડાતી રે, તમે સુનો રે ;<br>હેં તબ આગ ઉસથી દેખાતી રે, તમે સુનો રે. | ૭.૧૦ | જેમ પથરી લોઢાથી ઘસાય છે ત્યારે તેમાંથી આગ ઝરે છે, તેમ તારાઓ નજીક આવતાં તેમાંથી ચકમક ઝરે છે ત્યારે ગરમી પેદા થાય છે તે વાત જગત જાણે છે. |
| ૮ | સબબ એ કિયા આપ મીતા રે, તમે સુનો રે ;<br>બૂઝો ઍસી સિતારૂકી રીતા રે, તમે સુનો રે. | | |
| ૯ | કોઈ ઠામ સિતારા આવે રે, તમે સુનો રે ;<br>ચકમક રીત જૂં દેખાવે રે, તમે સુનો રે. | | |
| ૧૦ | તબ હોવે ગરમ નિશાની રે, તમે સુનો રે ;<br>સબ જગ માંહે જાની રે, તમે સુનો રે. | | |
| ૧૧ | સદા એ હોતી હેં રીતા રે, તમે સુનો રે ;<br>હુકમ જૂં રબને હેં કીતા રે, તમે સુનો રે. | ૧૧.૧૨ | અલ્લાહે તેના હુકમથી જે ગોઠવ્યું છે તે રીતે સદાય થતું રહે છે. એટલે જ તારાઓ તેમની ગતિ મુજબ ફરે છે તે તમોને (જ્યોતિષીઓને) સમજમાં નથી આવતું ? |
| ૧૨ | બૂઝના ના તમૂ આયા કામા રે, તમે સુનો રે ;<br>હમેશા હેં ફિરતે એ ઠામા રે, તમે સુનો રે. | | |
| ૧૩ | કોઈ તારા ઠામ કોઈ જાવે રે, તમે સુનો રે ;<br>ઠંડી હવા દેખાવે રે, તમે સુનો રે. | ૧૩.૧૫ | વળી, કોઈ તારા તરફ કોઈ તારો જાય તો ઠંડી હવા આવે છે અને તેની તાસીરથી વરસાદ આવે છે. તમને આ વાતથી આશ્ચર્ય થાય છે ? એવું થાય તેવી વાત મનમાં કેમ ધરો છો ? (તો સાંભળો) ... |
| ૧૪ | તબ દેખો મેંહ હેં આવે રે, તમે સુનો રે ;<br>સિતારે કી તાસીર જનાવે રે, તમે સુનો રે. | | |
| ૧૫ | દેખો બહૂ અચરત કરતે રે, તમે સુનો રે ;<br>ઍસી રીત મન ના ક્યૂં ધરતે રે ? તમે સુનોરે. | | |
| ૧૬ | મેંડક હેં રબને બનાયા રે, તમે સુનો રે ;<br>ઉસ પાસ પાની હેં દેખાયા રે, તમે સુનો રે. | ૧૬.૧૯ | અલ્લાહે દેડકો બનાવ્યો છે તેને જુઓ. તે જ્યાં હોય ત્યાં પાણી હોય છે. જ્યાં પાણી બહુ હોય ત્યાં હર કોઈ જગાએ દેડકાં હોય છે. એજ રીતે આકાશ છે ત્યાં ઘણી ભાતના તારાઓ છે અને તારો તારાની ઠામે જાય ત્યારે ઠંડકની તાસીરથી વરસાદ આવે છે. |
| ૧૭ | હોવે બહુત પાનીકી નિશાની રે, તમે સુનો રે ;<br>હર કિસી જાગ હોવે જાની રે, તમે સુનો રે. | | |
| ૧૮ | ઍસી બૂઝો સિતારૂકી રીતા રે, તમે સુનો રે ;<br>કઈ ભાત રબે હેં વે કીતા રે, તમે સુનો રે. | | |

(૧) ખગોળ શાસ્ત્ર આવા તારાઓને સ્વપ્રકાશિત તારાઓ કહે છે. કેટલાક તારાઓ પર પ્રકાશિત છે જે બીજા તારાના પ્રકાશનું પરાવર્તન કરે છે, તેઓ શીતળ હોય છે. ચંદ્ર પર પ્રકાશિત હોવાથી તેના પ્રકાશમાં ઠંડક છે.

૧૯ ઉસ કાજે મેંહ હેં આતા રે, તમે સુનો રે ;
તારા જબ હેં વે ઠામ જાતા રે, તમે સુનો રે.
૨૦ મેંડકસૂં પાની જૂં દેખાવે રે, તમે સુનો રે ;
તલાવ ન ઉસથી ભરાવે રે, તમે સુનો રે.
૨૧ તારૂસૂં ભી બરસે એ રીતા રે, તમે સુનો રે ;
સુકાલ ન હુવડા દેખીતા રે, તમે સુનો રે.
૨૨ નહી તો દુકાલ ન પડતા રે, તમે સુનો રે ;
તારા તો હેં નિતનિત ફિરતા રે, તમે સુનો રે.
૨૩ છુપ રહના કહ ના સકેંગા રે, તમે સુનો રે ;
અબ કયા જવાબ કરેંગા રે, તમે સુનો રે.
૨૪ નહી તમૂ બોલનેકી ઠામા રે, તમે સૂનો રે ;
રબ સેતી ડર કરો કામા રે, તમે સુનો રે.

૨૦.૨૨ જ્યાં દેડકાં હોય ત્યાં પાણી હોય, પણ તળાવ પાણીથી ભરાયેલું ન પણ હોય. તેવીજ રીતે તારાઓની તાસીરથી વરસાદ આવે છે, પણ કોઈ વરસ સુકાળનું નથી પણ હોતું. (દુકાળનું પણ હોય) નહીતો, તારાની તાસીરથી વરસાદ પડતાં કદી દુકાળ ન પડત.

૨૩ તું છુપાઈ જા. કાંઈ કહીશ નહિ. હવે શું જવાબ આપીશ ?

૨૪ તમારા બોલવાની જગ્યા નથી માટે અલ્લાહથી ડરીને કામ કરો.

---

## ૧૭૫૦ પહલ

૧ સુન નુજૂમી એ સાચી બાતી રે ;
ક્યૂં નહી ડરતે આપકી જાતી રે ?
૨ મૂલ નુજૂમ તુમારીકા આખા રે ;
ખોલ ખોલ ભેદ સબ હેં દાખા રે.
૩ જવાબકી નહી તુમના ઠામા રે ;
કરો તવક્કુલ કેરા કામા રે.
૪ એક તુમકૂ મેં બાત પૂછાહૂં રે ;
જવાબ ઉસકા તમૂસૂં ચાહૂં રે.
૫ સુનો તારે તો હેં સદા ફિરતે રે ;
આપ આપ ઠામ હેં ફિરતે ચલતે રે.
૬ એક ઉનૂકી સદાકી હેં રીતા રે ;
ઉસમાં તુમને ક્યૂં ફેર હેં કીતા રે ?
૭ એક દિન કહતે હો મેંહ બહુત આવે રે ;
કહતે હો એક દિનકે બરસાવે રે.
૮ કહો તમે એ હેં કહાંથી કહતે રે ;
લેખા કેંસા ચિતં હો દેતે રે ?
૯ તારે તો ફિરતે હેં સબ એક રીતા રે ;
અદકા ને ઓછા ક્યૂં ચિત દીતા રે ?

## બયાન ૧૭૫૦

**પીર મશાયખ (રહે.) જ્યોતિષીઓને કહે છે:**
**જ્યોતિષ વિદ્યા જૂઠ છે.**

૧ નજૂમી ! તું સાચી વાત સાંભળ. તું અલ્લાહથી ડરતો કેમ નથી ?

૨ તારી જ્યોતિષવિદ્યાનું મૂળ મેં કહી દીધું. તેનો ભેદ ખોલી દીધો.

૩ તારા જવાબની જગ્યા નથી, માટે તું અલ્લાહ પર ભરોસો કર.

૪ હું તમને એક વાત પુછું છું તેનો તમે જવાબ આપો.

૫.૧૧ તારાઓ પોતાની જગ્યાએ હંમેશાં ફરતાં રહે છે તેમાં તમે શું ફેર કર્યો ? તમે 'કોઈ એક દિવસે' બહુ વરસાદ આવશે એમ શું લેખાથી કહો છો ? વરસાદ ઓછો વત્તો થાય તો શું તારાઓ પણ ઓછા વત્તા ફરે છે. તારા તો પોતાની જગ્યા એ બરાબર ફરે છે. આ જ્યોતિષની વાત ન થઈ. તમે ક્યાંથી તેવી વાત લાવ્યા ? હવે જલદીથી શું જવાબ આપશો ?

૧૦ નુજૂમ કેરી ન હુઈ એ બાતી રે ;
તો બાત કહાંથી કહતે દેખાતી રે.
૧૧ અબ તો કૈસા કરોગે જવાબા રે ?
બોલને બોલ નુજૂમી શિતાબા રે.
૧૨ બાવકૂ દેખ કહો તમૂ જાના રે ;
નુજૂમ કેરી એ નહી નિશાના રે.
૧૩ સુક્નાવલી તુમ દેખાહો રે ;
નુજૂમી ફાંસૂ તુમે કહલાહો રે.
૧૪ વરતારા બાવ કેરા હો કરતે રે ;
કૌન દિસ હૈ કર મન હો ધરતે રે ?

૧૨.૧૪ તમે કહો છો તેમ, વા વાય છે તેને તો તમે જાણો છો અને સુક્નાવલી જુઓ છો, અને તે જોઈને હવા (બાવ) નો વરતારો કહો છો કે કયા દિવસે તે વાશે. પણ તેમાંય જ્યોતિષપણું નથી. તમે ફોગટ નજૂમી કહેવડાવો છો.

૧૫ બાવ તો સબ એ રબે બનાહી રે ;
જુદે જુદે હો નામે સુનાહી રે.
૧૬ હૈ કિસી બાવકૂ તાસીર દીતી રે ;
બાદલ તાબે હૈ લે કીતી રે.
૧૭ વે બાવ ચલે તો બાદલ આવે રે ;
બાવ દૂજી ઉસે દૂર કરાવે રે.
૧૮ એક દિવસથી જબ બાવ ચલાતી રે ;
બાદલ મેહકા હૈ લે આતી રે.
૧૯ દિસ દૂજીથી બાવ જે આવે રે ;
બાદલ કૂ વે લેકર જાવે રે.
૨૦ એ તો નિશાની છુપી નાંહાં રે;
બાલા ભી બૂઝે એ સહી જગ માંહાં રે.

૧૫.૨૦ કેમકે, અલ્લાહે હવાને જૂદા જૂદા નામે બનાવી છે તેણે કોઈ હવાને તાસીર આપી છે કે તે વાદળોને તાબે લે છે. તેવી હવા ચાલે તો વાદળો લાવે છે, અને બીજી હવા આવે તો તે વાદળોને દૂર કરે છે. તેથી એક દિશાથી જ્યારે હવા આવે છે ત્યારે તે વરસાદનાં વાદળો લાવે છે, અને બીજી દિશાથી આવતી હવા વાદળોને લઈ જાય છે. દુનિયામાં બાળક જાણે તેવી આ ખૂલ્લી વાત છે.

૨૧ બાદલ બાવ હુએ એક જાનો રે ;
કુદરત રબકી ઐસી પિછાનો રે.
૨૨ જૂં હૈ બાદલ ત્યૂં હૈ પવના રે ;
રીત દોનૂ એક રાખો મના રે.
૨૩ જબ નહી બાદલી કહી દેખાતી રે ;
વે દિસ માંહે વે બાવ ચલાતી રે.
૨૪ તુરત હૈ બાદલ પ્રગટ આવે રે ;
યૂં એ દોનૂ હૈ એક દેખાવે રે.
૨૫ બાવ બાદલકી એક હૈ રીતા રે ;
સબબ મેહકા રબે એ કીતા રે.

૨૧.૨૫ અલ્લાહની કુદરત જુઓ, વાદળ અને હવા અરસ પરસ છે. જ્યાં વાદળ છે ત્યાં પવન છે. જ્યારે કોઈ વાદળી ન હોય ત્યારે કોઈ દિશાની હવા ચાલે છે તો તરત વાદળો પ્રગટ થાય છે. આમ હવા અને વાદળ એક થાય છે તેને અલ્લાહે વરસાદનું કારણ બનાવ્યું છે.

૨૬ જબ હૈ દેખો પડતા દુકાલા રે ;
વે બાવ નહી આતી ઉસ સાલા રે.

૨૬.૨૮ જ્યારે દુ:કાળ પડે છે તે વરસે આ હવા આવતી નથી એટલે વાદળો નથી આવતા. આમ તેઓ પરસ્પર એક છે.

૨૭ બાદલ ભી નહી આતા દેખાતા રે ;
એક બૂઝો બાવ બાદલ જાતા રે.
૨૮ એ તો નંના બાલા ભી જાને રે ;
બાદલા આવતે મેંહકૂ પિછાને રે.
૨૯ ન કામ હુઆ જાનના તુમારા રે ;
જિસકૂ બૂઝો લાઈક જે સારા રે.
૩૦ ફાંસૂ હો સુક્નાવલી કહલાતે રે ;
રબ માંહી ફાંસૂં ખતરા લાતે રે.
૩૧ ઉસથી ભલા બાત સુનો મેરી રે ;
રબથી ડરો તૌબા કરો સવેરી રે.

## ૧૭૫૧ બિરહા

૧ નુજૂમી એ મન ઘર સુનના, ખાલિસ કરની જાત રે ;
તવક્કુલ કરની રબ પર, સાચી એ સહી બાત રે.
૨ એતી હુજ્જત લાવે કભી, ઈસ નુજુમકી રીત રે;
નબીયૂં બાજાકૂ મુજ્જા, એક રબને દીત રે.
૩ જવાબ સુનને ઉસકા, મન ઘર ચિંતા કહાન રે ;
ખાતિમસૂં પહલી રીત જે, મને હુઈ સબ જાન રે.
૪ સાચી નહી પડતી સહી, નુજૂમ એ નિશાન રે ;
મને હુઈ વે રીત સબ, સાચી તો યૂં કર જાન રે.
૫ હાથ કંગનકૂ દેખને, દરપન તો ચાહીએ નાંહાં ;
નેંનાં તો ભરભર દેખ તૂ, સારા તો હૅ ઉસ જગ માંહાં.
૬ તવક્કુલ કરને રબ પર, છોડ છોડ પહલી રીત રે ;
ખાતિમકા હો ઉમ્મતી, તુજકૂ જો રબકી પીત રે.
૭ દીન એ ખાતિમ નબીઅકા, બૂઝ તૂ સાચા કર સહી ;
નુજૂમ જો મને હુઈ, તાસીર તો ઉસથી ગહી.
૮ પ્રગટ તો એ નિશાનીયાં, દેખ દેખ ફિરવ નેંન રે ;
દીનં તો એ સાચા સહી, સુનસુન મન ઘર ઍન રે.

વાદળાં આવતાં વરસાદ આવે તેને નાનો બાળક પણ જાણે છે.

૨૯ જેને જાણવા યોગ્ય ગણીયે તે તમારૂં જાણવું કામ આવ્યું નહિ. તમે ફોગટ શુકનાવલી કહો છો અને અલ્લાહ ઉપરના ઈમાનમાં ખતરો લાવો છો. તેથી તો ભલું એ છે કે તમે મારી વાત સાંભળીને અલ્લાહથી ડરો અને તોબા કરો.

## બયાન ૧૭૫૧

પીર મશાયખ (રહે.) સમજાવે છે : **જ્યોતિષ વિદ્યા હરામ છે.**

૧ જ્યોતિષીઓ મન ધરીને વાત સાંભળો અને જાતને ચોકખી કરો. અલ્લાહ ઉપર ભરોસો કરવો એજ સાચું છે.

૨.૪ તું આ નજૂમ સામે અલ્લાહે કેટલાક નબીઓને આપેલા મોજિજા (ચમત્કારો)ની દલીલ લાવે તો તેનો પણ જવાબ સાંભળી લે કે નબી (સલ.) પહેલાંની નજૂમની બધી પ્રથા હવે મના કરવામાં આવી છે તે જાણી લે. હવે મના કરેલા જોષ સાચા પડે નહિ.

૫ જગતમાં બધું આંખો ભરીને જોઈલે. હાથ કંગણ જોવા દરપણની જરૂર નથી.

૬ અલ્લાહ ઉપર ભરોસો કર અને પહેલાંની મના કરેલી રીત છોડી દે. તને અલ્લાહથી પ્રિત હોય તો નબી (સલ.) નો ઉમ્મતિ બન.

૭ નજૂમ મના થવાથી તેની તાસીર પણ ચાલી ગઈ છે. નબી (સલ.)ના દીનને તું સાચો માની લે.

૮ આ બયાન સાંભળીને મનમાં ધર. બધે આંખો ફેરવીને પ્રગટ નિશાનીયો જોઈલે.

૯ રબકા અજાબ દોહલા, સુન ડર દિન ને રાત રે ;
તવક્કુલ કરની રબ પર, છૂટક પાવે જાત રે.

૯ અલ્લાહનો અઝાબ અસહય છે. તેથી દીનની વાત સાંભળીને રાતદિન અલ્લાહથી ડરો. અલ્લાહ ઉપર ભરોસો કરવાથી જાતને મુક્તિ મળે છે.

---

## ૧૭૫૨

૧ સુન અબદુલ્લાહ બિન, મસઊદ કહીએ ;
રજી અલ્લાહો અન્હો, નામ સંગ લહીએ.
૨ દેખો ઉનૂકી ખૂબી, બહુત હેં સુનાતી ;
બહુત કિત્તાબૂ માંહાં, હેં તારીફ લિખાતી.
૩ એ ખાતિમ નબીકી, હદીસ હેં કહતે ;
જાં મુબારક જુબાંસૂં, હેં સુન કર લહતે.
૪ સુનો ઓર ભી અસહાબી, એ બૂઝતે થે સહી ;
જાં નબીજીકી હદીસ, ઉનૂને કહી.
૫ એક મરદ તો ખાતીમ, નબી પાસ આયા ;
ઉને અરજ હો કેરા, સોચ ઍસા રે બતાયા.
૬ પૂછા કૌનસા હેં કહો, કબીરા ગુના ?
સો અલ્લાહકે નજદીક, કહો બૂઝે હમના.
૭ કિસે ખુદાકે બરાબર, કહા ખાતિમને ચાવે ;
એ ગુનાહતો કબીરા, હેં રે કહલાવે.
૮ અને રબ હેં ઍસા, તુજે પૈદા રે કીતા ;
યૂં ઉસકૂ બૂઝના, આપ એક હેં મીતા. રે તૂહી.
૯ બરાબરના કો ઉસકે, વાહિદ વે હેં રબ રે,
વાહિદ વે હેં રબ ;
ઉને સબ પૈદા કીયા, બંદે ઉસકે સબ રે,
બંદે ઉસકે સબ.

## બયાન ૧૭૫૨

(૧)

**હદીસ : કબીરાહ ગુનાહો ક્યા ?**

**રાવી :હઝ. અબ્દુલ્લાહ બિન મસઉદ (રઝી.)**

૧.૪ સાંભળો ! અબ્દુલ્લાહ બિન મસઉદ (રઝી.) નબી (સલ.)ના સહાબી છે. તેમની તારીફ કિતાબોમાં ઘણી લખાયેલી છે. તેઓ આપ (સલ.)ની જબાન મુકારકથી સાંભળેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસહાબીયોએ પણ જાણેલી છે.

૫.૬ તેઓ કહે છેકે એક દિવસ એક માણસ નબી (સલ.)ની પાસે આવીને પૂછ્યું કે ક્યો ગુનાહ અલ્લાહની નજીક કબીરાહ ગુનાહ છે તે કહો.

૭.૮ આપે (સલ.) ફરમાવ્યું : "કોઈને ખુદાની બરાબર ચાહવું તે કબીરાહ ગુનાહ છે, અને અલ્લાહે તમને પેદા કર્યા છે અને તેનેજ તમારો ચાહક ગણો."
(બાકી હદીસ બયાનના ૧૭૫૫ માં આવે છે.)

૯ અલ્લાહ એક્જ છે. તેની બરોબરીનો કોઇ નથી. તેણે બધાયને પેદા કર્યા છે. આપણે બધાય તેના બંદા છીએ.

---

## ૧૭૫૩ નજમ.

૧ સહી કરો સુરજન હારા રે, તમે સુનો રે ;
એક હેં વે સબ્રૂસૂ નિયારા રે, તમે સુનો રે.
૨ ઉસ જૈસા કો નાંહાં રે, તમે સુનો રે ;
એ સહી બૂજો મન માંહાં રે, તમે સુનો રે.

## બયાન ૧૭૫૩

**પીર કશાયખ (રહે.) કહે છે : 'તમે સાંભળો' અલ્લાહની બરોબરીનો કોઈ નથી.**

૧.૩ એકજ સર્જનહાર બધાયથી ન્યારો છે. તેનેજ માનો. તેના જેવો બીજો કોઇ નથી, તે બધાયને પેદા કરવા વાળો છે.

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨)ના કિત્તાબુલ ઈમાનના 'કબીરાહ ગુનાહો અને નિફાક'ના બયાનની પહેલી ફસલની પહેલી હદીસ છે. - મુત્ત. અલયહે (બુખારી-મુસ્લિમ)

3 બરાબર ના હૅ ઉસ કેરા રે, તમે સુનો રે ;
ખાલિક વે સબસૂં નિયારા રે, તમે સુનો રે.
4 આસમાન ઉને પૅદા કીતે રે, તમે સુનો રે ;
તારે ભી હૅ ઉસ સંગ દીતે રે, તમે સુનો રે.
5 ઍસા હૅ કો અવર બનાવે રે, તમે સુનો રે ?
રીત એ મન ક્યૂં ન લાવે રે, તમે સુનો રે ?
6 એક રીતે કામ વે કરાવે રે, તમે સુનો રે ;
બરાબર વે હૅ કહલાવે રે, તમે સુનો રે.
7 આપ રબ હૅ સુબહાના રે, તમે સુનો રે ;
રોજી દેવે સબકૂ રહમાના રે, તમે સુનો રે.
8 ઉગમન સૂરજ ઉગાતા રે, તમે સુનો રે ;
સુરીજન ઍસા હૅ સુનાતા રે, તમે સુનો રે.
9 આથમન સૂરજ ઉગાવે રે, તમે સુનો રે ;
હૅ કો ઍસા ઠામકૂ ફિરાવે રે, તમે સુનો રે ?
10 એ રીત બૂજો મન માંહાં રે, તમે સુનો રે ;
બરાબર રબકે કો નાંહાં રે, તમે સુનો રે.

4.6 આસમાન અને તેની સાથે તારાઓ તેણે પેદા કર્યાં છે. તેના જેવું બીજો કોઇ બનાવી શક્તો નથી. કોઇ તેની બરોબરીનું કામ કરી બતાવે તો જ તેની બરોબરીનો કહેવાય.

7 અલ્લાહ સુબ્હાન છે. તે બધાયને રોજી દે છે.

8.9 તે સર્જનહાર ઉગમણે સૂરજને ઉગાડે છે. આથમણે સૂરજ ઉગાડી શકે તેવો, યાને કે સૂરજ ઉગવાની ઠામ ફેરવે એવો બીજા છે કોઇ ?

10 આથી સમજી લો કે તેની બરોબરીનો કોઇ નથી.

---

### 1754 પહલ

1 એ બાત સુન સુન લીજે રે ;
રબ બરાબર ના કો કહીજે રે.
2 ખતરા નહી એ દિલ માંહી ધરના રે ;
શૈતાન રબ બરાબર કરના રે.
3 નહી બરાબર બૅરી એ રબ કેરા રે ;
એ ભી હૅ બંદા બૂઝો અનેરા રે.
4 બંદે જૅસે એ હૅ કામ કરતા રે ;
બંદા ભી વૅસે હૅ કર સક્તા રે.
5 કિસકૂ ઉચક કિસી મુલક જાતા રે ;
બંદા ભી એ કામ કરતા દેખાતા રે.
6 દદમડા બલાઉઆ જાવે રે ;
બંદા ભી ઈસ રીતે જાતા દેખાવે રે.
7 બંદે જો કામ હુએ શૈતાના રે ;
ઉસકૂ બરાબર રબકા ન જાના રે.

### બયાન 1754

### પીર મશાયખ (રહે.) સમજાવે છે :

શેતાન અલ્લાહની બરાબર થઇ શકે નહિ તેમજ બંદાની બરોબરીનો થઇ શકે નહિ.

1.3 વાત સાંભળી લો. અલ્લાહની બરોબર કોઇને કહો નહિ. શેતાનને અલ્લાહની બરોબર ગણવાનો ખતરો દિલમાં લાવો નહિ. અલ્લાહનો વૈરી શેતાન પણ અલ્લાહનો બંદો (ગુલામ) છે.

4 બંદો જે કામ કરે તે શેતાન પણ કરી શકે છે. અને શેતાન જે કરે તે બંદો પણ કરી શકે છે.

5 જુઓ, શેતાન કોઇને ઉપાડીને બીજા મુલ્કમાં લઇ જઇ શકે છે. બંદો પણ તેમ કરી શકે છે.

6

7 એટલે શેતાન જે કામો કરી શકે તેટલાથી તેને અલ્લાહની બરોબર ન ગણાય.

| | | | |
|---|---|---|---|
| ૮ | ક્તિે કામ હૅ બદે કરાતા રે ;<br>શૅતાન નહી વે કર સક્તા રે. | ૮ | કેટલાંક કામો જેને બંદો કરી શકે છે તેને શેતાન કરી શક્તો નથી. |
| ૯ | સીસ બદિકા હૅ બંદા કટાવે રે ;<br>બેગી હૅ તો વે મર જાવે રે. | ૯.૧૦ | જેમકે, બંદો બંદાનું માથું કાપે તો તે તરત જ મરી જાય. પણ શેતાન તે રીતે કોઈને મારી શક્તો નથી, પણ શેતાન બંદાને દુ:ખી કરીને મારી શકે છે. |
| ૧૦ | શૅતાન માર સકે ના એ રીતા રે ;<br>દુખી કર હૅ મરાતા સુનીતા રે. | | |
| ૧૧ | બદે બરાબર આયા નાંહાં રે ;<br>શૅતાન ઍસા બૂજો દિલ માંહાં રે. | ૧૧ | તેથી શેતાન પણ બંદાની બરોબર થયો નીહ તે વાત સમજો. |
| ૧૨ | બદે કેતૂને મૂએ જિલાએ રે ;<br>શૅતાન જીવતે ના કો સુનાએ રે. | ૧૨ | કેટલાક બંદાઓએ કરામતથી કેટલાક મરેલાઓને જીવતા કર્યા છે. શેતાન તેવી રીતે કોઈને જીવતા કરી શકે નહિ. |
| ૧૩ | બદે બરાબર નહી શૅતાના રે ;<br>સરખા રબસૂં ક્યૂં કર જાના રે. | ૧૩ | આમ, શેતાન બંદા બરાબર ન થઈ શક્તો હોય તો પછી તે અલ્લાહની બરોબર કેમ થઈ શકે ? |
| ૧૪ | ઉસ મિસાલકી બૂઝો બાતી રે ;<br>રબ બરાબર ના કો હો જાતી રે. | ૧૪ | આ ઉદાહરણથી સમજો કે અલ્લાહની બરોબર કોઈની જાત નથી. |
| ૧૫ | રબ તો આપ હૅ સુબહાના રે ;<br>રોજી દેહંદા વે રહમાના રે. | ૧૫ | અલ્લાહ પોતેજ સુબ્હાન છે. તે રોજી આપનારો છે. |

## ૧૭૫૫

## બયાન ૧૭૫૫

### હદીસ (બયાન નં. ૧૭૫૨ થી)

| | | | |
|---|---|---|---|
| ૧ | ભી કૌનસા કબીરા, ગુનાહ રે આખા ;<br>ઉન મરદને ફિર કર, નબીજીકૂ દાખા. | ૧ | તે માણસ નબી (સલ.) ને પૂછ્યું : "પછી ક્યા ગુનાહ કબીરાહ ગુનાહ છે" ? |
| ૨ | કહા ફરજંદ તેરે, તૂ ક્તલ કરાવે ;<br>સો ભૂક હો કેરા, ડર મન લાવે. | ૨.૩ | આપે (સલ.) ફરમાવ્યું. " રોજીની તંગીના ડરથી પોતાની ઓલાદને ક્તલ કરવું, યાને ઓલાદને શું ખવડાવીશ તે બીકિ પોતાના બાળકોને મારી નાખવું એ કબીરાહ ગુનાહ છે. |
| ૩ | કે ફરજંદ તુજ સાથ, ખાવેંગે ખાના ;<br>તો મારે ઉસ કાજે, ફરજંદ હો નાદાના. | | |
| ૪ | સહી એ ભી તૂ બૂઝ, ગુનાહ હૅ કબીરા ;<br>યૂં નબીજીને આંખા, સુન દીનકે વીરા. | | |
| ૫ | ભી કૌનસા હૅ ગુનાહ, નબી ફરમાહો ;<br>સો કબીરા ગુનાહ, કહવે મરદ બતાહો. | ૫.૬ | અને "પડોશીની ઓરત (પત્ની)થી વ્યભિચાર કરવો એ પણ કબીરાહ ગુનાહ છે." |
| ૬ | કહા પાડોસીકી ઑરતસૂ, તૂ કરે રે જિના ;<br>એ ભી કબીરા ગુનાહ, સુન રાખો રે મના. | | |
| ૭ | કે પાડોસીકિ નામસૂં, કૅસા હુકમ રે જાના ?<br>જ્યૂં ઑલાદકા મારના, ઉસકૂ ઍસા થા પિછાના. | ૭.૮ | પડોશીની ઓરતથી 'જિના' અને 'ઓલાદનું મારવું' એ બંને હુકમોને એક જેવા ગણીને સાથે ગણાવ્યા છે. |

૮ જૂં ઑલાદકા નામ લે, ઉસે થા દાખા ;
ત્યૂં પાડોસીકા નામ લે, બયાન રે આખા.

૯ ઈત્તા કહને આયાત, પડી નબીને રબ્બાની ;
એ હુકમ કુલ ઈબાદત, સહી રે જાની.
રે તુહી.

૯ આટલું કહીને આપે (સલ.) અલ્લાહનાકલામની આયત પઢી (૧) જે ઇબાદતના હુકમમાં છે.
(બાકી હદીસ બયાન નં. ૧૭૫૬માં આવે છે.)

૧૦ ઑલાદકૂ ના મારીઓ, જિના ભી કરના નાંય રે,
જિના ભી કરના નાંય ;
ઈનૂ કૂ હૅ તુમ જાનીઓ, ગુનૂ કબીરૂ માંય રે,
ગુનૂ કબીરૂ માંય.

૧૦ ઓલાદને મારી નાંખો નહિ અને પડોશીની ઓરતથી છીનાળું કરો નહિ આ બંનેને તમો કબીરાહ ગુનાહ સમજો.

---

૧૭૫૬

૧ પછે નબીજીને ઈતના, કીયા રે બયાના ;
સો ખાતિમને આયત, પઢી રે કુરાના.

૨ કહા વે કોઈ રબમાં, નહી શરીક કરાતા ;
અને તનકૂ મારના, નહીં રે ચાતા.

૩ જે મારના રબને, હૅ હરામ રે કીયા ;
કે ખૂન રે કરના, કાઢના જીયા.

૪ જે ઉસકૂ હક્ક બિના, મારના નાંહાં ;
યૂં બયાન રે કીતા, જાુબાં મુબારક માંહાં.

૫ અને વે કોઈ જિનાં, જે નહી કરાતે ;
યૂં ખાતિમને આખા, સબકૂ સુનાતે.

૬ એ સારી પઢી, આયાત રબ્બાની ;
સો નબીજીને આયત, સબ પઢી રે જાની.

૭ હૅ સારી સિફ્ત, એ મૂમિનૂકી જાતી ;
સો ખાતિમ નબીને, સબ કહી રે બાતી.

૮ ઉન મરદને સુન કર, એ લીયા રે સહી ;
જૂં ખાતિમ નબીને, હદીસ રે કહી.

૯ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી ;
અને નેહસૂં કહો, દિન ઑર રાતી. રે તુહી.

૧૦ હરામ હલાલ તો બૂઝસિ, જો સુનસી દીનકી
બાત રે. જોસુનસિ દીનકી બાત ;
કહતૂ ગાફિલ સુનો બિના, હુઈ કયૂં મૂમિન જાત
રે ? હુઈ કયૂ મૂમિન જત ?

## બયાન ૧૭૫૬

### હદીસ (બયાન નં. ૧૭૫૫ થી)

૧.૭ નબી (સલ.)એ કુરઆનની આયત પઢીને કહ્યું કે "જે કોઇ અલ્લાહની જાતમાં કોઇને ભાગીદાર નથી બનાવતો, અને કોઇનું નાહકનું ખૂન નથી કરતો (કોઇનો જીવ લેવો અલ્લાહે હરામ કર્યો છે), તથા જિના (છીનાળું) નથી કરતો તેની આ બધી સિફતો (ગુણો) મોમિનની સિફતો છે. "

૮ તે આવનાર મરદે નબી (સલ.) ની હદીસ સાંભળી લીધી.

૯ હદીસ સાંભળીને પોતાને પાક કરો અને પ્રેમથી રાતદિન કહો .................... રે તુંહી.

૧૦ દીનની વાત સાંભળશો તો હરામ હલાલને જાણશો. ગાફીલ ! તું જ કહે કે સાંભળ્યા વિના તું મોમિન કેવી રીતે થાય ?

(૧) આયાતની સમજૂતિ આગળના બયાનમાં છે.

૧૭૫૭

૧ અબદુલ્લાહ બિન અમર, નામ રે જાનો;
રજી અલ્લાહો અન્હો, નામ સંગ આનો.
૨ એ ખાતિમ નબીકી, હેં હદીસ રે કહતે ;
સો જૂં વે, સહી કર, હેં સુન કર લેતે.
૩ કહા રસૂલ અલ્લાહકે, ને એતા ફરમાયા;
સો કબીરા ગુનાહ, કરને બતાયા.
૪ કે અલ્લાહ માંહી શરીક, કુછ હેં કરના ;
એ કબીરા ગુનાહ, મન હેં ધરના.
૫ હોવે માબાપ મૂમિન, ઉનૂ કેરે જાને ;
કે માબાપૂ દગા દે, મન ડર રે ન આને.
૬ અને મારના કિસીકૂ હકક રે બિના ;
એ ભી ગુનાહ હેં કબીરા, સુન રાખો રે મના
૭ અને જૂઠી સૌગંદ, હરે ખાવે
એ ભી ગુનાહ કબીરા, હેં રે કહલાવે ;
૮ યૂં મુબારક જુબાંસું, હેં રે આખા ;
સો અબદુલ્લાહને સુન કર, યાદ રે રાખા.
૯ ઑર અસહાબી એ હદીસ, જાનતે થે સહી ;
જૂં અબદુલ્લાહને હદીસ, એ નબીજીકી કહી.
૧૦ એ સુન સુન બાતી. પાક કરો આપ જાતી ;
અને નેહસૂં કહો, દિન ઑર રાતી.
રે તૂહી.
૧૧ સુનતે મૂમિન હોયસિ, સુનની દીનકી બાતરે,
સુનની દીનકી બાત ;
હરામ હલાલકૂ જાનતે, પાક હોવેગી જાત રે,
દપાક હોવેગી જાત.

---

બયાન - ૧૭૫૭

૧

હદીસ. : કબીરા ગુનાહો કયા ?
રાવી: હઝ અબ્દુલ્લાહ બિન અમર (રઝી.)

૧.૩ હઝ. અબ્દુલ્લાહ બિન અમર (રઝી.) નબી (સલ.) થી સાંભળેલી હદીસ કહે છે. તેઓ કહે છે કે અલ્લાહના રસૂલ (સલ.) એ ફરમાવ્યું કે કબીરાહ ગુનાહ આ છે. :

૪ અલ્લાહની જાતમાં કોઇ ને શરીક માનવો,

૫ મુસલમાન માંબાપને દગો દેતાં ડરવુ નહિ (ના ફરમાની કરવી)

૬ કોઈને હક વિના મારી નાંખવું,

૭ અને જુઠી સોગંદ (કસમ) ખાવી.

૮.૯ હઝ અબ્દુલ્લાહ બિન અમરે (રઝી.) નબી (સલ.) થી આ હદીસ સાંભળી અને યાદ રાખી. બીજા અસહાબીયો એ પણ આ હદીસ જાણી.

૧૦ હદીસ સાંભળીને પોતાને પાક કરો અને પ્રેમથી રાતદિન કહો .... રે તૂંહી.

૧૧ સાંભળતાં મોમિન થવાશે, માટે દીનની વાત સાંભળો. હરામ હલાલને જાણશો તો જાત ગુનાહોથી પાક રહેશે

---

૧૭૫૮ પદ

૧ અરે સુન સુન રે ભાઈ દીન કેરે, બાત સુનો દીન કેરી;
અરે હરામ હલાલ સુનતે બૂઝે, દેઓને ચિત સવેરી.
૨ અરે મકર સેતી ન દેની ગવાહી, એ હે ગુનાહ કબીરા;
જૂઠી સું ભી હેં ગુનાહ કબીરા, સુનો એ મન ધર વીરા.

બયાન - ૧૭૫૮

પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

૧ દીનના ભાઈ ! દીનની વાત સાંભળો. સાંભળવાથી હરામ અને હલાલ જાણી શકાય છે.

૨ ફરેબથી ગવાહી આપવી અને જૂઠી કસમ ખાવી કબીરાહ ગુનાહ છે. તે વાત મનમાં ધેરો.

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨) ના કિતાબુલ ઈમાનના કબીરાહગુનાહો અને નિફાકના બયાનની પહેલી ફસલની બીજી હદીસ છે. મુન-અહયહે (બુખારી-મુસ્લિમ)

૩ ગુને કબીરિ સેતી ડરીએ, સુન સુન હો ના ઈમાની ;
ઑરૂ થકી વીરા મૂમિન કેરા, ઈમાનકી રે નિશાની.

૩ કબીરાહ ગુનાહથી ડરો અને સાંભળીને ઈમાનવાળા બનો. બીજાઓ અને મોમિનમાં ફરક ઈમાનનો છે.

૪ અરે ગુને કબીરિ સૂં પીછે રહીએ, સુન સુન
મૂમિન બાતી; અરે એ ભી ગુનાહ કબીરા બૂઝો,
નાહક મારની જાતી.

૪ કબીરાહ ગુનાહોથી છેટા રહો. મોમિન ભાઈ ! વાત સાંભળો. કોઈને નાહક મારી નાંખવું એ કબીરાહ ગુનાહ છે.

૫ અરે સુન સુન રે ભાઈ ગુને કબીરા, નિસદિન ડર
મન લાહો; અરે ગુને કબીરિથી ડર તન અપના,
નિસદિન દુર રખાહો.

૫ કબીરાહ ગુનાહોથી હંમેશા ડરો અને તે ગુનાહ કરવાથી રાતદિન પોતાને દૂર રાખો.

૬ અરે માબાપ હો વે બૂઝો ઈમાનાં, ઈનકૂ દગે દોનાંહાં;
અરે દુખ દેના તમે બૂઝો ઈનૂકા, ગુને કબીરિ માંહાં.

૬ ઈમાનવાળાં માંબાપને દગો દે નહિ. તેમને દુઃખ દેવું તે પણ કબીરાહ ગુનાહ છે.

૭ અરે જાગ રે ગાફિલ કેત્તા સોવે, સુનને દીનકે બૅના;
અરે સુને બિના ગુનાહ કબીરા, ક્યૂં બુઝે દિલ મૅના?

૭ ગાફીલ જાગ ! કેટલું સુઇશ ! દીનની વાત સાંભળ તું દીનની વાત સાંભળીશ નહિ તો ક્યો ગુનાહ કબીરાહ છે તે કેમ કરીને જાણીશ ?

૮ અરે બૂઝે બિના ક્યૂં તૂ મૂમિન હોસિ, સુન સુન મેરી
બાતી ? અરે સુને બિના જો હોતે મૂમિન, રહતી
ન કુફ્ર જાતી.

૮ મારી વાત સાંભળ. જાણ્યા વિના તું મોમિન કેવી રીતે થઈશ ? જો સાંભળ્યા વિના મોમિન થતે તો કાફિરની જાત ન રહેતી યાને બધાયે સાંભળ્યા વિના જ આપો આપ મુસલમાન બની જતા.

---

## ૧૭૫૯

૧ અબી હુરૅરા રજી અલ્લાહ, અન્હો કહીએ ;
એ નબીજીકી હદીસ, હૅ કહતે રે લહીએ.
૨ કહા પરહેજ કરના, ખાતિમને આખા ;
સો સાત ખસલતૂથી, કહ કર દાખા.
૩ કે પીછા રહના, જે હૅ ખસલતાં સાતા ;
યૂં મુબારક જુબાંસૂં કહી રે બાતા.
૪ તબ અસ હાબૂ સુન કર, અરજ રે કીતી ;
યા રસૂલ અલ્લાહ કરને, કહી રે સુનીતી.
૫ વે કૌન હૅ ખસલતાં, નબીજી બતા હો ?
સહી બયાન તો ઉસકા, હમુકૂ સુનાહો.
૬ કહા અલ્લાહ માંહી શરીક, કરના નાંહાં ;
યૂં ખાતિમને આખા, ઈનૂ પૂછા રે તાંહાં.
૭ ભી સિહર ન મારની, કિસીકી જાતી ;
જે રબને હરામ, હૅ કહી કીતી બાતી.

## બયાન – ૧૭૫૯

### (૧)

### હદીસ : સાત આદતોથી પહહેજ કરો.

### રાવી : હઝ અબુ હુરૈરા (રઝી.)

૧.૩ હઝ. અબુ હુરૈરા (રઝી.) નબી(સલ.) ની હદીસ કહે છે કે આપે (સલ.) જબાન મુબારકથી સાત આદતોથી પરહેજ કરવા, યાને બચવાનું કહ્યું.

૪.૫ અસહાબો (રઝી. અન્હુમ) એ કહ્યું : " અય અલ્લાહના રસૂલ (સલ.) તે કઈ ખસલતો છે તેનું બયાન અમોને સંભળાવો."

૬ એક,– કોઈને અલ્લાહની જાતમાં શરીક કરો નહિ.

૭ બે,– કોઈની ઉપર જાદુ ન ચલાવો. તે કામ અલ્લાહે હરામ કર્યું છે.

(૧) મિશ્કત (ભાગ –૧, વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનના 'કબીરાહ ગુનાહો અને નિફાક ના બયાનની પહેલી ફસલની ત્રીજી હદીસ છે – મુ ત્ત અલયહે (બુખારી – મુસ્લિમ)

૮ મગર હક્ક હો બદલી, મારના આખા ;
ભી બિયાજકા ખાના, ખાતિમને દાખા.
૯ ભી માલ રે ખાના, યતીમૂ કેરા ;
ભી જંગસૂં પીઠ દે, ભાગના સવેરા.
૧૦ ભી નેક જનાંકૂ ગાલી રે દેના ;
બુરે કામૂસૂં જે ગાફિલ, હૈ સુન કર લેના.
૧૧ કહા પરહેજ ખસલતાં, એ સાતૂસૂં કરના ;
એ ફરમૂદા નબીકા, સુન મન ધરના
રે તૂહી.
૧૨ હુકમ કબૂલે મૂમિનાં, બેગાના નચિંત રે,
બેગાના નચિંત ;
દોજખ ને જે બહિશ્ત હૈ, એ સુન રાખો ચિત રે,
એ સુન રાખો ચિત.

૮ ત્રણ,– શરિયતે હક આપ્યો હોય તે સિવાય કોઇની નાહક કતલ ન કરો. ચાર– વ્યાજ ખાઓ નહિ.
૯ પાંચ,–યતિમ (અનાથ) નો માલ ન ખાઓ. છ – જંગમાંથી (જીહાદમાંથી) પીઠ ફેરવીને ભાગો નહિ.
૧૦ સાત,– નેક જનો (ઓરતો) ને જિનાની તહોમત ન દો. તે બુરૂં કામ છે
૧૧ આ સાતેય ખસલતોથી પરહેજ કરો અને નબી (સલ.) ની આ હદીસ સાંભળીને મન ધરો.
૧૨ મોમિન હુકમ કબૂલે છે અને બેગાના (ગેર) નચિંત રહે છે. દોજખ અને જન્નત બેઉ છે એ સાંભળીને ધ્યાનમાં રાખો.

---

## ૧૭૬૦

૧ ઍસી ઍસી દીન કેરી રીતા રે, તમે સુનો રે ;
હુકમકૂ સીસ ધર લીતા રે, તમે સુનો રે.
૨ હુકમ જે મૂમિન કરે સહી રે, તમે સુનો રે ;
રાજી તો હોવે દ્હી રે, તમે સુનો રે.
૩ મૂમિનકી એ હૈ નિશાના રે, તમે સુનો રે ;
સુન સુન લાવેગા ઈમાના રે, તમે સુનો રે.
૪ હુકમ જે નબી માને નાંહાં રે, તમે સુનો રે ;
નહીં વેતો મુમિનૂ કે માંહાં રે, તમે સુનો રે .
૫ કાફિર વે તો હૈ કહલાતે રે, તમે સુનો રે ;
હુકમ જે મન નહી લાતે રે, તમે સુનો રે.
૬ એ તો બૂઝે નંના ભી બાલા રે, તમે સુનો રે ;
મૂમિન ને કાફિરકા હાલા રે, તમે સુનો રે.
૭ હુકમ જે માને રબ કેરા રે, તમે સુનો રે ;
નબીજીને કહાં જાં સવેરા રે, તમે સુનો રે.
૮ વે તો સહી મૂમિનૂકી જાતી રે, તમે સુનો રે ;
નંના ભી બૂઝે એ બાતી રે, તમે સુનો રે.
૯ હુકમ જે મન નહી લાવે રે, તમે સુનો રે ;
વે તો હૈ કાફિર કહલાવે રે, તમે સુનો રે.

## બયાન – ૧૭૬૦

**પીર મશાયખ (રહે.) કહે છે : 'તમે સાંભળો .'**

૧.૨ હુકમ માથે ચઢાવવો એ દીનની રીત છે. જે મુસલમાન અલ્લાહનો હુકમ પાળે છે તેનાથી તે ખુશ થાય છે.
૩ મોમિનની નિશાંની એ છે કે તે દીનની વાત સાંભળે અને ઈમાન લાવે.
૪.૫ જે નબી(સલ.) નો હુકમ માને નહિ તો તે મોમિન નથી પણ કાફિર છે.
૬ મોમિન અને કાફિરનો ફરક નાનું બાળક પણ સમજે છે.
૭.૮ નબી (સલ.) એ કહ્યું છે કે જે બંદો અલ્લાહનો હુકમ માને છે તે સાચો મોમિન છે.
૯.૧૧ જેઓ અલ્લાહનો હુકમ માનતા નથી તેઓ કાફિર છે. મોમિન અને કફિર વચ્ચેના ફરકની આટલીજ નિશાન છે.

| | |
|---|---|
| ૧૦ એતી સબ જગમાં નિશાની રે, તમે સુનો રે ;<br>મૂમિન હોવેગા ઈમાની રે, તમે સુનો રે. | કાફિરને ઈમાન નથી હોતું તે જગ જાહેર વાત છે. |
| ૧૧ કાફિરકૂ ઈમાન નાંહાં રે, તમે સુનો રે ;<br>છુપા નહી સબ જગ મોહાં રે, તમે સુનો રે. | |
| ૧૨ બોલ બોલ ગાફિલ ગંવારા રે, તમે સુનો રે ;<br>કૈસા સોચ તેં હૈ સવારા રે, તમે સુનો રે ? | ૧૨ ગાફિલ ! ગમાર ! બોલ તેં ક્યૂં સોચી રાખ્યું છે ? |
| ૧૩ દીન બાત નહી ક્યૂં સુનતા રે, તમે સુનો રે ?<br>કિસ રીતે મૂમિન કહલાતા રે, તમે સુનો રે ? | ૧૩ તું દીનની વાત સાંભળતો નથી તો મોમિન કેવી રીતે કહેવાય ? |

---

### ૧૭૬૧ દુહા.

૧ ટોલી મુનાફિક મૂમિનાં, હાં મૂમિનાં,
સુનો એ મન ધર બાત રે ;
તિલ ને પલ મૉત આવની, હાં આવની.
દિન કે ભીતર રાત રે.

૨ સુનો મુનાફિકો બાતડી, હાં બાતડી,
ચંચલ મન કરી ચેત રે ;
એક તો ચુન એક ખો ગહે, હાં ખો ગહે.
ક્નસ દુન્યાં ખેત રે.

૩ છ પંથ ઈકઠે મિલાય કર, હાં મિલાય કર,
નામ હૈ ધરીયા દીન રે ;
ફટ રે મૂરખ બાપડે, હાં બાપડે,
કૈસી હૈ ચિંતા કીન રે ?

૪ બાત તુમારી એ સુનતે, હાં સુનતે,
બાત કબૂલે નાંય રે ;
કઈ હૈ ખોટે પંથ ચલતે, હાં ચલતે,
એક એક પંથકે માંય રે.

૫ નિઆરે હુએ તમે જગથી, હાં જગથી,
સુનો મુનાફિક બાત રે ;
ભૂંડે હો કહતે તમે અવરાં, હાં અવરાં,
ખૂબ જાનો આપ જાત રે.

૬ પંથ તો છ ઈકઠે કીયે, હાં ઈકઠે કીયે,
ધરા દીનકા નામ રે ;

### બયાન – ૧૭૬૧

**પોતાને મોમિન કહેવડાવતા મુનાફિકો અસલ દીનને મૂકીને નવા પંથોને રવાડે ચડેલા તોઓને સંબોધીને પીર મશાયખ (રહે.) સમજાવે છે.**

૧ મુનાફિક મોમિનોની ટોળી ! તમે એક વાત મનમાં ધરીલો કે દિવસ અને રાતમાં ગમે તે પળે મોત આવી શકે છે.

૨ મુનાફિકો વાત સાંભળો અને મનને ચંચળ કરીને ચેતો. દુનિયા રૂપી ખેતરનાં ક્રુગસલાંમાંથી એક લણ્યું (દુનિયા કમાયા) અને બીજું ખોયું (આખેરત ખોઇ )

૩ છ પંથોની ૧ વાતો ભેગી કરીને તમોએ તેનું દીન નામ ધર્યું છે. ફટ મૂરખ ! બિચારા ! તારી મૂર્ખતા ઉપર દયા આવે છેક તેં આ શું સોચી રાખ્યું છે. ?

૪ એકેએક ખોટા ઉભા કરેલા ઘણાય પંથો ખોટી રીતે ચાલે છે. એટલે તમારી વાતો સાંભળીને કબુલ રખાય નહિ.

૫ મુનાફિકો ! તમે દુનિયાથી અલગ પડી ગયા છો. તમે બીજાઓને ભૂંડા કહોછો પણ પોતાની જાતને તો જૂઓ !

૬ છ પંથોને એકઠા કરીને તેનું નામ દીન ધર્યું તમે જ કહો કે તે છએ ઠામ ભૂંડા છે કે નહિ ?

(૧) બદદીન મુનાફિકો સતપંથ નામે મઝહબ પાળતા અને અવતાર માનતા અને પોતાને મોમિન પણ કહેતા તેઓ એ છ પંથોમાંથી ટૂકડે ટૂકડે વાતો લઇને મજહબ બનાવ્યો તે છપંથો આ પ્રમાણે છે. (૧) કુરઆન પઢવું કબૂલ રાખીને પોતાને સુન્નીઓમાં ખપાવે અને કલેમો પઢે નહિ, અને પઢે તો કપટથી

ભી, હો રે તમે જીભસૂં કહો, હાં જીભસૂં કહો,
ભૂંડા વે છ હૅ ઠામ રે.

૭ જેથી હો પંથ લેતે સહી, હાં લેતે સહી,
ભૂંડા હો ધરતે નામ રે ;
તો કિસ રીતે જાનીયા, હાં જાનીઆ
પંથ તુમારા ખૂબ કામ રે.

૭ ભૂંડાં કામોને દીન નામ ધરીને કબૂલતાં તમે તમારો પંથ સારો છે તે શી રીતે જાણી લીધું ?

૮ બાલે હો સેતી તુમ દીસતે, હાં દીસતે,
અક્લ બિના નાદાન રે ;
ઢોર રીતે તુમના સહી, હાં તુમના સહી,
નહી માનવી શાન રે.

૮ અક્કલ વગરનાઓ ! તમે બાળક જેવા નાદાન દેખાઓ છો. તમે ઢોર જેવા છો. માણસાઈ તો તમારામો છે જ નહિ.

---

## ૧૭૬૨

૧ અબી હુરૅરા હૅ કહતે, ભી ખાતિમને આખા ;
સો મુબારક જુબાંસૂ, ઍસા રે દાખા.
૨ કહા જિનાકા કરનાર, જિના રે કરાવે ;
ઈસ હાલ વે મૂમિન, નહી રે દેખાવે,
૩ અને ગુનાહ રે કબીરા, સૂં ઈમાન હૅ જાતા ;
એ દીનકે ભાઈ, સુન મન ધર બાતા.
૪ કહા જબ હૅ ચોર, ચોરી રે કરાતા ;
વે ઉસ તો વેલા, નહી મૂમિન દેખાતા.
૫ કે ચોરી કરતે વે મૂમિન નાંહાં ;
તો મૂમિનૂ બિના, હૂઆ કાફિરૂકે માંહાં
૬ અને શરાબકા પીનાર, પીયે શરાબ રે લહીએ ;
ઉસ વેલા વે મૂમિન, નહી રે કહીએ,
૭ અને લૂટનાર જબ તક, લુટ રે કરાવે ;
કે લુટતા સબૂકે, નજરૂ આવે.
૮ સહી ઉસ હાલ મૂમિન, વે તો નાંહાં ;
હુઆ ઈમાન રે બિના, કાફિરૂકે માંહાં.
૯ જબ ખિયાનતકા કરનાર, ખિયાનત કરાતા ;
ઈસ હાલ વે મૂમિન, નહી રે દેખાતા.

## બયાન – ૧૭૬૨

### (૧)

### હદીસ :ઈમાન ક્યારે હટી જાય છે ?

### રાવી :હઝ અબુ હુરૈરા (રઝી.)

૧ હઝ. અબુ હુરૈરા (રઝી.) કહે છે કે નબી (સલ.) એ ફરમાવ્યું કે :–

૨.૩ જિના કરનાર જિના કરવાની હાલતમાં મુસલમાન રહેતો નથી. કબીરાહ ગુનાહ કરવાથી ઈમાન જતું રહે છે.

૪.૫ જ્યારે ચોર ચોરી કરે છે ત્યારે ચોરી કરવાની હાલતમાં તે મુસલમાન નથી રહેતો. આ હાલતમાં ઈમાન ન રહેવાથી તે કાફિર બને છે.

૬ દારૂ પીનાર દારૂના નશાની હાલતમાં મુસલમાન નથી રહેલતો.

૭.૮ લૂંટનાર જ્યાં સુધી લૂંટના કામમાં મશગુલ હોય ત્યાં સુધી ઈમાન ન રહેવાથી કાફિર બને છે.

૯ અમાનત આપેલી ચીજમાં જે ખિયાનત કરે છે ત્યારે તે હાલતમાં તે મુસલમાન નથી.

(દિલ થી નહિ) પઢે (૨) હઝ અલી(રઝી.) ના પોતાને ચાહક ગણાવીને પોતાને (તેપંથતો નેતા ) સૈયદ ગણાવવા દલીલો આગળ લાવે પણ અંદરથી જાય તો પોતાને નજદી મઝહબનો બતાવે (કેમકે અરબસ્તાનમાં બંદરો પર તેમના નેતાનો વેપાર ચાલતો હતો ) (૫) લોકેન કેટલીક વાતો યહુદીયોની

(પાછળ)

| | |
|---|---|
| ૧૦ એ મુબારક જાુબાંસૂં, નબીજીને આખા ;<br>દૂર દૂર રહો ઉસથી, કહ કર દાખા.<br>૧૧ એ કબીરા ગુનાહુસૂં, હૅ ઈમાન રે જાતા ;<br>એ દીન કેરે ભાઈ, સહી બુઝો રે બાતા.<br>૧૨ એ ગુનાહકી વેલા જો મર જાવે ;<br>તો મૂમિન નહી, કાફિર કહલાવે.<br>૧૩ એ સુન સુન બાતી. પાક કરો આપ જાતી ;<br>અને નેહસૂં કહો, દિન ઑર રાતી.<br>રે તૂંહી.<br>૧૪ ગુનાહ કબીરા સુનતે દૂર રાખો આપ તન રે,<br>દૂર રાખો આપ તન ;<br>ઈમાન કરતે જાયસિ, એ હૅ બૂઝના મન રે,<br>એ હૅ બૂઝના મન. | ૧૦.૧૧ માટે નબી (સલ.) એ ફરમાવ્યું કે કબીરાહ ગુનાહોથી દૂર રહો. કેમકે તેના કરવાથી ઈમાન જતું રહે છે.<br>૧૨ જો કોઇ મુસલમાન કબીરાહ ગુનાહો કરવાની હાલતમોજ મરી જાય તો કાફિર થઇને મરે છે.<br>૧૩ દીનની વાતો સાંભળીને પોતાને પાક કરો અને પ્રેમથી રાતદિન કહો ....રે તૂંહી.<br>૧૪ કબીરાહ ગુનાહો કરવાથી પોતાને છેટા રાખો. આ ગુનાહો કરવાથી ઈમાન જતું રહેશે તે બરાબર જાણીલે. |

---

| | |
|---|---|
| **૧૭૬૩ પદ** | **બયાન – ૧૭૬૩**<br>**પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.** |
| ૧ સુનસુન રે ભાઈ દીનકી બાતી, ઈમાન સુનતેઆવે ; અરે ઈમાન સેતી મૂમિન કહીએ, નહી તો અવરાં કહલાવે. | ૧ ભાઇ ! દીનની વાત સાંભળ. સાંભળતાં ઈમાન આવે છે.ઈમાન થકીજ મોમિન છીએ, નહિ તો બીજા પંથના. |
| ૨ અરે જિના કરના દીનકે ભાઈ, હરામ રબને કીતા; અરે ગુનાહ કબીરા ઉસકા નામા, હુકમ યૂં હૅ દીતા.<br>૩ ઈસ વેલા એ તો મૂમિન નાંહાં, ઈમાન જાતા સુનાયા; તો ઈમાન બિના મૂમિન નાંહાં, કાફિર જૅસા ગિનાયા. | ૨.૩ જિના કરવું અલ્લાહે હરામ કર્યું છે અને તે કામને કબીરાહ ગુનાહ કહયું છે આ કામ કરતા સમયે ઈમાન જતું રહેતું હોવાથી મોમિન મટીને કાફિર થવાય છે. |
| ૪ અરે ઉસે અજલ જો આવ પહુંચાવે, મરસિ કાફિર મૉતા ; અરે જીવના તેરે હાથજ નાંહાં, દેખતે હોવે ફૉતા.<br>૫ અરે ગુનાહ કબીરા કરના નાંહાં, ચિંતા એ મન દીજે ; અરે મૉત આવે કભી ઈમાન જાતે, મૂએ પીછે કયા કીજે ?<br>૬ ઍસા ગુનાહ જો કરતે મૂઆ, મૂઆ કાફિર રીતા; ગુને કબીરેથી દૂર રહીએ, ચાવે અપના મીતા. | ૪.૬ કબીરાહ ગુનાહ કરવાની હાલતમાં જ મોત (અજલ) આવી જાય તો ઈમાન જવાથી કાફિરની મોત મરશો. ઘડીકમાં જીંદગી ફોત થઇ જાય છે. જીવવું તમારા હાથમાં નથી, માટે કબીરાહ ગુનાહ કરો નહિ. આજ હાલતમાં મોત આવી જાય તો શું કરશો ? આવા ગુનાહ કરશો નહિ તો અલલાહ તમને ચાહશે. |
| ૭ અરે ચોરી કેરી જાનો રીતા, ગુનાહ કબીરા કહલાવે; જબ તક મૂમિન ચોરીકા હાલા, ઈમાન બિના સુનાવે. | ૭ ચોરી કરવી કબીરાહ ગુનાહ છે. જયાં સુધી મુસલમાન ચોરી કરવાની હાલતમાં હોય છે ત્યાં સુધી તેનામાં ઈમાન હોતું નથી. |

તૌરાતમાંથી ગ્રહણ કરવાનું શીખવે, અને (૬) કેટલી વાતો નસારા (ખ્રિસ્તી) ઓની ઈજીલમાંથી વીણી વીણીને ભેળી કરે. ( ૧૯૮૩, ૧૬૩ કિ. ઈમાન, ભાગ – ૨ )

| | | |
|---|---|---|
| ૮ બાદલ રીતે ઈમાન તનથી, દૂર હો સિર પર રહતા;<br>ગુને કબીરિકા મૂમિન જબ તક, વે હૅ મન માહે દેતા.<br>૯ તબ લગ ઈમાન નહી વીરા, મૂમિન કેરી જાતી ;<br>જબ લગ ઉસ ગુનેકે માંહાં, સાચી બુઝો એ બાતી. | ૮.૯ | જેમ માથા ઉપર થી વાદળ ખસી જાય તેમ કબીરાહ ગુનાહ કરતી વેળાએ મુસલમાનથી ઈમાન ખસી જાય છે. આ સમય ઈમાન વિહોણો હોય છે. |
| ૧૦ શરાબ પીના હૅ ઍસા સુનાયા, જે કોઈ મૂમિન પીતા; ઉસ વેલા ઉસે ઈમાન નાંહાં, હુકમ ઍસા દીતા.<br>૧૧ તબ તો ઈમાન ઉસથી ગયા, સિર પર ઊંચા રહયા; જબ લગ શરાબ પીતા મૂમિન, ઍસા સુન કર લહયા. | ૧૦.૧૧ | મુસલમાન દારૂ પીયે તે વેળા ઈમાન તેનાથી ખસી જાય છે. જયાં સુધી નશો રહે ત્યાં સુધી તેના માથેથી ઈમાન ખસેલું રહે છે. |
| ૧૨ અરે જીવનેકેરા કૅસા ઉમેદા, મૉત કભી યૅસે આવે?<br>તો ઈમાન બિના મર વે જાવે, કાફિર જૅસા દેખાવે. | ૧૨ | જીવવાની શું આશા ? મોત ગમે ત્યારે આવી જાય છે. અને તે વેળા ઈમાન વિના મરી જાઓતો કાફિર થઈને મરશો. |
| ૧૩ અરે લેને જાવે માલ બડાના, મૂમિન કેરી જાતી;<br>લૂટે તબ લગ ઈમાન નહી, કાફિર જૅસી જાતી. | ૧૩ | મુસલમાન માલ વધારવા લુંટ કરે તો લૂંટના અમલ દરમ્યાન ઈમાન વિના તે કાફિર હોય છે. |
| ૧૪ ખિયાનત કરની ભી ઍસી જાનો, જૅસી કહી વે જાતા; જબ લગ ખિયાનત કરતા મૂમિન, ઈમાન બિના સુનાતા.<br>૧૫ અરે ખિયાનત કરતે ઈમાન જાવે,સિર પર રહવે સહી ; સો જહાં તક એ હૅ ખિયાનત કરતા,ખબર એ સુન લહી. | ૧૪.૧૫ | અમાનતમાં ખિયાનત (ઘટાડો) કરવાની હાલતમાં જયાં સુધી આ અમલ ચાલુ રહે ત્યો સુધી મુસલમાનમાં ઈમાન હોતું નથી. |
| ૧૬ ખિયાનત જે કોઈ સૉંપી અમાનત, ઉસ માંહી ઓછી કરાવે ; કિતાબત કિને હોવે દીતી, વે ભી વે ભી ઉસમાં કહલાવે.<br>૧૭ અરે મસલત કિસીકી કબૂલ કીતી, એ ભી અમાનત ઠામા; અરે એ બાત મરમ દિલ માંહી રાખૂ, કરૂં મઁ ઍસા કામા.<br>૧૮ અરે ઈત્તા કહતે અમાનત હૂઈ, ખિયાનત ન રે કીજે; ખિયાનત કરતે ઈમાન જાવે, ઍસા હૅ ચિત માહે દીજે. | ૧૬.૧૮ | અમાનતમાં ખિયાનત૧ એટલે જે કાંઈ અમાનત સોંપવામાં આવી હોય તેમાંથી ઓછું કરવામાં આવે, કોઈએ લખાણ (કીતાબત) સોંપ્યું હોય તેમાં પણ ફેરફાર કરવામાં આવે, કોઈની મસ્લેહત કે વાતનો ભરમ દિલમાં જાળવી રાખવાનું કહીને ન પાળવામાં આવે એને ખિયાનત કહે છે અને તેમ કરવાની હાલતમાં ઈમાન જાય છે. |
| ૧૯ અરે ગુને કબીરિ જેતે કહે, ઈમાન ઉસ સંગ નાંહાં; અરે ગુનાહ ને ઈમાન ઈકઠા નહી, રહવે એક તન માંહાં. | ૧૯ | જેટલા કબીરાહ ગુનાહો છે તેના કરવાથી ઈમાન નથી રહેતું. ઈમાન અને કબીરાહ ગુનાહ શરીરમાં એકી સાથે રહી શકતા નથી. |
| ૨૦ અરે જીવનેકેરા નહી ઉમેદા, કભી ઉસ તકે મરીયે;<br>તો ઈમાન બિના મરના હોવે, પછે કયા કુછ કરીયે ? | ૨૦ | જીવવાની કોઈ આશા નથી. કદાચ ગુનાહ કરવાની તકે મરી જઈએ તો ઈમાન વિના મરીએ, પછી શું કરિયે ? |

(૧) મિશ્કત (ભાગ-૧, વિભાગ-૨) ના કિતાબુલ ઈમાનના કબીરાહગુનાહો અને નિફાકના બયાનની પહેલી ફસલની ચોથી હદીસ છે. - મુત્ત અલયહે (બુખારી - મુસ્લિમ). આ હદીસનો બીજો ભાગ હઝ. અબ્બાસ (રઝી.) થી રિવાયત થયેલો છે જે બયાન નં. ૧૭૬૫માં આવે છે.

(પાછળ)

| ૧૭૬૪ | બયાન - ૧૭૬૪ |
|---|---|
| ૧ ગાફિલ હૅ ક્યૂઆતા રે, તમે સુનો રે ;<br>ઘર રહયા જો નહીં જાતા રે, તમે સુનો રે. | ૧ ગાફીલ ! અમલથી કેમ કચવાય છે ? અટકી કેમ પડયો છે ? |
| ૨ એ ક્યૂં પલેગા બાતી રે, તમે સુનો રે ?<br>ઍસા સોચ કરે આપ જાતી રે, તમે સુનો રે. | ૨ તું પોતે એવું સોચે છે કે કબીરાહ ગુનાહની આ વાતો તું કેમ કરીને પાળશે ? |
| ૩ પાલે બિના મૂમિન નહો ના રે, તમે સોન રે ;<br>પાલે બિના ઈમાન હૅ ખોના રે, તમે સુનો રે. | ૩.૪ પાગ, પાળ્યા વિના તો ઈમાન જાય અને મોમિન ન રહેવાય. તું અજાણ્યો થઈને કચવાય છે અને તેનું તને દુ:ખ થાય છે.? |
| ૪ નહીં દુખ હૅ એ આસના રે, તમે સુનો રે ;<br>ક્યૂઆતા હૅ જે અજાના રે, તમે સુનો રે. | |
| ૫ ઑર બાતાં જું હૅ પલાતા રે, તમે સુનો રે ;<br>ઉસ માંહે દુખ ન દેખાતા રે, તમે સુનો રે. | ૫.૬ તું બીજી વાતો પાળે છે તેમાં તને દુ:ખ દેખાતું નથી. તું પાળવાનું મન કરે તો પાળી શકે છે. તું એવી બધી ચીજો પાળી શકે છે જે ચીજો પાગહરામ છે. દા.ત |
| ૬ સુન સુન ઉસ કેરી રીતા રે, તમે સુનો રે ;<br>પાલને કાજે મન દીતા રે, તમે સુનો રે. | |
| ૭ મા સંગે બિયાહ નહીં કરતા રે, તમે સુનો રે ;<br>એ બાત મન હૅ ધરતા રે, તમે સુનો રે. | ૭ તું માં સાથે નિકાહ નથી કરતો |
| ૮ બેટી સાથે કરે નહી બયા રે, તમે સુનો રે ;<br>એ હૅ પાલા ગયા રે, તમે સુનો રે. | ૮ બેટી સાથે નિકાહ નથી કરતો, |
| ૯ ભૅનકૂ ન નિકે માંહી લાવે રે, તમે સુનો રે ;<br>ભાનજીસું બિયાહ ન કરાવે રે, તમે સુનો રે. | ૯ બહેન અને ભાણેજ સાથે નિકાહ નથી કરતો, |
| ૧૦ ભતિજીસૂં બયાહ નહી કરતા રે, તમે સુનો રે ?<br>માસીસૂં નિકાહ નહી પઢતા રે, તમે સુનો રે. | ૧૦ ભત્રીજી અને માસી સાથે નિકાહ નથી કરતો |
| ૧૧ નિકાહમાં ન લાવે કોઈ ફઈ રે, તમે સુનો રે ;<br>એતી રીત પાલતા હૅ સહી રે, તમે સુનો રે. | ૧૧ ફોઈને નિકાહમાં નથી લાવતો |
| ૧૨ દાદીસૂં નિકાહ ન કરાવે રે, તમે સુનો રે ;<br>નાનીસૂં ભી બિયાહ નહી ચાવે રે, તમે સુનો રે. | ૧૨ દાદી અને નાનીથી નિકાહ નથી કરતો, |
| ૧૩ બૈયર જે બાપ કેરી રે, તમે સુનો રે ;<br>નિકે માંહી લાવે ન અનેરી રે, તમે સુનો રે. | ૧૩ બાપની બૈરી (ઓરમાનમાં) થી નિકાહ નથી કરતો, |
| ૧૪ બેટે કેરી બૈયર જે કહીએ રે, તમે સુનો રે ;<br>નિકાહ નહીં કરતા તૂ લહીએ રે, તમે સુનો રે. | ૧૪ બેટાની બૈરીથી નિકાહ નથી કરતો |
| ૧૫ પૌતરી ને નવાસીસૂં બિયાતે રે, તમે સુનો રે ;<br>કરના નહી મન લાતે રે, તમે સુનો રે. | ૧૫ પૌત્રી કે નવાસી (દીકરીની દિકરી) થી નિકાહ નથી કરતો. |
| ૧૬ એતી બાત હૅ તૂ પલાતા રે, તમે સુનો રે ;<br>ખુશી દિલ સેતી હૅ ચાતા રે, તમે સુનો રે. | ૧૬.૧૯ આટલી બધી વાતો તું પાળે છે અને પાળવામાં તને ખુશી અને આસાની લાગે છે. તેવી રીતે જે કબીરાહ ગુનાહોથી |

(૧) અમાનતમાં ખિયાનતની વ્યાખ્યા વિવહાગ વિશાળ છે માટે ઉલમાં ઓથી વધુ માહિતી મેળવવી.

૧૭ એ તો બહુત દેખાતી હૈ બાતી રે, તમે સુનો રે ;
આસાન વે હુઈ તેરી જાતી રે, તમે સુનો રે.
૧૮ એ ભી બૂઝો ઐસી હૈ રીતા રે, તમે સુનો રે ;
આસાન હૈ જિનૂ એ કીતા રે, તમે સુનો રે.
૧૯ વે સબ તૂ હૈ પલાતા રે, તમે સુનો રે ;
ઈસે નહી પાલના ક્યૂં ચાતા રે, તમે સુનો રે ?
૨૦ વે ના પાલે ભૂંડા તૂ કહલાવે રે. તમે સુનો રે ;
એ ના પાલે ઐસા ભી દેખાવે રે, તમે સુનો રે.
૨૧ મન ધર સુનો એ બાતી રે, તમે સુનો રે ;
નિરમલ હોવે તેરી જાતી રે, તમે સુનો રે.
૨૨ પત્થર જો સુનતા એ બાતી રે, તમે સુનો રે ;
ઉજમ તો આતા ઉસે જાતી રે, તમે સુનો રે.
૨૩ ક્યવાને કેરી નહી ઠામા રે, તમે સુનો રે ;
પાલે હોવે મૂમિનકા નામા રે, તમે સુનો રે.
૨૪ કુછ નહી પાલે બિના ચલતા રે, તમે સુનો રે ;
એ ક્યૂં નહી મન ધરતા રે તમે સુનો રે ?
૨૫ પટં તરા દિલ ક્યૂં ન લાવે રે, તમે સુનો રે ?
સુનો ક્યૂં ના દિલ સમજાવે રે, તમે સુનો રે ?
૨૬ પાલે બિના ચલનેકા નાંહાં રે, તમે સુનો રે ;
પાલે હોવે મૂમિનૂકે માંહાં રે, તમે સુનો રે.

બચવા ચાહે છે તેને પણ આસાની લાગે છે. તું આ બધું પાળી શકે તો કબીરાહ ગુનાહોની વાત કેમ ન પાળી શકે?

૨૦ તું ઉપરોક્ત વાતો ન પાળે તો જેમ ભુંડો દેખાય તેમ કબીરાહ ગુનાહો ન પાળવાથી પણ તેવોજ ભૂંડો દેખાય.

૨૧ તમે મનધરીને આ વાતો સાંભળો તો તમારી જાતચોખ્ખી થાય.

૨૨ પત્થર પણ આ વાત સાંભળીને ઉત્સાહિત થતો.

૨૩ પાળવાની વાતથી ક્યવાવાની તારે હવે જગ્યા રહી નથી. જોતું આ વાતો પાળીશ તો મોમિન બનીશ.

૨૪ તું એ વાત મનમાં ધરી લે કે કબીરાહ ગુનાહોની આ વાત પાળ્યા વિના ચાલવાનું નથી.

૨૫ ઉપરોક્ત ઉદાહરણ તું મનમાં કેમ લેતો નથી ? તું તારા દિલને કેમ સમજાવતો નથી ?

૨૬ આ વતો પાળ્યા વિના ચાલવાનું નથી. તમે તે પાળશો તો જ મોમિન ગણાશો.

---

## ૧૭૬૫

૧ સુનો અબ્બાસકે બેટે, રજી અલ્લાહો કહીએ ;
એનબીજીકી હદીસ, હૈ કહતે રે લહીએ.
૨ સો ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા;
સો ઈનૂને યાદ, રાખા રે સવેરા.
૩ કહા જુલમસૂં કિસીકૂં, હૈ રે કો મરાતા ;
નહી તબ લગ ઈમાન, ઉસકી જાતા.
૪ સો મારનેકા જબ તક, કરે રે કામા ;
બૂઝો તબ લગ ઉસકા, નહી મૂમિન નામા.
૫ તબ તક ઉસકે, તન ઈમાન રે નાંહાં ;
તો ઈમાન રે બિના, નહી મૂમિનકે માંહાં.

## બયાન – ૧૭૬૫
(૧)

**હદીસ :ગયેલું ઈમાન પાછું કેવી રીતે આવે ?**

**રાવી :હઝ ઈબ્ને અબ્બાસ (રઝી.)**

૧.૨ હઝ. અબ્બાસના બેટા (રઝી.) નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ ક્હે છે.

૩.૫ આપે (સલ.) કહ્યું : " જે કોઇ જુલ્મથી કોઈને મારી નાખે ત્યારે તે હાલતમાં તેનામાં ઈમાન નથી રહેતું તેથી તે મુસલમાન પણ બાકી રહેતો નથી.

(૧) બયાન નં ૧૭૬૨ નાં બયાન કરેલી હદીસનો ભાગ છે.(બુખારી)

૬ યૂં ગુને રે કબીરિસૂં, ઈમાન રે જાતા ;
બાજ તૌબા રે કીએ, હોવે મૂમિનૂકી જાતા.

૬ કબીરાહ ગુનાહો કરવાથી જતું રહેલું ઈમાન તૌબા કરવાથી પાછું આવતાં બધિ ફરીથી મુસલમાન બની જાય છે.

૭ ભી અબ્બાસકે બેટેકૂ, આવ ખાદિમે પૂછાયા ;
હૈ અકરમ ખાદિમકા, નામ રે સુનાયા.
૮ યૂં ઈમાન હૈ જાતા, ભી આવે કિસ રીતા ?
યૂં ખાદિમને સાહિબકૂ, પૂછના કીતા.

૭.૮ હઝ ઈબ્ને અબ્બાસ (રઝી.) ના સેવક અકરમે (રઝી.) તેમના માલિકથી પુછ્યું કે ગયેલું ઈમાન પાછું કેવી રીતે આવે છે ?

૯ તબ ઉંગલીયાં હાથકી, લે ઈકઠી મિલાઈ ;
ભી એક એક જૂદી, કરને દિખાઈ.
૧૦ યૂં અબ્બાસકે બેટેને, કહા ઈમાન હૈ જાતા ;
સો તૌબા રે કીયે બાજ, હૈ રે આતા.
૧૧ ફિર ઉંગલીમાં ઉંગલી, લે ઈકઠી મિલાઈ ;
યૂં તૌબા બાજ આતા, હૈ ખબર બતાઈ. રે તૂંહી.

૯.૧૧ હઝ ઇબ્ને અબ્બાસે (રઝી.) હાથની આંગળીયો ભેળી કરી પછી જુદી કરીને બતાવી, અને પછી ફરીથી ભેળી કરી (ઉદાહરણ આપીને ) બતાવ્યું કે તૌબા કરવાથી ઈમાન આ રીતે ભેળું થાય છે.

૧૨ ગુનાહ કીબરા કરતે, ઈમાન પામે નાસ રે,
ઈમાન પામે નાસ ;
મૂમિન ન વે કીજિયો, જો તુજે જંનત આસ રે,
જો તુજે જંનત આસ.

૧૨ કબીરાહ ગુનાહ કરવાથી ઈમાન નાશ પામે છે. મોમિન જન્નતની આશા રાખતો હોય તો તેવાં ગુનાહ ન કરે.

---

## ૧૭૬૬ નજમ.

૧ સુન સુન ઈમાની એ હોના રે, તમે સુનો રે ;
ગુનાહ કર ઈમાન ન ખોના રે, તમે સુનો રે.
૨ જુલમે ન મારો કોઈ જાતી રે, તમે સુનો રે ;
ગુને કબીરિકી એ બાતી રે, તમે સુનો રે.
૩ જુલમે જો બાવે જીવ ઘાતા રે, તમે સુનો રે ;
તબ તક ઈમાન હૈ જાતા રે, તમે સુનો રે.
૪ કાફિર હો જૈસા હૈ દેખાતા રે, તમે સુનો રે ;
કભી ધસે માંહી મર જાતા રે, તમે સુનો રે.
૫ દોજખ તો ઉસકા મકાના રે, તમે સુનો રે ;
કાફિર હો જૈસા હૈ નિશાના રે, તમે સુનો રે.
૬ ગુનાહ યૂં કબીરા ન કરના રે, તમે સુનો રે ;
ઈમાનકૂ ખોએ સેતી ડરના રે, તમે સુનો રે.
૭ ઈમાનકૂ જાતે નહીં બૅરા રે, તમે સુનો રે ;
ડર મન દેઓ એ સવેરા રે, તમે સુનો રે.

## બયાન - ૧૭૬૬

**પીર મશાયખ (રહે) કહે છે. 'તમે સાંભળો .'**

૧ દીનની વાતો સાંભળીને ઈમાનવાળા બનો. ગુનાહ કરીને ઈમાન ખોવો નહિ.

૨.૫ કોઈને મારી નાંખવું એ કબીરાહ ગુનાહ છે. જુલ્મથી કોઈનો જીવ-ઘાત જાય ત્યાં સુધી ઈમાન પણ જતું રહે છે, અને તે દરમ્યાન જ મારનાર મરી જાય તો કાફિર થઈને મરે છે, અને દોજખ તેનું સ્થળ બને છે.

૬ કબીરાહ ગુનાહ કરો નહિ અને ઈમાન ન ખોવાય તેનો ડર રાખો.

૭ ઈમાનને જાતાં વેળા લાગતી નથી, માટે ગુનાહોનો ડર મનમાં લો.

૮ મૂમિન સો કાફિર કહલાવે રે, તમે સુનો રે ;
ઈમાન જો બિના મર જાવે રે, તમે સુનો રે.
૯ પલ માંહે ઈમાન હેં જાતા રે, તમે સુનો રે ;
ઉસ રીતે હેં ફિર આતા રે, તમે સુનો રે.
૧૦ મૂમિન એ કાફિરકી રીતા રે, તમે સુનો રે ;
મૂમિન તો ડરતા સુનીતા રે, તમે સુનો રે.
૧૧ સુન સુન હોના હેં ઈમાની રે, તમે સુનો રે ;
મૂમિનકૂ ઈમાન નિશાની રે, તમે સુનો રે.

૮ ગુનાહ કરતી વખતે ઈમાન વિના મરી જાય તો મોમિન થઈને પણ કાફિર ગણાઈને મરે.

૯ પળમાં ઈમાન જતું રહે છે, તેમ ગુનાહ ખસી જતાં પાછું પણ ફરે છે.

૧૦ મોમિન આ રીતે ગુનાહ કરતાં કાફિર બને છે. ખરો મોમિન ગુનાહોથી ડરે છે.

૧૧ દીનની વાતો સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાન મોમિનની નિશાની છે.

---

## ૧૭૬૭

૧ અબૂ હુરૈરા રજી અલ્લાહ, અન્હો કહીએ ;
એ નબીજીકી હદીસ, હેં કહેત રે લહીએ.
૨ સો ફરમૂદા અપને, નબીજી હો કેરા ;
સો અસહાબી સબૂને, સુનીયા સવેરા.
૩ અબૂ હુરૈરાને સુનકર, સબ યાદ રે રાખા ;
વે બયાન હદીસકા, બાજ ખોલ કર દાખા.
૪ સો નિશાની નબીને, કહી મુનાફિક કેરી ;
એ સુન સુન મુનાફિક, પાવે રે સવેરી.
૫ જબ રોજાં ને નમાજ, હેં મુનાફિક કરતા ;
મન આપકૂ મૂમિન, કર ગુમાન હેં ધરતા.
૬ અને બાત જબ કરેગા, સબ જૂઠી રે બોલી ;
સહી એ હે નિશાની, જે મુનાફિક ટોલી.
૭ હોવે ખિલાફ કરના, વાઅદે કેરા ;
કે વાઅદેકૂ વફા, ન કરેગા સવેરા.
૮ અને અમાનત માંહે, ખિયાનત કરેગા ;
કે રખને દીયા, ઉસે મુકર પડેગા.
૯ કે રખને દીતી, વસત દેવે ન પૂરી ;
વે ચોરી કરને, કરે હુજૂર અધૂરી.
૧૦ અને નિશાની એ મુનાફિકકી, બૂઝો રે જાતી ;
અને એક કર કહો, દિન ઑર રાતી. રે તૂંહી.
૧૧ મુનાફિકકી નિશાનીયાં, પાવે જિસકે તન રે,
પાવે જિસકે તન ;

## બયાન – ૧૭૬૭

### (૧)

### હદીસ:મુનાફિકની નિશાનીયો.

### રાવી:હઝ અબુ હુરૈરા (રઝી.)

૧ હઝ અબુ હુરૈરા (રઝી.) નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસ્હાબો (રઝી.અન્હુમ) એ પણ સાંભળી હતી.

૪ નબી (સલ.) એ મુનાફિકની ત્રણ નિશાનીઓ બતાવી છે. તેને મુનાફિક સાંભળે અને સમજે.

૫.૬ પહેલી : આપે (સલ.) ફરમાવ્યું કે મુનાફિક પોતાને મુસલમાન ગણાવીને રોજા અને નમાજ અદા કરે છે. ૨ પણ જ્યારે તે વાત કરે છે ત્યારે જૂઠી વાત કરે છે.

૭ બીજી : મુનાફિક વાયદો કરીને તેને પૂરો (વફાકરતો નથી. તે વાયદાની વિરુધ્ધ કરે છે.)

૮.૯ ત્રીજી : તે અમાનતમાં ખિયાનત કરે છે. મૂકવા આપેલીવસ્તુથી ફરી જાય છે. રાખવા આપેલી વસ્તુમાંથી ચોરી કરીને તેને અધુરી હાજર કરે છે.

૧૦.૧૧ જેનામાં મુનાફિકની નિશાનીઓ જોવા મળે તેને સાચેજ મુનાફિક તરીકે જ માનો.

---

(૧) મિશ્કાત (ભાગ-૧ વિભાગ-૨ ) ના કિતાબુલ ઈમાનના કબીરાહ ગુનાહો અને નિફાકના પ્રકરણની પહેલી ફસલની પાંચમી હદીસ છે.

(૨) ઈમામ મુસ્લિમે (રહે) આ શબ્દોને આ રીતે અલગ બયાન કર્યા છે. તે પછીના બધાજ શબ્દો ઉપર ઈમામ મુસ્લિમ (રહે.) અને ઈમાન બુખારી (રહે.) બંને સંમત છે.

ઉસકૂ વૈસા બૂઝીઓ, સહી કર સાચા મન રે,
સહી કર સાચા મન.

---

## ૧૭૬૮ બીરહા.

૧ સુન સુન ભાઈ દીનકે, મૂમિન કેરી રીતે રે ;
સુનતે કાનૂ આપકે, કીજે તો દિલમાં પીત રે.
૨ મૂમિન કિસકૂ જાનીએ ? મુનાફિક કિસકી જાત રે?
નિશાનીયૂં સેતી બુઝના, સુન સુન વીરા બાત રે.
૩ ગુમાન ન મનમાં કરો, કરો ઈબાદત જબ રે ;
નિસદિન ડરના રબથી, ઉમરકે દિન સબ રે.
૪ વફા કરો તમે વાઅદા, બોલો તો જૈસા બોલ રે ;
મુનાફિક ઈસકૂ જાનીએ, કરસે જે જૂઠા કૉલ રે.
૫ જીભે ન જૂઠા બોલના સાચી હૅ કરની બાત રે ;
જૂઠા મુનાફિક બોલસિ, જૂઠી હૅ ઉસકી જાત રે.
૬ મૂમિન કભી ચૂકીયા, બોલીયા જૂઠા બોલ રે ;
ઉસ કાજે ન ઉસકૂ કહો, મુનાફિક કેરે તોલ રે.
૭ વાઅદા કભી જૂઠા કીયા, ભૂલતે મૂમિનકી જાતરે;
ઉસકૂ મુનાફિક ન કહો, ભૂલેકે કાજે બાત રે.
૮ બંદા હૅ આજિજ ભૂલતા, જઈફ બંદા હૅ સહી ;
સાચા જો ઉસકા દિલ હૅ, બખશિશ ઉસે આપે દહી
૯ મુનાફિક કેરે ઢંગસૂં મૂમિન તૂ રહીઓ જુદા ;
એકબાર દોબાર કરતે, આદત તો હોવે સદા.
૧૦ ઉસ કાજે ફેલ તુમ ન કરો, મુનાફિકકી નિશાન રે;
ડર ડર નિસદિન આપસૂં, રખાયા કરો ઈમાન રે.

## બયાન – ૧૭૬૮

### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

૧ દીનના ભાઈ સાંભળ ! મોમિન એ છે કે દીનની વાત સાંભળતાં જ તેના દિલમાં દીનથી પ્રિત ઉપજે.

૨ સાંભળ વીરા વાત ! મોમિન કોણ અને મુનાફિક કોણ તે તેમની નિશાની યોથી જાણી શકાય છે.

૩ ઈબાદત કરો તો તેમાં અભિમાન ન કરો. પુરી ઉમર રાતદિન અલ્લાહથી ડરો.

૪ તમે વાયદો કરો તો જેવૂં બોલો તેવું પાળો.. જે વાયદાથી ઉલટું કરે છે તે મુનાફિક છે.

૫ જીભથી જૂઠૂં ન બોલો અને સાચી વાત કરો. મુનાફિક જૂઠો હોય છે એટલે જૂઠૂં જ બોલશે.

૬.૭ ભૂલથવાથી કદીક મોમિન પણ વાયદો ચૂકે છે અને જૂઠૂં બોલે છે. તેથી ભૂલને કારણે મોમિનને મુનાફિક સાથે ન તોળો

૮ બંદો અશક્ત (જઈફ ) છે – લાચા ર છે એટલે ભૂલે પણ ખરો, પરંતુ તેનું દિલ સાચું હોવાથી અલ્લાહ તેને બક્ષી પણ દે

૯ મોમિનભાઈ ! તું મુનાફિકોના રંગ ઢંગથી દૂર રહે. એકવાર, બેવાર એમ કરતાં તેમના જેવી જ આદત તારી થઈ જશે.

૧૦ એટલા માટે તમે મુનાફિક જેવું કાર્ય (ફેલ) ન કરો. પોતે રાતદિન ડરી ડરીને તમારૂં ઈમાન બાકી રાખો.

---

## ૧૭૬૯

૧ અબદુલ્લાહ બિન અમર, નામ રે જાનો ;
રજી યલ્લાહો અન્હો, નામ સંગ આનો.
૨ એ કહતે હૅ હદીસ(૧), નબીજી હો કેરી ;
વે અસહાબી સબૂને, સુની રે સવેરી.
૩ સો ઈનૂને સુનકર, સબ યાદ રે રાખી ;
બાજ હદીસ વે સારી, કહકર દાખી.

## બયાન – ૧૭૬૯

### હદીસ :મુનાફિક ની ચાર ખસલતો.

### રાવી :હઝ અબ્દુલ્લાહ બિન અમર (રઝી.)

૧.૩ હઝ અબ્દુલ્લાહ બિન અમર (રઝી.) નબી (સલ.) થી સાંભળેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસ્હાબીયો (રઝી. અન્હમ) એ પણ સાંભળી, યાદ રાખી અને કહી.

(૧) મિશ્કાત (ભાગ–૧, વિભાગ –૨) ના કિતાબુલ ઈમનના કબીરાહ ગુનાહો અને નિફાકના પ્રકરણની પહેલી ફસલની છઠી હદીસ છે – મુત્ત અલય હે ( બુખારી મુસ્લિમ )

૪ કહા ચાર હૅ ખસલતાં, મુનાફિક કેરી ;
વે જિસ માંહે ખસલત, પાવે રે સવેરી.
૫ ઉસે બૂઝીઓ મુનાફિક, નહી મૂમિનૂકે માંહાં ;
સો જબ તક વે પ્રગતિ, છોંડે રે નાંહાં.

૬ કે ખિયાનત કરનાર, અમાનત કેરી ;
જે સોંપીએ સો પૂરા, નહી દેવે રે સવેરી.
૭ અને જુબાં હો સેતી, કરે જૂઠી રે બાતી ;
અને વાઅદાસૂં છેત્તરે, મુનાફિક જાતી.
૮ કે છેતરને કાજે, વાઅદા કરાવે ;
એ મુનાફિક માંહાં, નિશાની પાવે.
૯ અને જૂઠી કરનાર, હોવેગા લડાઈ ;
સુનો મુનાફિક કેરી, એ ફસાદ ભાઈ.
૧૦ એ પ્રગતિ ચાર, મુનાફિક કેરી ;
સો હદીસ હો સેતી, બૂઝીઓ સવેરી.
૧૧ એ ફસાદૂ સેતી, મુનાફિક જાનો ;
એ પ્રગતિ નામ, ડર મન આનો.
૧૨ મન ડર ડર મુનાફિકકી, છોડો રે રીતા ;
અને રાત દિન કહો, મન ધરને પીતા. રે તૂહી.
૧૩ પ્રગતિ મુનાફિક જાનીઓ, પ્રગતિ મૂમિન નામ રે,
પ્રગતિ મૂમિન નામ ;
વીરકી એ રીત હૅ, ઑર નહી બૂઝના ઠામ રે,
ઑર નહી બૂઝના ઠામ.

## ૧૭૭૦ બલ.

૧ સુનો જીવ હો, સુનોવીર હો.
ઈમાની હોના રે ભાઈ, ઉસ માંહી બુઝો બડાઈ ;
ઈમાની મીમનકી રીતા, કરો પીતા જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો,
જૂઠી ના પ્રગતિ રે રાખો, સાચી બોલી જીભે રે દાખો;
મુનાફિક બોલે જૂઠી રે બોલી, સારી ટોલી જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો.
જૂઠી ન કરો લડાઈ, ભૂંડી પ્રગતિ એ હૅ ભાઈ ;
મુનાફિક જૂઠા કરસિ જંગા, ભૂંડા ઢંગા જી.

---

૪.૫ નબી (સલ.) એ કહ્યું : "જેનામાં ચાર ખસલતો મળે તે મુનાફિક છે. **અને જેનામાં આમાંથી કોઈ એક ખસલત (વાત) જોવા મળે તો સમજી લોંકે તેનામાં મુનાફિક પણાની એક ખસલત પેદા થઈ ગઈ** ૨ જયાં સુધી મુનાફિક્તેની પ્રકૃતિ છોડે નહિ ત્યાં સુધી તેને મુનાફિક માનો

૬ **પહેલીખાસ્યિત** : મુનાફિક અમાનતમાં ખિયાનત કરે છે. સોંપેલું પુરૂં પાછું દેતો નથી.

૭ **બીજી ખાસિયત** : તે જબાનથી જૂઠી વાત કરે છે અને વાયદાથી છેત્તરે છે.

૮ **ત્રીજી ખાસિયત** : છેત્તર પીડીના ઈરાદાથી વાયદો કરે છે.

૯ **ચોથી ખાસિયત** : તે જૂઠી વાતો ફેલાવીને ફીત્નો ફસાદ કરાવે છે (ગાળો બકે છે.)

૧૦ આ હદીસથી મુનાફિકની ચાર ખસલતો જાણીલો.

૧૧ એ ધ્યાનમાં રાખો કે ફિત્ના ફસાદ મુનાફિક્ની આદતમાં હોય છે.

૧૨ મનથી ડરી ડરીને મુનાફિકની રીતોને છોડી દ્યો અને રાતદિન પ્રિતથી કહો ........ રે તુંહી.

૧૩ મુનાફિકને મુનાફિક્ની અને મોમિનને મોમિનની ખસલતોથી ઓળખો. મોમિનમાં મોમિનનાં લક્ષણો હોય છે જયારે બીજામાં તે નથી હોતાં.

## બયાન – ૧૭૭૦

**પીર મશાયખ (રહે) કહે છે : સાંભળો જીવ ! સાંભળો વીર !**

૧ ભાઈ ! ઈમાનવાળા થવામાં મોટાઈ છે. ઈમાન મોમિનની રીત છે. તમે ઈમાનથી પ્રિત કરો.

૨ જૂઠની આદત ન રાખો. જીભેથી સાચી બોલી બોલો. મુનાફિકોની પુરી ટોળી જૂઠા બોલી હોય છે.

૩ જૂઠી લડાઈ ન કરો. એ તો ભુંડી આદત છે. મુનાફિકનો ઢગ ભુંડો છે એટલે તે જૂઠો જંગ (લડાઈ) કરાવશે.

(૨) આ શબ્દો મૂળ હદીસનાં શબ્દો છે

૪ સુનો જીવ હો, સુનો વીર હો.
સોંપી વસત પૂરી દેની પ્રગતિએ મન રાખતો રહેની
મુનાફિક પૂરી દેવે નાંહાં, દગે માંહો જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો.
મુનાફિક મૂમિન દોનૂ જાનો, પ્રગતિ સેતી વે
પિછાનો ; દોજખ જંનત એ દો પાવે, જુદે જાવે જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો.
સબ જગ ફરજંદ આદમ કેરે, દીસે સરખે રીતે
સવેરે ; મૂમિન હોવે ઈમાની, એ નિશાની જી.

૪ સોંપેલી વસ્તુ પુરી દેવાની આદત રાખો. મુનાફિક દગો રાખીને પુરી વસ્તુ પાછી આપતો નથી.

૫ મુનાફિક અને મોમિનને તેની આદતોથી ઓળખો. મુનાફિકને દોઝખ અને મોમિનને જન્નત મળશે. બેઉ જૂદા ઠામે જશે.

૬ જગતમાં બધે આદમ (અ..સ) નાં ફરજંદો દેખાવે એક સરખાં છે. તેઓમાં ઈમાનની નિશાનીથી મોમિન પરખાય છે.

---

### ૧૭૭૧

૧ હેં ઉમરકે બેટે, કહતે હેં લહીએ ;
રજી અલલાહો અનહો, નામ સંગ કહીએ.
૨ એ હદીસ હેં કહતે, નબીજી હો કેરી ;
સો સુન સુન બૂઝના, બેગી રે સવેરી.
૩ સો ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા ;
વે અસહાબી સબૂને, સુનીયા સવેરા.
૪ સો હદીસ જૂં અપને, નબીજીને આખી ;
ત્યૂં ઈબને ઉમરને, સુન યાદ રે રાખી.
૫ હેં બકરી જૅસી, મુનાફિક રીતા ;
યૂં ખાતિમને હુકમ, હે રે કીતા.
૬ હોવે બકરીયું કેરે,ટોલે દો માંહાં ;
દોનૂ તરફ વે જાવે, થર રહવે રે નાંહાં.
૭ એક ટોલેકે સામી, એક બાર જાવે ;
ફિર દૂજે ટોલેકી, તરફ રે આવે.
૮ યૂં થર વે બકરી, રહવે રે ન ઠામા ;
ઍસા મુનાફિક કેરા, હેં રે કામા.
૯ યૂં મુબારક જુબાંસૂં, ખાતિમને આખા ;
કે મુનાફિક બકરી, જૅસા રે દાખા.

### બયાન - ૧૭૭૧

(૧)

**હદીસ:મુનાફિકનું દ્રષ્ટાંત બે ટોળવચ્ચેનીબકરીજેવુંછે.**
**રાવી :ઈબ્ને ઉમર (રઝી.)**

૧.૪ હઝ. ઈબ્ને ઉમર (રઝી.) નબી (સલ.) ની હદીસ કહે છે. તેને સાંભળીને સમજો. આ હદીસ બીજા અસ્હાબીયો (રઝી. અન્હુમ ) એ પણ સાંભળી હતી. નબી (સલ.) એ કહેલી આ હદીસ ઈબ્ને ઉમરે (રઝી.) સાંભળીને યાદ કરી લીધી.

૫.૮ આપે (સલ.) ફરમાવ્યું કે 'મુનાફિકનું ઉદાહરણ એવી બકરી જેવું છે જે બકરી બકરિયોનાં બે ટોળાંમાંથી ઘડીકમાં એક ટોળીમાં અને ઘડીકમાં બીજી ટોળીમાં જાય છે. અને કોઈ એક ટોળામાં સ્થિર રહેતી નથી. મુનાફિક પણ એવો જ હોય છે.

૯.૧૦ આપે (સલ.) મુનાફિકની બકરી જેવી મિસાલ આપી છે. મુનાફિક ! તું હદીસનું આ બયાન કાને ધર તારામાં પણ

(૧) મિશ્કત (ભાગ-૧, વિભાગ-૨)ના કીતાબુલ ઈમાનના કબીરાહ ગુનાહો અને નિફાકના બયાનની ફસલ પહેલી ની સાતમી હદીસ છે. (મુસ્લિમ)

૧૦ અરે મુનાફિક સુનના, એ કાન ધર બૅના ;
સહી પ્રગતિ ઍસી, હૅ તેરે રે મૅના ;
૧૧ ઍસે નબીજી હમારેકે, સાચે રે બૅના ;
સુન તૌબા કરો મુનાફિક, કહ રાત ઑર દિના. રે.તૂહી.
૧૨ દો ટોલૂ બીચ બકરી રહે, જાવે દોનૂ પાસ રે,
જાવે દોનૂ પાસ ;
મતલબ ન પૂરી હુઈ, સદા રહી નરાસ રે,
સદા રહી નરાસ.

આજ આદત ભરેલી છે.

૧૧ અમારા નબી (સલ.) ની હદીસ સાચી છે. મુનાફિકો ! તમે હદીસ સાંભળીને તૌબા કરો અને રાતદિન કહો .....રેતુંહી.

૧૨ બે ટોળાં વચ્ચેની બકરી બેઉ બાજુ જાય છે. (જેમ મુનાફિક જાય છે. ) તેને ! મકસદ પુરો થતો નથી અને સદાય નિરાશ રહે છે.

---

### ૧૭૭૨ પહલ.

૧ સુન સુન બેગી મુનાફિક ટોલી રે ;
જાુઠી તો કાહે કરો તમે બોલી રે ?
૨ ઍસે ઢંગૂ નહી છુટક તુમના રે ;
કૅસા એ સોચ દીયા તમૂ મના રે.
૩ ઈસ માંહી ખૂબી તમૂ કયા જાની રે ?
બાત જાૂઠી તમૂ દિલ માંહે આની રે.
૪ દોદિન જાૂઠી બોલીસૂં હો ચાતે રે ;
દોનૂ ઠામ હો દેખને જાતે રે.
૫. દિલ તુમારા પતીજે નાંહાં રે ;
ભુંડા ભલા તબ બૂઝો કાંહાં રે.
૬ થર કભી દિલ રહવે તુમારા રે ;
ભુંડા ભલા તો બૂઝો સારા રે.
૭ નહી તમૂકૂ દીનકી ચિંતા રે ;
મમતકે કાજે હો ભમતા નચિંતા રે.
૮ પાપી હોતી હૅ જાત તુમારી રે ;
નસીહત એતી સુનો હમારી રે.
૯ દીનકૂ દેખને હો ફિર જાતે રે ;
મુરતદ હુએ હો તો કહલાતે રે.
૧૦ મુરતદ કતલ કીયા જાવે રે ;
એ તો ગુનાહ હૅ ઍસા કહલાવે રે.
૧૧ બદ્દીન પંથથી જો ફિર જાહો રે ;
ચંડાલ નામ તમે કહલાવો રે.

### બયાન – ૧૭૭૨

**પીર મશાયખ (રહે.) મુનાફિકોને ઉદ્દેશીને કહે છે.**

૧.૩ મુનાફિકો ! તમે જલદી સાંભળો તમે જૂઠીવાત કેમ કરો છો ? તમોએ તમારા મનમાં શું સોચ્યું છે ? જૂઠના ઢંગથી તમે છુટી જવાના નથી. શું તમે જૂઠુ બોલવાને સારૂં માનો છો ?

૪.૬ તમે જૂઠ ચલાવીને **બે મઝહબોને ચાહો છો (૧)** અને બંને તરફ જતા રહો છો. તમારા દિલને હકની ખાત્રી થતી નથી તેથી ભલું ભુંડું તમે કયાંથી જાણો ? અગર તમે તે જાણો તો તમારૂં દિલ એક બાજુ સ્થિર રહે.

૭ તમને દીનની ચિંતા નથી. તમારી પોતાનીજીદ (મમત) કાજે તમે નફિકરા થઈને ભમો છો.

૮ મારી નસીહત સાંભળો ! તમે પોતે જ પાપી છો.

૯.૧૦ દીનની વાતો જોઈને જ તમે ફરી જાઓ છો . તમે મુરતદ (મઝહબ છોડનાર ) બનો છો. મુરતદ થવાના ગુનાહની સજા કતલ છે. એવો એ ભારે ગુનાહ છે.

૧૧.૧૩ તમે બદ્દીન લોકો દીનથી ફરી જાઓ તો ચંડાળ કહેવાશો. તમે એવાં ફળ મેળવ્યા છે કે બેઉ તરફથી ગુનાહગાર

(૧) ઘડીકમો દીને ઈસ્લામ તરફ અને ઘડીકમાં મનઘડત અને જૂના તરીકાઓ તરફ ઢળો છો

૧૨ ઍસે ફલ તમૂને પાયા રે ;
દોનૂ તરફથી ગુનાહ આયા રે.
૧૩ વૈસા તમે નિત કરતે હો કામા રે ;
ગુને સમાવેંગે કિસ ઠામા રે ?
૧૪ ઉતપાત પાતક હો તમે કરતે રે ;
મમતસૂં મત ઍસી મન ધરતે રે.

---

### ૧૭૭૩ પદ.

૧ સુન સુન બેગી મુનાફિક ટોલી, ચિંતાહે કૈસી કીતી?
જૂઠે બોલે સબ જગ કહવે, વૈસી પ્રગતિ લીતી.
૨ જૂઠે બોલેકૂ ના કો'પતીજે, ફિર દેખો જગમાંહાં.
સુનો મુનાફિક ઍસા સોચ, તમૂ કિયા દિલ માંહાં.
૩ અરે ઉછીના દેવે કો બોલ પતીજે, પાસે ના હૅ કો આવે; અરે જગ માંહે જૂઠા બોલા મુનાફિક, ઍસા ઈનાસાફ પાવે.
૪ અરે કુત્તા ! ભલા જિસકે ઘર આગલ, બાર નહી છોડ જાતા ; ભૂખા ધરાયા હૅ પડ રહતા, એકજ ઘરકૂચાતા.
૫ ફટ મુનાફિક લીલજ તુજકૂ, લાજ નહી ક્યું આતી; કુત્તે થકી તૂ નફટ દીસે ફટ ફટ તેરી જાતી.
૬ દીનકૂ દેખ હૅ કબૂલ કરતા. પીઠ દીએ ફિર જાતા; દીનસૂ ફિરતે મુરતદ નામા, નિકાહ હૅ રે ભગાતા.
૭ અરે નિકાહ ભાગતે બૈયર બૅના, હૂઈ તેરી જાતી; સુન સુન મુનાફિક ઍસા કમાયા, મન ધરની એ બાતી.
૮ અરે ફટ રે પાપી હોતા ગંવારા, કૈસા કરે એ ચાવા કુત્તેથી ભી ભુંડે રે સારે, જગ માંહી દેખાવા.
૯ અરે દેખોને કિસકૂ સાંપ હૅ કાટે, જહરી હૅ જે કહલાતા ; ઉસકી ટોલીકા નામ લીયેસું, બેગી ઉતર જાતા.

થાઓ છો. તમારાં આ હંમેશનાં કામ છે. તમારાગુનાહોને તમે ક્યાં સમાવશો ?

૧૪ તમે તમારા મમતથી ફિત્ના ફસાદનું કામ કરો છો.

બયાન – ૧૭૭૩

**પીર મશાયખ (રહે) મુનાફિકોને કહે છે.**

૧ મુનાફિકો ! તમે દિલમાં શું ધાર્યુ છે ? જગત તમને જૂઠા બોલા કહે તેવી તમોએ તમારી આદત બનાવી છે.

૨ જગતમાં ફરીને જુઓ. જૂઠાબોલાને કોણ નહિ ઓળખે ? મુનાફિકો ! તમારા દિલમાં તમોએ જૂઠા પણું ભરી રાખ્યું છે.

૩ જૂઠી મુનાફિકોને કોઇ ઉછીનું આપે નહિ તેમના બોલ પર કોઇ ભરોસો કરે નહિ અને તેમની પાસે કોઇ આવે નહિ, એવો ન્યાય તેમને તેમના કરતુતોથી મળ્યો છે.

૪ કૂતરો પણ એક જ ઘરને ચાહે છે. ભૂખ્યો તરસ્યો ઘર આગળ પડયો રહે છે તો પણ ઘરનો દરવાજો છોડતો નથી.

૫ ફટ મુનાફિક ! નિર્લજ ! તને લાજ કેમ નથી આવતી ? તું કૂતરાથીએ નફફટ દીસે છે. ફટ તારી જાતને !

૬ તું દીન જોઇ તેને કબૂલે છે. અને પીઠ બતાવી ફરી જાય છે દીનથી ફરવાથી તું મુરતદ થાય છે અને તારા નિકાહ તૂટી જાય છે.

૭ તમારા મુરતદ થવાથી **તમારી બહેન – બૈરીઓના નિકાહ તૂટી જાય છે. (૧)** મુનાફિકો ! આ તમારી બૂરી કમાણી છે. અમારી વાતને મનમાં ધેરો.

૮ ફટ રે પાપી ! તું ગમાર બની કેવો ડોળ કરે છે ! તું જગતમાં કૂતરાથી યે ભુંડો દેખાય છે.

૯.૧૧ મુનાફિકો એવા ઝેરી નાગ રૂપી છે કે તેમનું નામ લેતાં જ કોઇને ઝેરી સાપ કરડયો હોય તો **ઉતરી જાય. (૨)** સાચેજ જગતમાં તેમની આ બૂરી કમાણી છે. પણ, જેમ

(૧) મરદ મુરતદ થવાથી બૈરીના નિકાહ તૂટી જાય છે. અને બનેવી મુરતદ થવાથી બહેનાના નિકાહ તુટી જાય છે.
(૨) ઝેર ઉતરે નહિ, પણ આ એક જાતનો તાણો છે.
(૩) મુનાફિક પાણું જશે નહી.

| | |
|---|---|
| ૧૦ ઉસકા નાગ ધરને નામા, કહવે સબ જગઠામા;<br>સાચવટીકા વે જો કમાયા, ઈસ જગ માંહે કામા.<br>૧૧ નાગ નાગોરા ઉતરે નાંહાં, સાંપ વહી હેં કહલાવે;<br>અરે ફટ રે મુનાફિક એતી બાતી, ચિત નહી કયૂં લાવે? | નાગોરો સાપ કરડે તો તેનું ઝેર ઉતરે નહિ એવું મુનાફિક પણ રૂપી ઝેર મુનાફિકી માં ભરેલું છે કે તે **ઉતરશે નહી.**<br>**(૩)** મુનાફીક આવાત કેમ સમજે નહિ ? |
| ૧૨ દેખ મુનાફિક સબ જગ મોહાં, દો તન એક કહે જાતી ; તો નિયારા જકૂ જગથી હોતે, લાજ નહી કયું આતી ? | ૧૨ મુનાફિક ! જગતમાં જો કે ક્યાંય એક જણને **બે શરીર** **(૧)** હોય છે. ખરા ? (મુનાફિક બે બાજુ ઢળે છે.) તને બધાયથી અલગ પડતાં લાજ કેમ નથી આવતી ? |
| ૧૩ ફટ મુનાફિક દિલકા મેંલા, કૂડ કપટ કયું ચાવે ?<br>જોયાને સબ હેં બાત દીસે, ખૂબી નહી દેખાવે. | ૧૩ ફટ મુનાફિક ! દિલના મેલા ! તને કૂડ કપટ કેમ ગમે છે. ? તને જોવાથી તારી જાહેર વાતો જોઇ શકાય છે, પણ અંતરની ખૂબી દેખાઇ શકે નહિ. |
| ૧૪ નિત નિત ફિરતે પ્રગતિ ફિરસે, જૈસા હરાયા ;<br>દેખ હરાઈ ગાય ગલેમાં, ડેરા તો લે બાયા.<br>૧૫ ઐસે ફ્લ દેખાવે નૈના, સુન સુન મનકે મૈના ;<br>નસીહત બાત તૂ સુન મુનાફિક, ઈસે કાન ધર જૈના. | ૧૪.૧૫ હરાયા ઢોરની આદત ફરતી નથી. એટલે જ હરાઇ ગાયના **ગળામાં ડેરો નાખવામાં આવે છે (૨)** તમે પણ મન દઈને સાંભળો કે તમને પણ હરાયા ઢોર જેવાં ફળમળી રહયાં છે. |
| ૧૬ અરે નફા જે તૂ હેં રે કમાતા, કહ વેહમના બાતા ;<br>કૈસા સોચ તેં દિલ હેં દીતા, ખરાબ કે નજાતા | ૧૬ તું શું નહો કમાય છે તે અમને કહે. તે દિલમાં 'ખરાબી કે છૂટકારો' બેમાંથી શું સોચી રાખ્યું છે. ? |
| ૧૭ ફટ ફટ પાપી ફટ મુનાફિક, ફટ ફટ મૂરખ ગંવારા;<br>ફટ કયૂં અંધે ગાફિલ મૂરખ ? સોચ હેં કૈસા સવારા? | ૧૭ ફટ પાપી ! મુનાફિક ! મૂરખ ! ગમાર ! તેં કેવું સોચી રાખ્યું છે. ? |

---

**૧૭૭૪**

**બયાન – ૧૭૭૪**

**(૩)**

**હદીસ : યહૂદીનું આપ (સલ.)ની રિસાલતનું માનવું અને તાબે થવાથી ઈન્કાર કરવો.**

રાવી : હઝ. સફવાન બિન અસ્સાલ (રઝી.)

| | |
|---|---|
| ૧ સફવાન બિન અસ્સાલ, રજી યલ્લાહો અન્હો કહીએ ; એ હદીસ હેં કહતે, નબીજીકી લહીએ. | ૧ હઝ સફવાન બિન અસ્સાલ (રઝી.) નબી (સલ.) ની હદીસ કહે છે. |
| ૨ એક યહૂદીને આપસકે, યારૂ઼ આખા ;<br>અને નબી પાસ મુજકૂ, લે જાકે દાખા.<br>૩ ઉસે પેંગમ્બર આદમી, હેં કહતે રે સહી ;<br>કે રસૂલહેં ભેજાએ, અપને દહી.<br>૪ એ નબી હેં કહલાતે, આખિર જમાના ?<br>ઈસે પાસ મજાકર, પૂછૂં રે બયાના. | ૨.૪ એક યહુદીએ તેના મિત્રોને કહ્યું કે 'મને નબી (સલ.) પાસે લઇ જાઓ જેમને લોકો અલ્લાહના રસૂલ કહે છે, અને આખરી જમાનાના નબી કહેવાય છે, અને જેમનાથી મારે કોઇક પૂછવું છે. |

(૧) એક જીવ બે શરીરમાં રહેવા ચાહે તેમ મુનાફિક દીનમાં અને શિર્ક-કુફ્રમાં રહેવા ચાહે છે.

(૨) તેમને પણ જકડી રાખવા જોઇએ.

(૩) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨) ના કિતાબુલ ઈમાનનાં કબીરાહ ગુનાહો અને નિફાકના પ્રકરણની બીજી ફસલની અનુક્રમે આઠમી હદીસ છે.

૫ તબ યારૂને ઉસકૂ, મને રે કરાવા ;
મત નબીકિ જીભસૂં, એ સોચ રે બતાવા.
૬ કભી તેરી રે જુબાંસૂ, વે સુનેગા કાના ;
તો ખુશહાલી હોવેગી, મન કરેગા ગુમાના.

૭ યાર યહુદીકૂ લેકર, આયા નબીજીકે પાસા ;
નવ નિશાનીયૂં કેરી, કીતી અરજકી આસા.
૮ વે નબીજીને અરજ, સુન કર લીતી ;
અને મુબારક જુબાંસું ઉસે નસીહત કીતી.
૯ સુન યહુદી પૂછનેકાજ, નબી પાસ આયા ;
ઐસા સુલતાન અંબિયા, રબને બનાયા.
૧૦ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી ;
અને એક કર કહો, દિન ઑર રાતી. રે તુંહી.
૧૧ યહુદી આયા પૂછને, ખાતિમ નબીકૂ બાત રે,
ખાતિમ નબીકૂ બાત ;
ઐસા સુલતાન અંબિયા, બૂઝો મુબારક જાત રે,
બૂઝો મુબારક જાત.

૫.૬ ત્યારે તે યહૂદીના મિત્રોએ તેને આપ (સલ.) ને નબી કહેવાની મનાઈ કરી કે રખે ને આપ (સલ.) તેની યહૂદીની જીભથી નીકળતો 'નબી' શબ્દ કાને પડતાં દિલથી ખુશી અનુભવે અને તે (યહૂદી) ઈમાન લાવ્યો એમ સમજી તેમની **આંખો ચાર થઈ જાય.**[1]

૭.૧૦ યહૂદીના મિત્રો તે યહૂદીને લઈને નવ નિશાનિયો વિષે પૂછવાની અરજ કરવા નબી (સલ.) પાસે લઈ આવ્યા આપે (સલ.) તેમને સાંભળીને પછી નસીહત કરી. આ હદીસ સાંભળીને પોતાને પાક કરો અને અલ્લાહને એક માની રાતદિન કહો રે...તુંહી.

૧૧ અંબિયાઓના સુલતાન (સલ.)ની મુબારક જાત એટલી ઉચ્ચ છે કે યહૂદી પણ આપ (સલ.) થી કાંઇક પુછવા માટે આવ્યો. (બાકી હદીસ આગળના બયાનમાં આવે છે)

---

## ૧૭૭૫

૧ તબ ખાતિમ નબીને, નસીહત કહી ;
સો યહુદીને સુન કર, લીતી રે સહી.
૨ કહા અલ્લાહસું શરીક, ન કરો કો જાતી ;
ભી ચોરી ન કરની, સુન યહુદી બાતી.
૩ ભી જિના ન કરના, કાન ધર સુનના ;
અને ખૂન તો કિસીકા, ના રે કરના.
૪ જે મારના રબને, હૈ હરામ રે કીતા ;
ઉસે મારો રે નાંહાં, યૂં હુકમ રે દીતા.
૫ મગર હક્કકે બદલી, મારના સહી ;
એ નસીહત ખાતિમ, નબીજીને કહી.
૬ કિસી શખ્સકૂ તુહમતકી, મત કરો રે બાતી ;
જિસ તુહમત સેતી, વે પાક હૈ જાતી.
૭ ઉસે તુહમત કરને, મત રે લે જાહો ;
કે પાદશાહ ને હાકિમ, કે આગલ પહુંચાહો.

## બયાન – ૧૭૭૫

### હદીસ (બયાન નં ૧૭૭૪ થી)

૧ નબી (સલ.) એ યહુદીને નસીહત કરી અને તેણે તે નસીહત સાંભળી.

૨ આપે (સલ.) કહ્યું : " અલ્લાહની જાતમાં કોઈને ભાગીદાર ન બનાવો અને ચોરી ન કરો "

૩.૫ "જિના (વ્યભિચાર) ન કરો અને કોઈનું ખૂન ન કરો." કોઈને મારી નાંખવું અલ્લાહે હરામ કર્યું છે, એટલે તેમ ન કરો. પરંતુ અલ્લાહે હક આપ્યો હોય તેની **હદમાં રહીને** મારી શકાય છે.

૬.૮ "કોઈની ઉપર એવી તહોમત ન મૂકો જે તહોમતથી તે પાક હોય." ખોટી તહોમત મૂકીને તેને બાદશાહ (રાજકર્તા) આગળ ન લઇ જાઓ. તમારી તહોમતને લીધે રાજકર્તા તેને મારે અથવા જુલ્મ કરે.

(૧) મૂળહદીસના શબ્દો છે અને ખુશ થવા માટે વપરાતો 'મુહાવરો છે.
(૨) ફૂટ્ટે શરચિત મુજબ

૮ વે તુહમત તુમારી કાજ ઉસકૂ મરાવે ;
વે તુહમતકે લીતે, ઉસે જુલમ કરાવે.

૯ ભી જાદૂ ના કરના, કાન ધર સુનના ;
ભી બિયાજ ન ખાના, બાત મન ધરના.

૯ " જાદુ ન કરો અને વ્યજખાઓ નહિ."

૧૦ ભી અસીલ ઑરતકૂ, ન ગાલી રે દેની ;
એ નસીહત યહુદી, સુન કર લેની.

૧૦ " પાક દામન ઓરતને ગાળ **(જિનાની તોહમત)** **(૧)** ન દો."

૧૧ અને કાફિરસૂં લડતે, ન પીઠ રે ફિરાહો ;
કે લ ડાઈ કરતે, મત ભાગ રે જાહો.

૧૧ " કાફિરોથી લડતાં જંગમા પીઠ ન ફેરવો. જંગમાંથી ભાગો નહિ"

૧૨ એ નસીહત નબીકી, સુની યહુદીને સહી ;
સુન યાદ તો કીયા, ઉને અપના દહી. રે તૂંહી.

૧૨ આ નસીહત યહુદીએ સાંભળીઅને અલ્લાહને યાદ કર્યો. કહો.......... રે તુંહી

૧૩ નસીહત ખાતિમ કેરડી, સુન યહૂદી બાત રે,
સુન યહૂદી બાત ;
જૂં માટી ભીગેં આબસૂં ગલી યૂં ઉસકી જાત રે,
ગલી યૂં ઉસકી જાત.

૧૩ નબી (સલ.) ની નસીહત યહુદીએ સાંભળી અને જેમ માટી પાણીથી નરમ થાય તેમ નરમ થઇ ગયો (બાકી હદીસ બયાન ૧૭૭૬માં આવે છે)

---

## ૧૭૭૬

## બયાન – ૧૭૭૬

## હદીસ (બયાન નં ૧૭૭૫ થી)

૧ ફિર ખાતિમને યહૂદીકા, નામ લે બતાયા ;
ફિર નસીહત બોલ, ઍસા રે સુનાયા.

૧ પછી ફરીથી આપે (સલ.) યહુદીનું નામ લઈને તેને નસીહત ફરમાવી.

૨ હૈ વાજિબ તુમ પર, સુનો યહૂદી જાતી ;
જેતી યહૂદીકી ટોલા, સારી સુનો એ બાતી.

૩ કે અલફ્તે દિન, શિકાર ન કરના ;
એ હૈ હુકમ તમૂ કૂ, યહૂદી સુનના.

૪ યહૂદીકૂ ખાતિમને, નસીહત કહી ;
સબ યહૂદીને મન ધર, સુની રે સહી.

૫ તબ યહૂદીને નબી હાથ, બોસા રે દીયા ;
અને કદમ મુબારક, મુખ પર લીયા.

૬ યૂં કદમકૂ બોસા, દીયા રે સહી ;
અને યહૂદીને ગવાહી મુખસૂં કહી.

૭ કહા તહીકીક નબી, હૈ તુમારી જાતી ;
તુમ પૈગંબર સાચે, હો કહી રે બાતી.

૮ યૂં યહૂદીને ગવાહી, સહી કર દીતી ;
જબ નસીહત નબીકી, સુનકર લીતી.

૨.૮ આપે કહ્યું કે 'તમારા યહુદીયો ઉપર અઠવાડિયાના છેલ્લા દિવસે (શનિવારે) શિકાર કરવાની મનાઇ હતી.' આ સાંભળતાંજ યહુદીઓ એ આપ (સલ.) ના હાથ પગ ઉપર ચુંબન કર્યું અને કહ્યું કે 'તમે સાચેજ અલ્લાહના પયગંબર છો.'

(૧) મૂળ હદીસનના શબ્દો છે.

૯ સુનો સુલતાન અંબિયા, ઍસા હૅ રે હમારા ;
ફટ મુનાફિક પાપી, ન ક્યૂં બૂઝે રે ગમારા ?
૧૦ કે યહૂદી પૂછને, કાજ થા આયા ;
જે ખાતિમકે સામી, દાવા થા કરાયા.
૧૧ વે નસીહત સુનતે, ભયા રે ખુશહાલા ;
ઉને નબીકૂ સહી કર, કહયા ઉસહી હાલા. રેતૂહી.
૧૨ દુરિજન દેવે શાહિદી, સુન સુન નબીકી બાત રે,
સુન સુન નબીકી બાત ;
મુનાફિક ક્યૂં માને નહી ? કૅસી તેરી જાત રે ?
કૅસી તે રી જાત.

૯.૧૧ આપણા નબી, સુલતાનુઅંબિયા (સલ.) પાસે સવાલો પૂછવા યહુદી આવ્યો. તે આપની વાત સાંભળીને ખુશ થયો અને આપની નબુવતની ગવાહી કબૂલી લીધી તો, તું મુનાફિક પાપી આપ (સલ.) ને કેમ માનતો નથી ? (બાકી હદીસ ૧૭૭૭ માં આવે છે.)

૧૨ દીનનો દુશ્મન (યહૂદી) પણ નબી (સલ.) ની વાત સાંભળીને પણ આપની નબૂવતની ગવાહી આપે છે, તો તું મુનાફિક આપ (સલ.) ને કેમ નથી માનતો ? તારી જાત કેવી છે ?

---

## ૧૭૭૭

## બયાન – ૧૭૭૭

### હદીસ (બયાનનં ૧૭૭૬થી )

૧ તબ નબીજીને ઉસકૂ, ફિરને આખા ;
ક્યૂં તાબે નહી હોતા ? તૂ મેરે રે દાખા.

૧ પછી નબી (સલ.) એ યહૂદીઓને કહ્યું :" તમેમારે તાબે કેમ થતા નથી " ? યહૂદીયોએ કહ્યું : " **હકીકત્ત એ છેકે હ. દાઉદ (અ.સ.) એ પોતાના રબથી દુવા માંગી હતી કે તેમની ઓલાદમાં હંમેશા નબી થયા કરે, એટલે અમને ડર છે કે આપ (સલ.) ની પેરવી કરીયે તો યહુદીયો અમને માર ી નાખે. (૧)**

૨ તબ યહૂદીને ઉજર, આઘેરા કીતા ;
સો આપસ હો જૅસા, જવાબ રે દીતા.
૩ જૅસા દાવેસૂં કેતી, થી ઈનૂકી ટોલી ;
ઍસી યહૂદીને તાબે, તો કીતી રે બોલી.

૨.૩ યહૂદીઓએ નજીવું કારણ આપ્યું કે તેમને આપસના લોકોની તક લીફ છે. પરંતુ તે લોકોએ આપ (સલ.) ની વાતને તો સાચી માની હતી.

૪ અને મૂસે નબીકા, બોલ મનકે નાંહાં ;
જૂં લિખા થા તૌરૅત, કિતાબકે મોહાં.
૫ યૂં ખાતિમ નબીકી, બહુત તારીફ લિખાઈ ;
થી પઢતે બહુત ઠામા, નજીરૂં આઈ.

૪.૫ મુસા (અ.સ.) ઉપર ઉતરેલી કિતાબ તોરાતમાં લખ્યા મુજબ તૌરાતના બોલ યહૂદીયો મન પર લેતા નથી. તોરાતમાં ઘણે ઠેકાણે નબી (સલ.) વિષે તારીફ લખાયેલી જોવામાં આવતી હતી.

૬ જે થે તૌરૅતકે પઢનાર, આલિમ કહલાયે ;
વે ખાતિમકૂ દેખ કર, બહુત ઈમાન થે લાયે.
૭ જબ નબીજીકી તારીફકે, બહુત દેખે રે ઍના ;
વે ખાતિમકૂ દેખતે, લાયે ઈમાન રે નૅના.

૬.૭ એટલેજ તૌરાત પઢનાર યહુદી આલીમો આપ (સલ.)ની તારીફ તૌરાતમાં પઢેલી હોવાથી નબી (સલ.)ને જોઈને આપની ઉપર ઈમાન લાવ્યા હતા.

૮ ઉન યહૂદીને બાત, માની રે નાંહાં ;
ના કબૂલી તૌરૅત, ઈનૂ દિલકે માંહાં.

૮.૧૨ પણ, તે યહુદીઓએ તેમની કિતાબ તૌરાતને દિલથી માની નહિ. કારણ કે તેઓ આપ (સલ.) ઉપર તૌરાતના કથન

(૧) મૂળ હદીસનો શબ્દો છે. નોધ હઝ ઈબ્રાહીમ (અ.સ) ના એકબેટા ઈસ્હાક (અ.સ.) અને તેમના બેટા યાકુબ (અ.સ) અને તેમના બેટા દાઉદ (અ.સ.) તે બધા જ નબી થયા છે. હઝ ઈબ્રાહીમ (અ.સ.) ના બીજા બેટા ઈસ્માઈલ (અ.સ) ના વંશમાં મુહમ્મદ (સલ.) સુધી કોઈ નબી થયા નથી. તેથી

૯ પછે જવાબ તો જાહિલીયત, જૈસા રે દીતા ;
મુજે ડર હૈ લાગતા, યૂં કલામ રે કીતા.
૧૦ કહા દૂજે જે યહૂદી, હૈ ટોલી રે મેરી ;
વે મારનેકી ચિંતા, મુજે કરે રે અનેરી.
૧૧ જો તાબે તુમારે, મુજે હૂઆ રે જાને ;
તો વે મુજે મારે, ઐસા ગુસ્સા મન આને.
૧૨ યૂં કહ કર યહૂદી, ના ઈમાન રે લાયા ;
જો દિલકા કુલુફ, ના રે ખુલાયા. રે તૂંહી.

મુજબ ઈમાન લાવ્યો નહિ, અને તેણે અજ્ઞાનતા ભર્યો જવાબ દીધો કે ' મને મારા માણસોથી ડર લાગે છે! તેણે ચિંતા પ્રગટ કરી કે યહુદીયો મને મારશે અને તમારે તાબે થવા પર તેઓ મારી ઉપર ગુસ્સે થશે. યહુદીના દિલની મહોર (તાળું) ખુલી નહિ. તેની તે આટલું કહીને ઈમાન લવ્યો નહિ.

૧૩ દોજખ બહિશ્ત સરજે સહી, દો ટોલે દો ઠામ રે,
દો ટોલે દો ઠામ ;
ભાગ ઉનૂકે જાનીએ, કરે જે બહિશ્તી કામ રે,
કરે જે બહિશ્તી કામ.

૧૩ દોજખ અને જન્નત બે અલગ – ટોળાં ઓ માટે બનાવી છે. જેઓ જન્નતી જેવાં કામો કરે છે તેઓ ભાગ્યશાળી છે કે તેમને જન્નત મળશે.

---

## ૧૭૭૮ બીરહા.

## બયાન – ૧૭૭૮

### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

૧ સુન સુન ઈમાની માનીયે, સહી હૈ દીનકી બાત રે;
કબૂલ કિયે દીનકૂ, મૂમિન હોવે જાત રે.

૧ ઈમાનવાળાઓ સાંભળો. દીનની વાત સાચી માનો. દીન કબૂલે તે મોમિન છે.

૨ ખાતિમ સાચા જાનને, સહી કર નબી રબકે સહી;
રસૂલ એ સાચે સહી, ભેજે તો હૈ અપને દહી.

૨ નબી (સલ.) ને અલ્લાહે મોકલેલા તેના સાચા રસૂલ માનો.

૩ તારીફ નિત જીભે કરો, મોહંમદ નબીકૂ જાનને ;
સુલતાન એ હૈ અંબિયા, સાચા સહી પિછાનને.

૩ સુલતાનુલ અંબિયા મુહંમદ (સલ.) ને અલ્લાહના નબી જાણીને જીભેથી તેમની તારીફ કરો (દુરૂદ પઢો )

૪ યહૂદીને દીન સહી કર જાનીયા, દીતી ગવાહી મુખરે ; થા જવાબ દુરિજન દીનકા, સુન સુન પાતા દુખ રે.

૪ યહુદીએ દીનને સાચો માની તેની નબી (સલ.) સામે ગવાહી આપી. પણ, જવાબ એવો આપ્યો કે 'દીનના દુશ્મન યહુદીયોથી મને દુઃખ પહોંચશે.'

૫ ઐસે ખાતિમ સાચે સહી, દુરિજન દેવે સાખ રે;
મૂમિન તો તારીફકૂ, નિત નિત જીભે આખ રે.

૫ આપણા નબી (સલ.) એવા સાચા છે કે દીનના દુશ્મનોએ પણ તેમની વાતની શાખ પુરી, તેથી મોમિનોએ તો હંમેશાં આપ (સલ.)ની તારીફ જીભે લાવવી જોઈએ.

૬ મુશકિલપના દીસે ઘના, વે તો હૈ બૂઝની બાતરે;
તારીફ કરને જીભસૂં, કરની હૈ તાબે જાત રે.

૬ તાબે થઈને પેરવી કરવી ઘણી મુશ્કેલ દેખાય છે. પણ મોમિનોએ તો આપ (સલ.) ની તારીફ કરીને આપને તાબે થવું જ જોઈએ.

૭ તાબે હોને બિના નહી, ઈમાન બૂઝ એ રીત રે ;
તાબે હોનેકી રીતકૂ, બૂઝ બૂઝ મન ધર પીત રે.

૭.૮ નબી (સલ.) ના તાબે થયા વિના ઈમાન નથી. તાબે થવું એટલે શું તે સમજી લો. આપને તાબે થવું એટલે દીનના બધા જ હુકમો માનવા, આપ (સલ.) ની પેરવી કરવી અને

હઝ. દાઉદ (અ.સ.) ની દુવા મુજબ આખરી નબી પણ હઝ દાઉદ (અ.સ.) ના વંશથી થવા જોઈએ તેમ યહુદીયો માનતા.

૮ હુકમ હૈ કહ કર મના, કરની હૈ પૈરવી સબ રે ;
કલિમા કહવે તૈયબ જીભે, મૂમિન હોવે તબ રે.

કલેમા તયયબાહ કહેવો.

૯ તારીફ મુખથી ઓચરે, તાબે કભી હોવે નાહીં ;
ઈમાની નહી જાનીઓ, કછૂહૂ ઉસ તનકે માંહી.

૯ મુખેથી તારીફ કરે અને દિલથી તાબે થાય નહિ તેનામાં ઈમાન નથી તેમ સમજો.

૧૦ યહૂદીને દીતી શાહિદી, સાચે નબી જાને સહી ;
કહા તમે રસૂલ હો, ભેજે સહી અપને દહી.
૧૧ હાથૂં પગૂં બોસે દીયે, ઍસા હૂઆ આધાન રે ;
સાચે પૈગંબર જાનીએ,ખાતિમકૂ દિલકી સાનરે;
૧૨ તોભી નબીને આખીયા, તાબે ક્યૂં તૂં હોવે નાંહી?
તાબે ન હોવે મેરડે, ક્યા સોચ તેરે તન માંહી ?

૧૦.૧૨ યહૂદીએ ગવાહી આપી કે આપ (સલ.)અલ્લાહના સાચા રસૂલ છે. તેણે આપ (સલ.)ના હાથે પગે ચુંબનો પણ કર્યા. તેમ છતાં આપે (સલ.) તેને પૂછ્યું કે 'તું મારે તાબે કેમ થતો નથી, ત્યારે તેણે ઉપર મુજબનો જવાબ આપ્યો.

૧૩ હુકમ સેતી બૂઝના, તાબે હૈ કરની જાત રે ;
તાબે હૂએ બિના નહી, ઈમાન કેરી બાત રે.

૧૩ તાબે થવું એટલે આપના બધાજ હુકમોને તાબે થવું. આપની તાબેદારી વિના ઈમાન હોઇ શકતું નથી.

૧૪ ઈમાન ભાઈ દીનકે, મૂમિનકા એધાન રે ;
ફરજંદ આદમસૂં સહી, ભરીયા હૈ સબ જહાન રે.
૧૫ વે સબ નહી સુનો મૂમિનાં, બૂઝના હૈ અપને દિલ રે; ઈમાનસૂં મૂમિન સહી, સુન સુન નસીહત ચલ રે.

૧૪.૧૫ ઈમાન મોમિનનું ચિન્હ છે. આદમ (અ.સ.) ની ઓલાદથી પુરૂં જગત ભરેલું છે, પણ તેઓ બધા મુસ્લિમો નથી. તેમની ઈમાનવાળી ઓલાદ જ મુસલમાન છે.

૧૬ વિરહ હૈ સુન દિલસૂં પડા, સકલ હૈ સંસાર રે ;
ખોટે પંથે જુદા હૂઆ, ઑર બૂઝના બિચાર રે.

૧૬ આદમ (અ.સ.) ની બધી ઓલાદ વચ્ચે ખોટા પંથો કબૂલવાથી દિલની જુદાઇ પડી છે.

૧૭ દિલસૂં મૂમિન હોવે સહી, કાફિરકી એ રીત રે ;
નસીહત એતી કાનમાં, મૂમિન સુન કર પીત રે.

૧૭ મોમિન ! તું આટલી નસીહત કાને સાંભળ. મોમિન દિલથી થવાય. દિલથી મોમિન ન થાય તે કાફિર છે.

૧૮ નિત નિત ચિંતા દીનકી, કરની હે મૂમિન વીર રે;
ઈમાન જો સાચા કરે, સુખ પાવેસી સરીર રે.

૧૮ મોમિન ભાઇ ! હંમેશાં દીનની ચિંતા કરો. ઈમાનને સહી કરી લેશો તો સુખ પામશો.

---

### ૧૭૭૯ નજમ

### બયાન - ૧૭૭૯

**પીર મશાયખ (રહે.) સમજાવે છે 'તમે સાંભળો.' ગુનાહનો હિસાબ પોતે જ આપવો પડશે.**

૧ ઍસી ઍસી દીનકી હૈ બાતી રે, તમે સુનો રે ;
ઈમાન મૂમિનકી જાતીરે, તમે સુનો રે.

૧ મોમિનમાં ઈમાન હોય છે. અને આ દીનની વાતો છે.

૨ સુન સુન બિયાજ ન ખાવા રે, તમે સુનો રે ;
મનમાં ભી કરના ન ચાવા રે, તમે સુનો રે.
૩ એ ભી સહી ઈમાનકી રીતા રે, તમે સુનો રે ;
બિયાજકૂ દૂર દૂર કીતા રે, તમે સુનો રે.

૨.૩ વ્યાજ ખાઓ નહિ અને તે ખાવાની ચાહના પણ ન રાખો. વ્યાજના મામલાથી દૂર રહેવું એ ઈમાન છે.

૪ સુન સુન ગાફિલ એ બયાના રે, તમે સુનો રે ;
મન ધર સુન લીજે કાના રે, તમે સુનો રે,

૪.૧૨ ગાફિલ ! તું મનધરીને આ બયાન કાને ધરી લે. વ્યાજખાનાર લોભથી વ્યાજખાય છે અને અલ્લાહથી

૫ બિયાજ હૅ લોભ કાજે ખાતા રે, તમે સુનો રે ;
ખૉફ રબ મન નહી લાતા રે, તમે સુનો રે.
૬ બિયાજસૂં પૂંજી વે કરાવે રે, તમે સુનો રે ;
લડકૂકૂ વે તૂ ખિલાવે રે, તમે સુનો રે.
૭ ખાવે ખાવે કુટમ વે સારા રે, તમે સુનો રે ;
ત્યૂં હોવે હોવે હત્યાગારા રે, તમે સુનો રે.
૮ હિસાબ વે હોવે તેરે સીસા રે, તમે સુનો રે ;
પછે રબ તુજે કરે રીસા રે, તમે સુનો રે.
૯ ફરજંદ નહી તબ તેરે રે, તમે સુનો રે ;
નાઠ દૂર હોવેંગે અનેરે રે, તમે સુનો રે.
૧૦ કરના હૅ તુજકૂ જવાબા રે, તમે સુનો રે ;
બૂઝને એ ગાફિલ શિતાબા રે, તમે સુનો રે.
૧૧ નહી જતુજે બૅન તબ ભાઈ રે, તમે સુનો રે ;
તબ તનહા હોવેગી કમાઈરે, તમે સુનો રે.
૧૨ સબૂ કેરા ભાર તૅં લિયા રે, તમે સુનો રે ;
સહવેગા તો તેરા તબ જીયા રે, તમે સુનો રે.

ડરતો નથી. વ્યાજથી માલ ભેળો કરીને તે ઓલાદને ખવડાવે છે. તેનું આખું કુટુંબ તે માલ ખાય છે, અને કમાનાર ગુનેગાર થાય છે. આ કમાણીનો હિસાબ તારે માથે છે. અલ્લાહ તારી ઉપર ગુસ્સે થશે ત્યારે તારી ઓલાદ તારી નહિ થાય. તેઓ તારાથી દૂર નાસી જશે.. ગાફીલ ! તું જલદી સમજી લે કે તારી કમાણીનો જવાબ તારે દેવાનો છે. હિસાબ વખતે તારા ભાઈ બહેન તારા નહિ હોય ત્યારે તું તને–તનહા (એકલો) જ હોઈશ. બધાંયનો ભાર તેં તારા માથે લીધો. હવે તારે જ ભોગવવાનું રહેશે.

૧૩ કભી તૅં જમે કિયા માલા રે, તમે સુનો રે ;
મરતે છોડા ઉસી હાલા રે, તમે સુનો રે.
૧૪ ગોર માંહિ સાથે લે ન ગયા રે, તમે સુનો રે ;
ગોરમાંતૂ એકલા રહયા રે, તમે સુનો રે.
૧૫ લેખા ચોખા દેના તુજે પડીયા રે, તમે સુનો રે ;
ધર ક્યૂં ન રબ સેતી ડરીયા રે ? તમે સુનો રે.

૧૩.૧૫ તેં માલ ભેળો ક્ર્યો અને મરતી વખતે દુનિયમો છોડ્યો કબરમાં તું એકલોજ ગયો. તારો માલ સાથે આવ્યો નહી. હવે તારે ચોખ્ખો હિસાબ આપવાનો છે. ધરતી ઉપર રહીને તું અલલાહથી કેમ ડર્યો નહિ ?

૧૬ સુન જાગ ગાફિલ એ બાતી રે, તમે સુનો રે ;
રબ સેતી ડરો દિન રાતી રે, તમે સુનો રે.

૧૬ ગાફિલો ! વાત સાંભળો અને અલ્લાહથી રાતદિન ડરો.

૧૭ ઈમાની હો બિયાજ ન ખાના રે, તમે સુનો રે ;
તૌબા કર હો મૂમિનકી શાના રે, તમે સુનો રે.

૧૭ ઈમાનવાળાઓ ! વ્યાજ ખાઓ નહિ. તૌબા કરવી એ મોમિની શાન છે.

૧૮ દેખા દેખી ગુનાહ તૂ હૅ કરતા રે, તમે સુનો રે ;
રબ સેતી ક્યૂં નહી ડરતા રે ? તમે સુનો રે.

૧૮ તું દેખા દેખી ગુનાહ કરે છે અને અલ્લાહથી કેમ ડરતો નથી ?

૧૯ મૂમિન કો' બિયાજ હૅ ખાવે રે, તમે સુનો રે ;
ભાઈ કર રીત વે તૂ ચાવે રે, તમે સુનો રે.
૨૦ મૂમિન હો હુકમ ભનાયા રે, તમે સુનો રે ;
ઈમાન તો ઉને હૅ ગુમાયા રે, તમે સુનો રે.
૨૧ નહી અબ તેરા વે ભાઈ રે, તમે સુનો રે ;
ટૂટ ગઈ દીનકી સગાઈ રે, તમે સુનો રે.

૧૯.૨૧ કોઈ મુસલમાન વ્યાજ ખાય છે તેને તું ભાઈની રીતે કેવી રીતે ચાહે છે ? જે દિનનો હુકમ છે તેનાથી ઉલટું કરીને તેણે ઈમાન ગુમાવ્યું છે, એટલે હવે તારો ભાઈ રહેતો નથી. તારી દીનની સગાઈ તુટી ગઈ.

૨૨ સુન એ નસીહ બૅના રે, તમે સુનો રે ;
સુન સુન બૂઝો દિલ મૅના રે, તમે સુનો રે.
૨૩ દેખા દેખી કામ નહી કરના રે, તમે સુનો રે ;
લોભ તિલ મનમાં ન ધરના રે, તમે સુનો રે.
૨૪ બેસા બૈઠી પૈસે હૅ કમાતી રે, તમે સુનો રે ;
માલયૂં હૅ ઈકઠા કરાતી રે, તમે સુનો રે.
૨૫ બિયાજથી બહુત વે કમાવે રે, તમે સુનો રે ;
નિત બહુત જોર ઉસે આવે રે, તમે સુનો રે.
૨૬ દેખા દેખી એ ભી હૅ કરતા રે, તમે સુનો રે ;
માલકી જો બહેત તુજે પીતા રે, તમે સુનો રે.
૨૭ ભલા હૅ તૌબા તુજે કરની રે, તમે સુનો રો
નસીહત મન ધર સુનની રે, તમે સુનો રે.

૨૨ નસીહતનાં આ બયાન સાંભળીને તેને દિલમાં ઉતારો.

૨૩ દેખા દેખી કરો નહિ. જશ પણ લોભ મનમાં રાખો નહિ.

૨૪.૨૫ વેશ્યા બેઠી બેઠી કમાઈને એમજ માલ એકઠો કરતી રહે છે. તે વ્યાજથીય વધારે કમાય છે અને તેનું કમાવાનં્ જોર વધતું જ રહે છે.

૨૬.૨૭ વ્યાજખોર પણ દેખાદેખી માલની મહોબતથી વ્યાજખાતો રહેછે. તું ભલો હોય તો તૌબા કર અને મારી નસીહત મનમાં ધર.

---

## ૧૭૮૦

૧ સુનો અનસ રજી અલ્લાહ, અન્હો કહીએ ;
એ નબીજીકી હદીસ, હૅ કહતે રે લહીએ.
૨ સો ફરમૂદા અપને, નબીજી હો કેરા ;
થા અસહાબી બહુતને, વે સુનીયા સવેરા.
૩ વે અનસને સુન કર, સબ યાદ રે રાખા ;
વે બયાન હદીસકા, ખોલ સબ દાખા.
૪ કહા ઈમાનકી જડ, તીન હૅ જાનો ;
એ ફરમૂદા ખાતિમકા, હૅ રે માનો.
૫ ભાઈ દીનકી જડૂ બિના, ઈમાન રે નાંહાં ;
જડૂ બિના ઈમાન, રહવે કિસ ઠાંહાં ?
૬ એક કે કલિમા, જે તૈયબ આખે ;
અને તસદીક દીનકી, સહી દાખે.
૭ ઉસે ગુને હો કાજે, ન કાફિર રે કહાના ;
ઉસે કહે હો સેતી, પીછા હૅ રહના.
૮ પછે સગીર ગુનાહ, કે કરે રે કબીરા ;
તમે મત કહો કાફિર, ઉસે રે વીરા.
૯ હૅ ઉસકી કરની, ઉસકૂ ભરની ;
હૅ તુમારી તમૂકૂ, ચિંતા રે કરની.

## બયાન – ૧૭૮૦

(૧)

**હદીસ : ઈમાનની જડ ત્રણ ચીજો ઉપર છે.**
**રાવી : હઝ અનસ (રઝી.)**

૧.૩ હઝ અનસ (રઝી.) નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસહાબીયો (રઝી. અન્હમ) એ પણ સાંભળી હતી.

૪.૫ આપે (સલ.) કહ્યું : " ઈમાનની જડ ત્રણ ચીજો ઉપર છે." દીનની જડ વિના ઈમાન નથી. જડ વિના ઈમાન રહે ક્યાં ?

૬.૯ પહેલું : જે કોઈ કલેમા તૈયયબાહ કહે – દીનની સાચી તસ્દીક (સત્યતા કબુલવી) **કરે તેનાથી જંગ બંધ કરો. (૨)** અને તેને તેના ગુનાહોને લીધે તેને કાફિર કહેવું નહિ અને તેમ કહેવાથી દૂર રહેવું, પછી ભલે આ ગુનાહ સગીરાહ (નાના) હોય કે કબીરાહ (મોટા) હોય. તેની કરણી તેને ભરવાની છે અને તમારે તમારી ચિંતા કરવાની છે.

(૧) મિશ્કત (ભાગ–૧ વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનના કબીરાહ ગુનાહો અને નિફાકના બયાનની બીજી ફસલની અનુક્રમે નવમી હદીસ છે. અબુદાઉદ
(૨) આ શબ્દો મૂળ હદીસના છે.

૧૦ અને દૂજા એક અમલ, કો બૂરા રે કરાવે;
અને દીનકા ભાઈ, હૅ રે કહલાવે.
૧૧ ઉસે ઈસલામ સેતી, બાહર ન કરના;
ઍસા જીભકે ઊપર, બોલ ના ધરના.
૧૨ નહી અમલૂકે કાજે, એ ઈસલામ માંહાં;
ઍસા ઉસકૂ જીભસૂં કહો રે નાંહાં.

૧૦.૧૨ બીજું: દીનનો ભાઈ કોઈ બૂરો અમલ કરે તો તેનો અમલને કારણે તેને "તે ઈસ્લામથી બહાર છે" એવાં શબ્દ જીભે ન લાવવો. બૂરા અમલને લીધે તે ઈસ્લામમા નથી એમ કહેવું નહિ.
(બાકી હદીસ ૧૭૮૧માં આવે છે.)

૧૩ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને નેહસૂં કહો, દિન ઑર રાતી રે તૂહી.
૧૪ ઈમાની હોના સહી, સુન સુન દીનકી બાત રે,
સુન સુન દીનકી બાત;
ઈમાન વિરહ પડા, બાકી સબ એક જાત રે,
બાકી સબ એક જાત.

૧૩ દીનની વાતો સાંભળીને પોતાને પાક કરો. અને પ્રેમથી રાતદિન કહો... રે તૂંહી.

૧૪ દીનની વાતો સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાનને લીધે ફરજંદે આદમમાં જુદાઈ પડી છે, નહિ તો વંશથી તો બધા એકજ છીએ.

## ૧૭૮૧

૧ અને કાફિરૂ હો સેતી, જંગ હૅ કરના;
સો નિતનિત કામ, એ રે મન ધરના.
૨ સો જબ તક દજ્જાલ, લડાઈ કરાવે;
કે દજ્જાલ હો કેરા, જહાં જમાના આવે.
૩ હૅ તબ તક લડાઈ, કાફિરૂસૂં કરની;
એ ચિંતા પૂરી, હૅ રે મન ધરની.
૪ અને તીજા એક તકદીર, પર લાહો રે ઈમાના;
એ હદીસ હો કેરા, સુનીઓ બયાના.
૫ કે તકદીર લીખીયા, વે હોવેગા સહી;
જ્યૂં હુકમ હૅ કિયા, અપના દહી.
૬ તિલ આગા પીછા, વે હોવે રે નાંહાં;
એ સહી કર બૂઝના, દિલકે માંહાં.
૭ અને કાફિરૂસૂં લડાઈ, નિત નિત કરની ;
સો દીનકે કાજે, મન રે ધરની.
૮ વે કાફિરકે બિગતકી, બૂઝની હે રીતા ;
કે કિસીસૂં લડના, કિસે કરની પીતા.

## બયાન ૧૭૮૧
## હદીસ (બયાન નં. ૧૭૮૦ થી)

૧.૩ **અને જ્યારથી મને અલ્લાહે રસૂલ બનાવીને મોકલ્યો છે તયારથી** [૩] કાફિરથી દીન માટે જેહાદ કરવા હંમેશા તૈયાર રહો. જ્યાં સુધી દજ્જાલનો જમાનો આવે અને તે મુસલમાનોથી લડાઈ કરે ત્યાં સુધી કાફિરોથી જેહાદ કરવાનીતૈયારી રાખો. **કોઈ ન્યાયિ બાદશાહના ન્યાય અને અત્યાચારી બાદશાહના અત્યાચારનું બહાનું લઈને જેહાદ બંધ નહિ થાય** [૪]

૪.૬ તકદીર પર ઈમાન લાવો. અલ્લાહે જે તકદીર માં લખ્યું છે તે થઈનેજ રહેશે. અને તેમાં તલભર પણ આઘું પાછું થશે નહિ તેમ દિલથી માનો.

૭ કાફિરોથી હંમેશાં દીન માટે લડાઈ કરવાની તૈયારી રાખો.

૮.૧૦ કાફિરોની વિગત જાણીલો અને કોનાથી લડવું અને કોનાથી ન લડવું તે જાણી લીધા પછી જ તેમનાથી દિનમાટે લડાઈ

[૩] આ શબ્દો મૂળ હદીસના છે. [૪] આ શબ્દો મૂળ હદીસના છે.

૯ યૂં બિયતકૂ બૂઝ કરો રે લડાઈ ;
સો દીનકે કાજે, સુનોં દીનકે ભાઈ.
૧૦ સો જબ તક દજ્જાલસૂં, હોવેગા જંગા ;
એ તબ તક લડાઈ, ન કરની રે ભંગા.
૧૧ હેં ઈમાની રે હોના, કઈ કઈ રીતા ;
સૂનો દીન કેરે ભાઈ, મન ધર પીતા.
૧૨ એ સુન સુન બાતી, સહી કર લીજે ;
અને એક કર રબકૂ, ઈતના કહીજે. રે તૂહી.
૧૩ સૂન સૂન ભાઈ દીનકે, ઈમાની કરની જાત રે,
ઈમાની કરની જાત ;
જિસકા અંતે કામ હેં, નિત વે બૂઝો બાત રે,
નિત વે બૂલો? બાત.

કરો. જ્યાં સુધી દજ્જાલથી લડાઇ ન થાય ત્યાં સુધી કાફિરોથી જેહાદ કરવાનું છોડવાનું નથી.

૧૧ દીનના ભાઇ ! મનધરીને સાંભળો .ઈમાનવાળા ઘણી ઘણી રીતોએ બનવાનું છે.
૧૨ દીનની પાત સાંભળછને તેને સહી કરી માની લો અને અલ્લાહને એક માની એટલું કહો રેતુંરી.
૧૩ દીનના ભાઇ સાંભળો ! પોતાને ઈમાનવાળા બનાવો. હંમેશાં એ વાત સમજી લો કે અંતમાં ઈમાન જ કામ લાગશે.

## ૧૯૮૨

## પીર મશાયખ (રહે.) સમજાવે છે.
## જન્નતને ચાહો અને દોઝખથી ડરો

૧ ઈમાની હોના નિત મન ચાહો રે;
નિતનિત બાતાં જીભે વે લાહો રે.
૨ મૂમિન કરની હે દીનકી ચિંતા રે;
ગાફિલ ઈસથી હે નચિંતા રે.
૩ સુન સુન બેગી દીનકે ભાઈ રે;
ઈમાની હોનેમાં હે બડાઈ રે.
૪ નિતનિત દીનકૂ વીરા ચાહો રે;
નિતનિત ચિંતા એ મન લાહો રે.
૫ અલ્પ જીવના હે દુન્યા કેરા રે;
તિલ પલ ચેત ને બૂઝો સવેરા રે.
૬ જંનત રબને કેસી સન્વારી રે;
૭ ખૂબી વે મહલકી મન લાહો રે;
દીદાર રબકા દેખને ચાહો રે.
૮ હીરા ને માનિક મહલકૂ જડીએ રે;
એસે હે ખૂબીસૂ મહલ કરીએ રે.
૯ મેવે અનુપમ માંહિ હે કીતે રે;
કઈ કઈ ભાંતકે હે સુનીતે રે..

૧ ભાઇ ! હંમેશા ઈમાનવાળા હોવું ચાહો અને જીભે ઈમાન ની વાત લાવો.
૨ મોમિને દીનની ચિંતા કરવી જોઇએ. ગાફિલ તેની ચિંતાથી બેફિકર હોય છે.
૩ દીનના ભાઇ જલદી સાંભળો ! ઈમાનવાળા હોવામાં મોટાઇ છે.
૪ ભાઇ ! હંમેશા દીનને ચાહો અને હંમેશા તેનીજ ચિંતા કરો
૫/૬ દુનિયાનું જીવવું થોડું છે. માટે હરપળ ચેતીને સમ જો .જુઓ તો ! જન્નતને અલ્લાહે કેવી બનાવી છે ! જન્નતના મહેલોની ખૂબી મનમાં લો અને અલ્લાનો દિદાર કરવાનું ચાહતા રહો.

૮ તે મહેલોમાં હીરા અને માણેક જેડેલા છે, એવા સરસ તેઓ બનેલા છે.
૯ જન્નતમાં ભાત ભાતના અનુપમ મેવા બનાવવામાં આવ્ય છે.

૧૦ સુન સુન ખૂબી એ [illegible] ચાહો રે.
દુનીકિ ઢંગ પીતે ન ચાહો રે.

૧૦ જન્નતની ખૂબી સાંભળીને તે મેળવવાની ચાહના
રાખો અને દુનિયાના ઢંગે પ્રેમ ન રાખો.

૧૧ દુન્યાકે ઢંગૂ નેહ ન બાંધો રે;
નિતનિત દીનસૂં નેહ સાંધો રે.

૧૧ દુનિયાથી પ્રેમ બાંધો નહિ.
હંમેશા દીનથી પ્રેમ સાંધો.

૧૨ મૂમિન દોજખ સેતી હે ડરના રે;
વે ડર બહુત હે મન ધરના રે;

૧૨ મોમિને દોઝખથી ડરવું જોઈએ અને
તેનો બહુજ ડર મનમાં ધરવો જોઈએ.

૧૩ મૂમિન સુન સુન નસીહત બયાના રે;
મૂમિન ઈમાની હો રહના રે.

૧૩ મોમન ! તું નસીહતના બયાનો સાંભળ
અને ઈમાનવાળો બની રહે.

૧૪ ઈમાન મૂમિનકી હે નિશાની રે;
મૂમિન વે જે હોવે ઈમાની રે.

૧૪ ઈમાન મોમનની નિશાની છે. ઈમાનવાળો જ મોમિન છે.

૧૫ સુન સુન હોના એ દીનકે ભાઈ રે;
મૂમિન દીનકી હે સગાઈ રે.

૧૫ દીનના ભાઈ ! સાંભળીને ઈમાનવાળા બનો.
મોમિનથી દુનિયામાં દીનની સગાઈ છે.

## ૧૭૮૩

## હદીસ[૧] : 'નબી (સ.લ.)ની દસ વાતોની નસીહત.
## રાવી : હઝ. મઆઝ (રઝી.)

૧ સહી મુઆજ હે કહને, રજી. અલ્લાહ અન્હો કહીએ;
સો હદીસ નબીજી, કેરી રે લહીએ

૨ કહા ખાતિમને મુજકૂ નસીહત કીતી;
દસ કલિમૂં સેતી, મેં સુન કર લીતી.

૧/૨ હઝ. મઆઝ (રઝી.), નબી (સ.લ.) થી
સાંભળેલી હદીસ કહે છે. આપે (સ.લ.)
દસ ચીજોની નસીહત કરી.

૩ કહા શરીક તો રબમાં, કુછ કીજિયો નાંહાં;
કભી મર રે જાહો, કે જલો આગ માંહાં.

૩ એક : તમને મારી નાંખવામાં આવે કે
બાળી નાખવામાં આવે તો પણ તમે
અલ્લાહની જાતમાં કોઈને ભાગીદાર ન બનાવો.

૪ કે માબાપ તેરેકૂ રંજ રે ન કીજે;
કે આજાર ન દેના, સમજ એ લીજે.

૫ કભી તુજ પર ઐસા, હુકમ પઢાવે;
કે ફરજંદ માલથી, તુજે જાુદા રે કરાવે.

૬ સુનો તો ભી મા બાપકૂ દુખ રે ન દેના;
યૂં ખાતિમને આખા. સમજને લેના

૪/૬ બે : તમારાં માબાપને રંજ દુ:ખ ન
પહોંચાડો. તેઓ કદી તમને તમારા
અહલ અને માલમાંથી જૂદા કરી દે (કાંઇ ન આપે)
તો પણ તેમને દુ:ખ ન આપો.

૭ અને તરક ન કીજિયે, ફરજ સલાતા;
સો જાન બૂઝને, કહી ખાતિમને બાતા.

૭/૧૨ ત્રણ : જાણી બુઝીને ફરજ નમાજ છોડી ન દો.
જે ફરજ નમાજને જાણી બુઝીને છોડી દે તેનાથી

૧ મિશ્કાત (ભાગ–૧ વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનના કબીરાહ ગુનાહો અને નિફાકના બયાનની ફસલ ત્રીજીની અનુક્રમે અગીયારમી હદીસ છે (અહમદ)

૮ જે નમાજ ફરજકી, જાન બૂઝને ગુમાવે;
સહી રબકા બંદા, ઉસે દૂર રે રખાવે.
૯ હોવે બેજાર ઉસથી, બંદા રબ કેરા;
આખા ખાતિમને મુજકૂ જે બુઝે રે સવેરા.
૧૦ જે અલ્લાહને નબી, કહવે મુજે જે જાને;
વે ઈસે સૂં દૂર, સહી મન આને.
૧૧ જે નમાજ ફરજકી, નહી કરતા;
વે બંદા ઉસીસૂં હો બેજાર રે ચલતા.
૧૨ એ ફરમૂદા બૂઝે, સહી નબી જી કેરા;
એ સુન સુન મનમાં, નિત દીજિઓ સવેરા.
રે તૂહી.
૧૩ ઈમાની હોના સહી, મૂમિન સુન એ બાત રે,
મૂમિન સુન એ બાત
ઈમાનસૂં મૂમિનાં નહી , તો અવરાં જાત રે,
નહી તો અવરાં જાત.

અલ્લાહ (જન્નતના વાયદાથી) મુક્ત થઇ જાય છે.
અલ્લાહ અને નબી (સ.લ.)ને જેઓ જાણે છે તેઓ
બે નમાજીથી દૂર રહે છે અને તેનાથી નારાજ
રહે છે.
નબી (સ.લ.)ની આ હદીસ સાંભળીને મનમાં ઉતારો
(બાકી હદીસ બયાન નં. ૧૭૮૪માં આવે છે.)

૧૩ વાત સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાનથી
મોમિન છે. ઈમાન વગરનો માણસ મોમિન
સિવાયનો (બીજી જાતનો) છે.

## ૧૭૮૪

## હદીસ (બયાન નં. ૧૭૮૪ થી)

૧ ન શરાબ રે પીના, ફિર ખાતિમને આખા;
સબ બુરાઈકા સીસ હે, શરાબ રે દાખા.
૨ અને દૂર રાખ તુજકૂ ગુનાહૂ સેતી;
યૂં ખાતિમને આખા, ગુનહગારી જેતી.
૩ તહકીક ગુનાહ રે કસ્તે, ગુસ્સા રબકા હે આતા;
એ ખાતિમને કહી, ઉનૂ સુની રે બાતા.
૪ અને નાઠનેસૂં દુર, રાખ તેરા રે તના;
જબ કાફિર્સૂં જંગ, હોવે સુન એ મના.
૫ કભી બહુત રે આદમી, જંગમાં મરાવે;
કે મરતે બહુત, તેરી નજીર આવે.
૬ તો ભી તુજકૂ ભાગના, જંગથી નાંહાં;
યું ખાતિમને આખા, રનકી ઠાંહાં.
૭ અને ભી કભી, પહુંચે લોકૂ મોતા;
કે વબા હો સેતી, લોકકૂ મરે રે બોતા.
૮ અને તેરી ભી ઉસ ઠામ, હોવે રે જાતી;
તો તૂ સાબિત રહી, સુન તૂ બાતી.

૧ ચાર : આપે (સ.લ.) ફરમાવ્યું : "દારૂ ન પીવો.
તે બધીજ બુરાઈઓનું મૂળ છે"
૨/૩ પાંચ : "જેટલા ગુનાહો છે તે બધાયથી તમારી
જાતને દુર રાખો. બેશક બંદાના ગુનાહ કરવાથી
અલ્લાહને ગુસ્સો આવે છે. "

૪/૬ છ : "જ્યારે કાફિરોથી જેહાદ થાય ત્યારે જંગમાંથી
ભાગો નહિ. જંગમાં ઘણા માણસો મરી જાય, કે
તમારી નજરે મરતા દેખાય, તો પણ રણ મેદાનમાંથી
જંગ છોડીને ભાગવું નહિ."

૭/૯ **સાત :** "લોકોમાં જ્યારે આમ રોગચાળો (વબા)
ફેલાઇ જાય અને તેમાં લોકો મરે, અને તું ત્યાં
હોય તો ત્યાં જ દિલને મજબૂત રાખીને રહી જા,
અને ત્યાંથી જતા રહેવાની ફિકર ન કર."

૯ કે ઉસે રે ઠામથી, ન તૂ હોઇઓ ફિરા;
યૂં ખાતિમ હે કહ્તે, દિલ રાખ રે કરારા.
૧૦ અને બહુત દે ખરચકૂ તેરી અહલ જે અયાલા;
બહુત ખરચને કાજે, દે ઈનૂકૂ માલા.
૧૧ ખરચ વાજિબ ઉનૂકા, હે જે ગરદન રે તેરા;
બહુત ઉસથી ઈનૂકૂ તૂ દે રે સવેરા.
૧૨ અને મારનેકી લકડી, દૂર ઈનુસૂં ન કીજે;
સો અદબકી ખાતિર, સુન કર લીજે.
૧૩ અને ઉસસૂં ઈનૂકૂ, બહુત રે ડરાના;
એ હદીસકૂ સુન સુન, કહો દિલકે ધિયાના.
રે તૂહી.
૧૪ નસીહત કરે મુઆજકૂ ખાતિમ મુબારક જાત રે,

૧૦/૧૧ આઠ : "તારા માલમાંથી તારાં બચ્ચાં (અહલો અયાલ) ઉપર તારે માથે જે લ, ખરચવાનું વાજીબ છે., તેનાથી વધારે ખરચવા તેમને આપ."

૧૨ નવ : "શિસ્ત (અદબ) શીખવવાના હેતુથી મારવાની લકડી તેમની ઉપર રાખ"
દસ : "અને તેમને તેના થકી અલ્લાહથી ડરાવ.

આ હદીસ સાંભળીને દિલમાં ધ્યાનથી કહો– રે તુહી
૧૪ નબી (સ.લ.) એ હઝ. મઆઝ (રઝી.)ને નસીહત કરી·
**ખાતિમ મુબારક જાત;** હદીસની
વાત સાંભળીને ઈમાનવાળા બનો.

ઈમાની હોના સહી, સુન સુન એ સહી બાત રે,
સુન સુન એ સહી બાત.

## ૧૭૮૫ દુહા

## પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે

૧ મૂમિન સુનો વીરા નેહસૂં, હાં નેહસૂં,
ચાહવે દીનકી બાત રે;
હોવે ઈમાની વીરા સુનતે, હાં સુનતે,
જન્નત પાવે જાત રે.

૧ મોમિનભાઇ સાંભળો ! મોમિન પ્રેમથી દીનની વાતને ચાહે છે. દીનની વાત સાંભળતાં ઈમાનવાળા થવાય છે. અને જન્નત મળે છે.

૨ રબમાં શરીક ન કીજિયો, હાંન કીજિયો,
એક હે સુબહાન રે;
ખાલિક હે રે વે અપના, હાં અપના,
ઉસે એક કર જાન રે.

૨ અલ્લાહની જાતમાં કોઈને શરીક (ભાગીદાર) કરો નહિ. તે પોતે એકલો જ છે. તે આપણો સર્જનહાર છે. તેને એક માનો.

૩ કભી રે જલે તૂ આગમા, હાં આગમાં,
મત ડગાવે મન રે;
જગમાં ઘડી દોકા મરના, હાં મરના,
જન્નત પાવે તન રે.

૩ કદી તમને આગમાં નાખવામાં આવે તો પણ તવહીદ (એકેશ્વરવાદ)થી મન ડગાવો નહિ. જગતમાં ઘડી બે ઘડી છીએ. પછી મરવાનું છે અને અડગ રહી જન્નત મેળવવાનું છે.

૪ કભી તૂં મન ડગાયસિ, હાં ડગાયસિ,
લાગે આગે મન ડર રે;
દોજખ હે રે વીરા દોહલી, હાં દોહલી,
વે ડર તૂ મન ધર રે.

૪ દોઝખ ઘણી અસહ્ય છે. તેનો ડર તું મનમાં રાખ. તું તવહીદથી મન ડગાવીશ તો દોઝખી થઇશ.

૫ છેહ નહી વીરા વે અજાબકા, હાં અજાબકા,
હે વે વસમી ઠામ રે;
ડુંગરા કેરા નીર સૂકીયા, હાં સૂકીયા,
સુનતે દોજખ નામ રે.

૫ દોઝખના અઝાબનો કોઇ અંત નથી. દોઝખ ઘણી વસમી જગ્યા છે. દોઝખનું નામ સાંભળતા ડુંગરોનાં નીર પણ સુકાઇ જાય.

૬ મરે તૂ કભી જીવસિ, હાં જીવસિ,
રબ તૂ એક કરી જાન રે;
રખે રે પહુંચતે સખતી, હાં સખતી,
મન ડગાવે ધિયાન રે.

૬ તને સખ્તી પડે અને કદાચ તું જીવથી પણ જાય, તો પણ અલ્લાહથી ધ્યાન ડગાવ નહિ અને તેને એક મ.ન.

૭ રબ ન ડરે વીરા તુજસૂં, હાં તુજસૂં,
વે હે કાહર નામ રે;
અંબિયા કરે નફસી, હાં નફસી,
કિયામત કેરે ઠામ રે..

૭ અલ્લાહ કહહાર (સખત શિક્ષા કરનાર) છે. તે તમારાથી ડરતો નથી. ક્યામતને દિવસે અંબિયાઓ પણ પોતાની જાતની ફિકરમાં પડ્યા હશે.

૮ એસા હે સુરીજન અપના, હાં અપના,
ઉસથી તૂ ડર ચલે રે;
નિસદિન હે વીરા ડરના, હાં ડરના,
ઘડી ઘડી તિલ પલ રે.

૮ આપણો સર્જનહાર આવો છે. તેનાથી ડરીને ચાલો. હરઘડી, રાત દિન તેનાથી ડરતા રહો.

## ૧૭૮૬ નજમ.

## પીર મશાયખ (રહે.) કહે છે : 'તમે સાંભળો'

૧ સુન સુન હોના હે ઇમાની રે, તમે સુનો રે;
ઇમાન હે મૂમિન નિશાની રે, તમે સુનો રે.
૨ વિરદ હૂઆ ઇમાન કેરા રે, તમે સુનો રે;
તો જગ ભરા હે બહુતેરા રે, તમે સુનો રે.
૩ જાહિર નિશાની દેખાવે રે, તમે સુનો રે,
ઇમાનસૂં મૂમિન કહલાવે રે, તમે સુનો રે.
૪ દિલકૂ હે સાચા સહી કરના રે, તમે સુનો રે;
દિલ માંહે ઇમાન હે ભરના રે, તમે સુનો રે.
૫ ઇમાન કેરી જે હૈં બાતી રે, તમે સુનો રે;
સુન પાક કરો આપ જાતી રે, તમે સુનો રે.
૬ તબ હૂઆ મૂમિન એ ખાસા રે, તમે સુનો રે;
સુન સુન હુઆ જબ દાસા રે, તમે સુનો રે.
૭ મૂમિનકે પુત એ સુનના રે, તમે સુનો રે;
નસીહત સુન મન ધરના રે, તમે સુનો રે.

૧ સાંભળીને ઇમાનવાળા બનો. ઇમાન મોમિનની નિશાની છે.

૨/૩ જગત ઇન્સાનોથી ભરેલું છે. પણ ઇમાનને લીધે તે ઇન્સાનોમાં જુદાઇ છે. બધા ઇન્સાનોમાંથી જેની અંદર ઇમાન છે તે મોમિન છે..

૪/૬ દિલને સહી કરો અને તેમાં ઇમાન ભરો. ઇમાનની વાતો સાંભળીને પોતાને પાક કરો, અને તેમ કરીને અલ્લાહના બંદા બનશો ત્યારે ખરા મોમિન ગણાશો.

૭ મોમનની ઓલાદ ! તમે આ વાત યાને નસીહત સાંભળો અને તેને મન ધરો.

૮ ઈમાનસૂં મૂમિન કહલાતા રે, તમે સુનો રે;
વારસા નહી આતા રે, તમે સુનો રે.
૯ ઈમાનકા વરસા નાંહાં રે, તમે સુનો રે ;
સુન સુન બૂજો દિલ માંહાં રે, તમે સુનો રે.
૧૦ બાપકા ઈમાન બાપ પાસા રે, તમે સુનો રે;
ઉસકી ન કીજે પૂત આસા રે, તમે સુનો રે.
૧૧ જો તૂ રાખેગા ઈમાના રે, તમે સુનો રે;
હોવેગા મૂમિનકી શાના રે, તમે સુનો રે.
૧૨ ઈમાનકી રાહા ન કમાવા રે, તમે સુનો રે;
મૂમિનૂમાં નહી તૂ ગિનાવા રે, તમે સુનો રે.
૧૩ કાફિરમાં તુજે કહા વીરા રે, તમે સુનો રે;
કરે ન જો દીન કેરી પેરા રે, તમે સુનો રે.
૧૪ બેટા નૂહૂ નબીકા ડૂબાયા રે, તમે સુનો રે;
હુકમ જો માંહે વે ન આયા રે, તમે સુનો રે.
૧૫ કહા નૂહ એ બેટા નહી તેરા રે, તમે સુનો રે;
ખાલિકે એ આખીયા સવેરા રે, તમે સુનો રે.
૧૬ બેટા હોતા તેરા કહા કરતા રે, તમે સુનો રે
હુકમકૂ સીસ ધર ચલતા રે, તમે સુનો રે.
૧૭ હુકમ એ આયા રબ કેરા રે, તમે સુનો રે;
નૂહ તો ડરીલે બહુતેરા રે, તમે સુનો રે;
૧૮ કરો કેસે અવર ગુમાના રે ? તમે સુનો રે;
સુન સુન ડરો એ બયાના રે, તમે સુનો રે.
૧૯ ફરજ નમાજ હે કરની રે, તમે સુનો રે;
ચિંતા એ પૂરી મન ધરની રે, તમે સુનો રે.
૨૦ જાનને ના છોડો વે વેલા રે, તમે સુનો રે;
હોવેગા તો પંથ સોહલા રે, તમે સુનો રે.
૨૧ જાન કભી નમાજ ગુમાવે રે, તમે સુનો રે;
ફરજકી જે હે કહલાવે રે, તમે સુનો રે.
૨૨ મૂમિન ઉસથી બેજારા રે, તમે સુનો રે;
નબીસૂં રાખે હે પિયારા રે, તમે સુનો રે.
૨૩ ઈનૂકૂ હે બેજારી કરની રે, તમે સુનો રે;
બેનમાજીસૂં મન ધરની રે, તમે સુનો રે.

૮.૧૦ ઈમાનથી મોમિન ગણાય છે. ઈમાન વારસામાંનથી આવતું. સાંભળો અને દિલમાં જાણો કે ઈમાનનો વારસો નથી. બાપનું ઈમાન બાપ પાસે છે. બાપના ઈમાનની ઓલાદે આશા રાખવી નહિ.

૧૧ તું ઈમાન રાખીશ તો તારામાં મોમિનની શાન બાકી રહેશે.

૧૨ તું ઈમાનનો તરીકો ઈખ્તીયાર નહિ કરે તો મોમિન ગણાઈશ નહિ.

૧૩ જો તું દીનની વાત કબૂલીશ નહિ તો કાફિરમાંથી ગણાઈશ.

૧૪ હુકમ (ઈમાન) ન કબૂલવાથી નુહ નબીનો બેટો પણ અલ્લાહના કહેરથી પાણીમાં ડુબી મૂઓ.

૧૫.૧૭

અલ્લાહે નુહ (અ.સ.)ને કહ્યું : "હે નૂહ ! એ તમારો બેટો નથી. જો તે તમારો બેટો હોત તો અલ્લાહનો હુકમ માથે ચડાવી લેતો, અને અલ્લાહના હુકમથી નૂહ (અ.સ.) બહુજ ડરી ગયા.

૧૮ નબીના બેટાની આ હાલત થઈ તો તમે શું ગર્વ કરી શકો છો ? આ બયાનો સાંભળીને ડરો.

૧૯.૨૦ ફિકરની સાથે ફરજ નમાઝ અદા કરો. જાણીબુઝીને નમાજનો સમય છોડો નહિ. ફરજ નમાઝ અદા કરશો તો પંથ સહેલો થશે.

૨૧.૨૨ જે મુસલમાન નબી (સ.લ.) થી પ્યાર રાખે છે તે મુસલમાન જાણી બુઝીને ફરજ નમાઝ છોડનારથી નારાજ રહે છે.

૨૩,૨૪ બેનમાજીથી નારાજી જાહેર કરવી એ પણ ઈમાનનીવાત છે. તમે

૨૪ એ ભી હૈં ઈમાની બાતી રે, તમે સુનો રે.
સુન સુન કરો પાક જાતી રે, તમે સુનો રે.
ટોલે બૂઝો તીને ;
મૂમિન કાફિર મુનાફિકા, જિનૂ કૂ રબને કીન રે,
જિનૂકૂ રબને કીને.

વાત સાંભળો અને જાતને પાક કરો. અલ્લાહે મોમિન, કાફિર અને મુનાફિક એમ ત્રણ ટોળાં ક્યોછે..

## ૧૯૮૭

**હદીસ[1] : કાફિર અને મુસલમાન એમ બે 'જ ટોળાં-મુનાફિકોનું ત્રીજું ટોળું નહિ.**
**રાવી : હઝ. હુઝૈફા બિન સુલેમાન (રઝી.)**

૧ હે હુજેફ્ત કહતે, રજી અલ્લાહો અન્હો કહીએ;
સો હદીસ નબીજી, કેરી રે, લહીએ.
૨ એ સલેમાન કેરે, બેટે રે જાનો ;
એ બડે અસહાબી, હૈં રે પિછાનો.
૩ એ હદીસ હે કહતે, સુન કર લીજે;
એ બયાનકૂ સુન સુન, ચિત સહી દીજે.
૪ કહા મુનાફિક ટોલી[1]થી નબીજીકે જમાના;
સુન યૂં ઉનૂ આખા, એ બૂઝીઓ રે બયાના.
૫ કહા મુબારક જમાને, માં ટોલે તીન થે કહાલાતે.
થે મુનાફિક કાફિર, મૂમિન સુનાતે.
૬ તબ હુકમ એસા થા, શરીઅત કેરા;
કે મુનાફિક મૂમિન, કર બૂઝતે સવેરા.
૭ તબ ઉનૂકી ઐબકૂ થે રે છુપાતે ;
કે કાફિર માંહે, ન ઉનૂકૂ ગિનાતે.
૮ કે જિજ્યા ઉનપર, લેતે રે નાંહાં ;
તબ ઉનૂકૂ ગિનતે, યૂં મૂમિનૂકે માંહાં
૯ એ હિકમત કેરી, એસી થી બાતી;
કે મુનાફિક મૂમિન, માં ગિનતે જાતી.

૧.૩ હઝ. હુઝૈફા બિન સુલેમાન (રઝી.) મોટા અસહાબી છે. તેઓ નબી (સ.લ.) ની હદીસ કહે છે કા, તેને સાંભળી લો.

૪ તેઓ કહે છે કે, નબી (સ.લ.)ના જમાનામાં પણ મુનાફિકો હતા. આપ (સ.લ.)ના મુબારક જમાનામાં મુનાફિક, કાફિર અને મુસલમાન એમ ત્રણ જાતનાં ટોળાં હતાં.

૬.૯ તે જમાનામાં શરિયતમાં હુકમ મુજબ મુનાફિક અને મુસલમાન વચ્ચે ભેદ ન હતો. તે સમયે મુનાફિકોની એબ છુપાવીને તેમને કાફિર ગણવામા આવતા ન હતા. તેમને મુસલમાન ગણીને તેમની પાસેથી જિજિયો લેવાતો નહિ. તે સમયે આમ કરવામાં હિકમત હતી.

(બાકી હદીસ બયાન નં. ૧૯૮૮માં આવે છે.)

૧૦ યૂં તીન થે ટોલે, નબી કે જમાના;
હુજેફ્તને એસા, કીયા રે બયાના.
૧૧ એ સુન સુન બાતી, સમજને લીજે;
અને એક કરરબકૂ, ઈતના કહીજે. રે તૂહી.

૧૦.૧૨ હઝ. હુઝૈફા (રઝી.) એ નબી (સ..લ.) ના સમયનાં ત્રણ ટોળાં કહી બતાવ્યા. હદીસ સાંભળીને તેને સમજી લો અને અલ્લાહને એક માની કહો રે તુંહી.....

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨)ના કિતાબુલ ઈમાનના કબીરાહ ગુનાહ અને નિફાક'ના ફસલ ત્રીજીની અનુક્રમે બારમી હદીસ છે. (બુખારી)

૧૨ જમાને ખાતિમકે સહી, ટોલે બૂઝો તીન રે,
ટોલે બૂઝો તીન;
મૂમિન કાફિર મુનાફિકા, જિનૂ કુ રબને કીન રે,
જિનૂકૂ રબને કીને.

## ૧૭૮૮

## હદીસ (બયાન નં. ૧૭૮૭ થી)

૧ ભી હુજેફા કહવે, જે હમારા જમાના;
તબ હૂએ દો ટોલે, એસા કીયે રે બયાના.
૨ કે મુનાફિક અબ કો, નજરૂ આવે ;
કે. કુફર છુપાતા, સહી રે દેખાવે.
૩ કે કુફરકી છુપી, હે કરતે બાતી;
એસી મુનાફિક કેરી, કહી દીસે રે જાતી.
૪ સહી ઉસકૂ કતલ, કરેગેં હમના;
યૂં હુજેફા કહવે, જેતા મુનાફિક તંના.
૫ અને કાફિરૂકી ઉસ પર, જારી કરે હમ રીતા ;
જૂં કાફિરૂકે ઊપર, હૈં હુકમ રે કીતા.
૬ તો ટોલે હુવેડે, દો હમારે જમાના;
સો મૂમિન કાફિર, યૂં કીયા રે બયાના.
૭ અબ મુનાફિક ટોલી. સો કાફિરૂ માંહાં;
અબ તીજા તો ટોલ, કહીએ રે નાંહાં.
૮ એ હુજેફા કહવે, સુન સુન લીજે;
જાનો મુનાફિક કાફિર, માંહી રે કહીજે.
૯ ભી મુનાફિ.ક મારના, હુકમ રે કીતા;
તો કાફિરથી ભૂંડા, બહુત કહા રે દેખીતા.
૧૦ બહુત ગુસ્સા થે કરતે, નબીજી હમારે;
સો મુનાફિકૂ ઉપર, થે જે સારે.
૧૧ હૂઈ કાફિરૂસૂં ભૂંડી, બહુત મુનાફિક જાતી;
એ સુન સુન મનમાં, હે બૂઝની બાતી રે. તૂહી
૧૨ અબ નહી ટોલી મુનાફિક, મૂમિન કાફિર જાન રે.
મૂમિન કાફિર જાન;
મુનાફિક કાફિર એક હે, ટોલી એ પિછાન રે,
ટોલી એ પિછાન.

૧ .૩
હુઝ. હુઝૈફા (રઝી.) કહે છે કે
'અમારા જમાનામાં ત્રણમાંથી બેજ ટોળાં રહયાં. કુફ્રને છુપાવતા મુનાફિકો હવે નજરે આવતા નથિ, પણ તેઓ છુપી રીતે કુફ્રની વાતો કરતા દેખાતા.

૪.૬
હઝ. હઝૈફા (રઝી.) કહે છે કે 'અમે મુનાફિકોને કતલ કરી દઇએ અને કાફિરો માટે જે હુકમો છે તે તેમની ઉપર લાગુ કરી દઇએ તે ડરથી કાફિર અને હવે અમારા જમાનામાં મુસલમાન એમ બે જ ટોળાં રહયાં.

૭.૮
હવે થી મુનાફિકો કાફિરોની ટોળીમાં છે . તેમનું ત્રીજું ટોળું રહેતું નથી.

૯ મુનાફિક કાફિરથી ભૂંડો છે. તેને મારવાનો હુકમ થયો છે.

૧૦ નબી (સ.લ.) બધા મુનાફિકો ઉપર બુહજ ગુસ્સે થતા.

૧૧ મુનાફિકો કાફિરોથીયે ભૂંડા થયા. આ વાત સાંભળો મનમાં લો અને કહો.... રે તૂંહી

૧૨ હવે મુનાફિકો રહયા નથી. ફક્ત મુસલમાન અને કાફિર એમ બે જ ટોળાં છે. મુનાફિકો અને કાફિરો હવે એકજ જમાતમાં છે.

## ૧૭૮૯ — પીર મશાયખ (રહે.) મુનાફિકોને કહે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | સાચા હે ખાતિમ નબી હમારા રે;<br>સુલતાન અંબિયા રબે સન્વરા રે. | ૧.૨ | આપણા સાચા નબી (સ.લ.) ને અલ્લાહે સુલતાનુલ અંબિયા બનાવ્યા. એમના લીધે અલ્લાહે બધું જગત બનાવ્યું. અને આપને હબીબ (અત્યંત પ્યારા) નામ આપીને ચાહ્યા છે. |
| ૨ | ઈન કાજે સબ જગ પેદા હે કીતા રે;<br>હબીબ નામસૂં ચાહતા હે મીતા રે. | | |
| ૩ | કાન ધર સુનો મુનાફિક ટોલી રે.<br>છોડને જૂઠી તુમારી બોલી રે. | ૩.૪ | મુનાફિકો ! કાનધરીને સાંભળો. તમારી જૂઠી બોલી છોડો. તમે નબી (સ.લ.)ને ચાહતા નથી તો તેમના ઉમ્મતિ શી રીતે કહેવડાવો છો ? |
| ૪ | તુમના ક્યૂં નબીકૂ નહીં ચાતે રે ?<br>ઉમ્મતી તો હૂએ હો કેસે કહલાતે રે ? | | |
| ૫ | મુકર દીનસૂં હો પડતે રે;<br>રાહા કુફર છાની હો ચલતે રે. | ૫.૬ | તમે મુનાફિકો દીનથી ઉલટા પડો છો અને છુપી રીતે કુફ્રની ચાલ ચાલો છો. તમે એવા ઢંગે ચાલશો તો તમે બધાય માર્યા જશો. |
| ૬ | એસે ઢંગૂ તુમ જાહો મારે રે;<br>સુનો મુનાફિક તુમ સારે રે. | | |
| ૭ | તુમના હો કાફિર કેરી ટોલી રે.<br>ફાંસૂં હો મૂમિનકી કરો બોલી રે. | ૭ | તમે કાફિરોની જમાતના છો તમે ફોગટ પોતાને મુસલમાન કહો છો. |
| ૮ | મૂમિન દુશ્જિન તુમના જાતી રે;<br>ચૂન ચૂન મારેંગે સુનીઓ બાતી રે. | ૮.૧૦ | મુસલમાનો તમારા દુશ્મનો છે. તમને વીણી વીણીને મારશે એવો દીનનો હુકમ અમોએ સાંભળી લીધો છે. દીનના હુકમ આગળ કોઇ રસ્તો નથી. કોઇ બિચારો કાંઇ કરી શકે નહિ. |
| ૧૦ | હુકુમ આગે નહી ચારા રે;<br>ઓર કુછ કરના નહી બિચારા રે. | | |
| ૧૧ | જેસાહી હુકુમ દીન સુનીતા રે;<br>હમકૂ હે કરની વેસી રીતા રે. | ૧૧.૧૪ | જેવો દીનનો હુકમ છે તેવું જ અમારે કરવું પડશે. અમો તમોને વીણીવીણીને મારીશું અમારો બાદશાહ (ઓરંગઝેબ) અમારા દીનનો છે. તે તમારા મકર જાણશે ત્યારે તમને બધાયને વીણી વીણીને મારશે. |
| ૧૪ | તબ તમૂ ચુન ચુન સબકૂ મરાવે રે;<br>મકર કામ તુમારા ન આવે રે. | | |
| ૧૫ | તૌબા તો કરોને બેગી તુમ્ના રે;<br>મૂમિન હોઓને ભાઇ હમ્ના રે. | ૧૫.૧૬ | તમે જલદીથી તૌબા કરો અને અમારા મોમિનભાઇ બનો અથવા કાફિરોની ટોળીમાં જાઓ અને શરિયતનું રક્ષણ (અમાન) મેળવો. |
| ૧૬ | નહી તો કાફિર ટોલી કહલાઓ રે;<br>અમાન આ જગમાં તો પાહો રે. | | |

## ૧૭૯૦ — પીર મશાયખ (રહે.) રહે છે : સાંભળો જીવ ! સાંભળો વીર !

| | | | |
|---|---|---|---|
| ૧ | સુનો જીવ હો, સુનો વીર હો,<br>સુન-સુન હોના ઇમાની, ઇમાન મૂમિન નિશાની;<br>ઇમાન તો સહી કરના, મનમાં ધરના જી. | ૧ | સાંભળીને ઇમાનવાળા થાઓ. ઇમાન મોમિનની નિશાની છે. ઇમાનને સહી કરો અને દિલમાં ધરો. |

| | | | |
|---|---|---|---|
| ૨ | સુનો જીવ હો, સુનો વીર હો,<br>મુનાફિક કેરી જે હે ટોલી, જાૂઠી જે કસ્તે બોલી;<br>કાફિર ઉનૂ કૂ જાનો, એ પિછાનો જી. | ૨ | મુનાફિકો જૂઠી વાતો કરે છે તેમને ઓળખીએ લો. તેઓ કાફિર છે. |
| ૩ | સુનો જીવ હો, સુનો વીર હો,<br>કાફિર ચાવેંગે ટોલી જાૂઠી જે કસ્તે હે બોલી;<br>મૂમિન જાૂઠે કહલાતે, આપ છુપાતે જી. | ૩ | જૂઠા મુનાફિકો કાફિરોને ચાહે છે., પણ મુસલમાનો આગળ જૂઠું બોલીને પોતાની જાતને છુપાવે છે. (પોતાને મુસલમાન કહે છે. ) |
| ૪ | સુનો જીવ હો, સુનો વીર હો,<br>વે તો હે દુરિજન દીના, હુકમ દીન એસા કીના;<br>ઉનૂ સેતી ન રાખો પીતા, એ સુનીતા જી. | ૪ | દીનનો હુકમ છે કે મુનાફિકો દીનના દુશ્મનો છે. તેમનાથી પ્રેમ ન રાખો. |
| ૫ | સુનો જીવ હો, સુનો વીર હો.<br>મારોને મુનાફિક જાતી, હુકમ દીનકી સુનો બાતી;<br>તીજા ટોલા રહવે નાંહાં, એજગ માંહાં જી. | ૫ | હુકમ છે કે મુનાફિકોને મારો. તેમનું ટોળું બાકી રાખો નહિ. |
| ૬ | સુનો જીવ હો, સુનો વીર હો,<br>મૂમિન ને કુફફાર કહીએ, ટોલે એ દો રહવે લહીએ;<br>તીજા ટોલા દૂર કરના, મનમાં ધરના જી. | ૬ | એક વાત મન ધરો કે મુસલમાન અને કાફિર એમ બેજ ટોળાં છે ત્રીજા ટોળાને દૂર કરો. |
| ૭ | સુનો જીવ હો, સુનો વીર હો,<br>જિજયા જે દેવે કુફફારા, ઉસ પર તમે રાખો પિયારા.<br>મૂમિન ભાઈ દીન કેરા, હે સવેરા જી. | ૭ | કાફિરો જિજિયો આપીને શરણે રહે છે. તેમની ઉપર મુસલમાન જેટલો જ પ્યર રાખો. |
| ૮ | સુનો જીવ હો, સુનો વીર હો<br>હે જે જાૂઠેકે બોલનારે; મારો સારે જી. | ૮ | દીનનો હુકમ બનવાથી હવે બેજ ટોળાં રહયાં. જુઠા બોલા મુનાફિકોને મારો. |
| ૯ | સુનો જીવ હો, સુનો વીર હો,<br>મુનાફિક જિજયા દેવે નાંહાં, તાંબે દીન તો હૂઆ નાંહાં;<br>મૂમિન નહી દેખાતા, ખોટા ચાતા જી. | ૯ | મુનાફિકો જિજિયો આપતા નથી એટલે દીનના તાબે નથી. તેઓ ખોટો તરીકો ચાહે છે., એટલે મુસલમાન પણ નથી. |

## ૧૭૮૧

## હદીસ : ઉમ્મતના વસ વસા પર પકડ નથી.
## રાવી : અબુ હુરૈરા (રઝી.)

૧૭૮૧

| | | | |
|---|---|---|---|
| ૧ | અબી હુરેરા રજી અલ્લાહ, અન્હો કહીએ;<br>એ હદીસ હે કહ્તે, નબીજીકી લહીએ. | ૧.૩ | અબુ હુરૈરા (રઝી.) નબી (સ.લ.) થી સાંભળીન યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસને ઘણા અસ્હાબીયો (રઝી. અન્હુમ) એ પણ સાંભળી હતી. |
| ૨ | સો ફરમૂદા અપને, નબીજી હો કેરા ;<br>વે અસહાબી બહુનૂને, સુનીયા સવેરા. | | |
| ૩ | વે ઉનૂને સુન કર, સબ યાદ રે રાખા;<br>વે બયાન તો સારા, ખોલ કર દાખા. | | |

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨)ના કિતાબુલ ઈમાનના 'વસવસા'ના બયાનની પહેલી ફસલની પહેલી હદીસ છે. મુત્ત : અલયહે (બુખારી – મુસ્લિમ)

૪ ક્હા તહકીક રબ હે, બખશન હારા,
નબી ક્હવે જે ઉમ્મતકા, મેરા બંદા રે સારા.
૫ સો બખ્શે વસવાસ, આપ રે ઈલાહી;
સુનો મુબારક જાુબાંસૂં એ બાત ફરમાહી.

૪.૫ નબી (સ.લ.) એ ફરમાવ્યું કે "અલ્લાહનો જે બંદો મારી ઉમ્મતમાં છે. તેના વસવસા અલ્લાહ ચોક્કસ બક્ષનાર છે."

૬ કે ઉમ્મતકે સીને મોહે, વસવાસ આતા;
વે વસવાસ શૈતાની, હે રે દેખાતા.
૭ કે ખતરા બાકર, હે દિલકૂ ફિરાતા;
સહી વસવાસ ઉસકા, નામ હે સુનાતા.

૬.૭ ઉમ્મતના દિલમાં શેતાન વસવાસ લાવે છે. શેતાન દિલમાં ખતરો નાખીને દિલને ફેરવે છે તેને વસવસો ક્હે છે.

૮ વે નબીજીને ક્હ્યા, આપ બખશે ઈલાહી;
એ ખાતિમકી ઉમ્મતકી, હે રે બડાહી.

૮ નબી (સ.લ.)ની ઉમ્મતની આ મોટાઈ છે કે અલ્લાહ ઉમ્મતના વસવાસઓને બક્ષી દેશે.

૯ સો જબ તક અમલ, ન કરે રે વેસા;
જે વસવાસા દ્લિમાં, આયા રે તેસા.
૧૦ અને ન કીતી જીભસૂં; વસ્વાસકી બાતી;
સહી તબ તક બખ્શી, વે જાવે રે જાતી.

૯.૧૦ "બંદાના દિલમાં જે વસવસો આવે તે મુજબ બંદો અમલ ન કરે અને જીભથી તે વિષે કોઈને વાત ન કરે તો અલ્લાહ તેના વસવસા માફ કરશે.

૧૧ એ સુન સુન બયાન, સહી કર લીજે;
અને એક કર રબકૂ મન ઈતના દીજે. રે તૂહી.

૧૧ આ બયાન સાંભળીને સાચા માનો અને અલ્લાહને એક માની મનથી ક્હો......... રે તુંહી.

૧૨ ઉમ્મત ખાતિમ નબીકી, બખશન હારા રબ રે,
બખશન હારા રબ;
વસ્વાસ જે શેતાનકે, ખતરે આવે સબ રે,
ખતરે આવે સબ.

૧૨ જે શેતાની વસવસા નબી (સ.લ.)ની ઉમ્મતના દિલમાં આવે છે તેને અલ્લાહ બક્ષી દેનાર છે.

## ૧૭૪૨

## પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

૧ વસવાસ જે શેતાની, દિલ માંહી આવે;
સહી વે કિસે જીભસૂં ના રે સુનાવે..
૨ અને. અમલ ભી વૈસા, કરે રે નાંહાં ;
ન એ તો લિખાવે, નામેંકે માંહાં
૩ એ બખ્શા જાવે, યૂં હુકમ હૈ કીતા ;
કે ખાતિમકી ઉમ્મતકૂ બહુત ચાહ્તા હૈ મીતા.
૪ એ માફ કરે વસ્વાસ, સુરજન હારા;
યૂં ખાતિમકી ઉમ્મતકૂ બહુત કરતા હે પિયારા.

૧.૪ કોઈના દિલમાં શેતાની વસવસો આવે અને તેને તે માણસ જીભથી કોઈને સંભળાવે નહિ, તેમજ તેની ઉપર અમલ ન કરે, તોતે વસવસા અમલનામામાં લખાતા નથી. નબી (સ.લ.)ની ઉમ્મતને અલ્લાહ ચાહે છે. એટલે તેના વસવસા માફ કરશે.

૫ સો જબ તક જીભસૂં બોલે ન બાતી;
જે વસવાસ આતા, હે ઈસકી જાતી.

૫.૭ અલ્લાહે નબી (સ.લ.)ની ઉમ્મત પર કરમ (દયા) કર્યો છે કે વસવસાને જીભથી

૬ અને અમલ ભી વૈસા, કરે રે નાંહાં ;
વે ગુનાહ ન લિખાવે, નામેંકે માંહાં
૭ યૂં કરમ તો રબને, હે રે કીતા;
બહુત ખાતિમકી ઉમ્મતકૂ ચાહતા હે મીતા.
૮ ઓર ઉમ્મતકૂ એસી, ન થી રે રીતા;
વે વસ્વાસ દિલકા, થા લિખીયા સુનીતા.
૯ જે ઈનૂંકે દિલમાં, વસ્વાસ આતા;
વે ગુનાહ નામેમાં, લિખીયા સુનાતા.
૧૦ વે ખાતિમકી ઉમ્મતકૂ રબે માફ રે કરાયા;
એસા સુલતાન અંબિયા, રબને બનાયા.
૧૧ દેખ એસી એસી ખૂબીસું, હે નબીજી હમારા;
ફટ મુનાફિક પાપી, ન ક્યૂં બૂઝે રે ગમારા ?
૧૨ તોબા કર હો ઉમ્મતી, ઉસ નબીજી હો કેરા;
અને એક કર ઈતના, તૂ કહને સવેરા. રે તૂહી.
૧૩ વસ્વાસ જે શેતાનકા, બખશન હારા રબ રે,
બખશન હારા રબ;
ઉમ્મત જે ખાતિમકી, જેતે બંદે સબ રે,
જેતે બંદે સબ.

કોઈ આગળ બયાન ન કરે
તેમજ તે ઉપર અમલ ન કરે તો તે વસવસો
ગુનાહમાં લખાતો નથી.

૮,૯ બીજા નબીયોની ઉમ્મત ઉપર અલ્લાહની આ
મહેરબાની ન હતી. તેમના દિલોના વસવસા તેમના
ગુનાહમાં લખાતા.

૧૦,૧૧ આપણા નબી, સુલ્તાનુલ અંબિયાને અલ્લાહે એવો
ખૂબીવાળો દરજ્જો આપ્યો છે કે આપની ઉમ્મતના
વસવસા અલ્લાહે માફ કર્યા. મુનાફિક પાપીને સમજ
કેમ પડે ?

૧૨ તોબા કરો અને મહાન નબી (સ.લ.)ના ઉમ્મતિ બનો
અને અલ્લાહને એક માની ને કહો – રે તૂહી

૧૩ જેટલા બંદાઓ નબી (સ.લ.)ના ઉમ્મતિ છે. તેમના
શેતાની વસવસા અલ્લાહે માફ કર્યા છે.

## ૧૭૯૩

## પીર મશાયખ (રહે.) સમજાવે છે.
## વસવસાથી શેતાન હાર્યો

૧ સુનો સુનો, દીન કેરે ભાઈ;
ઉમ્મત ખાતિમ, કેરી રે બડાઈ.
બડાઈ તો ખીતમ નબીઅકી, જાનો તો કઈ કઈ રીત રે ;
ઉમ્મતા ઈસ ખાતિમકા, ચાહતા હે નેહસૂં મીત રે.
ખતરા શેતાની દિલમાં, આવે જે કુછ વસવાસ રે;
વે તો નહી નામે ચઢે, સાચી એ રાખો આસ રે.
૨ ઉમ્મતી હોઈયે, ખાતિમ કેરે;
છૂટને કાજ, બેગી રે સવેરે.
છૂટને કાજે ઉમ્મતી, હોને ખાતિમ કેરે રે;
શેતાન ન ગલબા કરે, ખૂબી સુનો સવેરે રે.
વસ્વાસ શૈતાન કેરડા, નામે નહી ચઢસે સહી ;
ખાતિમકી ઉમ્મત પર, કરમ યૂં કરે દહી.

૧ દીનના ભાઈ ! નબી (સ.લ.)ની ઉમ્મતની મોટાઈ
સાંભળો. આપ (સ.લ.)ની બુઝુર્ગી અનેક રીતે છે.
અલ્લાહ આપની ઉમ્મતને પ્યારથી ચાહે છે.
શેતાની ખતરાનો વસવસો ઉમ્મતિના દિલમાં આવે
તો દિલમાં આશા રાખો કે તેનો ગુનાહ તેના નામે
ચડશે નહિ.

૨ છૂટકારો જોઈએ તો નબી (સ.લ.)ના ઉમ્મતિ બનો.
જો ઉમ્મતિ બનશો
તો શેતાન તમારી ઉપર
વર્ચસ્વ (ગલબો) જમાવશે નહિ.
ઉમ્મતિ ઉપર અલ્લાહના કરમથી
તેના વસવસા તેના નામે ચડશે નહી.

૩ જે ખાતિમ કેરા, ઉમ્મતી કહેલાવે ;
શૈતાન ઉસ પર, ગાલિબ ન આવે.
ગાલિબ ન શેતાન આવે, ઉમ્મત ખાતિમ કેન રે,
નામે નહી વસવસા ચઢીયા, વે તો જે લાવે મન રે.
દુશ્જિન ઉમ્મત છલ પાડી, ઓર તો એસે ઢંગ રે;
વસવાસ દિલમાં ઉનકે, બાતા તો થા કઈ કઈ રંગ રે.

૩ નબી (સ.લ.)ના ઉમ્મતિ ઉપર શેતાન વર્ચસ્વ જમાવહે નહિ, તેથી ઉમ્મતિના મના વસવસા તેના ગુનાહમાં ચડશે નહિ. શેતાન ઉમ્મતને ગુનાહમાં નાખવા કપટ કરીને ઘણી રીતે દિલમાં વસવસા નાખી ઘણા રંગ કરતો.

૪ દી નબી ઉમ્મતકૂ રબને બડાઈ;
તો દુશ્જિન હારે, પૂરી રાહ પાઈ.
દુશ્જિન પાઈ હાર જાનો, થા જે ઉસકે ઢંગ રે.
વસ્વાસ ન નામે ચઢે, કસ્તા જે કઈ રંજ રે.
એસી બડાઈ મુસ્તુફા, નબી કેરી જાનીએ;
બખ્શી પાવે ઉમ્મતી, હોવે સહી પરમાનીએ.

૪ પણ, અલ્લાહે નબી (સ.લ.)ના ઉમ્મતિના વસવસા માફ કરીને તેને મોટાઇ આપી. શેતાન તેના રંગ–ઢંગથી હાર પામ્યો. મુહમ્મદ મુસ્તુફા (સ.લ.)નીબુર્ઝુગી છે કે તેમન.ા ઉમ્મતિને વસવસાથી બક્ષી દીધા છે, એ બરાબર જાણી લો.

## ૧૭૯૪

## પીર મશાયખ (રહે.) કહે છે : તમે સાંભળો

૧ સુન સુન મૂમિન ઈમાની રે ; તમે સુનો રે;
ઉમ્મતકી ખૂબીકી નિશાની રે, તમે સુનો રે.
૨ ખાતિમકા ઉમ્મતી કહલાવે રે, તમે સુનો રે;
શેતાનસૂં નજાત વે પાવે રે, તમે સુનો રે;

૧.૨ નબી (સ.લ.)ના ઉમ્મતિની એ ખૂબી છે કે ઉમ્મતિ હોવાથી શેતાનના વસવાથી તેને મુક્તિ મળે છે.

૩ શેતાન હે વસ્વાસ લાવે રે, તમે સુનો રે;
કઈ ઢંગૂ દિલ હે ફિરાવે રે, તમે સુનો રે.
૪ શેતાનકે બડે એ કામા રે, તમે સુનો રે;
ખતરા લાવે દિલ ઠામા રે, તમે સુનો રે.

૩.૪ શેતાન ઘણી રીતે વસવસા લાવીને દિલને ફેરવે છે. દિલમાં ખતરો લાવવો એ શેતાનનું મોટું કામ છે.

૫ આઠ પહર અનંત અપારા રે, તમે સુનો રે;
કઈ કઈ ભાંતના શુમારા રે, તમે સુનો રે.
૬ ઉમ્મતી પહલીકૂ યૂં કરાતા રે, તમે સુનો રે;
વે ગુનાહ નામે થા ચઢાતા રે, તમે સુનો રે.
૭ આજિજ યૂં સબૂ કરાએ રે, તમે સુનો રે ;
લોક પહેલે ઉમ્મતી કહલાએ રે, તમે સુનો રે ;

૫.૭ પહેલી ઉમ્મતોના દિલોમાં. આઠે પહોર, ભાતભાતની ગણત્રીએ શેતાન વસવસા નાખી તેમના નામે ગુનાહો ચડાવતો અને તેમને લાચાર કરતો.

૮ ખાતિમકે ઉમ્મતી જે કહીએ રે, તમે સુનો રે;
રબને બખ્શી લહીએ રે, તમે સુનો રે.
૯ શૈતાનકે જે વસવાસા રે, તમે સુનો રે ;
નામે નહી ચઢે સહી આસા રે, તમે સુનો રે.

૮.૧૨ પરંતુ, નબી (સ.લ.)ની ઉમ્મતને અલ્લાહે વસવસાના ગુનાહમાંથી બક્ષી દીધી . હોવાથી તે ગુનાહ લખાતા નથી. આમ થવાથી શેતાનનું જોર ભાંગી

૧૦ ભાગા જોરા શૈતાન કેરા રે, તમે સુનો રે ;
અબ ઠંગ કરે ક્યા અનેરાં રે, તમે સુનો રે ;
૧૧ હાથ પગ હિલા નહી સક્તા રે, તમે સુનો રે ;
જીભ પર જોર નહી ચલતા રે, તમે સુનો રે.
૧૨ ન થા દિલ બંદે હાથ સીના રે, તમે સુનો રે;
વસવાસ બાતા યૂં કીના રે, તમે સુનો રે.
૧૩ વે તો રબે બખશિશ કીતી રે, તમે સુનો રે;
રબે ખૂબી ઉમ્મતકૂ દીતી રે, તમે સુનો રે
૧૪ પછે જે કો હોવે સૂઝ બિના રે, તમે સુનો રે.
દુશ્જિન લૂટે વે તેના રે, તમે સુનો રે.

ગયું. શેતાન હવે શું રીત અજમાવે ? શેતાન બંદાના હાથ પગ હલાવી શક્તો નથી, અને જીભ પર તેનું જોર ચાલતું નથી. તેથી "બંદાનું દિલ બંદાના હાથમાં ન હોવાથી શેતાન તેમાં વસવસા નાખી ફેરવવાની કોશિષ કરે છે.

૧૩/૧૪ અલ્લાહે ઉમમતને ખૂબી આપીને વસવાના ગુનાહમાંથી બક્ષી દીધી. પરંતુ જે કોઇ સુઝ વિનાનો હોય તેનાથી શેતાન ગુનાહ કરીને તેનું ઇમાન લૂંટે છે.

## ૧૭૯૫

## હદીસ: વસવસાના બયાન માં
## રાવી : અબુ હુરેરા (રઝી.)

**૧ અબી હુરેરા રજીઅલ્લાહો, અન્હો હે કહતે;**
**જો હદીસ નબીસું, સુન હે લેતે**
**૨ એક અસહાબી નબીકા, પાસ નબીકિ આયા;**
**સો પૂછને કેરા, સોચ મન લાયા**
**૩ કહા મેરે દિલ વસવાસ, બહુત ખતરા હે આતા;**
**સો બડા રે અજીમ, હે મુજકૂ દેખાતા.**
**૪ ઉસ ખતરેકૂ મકરૂહ, મેં કહુ હું ચાતા ;**
**કે કિસીકે આગે, એ ન કહૂ મેં બાતા.**
**૫ એ કહુ ન કિસીકૂ, મેં મકરૂહ હૈં જાના ;**
**જે ખતરા મેરે, હૈં દિલમાં પિછાના.**
**૬ વે ભારી હે જાના, મેં કિસીકૂ કહના;**
**યૂ નબીજીકૂ ઉનૂને, આપ કીયા રે બેના.**
**૭ તબ મુબારક જુબાંસે, ખાતિમે પૂછાયા;**
**સહી મકરૂહ ન કહના, ભારી તમ દિલ આયા.**
**૮ તબ કહા એ રસૂલુલ્લહ, યૂં હાં સહી;**
**જૂ હકીક્ત તુમારે, આગે મેં કહી.**
**૯ તબ નબીજીને આખા, એ જાહિર ઈમાના;**
**ન કહના કિસીકૂ, ઈમાન નિશાના.**
**૧૦ બહુત અસહાબીયૂં હદીસ, સુની થી કાના;**
**અબૂ હુરેરાને જેસા, કહા રે બયાના.**

૧/૨ હઝ. અબુ હુરૈરા (રઝી.) નબી (સ.લ.)થી સાંભળેલી હદીસ કહે છે કે આપ (સ.લ.) પાસે કેટલાક અસહાબીયો કાંઇક પૂછવા માટે આવ્યા.

૩/૬ તે અસહાબીઓએ કહયું : "અમારા દિલમાં બહુજ વસવસા અને ખતરા આવે છે જે ખતરા અમને બહુજ ભારે લાગે છે અને આ ખતરા કોઇની આગળ કહીયે તે અમને બહુજ ખરાબ (મકરૂહ) લાગે છે અને ભારે લાગે છે.

૭ ત્યાર પછી આપે (સ.લ.) તે અસહાબીયોને જબાન મુબારકથી કહયું : "શું તે વાત તમારા દિલને ભારે લાગે છે ? યાને તેને ખરાબ ન કહો."

૮ પછી તે અસહાબીયોએ કહયું : "હે અલ્લાહના રસૂલ (સ.લ.) અમોએ જે કાંઇ કહયું તે સાચુ છે.

૯ આપે (સ.લ.) કહયું : "વસવસા કોઇને ન કહેવા તે ઇમાનની નિશાની છે."

૧૦ હઝ-અબુ હુરૈરા (રઝી.) એ સાંભળેલી આ હદીસ બીજા અસહાબીયો (રઝી. અન્હુમ) એ પણ કાને સાંભળી હતી.

(૧) મિશ્કાત (ભાગ ૧ વિભાગ ૨) ના કિતાબુલ ઈમાનના વસવસા ના બયાનની પહેલી ફસલની બીજી હદીસ છે. (મુસ્લીમ)

૧૧ એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને એક કર કહો, દિન ઓર રાતી. રે. તૂહી.
૧૨ ખતરા જે શેતાનકા, આવે મૂમિન મન રે,
આવે મૂમિન મન;
વે ન કિસીકૂ આખીએ, ન અમલ કીજે તન રે,
ન અમલ કીજે તન.

૧૧ હદીસની આ વાત સાંભળીને પોતાને પાક કરો અને અલ્લાહને એક માનીને રાતદિન કહો– રે તૂંહી.

૧૨ મોમિનના દિલમાં શેતાની ખતરા આવે તો તેને કોઈની આગળ કહે નહિ, અને તેની ઉપર અમલ પણ કરે નહિ.

## ૧૭૯૬ બિરહા

૧ સુન સુન ભાઈ દીનકે, એસી હે દીનકી બાત રે;
ખતરા કભી શેતાનકા, આવે જો તેરી જાત રે.
૨ વે બાત ન કિસીકૂ કહી, અમલ ન કીજે સહી;
ખાલિક વે બખ્શે સહી, અપના તો વે આપ દહી.
૩ ખતરા હે છાના રાખના, મૂમિન અપને દિલ રે;
સોચ જે ખતરે કેરડા, એક ડગ ન તૂ ચલ રે.
૪ ઈમાન એ જાહિર સહી, ખાતિમ ફરમાહીયા;
ખતરા હે છાના રાખીયા, હુકમ એ પઢાહીયા.
૫ નામે ચઢે પાતક નહીં, એસીજ કરની રાત રે;
ઉમ્મતખાતિમનબીઅકી,ચાહતાહેઅપનામીતરે.
૬ ધન ધન જીવના અપના, ધન ધન એ વીર રે
ઉમ્મતી હૂએ ખાતિમકે, સુખ પાવે સરીર રે.
૭ સુલ્તાન જાનો અંબિયા, ખાતિમ એ રસૂલ રે;
ઈનૂ કાજે સબ પેદા કીયા, સબ જીવકે એ મૂલ રે.
૮ નૂરી ભેજે દુરૂદકૂ, જહાં તક સબ આસમાન રે;
એસા નબી ન કો હૂઆ, બુજારગ ઉસકી શાન રે.
૯ ફટ મુનાફિક બાપડે ભૂલા ભમે કિસ કાજ રે ?
તારીફ સુને ના ઉમ્મતી, હોતે ન આવે લાજ રે.

## ૧૭૯૬ બયાન

૧/૨ દીનના ભાઈ ! દીનની આ વાત સાંભળ. તારી જાતમાં અગર શેતાની ખતરો આવે તો તેની વાત કોઈને કર નહિ, અને તે ઉપર અમલ પણ કર નહિ, અને જો તું તેમ કરીશ તો આપણો સર્જનહાર અલ્લાહ તને બક્ષી દેશે.

૩/૪ દિલના ખતરાને દિલમાંજ છાનો રાખો અને તેના ઉપર એક ડગલું પણ અમલ ન કરો. ખતરાને છાનો રાખવો એ ઈમ.નની નિશાની છે. એમ નબી (સ.લ.) એ ફરમાવ્યું છે.

૫ નામે પાપ (ગુનાહ) ચડે નીહ એવું અમલ કરો. આપ (સ.લ.)ની ઉમ્મતને અલ્લાહ બહુજ ચાહે છે.

૬ આપ (સ.લ.)ના ઉમ્મતિ થવામાં જીવન, દિવસ અને ઘડી ધન્ય છે. અને આખેરતનું પણ સુખ છે.

૭ અંબિયાઓના સુલતાન અને આખરી રસૂલ (સ.લ.) બધા જીવોનું મૂળ છે. તેમના માટે અલ્લાહે જગતમાં બધુંજ પેદા કર્યું.

૮ નબી (સ.લ.)ની બુર્ઝુગી એવી છે કે જ્યાં સુધી આસમાન રહેશે ત્યાં સુધી ફરિશ્તાઓ આપ (સ.લ.)ની ઉપર દુરૂદ મોકલતા રહેશે.

૯ ફટ મુનાફિક તું મારગ ભૂલ્યો કેમ ભમે છે ? ઉમ્મતિ થઈને નબી (સ.લ.)ની બુર્ઝુગી સાંભળીને પણ તને લાજ કેમ નથી આવતી ?

૧૭૯૭

૧ અબી હુર્રૈરા હે કહતે, રજી અલલાહો અન્હો જાનો;
સો હદીસ નબીજી, કેરી રે માનો.
૨. સો જે મુબારક જુબાંસૂ હુકમ પઢાયા ;
સો અસહાબી બહુતૂકે કાનૂ રે આયા ;
૩ અબી હુર્રૈરાને સુન કર, યાદ વે રાખા ;
વે હદીસકા બયાન ખોલ કર દાખા ;
૪ કિસી તમૂ પાસ ખાતિમને, કહા શૈતાન હૅ આતા;
વે વસવાસ ખતરા , હૅ દિલ માંહી બાતા
૫. વે શૈતાન ઈબલીસ, કે ઑર રે શૈતાનના ;
જે ઈબલીસ કેરા, લશ્કર રે જાના
૬. વે શૈતાન આવ કર, યું રે આખે ;
વે વસવાસ ખતરા ,દિલ માંહે નાંખે.
૭. એક એકને પૈદા, એ કિને રે કીતા ?
યૂં પૂછતા જાવે જહાં લગ મીતા.
૮. પછે પૂછે કે ખલિક, કિને હૅ બનાયા ?
એ રબકૂ પૈદા કિને હૅ કરાયા.
૯. યું પૂછતા પૂછતા, શૈતાન રે જાવે ;
સો ખાલિક કે નામમાં, ખતરા બાવે.
૧૦. તબ અઉજો બોલ, હૅ બંદેકૂ પઢની ;
સો પનાહ રબ પાસે, ચાહની મન ધરની.

૧૧. એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી ;
અને એક કર કહો, દિન ઑર રાતી. રે તૂહી
૧૨ શૈતાન ખાલિક નામમાં, જબ કરે વસવાસ રે,
જબ કરે વસવાસ ;
અઉજો તબ હૅ પઢની, હો કર બંદા દાસ રે,
હો કર બંદા દાસ.

---

૧૭૯૭

૧

**હદીસ: શૈતાની ખતરા વખતે ' અઉજો ' પઢો**

**રાવી : હઝ. અબુ હુરૈરા (રઝી.)**

૧.૩ હઝ. અબુ હુરેરા (રઝી) નબી (સલ.) થી સાંભળી ને યાદ રાખેલી હદીસ કહે છે. બીજા અસ્હાબીયો (રઝી.) એ પણ આ હદીસ સાંભળી હતી.

૪.૯ આપે (સલ.) કહયું : ' તમારા કોઇની પાસે શેતાન ઇબ્લીશ કે તેનું લશ્કર આવે અને દિલમાં વસવસા નાખી કહે કે એક થકી એક એમ બધાયને કોણે પેદા કર્યા ? અને તેમ કરતો, પ્રશ્નો પૂછતો અલ્લાહ સુધી લઇ જાયકે અલલાહને કોણે પેદા કર્યો ? આમ કરી તે અલ્લાહના વિશે દિલમાં ખતરો નાંખે,

૧૦ ત્યારે, બંદા એ 'અઉજો બિલ્લાહી મિનશ્શયતા નીર રઝીમ' કહી અલ્લાહનું રક્ષાણ (પનાહ) માંગવું' (અને વસવસો ખતમ કરવો).

૧૧ દીનની વાત સાંભળીને પોતાને પાક કરો અને અલલાહને એક માનીને રાતદિન કહો – રે તુંહી

૧૨. શેતાન અલ્લાહના નામમાં દિલમાં વસવસાલાવે ત્યારે અલ્લાહના બંદા (દાસ) થઇને અઉજો....... પઢવું

૧. મિશ્કાત (ભાગ–૧ વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનના વસવસાના પ્રકરણની પહેલી ફસલની ત્રીજી હદીસ છે. મુત્ત– અલય હે (બુખારી – મુસ્લિમ)

૧૭૯૮

૧ અબી હુરૈરા રજી અલલાહ, અન્હો કહીએ ;
વે હદીસ ખાતિમ, નબીજીકી લહીએ.
૨ સો ફરમૂદા અપને, નબીજી હો કેરા ;
વે અસહાબી ઑફને, સુનીયા સવેરા.
૩ સો ઈનૂને સુનકર, યાદ રે રાખા ;
વે બયાન તો હદીસકા ખોલ સબ દાખા
૪ કહા હમેશાં શૈતાન, આવ બંદેકૂ પૂછાવે ;
વે ખતરા દિલમાં, ઍસા રે લાવે.
૫ કે પૈદા કિને ? એ કૌન રે કીતા ?
યૂં પૂછતા જાવે, નામ રે મીતા.
૬ પૂછે ખાલિક નેં ખિલક્ત, સઘલી બનાહી ;
કિને ખાલિક બનાયા, મુજે કરને આગાહી.
૭ જબ ઈતા કહ શૈતાન, કરે ખતરેકી બાતી ;
જબ ઍસા ખતરા, પહુંચે મૂમિનકી જાતી.
૮ તબ આમનતો બિલ્લાહ હૅ રે કહના :
એ ફરમૂદા નબીકા, સુન કર લહના.
૯ એ સુન સુન મૂમિન, હોના ઈમાની ;
દૂર કરના ખતરા, જે શૈતાન નિશાની.
૧૦ પન જીભસૂં કિસીકૂ વે આખે રે નાંહા ;
વે દૂર તો કીજે, આપ મનકે માંહાં.
૧૧ યૂં ઈમાની હૅ હોના, એ સુન બૅના ;
એક કર રબકૂ નિત ઈતના કહેના
રે. તૂહી.
૧૨ શૈતાન ખતરા લાએસિ, ખાલિક કેરે નામ રે,
ખાલિક કેરે નામ ;
છાના દૂર કરો સહી, ઉસકૂ દિલકે ઠામ રે,
ઉસકૂ દિલકે ઠામ.

૧૭૯૮

૧

હદીસ : શેતાની ખતરા વખતે
'આમન્તો બિલ્લાહ' ચઢો..
રાવી : હઝ અબુ હુરૈરા (રઝી.)

૧.૩ હઝ. અબુ હુરેરા (રઝી.) નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. બીજા અસ્હાબી (રઝી.) પણ હદીસ સાંભળી હતી.

૪.૯ આપે (સલ.) ફરમાવ્યું : 'શેતાન બંદાના દિલમાં ખતરો લાવી પ્રશ્ન કરાવે કે કોને કોણે પેદા કર્યો ? અને તેમ કરતો અલ્લાહ સુધી લઈ જાય કે સર્જનહારે બધી સૃષ્ટિ (ખલક્ત) બનાવી તો તે ખાલિક (સર્જનહાર) ને કોણે બનાવ્યો ? શેતાન આમ કહીને મોમિનના દિલમાં ખતરો પહોચાડે ત્યારે આમન્તો બિલ્લાહ (હું અલ્લાહ –અને તેના રસૂલ–ઉપર ઈમાન લાવ્યો ) કહેવું.'

૯.૧૦ આ હદીસ સાંભળીને મોમિન તમે ઈમાનવાળા બનો અને શેતાની ખતરો દૂર કરો. આ ખતરો જીભથી કોઈને કહેવો નહિ પણ મનથીજ દૂર કરવો.

૧૧ હદીસ સાંભળીને ઈમાનવાળા બનો અને અલ્લાહને એક માનીને રોજ કહો રે તુંહી....

૧૨ શેતાન અલ્લાહના નામ પર ખતરો લાવે તો તેને દિલથી જ છાનો રાખી દૂર કરો.

---

(૧) મિશ્કાત (ભાગ–૧ વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનના 'વસવસા' ના બયાનની પહેલી ફસલની ચોથી હદીસ છે. મુત અલયહે (બુખારી મુસ્લિમ)

૧૭૯૯

૧ ઈબ્ને મસઉદ કહતે, હદીસ રે જાનો ;
રઝી અલ્લાહો અન્હો નામસૂં પિછાનો.
૨ સો હદીસ હૅ કહતે, નબીજી હો કેરી ;
સહી ઑર ભી અસહાબૂ વે સુની રે સવેરી.
૩ વે ઉનૂને સુન કર સબ યાદ રે રાખી ;
વે હદીસ ખાતિમકી, કહ કર દાખી.
૪ કહા નહી કોઈ તમૂસું, આદમી જાતા ;
મગર ઉસ સાથે વકીલ, હૅ આખીરિ બાતા.
૫ હર બંદે સાથે વકીલ, હૅ કરીના કરીયા ;
સુનો કરીનાકે મા અને સાથી રે સુનીયા.
૬ કહા એક હૅ કરીના, જિનથી આખા ;
અને એક હૅ નૂરી, યૂં ખાતિમને દાખા.
૭ યું કહો દો વકીલ, હર બંદેકી જાતી;
સો જિતને બંદે, તુમ સુનો રે બાતી.
૮ એ હદીસ તો ખાતિમ, નબીજી હો કેરી;
સો ઈબ્ને મસઉદ ને, કહી રે સવેરી.
૯ પછે શૈતાન ભુંડે, કામ હૅ બતાતા;
અને વસવાસ ખતરે, ભુંડે હૅ લાતા.
૧૦ અને નૂરી હૅ કામ, નેકરે બતાવે ;
અને દિલ માંહે સોચ, નેક રે લાવે.
૧૧ યું દો હે વકીલ, હર બંદેકે તના ;
સો આદમકે ફરજંદ, સબ રે સુનના.
૧૨ પહલી ફસલમાં બયાન, હૅ શૈતાન આખા ;
સો હમજાદ શૈતાન કર હૅ દાખા.
૧૩ સબ ઉસ ઠામ બૂઝ કર, એ સમજ હૅ લેના ;
અને એક કર રબકૂ મન ઈતના દેના રે તૂહી.
૧૪ દો વકીલ હર જાતકૂ, નૂરી ને જિન જાત રે,
નૂરી ને જિન જાત ;
નૂરી નેક કહવે સહી, ભૂંડી જિનકી બાત રે,
ભુંડી જિનકી બાત.

૧૭૯૯

**હદીસ (૧) ઈન્સાન સાથે બે કરીના**
**(સાથી હોય છે.)**
**રાવી : ઈબ્ને મસઉદ (રઝી.)**

૧.૩ હઝ. ઈબ્ને મસઉદ (રઝી.) નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસ્હાબીયો (રઝી. અન્હુમ ) એ પણ સાંભળીને યાદ રાખી હતી.

૪.૫ આપે (સલ.) ફરમાવ્યું "આદમ જાતમાંથી બધાયની સાથે એક વકીલ (મુવક્કિલ) યાને કરીના એટલે કે સાથી હોય છે."

૬.૮ એક સાથી (કરીના) જિન્નાતમાંથી અને બીજો ફરિશ્તા ઓમાંથી એમ બે વકીલ બધાજ બંદાઓ સાથે હોય છે.

૯.૧૧ શેતાન (જીન્નાત) કરીના ભુંડા ખતરા લાવી ભુંડા કામ બતાવે છે. અને ફરિશ્તો કરીના નેક વિચારો લાવે છે અને નેક કામ બતાવે છે. આમ, આદમ (અ.સ) ના ફરજંદોના શરીરમાં બે સાથી (કરીના) હોય છે. (બાકી હદીસ બયાન નં. ૧૭૯૯ માં આવે છે.)

૧૨.૧૩ પીર મશાયખ (રહે.) કહે છે કે કિતાબ પહેલી ફસલ (નૂરનામા) માં મેં કરીનાને હમઝાદ શેતાન કહીને બતાવ્યો છે. તે કિતાબમાંથી હમઝાદ વિષે જાણી લેજો. તમે અલ્લાહને એક માની કહેતા રહો – રે તુંહી.

૧૪ દરેક જાતમાં બે વકીલ, ફરિશ્તો અને જિન એમ બે સાથી હોય છે. નૂરી (ફરિશ્તો )સારી વાત બતાવે. છે. (અને જિન ભુંડી વાત બતાવે છે.)

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨) ના કિતાબુલ ઈમાનના વસવસાના બયાનની પહેલી ફસલની પાંચમી હદીસ છે. (મુસ્લિમ)

૧૮૦૦

૧ જબ નબીજીને ઈનની, કહી હદીસ બાતી ;
તબ અસહાબૂને પૂછા, ફિર ખાતિમકી જાતી.
૨ કહો તમૂકૂ હૅ વકીલ, જાને રસૂલ ખુદાકે ;
તમે કહો એ બાતી, સાચે બોલ રે સદાકે.
૩ તબ નબીજી ને આખામંયહું હુકમ એમાંહા ;
કે જિન હૅ કરીના મજનાંહી રે નાંહા.
૪ પન રબને મુજકૂ ગાલિબ રે કીતા ;
વે જિનકૂ તાબે, કર મૅરે દીતા.
૫ કે ઉસ પર રબને, મુજે યારી હૅ દિલાહી ;
જિન ઈમાન લાયા, કીતી ખાતિમે આગાહી.
૬ કે મૂમિન હૂવડા, હૅ કરીના રે મેરા ;
યું મુબારક જાુબાસૂં આખીયા સવેરા.
૭ વે નેકી બિના કામ, નહી મુજકૂ બતાતા ;
યૂં ખાતિમ નબીને, કહી રે બાતા.
૮ એ ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા ;
એ સુન સુન સહી કર, બૂઝો રે સવેરા.
૯ ના કો ઍસા નબી હૂઆ, નબીયું માંહાં ;
કે કરીના તોકિસીકા, હૂઆ મૂમિન રે નાંહાં
૧૦ ઍસે સુલતાન અંબિયા, ખાતિમ રસૂલા
સો અહમદ મુહંમદ, સબ જીવૂકા મૂલા.
૧૧ એ હુકમ તો સીસ ધર, ઉમ્મતી હોના ;
અને એક કર રબકૂ ઈતના કહેના. રે તૂહી.
૧૨ દો સાથી બંદેકૂ સહી નૂરી ને શૅતાન રે,
નૂરી ને શૅતાન ;
ભલે નરતે કામ દો, કહવે દોનું જાન રે,
કહવે દોનૂ જાન.

---

૧૮૦૦

૧.૨ જ્યારે આ હદીસ નબી (સલ.) એ કહી ત્યારે અસહાબીયોએ પૂછ્યું કે " હે અલ્લાહના રસૂલ શું તમારી સાથે પણ આ વકીલ હોય છે ?

૩.૭ ત્યારે નબી (સલ.) એ કહ્યું 'હું પણ એ હુકમમાં છું, પરંતુ અલ્લાહે મને જિન કરીના ઉપર વર્ચસ્વ આપી તેને મારે તાબે કરી દીધો છે. અને અલલાહે મને સથવારો આપ્યો છે કે તે જિન ઈમાન લાવ્યો છે. એટલે તે જિન મને નેકી વિના બીજું કામ બતાવતો નથી.

૮.૧૧ નબી (સલ.) ની આ હદીસ સાંભળીને સાચી માનો. બીજા કોઇ નબી એવા નથી જેમનો જિન કરીના ઈમાન લાવીને મુસલમાન બન્યો હોય. આપણા નબી (સલ.) સુલ્તાનુલ અંબિયા, ખાતેમુન્નબી, અહમદ ઉર્ફે મુહમ્મ (સલ.) જેઓ બધા જીવોનું મૂળ છે, તેમના હુંકમો માથે ચડાવીને તેમના ઉમ્મતિ બનો અને અલ્લાહને એક માની કહો – રેતુંહી.

૧૨ બંદા સાથે ફરિશ્તો અને શેતાન એમ બે સાથી હોય છે. બંને ભલું અને નઠારૂં કામ કરાવે છે.

૧૮૦૧

૧ દીનકે ભાઈ, ચિતધર સુનના; બયાન જેદીના, સહી મન ધરના. સુન સુન બાતાં દીનકી, ચિત ધર મૂમિન ભાવસું. હુકમકૂ ધર લે સીસ, ચલને તનકૂ ગુમાવસું. ઍસા હૅ સાચા નેહ કરના , દીન સાથે જાનીયે ચૂન ચૂન બાતાં દીનકી, સાચી સબહી પિછાનીયે.

૨ સાચા દીન, મનસૂં જાનીયે ; દિલસું હૅ હોતા મૂમિના, જાનો એ સાચી રીત રે ; મૂમિન હોના જીભસું કરની દિલસું પીત રે. ચાવે હૅ સબવે દીનકૂ એ રીત સારે જગ રે ; ભાઈ તૂ દીનકે દીનૂ ભાવે કરી ભરો ડગ રે.

૩ જે દીન બિના, ઑ હૅ ચાતે ; કાફિર જૂઠેકૂ ભાવે હૅ ચાતે.
ખોટેકૂ કાફિર ભાવસું હૅ જગતમાં ચાતે સહી ;
સુન ચાવે બિના પંથે કોઈ, જગમાં દીસે નહી.
ઍસી એ રીત જગ કેરી, દેખ કરના ભાવ રે ;
વીરા સાચા દીનકૂ સુન સુન કરના ચાવ રે.

૪ દુરિજન પંથે, ચોરી કરાવા ; વસ્વાસ ઈસકા નામ, ચિતમાં ધરાવા. વસ્વાસ દુરિજન ખતરા, દિલમાં તો ધરના નહી ; વે બોલતે નામે ચઢાવે, રીસ કરસિ સાફી. તુજ પાસ નૂરી હૅ રે ભાઈ, નેક રાહા દેખાવસિ ; ચંચલ હોને ચેતના, તુજે મત નેક જ આવસિ.

૫ દુરિજન ખતરા, તુજ મન લાવેગા ; ઑર પંથ રીતા, તુજકૂ દેખાવેગા. દુરિજન લાવે તન ખતરા, ઑર ઑર પંથ નામ રે ; જો ઑર જાગો દેખનેકા, ચાવે તુજ દિલ ઠામ રે. કુછ હૅ જો અલગા મન તેરા, દીનથી રાખે કહી ; દુરિજન તુજ તન નેહકૂ આદકા ઉસે કરસિ સહી.

૬ મધ્યમ કામસૂં મન લે વારીએ ; દુરિજન ડર, મનમાં આનીએ. આનીએ ન દુરિજન ડર મનમાં, નામ મધ્યમ કામ રે ; ઑર બધાવે

૧૮૦૧

**પીર મશાયમ (રહે.) સમજાવે.**

૧ દીનનાભાઈ ! દીનની વાતનાં બયાનો ધ્યાન દઈ સાંભળો અને તેને મન ધરો. દીનના હુકમોને ભાવથી મનમાં લઈને તનના જોખમે પણ માથે ચડાવો એવો સાચો પ્રેમ દીનથી કરો, અને દીનની વાતોને વીણી વીણીને જાણો.

૨ દીનને મનથી સાચો માનો. જીભના ઈકરાર (કબૂલાત) થી અને દિલની પ્રિતથી મોમિન થવાય છે. બધા જ લોકો દીનને જગતમાં આ રીતે ચાહે છે. તું પણ દીનથી ભાવ રાખીને તેની ચાહના રાખ.

૩ કાફિર દીન વિનાની કોઈ બીજી જૂઠી ચીજ પર ભાવ રાખીને તેને ચાહે છે, અને ચાહના રાખ્યા વિના કોઈ પંથ પળાતો નથી. જોઈને ચાહવાની દુનિયાની રીત છે. માટે તું પણ સાંભળીને સાચા દીનથી ચાહના રાખ.

૪ શેતાન પંથ ભૂલાવવા મનમાં વસવસા નાખે છે. તમે તે વસવસાને દિલમાં ધરો નહિ. તમે વસવસા કોઈને કહેશો તો અલ્લાહ (સાહી) ગુસ્સા કરશે. તારી સાથે ફરિશ્તો છે તે તને નેક રાહ દેખાડશે. તું મનને ચંચળ રાખીને ચેતીશ તો તને નેક વિચરો આવશે.

૫ શેતાન તારા મનમાં ખતરો લાવી બીજા પંથો (ધર્મો) ના તરીકા બતાવશો, જેથી બીજા પંથોને જોવા તારૂં દિલ ચાહના રાખે અને તારૂં મન તે વખતે જરા પણ દીનથી અળગું થયું, તો શેતાન તારા વસવસાને વધારી દેશે.

૬ ખતરો આવતાં વચમાંથીજ શેતાનનો દૂર રાખીને મનને વારી દો. જો તમે વચમાંથી જ શશેતાનનો ડર મનમાં આણશો નહિ તો શેતાન દિલના ખતરાને વધારી દેશે. બીજા પંથો તરફ

દુરિજના, ખતરા વે દિલકે ઠામ રે. ઑર પંથ કાજે દીનકૂ કછ હોના મન જૂઆ કરે; દુરિજન ખતરા લાવસિ, વે ડર પૂરા મન ધરે.

મન જરા પણ જુદું થશે તો શેતાન ખતરો લાવશે જ એ ડર મનમાં રાખો.

૭ અવર હૅ ખોંટે, ખોંટે કરના રે ; આપ આપ મનસું પંથ હે સન્વારે. ખોંટે સન્વારે પંથે ખોટૂ જાનો વીરા મન રે ; દુરિજન જિનકૂ મિલીયા, ખોંટે હૅ જિનૂકે તન રે. મુજિજે નબીકિ સુન કાનૂ સાચે એ ભેજે દહી, દીન હૅ સાચા રબકા, ખબર જે નબીએ કહી.

૭ જેના દિલ થકી જેને શેતાન મળ્યો તેને તે ખોટા પંથે ખેંચી જશે. અલ્લાહના રસૂલ (સલ.) નો દીન સાચો છે તે નબી (સલ.) ના મોઅજીજા સાંભળીને તો સમજો

૮ સાચે નબી, રબને ભેજાએ ; હુકમ ઈલાહી, સહી વેલાએ. સાચેનબી હૅ રબકે, ભેજે આએ રસૂલ રે; અહમદ મુહંમદ નામ હૅ જીવ સબૂકે મૂલ રે. બાદલે થે છાયા કરે, જનાવર કરતે બાત રે; હુકમ પત્થર જમીયાં, માનતી થી ઍસી જાત રે.

૮ અલ્લાહે મોકલેલા નબી (સલ.) સાચા છે. તેઓએ અલ્લાહના હુકમો આપણા સુધી પહોચાડ્યા. આપણા નબી અહમદ ઉર્ફે મુહમ્મદ (સલ.) બધા જીવનું મૂળ છે. તેમની ઉપર વાદળો છાંયો કરતાં અને જનાવર તેમનાથી વાત કરતાં. આપના હુકમોને પત્થર તથા જમીન પણ માનતાં હતાં.

---

૧૮૦૨

૧સુનો અનસ હૅ કહતે, રજી અલ્લાહોઅન્હોકહીએ;
સો હદીસ નબીજી, કેરી રે લહીએ.
૨ સો ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા ;
સો ઑર ભી અસહાબૂ સુનીયો સવેરા.
૩ સો ઈનૂને સુન કર, સબ યાદ રે રાખા ;
વે ફરમૂદા ખાતિમકા, યાદ કરને દાખા.
૪ કહૅ શૅતાન આદમી, કે તન હૅ જાતા ;
સો જાતે હૅ તનમાં, લોહીકી રીતા.
૫ કહા દુરિજન જાવે, તન લોહી જૂં જાવે ;
તન લોહીકી રીતા, દુરિજન આવે.
૬ એ ફરમૂદા અપને, નબીજી હો કેરા ;
એ સહી ચિતમાં, સુન દોને સવેરા.
૭ સુનો યૂં હૅ દુરિજન, તનકે પાસા ;
છે છેતરને હૅ ચાતા, સાસો રે સાસા.
૮ તો ઉસ કેરા ડર, નિત મન કરતા ;
અને તિલ તિલ દુરિજન, સંભાલ ચલના.
૯ અરે સુન સુન ભાઈ, સુન રે ઈમાની ;
તૂ શૅતાની ખતરાકી, બૂઝને નિશાની.

૧૮૦૨

**હદીસ : (૧) શેતાન લોહીની જેમ શરીરમાં રહે છે**

**રાવી : હઝ. અનસ (રઝી.)**

૧.૩ હઝ. અનસ (રઝી.) નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ બયાન કરે છે. આ હદીસને બીજા અસ્હાબીયો (રઝી અન્હુમ) એ પણ સાંભળીને યાદ રાખી હતી.

૪.૮ આપે (સલ.) કહ્યું કે 'શેતાન આદમીના શરીરમાં જેમ લોહી ફરે તે રીતે આવીને રહે છે, અને હરેક શ્વાસ પર તેને છેતરવા ચાહે છે. તેથી હંમેશા તેનો ડર રાખીને પળે પળે તેનાથી પોતાને સંભાળો.

૯ ઈમાનવાળા ભાઈ ! તું સાંભળ અને શેતાનના ખતરાની નિશાની જાણી લે.

(૧) મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨,) ના કિતાબુલ ઈમાનના 'વેસવસા' બયાનની પહેલી ફસલની છઠી હદીસ છે. મુત્ત. અલયહે (બુખારી. મુસ્લિમ)

૧૦ દિલ દીનકે હુકમૂ બિન, બાત ઑર રે આવે ;
વે બૂઝો કે શેતાન, હૅ ખતરા દખાવે.
૧૧ સહી ઉસથી અપના, મન પાક કરના ;
અને એક કર રબકૂ મન ઈતના ધરના
રેતૂંહી
૧૨ સુન સુન ભાઈ દીનકે, દુરિજન તનકે પાસ રે,
દુરિજન તન કે પાસ ;
નિસદિ ન ઉસે સંભાલના, હરદમ સાસો સાસ રે,
હરદમ સાસો સાસ.

૧૦.૧૧ દિલમાં દીનના હુકમ વિનાની ખોટી વાત આવે તો તેને શેતાનનો ખતરો સમજો અને તે ખતરાથી પોતાને પાક કરો અને અલ્લાહને એક માની મનથી કહો રે તંહી.

૧૨ દીનના ભાઈ સાંભળા શેતાન શરીરમો બહુજ નજીક વસે છે. હંમેશા હર શ્વાસ પર તેનાથી પોતાને સંભાળતા રહો.

---

## ૧૮૦૩ બિરહા

૧સુન સુન ભાઈ દીનકે,નિત પાસ રહવેદુરિજનરે;
છલ પાડનેકૂ સહી, એ ડર મનમાં આન રે.
૨ સુખે ન સોના જગમાં, ચિંતાપૂરી કરની સહી;
જંનત કેરી આસ રે, રાખ તુજે કીતી દહી.
૩ ચોર ડર સો કોટ કર, ઈસ જગમાં હૅ ઘર રે ;
દુરિજન જે પાસ તના, વે ડર મનમાં ધર રે.
૪ ચોરી કરે ઉસ જગમાં, ચોર લુટાવે માલ રે ;
અલ્પ જીવને જીવના , ઉસ જગ કેરે હાલ રે.
૫ માલદીયાખુટેનહી,નસીબલિખીયાપાયરે ;
તકદીરકા બિખીયા સહી, પાવેગા વૈસાજાયરે.
૬ સુરજન રીસ ના કરે, ઈસ માલ દીન કાજ રે ;
ઉમેદ જીવનેકા નહી, મનાર હૅ કાલ કે આજ રે.

૭ ઉસ કાજે તૂ બરા કર કોટ કર ઘરબાર રે ;
ભી દિલ ચોરી તૂ કરે, રહવે ના તિલ કરાર રે.
૮ ડર ઉસ તૂ ચોરથી, જે તનમાં લૂટે સહી ;
ખાતર તનમાં પાડતે, રીસ કરે આપ દહી.

૯ જન્નત જાવે હાથથી, આદમ કેરી રીત રે ;
નસીહત સુનની ચાવસું કર કર દિલમાં પીત રે.

## ૧૮૦૩
## પીર મશાયખ (રહે) સમજાવે છે
## શેતાનથી બચવા દિલની ચોકી કરો

૧ દીનના ભાઈ સાંઘળા શેતાન હંમેશા બંદાને છે તરવા તેની પાસે રહે છે એ ડર મનમાં આણી રાખ.

૨ શેતાનના ખતરાની પુરી ચિંતા રાખીને સુખેથી સુઓ નહિ. અલ્લાહે જન્નતનો વાયદો કર્યો છે તેની આશા રાખો.

૩.૪ શરીર રૂપી ઘરમાં ચોર – શેતાન ન પેસી જાય તે માટે દિવાલ કરો. શેતાન આ શરીર રૂપી ઘરમાંથી ચોરી કરીને ઈમાનરૂપી માલ લુંટી લેશે, અને જગતમાં આપણું જીવવું તો અલ્પ (થોડું ) છે.

૫ નસીબમાં લખેલો માલ મળશે જ અને ખૂટશે નહિ. તેમ જ નસીબ લખેલું મેળવશે એવું જશે પણ.

૬ પરંતુ, દીનરૂપી માલ જતો રહે તો સર્જનહાર ગુસ્સે ન થાય તે બરાબર જો જીવવાની ઉમેદ કેટલી. આજ કાલમાં ગમે ત્યારે મોત આવી જશે.

૭ તારૂં દિલ ચોરી કરી જાય તે બીકે અને દિલને કરાર ન રહે એ ડરથી તું દિલ રૂપી ઘરબારના કોટ મોટા કર.

૮ શેતાનરૂપી ચોર જે તને લુંટી જાય અને તારા દિલમાં ઈમાન લૂંટવા ખાતર પાડે તેનો ડર રાખ. જો શેતાન ઈમાન લૂંટશે તો અલ્લાહ ગુસ્સો કરશે.

૯ જેમ આદમ (અ.સ.) ને છેતરીને શેતાને જન્નત લૂંટી તેમ તે તારૂં ઈમાન પણ ન લૂંટે તે જો, અને આ નસીહત દિલથી

૧૦ ઈસ ચોર કાજે ચૉકીયાં, કર કર તનકે પાસ રે ;
ઈસ ડરકે લીતે સહી, રહના હૅ નિત ઉદાસ રે.
૧૧ ગાફિલ હો રહના નહી, તિલ પલ મૂમિન ચેતરે;
ટોઈએ બિના દેખ મૂરખા, ખાયા ચિડીયું ખેત રે.

સાંભળ્યું.

૧૦ શેતાનનો ડર રાખીને હંમેશા તેની ચોરીની બીકથી ઉદાસ રહો અને તેનાથી બચવા તનરૂપી ઘરની ચોકી કરો.

૧૧ મોમિનભાઇ પળભર પણ તમે ગાફિલ ન રહો. ખેતર ટોઉન.ર ન હોય તો ચકલાં ખેતર ખાઇ જાય.

---

## ૧૮૦૪

૧ અબી હુરૈરા રજી અલ્લાહ, અન્હો જાનો ;
એ હદીસ હૅ કેહતે નબીજીકી માનો
૨ જૂં ખાતિમને મુબારક, જુબાંસૂ આખા ;
તો ઉનૂને સુન કર યાદ રે રાખા.
૩ ઑર અસહાબૂને હદીસ, એ સુની હૅ સહી ;
જૂં અબી હુરૅરાને, હદીસ રે કહી.
૪ કહા ફરજંદ આદમકા, જબ જનમ હૅ હોતા ;
તબ શૅતાન ઉસકૂ હાથ હૅ ફિરાતા.
૫ વે મસા હૅ કરતા, વેલા જનમ હો કેરી ;
તબ બાલક રોતા, હૅ રે સવેરી.
૬ વે શૅતાનકે હાથસૂં, બહુત દરદ હૅ પાતા
ઉસ કાજે બાલક, બહુત રોતા હૅ દેખા
૭ સો શૅતાન હાથ, લગા એ લેતા;
સબ બાલક રોતે, હૅ રે દેખીતા.
૮ મગર માતા ઈસે, નબી કેરી ;
અને ઈસે નબી, તુમ સુનીઓ સવેરી.
૯ ઈનૂ દોકૂ મસા, નહી શૅતાને કીતા ;
એ હુકમ તો ખાતિમ, નબીએ દીતા.
૧૦ એ ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા ;
એ સુન સુન ચિતમાં દીજીઓ સવેરા.
૧૧ એ સુન સુન ભાઈ, હો ઈમાની ;
હૅ ઈમાન મૂમિન, કેરી રે નિશાની.

## ૧૮૦૪

### હદીસ : (૧) બાળક જમતાંજ શેતાન તેની ઉપર હાથ ફેરવે છે.

### રાવી : હઝ. અબુ હુરૈરા (રઝી.)

૧.૩ હઝ. અબુ હુરૈરા (રઝી.) નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસે કહે છે. આ હદીસને બીજા અસ્હાબીયો (રઝી. અન્હુમ ) એ પણ સાંભળી હતી.

૪.૭ આપે (સલ.) ફરમાવ્યું "જ્યારે માણસ જનમ લે છે ત્યારે શેતાન તેની ઉપર હાથ ફેરવે છે અને મસા (માલિસ) કરે છે. તેના હાથ ફેરવવાના દરદથી જન્મેલું બાળક બહુ રડે છે. આ રીતે બધાંજ બાળકો ઉપર હાથ ફેરવીને શેતાન તેમને ડરાવે છે.

૮.૯ પરું ઇસા નબી(અલ.) ની અને તેમાનાં માતા મરિયમ (અ.સ.) એ બંનેને શેતાને મસા કર્યા ન હતા.

૧૦ નબી(સલ.) ની આ હદીસ સાંભળીને તેને દિલમાં ઉતારો.

૧૧ દીનની વાતો સાંભળીને ઈમાનવાળા બનો. ઈમાન મોમિનની નિશાની છે.

| | |
|---|---|
| ૧૨ સો નિતનિત ચિંતા, કરો રે દીના ;<br>અને એક કર કહો, જિને સબ જગ કીના<br>રે તૂહી | ૧૨ તેથી હંમશા દીનની ચિંતા કરો અને જગતના સર્જનહારને એકમાની ક્હો રે–તુંહી. |
| ૧૩ બાલક જનમસે દુરિજના, આવ લગાવે હાથ રે,<br>આવ લગાવે હાથ;<br>યું હમજાદ શૈતાન હૅ, બૂઝાં સબકે સાથ રે.<br>બૂઝો સબકે સાથ. | ૧૩ બાળક જન્મતાંજ શેતાન આવીને તેને હાથ લગાવે છે. આવો હમઝાદ (કરીના) શેતાન બધાજ બાળકો સાથે રહે છે. |

---

| ૧૮૦૫ | ૧૮૦૫<br>હદીસે : શેતાન ફિત્નો કરવા તેનું લશ્કર મોક્લે છે.<br>રાવી : હઝ જાબિર (રઝી) |
|---|---|
| ૧. સુનો જાબિર હૅ કહતે, રજી અલ્લાહો<br>અન્હો કહીએ;<br>સો હદીસ ખાતિમ, જબીજીકી લહીએ.<br>૨. ઑર અસહાબૂ હદીસ, એ સુની હૅ કાના;<br>ઈનૂ સુની યાદ રાખી, દીલકી સાના. | ૧.૨ હઝ. જાબિર (રઝી.) નબી (સલ) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસ્હાબીયો (રઝી. અન્હુમ) એ પણ સાંભળી હતી. |
| ૩ કહા ઈબલીસ શૈતાન, હૅ તખત ધરાતા;<br>સો પાની કે ઊપર, છોડ ખુશી હૅ ચાતા.<br>૪. ઉહાં લશ્કર આપસકા, સબ ઈકઠા મિલાતા;<br>યૂં દબદબા આપસકા, બહુત હૅ રે કરાતા. | ૩.૪ આપે (સલ) ફરમાવ્યું "શૈતાન ઈબલીસ સિંહાસન ધરાવે છે અને તેને પાણી (સમુદ્ર) ઉપર છોડીને ખુશી અનુભવે છે.અને ત્યાં પરસ્પર પોતાના શૈતાનોનું લાકર એકઠું કરીને પોતાનો દબદબો જાહેર કરે છે. |
| ૫. પછે આપસકી ફૌજાં, હૅ રે ભેજાતા;<br>સો બંદ્કૂ ફરેબકી, જા કરે રે બાતા.<br>૬. સો ફિત્તને માંહે, જા બંદ્કૂ ડલાવે;<br>ઉસ કાજે શૈતાનકી, ફૌજાં રે જાવે. | ૫.૬. પછી, શૈતાન બંદાઓને ફરેબની વાતોમાં નાખવા પોતાનું લશ્કર મોકલે છે, જેથી તે લશ્કર બંદાઓમાં ફિત્નો કરીને તેમને આપસમાં લડાવે. |
| ૭. પછે શૈતાન નજદીકી, ઈબલીસ કેરા;<br>જે બંદ્કૂ બહુત, છલ પાડે રે સવેરા.<br>૮. જે બંદ્કૂ ગુમરાહ, બહુત રે કરાવે;<br>વે નજદીક ઈબલીસ, કેરા રે કહલાવે.<br>૯. ઉસ શૈતાનકા મરતબા, ઈબલીસ પાસા;<br>જે બહુત કરે ગુમરાહ, બદે રે દાસા. | ૭.૯ ત્યાર પછી જે શૈતાન છળ–કપટ કરીને બંદાને બહુજ ગુમરાહ કરે તે શૈતાન ઈબલીશનો બહુજ નજીકનો (પ્રીય) બની જાય છે. ઈબલીસ આગળ આવા શૈતાનનો મરતબો વધી જાય છે. |

૧. મિશ્કત (ભાગ–૧, વિભાગ–૨)ના કિતાબુલ ઈમાનના 'વસવસા'ના બયાનથી પહેલી ફસરબની નવમી હદીસ છે. (મુસ્લિમ)

૧૦. યૂં દુરિજન નિસદિન, કરે દગેકી ચિંતા;
એક તિલ ભી હોકર, નહી રહતા રે નચિંતા.
૧૧. તો સુખે રે સોવે, કૈસા બંદા નિસ દિના ?
નિત યાદ કરો રબ્બૂ, ઈત્તા રાખો રે મના.
રે. તૂહી.
૧૨. દુરિજત નિત ચિંતા કરે, દગે કેરી બાત રે,
દગે કેરી બાત;
જાગ સુખે ક્યૂં સોયસિ ? બંદે કેરી જાત રે,
બંદે કેરી જાત.

૧૦.૧૧ જયારે શૈતાન રાતદિન દગાની ફિકરમાં રહે છે એ પળભર પણ તેના કામથી બે ફિકરાઇ કરતો નથી, તો બંદા સુખેથી કેમ સુઇ શકે ? તમે અલ્લાહને હંમેશા યાદ કરો અને મનથી કહો... રે તુહી (બાકી હદીસ બયાન નં. ૧૮૦૬ માં આવે છે.)

૧૨. શૈતાન હંમેશા દગાની ચિંતા કરે છે, તેથી બંદા જાગતો રહે. સુખેથી સૂએ કેમ ?

---

૧૮૦૬

૧. પછે શૈતાન સારે, કામ કરે હૈ આતે;
સો ઈબલીસ પાસે, આવ ખૂબી હૈ ચાતે.
૨. આવ કહતે હૈ કે ઐસા, કીયા ઠગાઈકા કામા;
સબ આપ આપ કામકા, આવ લેતે હૈ નામા.
૩. તબ ઈબલીસ કહવે, તમૂ કુછ નહી કીતા;
ના ખૂબ મૈં તુમારા કામ મેરે ચિત દીતા.
૪. ભી નબીજીને આખા, કોઈ શૈતાન હૈ આતા;
સો ઈબલીસ પાસે, આવ ઐસા રે બતાતા.
૫. કે મૈં તો ઐસા કામ, હૈ રે કરાયા;
દોનૂં મરદ ને બૈયર કે, માં જંગ હૈ લગાયા.
૬. કે આદમકે ફરજંદ, મૈં ઐસે રે ઠગાએ;
દોનૂં મરદ ને બૈયર, હૈ જાુદે રે કરાએ.
૭. એ સુનને ઈબલીસ, હૈ માંહી આતા;
સો લશ્કર માંહી, ઉસે બહુત રે ચાતા.
૮. ઉસે પિયાર તો કરને, હૈ પાસે રે બૈઠાતા;
એ કામ ઈબલીસ, કૂ બહુત હૈ ભાતા.
૯. એ મુબારક જાુબાંસુ, હૈ બયાન રે આખા;
સો રાવીને સુનકર, સબ યાદ રે રાખા.
૧૦. સુનો દીનકી જાુદાઈ, બહુત દુરિજન ચાહી;
સોયે કાજે ઑરતકૂ લે હરામ કરાહી.

## ૧૮૦૬
### હદીસ (બયાન નં. ૧૮૦૫ થી)

૧.૨ પછી બધા શૈતાન પોત પોતાનું કામ કરીને તેમના સરદાર ઈબલીસ પાસે આવીને બયાન કરે છે કે 'અમોએ ફલાણું ઠગાઇનું કામ કર્યું' એમ પોત પોતાના કામો કહી બતાવે છે.

૩. ત્યારે ઈબલીસ કહે છે કે 'તમો એ કાંઇજ કામ કર્યું નથી. હું તમારા કામની કદર કરતો નથી'.

૪.૮ આપે (સલ) ફરમાવ્યું કે "પછી કોઇ શૈતાન ઈબલીસ પાસે આવીને કહે છે કે 'મેં પતિ અને પત્ની વચ્ચે લડાઇ કરાવી અને ઠગાઇ કરીને તેમને જુદા કર્યા –' તો આ સાંભળીને શૈતાન ઈબલીસ ખુશ થઈને તેના લશ્કરમાંથી તે શૈતાનને બહુજ સેવા લાગે છે." અને તેને ચાહવા પ્યારથી પાસે બેસાડે છે કારણ કે તેને આવા કામ બહુજ ગમે છે.

૯ આપ (સલ)ની આ હદીસ રિવાયત કરનાર અસ્હાબીએ સાંભળીને યાદ રાખી હતી.

૧૦. દીનની જુદાઇ શૈતાનને બહુજ ગમે છે, અને તે કારણે તે ઓરત ને દૂર કરાવીને શરઇ રીતે તેને હરામ કરાવે છે. (ના

સમજીના શબ્દોથી તલાક પડી જાય અને સંભોગ ચાલુ રહે તો હરામ કાર્ય ચાલુ રહે)

૧૧. પછે કભી જો વે ઈકઠે, હોવે દોનૂ એક ઠામા;
કભી કરે જો વતી હોવે ગુનૂકા કામા.
૧૨. પછે હરામ સો હોવે, ઉનૂકી ઑલાદા;
વે દુન્યાં માહે બહુત કરે રે. ફસાદા
૧૩. કે હરામી ફસાદ, બહુત રે કરાવે;
વે દીનકી બાત, મન થોડી રે લાવે.
૧૪. યૂં દુરિજન ઊંડી, સુન ફિકર હૅ કરતા;
ઍસા દાવા બંદે પર, હૅ રે મન ધરતા.

૧૧.૧૪ પછી આ પતિ પત્ની ભેળાં મળે અને સંભોગ કરે (જે ગુનાહનું કામ થાય) અને તેમનાથી જે હરામ ઓલાદ થાય તે દુનિયામાં બહુજ ફસાદ ફેલાવે અને દીનની વાત મન પર ન લે એવી ઊંડી ગણત્રીથી શેતાન બંદા ઉપર આવા દાવ ચાલવે છે.

૧૫. તો દીન કેરે ભાઈ, જગ સુખે ક્યૂં રહીએ ?
તો નિસદિન ડર ડર, ઈતના કહીએ,
રે. તૂહી.

૧૫. દીનનાભાઇ ! શેતાનના દાવ સામે જગતમાં સુખે (બેફિકર) કેમ રહી શકીએ ? રાતદીન તેનાથી ડરો અને કહો– રે તુંહી.

૧૬. દુરિજન હૅ દાવે પડા, કરે બમાસન કામ કરે,
કરે બમાસન કામ;
તો કૅસે સુખી રહીએ ? દુન્યાં કેરે ઠામ રે,
દુન્યાં કેરે ઠામ.

૧૬. શેતાન દુશ્મનીએ પડ્યો છે અને વિમાસંણમાં મૂકતાં કામ કરે છે, તેથી દુનિયામાં આપણે બે ફિકર કેમ રહી શકીએ ?

---

## ૧૮૦૭ નજમ

## ૧૮૦૭ નજમ
## પીર મશાયમખ (રહે.) કહે છે : 'તમે સાંભળો' દીનની વાત કરવા મેળાવડા કરતા રહો

૧. દુરિજન દાવે હૅ પડીયા રે, તમે સુનો રે ;
ઊંડા સોચ મન ધરીયા રે, તમે સુનો રે.

૧. શેતાન ઊંડુ વિચારીને દુશ્મનીએ પડ્યો છે.

૨. ફૈજાં ફૌજાં નિત હૅ ભેજાતા રે, તમે સુનો રે;
બંદેકૂ હૅ ઠગનેકૂ ચાતા રે, તમે સુનો રે.

૨. બંદાનું ઈમાન લૂંટવા તે પોતાની ફોજો મોકલે છે.

૩. જન્નત હૅ લૂટા ચાતા રે, તમે સુનો રે;
ઍસી ચિંતા કેરી કરે બાતા રે, તમે સુનો રે.

૩. તે ખતરાની વાતો કરીને આણી જન્નત લૂંટવાનું ચાહે છે.

૪. સુખે કૅસે સોના જગ માહાં રે ? તમે સુનો રે;
દુરિજન અલગા જો નાંહાં રે, તમે સુનો રે.

૪. શેતાન તમારાથી જરાએ અળગો નથી તે જગમાં તમે સુખે કેમ સુઇ શકો ?

૫. ઈમાની ભી કરોને મેલાવા રે, તમે સુનો રે;
ભાઈ દીન મિલ કરો ચાવા રે, તમે સુનો રે.

૫. ઈમાનવાળા ભાઈઓ ! તમે ભેળા મળીને દીનના મેળાવડા કરો, અને ભેળા મળીને દીનની ચાહના કરો.

૬. નાકે નાકે મોરચે બંધાહો રે, તમે સુનો રે;
સૂર પૂરા માંહે લાહો રે, તુમ સુનો રે.

૬. શેતાન સામે નાકાબંધી કરીને મોરચો બાંધો (ગુનાહેથી રોકો) અને તે માટે દિલમાં પુરો જોસ (જજબો) લાવો.

૭. ધાડ મારો દુરિજન કેરી રે, તમે સુનો રે;
લૂટને જે આતી હૅ સવેરી રે, તમે સુનો રે.

૭. શેતાની ફોજ જે તમારૂં ઈમાન લૂંટવા આવે છે તેને મારી હટાવો (ઈમાન મજબૂત) કરો)

૮. ખતરા વે બુઝો હે ધારા રે, તમે સુનો રે.
લૂટે લૂટે ગામ વે સારા રે, તમે સુનો રે.

૮. જેમ લૂંટારા ગામ લૂંટવા હુમલો કરે છે, તેમ દિલમાં શેતાની ખતરો એજ તેની લૂંટનો હુમલો છે.

૯. મદત હૅ એક એકકી કરની રે, તમે સુનો રે;
દિલ માંહી બાત દીન ભરની રે, તમે સુનો રે.

૯. દીનખ્લમાન શીખવામાં એક બીજાની મદદ કરો અને દિલને દીનની વાતથી ભરી દો.

૧૦. અબૂઝકૂ બૂઝ સમજાહો રે, તમે સુનો રે ;
પટંતરા ઍસા દિલ બાહો રે, તમે સુનો રે.

૧૦. દીનના જાણકરો દીનન જાણતા હોય તેમને દીન સમજાવે, અને આવું મિસાલી (ઉદાહરણીય) કામ કરવાનું દિલમાં રાખે.

૧૧. ધાડ વે ખતરેકી ભાગે રે, તમે સુનો રે;
દીન બાત પૂરી મન લાગે રે, તમે સુનો રે.

૧૧. દીન માટે આ રીતે ભેળા મળવાથી શેતાની ધાડ ભાગી જશે અને દીનની વાતમાં મન પરોવાશે..

૧૨. ઈસ કાજે મિલો ઝાઝી ટોલી રે, તમે સુનો રે;
મેલા કરો દીન કેરી બોલી રે, તમે સુનો રે.

૧૨. એટલા માટે ઝાઝી જમાત (ટોળી) ભેળી મળી અને ભેગા મળીને દીનની વાતો કરો.

૧૩. બાત કોઈ દિલ આવે રે, તમે સુનો રે;
ખતરેકૂ દૂર વે કરાવે રે, તમે સુનો રે.

૧૩. કોઈના દિલમાં ખતરાની વાત આવે તો ભેળા મળીને દિની ચર્ચા કરવાથી તે દૂર થાય છે.

૧૪. નિસદીન કરની એ ચિંતા રે, તમે સુનો રે;
મૂમિન કયૂં રહવે નચિંતા રે ? તમે સુનો રે.

૧૪. રાતદિન શેતાની હુમલાથી બચવાની ચિંતા કરો અને બે ફિકરા ન રહો..

---

## ૧૮૦૮ (પદ)

## ૧૮૦૮

### પીર મહાયખ (રહે) સમજાવે છે
### દીન માટે એક બીજાની મદદ કરો.

૧. નિસદિન દુરિજન લશ્કર લેકર, લૂટનેકૂ હૅ ચાતા;
ફૌજાં શૅતાન કેરી, હૅ વે દેખો ભેજાતા.

૧. શેતાન બંદાઓનાં ઈમાન લૂંટવા માટે તેના લશ્કર મોકલે છે.

૨. સુન રે ઈમાની હૅ કરાના મેલાવા, કરના જંગ સામાના;
દુરિજન ચિંતા છોડે નાંહાં, તૂ મત હો રે નાદાના.

૨. દીનાના મેળવડા કરીને શેતાન સામે જંગનો સામાન તૈયાર કરો. શેતાન તમને ભટકાવવાની ચિંતા છોડશે નહિ, માટે તમે નાદાન ન બનો.

| | |
|---|---|
| ૩. લશ્કર ઉસકા દીસે નાંહાં, બિન દેખે લૂટ જાવે; દુસીજન જીતના હૅ ઍસા ઈમાની, ન કયૂં ચિંતા મન લાવે ? | ૩. શેતાન્નું લશ્કર દેખાતું નથી, તે દેખાયા વગર જ તમારૂં ઈમાન લૂંટી જશે ઈમાનવાળો શેતાનને જીતવાની ફિકર કેમ ન કરે ? |
| ૪. તો નિસદિન મૂમિન કરો મેલાવા, નિસદિન કાજે ચિંતા ; | ૪. રાત દિવસ દીનની ચિંતા કરો અને દીનની મેળાવડા કરો શેતાન તમારી પાછળ પડેલો છે તેથી બે ફિકર શી રીતે રહેશો ? |
| ૫. અરે મેલા ભાઈ દીન કેરે મેરે,નિત કરો મેલાવા; સો દુરિજન સેતી ઝૂઝને કાજે, મેલા મન ધર ચાવા. | ૫. દીનના ભાઇ શેતાન સામે ઝઝુમવા માટે હંમેશા મળો અને મેળાવડા કરો. |
| ૬. એક એક કેરી મદત કરાહો,ધસ ધસ કરો ધાવા; ચૉપટ ધાવૂ હૅ આના, ભૅરીકૂ દેના હૅ દાવા. | ૬. દીન માટે એક બીજાની મદદ કરો. દુશ્મન શેતાનને દાવ આપવા ધસી ધસીને તેની ઉપર હુમલા કરો, અને ચોતરફના અમલો રૂપી હુમલાથી તેની ઉપર સરસાઇ મેળવો. |
| ૭. દુરિજન ખતરે ધાવે ચુકાહો, ધસ ધસ બોલૂ મારા; અરે ઍસે પટ મિલમિલ કરને, ઉસથી કભીના હારો. | ૭. શેતાનના ખતરારૂપી હુમલા ચૂકાવી દો, અને દીનના બોલથી તેને મારો. તમે મળી મળીને આવી મિસાલ (દ્રષ્ટાંત) કાયમ કરો અને શેતાનથી હારો નહિ. |
| ૮. સુન સુન બાતાં દીન કેરી, મન ધરો ઍસી મિસાલા ; | ૮. દીનની વાતો સાંભળી સાંભળીને એવી મિસાલ કાયમ કરો કે દીનની વાત સાંભળતાં શેતાની ખતરાનો વાર લાગે નહિ. |
| ૯. નિસદિન ચિંતા યૂં દીન કેરી, મિલમિલ કરો ઈમાની; કે દુરિજન જીતો ઈમાન રહવે, મૂમિનકીએ નિશાન. | ૯. ઈમાનવાળાઓ તમે રાત દિન મળીને દીનની ચિંતા કરો. શેતાનને જીતશો તો ઈમાન બાકી રહેશે અને ઈમાન મોમિન નિશાની છે. |
| ૧૦. કભી દુરિજન પકડ લીતા, આપસકે કીતા; અરે શૅતાન ઉસ પર ગાલિબ આયા, લૂટા ગયા દેખીતા. | ૧૦. કદીક, શેતાન બંદાને પકડીને તેની ઉપર વર્ચસ્વ મેળવે (ગાલીબ આવે) તો બંદો દેખીતો જ ઈમાનથી લૂંટાઇ ગયો. |
| ૧૧. કભી મેલાવે તુમારે વે આવે કરે શૅતાના; અરે બોલી બોલે વે ખતરૂ જૅસી, લૂટા જે ગયા નાદાના. | ૧૧.૧૨. અને આવો શેતાનથી લૂંટયેલો બંદો કદીક તમારા દીનના મેળાવડામાં આવે, અને શેતાન તેની મદદ કરે તો તે બંદો પણ શેતાની ખતરા જેવા બોલ બોલવા લાગે, તે બંદાને બંને |

૧૨. દોપખે દુરિજન ઉસકૂ જાનો, ઉસથીડરો સવેરા;
મેલાવેમાં વે દગા કરાવે, ઠગ જાવે બહુતેરા.

બાજુથી શેતાન ગણીને તેનાથી પણ ડરો. તે તમારા દીન માટે ભેગા થવામાં પણ દગો રમીને તમને ઠગી જશે..

૧૩. જાસૂસ આયા વે દુરિજન કેરા, દેખ ને સબ ચલો રીતા;
મેલાવેમાં મંગાન પડાવે, સુનો મન ધર પીતા.

૧૩. તે બંદો દીનના મેળાવડા માં (જમા થવામાં) કોઈ પણ રીત ચાલીને ભંગાણ પડાવવા શેતાનનો જાસૂસ બની ને આવે છે.

૧૪. ગઢ કોટ ગહે છલ ભેદ લીતે, વે મેં દેખે નૈના;
એ ભી રીતે હૈ વેસી જાનો, સહી કર બુઝોબૈના.

૧૪. ગઢના કોટ ઉપર જઈને કિલ્લાનો ભેદ જાણતા જાસૂસો મે જોયા છે. એજ રીતે શેતાન પણ દિલને ભેદી લે છે, એ વાતને સાચી માનો.

૧૫. સહી વે જાસૂસ શૈતાન કેરા, મત બૂઝો શૈતાની;
ખતરે જૈસી વે બોલી, પર ઓન એ હૈ શૈતાની.

૧૫. તેવો બંદો તમારા મેળાવડામાં શેતાની મત આપી, અને ખતરાના બોલ બોલે, તો તેને શેતાન નો બરાબર જાસૂસ પારખો [૨]

૧૬. ઉસ તન બાણ તુમારા બોલે, લાગની કછુએ નાંહાં;
ઉસકે મત આને તમુ દેતા, થાપ મેલાવે માંહાં.

૧૬. તેવો માણસ પોણે તમારી તરફનાં વેણ બોલે, પણ તેના દિલમાં તમારી તરફ લાગણી હોય નહિ, તેને તમારા દીનના મેળાવડામાં આવવા ન દો. [૩]

૧૭. અરે જાસૂસ સેતી ટોલી લુટાવે, સહી કર બૂઝો બૈના;
અરે બોલ હમારા સહી કર જાનો, કહતાહૂં દેખ નૈના.

૧૭. આવો શેતાની જાસૂસ આખી જમાત (ટોળી) લૂંટાવે અમારા બયાન અને અમારા બોલ તમે સાચા માનો હું તો નજરે જોયેલું કહું છું.

---

કિતાબ ઈમાન ભાગ-૨નું ભાષાંતર ચાલુ છે. ટૂંક સમયમાં પ્રસિધ્ધ થવાની આશા છે. પીર મશાયખ (રહે) ની કિતાબોથી નિસ્બત રાખનાર મોમિન બિરાદરીને અમો વિનંતી કરીએ છીએ કે આ કામમાં તન, મન, અને ધનથી સાથ સહકાર આપી આ કામને પુરૂ કરાવી આપવામાં સહભાગી બને....

આશા છે કે આપને કિતાબુ ઈમાન ભાગ-૧નો તરજુમાનો પ્રયોગ ગમ્યો હશે...

લી.
યુસુફ શ. ચારોલિયા

૨. મુનાફિકો દીનના મેળાવડામાં આવી દીનથી ઉલટી દલીલો મૂકી લોકોને હક રાહથી વિમુખ કરવા પ્રયત્ન કરતા.

3. કોઈવાર મુનાફિકો મીઠી બોલીથી લાગણી બતાવીને પોતાની દલીલો ગળે ઉતારવા પ્રયત્નો કરતા.

## ૧૮૦૯

૧ ભી જાબિર રજી અલ્લાહ, અન્હો જાનો ;
એ હદીસ હૅ કહતે, નબીજી કી માનો.
૨ સો ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા ;
સો ઑ રભી અસ્હાબૂ, સુનીયા સવેરા.
૩ સબ ઈનૂને સુનકર, યાદ વે રાખા ;
વે બયાન હદીસકા, ખોલ રે દાખા.
૪ કહા શૅતાનકૂ ઉમેદ, રહા રે નાંહાં ;
સો આરબૂ કેરે, જજીરે માંહાં.
૫ જે આરબ નમાજકે, હૅ કરનારે ;
સો આરબકે મુલકમાં, સબ બૂઝો રે સારે.
૬ નહી પૂજાકે કરનારે, વે શૅતાન કેરે ;
ના ઉમેદ હુવડા, યૂં શૅતાન સવેરે.
૭ પન શૅતાન ઈનૂમાં, જંગ રે લગાવે ;
અને એક એક ઉતર, દાવે રે પડાવે.
૮ અને લાલચ એ એક પર અદકી દેખાવે ;
ઉહાં ઈતના શૅતાન, જાગો રે પાવે.
૯ અરે શૅતાનકા ઉસ ઠામ, કુછ ચલનેકા નાંહાં ;
સો જે હૅ આરબ, નમાજકે માંહાં.
૧૦ ના ઉમ્મેદ હુવડા, શૅતાન રે જાનો ;
સો આરબકે જજીરે, માંહે રે માનો.
૧૧ યૂં મુબારક જુબાસૂં, ખાતિમને આખા ;
એ સુન સુન મૂમિન, મન ઈતના રાખા.
રે તૂંહી.
૧૨ ના ઉમ્મેદ હુવડા દુરિજના, જજીરે આરબ માંય રે,
જજીરે આરબ માંય ;
નમાજ જે હૅ સહી, ઠગે જાવે નાંય રે ;
ઠગે જાવે વે નાંય.

## બયાન – ૧૮૦૯

૧

**હદીસ : અરબ નમાજીયોથી શેતાન નિરાશ થયો છે.**
**રાવી : હઝ. જાબિર (રઝી.)**

૧.૩ હઝ. જાબિર (રઝી.) નબી (સલ.) ની હદીસ બયાન કરે છે. આ હદીસને બીજા અસ્હાબીયો (રઝી. અન્હુમ) એ પણ સાંભળીને યાદ રાખી હતી.

૪.૬ આપે (સલ.) ફરમાવ્યું : "શેતાન અરબ ભૂશિર (જજીરાહ)ના પ્રદેશમાં (હિજાજે મુકદ્દસમાં) મૂર્તિ પૂજા નહિ કરતા (તવહીદ પરસ્ત) આરબ નમાજીયોથી નિરાશ થઇ ગયો છે. "

૭.૮ "પરંતુ, શેતાન તેઓનામાં અંદરો અંદર લડાઇ કરાવીને જુથ બંધી કરાવે છે, અને લાલચો ઉપર લાલચો વધારે છે. ત્યાં શેતાન ફક્ત આટલી જ જગા મેળવે છે."

૯.૧૦ "શેતાનની ચાલ તે જગાના આરબ નમાજીયોમા ચાલવાની નથી. અરબ જજીરામાંથી શેતાન ના ઉમ્મીદ થઇ ગયો છે."

૧૧ આપ (સલ.) ની જબાન મુબારકથી કહેલી આ હદીસ સાંભળીને મોમિનભાઇ તમે કહો..... રે તૂંહી.

૧૨ અરબ ભુશિરમાં શેતાન ના ઉમમીદ થઇ ગયો છે. ત્યાંના જે નમાજીયો છે તે શેતાનથી ઠગાશે નહિ.

---

## ૧૮૧૦

૧ સુનઈ ઈબ્ને અબ્બાસ, કહતે હૅજાનો ;
રજી અલ્લાહો અન્હો, નામ સંગ આનો.

## બયાન – ૧૮૧૦

**હદીસ ૨ : શેતાની ખતરા કોઈને ન કહેવા પર અલ્લાહની હમ્દ (વખાણ) કરવી.**
**રાવી : ઈબ્ને અબબાસ (રઝી.)**

૧ મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨)ના કિતાબુલ ઈમાનના 'વસવસા'ના બયાનની પહેલી ફસલની દસમી હદીસ છે. (મુસ્લિમ)

૨ મિશ્કાત (ભાગ-૧, વિભાગ-૨)ના કિતાબુલ ઈમાનના 'વસવસા'ના બયાનની બીજી ફસલની અનુક્રમે અગ્યારથી હદીસ છે. (અબુદાઉદ)

૨ સો કહતે હદીસ, નબીજી હો કેરી ;
વે ઑર ભી અસ્હાબી, સુની હૅ સવેરી.
૩ વે યાદ રાખ ઉનેનૂ, બયાન રે કીતા ;
જૂં ખાતિમ નબીસૂં, હૅ સુનકર લીતા.
૪ કહા મરદ આયા, એક નબીકિ પાસા ;
ઉને કીતી અરજ, કેરી રે આસા.
૫ કહા મેરી જાત માંહે, ખતરા હૅ આતા ;
મે ઉસસૂં મેરી કરતા હું બાતા.
૬ મે અંગારે જૅસા, હું રે લાતા ;
સહી ખતરેસૂં લડતે, હુઈ મેરી રે જાતા.
૭ હૂં નેહસૂં ચાતા, કિસે કહૂ વે નાંહાં ;
બુરા ખતરા જે આતા, દિલ મેરે માંહાં.
૮ વે કહે બિના જલતી, હૅ મેરી રે જાતી ;
સો અંગારે જૅસી, હૂઈ કરે કયૂં બાતી.
૯ મે જલકર રાખ, હોઉ મેરે રે તના ;
પન કિસીકૂ કહનેકા, મેં નહી વે બના.
૧૦ સો મેરી રે જાતમાં, જે ખતરા હૅ આયા ;
વે ન કહૂ કિસે, સહી ઈત્તા મેં ચાયા.
૧૧ ઉન મરદને નબીકૂ, યૂં અરજ પહુંચાઈ ;
એ સુન સુન કહો, દીનકે ભાઈ
રે તૂંહી.
૧૨ કહે બિના કિસે ખતરા, દિલમાં જલે તન રે,
દિલમાં જલે તન ;
મરદ કહે ન કહૂ કિસે, ઍસા મેરા મન રે,
ઍસા મેરા મન.

૧.૩ હઝ. ઈબ્ને અબ્બાસ (રઝી.)નબી (સલ.)થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસ્હાબીયો ક(ઝી. અન્હુમ) એ સાંભળીને યાદ રાખી હતી.

૪.૧૧ હઝ. ઈબ્ને અબ્બાસ (રઝી.) કહે છે કે એક માણસે નબી (સલ.) ની પાસે આવીને કહ્યું કે 'મારી જાતમાં મને શેતાની ખતરો આવે છે, અને મને તે ખતરાથી લડતાં દિલમાં અંગાર જેવી જલન થાય છે. પણ હું ચાલું છું કે જે ખોટા ખતરા મારા દિલમાં આવે છે. તેને ન કહેવાથી મને અંગારા જેવી જલન થાય છે. છતાં પણ હું ચાહું છું કે બળીને ખાક (રાખ) થઈ જાઉં છતાં ખતરાની આ વાત કોઈને કહીશ નહિ. તે માણસે નબી (સલ.) થી આ મુજબ અરજ કરી. આ હદીસ સાંભળીને તમે, દીનના ભાઈ ! કહો .... રે તૂંહી (બાકી હદીસ બયાન નં. ૧૮૧૧ માં આવે છે.)

૧૨ તે મરદે કહ્યું કે ખતરાની વાત કોઈને કહ્યા વગર મારા દિલમાં બળતરા થાય છે પણ હું તે કોઈને કહેવા ચાહતો નથી.

---

### ૧૮૧૧

૧ તબ નબીજીને સુનકર, ઈતના આખા ;
અલ હમદો લિલ્લાહ, બોલ રે દાખા.
૨ અલ હમદો લિલ્લાહ, કહયા રે બયાના ;
કે સિફ્તાં સારી, સબ રકબૂ શાના.

### બયાન – ૧૮૧૧

### હદીસ : (બયાન નં. ૧૮૧૦ થી)

૧.૨ આ સાંભળીને નબી (સલ.) એ 'અલ હમ્દુ લિલ્લાહ' કહ્યું. તેનો અર્થ છે. :
'બધાંજ વખાણ અલ્લાહ માટે છે.'

૩ પીછા રાખા રબને, ખતરા શૈતાના ;
થા જે શૈતાનને ડાલા, ઉસ મરદકે તના.
૪ ઉસ મરદકૂ રબને, પીછા રે રખાયા ;
જે વસ્વસા શૈતાની, ઉસે દિલ થા આયા.
૫ મરદને અમલ, વૈસે કીયે રે નાંહાં ;
જે ખતરા આયા થા, ઉસ દિલ માંહાં.
૬ અને કિસકૂ જુંબાંસૂ, ન વે કીયા રે બયાના ;
જે ખતરા ઉસ દિલ, થા રે શૈતાના.
૭ યૂં રબને ઈસકૂ, સહી પીછા રે રખાયા ;
એ મુબારક જુબાંસૂં, આપ ફરમાયા.
૮ એ સુનોને હદીસ, નબીજી કેરી ;
એ સુન સુન સહી કર, લેના સવેરી.
૯ સુન ખતરે કેરી, હૅ ઍસી રે બાતી ;
ચુપ છાની રખની, આપકી જાતી.
૧૦ ન અમલ વે કરના, ન કિસે વે કહના ;
વે ખતરેકા દુ:ખ, અપને તન માંહે સહના.
૧૧ વે હર ભાંત ખતરેકૂ, દૂર રે કીજે ;
અને એક કર ચિતમાં, ઈતના દી જે.
રે તૂહી.
૧૨ ખતરા જે શૈતાનકા, કહીએ ન કિસે બાત રે,
કહીએ ન કિસે બાત ;
કામ ભી વે ન કરના, પીછી રાખો જાત રે,
પીછી રાખો જાત.

---

૩.૭ આપે (સલ.) ફરમાવ્યું : "તે આવનાર માણસના દિલમાં જે શેતાની ખતરા યાને વસવસા શેતાને નાખ્યા હતા તેના ગુનાહથકી અલ્લાહે તેને છેટો રાખ્યો. કેમ કે તેણે ખતરા મુજબ અમલ કર્યું, અને જબાનથી કોઈની આગળ તેનું બયાન પણ ન કર્યું.

૮.૯ નબી (સલ.) ની આ હદીસ સાંભળી સાચી માનો અને ખતરાની વાતને પોતાની જાત સુધી છાની રાખો.

૧૦ શેતાની ખતરા પર અમલ કરવું નહિ અને તેને કોઈને કહેવું પણ નહિ. આ દુ:ખ જાતે જ સહન કરવું.

૧૧ દરેક જાતના ખતરાને દૂર કરો અને અલ્લાહને એક માની મનથી કહો ..... રે તૂહી.

૧૨ શેતાનના ખતરાની વાત કોઈને કહો નહિ અને તે મુજબ કામ પણ કરો નહિ. તેવા કામથી છેટા રહો.

### ચાલ – ૧૮૧૨

૧ જે તન ખતરા, આવે રે શૈતાના ;
ન કિસે કહના, વે રે બયાના.
શૈતાન ખતરા તન માંહે, દૂર કર કર નાખીયે ;
એક બોલ રે વે જીભસૂં, ન ખોલ કિસેહી આખીએ
કહે બિના જલે તના, હોવે જૈસા અંગા રે ;
તો ભી ન વે કહના કિસે, એ મન રાખો પિયાર રે.

### બયાન – ૧૮૧૨

**પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.**

૧ જેને શેતાની ખતરો આવે તેણે કોઈને કહેવું નહિ અને તેને દૂર કરી નાખવો. જીભથી એક શબ્દ પણ કાઢીને તે ખતરો કોઈને ખોલી બતાવવો નહિ. આ ખતરો કોઈને ન કહેવા પર સીનામાં અંગારા જેવી જલન થાય તો પણ કોઈને કહો નહિ.

૨ અમલ ન કરના, ખતરે હો જૈસા ;
લે આ દૂર કીજિયે, પટંતરા યૈસા.
લે આ લેઆ ને સહી ફિત્રે, ખતરેકૂ કરો દૂર રે ;
સુન સુન બાતાં દીનસૂ, ભરના દિલ મામૂર રે.
કરના નહી તિલ ભી કુછ, તખરે હો જૈસા કામ રે;
કરને ભી કેરા જીભસૂં, લીજે ન યૈસા નામ રે.

૨ જેવો ખતરો આવે તેવું અમલ ન કરવું, પણ તેને દૂર કરવાની મિસાલ કાયમ કરવી. હોંશિયારી ભર્યા સ્વભાવ (સહીહ ફિત્રત) લઈ આવીને તે ખતરાને દૂર કરો. દીનની વાતો સાંભળી દિલને મક્કમ (મામૂર) રાખી દીનથી દિલને ભરી દો. ખતરા જેવું કામ તલભર પણ કરો નહિ, અને જીભથી તેનું નામ પણ લો નહિ.

૩ બોલ કરતે, ખતરેકે કામા ;
ગુનાહ વે ખાવે, દફ્તર ઠામા.
ખતરે હો જૈસે કામ કરતે, ગુના હૈ લિખાયસી ;
લેનેકી ઍસી રીત હૈ, મુમિન સુન ચિત લાયસી.
ચંચલ મન હો ચેતના, ઍસી હૈ દીનકી રીત રે ;
ઈમાન સુનતે આવસી, સુન સુન મન ધર પીત રે.

૩ ખતરા ના બોલ અમલ પર લેવાથી તે આમાલનામામાં ગુનાહ તરીકે લખાય છે. ગુનાહ દાખલ થવાની આ રીતને મોમિન જરૂર ધ્યાનમાં લેશે. આ દીનની વાત છે, તેથી ચંચળ મન ચેતી જશે. ઈમાન સાંભળતાં આવે છે. માટે દીનની વાતો સાંભળીને મનમાં તેને પ્રેમથી ભરી દો.

---

૧૮૧૩

૧ ઈબને મસઉદ રજી અલ્લાહ, અન્હો કહીએ ;
એ હદીસ હૈ કહતે, નબીજીકી લહીએ.
૨ સો ફરમૂદા ખાતિમ, નબીજી હોંકેરા ;
વે ઑર ભી અસહાબૂ, સુનીયા સવેરા.
૩ વે ઉનેનૂ સુનકર, યાદ રે રાખા ;
વે બયાન રે સબ, ખોલ કર દાખા.
૪ કહા શૈતાન હૈ નજદીક, આદમીકિ આંતા ;
હૈ ભી ફરિશ્તા આતા, યૂં કહી રે બાતા.
૫ એ દોનૂ બંદેસૂ, રાખતે હૈ કામા ;
સો શર ને ખૅર, દિલકે ઠામા.
૬ અને હૈ જે કામ, બૂઝો રે શૈતાની ;
વે પીછા હૈ રાખતા, નેક કામકી નિશાની.
૭ કહવે કુછ ભી તૂ કામ, એક નેક રે કરાવે ;
તો હલાક તૂ હોવે, ઍસા રે બતાવે.
૮ કભી તવકકુલ રબ પર, તૂ રે રાખે ;
અને ઈબાદત ઊપર, રહવે રે દાખે.

### બયાન – ૧૮૧૩

**હદીસ ૧ : દીન પર ચાલવા પર શેતાન ગરીબાઈની બીક બતાવે છે.**

**રાવી : હઝ. ઈબ્ને મસઉદ (રઝી.)**

૧.૩ હઝ. ઈબ્ને મસઉદ (રઝી.), નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસ્હાબીયો (રઝી. અન્હુમ) એ પણ સાંભળીને યાદ રાખી હતી.

૪.૫ આપે (સલ.) ફરમાવ્યું : "શેતાન અને ફરિશ્તા આદમી પાસે આવે છે અને બંનેય બંદાના દિલમાં બુરાઈ (શર) અને ભલાઈની વાત નાખે છે.

૬ શેતાન શેતાની કામ કરાવે છે અને નેક કામથી બંદાને દૂર રાખે છે.

૭.૯ શેતાન દિલમાં કહી બતાવે છે કે 'જો તું નેક કામ કરીશ, અલ્લાહ પર ભરોસો રાખીશ અને ઈબાદત ઉપર જામેલો રહીશ તો તું ખવાર થઈ જઈશ અને ફકીર બની જઈશ.

૧ મિશ્કાત (ભાગ–૧, વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનના 'વસવસા'ના બયાનની ફસલ બીજીની અનુક્રમે બારસી હદીસ છે. આ રિવાયત તિરમીઝીએ કરી છે અને 'ગરીબ' હદીસ કહી છે.

૯ તો હોવેગા ફકીર, અને ખુઆરી આવે ;
યૂં શૈતાન કામ, હૅ રે બતાવે.

૧૦ અને જૂઠી રે કરાવે, વે હક્કકી બાતા ;
એ લાવે શૈતાન, કામ બંદેકી જાતા.

૧૦ બંદાના દિલમાંવાત લાવીને શેતાન હક (સાચા ની વાતને જૂઠી કહી બતાવે છે.) (બાકી હદીસ બયાન નં. ૧૮૧૪માં આવે છે.)

૧૧ એ ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા ;
એ સુન સુન સહી કર, લીજિયો સવેરા.
રે તૂહી.

૧૧ નબી (સલ.) ની આ હદીસ સાંભળીને સાચી માની કહો રે તૂહી.

૧૨ દીનથી અવલી બાત જે, આવે દિલમાં રંગ રે,
આવે દિલમાં રંગ ;
ઉસકૂ સહી જાનના, દુરિજન કેરે ઢંગ રે,
દુરિજન કેરે ઢંગ.

૧૨ દીનથી અવળી જે વાત દિલમાં આવે તેને શેતાનના રંગ-ઢંગ જાણવા.

---

## ઈમાન ૧૮૧૪

૧ અને નબીજીએ કહયા, નેક નૂરીકા કામા ;
નેક કામ હૅ બતાતા, દિલકે ઠામા.
૨ અને હક્ક પર યકીન, હૅ દિલમાં ડલાવે ;
અને વાએદે નેકકી, રાહા રે બતાવે.
૩ કે તવક્કુલ રબ પર, ઈબાદત કરની ;
આગે ખૂબી હોવેગી, ઐસી ચિંતા મન ધરની.
૪ સહી નૂરી ઐસી, બતાવે બાતી ;
ઐસા નેક કામ લાવે, બંદેકી જાતી.
૫ સહી હક્કકી રાહાકૂ, સાચી રે કરાવે ;
ઐસે નૂરી દિલમાં, કામ રે બાવે.
૬ એ સુનકર કામ, આવે દિલકે મંના ;
અલહમ્દો લિલ્લાહ, તબ ધરના મંના.
૭ કે શુકર કરના, તબ રે ઈલાહી ;
જબ નેક રે ચિંતા, દિલ માંહે આહી.
૮ અને શૈતાન કેરે, દિલ આવે જબ કામા ;
તબ અઊજો પઢની, દિલ કે ઠામા.

## બયાન - ૧૮૧૪

**હદીસ (બયાન નં. ૧૮૧૩ થી)**

૧.૨ નબી (સલ.) એ ફરમાવ્યું : "નેક ફરિશ્તા દિલમાં નેક કામ બતાવે છે. તેઓ હકનું યકીન દિલમાં નાખે છે અને નેક કોલની રાહ બતાવે છે.

૩.૪ અલ્લાહ પર ભરોસો રાખવાથી અને ઈબાદત કરવાથી આગળ આખેરતમાં ભલું થાય છે તેવી વાત બંદાના દિલમાં નાખવાનું કામ નેક ફરિશ્તા કરે છે.

૫.૭ નેક ફરિશ્તા દિલમાં હકની વાતને સાચી કહી બતાવે છે. જ્યારે તમારા દિલમાં નેક કામ કરવાની વાત આવે ત્યારે અલ હમ્દુ લિલ્લહ કહી અલ્લાહનો શુકર અદા કરો (કે આ અલ્લાહની તરફથી હિદાયત છે.)

૮ અને જ્યારે દિલમાં શેતાની કામની વાત આવે ત્યારે અઉઝો બિલ્લાહી મિનશ્શયતીં નીર રઝીમ (હું શેતાન મરદૂદ-ધિક્કાર પામેલા – થી અલ્લાહનું રક્ષણ માંગું છું) એમ પઢવું, યાને અલ્લાહની પનાહ લેવી.

૯ ભી નબીજીને કહયા, હૅ શેતાન બતાતા ;
સો ફકીરી કેરા, હૅ વઅદા કરાતા.
૧૦ કે કભી તૂ કરેંગા, સખાવત માલા.
તો ફકીર હોવેગા ઉસહી હાલા
૧૧. ભી બખીલી કેરા, હૅ હુકમ કરતા;
નહી દીનીકી બાત, હૅ મન માંહી ધરતા.
૧૨. એ નબીજીકી હદીસ, સુન સહી કર લીજે;
અને કામ જે શેતાની, દૂર ઑસથી રહીજે.
૧૩. જે તે શૈતાની કામકી, નિશાની બતાહી;
દૂર ઉસથી રહને યાદ કરોને ઈલાહી.
રે તૂહી.
૧૪. નૂરી નેક બતાયસી, દુરિજન અવલે કામ રે;
દુરિજન અવલે કામ;
એ દોનૂ પિછાનને, ભીતર દિલકે ઠામ રે,
ભીતર દિલકે ઠામ.

૯.૧૧ શેતાન ડર બતાવે છે કે જો તું માલની સખાવત કરીશ તો ફકીર થઇ જઇશ. શેતાન કંજૂસાઇ બતાવે છે અને દીનની વાત મનમાં આવવા દેતો નથી.

૧૨.૧૩ નબી (સબ) ની આ હદીસ સાંભળી તેને સહી માની, જેટલાં હેતાની કામો દીનમાં બતાવવામાં આવ્યાં છે, તેનાથી દૂર રહો અને અલ્લાહને યાદ કરો.. રે તૂહી.

૧૪. ફરિશ્તા મકે કામ બતાવશે અને શેતાન અવળાં કામ બતાવશે. એ બેઉને દિલની ભીતરથી ઓળખી લો.

---

### બિરહા ૧૮૧૫

૧. સુન સુન ભાઈ દીનકે, દુરિજનકે વે કામ રે;
તવકકુલ તૂ રાખકર, મત લે ઈબાદત નામ રે.
૨. કરે કભી હલાક તૂ હોવેગી તેરી જાત રે ;
શૈતાન ઍસી દિલમાં, પૅદા કરસિ બાત રે.
૩ હક્ક રાહાકૂ જૂઠી કરે, જે દીન કેરે બૅન રે ;
ઉબટ રાહા દેખાયસી, શૈતાન સુન એ કેન રે.
૪ નેક કામ નૂરી કેરડે, હક્કકૂ બતાવે રાસ રે ;
રાહા દીનકી સાચી સહી, હોકર રહના દાસ રે.

૫ નૂરી કરે નેક વઅદા, ને સાચા લાવે ચિત રે ;
કર કર કામ દીન કેરે, સુખેસું નચિંત રે.
૬ મને કરે તુજે દુરિજના, દેતે કિસીકૂ માલ રે ;
ફકીર તૂ હોવે સહી, દેતે કિસી ઉસ હાલ રે.

### બયાન - ૧૮૧૫

### પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે.

૧.૨ સાંભળભાઇ ! શેતાન તને દિલમાં કહેશે કે તું અલ્લાહ પર ભરોસો રાખ નહિ અને ઈબાદત કર નહિ, કેમ કે તેમ કરતાં તું ખરાબ (હલાક) થઇ જઇશ.

૩ શેતાન દીનની સાચી રાહને દિલમાં ઉલટી અને જૂઠી ઠસાવશે. તમે મારાં આ કહેણ સાંભળો.

૪ ફરિશ્તાનાં કામો નેક છે. તેઓ હકને સીધું (રાસ્ત) બતાવે છે તેઓ દીનની સાચી રાહા બતાવે છે અને અલ્લાહના બંદા બનવાનું કહે છે.

૫ ફરિશ્તા દિલમાં સાચું અને નેક કામ ચીંધે છે અને દીનનાં કામ કરીને સુખી થવાનું કહે છે.

૬ શેતાન તને કોઇને માલની સખાવત કરવાની મના કરે છે, અને ફકીર થઇ જવાનો ડર બતાવે છે.

७ માલ જમે કરના તુજે, દેના કિસીકૂ નાંય રે ;
દુરિજન ઍસી બાતકૂ, લાવેગા દિલકે માંય રે.
८ સુન સુન ભાઈ દીનકે, ઍસી હૅ એક તન રીત રે;
દુરિજન કામૂ દૂર રે, નૂરીસૂં કરની પીત રે.
૯ નૂરી બતાવે નેકકૂ, હકક દીન હૅ સાચા સહી ;
સાચા જે વે નબીએ કીયા, ભેજે જે હૅ અપને દહી.
૧૦ સુન સુન ભાઈ દીનકે, એક ત' દો હૅ બાત રે ;
દો કામ કાજે દોજખાં, કીતી ભી જંનત જાત રે.
૧૧ દોનૂકે ઠામ કામ દો, એક તન હૅ સુન વીર રે ;
જૅસા પછે કમાયસી, પાવે વૅસા શરીર રે.

૭ શેતાન માલ જમા કરવાનું અને કોઈને તે ન આપવાનું બતાવે છે.

૮ દીનનાભાઈ સાંભળ ! બંદાએ પોતાની જાતથી શેતાનના કામોથી દુર રહેવું અને ફરિશ્તાઓથી પ્યાર કરવો જોઈએ.

૯ જે દીન અલ્લાહના નબી (સલ.) લાવ્યા તે સાચા દીનનાં કામ ફરિશ્તા બતાવે છે.

૧૦.૧૧ દીનના ભાઈ સાંભળો ! તમારી જાત એક છે અને વાતો બે છે. આ બે વાતો માટે દોઝખ અને જન્નત બેઉ ઠામ બનાવવામાં આવ્યાં છે, જેવું કમાશો તેવું પામશો.

---

## ૧૮૧૬

૧ અબી હુરૅરા રજી અલ્લાહ, અન્હો કહીએ ;
એ હદીસ હૅ કહતે, નબીજીકી લહીએ.
૨ સો ફરમૂદા ખાતિમ, નબીજી હો કેરા ;
વે ઑર ભી અસહાબૂ, સુનીઆ સવેરા.
૩ સો ઈન્નૂને સુન કર, યાદ સબ રાખા ;
વે હદીસકા બયાન, સબ ખોલ દાખા.
૪ બાતાં આપમાં આદમી, ઍસીયાં પૂછાવે ;
સો ખિલક્ત કેરી, બાતાં મન માંહી લાવે.
૫ કહવે ઈસકૂ ઈને, પૅદા રે કીતા ;
પછે કહવે કિને પૅદા, કીતા રે મીતા.
૬ જબ ઍસીયાં બાતાં, સુનો તમે કાના ;
તબ તુમ ના કહીઓ, હો કર દાના.
૭ તબ અલ્લાહ અહદ, બોલ રે કહના ;
કે એક હૅ અલ્લાહ, યૂં સમજને લેના.
૮ ભી અલ્લાહ સમદ, તબ કહો રે બાતી ;
કે હૅ બિન આઅજા, અલ્લાહકી જાતી.
૯ કે સબૂ કો ઉસ પાસ, હૅ રે ચાહતા ;
નહી ઉસે કુછ પરવા, વે પાક હૅ જાતા.
૧૦ ભી લમ યલિદ, બોલ રે આખો ;
ભી વલમ યૂલદ, કહ કર દાખો.

## બયાન – ૧૮૧૬

**હદીસ ૧ : અલ્લાહને કોઈએ પેદા કર્યો નથી. તે પોતે આપો આપ છે.**

**રાવી : હઝ. અબુ હુરૈરા (રઝી.)**

૧.૩ હઝ. અબુ હુરૈરા (રઝી.) નબી (સલ.) થી સાંભળીને યાદ રાખેલી હદીસ કહે છે. આ હદીસને બીજા અસહાબીયો (રઝી. અન્હુમ) એ પણ સાંભળી હતી.

૪.૬ આપે (સલ.) ફરમાવ્યું કે "આદમી પોતેજ પોતાનાથી પ્રશ્ન કરીને ખલક્ત (સૃષ્ટિ)ની વાત મનમાં લાવે છે, અને કહે છે કે કોઈને કોઈએ પેદા કર્યો, તો અલ્લાહને કોણે પેદા કર્યો ? તમે આવી વાતો કોને સાંભળો તો ડાહ્યા બનીને તે વાતને નકારી દો. "

૭.૧૧ તમને આવું થાય ત્યારે કહો : "અલ્લાહો અહદ અર્થાત અલ્લાહ એક છે. અલ્લાહુ સ્સમદ અર્થાત અલ્લાહને કોઈ શારિરિક અવયવ નથી, તે બધાયને ચાહનારો બેપરવાહ અને પોતે પાક જાત છે. લમ યલિદ વલમ યલૂદ અર્થાત તેણે ફરજંદ પેદા કર્યા નથી, તેમજ તેને કોઈએ જન્મ આપ્યો નથી. (બાકી હદીસ બયાન નં. ૧૮૧૭ માં આવે છે.)

૧ મિશ્કાત (ભા–૧, વિભાગ–૨) ના કિતાબુલ ઈમાનના 'વસવસા' ના બયાનની ફસલ બીજીની અનુક્રમે તેરમી હદીસ છે. (અબુદાઉદ)

૧૧ કે તવલ્લુદ રબને, ના કો ફરજંદ કીતા ;
ઉસે કિની નહી જાયા, ઍસા હૅ વે મીતા.
૧૨ યૂં નબીજીને આખા, સુનકર લીજે ;
અને એક કર રબકૂ, ચિત માંહે દીજે.
રે તૂંહી.
૧૩ બાતાં ખલક સુનતે, દેના હૅ જવાબ રે ;
દેના હૅ જવાબ ;
અલ્લાહ આપ એક હૅ, કહના યૂં શિતાબ રે,
કહના યૂં શિતાબ.

૧૨ નબી (સલ.) ની આ હદીસ સાંભળી લો અને અલ્લાહને એકલાની મનથી કહો ..... રે તૂંહી.

૧૩ ખલક્તની વાતોના પ્રશ્નો સાંભળતાં જલદી જવાબ દો કે અલ્લાહ પોતે એકલો આપો આપ છે.

---

## દીવાને મશાયખ ફસલ દસવી
## ૧૮૧૭

૧ કહા વલમ યકુલ્લહુ, કુફુવન કહના ;
ભી અહદુન કેરા, બોલ સાથ રે લહના.
૨ કે નહી કો કબીલા, રબ કો કેરા ;
વે એક હૅ આપ, યૂં બૂઝના સવેરા.
૩ ઈત્તા કહ કર પીછે, અઊજો પઢાવે ;
સો તીન બાર જીભ પર, બોલ રે લાવે.
૪ એ પઢતે મન, રાખે ડાબે રે પાસા ;
ઈત્તા ખાતિમને બયાન, આખા રે ખાસા.
૫ એ હદીસ સુન સુન, સહી કર લીજે ;
સુન હુકમ હો જૈસી, નિત ચિંતા રે કીજે.
૬ સો ડાબે રે પાસા, મન હૅ ધરના ;
જબ અઊજોકા બોલ, જાુબાસૂં પઢના.
૭ કે ડાબે રે પાસા, હોતા હૅ શેતાના ;
મન ઉધર રાખેશૂ, વે હોવેગા આધાના.
૮ યૂં ખતરા મનથી, દૂર રે કીજે ;
સો ખતરેકા બોલ, ના રે સુનીજે.
૯ જો કિસીકિ મુખથી, સુનો ઐસી રે બાતી ;
તો અઊજો પઢની, આપકી જાતી.
૧૦ એ સુન સુન બાતી, સહી કર લેના ;
અને એક કર રબકૂ, ચિત ઈતના દેના.
રે તૂંહી.

## બયાન – ૧૮૧૭

**હદીસ : (બયાન નં. ૧૮૧૬ થી)**

૧.૨ આપે (સલ.) ફરમાવ્યું : "પછી કહો, વલમ ય કુંલ્લહું કુર્રુવન અહદ અર્થાત અલ્લાહને કોઈ કુટુંબ કબીલો નથી, તે પોતે એકલોજ છે.

૩.૫ આટલું પઢીને પછી ત્રણ વખત અઉજો.. રઝીમ પઢો અને પઢતી વખતે મનને ડાબી તરફ વાળો.

૬.૯ શેતાન ડાબી તરફ હોય છે એટલે અઉજો ... રઝીમ પઢીને ડાબી તરફ મન વાળવાથી શેતાન શરણે થાય છે. શેતાનનો ખતરો આ રીતે દૂર કરો, અને કોઈના મુખેથી આવી ખતરાની વાત સાંભળો તો તમે અઉજો ... રઝીમ પઢો.

૧૦ આ હદીસ સાંભળી, સાચી માની અને અલ્લાહને એક ગણી મનથી કહો .... રે તુંહી.

૧૧ ખાલિક આપ એક હૅ, પૅદાકા કરનાર રે,
પૅદાકા કરનાર ;
બેચારા પૅદા કીયા, ઉને સબ સંસાર રે,
ઉને સબ સંસાર.

૧૧ આપણો સર્જનહાર (ખાલિક) એક જ છે. તેણે બધો જ સંસાર કોઇનીયે મદદ વિના પેદા કર્યો (બનાવ્યો) છે.

---

## ઈમાન – ૧૮૧૮

૧ સુનો જીવ હો, સુનો વીર હો,
એક હૅ વે સુરજન હારા, સબ કરીલા સંસારા ;
ઉસકૂ જાનો સહ, એક દહી જી.
૨ સુનો જીવ હો, સુનો વીર હો,
મૂએકૂ વે હૅ જિલાતા, બૅદેમાં બચ્ચા બનાતા ;
ઍસા હૅ કાદિર સત્તારા, સબ સુન હારા જી.
૩ સુનો જીવ હો, સુનો વીર હો,
આસમાન જમી બનાઈ, ઍસી કુદરતકી બડાઈ;
તારૂકા ન પાવે છેહા, અનંત દેહા જી.
૪ સુનો જીવ હો, સુનો વીર હો,
ચંદ ને સૂરજ કીતે, હર હરકૂ મકાન દીતે ;
ઍસા હૅ આપ સુબ્હાના, એ રહમાના જી.
૫ સુનો જીવ હો, સુનો વીર હો,
જમી ઉપર કિયા મેવા, ભાંત ભાંત સમજ લેવા;
માનિક મોતી રે કીતા, ઍસા મીતા જી.
૬ સુનો જીવ હો, સુનો વીર હો,
જીવતેકૂ હૅ વે મરાતા, ઘાસ મૂઆ હૅ ઉગાતા ;
મેહકૂ હૅ ચાહતા બરસાતા, મનકે ભાતા જી.
૭ સુનો જીવ હો, સુનો વીર હો,
ઉસકા ક્યૂં કુટુમ કહીએ ? ના કો કર સકે લહીએ;
એક એ બૂઝો સુબ્હાના, એ રહમાના જી.

## બયાન – ૧૮૧૮

**પીર મશાયખ (રહે.) કહે છે જય સાંભળો જીવ ! સાંભળો વીર !**

૧ સર્જનહારે બધો સંસાર પેદા કર્યો, તેને એકજ રબ માનો.

૨ તે અલ્લાહ મરેલાને જીવાડે છે. તે ઇંડામાં બચ્ચું બનાવે છે, એવો તે કુદરત (પ્રભુત્વ) વાળો સત્તાર અને બધું જ સાંભળનારો છે.

૩ અલ્લાહની કુદરતની મોટાઇ છે કે તેણે જમીન અને આસમાન બનાવ્યાં અને અનંત અગણિત તારા બનાવ્યા.

૪ તેણે ચાંદ અને સૂરજ બનાવ્યાં અને તે દરેકને તેમનાં સ્થાન આપ્યાં, એવો એ સુબ્હાન અને રહેમાન છે.

૫ તેણે જમીન ઉપર ભાત–ભાતના મેવા, મોતી અને માણેક બનાવ્યા, તેવો તે આપણો મીત છે.

૬ તે અલ્લાહ જીવતાને મોત આપે છે અને સુકા (મરેલા) ઘાસને ઉગાડે છે, અને પોતાના મનની મરજીથી વરસાદ વરસાવે છે.

૭ તે અલ્લાહને કુટુંબ છે એમ કહેવાય નહિ. તેના જેવું કોઇ કરી શકે નહિ. તે સુબ્હાન.

---

## નજમ ૧૮૧૯

૧ ખાલિક હૅ એક સહી જાનો રે, તમે સુનો રે ;
રહમાન હૅ ઉસકૂ પિછાનો રે, તમે સુનો રે.

## બયાન ૧૮૧૯

**પીર મશાયખ (રહે) કહે છે 'તમે સાંભળો'**

૧ પેદા કરનાર અલ્લાહને એક માનો. તે રહમાન છે. તેને ઓળખો.

૨ ખાલિક હૅ ખીલક્ત કેરા રે, તમે સુનો રે ;
સબસૂં આપ હૅ અનેરા રે, તમે સુનો રે.
૩ ઉસકા કો બેટા કયૂં કહલાવે રે, તમે સુનો રે ;
કયૂં ન બાત એતી મન લાવે ? રે, તમે સુનો રે.
૪ રબ તો હૅ તને તન કરતા રે, તમે સુનો રે ;
જીવતા હો ફિરતા હૅ ચલતા રે, તમે સુનો રે.
૫ કોઈ હૅ જો પૂતર કહલાતા રે, તમે સુનો રે ;
વૅસા નહી કુછ કયું બનાતા રે ? તમે સુનો રે.
૬ ભમરી હૅ ઈયલકૂ લાતી રે, તમે સુનો રે ;
ઉસે લે આપસિ બનાતી રે, તમે સુનો રે.
૭ ઈયલકી ભમરી દેખાવે રે, તમે સુનો રે ;
વે ભી વૅસા કામ હૅ બનાવે રે, તમે સુનો રે.
૮ રબકા જો બેટા કો કહલાતા રે, તમે સુનો રે ;
એક જાત નહી કયું બનાતા રે ? તમે સુનો રે.
૯ બૂઝો ઍસા પટંતરા રીતા રે, તમે સુનો રે ;
એક હૅ વે આપો આપ મીતા રે, તમે સુનો રે.
૧૦ ઉસે નહી પૂતર કે ભાઈ રે, તમે સુનો રે ;
ઉસે નહી જાયા કોઈ માઈ રે, તમે સુનો રે.
૧૧ હૅ વે રોજી રાબકૂ પહુંચાતા રે, તમે સુનો રે ;
અનંત જે જીવ કેરી જાતા રે, તમે સુનો રે.
૧૨ વે તો હૅ મેહ બરસાતા રે, તમે સુનો રે ;
બંદૂકૂ હૅ રોજી યૂં ખિલાતા રે, તમે સુનો રે.
૧૩ ચૉમાસેમાં બરસાત આતા રે, તમે સુનો રે ;
ઘાસ ધાન ઝાડ હૅ ઉગાતા રે, તમે સુનો રે.
૧૪ રબકા જો બેટા કો કહલાવે રે, તમે સુનો રે ;
ના કયૂં વે મેહ બરસાવે રે ? તમે સુનો રે.
૧૫ ચાર માસ ઊનાલે જે કેરે રે, તમે સુનો રે ;
મૅહકૂ કયું ના બરસાવે રે, તમે સુનો રે.
૧૬ આઠ માસા હોવે તો મૅહા રે, તમે સુનો રે ;
સુખ પાવે સબ તન દેહા રે, તમે સુનો રે.
૧૭ કીડી દેખો બૅદા હૅ બનાવે રે, તમે સુનો રે ;
પૅદા કીડી ઉસથી કરાવે રે, તમે સુનો રે.
૧૮ વે ભી કીડી કરે વૅસા કામા રે, તમે સુનો રે ;
એ તો દીસે સબ જગ ઠામા રે, તમે સુનો રે.

૨ તે સૃષ્ટિનો સરજનહાર છે અને તે પોતે બધાંય કરતાં અનેરો છે.

૩ તેને બેટો હોય જ કેમ ? એટલી વાત મનથી ન સમજીયે ?

૪ અલ્લાહ તને તનહા (એકલોજ) સૃષ્ટિનો કર્તા છે. તે સાશ્વત (જીવંત) અને હરતો ફરતો (હૈયુ વ કૈયુમ ) છે.

૫ ખૂદાને પુત્ર છે એમ કોઇ કહેતો તે કહેવાતો પુત્ર ખૂદા જેવાં કામો કેમ કરી શકતો નથી ?

૬.૯ જેમ ભમરી ઇયળને લાવીને પોતાના જેવીજ બીજી ભમરી બનાવે છે, અને તે પેદા થયેલી ભમરી પણ પેલી ભમરી જેવું કામ કરી બતાવે છે, તેમ અલ્લાહને જો બેટો હોય તો તે બેટો અલ્લાહની જેમ કોઇ એક જાતિ કેમ પેદા કરતો નથી ? આ દાખલો સમજો. અને અલ્લાહ આપો આપ એકજ છે એમ માનો.

૧૦ તેને કોઇ પુત્ર કે ભાઇ નથી, કે તેને કોઇ માતાએ જનમ આપ્યો નથી.

૧૧.૧૩ જીવ ધરાવતી બધી અનંત મખલુકને અલ્લાહ રોજી પહોંચાડે છે. તે વરસાદ વરસાવીને બંદાઓની રોજીનો સામાન પેદા કરે છે. ચોમાસે વરસાદ વરસાવીને તે ધાન, ઘાસ અને ઝાડ ઉગાડે છે.

૧૪.૧૬ જો અલ્લાહને બેટો હોય તો તે પણ વરસાદ કેમ વરસાવી શકતો નથી ? ઉનાળાના ચાર મહીનાઓમાં તે કેમ વરસાદ વરસાવતો નથી ? વરસાદ તો આઠ માસ થયે આવે છે, અને તેનાથી બધાયને સુખ મળે છે.

૧૭.૧૯ કીડી ઇંડુ મૂકે છે તેથી બીજી કીડી પેદા થાય છે અને તે કીડી પણ દુનિયામાં તેવું જ કામ કરે છે. જો અલ્લાહને બેટો હોય તો તે પણ અલ્લાહના જેવાં જ કામ કેમ ન કરી શકે ?

૧૯ રબકા બેટા જો કહલાતા રે, તમે સુનો રે ;
કયૂં નહી કામ ઐસે હૈ બનાતા રે ? તમે સુનો રે.
૨૦ આરીસા ના ચાહીએ હાથ કંગના રે, તમે સુનો રે;
પ્રગટ દીસે નૈનૂ જાના રે, તમે સુનો રે.
૨૧ પટંતરે કેરી એ રીતા રે, તમે સુનો રે ;
બૂઝો બૂઝો એક હૈ મીતા રે, તમે સુનો રે.

૨૦ જે હાથ કંગણ આંખે પ્રગટ દેખાય તે જોવા અરીસો ન જોઈએ. આ ઉદાહરણો જોઈને અલ્લાહ એક પોતે જ છે એમ માનો.

---

### ૧૮૨૦

૧ ઉસ્માન બિન અબી આસ, નામ રે કહીએ ;
રજી અલ્લાહો અન્હો, નામ સંગ લહીએ.
૨ એ હદીસ હૈ કહતે, નબીજી હો કેરી ;
' સો ફરમૂદા નબીકા, બૂઝીઓ સવેરી.
૩ એ કહતે હૈ નબીકૂ, મૈં અરજ પહુંચાઈ ;
સો હકીકત સારી, આપકી બૂજાઇ.
૪ કહા મેરી તો નમાજ બીચ, શૈતાન હૈ આતા ;
અને પઢને કામ બીચ, આતા હૈ દેખાતા.
૫ કે પઢને મેરેકૂ, હૈ રે ભૂલાતા ;
અને વસવાસ મેરે દિલ, હૈ રે ડલાતા.
૬ તબ નબીજીને સુન કર, જવાબ રે આખા ;
વે વસ્વાસ શૈતાની, હૈ રે દાખા.
૭ કહા ખાતિમને ખંજબ હૈ, ઉસકા નામા ;
જે વસ્વાસ લે આખા, હૈ નમાજ કે ઠામા.
૮ કહા ઐસા વસવાસ, પાહો રે તુમના ;
તબ અઊજો પઢની, સુન રાખો રે મંના.
૯ મન ડાબી તરફ, કરો તીન બારા ;
અને તીન બાર અઊજો, કહો દિલકે પિયારા.
૧૦ ઉસ્માન હૈ કહતે, પછે મૈં યૂં હૈ કીતા ;
જૂં ખાતિમને મુજકૂ, હુકમ રે દીતા.
૧૧ સહી રબને વસ્વાસ, વે દૂર રે કીયા ;
એ સુન સુન મૂમિન, ચિત ઈતના દીયા.
રે તુંહી.
૧૨ વસવાસ જબ શૈતાનકા, અઊજો પઢની જાન રે,
અઊજો પઢની જાન રે ;

### બયાન – ૧૮૨૦

**હદીસ ૧ : નમાઝમાં શેતાની વસવસા**

**રાવી : હઝ. ઉસ્માન બિન અબી આસ (રઝી.)**

૧.૨ હઝ. ઉસ્માન બિન અબી આસ (રઝી.) નબી (સલ.) ની હદીસ કહે છે.

૩.૫ તેઓ કહે છે કે મેં મારી બધી હકીકત બતાવીને નબી (સલ) થી અરજ કરીકે મારી નમાજ પઢવાની વચ્ચે શેતાન આવે છે, અને મને નમાજ પઢવામાં ભૂલ કરાવીને દિલમાં વસવસા નાખે છે.

૬.૭ ત્યારે, નબી (સલ.) એ જવાબ આપ્યો કે 'તે શેતાની વસવસા છે, અને નમાઝ વચ્ચે વસવસા લાવનાર તે શેતાનનું ખંજબ' છે.

૮.૯ આપે (સલ.) કહ્યું કે 'જ્યારે તમને આવો વસવસો આવે ત્યારે અઊજો.. રઝીમ પઢો અને મન ડાબી તરફ વાળો. આમ, ત્રણ વખત પઢીને કરો.

૧૦.૧૧ હઝ. ઉસ્માન બિન અબી આસ (રઝી.) કહે છે કે ત્યાર પછી નબી (સલ.) ના કહ્યા મુજબ મેં કર્યું તો અલ્લાહે, મારા વસવસા દૂર કર્યો. આ હદીસ સાંભળીને મનમાં લો અને કહો ..... રે તુંહી.

૧૨ શેતાની વસવસા આવે તો અઊજો .....
રઝીન પઢીને મનને ત્રણ વખત ડાબી બાજુ વાળો.

૧ મિશ્કાત (ભાગ–૧, વિભાગર) ના કિતાબુલ ઈમાનના 'વસવસા'ના બયાનની ફસલ ત્રીજીની અનુક્રમે પંદરમી હદીસ છે. (મુસ્લિમ)

તીન બાર ફિરાના મનકૂ, ડાબી તરફજ માન રે,
ડાબી તરફજ માના.

---

### પહલ – ૧૮૨૧

૧ મૂમિન વસ્વાસ શૈતાન લાવે રે;
ઉસકા તો ખંજબ નામ કહલાવે રે.
૨ નમાજ માંહી ભૂલ દિલાવે રે;
રકઅત ગિનતે ખતરા બાવે રે.
૩ કિરાઅત પઢતે ભૂલ કરાવે રે;
વસ્વાસ નવે નવે ઉપાવે રે.
૪ ઍસી બૂઝો જબ તમે રીતા રે.
તબ તમે પનાહ માંગો પાસ મીતા રે.
૫ અઊજો બાર તીન પઢાહો રે;
ડાબી તરફ મન ફિરાહો રે.
૬ બાર તીન અઊજો પઢની રે;
હુકમ સુનીયા ત્યૂં મન ધરની રે.
૭ દૂર તો હોવે તબ વસ્વાસા રે;
દિલ તો ખાલિસ હોવે ખાસા રે.
૮ નિતનિત જીવકી ચિંતા કરની રે;
નિસદિન ચિંતા દીન મન ધરની રે.
૯ દુરિજન દેખો પાલે હૈં પડીયા રે;
દાવા પૂરા હૈં મન ધરીયા રે.
૧૦ આદમ સેતી બહિશ્ત ગમાઈ રે;
તૌબા કિયે બાજ પાઈ રે.
૧૧ ઍસા દુરિજન બૂઝો શૈતાના રે.
અબ કયૂં રહના સુખ અમાના રે?
૧૨ નિસદિન સુનો દીનકે બૈના રે;
સહી કર લેના દિલકે મૈના રે.
૧૩ ગાફિલ સુને કભી તૂં નાંહા રે;
દી ના બૂઝે જો દિલ માંહાં રે.
૧૪ મૂમિન કિસ રીતે તૂં કહલાયા રે?
દીન તો કહને કયૂં તૈં પાયા રે?
૧૫ જવાબ હોવે તો કયૂં ન બતાતા રે?
ગાફિલ ફટ ફટ તેરી જાતા રે.

### બયાન – ૧૮૨૧

**પીર મશાયખ (રહે.) હદીસ સમજાવે છે :**

૧.૩ મોમિનના દિલમાં જે વસવસા લાવે છે તે શેતાનનું નામ ખંજબ છે. તે નમાઝમાં ભૂલ કરાવીને રકઅત ગણવામાં ચૂક કરાવે છે. તે નવા નવા વસવસા લાવીને કિરાઅત પઢવામાં પણ ભૂલ કરાવે છે.

૪ તમને આવું થાય ત્યારે તમે અલ્લાહની પનાહ માંગો.

૫.૭ વસવસા આવે ત્યારે ડાબી તરફ મન ફેરવીને ત્રણ વખત અઊઝો. રઝીમ પઢો, જેથી વસવસા દૂર થઈને દિલ ચોખું થશે.

૮.૯ રાતદિન પોતાની ચિંતા કરો કેમ કે શેતાનની દુશ્મનીનો પાલો પડયો છે.

૧૦ શેતાનના ફરેબથી આદમે (અ.સ.) જન્નત ગુમાવી જે તોબા કરવાથી પાછી મળી.

૧૧ શેતાન આવો દુશ્મન છે તો હવે સુખ–અમનથી કેમ રહેવાય ?

૧૨ રાતદિન દીનની વાતો સાંભળો અને તેને દિલથી સાચી માનો.

૧૩.૧૪ તું ગાફીલ રહીને સાંભળો નહિ તો દીન કેવી રીતે જાણે ? અને તે વિના તું મોમિન કેવી રીતે બને ?

૧૫ તારી પાસે તેનો જવાબ હોય તો કેમ બતાવતો નથી ? જવાબ નથી તો ફટ છે તારી જાતને !

**સમાપ્ત**

**કિત્તાબ ઈમાન ભાગ – ૨ (તરજુમા સાથે) ના પ્રકાશનની રાહ જુઓ.**

## તરજુમા સાથે દિવાને મશાયખછપાવવા માટે શરૂઆતમાં સાથ આપનાર સદ્‌ગૃસ્થો

| નામ | ગામ | તાલુકો | જીલ્લો |
|---|---|---|---|
| હાજી જાનમોહમદ ઈબ્રાહીમ સાલેહ | પીરોજપુરા | વડગામ | બનાસકાંઠા |
| હાફીજી કન્સ્ટ્રકશન કંપની | રણુજ | પાટણ | મહેસાણા |
| હા.શરીફ જલાલ ઢુકા | માહી | વડગામ | બનાસકાંઠા |
| હા. ઈબ્રાહીમ જલાલ ઢુકા | માહી | વડગામ | બનાસકાંઠા |
| હા. યાસીન સુલેમાન ચારોલિયા | મુડાણા | સિધ્ધપુર | મહેસાણા |
| મોલ્વી અબ્બાસ યુસુફ | ખડીયાસાણા | સિધ્ધપુર | મહેસાણા |
| પટેલ મારબલ | બસુ | વડગામ | બનાસકાંઠા |
| હા. મીયાંજી યુસુફ | મેતા | વડગામ | બનાસકાંઠા |
| અ.રહીમ હા.દાઉદ પટેલ | સેદ્રાણા | સિધ્ધપુર | મહેસાાણા |
| અહમદ અલીજી નોંદોલીયા | નેદ્રા | સિધ્ધપુર | મહેસાણા |
| અબ્બાસ અ. રહીમ પટેલ | બાવલચૂડી | વડગામ | બનાસકાંઠા |
| યુસુફ શરીફ ચારોલીયા | સેદ્રાણા | સિધ્ધપુર | મહેસાણા |
| અબ્બાસ નુરમોહમદ લોરિયા | સેવાણી | સિધ્ધપુર | મહેસાણા |
| હાજી સુલેમાન નસીર કુકવા | કાકોશી | સિધ્ધપુર | મહેસાણા |
| હા. ઈસ્માઈલ હા. ઈબાહીમવલી ચારોલીયા | સેદ્રાણા | સિધ્ધપુર | મહેસાણા |
| ઈમદાદીયા કમિટિ | બસુ | વડગામ | બનાસકાંઠા |
| સુલેમાનભાઈ સુફી | ભાગળ | વડગામ | બનાસકાંઠા |
| મોલ્વી અબ્દુલ હક સુલેમાન શેલીયા | ગઠામણ | પાલનપુર | બનાસકાંઠા |
| ગુલામ રસુલ હા. ઈબ્રાહીમ કાજીસાબ) | ભાગળ | વડગામ | બનાસકાંઠા |
| અબ્દુલ્લાહ મેમનજી પટેલ | પીરોજપુરા | વડગામ | બનાસકાંઠા |
| અહમદ ઈબ્રાહીમ રોશન | ગઠામણ | પાલનપુર | બનાસકાંઠા |
| આદમ અ. ગની સુણસરા | ભાગળ | વડગામ | બનાસકાંઠા |
| રહેમતુલ્લાહ નુરમોહમદ મોળપીયા | રસુલપુર | સિધ્ધપુર | મહેસાણા |
| તાહેરભાઈ નુરમોહમદ જધરાળા | મુના | પાટણ | મહેસાણા |
| યુસુફ હા. દાઉદ પટેલ | સેદ્રાણા | સિધ્ધપુર | મહેસાણા |
| યાકુબમીયાંજી સુલીયા | ચંગવાડા | વડગામ | બનાસકાંઠા |
| અહમદ રાજમોહમદ શેરા | ચાટાવાડા | સિધ્ધપુર | મહેસાણા |
| મોલ્વી અ. ગફુર | અમરપુરા | પાટણ | મહેસાણા |
| યુસુફ અહમદમાથકિયા | અમરસર | વાકાંનેર | રાજકોટ |

# (શાને મશાયખ)

ગુજરાતમેં હંય આપ, ઝમાનેમેં હય શોહરત,
પહોંચા હય કહાં તક અસરે પીર મશાયખ.

અવસાફ સુનો અહલે અકીદતકી ઝબાંસે,
હક કેહતે હંય, હક બહરા દરે પીર મશાયખ.

તસબીહમેં મસરૂફ ઝુબાં આપકી હરદમ,
સિજદેમેં રહા ખમ, જો સરે પીર મશાયખ.

હોતા નહીં હર ઝર્ફ કભી કાબિલે બાદા,
પયદા કોઈ કરલે જિગરે પીર મશાયખ.

જનાબ "મિન્નત" સાહબ

અજન્તા પ્રિન્ટર્સ
છાપી. બી. કે. ૩૮૫૨૧૦